P-10534

શ્રી ચિત્રાવાલયગચ્છિય શ્રીમાન દેવેન્દ્રસૂરિકૃત—

રાજકુમારી સુદર્શના ચરિત્ર

યાને

સમળી-વિહાર

Serving Jinshasan
075280
gyanmandir@kobatirth.org

લેખક : પં. પૂ યોગનિષ્ઠ આચાર્ય વિજયકેશરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પ. પૂ. પંન્યાસ શ્રી હેમપ્રભવિજયજી મહારાજ સાહેબની આચાર્યપદવીની સ્મૃત્તિ નિમિત્તે.

દ્રવ્ય સહાયક : શેઠ બાબુ અમીચંદ પન્નાલાલ શ્રી આદિશ્વર જૈન ટ્રસ્ટ, વાલકેશ્વર મુંબઈ-૬
પ્રકાશક : શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ, મુક્તિનગર ગિરિવિહાર તલેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
પદવી પ્રદાન દિન, સંવત-૨૦૪૪ ❀ માગશર સુદ ૬, ગુરુવાર તા. ૨૬-૧૧-૧૯૮૭, પ્રત : ૧૫૦૦

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

75280

ॐ अर्हं नमः

□ प्रस्तावना □

ઉત્તમ પુરુષો પોતાનું જીવન ઉચ્ચ પંક્તિએ મૂકવા સાથે પોતાને પ્રતીતિવાળા પરિચિત આત્મોપયોગી વિષયોનું પરોપકારાર્થે અનેક પ્રકારે પ્રતિપાદન કરવાને પણ ચૂકતા નથી. આ વાત તેમના લોકોપયોગી પારમાર્થિક કાર્યો પરથી નિર્ણિત થઈ શકે છે.

રાજકુમારી સુદર્શનાનું જીવનવૃત્તાંત ચિત્રાવાલયગચ્છીય શ્રીમાન્ દેવેન્દ્રસૂરિશ્રીએ માગધી ભાષામાં લખેલું છે. રસિક કથા વાર્તા કે જીવનચરિત્ર વાંચવા સાંભળવામાં પ્રતીતિ ધરાવનારી અને તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ નહિ કરી શકનારા જીવોની બુદ્ધિને ઉત્તેજિત કરીને તત્ત્વજ્ઞાનને લાયક બનાવવામાં આચાર્યશ્રીની આ કૃતિ (આ ચારિત્રની રચના) ઘણી ઉપકાર કર્તા છે. આ ચરિત્ર બનાવીને આચાર્યશ્રીએ પુત્રાદિ સંતતિ પ્રત્યે મમતાળુ માતાનું અનુકરણ કર્યું હોય એમ મારું માનવું છે. બીમારીના વખતમાં પુત્રવાત્સલ્યમાતા બચ્ચાંઓને કટુક ઔષધાદિ ઉપચાર કરે છે. બચ્ચાઓ એ ઔષધ લેવાને જ્યારે આનાકાની કરે છે ત્યારે વ્હાલી માતા સાકરનો મીઠો કકડો બતાવી કડવું ઔષધ પી જવાને લલચાવે છે. સાકરની લાલચથી પણ કટુક ઔષધ પીતા પરિણામે તે બાળકો નિરોગી બને છે આ જ પ્રમાણે ઉંમરમાં તેમ વ્યવહારમાં પ્રૌઢ છતાં આત્મિક લાગણી ઉત્પન્ન કરે તેવા તત્ત્વજ્ઞાનમાં બાળજીવોને આધિ, વ્યાધિ, ઉપાધિથી અથવા જન્મ-મરણાદિથી પીડાતા જાણી, એકાંત જનવત્સલ આચાર્ય શ્રી પરિણામે સુખરૂપ છતા વર્તમાનમાં કડવાં ઔષધતુલ્ય, તત્ત્વજ્ઞાનનો બોધ આપે છે, છતાં તેના ભાવિ પરિણામને નહિ જાણનારા બાળક-

॥ २ ॥

Jun Gun Aaradhak Trust

તુલ્ય જીવો જ્યારે તે તત્ત્વજ્ઞાન તરફ અણગમો ધરાવે છે. ત્યારે સાકરના મીઠાં કાંકરા સમાન વર્તમાનમાં તત્કાળ મીઠાશ આપનાર ઉત્તમ જીવન ચરિત્રો અને મનોહર આખ્યાઈકાઓ (કથાઓ) સાથે તત્ત્વજ્ઞાનનો બોધ આપે છે. કથાની રસિકતા સાથે તત્ત્વજ્ઞાનનો બોધ લઈને વિચારવાન જીવો ચોગ્યતા વધવા સાથે તત્ત્વજ્ઞાનના અનુભવી થઈ પરિણામે આત્મજ્ઞાની થવારૂપ નિરોગતા પામે છે. એ રીતે પણ પરોપકારી પુરુષોનો પુરુષાર્થ ફળીભૂત થાય છે. આ આચાર્યશ્રીએ પણ આવું જ અનુકરણ કર્યું છે, એમ મારું માનવું છે.

મલયાસુંદરી ચરિત્રની માફક આ ચરિત્રમાં એક જ વાર્તા પૂર્ણ થતા સુધીમાં લંબાયેલી નથી પણ અનેક પ્રક્ષેપક કથાઓ, ધર્મદેશનાદિ પ્રસંગમાં દાખલ કરવામાં આવી છે, આમ કરવાનું કારણ પૂર્વે બતાવ્યું છે તેમ જીવોને અનેક પ્રકારે ધર્મબોધથી વાસિત કરવા એ જ છે. વળી કેટલાક પ્રસંગો એવા હોય છે કે દૃષ્ટાંત આપવાથી ઘણી સહેલાઈથી સમજ થવા સાથે તે સંસ્કાર દૃઢીભૂત થાય છે. આવા ઈરાદાથી દાખલ કરાયેલા દૃષ્ટાંતો જીવનચરિત્રના દૂષણના બદલે ઉપદેશની સચોટ અસર કરવા માટે ભૂષણરૂપ થાય છે.

જીવન ચરિત્રો સાંભળવાથી કે વાંચવાથી શું શું ફાયદાઓ થાય છે અથવા તેમાંથી મનુષ્યોએ શું શું ગ્રહણ કરવું જોઈએ. તે વાત આ ચરિત્રમાં જ પ્રસંગોપાત જણાવવામાં આવી છે. એટલે તે વિષે અહીં લખવામાં આવતું નથી.

આ ચરિત્રની ઉત્થાનિકા સીધી રીતે થયેલ નથી પણ પોતાની બહેનના મરણથી પીડાતા અન્તઃકરણને શાંતિ આપવા માટે ધનપાળ ગિરનારના પહાડ ઉપર જાય છે ત્યાં તેને વ્યન્તર નિકાયની દેવી કિન્નરી સાથે મેળાપ થાય છે. તેના મુખથી ધનપાળ પાસે આ ચરિત્ર પ્રગટ થયેલું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ૪ ॥

આ કિન્નરી આ ચરિત્રની નાયિકા સુદર્શનાના ભવની (તેની) ધાવમાતા છે. સુદર્શનાના દેવભૂમિનાં લાંબા વખતના નિવાસમાં આ ધાવમાતાના અનેક ભવો થયા છે. કિન્નરીના પાછલા ભવમાં તે ચંપકલતા નામની રાજકુમારી હતી. તેનો વિવાહ મહસેન રાજા સાથે થયો હતો. આ મહસેન રાજા તે ધાવમાતાનો (સુદર્શનાના ભવમાં) પુત્ર હતો. ચંપકલતા સાથે લગ્નની ગાંઠથી જોડાવા માટે મહસેન રાજા સમુદ્ર રસ્તે જતો હતો તેવામાં દુર્ભાગ્યના યોગે તે વહાણ ખરાબ રસ્તે ચડી જવાથી વિમળ પર્વતના ખડકો સાથે અફળાઈને ભાંગી જાય છે. રાજા તે પર્વત પર ચડે છે. ચંપકલતા પણ દિવ્ય પાદુકાના બળથી તે પહાડ પર રહેલા મંદિરમાં દર્શન કરવા આવે છે. તેને દેખી રાજા મોહિત થાય છે. પૂર્વ જન્મની માતા પર મોહિત થયેલ પુત્રને જાણી સંસારની વિષમ સ્થિતિનું ભાન કરાવવા માટે ચંડ વૈદ્યમુનિ તે પહાડ પર આવે છે. આ ચંડવૈદ્ય મુનિ સુદર્શનાનો નાનો ભાઈ (પાછલા જન્મમાં) થાય છે. દેવનું પૂજન કરી બહાર આવતાં ચંપકલતા મુનિને દેખે છે. રાજા વૃક્ષની ઓથે છુપાઈ જાય છે. જ્ઞાની મુનિ તેને ઉદ્દેશીને ચંપકલતા આગળ ધર્મોપદેશ આપે છે. ધર્મોપદેશ આપ્યા બાદ "આ જિન મંદિર અહીં કોણે બંધાવ્યું ? આ ચંપકલતાના પ્રશ્નના ઉત્તરમાં રાજકુમારી સુદર્શનાનું ચરિત્ર કે જે તે પ્રશ્ન સાથે સંયોજિત હતું તે મુનિશ્રી કહી બતાવે છે. તે ચરિત્રના પ્રસંગમાં મહસેન અને ચંપકલતાના પાછલા ભવના ચરિત્રો આવી જાય છે. જે સાંભળી પ્રતિબોધ પામેલો મહસેન સાધુજીવન સ્વીકારે છે. ચંપકલતા દેવી સુદર્શનાના મોહથી ચારિત્ર ન લેતા સમળી વિહારમાં વારંવાર આવતી સુદર્શના દેવીના સમાગમમાં આનંદ માની ગૃહાવાસમાં કુમારીપણે જીવન ગાળે છે. છેવટે દેવી સુદર્શનાના મોહથી તીર્થસ્થાનમાં અધિષ્ઠાતૃપણાનું નિયાણું કરે છે અને મરણ પામીને કિન્નરીના ભવને પામે છે. દેવી સુદર્શનાના ઉચ્ચ અધિકારીપણાની અને પોતાના હલકી જાતના કિન્નરીપણાના પદની સરખામણીથી તેમજ માનવ જીંદગીમાં સર્વ સામગ્રી મળ્યા છતાં દેવી સુદર્શનાના મોહથી તીર્થની અધિષ્ઠાતૃ થવા

॥ ૪ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરેલા નિયાણાના કારણથી પોતાની જીંદગીનો ખરો ઉપયોગ ન કરી શકવાથી થતો કિન્નરીનો પશ્ચાત્તાપ પોતાની માફક માનવ જીંદગી હારી ન જવા માટે ધનપાળને કરેલી ભલામણ સર્વ બિના આ ચરિત્રની આગળ પાછળ આવેલી છે. વચલા ભાગમાં રાજકુમારી સુદર્શનાનું જીવન ચરિત્ર છે.

સમળી જેવા તિર્યંચના ભવમાંથી રાજકુમારી જેવા માનવભવમાં આવવામાં નિમિત્તકારણ પરમકૃપાળુ મુનિરાજના મુખથી પંચપરમેષ્ઠી મહામંત્ર શ્રવણ અને તેમનો પ્રબળ અસરકારક તાત્ત્વિક બોધ હતો. તાત્ત્વિક બોધથી પરાઙ્મુખ કર્તવ્યાકર્તવ્યના વિવેક વિનાના અને પંખી જેવી મૂઢ (અજ્ઞાન) દશામાં રહેલા પ્રાણીઓ પર પણ શાંત પ્રકૃતિવાળા મહાત્માઓના દૃઢ સંકલ્પની કેવી સચોટ અસર થાય છે, તે આ કુમારીના વૃત્તાંતમાંથી નોંધ લેવા જેવું છે. રાજકુમારીના સંબંધમાં પ્રભુ ભક્તિનું ફળ, જીવની હિંસાનું વિષમ પરિણામ, મહાન પુરુષોની આંતર કરુણામય લાગણી અને દૃઢ સંકલ્પ. નમસ્કાર, મહામંત્રનો પ્રભાવ, પૂર્વજન્મ, ત્યાગમાર્ગ, ગૃહસ્થાશ્રમની સરખામણી સુદર્શનાનો વૈરાગ્ય, ગુરુ પ્રત્યેનો પૂજ્યભાવ, દ્રવ્યનો સદુપયોગ અને ધર્મમય જીવન વિગેરે દરેક પ્રસંગો મનન કરવા સાથે આદર કરવા યોગ્ય છે. તે સાથે શાણી શીળવતીનું પવિત્ર જીવન કે જે સુદર્શનાના વર્તમાન જીવન સાથે જોડાયેલું છે. તેના દરેક પ્રસંગો ઘણી બારીકાઈથી સ્મરણમાં રાખવા યોગ્ય છે. જેમ આ ચરિત્રના પટમાં રેખા તુલ્ય સતી શીલવતી છે તે સાથે મહાત્મા વિજય કુમાર મુનિ તે પણ પવિત્રતાનો એક નમૂનો છે. આ ચરિત્રના પ્રસંગમાં આવેલા દૃષ્ટાંતો અને ઉપદેશોમાં મુખ્ય તરીકે ધન્ના, ધર્મયશા મુનિ, કર્મના વિપાકો, ગૃહસ્થોના નિત્ય કર્તવ્ય, જ્ઞાન-દાન, અભયદાન, ધર્મોપગ્રહદાન, શિયળધર્મ, તપશ્ચરણ, ભાવધર્મ, જ્ઞાનરત્ન સમ્યગ્દર્શન, ચારિત્રરત્ન, આસ્તિક-નાસ્તિક વાદ, જ્ઞાન દર્શન અને ચારિત્રની ઐકયતા, અશ્રાવબોધ તીર્થ, જિનમંદિર બનાવવાની અને પૂજન કરવાની વિધિ, સમળી વિહાર, આજ્ઞાપત્ર, કિન્નરીનો સંવાદ, ધર્માધર્મનાં પ્રત્યક્ષ ફળ, કળીકાળની સ્થિતિ, ગૃહસ્થના બાર વ્રત,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગિયાર પ્રતિમા અને ગિરનારનો સંઘ આ સર્વ વિષયોનો સમાવેશ આ ચરિત્રમાં થાય છે.

દૃષ્ટાંતોમાં અનંગદત્ત, મેઘરથ, વીરભદ્ર, કળાવતી, વિષ્ણુકુમાર, નરવિક્રમ, શ્રેયાંસકુમાર, મારુદેવા, નરસુંદર, મહાબળ, જીર્ણ વૃષભ અને શીળવતીના અગિયાર પુત્રો વિગેરે વિચાર પૂર્વક વાંચી અનુકરણ કરવા જેવા છે.

કુમારી સુદર્શનાનું આખું જીવનચરિત્ર પ્રાયે પવિત્ર વિચારો અને પવિત્ર જીવનથી ભરપૂર છે. વિચાર કરતાં એકંદર સામાન્ય જીવોથી લઈ વિચારવાન જીવો પર્યંતના સર્વ મનુષ્યોને પોતાની લાયકાત અને લાગણીના પ્રમાણમાં ફાયદો કર્તા છે. આ માગધી ચરિત્ર સાંભળવાનો લાભ પ્રાયે કોઈને જ મળતો હોવાથી અને તેમાં ઉપયોગી ઉપદેશ સમાયેલો હોવાથી મેં તે ચરિત્રનું ગુજરાતી ભાષામાં ભાષાન્તર કર્યું છે. આ ભાષાંતર અક્ષરશઃ કરવામાં આવ્યું નથી, છતાં તે સહેલાઈથી સમજી શકાય તેવું લખવા માટે કાળજી રાખવામાં આવી છે. ૧૯૬૭ નું ગયું ચોમાસું મારા ગુરુશ્રી પંન્યાસજી કમળવિજયજી સાથે ઉંઝામાં કરવામાં આવ્યું હતું. વખત અને શાંતિ વિશેષ હોવાથી આ ચરિત્રનું ભાષાંતર ત્યાં લખવામાં આવ્યું છે. વાંચનાર વાચકોએ તેમાંથી શક્તિ અનુસારે યોગ્ય અનુકરણ કરવા પ્રયત્ન કરવો.

લિ૦
પં. કેશરવિજય ગણી
મુ. માણસા

સં. ૧૯૬૮ પોષ વદ ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુદર્શના ચરિત્ર (પ્રતાકારે) પ્રથમ આવૃત્તિના બે બોલ

શેઠ શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ આદિશ્વર દહેરાસરનો ઇતિહાસ

તથા

મૂળનાયક ભગવાન શ્રી આદિશ્વરજી દાદાની મૂર્તિની આશ્ચર્યજનક ઘટના

વિ. સં. ૧૯૫૬ ના અરસાની આ વાત, ત્યારે વાલકેશ્વરમાં જૈનોનાં ગણુતરીનાં ઘરો, ઇતરોની વસ્તી પણ ઓછી. એ વખતે વાલકેશ્વરમાં બાબુ શેઠ અમીચંદ પન્નાલાલજી કુટુંબ પરિવાર સાથે રહે. તેમની ધર્મપત્નીનું નામ શ્રી કુંવરબેન. શેઠ શ્રી મૂળવતની તો ગુજરાત પાટણના પણ વર્ષોથી મુંબઈ વાલકેશ્વરમાં આવીને વસેલા. ઝવેરાતનો એમનો ધંધો. શેઠશ્રીના ધર્માત્મા ધર્મપત્ની કુંવરબાઈ ખૂબ જ ધર્મ ભાવનાવાળા બહેન હતા એટલે એમને એક વાતનો હંમેશાં રંજ રહ્યા કરતો કે આત્મકલ્યાણમાં પરમાલંબન જેવા જિનેશ્વરદેવની મૂર્તિના દર્શનનો મને–સહુને લાભ ન મળે એ તો એક મોટા દુર્ભાગ્યની બાબત ગણાય એટલે એક જિનમંદિર અહીં બંધાવાય તો કેવું સારૂં ? એવો શુભ વિચાર એક શુભ પળે પ્રગટયો. એ વિચાર એમના પોતાના પતિ શ્રી અમીચંદજી આગળ વ્યક્ત કર્યો. શેઠ અમીચંદજી પણ અત્યન્ત ધર્મ શ્રદ્ધાળુ સુશ્રાવક હતા. શેઠશ્રીએ શેઠાણીની ઉત્તમ ભાવનાને વધાવી લીધી અને શાસનદેવ આપણી ભાવનાને સફળ કરે એવા ઉદ્‌ગારો કાઢયા.

શેઠ અમીચંદજીને આવેલું સ્વપ્નું

શેઠ શ્રી અમીચંદજીને પૂજ્ય મુનિરાજ શ્રી મોહનલાલજી મહારાજ ઉપર ઘણી આસ્થા, તેથી ઝવેરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બજારમાં જતા પહેલાં ભૂલેશ્વર લાલબાગમાં બિરાજમાન ગુરુદેવને હંમેશાં દર્શન-વંદન કરતા.

॥૮॥

પોતાની ધર્મપત્નીની ભાવનાને મૂર્તસ્વરૂપ આપવા વાલકેશ્વરમાં અત્યારની જે જગ્યા છે તે જ જગ્યા જિનમંદિર માટે શેઠશ્રી વિગેરેએ પસંદ કરી. યથા સમયે મેઘનાદ મંડપથી ઓળખાતું એક મજલાવાળું શિખરબંધી, ભવ્ય જિનમંદિર પોતાના ખર્ચે તૈયાર કરાવ્યું પણ મૂળનાયક તરીકે પ્રાચીન પ્રતિમા કયાંથી લાવવા? તેની શેઠ-શેઠાણી ચિંતા કરતા હતા, ત્યાં એક મંગલ રાત્રે શેઠ અમીચંદજીને શાસનદેવે સ્વપ્નું આપ્યું. સ્વપ્નમાં અત્યારે જે મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન છે તેનાં જ દર્શન કરાવ્યાં અને સાથે જણાવ્યું કે "આ ભગવાન ખંભાતના એક જિનમંદિરના ભોંયરામાં છે. તમે ખંભાત જાવ અને એ જ ભગવાનને તમારા બંધાવેલા દેરાસરમાં બિરાજમાન કરો" આવું સુંદર સ્વપ્નું આવવાથી શેઠશ્રીનો હર્ષ સમાતો ન હતો. શેઠાણી પણ રાજી થયા. શેઠે પૂજ્ય મોહનલાલજી મહારાજને આ વાત કરી અને પ્રતિષ્ઠાના મુહૂર્ત બાબત પૂછયું. ગુરુદેવે કહ્યું કે 'સબ અચ્છા હોગા'. ગુરુદેવના આશીર્વાદ લઈ શેઠ બજારમાં ગયા, ત્યાં એકાએક ગુરુદેવે તેડું મોકલ્યું, શેઠ ગુરુદેવ પાસે આવ્યા, પૂજ્ય ગુરુદેવે આજ્ઞા કરી આજે જ ખંભાત જાઓ અને ત્યાંના સંઘપતિ જે મૂર્તિઓ આપે તે લઈને મુંબઈ તરફ પ્રયાણ કરો. શેઠને ગુરુદેવ ઉપર અનન્ય શ્રદ્ધા એટલે તેઓ ખંભાત ગયા. સુશ્રાદ્ધ સંઘપતિ નગરશેઠ પોપટભાઈને મળ્યા તેમની સાથે રહીને બે ચાર દેરાસરોમાં દર્શન કરતાં કરતાં એક દેરાસરના ભોંયરામાં જે મૂર્તિ સ્વપ્નમાં જોઈ હતી તે જ મૂર્તિ જોઈ. શેઠ ખૂબ જ પ્રસન્ન થયા, નગરશેઠ પાસે માંગણી કરી. આ પ્રતિમા આપવાનું શેઠશ્રીનું મન ન હતું પણ અમીચંદભાઈએ લાભાલાભનાં કારણો સમજાવ્યા એટલે છેવટે સંમત થયા અને તુરત જ તે પ્રતિમાજીને મુંબઈ લાવવામાં આવ્યા.

॥૮॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાસનદેવનું આપેલું સ્વપ્ન સફળ થયું અને વિ. સં. ૧૯૬૦ ના માગસર સુદ ૬ના દિવસે પૂ૦ ગુરુદેવ મોહનલાલજી મહારાજની પુણ્ય નિશ્રામાં શેઠ શ્રી અમીચંદજી બાબુ તથા તેમના ધર્મપત્ની શ્રી કુંવરબાઈ સહેડે ઘણા ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ભવ્ય મહોત્સવ સાથે પ્રતિષ્ઠા કરી. પહેલે માળે મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની
॥ ૬ ॥ પ્રતિષ્ઠા શ્રી અમીચંદજી બાબુના બાળ સુપુત્રો શ્રી દોલતચંદજી તથા સીતાપચંદજી કુટુંબ સાથે રહીને કરી.

આમ આ દેરાસરનો આ નાનકડો ઇતિહાસ છે. ત્યારપછી આ દેરાસરની સગવડતાઓ અને રોનક વધારવામાં શેઠ શ્રી સીતાપચંદજી સપરિવાર તથા તેમના વડિલ બંધુશ્રી દોલતચંદજીના સુપુત્રો શેઠ શ્રી ચંદુભાઈ તથા રાજુભાઈ વિગેરે તથા ટ્રસ્ટી મંડળના સહકારથી સારો એવો ફાળો આપતા રહ્યા છે.

આ મંદિર ભારત સરકારના પર્યટન ખાતાએ મુંબઈમાં જોવા લાયક સ્થળોમાં દાખલ કરેલ હોવાથી દર વર્ષે હજારો પ્રવાસીઓ આ મંદિરમાં દર્શને આવે છે.

શેઠ શ્રી બાબુ-અમીચંદ પન્નાલાલ આદિશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ શાસનના અનેક કાર્યોમાં ઉદાર ભાવે સહકાર આપતું એનું નામ જગતમાં રોશન કરી રહ્યું છે. આ ટ્રસ્ટ અનેક નૂતન જિનાલયના નિર્માણમાં, જીર્ણોદ્ધારમાં, સાહિત્ય પ્રકાશનમાં સારો લાભ લઈ રહ્યું છે.

પરમ પૂ૦ પંન્યાસજી હેમપ્રભવિજયજી ગણિવર્યશ્રીએ સંવત ૨૦૪૩ની સાલમાં ટ્રસ્ટની વિનંતિને માન્ય કરીને અત્યંત ઉલ્લાસ સાથે અનેકવિધ આરાધના યુક્ત ચાતુર્માસ કર્યું ને ત્યાગ મૂર્તિ, ગુરુદેવ સરળ સ્વભાવી
॥ ૬ ॥ સૌજન્ય મૂર્તિ એવા પંન્યાસજી મહારાજને પોતાના આંગણે પ. પૂ૦ આચાર્ય વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા.ના વરદ હસ્તે તથા બીજા આઠ આચાર્ય ભગવંતો આદિ પદવીધરો તેમજ સાધુ સાધ્વીજીઓ તેમજ શ્રાવક શ્રાવિકા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓની વિશાળ હાજરીમાં શાનદાર મહામહોત્સવ કરવા પૂર્વક આચાર્ય પદ પ્રદાનનો મહાન લાભ ટ્રસ્ટીગણ તથા શ્રી સંઘે લીધો ને તે આચાર્ય પદવીની સ્મૃતિ નિમિત્તે પૂજ્ય દાદાગુરુ યોગનિષ્ઠ આચાર્ય વિજયકેશરસૂરીશ્વરજી મ. સા. લિખિત સુદર્શના ચરિત્ર પ્રતાકારે ખાસ સાધુ સાધ્વીજીઓની માંગ હોવાથી પ્રકાશિત કરેલ છે.

આચાર્યદેવ શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.નો અલ્પ પરિચય

પૂજ્યશ્રીનો જન્મ આન્ધ્રપ્રદેશની રાજધાની હૈદ્રાબાદ શહેરમાં થયો હતો.

પિતા:—નરસિંહ સ્વામી અને માતા લક્ષ્મીબાઈના મોટા **પુત્ર**—વીરાસ્વામી (કિશોરકુમાર) નામનો શોભાવતા હતા. ૧૨ વર્ષની વયે ગુજરાતમાં આગમન થયું. ૧૫ વર્ષની વયે અમરેલીમાં સૌરાષ્ટ્ર કેશરી મુનિરાજ ભુવનવિજયજી (આ. વિ. ભુવનરત્નસૂરી) મ. સા.ના એક જ પ્રવચને પૂર્વના સંસ્કારો જાગ્યા સંયમનો રંગ લાગ્યો.

સં. ૨૦૦૭માં અમદાવાદ કિકાભટ્ટની પોળમાં સંયમ ગ્રહણ કરી પૂજ્ય ગુરુદેવના ચરણમાં ૧૬ વર્ષની વયે જીવન સમર્પિત કરી વીરા સ્વામીમાંથી મુનિ હેમપ્રભવિજયજી બન્યા.

પૂજ્ય દાદાગુરુ આ. વિ. ચંદ્રસૂરીશ્વરજી મ. અને પૂજ્ય ગુરુદેવ આ. વિ. પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં રહી જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચાદિ ગુણોની ઉપાસના સાથે સં. ૨૦૨૦માં ખંભાત ચાતુર્માસમાં પૂજ્ય દાદાગુરુની નિશ્રા અને આશીર્વાદ અને પંડિતવર્ય શ્રીમાન છબીલદાસ કેશરીચંદના પ્રયત્ને નિત્ય પ્રવચનોની શરૂઆત થઈ માતૃભાષા તેલુગુ હોવા છતાં પૂ. ગુરુદેવોની અસીમ કૃપાએ ગુજરાતી હિન્દીમાં કાવ્યમય અનોખી શૈલીમાં વૈરાગ્યમૃતનું પાન કરાવી અનેક ભાવિકોના અંતરાત્મામાં દિવ્યજ્ઞાનની જ્યોતિ પ્રગટાવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સં. ૨૦૩૨માં પાલીતાણા ખાતે પૂજ્ય ગુરુદેવના વરદ હસ્તે ગણિપદ અને સં. ૨૦૩૫માં અમદાવાદ ખાતે પંન્યાસ પદથી વિભૂષિત થયા. પૂજ્ય દાદાગુરુ આ. વિ. ચંદ્રસૂરીશ્વરજીની ભાવનાનુસાર પૂજ્ય ગુરુદેવ આ. વિ. પ્રભવચંદ્રસૂરીશ્વરજીએ વૃદ્ધગ્લાન સાધુ સાધ્વીજી આદિ ચતુર્વિધ સંઘની આરાધના માટે જે શ્રી મુક્તિચંદ્ર–શ્રમણ આરાધના ટ્રસ્ટ ગિરિવિહાર પાલીતાણા ખાતે સ્થાપના કરેલ છે. તે સંસ્થા ૧૩–૧૪ વર્ષથી અજોડ સેવા કરી રહેલ છે. તે સંસ્થાને પોતાના ઉપદેશ દ્વારા વિકાસિત કરેલ છે. જ્યારે સં. ૨૦૩૩માં પોતાના પૂજ્ય ગુરુદેવનો સ્વર્ગવાસ થયો ત્યારે પોતાનો વિનીત શિષ્ય મુનિશ્રી મલયચંદ્રવિજયજી આદિ ઠાણા બે જ શિખરજી આદિ કલ્યાણભૂમિઓની યાત્રા કરી મુંબઈ, કલકત્તા, બેંગ્લોર, મદ્રાસ, હૈદ્રાબાદ વિગેરે શહેરોમાં ચાતુર્માસ અને પ્રતિષ્ઠાઓ, ઉપધાનો, ઉજમણા, છ'રી પાલિત સંઘો, સંસ્કાર શિબિરો દ્વારા અપૂર્વ શાસનપ્રભાવના સાથે મદ્રાસમાં બે યુવાનોને દીક્ષા, બાર્શી શહેરમાં ચાર મુમુક્ષુ કુમારોને ધામધૂમથી દીક્ષા આપી સાત શિષ્યના, બેપ્રશિષ્યના ગુરુ દાદાગુરુપદે સ્થાપિત થયેલા, આવા જ્ઞાની સંયમી અનેક રીતે શાસનપ્રભાવક એવા મહાન પુરુષ આચાર્યપદને શોભાવતા–જિનશાસનની પ્રભાવના કરતા સદા જયવંતા વર્તો. આ પ્રતના પ્રકાશનમાં આર્થિક સંપૂર્ણ સહકાર આપનાર શેઠશ્રી બાબુ અમીચંદ પન્નાલાલ આદિશ્વર જૈન ટ્રસ્ટ વાલકેશ્વર, તેમજ તેના ટ્રસ્ટીગણનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

એ જ

શ્રી મુક્તિચંદ્રશ્રમણ આરાધના ટ્રસ્ટના ટ્રસ્ટીગણ

મુક્તિનગર ગિરિવિહાર, તલેટીરોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

— * —

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ. પૂ. આ. વિ. હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.ના ૨૦૪૬ના નૂતન વર્ષની મંગળ પ્રભાતે પંચમ પ્રસ્થાનની પૂર્ણાહુતિ પ્રસંગે ગવાયેલ ગીત.

શ્વેતરંગે અરિહંત સિદ્ધતણો લાલરંગ,
પીળો રંગ હો ગુરુ હેમપ્રભસૂરિજીનો....
જન્મ જેનો હૈદ્રાબાદ, બ્હાલી લક્ષ્મીબેન માત,
નૃસિંહ પિતાકુલે જાણે, ઉગ્યું સોનલ પ્રભાત;
વીરા સ્વામી નામે સોહે બાલ સંસ્કારમાં હો. પીળો૦ ૧

માતાની ગોદમાં ને ધરતીની સોડમાં,
ખેલંતા જાણ્યા રંગ ખોટા સંસારમાં;
રમ્યા સંતા કૂકડી ધર્મ મિત્ર તણા સંગમાં હો. પીળો૦ ૨

પ્રભવચંદ્ર ગુરુ નિહાળી, વિંધાણી આંખડી,
કેસરની સૌરભે લાગી સંસાર શેરી સાંકડી;
ના મુંઝાણા રંગ ભર્યા, જોબનીયાના મોહમાં હો. પીળો૦ ૩

સોળ વર્ષે સંયમે રમ્યા, ચારિત્રાચારે રમ્યા,
જ્ઞાન તણા જામ પીધા, વિનયના સાજ સજ્યા;
ભક્તિ ભર્યા હૃદયી વિચરે ગુરૂજીના સંગમાં હો. પીળો૦ ૪

ગણિપદ પાલીતાણામાં, પંન્યાસપદ રાજનગરમાં
ઝળકી રહ્યા મુમ્બાપુરીએ સૂરીપદમાં;
ગુરુજીએ યોગ્ય જાણી સોહાવ્યા નિજ પદમાં હો. પીળો૦ ૫

દ્વોય હજાર ત્રેત્રીસ સાલે પ્રભવચંદ્ર
ગુરુ સ્વર્ગે સીધાવ્યા,
સમુદાય સુકાન હેમપ્રભસૂરીને સોંપે;
ગચ્છાધિપતિ બિરૂદ ધરે શ્રી સંઘ હર્ષમાં હો. પીળો૦ ૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરૂજીના ભાવરૂપ સ્મૃતિ વિહારમાં,
ચઉવિહ સંઘ દીન–દુઃખીનો થાયે સાંભળ જ્યાં,
ચમકી રહ્યું નામ જેનું પુનિત સિદ્ધક્ષેત્રમાં હો. પીળો૦ ૭

પ્રતિષ્ઠા ઉપધાન અંજન, કીધાં કાંઈ શાસન કામ,
બ્રહ્મ જ્યોતિ છે પ્રધાન, જીભમાં મહુ મહાન;
પતિતને પાવન કરી, લાવે ધર્મપંથમાં હો. પીળો૦ ૮

પંચમ પ્રસ્થાન જૈન શાસનમાં મહાન છે,
સોળ દિવસની સાધના મહાન છે;
નીરખે નહી નારીમુખ, આયંબિલ તપ મૌનમાં હો. પીળો૦ ૯

દોય હજાર ચુમાલીસે ત્રણ પ્રસ્થાન કર્યાં,
આદિશ્વર દાદાની છાંયે પાલીતાણા તીર્થમાં;
ચોથું પ્રસ્થાન શ્રી અજાહરા તીર્થમાં હો. પીળો૦ ૧૦

મુખ પર જ્યોતિ ઝગે નયણે કૃપા શ્રોત વહે,
વાણી મીઠી મીઠી જાણે, અમૃતના નીર ઝરે;
રાત-દિ પીયાજ કરૂ થાય ભક્તિ દિલમાં હો. પીળો૦ ૧૧

કઠીન એવી સાધના દિવ્ય આરાધના,
પાંચમા પ્રસ્થાનની પૂર્ણ થઈ કામના;
વંદન કરૂં હાથ જોડી પુનિત એ ચરણમાં હો. પીળો૦ ૧૨

જ્ઞાન રેખા મુક્તિની દેખાડી અમને તારજો,
નૂતન વર્ષની પ્રથમ પ્રભાતે વંદના સ્વીકારજો;
વિજયી રહો હેમ ગુરુ શાસનના આકાશમાં હો. પીળો૦ ૧૩

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૬	અનંતવિજ્ઞાના	અનંતવિજ્ઞાન
૪	૧૧	ઔધિક	ઔધિક
૧૪	૧૧	ચિત્ત	ચિત્તે
૧૭	૧૧	નજર	નજરે
૩૪	૪	કયા	કયાં
૩૫	૧૨	તારાં	તારા
૩૯	૪	થેાડી	થેાડા
૪૯	૯	નિશ્ચેય	નિશ્ચે
૫૫	૫	ધતાં	થતાં
૬૮	૪	આકંદ	આકંદ
૭૨	૧૦	વિષયનેા	વિષયેા
૮૯	૧૩	રાગી	લાગી
૯૨	૯	કુડેામાં	કુંડેામાં
૯૫	૧૧	દેખાતી	દેખતી
૧૦૧	૫	અનિમિષ	અનિમેષ
૧૦૫	૩	સહ્જ	સહન
૧૦૮	૪	મારા	મારેા
૧૧૨	૧૧	ધર્મને	ધર્મનેા
૧૧૩	૧૫	ભયભયથી	ભવભયથી
૧૨૦	૧૪	તે	તેં
૧૨૫	૩	પરિણામ	પરિમાણ
૧૫૨	૧૦	સંસારની માફક સમુદ્ર	સમુદ્રની માફક સંસાર
૧૮૬	૨	શ્રમણ	શ્રવણ
૧૯૦	૧૩	શ્રમણ	શ્રવણ
	૧૨	નિમિત્ત	નિમિત્ત
૨૪૯	૮	છે	છું
૨૫૩	૧૧	કલિષ્ટ	કિ

॥ १४ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૬૯	૧૨	ફેારવાની	ફેરવવાની
૨૮૧	૧૫	સાંભળી	સંભાળી
૨૮૨	૨	દિઆએાને	દિશાએાને
૨૮૭	૬	આપન	આપને
૨૯૭	૧૩	દુદૈવે	દુર્દૈવે
૩૦૯	૯	શત્રએાના	શત્રુએાને
૩૩૩	૯	તૈયાર	તૈયારી
૩૪૯	૧૦	શ્રુલ	શ્રુત
૩૫૪	૮	અવસ્થ	અભવસ્થ
૩૭૬	૧૩	કરીકે	તરીકે
૩૯૪	૧૩	મન	મને
૩૯૮	૧૨	શકતેા	શકાતેા
૩૯૮	૧૫	રહેતેા	રહેતા
૩૯૯	૯	જ	જે
૪૧૧	૧૦	રતેા	ફરતેા

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૧૩	૪	સદ્દહવાતે	સદ્દહવાતે
૪૧૫	૫	સદ્દભાવના ઓછે	સદ્દભાવનાએા ભાવે છે.
૪૧૬	૧૧	સંવેરંગથી	સંવેગરંગથી
૪૧૭	૬	મુજંતો	મુંજંતો
૪૧૭	૬	માસંતો	ભાસંતો
૪૧૮	૨	સર્વાર્થસિદ્ધિ	સર્વાર્થસિદ્ધ
૪૨૦	૩	સચિત	સંચિત
૪૪૧	૧૧	સદ્દદ્ર હતેા	સદ્દઢ હતેા
૪૪૬	૭	ઇલિ કાગતિએ	ઇલિકા ગતિએ
૪૪૮	૪	સંકેાચ વિકેાચ	સંકેાચ વિકાસ
૪૪૫	૩	રત્નેાનું	રત્નેાને
૪૭૯	૧૫	ભવમાં	ભાવમાં
૫૧૦	૧૨	યછી	પછી
૫૧૩	૧૧	શરીનું	શરીરનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

卐 અનુક્રમણિકા 卐

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧	ધનપાળ અને ધન્ના	૧
૨	રૈવતાચળનો પહાડ અને સ્વાનુભવ	૧૨
૩	કિન્નરીનો ઇતિહાસ અને રામ મહસેન	૨૧
૪	ચંપકલત્તા અને ચંડવેગ મુનિનો ઉપદેશ	૨૯
૫	આ જિનપ્રાસાદ કોણે બંધાવ્યો	૩૪
૬	સ્ત્રી રત્ન અને રાણી ચંદ્રલેખા	૪૦
૭	સુદર્શનાનો જન્મ	૪૯
૮	ઋષભદત્ત સાર્થવાહ.	૫૨
૯	સુદર્શનાને જાતિસ્મરણ જ્ઞાન	૫૮
૧૦	જાતિ અનુભવ–પૂર્વ જન્મ	૬૫
૧૧	સુદર્શનાનો વૈરાગ્ય–પુરોહિતનો ગૃહસ્થાશ્રમમાં રહેવાનો ઉપદેશ.	૭૦
૧૨	ગૃહસ્થાશ્રમ અને ત્યાગમાર્ગની તુલના–ધર્માધર્મવિચાર	૭૭
૧૩	સ્ત્રીરત્ન સુંદરીનું જીવન વૃતાંત્ત	૮૬
૧૪	શિયળવતીનું હરણ	૯૨
૧૫	દુઃખીનો બેલી ભગવાન, સ્વધર્મીનો મેળાપ	૯૯
૧૬	ધર્મયશ ચારણમુનિ	૧૧૦
૧૭	કર્મનો વિપાક અને ધર્મોપદેશ	૧૧૮
૧૮	ગૃહસ્થના નિત્ય કર્તવ્ય.	૧૩૦
૧૯	પૂર્વ જન્મસ્થાને જવાનો સુદર્શનાનો આગ્રહ	૧૩૪
૨૦	માતાનો મોહ–પુત્રીનો દિલાસો.	૧૩૯
૨૧	સિંહલ દ્વીપને છેવટનો નમસ્કાર	૧૪૫
૨૨	વિમલગિરિનો પહાડ અને મહાત્માનું દર્શન	૧૫૨
૨૩	વિજયકુમાર	૧૫૮
૨૪	જ્ઞાનદાન	૧૭૭
૨૫	અભયદાન	૧૮૬

॥ ૧૬ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૨૬	ધર્મ ઉપગ્રહ દાન	૨૦૩
૨૭	શિયળધર્મ	૨૨૪
૨૮	તપશ્ચરણ	૨૫૭
૨૯	ભાવધર્મ	૨૭૫
૩૦	ભરૂયચ્ચ અને ગુરુદર્શન	૩૩૨
૩૧	સદ્‌બોધ અને જ્ઞાનરત્ન	૩૪૨
૩૨	સમ્યગ્દર્શન–બીજુ રત્ન	૩૭૬
૩૩	મિથ્યાત્વ–નરસુંદરરાજા	૩૯૯
૩૪	સમ્યગ્ચારિત્ર–ત્રીજુ રત્ન	૪૨૦
	નાસ્તિકવાદ	૪૩૮
	આસ્તિકવાદ	૪૪૨
૩૫	જ્ઞાન–દર્શન–ચારિત્ર ત્રણે સાથે જોઈએ	૪૫૫
૩૬	અશ્વાવબોધતીર્થ	૪૭૨
૩૭	જિનમંદિર બનાવવાની અને પૂજન કરવાની વિધિ	૪૮૨
૩૮	સમળી વિહાર અને આજ્ઞાપત્ર	૪૮૬
૩૯	સુદર્શનાનું ધર્મમય જીવન અને દેવભૂમિમાં ગમન	૪૯૬
૪૦	આપનું આગમન અહીં ક્યાંથી થયું છે?	૫૦૯
૪૧	હું અહીં શા માટે આવ્યો છું?	૫૨૧
૪૨	કિન્નરીનો પશ્ચાત્તાપ	૫૩૫
૪૩	ધનપાળ અને કિન્નરીનો સંવાદ	૫૪૩
૪૪	ગૃહસ્થધર્મનાં બારવ્રત અને અગ્યાર પ્રતિમા	૫૬૩
૪૫	કિન્નરીની વિદાયગિરી અને આભાર	૫૮૦
૪૬	ગિરનારજીનો સંઘ અને પૂર્ણાહુતિ	૫૮૬

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યદેવેશ શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ. શ્રી લિખિત

મૌલિક સાહિત્ય

૧. યોગશાસ્ત્ર (ભાષાંતર)	૧૫-૫૦	૧૦. મહાબલ મલયાસુંદરી ચરિત્ર [પ્રતાકારે]	૨૫-૦૦
૨. ધ્યાનદીપિકા	૧૧-૨૫	૧૧ રાજકુમારી સુદર્શના ચરિત્ર	૧૫-૦૦
૩. ગૃહસ્થધર્મ નીતિમય જીવન	૧૧-૨૫	૧૨. ,, [પ્રતાકારે]	૩૧-૦૦
૪. પ્રબોધ ચિંતામણિ	૯-૦૦	૧૩. આત્મજ્ઞાન પ્રવેશિકા (હિન્દી)	૪-૦૦
૫. શાંતિનો માર્ગ	૪-૦૦	૧૪. શાન્તિકા માર્ગ ,,	૭-૦૦
૬. સમ્યગ્દર્શન	૯-૦૦	૧૫. ગૃહસ્થધર્મ ,,	૫-૦૦
૭. આત્મવિશુદ્ધિ	૪-૦૦	૧૬. ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન ,,	૧-૦૦
૮. પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ	૪-૦૦	૧૭. આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય	૧૧-૦૦
૯. મહાબલ મલયાસુંદરી ચરિત્ર [પુસ્તકાકારે]	૧૫-૦૦		

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

* શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ
ગિરિવિહાર, મુક્તિનગર, પાલિતાણા (સૌરાષ્ટ્ર)

* શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પુસ્તક ભંડાર
જૈન ભોજનશાળા સામે, શંખેશ્વર-૩૮૪૨૪૬

* સોમચંદ ડી. શાહ પાલિતાણા પીન-૩૬૪૨૭૦ (સૌરાષ્ટ્ર)

॥ ૧૮ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ ગિરિવિહાર એટલે વૃદ્ધ, ગ્લાન એવા સાધુ-સાધ્વીજી આદિ ચતુર્વિધ સંઘ માટે આરાધનાનું અપૂર્વ સ્થાન

પ પૂ૦ યોગનિષ્ઠ આચાર્ય વિજય કેશરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન અધ્યાત્મયોગી પ. પૂ૦ આ. વિજયચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ભાવનાનુસાર ગચ્છ કે સમુદાયના ભેદભાવ વગર વૃદ્ધ ગ્લાન સાધુ સાધ્વીજી આદિ ચતુર્વિધ સંઘની આરાધના માટે પૂજ્યશ્રીના શિષ્ય રત્ન પ. પૂ૦ આ. વિજયપ્રભવચન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના ઉપદેશથી સંવત ૨૦૩૧ ના શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટની સ્થાપના થયા બાદ ગિરિવિહાર તેમજ આજુ બાજુના પ્લોટમાં ચતુર્વિધ સંઘ માટે જુદા જુદા કેન્દ્રોનું નિર્માણ થયેલ છે. સાથે સાથે ગિરિવિહાર જૈન ભોજનશાળા તથા ધર્મશાળાનું નિર્માણ થતાં હજારો યાત્રાળુ લાભ લઈ રહેલ છે, ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ તેમજ આ સંસ્થા પ. પૂ૦ યોગનિષ્ઠ આ. વિજયકેશરસૂરીશ્વરજી મ. સા. પ્રણિત શ્રેષ્ઠ સાહિત્યનું પ્રકાશન કરી અલ્પ મૂલ્યમાં જૈન સમાજને ઉત્તમ સાહિત્ય આપી શ્રુતભક્તિ સાથે અનુકંપા દાન, અન્નક્ષેત્રમાં ભૂખ્યા માનવીઓ એક ટાઈમ ફ્રીમાં ભોજન પેટ ભરીને મેળવે છે.

ભાગ્યશાળી દાનવીર દાતાઓના સહકારથી સંસ્થા સર્વાંગીણ વિકાસી બનેલ છે.

॥ ૧૯ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્પણ

॥ ૨૦ ॥

ઓ શાસન સુભટ તમોએ અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતા મોહ ને મિથ્યાત્વમાં
અટવાયેલા એવા અનેકોનું રક્ષણ કરી, અજ્ઞાન તિમિરને હટાવી સાચો સાધુતાનો
આધાર સ્થંભ જિન આણા અને ગુરુ આણા પાળી, પળાવી સાચા અર્થમાં
આપે જે તપાગચ્છાધિરાજનું બિરૂદ ધારણ કર્યું અને આપના
ગુણોનું સામ્રાજ્ય વધારી શાસનમાં અદ્વિતીય પ્રતિભા દર્શાવી એવા
ગુણોના ભંડાર શાસન સ્થંભ શ્રી મુક્તિવિજયજી ગણિના
(શ્રી મૂલચંદજી)મ. સા. ના કરકમલમાં પ્રતાકારે પ્રગટ થતું
આ ગ્રંથ રત્ન અર્પણ કરી ધન્યતાને અનુભવીએ છીએ.

આપણા ગુણોનું કીર્તન કરનાર ચરણરજ
હેમપ્રભસૂરી

॥ ૨૦ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ॐ अर्हं नमः ॥

चित्रवालगच्छीय श्रीमान् देवेन्द्रसूरिकृत

રાજકુમારી સુદર્શના ચરિત્ર

પ્રકરણ પહેલું

ધનપાલ અને ધન્ના

अनंतविज्ञानाविशुद्धरूपं निरस्तमोहादिपरस्वरूपम् ।
नरामरेन्द्रकृतचारुभक्तिं नमामि तीर्थेशमनंतशक्तिम् ॥ १ ॥

અનંત વિજ્ઞાનવાળા, વિશુદ્ધ આત્મસ્વરૂપવાળા, મોહાદિ પર સ્વરૂપ–વિભાવદશાને દૂર કરનારા અને મનુષ્ય તથા દેવોના ઇન્દ્રોવડે ઉત્તમ ભક્તિ કરાતા એવા, અનંત શક્તિમાન્ તીર્થંકર દેવને નમસ્કાર કરું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંસારના ત્રિવિધ તાપરૂપ ગ્રીષ્મ ઋતુથી પીડાયેલા જીવોને ધર્મદેશનારૂપ પુષ્કરાવર્ત્ત મેઘને વરસાવી શાંત કરનાર વીશમા તીર્થંકર શ્રીમાન્ **મુનિસુવ્રતસ્વામીને** નમસ્કાર કરું છું કે **જેના શાસનમાં રાજકુમારી સુદર્શનાની ઉત્પત્તિ થયેલી છે.** તેમજ તત્ત્વજ્ઞાનદાતા શ્રીમાન્ ગુરુવર્યને પણ ત્રિવિધ નમસ્કાર કરું છું.

વિશાળ દક્ષિણાર્ધ ભારતવર્ષના મધ્ય ખંડમાં અનેક ઊંચા શિખરોથી ઘેરાયેલો **નંદિવર્ધન** નામનો રમણિક પહાડ શોભી રહ્યો છે. તેના અગ્નિખૂણાના ભાગમાં **હિરણ્યપુર** નામનું એક મોટું શહેર છે. ત્યાંના લોકો આધિ, વ્યાધિથી મૂકાયેલાં હોય તેમ ધનાઢ્ય અને સ્વસ્થ હતાં. મનુષ્યોની વસ્તિથી તેમજ લક્ષ્મીના સમૂહથી તે શહેર ભરપૂર હતું.

તે શહેરમાં જિનેશ્વરની આજ્ઞા પાળનાર, તેમના કહેલ તત્ત્વમાં પ્રવીણ, અને ધર્મના કાર્યમાં આગેવાનીભર્યો ભાગ લેનાર **વર્ધમાન** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને ધર્મરૂપ ધનમાં અત્યંત પ્રીતિવાળી **ધનવતી** નામની પત્ની હતી. વિનય, નમ્રતા, શીયળ, સત્ય, સરલતા અને સંતોષાદિ ઉત્તમ ગુણોએ કરી, તેણીએ પોતાના પતિનું મન સ્વાધીન કરી લીધું હતું. "ખરેખર આ ગુણો સિવાય પતિને સ્વાધીન કરવાનું બીજું વશીકરણ શું હોઈ શકે?"

સંસારવાસના ફળરૂપ આ દંપતીને કાળાંતરે એક પુત્ર પુત્રીની પ્રાપ્તિ થઈ. "સુશિક્ષિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને અશિક્ષિત, સદ્‌ગુણી અને દુર્ગુણી માતા-પિતાના ગુણોનો વારસો તેમના સંતાનમાં ઉતરે છે.” આ કહેવત આ બન્ને બાળકોના સંબંધમાં સત્ય ઠરી હતી. કેમકે તે બન્ને બાળકો સદ્‌ગુણી હતાં. સદ્‌ગુણી માતા, પિતાઓ હોવા છતાં બાળકોને જેવા સહવાસમાં રાખવામાં આવે છે તેના પણ ગુણ અવગુણની અસર તે બાળકો ઉપર થાય છે. “સોબત તેવી અસર” આ કહેવત પ્રમાણે ઘણીવાર બને છે. તેમજ કુમળી વયનાં બાળકો ઉપર ગુણ અવગુણની અસર તત્કાળ થતી અનુભવાય છે, માટે બાળકોના પાલકો પણ સદ્‌ગુણી જ હોવા જોઈએ.

આ વાત તે બુદ્ધિમાન્ શ્રેષ્ઠીથી તેમજ તેમનાં પત્નીથી અજાણી ન હોવાથી ગુણવાન પાલકની દેખરેખ નીચે તે બાળકોને ઉછેરવામાં આવ્યાં હતાં અને દુર્ગુણી બાળકોના સહવાસથી તેમને દૂર રાખવામાં આવ્યાં હતાં. ટૂંકમાં કહીએ તો બન્ને બાળકોને કેળવવામાં તે દંપતીએ ઘણો સારો પ્રયત્ન કર્યો હતો. અને તેમના પ્રયત્નના પ્રમાણમાં તે બન્ને બાળકો સદ્‌ગુણી બન્યાં હતાં.

વ્યવહારિક જ્ઞાનથી મનુષ્યોનો આ જન્મ કેટલેક દરજ્જે સુખરૂપ નિવડે છે, પણ ધાર્મિક જ્ઞાન સિવાય આ અને ભાવી જિંદગી સુખરૂપ થતી નથી. આ વાત આર્યાવર્ત્તમાં ભાગ્યે જ કોઇથી અજાણી હશે. “મનુષ્યોએ સારાં કામોથી ધર્મ કરવો જોઈએ. શુભાશુભ કર્તવ્યનું ફળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક જીવોને ભોગવવું પડે છે. કર્યું તેવું પામીએ અને વાવ્યું તેવું લણીએ." ઇત્યાદિ અનુભવ આર્યાવર્તમાં રંકથી રાજા પર્યંત સર્વને થોડો ઘણો હોય છે. કારણ કે ધર્મની વાસના આ દેશમાં કાંઈ થોડા વખતથી શરૂ થઈ નથી, પણ ઘણા લાંબા વખતથી આ દેશ ધર્મકર્તવ્ય માટે મગરૂર છે. એટલે પોતાના બાળકોનું ભલું ઇચ્છનાર દીર્ઘ દૃષ્ટિવાળા દંપતીએ આ બાળકોને જેમ વ્યવહારમાં પ્રવીણ કર્યાં તેમ આત્મઉન્નત્તિ અને ઉત્તરોત્તર ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટે ધર્મમાર્ગમાં પણ સુશિક્ષિત કરવાનો પ્રયત્ન શરૂ કર્યો.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—આ નવ તત્ત્વો જે જૈનના મુખ્ય સિદ્ધાંતરૂપ છે, તેમાં આ બન્ને બાળકો પૂર્વજન્મના સંસ્કારથી થોડા વખતમાં જ પ્રવીણ થયાં. આત્મા છે. નિત્ય છે. કર્મનો કર્તા છે. કર્મનો ભોક્તા છે. મોક્ષ થઈ શકે છે અને તેને માટે ઉપાયો પણ છે. આ છ દ્વારની સમજમાં તેઓએ ઘણો સારો પ્રયત્ન કર્યો હતો. આ તત્ત્વજ્ઞાન ઉપરના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. બાળપણાના ઔધિક પણ તાત્ત્વિકજ્ઞાનથી તે બાળકોનું હૃદય સુવાસિત થયું હતું.

પુત્ર ધનપાલ ઉત્તમ સત્ત્વવાન્ અને અપ્રમાદી હતો. તેનું સમ્યક્જ્ઞાન નિર્મળ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુદૃઢ હતું. ધર્મક્રિયામાં તેને ઘણી સારી રુચિ હતી. પરમાત્માના પવિત્ર નામસ્મરણમાં તે નિરંતર અસંતોષી હતો, અર્થાત્ નિરંતર તેના મુખમાં પરમાત્માનું પવિત્ર નામ સ્ફૂરતું હતું. સંસારચક્રમાં પરિભ્રમણ કરવાથી તેને મહાન ખેદ થતો હતો. અને તે પરિભ્રમણ દૂર કરવા માટે જ દેવ, ગુરુનો વિનય અને તેમની પવિત્ર આજ્ઞા શિર પર ઉઠાવવાને તે નિરંતર પ્રયત્ન કરતો હતો. ધર્મના સારભૂત રહસ્યોનું તે નિરંતર મનન કરતો હતો અને જ્ઞાનના પ્રકાશથી જેમ બને તેમ કામ, ક્રોધાદિ અંધકારને હઠાવતો હતો. ટૂંકામાં કહીએ તો આ ધનપાળે પોતાની નાની ઉંમરમાં અનેક ઉત્તમ ગુણો સંપાદન કર્યા હતાં.

પુત્રી ધનવતી સ્વભાવથી જ માયાળુ અને શાંત સ્વભાવની હતી. તેનું હૃદય પવિત્ર વિચારોથી સ્વચ્છ હતું. તેના મોહક નેત્રો નિર્વિકારી અને તેજસ્વી હતાં. તેના મુખની સૌમ્યતા ચંદ્રને પણ શરમાવતી હતી. તેની ગંભીરતા સમુદ્ર સાથે સરખાવાય તેવી હતી. સંતોષ મર્યાદા વિનાનો હતો. તેની ઉદારતા મોટા દાનેશ્વરીઓને પાછી હઠાવે તેવી હતી. ધર્મ તરફ તેની વિશેષ લાગણી હતી. તેમજ પોતાના મોટા ભાઈ તરફ તે વિશેષ સ્નેહભાવ રાખતી હતી.

॥ ૫ ॥

ઘણા જ ભદ્રિક સ્વભાવવાળો, આત્મકલ્યાણની પ્રબળ ઇચ્છાવાન અને ધર્મમાં વિશેષ રુચિવાળો **ધર્મપાળ** નામનો ધનપાળને મિત્ર હતો. મહાત્મા પુરુષોનો આ તો સિંહનાદ છે કે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यावत्स्वस्थमिदं कलेवरगृहं यावच्च दूरे जरा ।
यावच्चेंद्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ॥
आत्मश्रेयसि तावदेव महति कार्यः प्रयत्नो महा-
नादीप्ते भुवनेऽहि कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥ १ ॥

જ્યાં સુધી આ શરીરરૂપ ગૃહ મજબૂત છે, જ્યાં સુધી જરા (વૃદ્ધાવસ્થા) દૂર છે, જ્યાં સુધી ઇંદ્રિયોની શક્તિ અપ્રતિહત (બરોબર કાર્ય કરે) છે, અને જ્યાં સુધી આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધીમાં જ ઉત્તમ આત્મશ્રેય માટે મહાન પ્રયત્ન કરી લેવો. ઘરમાં આગ લાગ્યા પછી તે વખતે કૂવો ખોદવાનો ઉદ્યમ શું ઉપયોગી છે? અર્થાત્ કાંઈ ઉપયોગી નથી.

પૂર્વ કર્મના કલિષ્ટ ઉદયને લઈ, ધન્ના અકસ્માત્ રોગાતંકથી પીડાવા લાગી. માતા, પિતા તથા બંધુએ અનેક ઉપાયો કર્યા છતાં અનિવાર્ય કર્મના પ્રબળ નિયમને લઈ ધન્ના નિરોગી ન જ થઈ. કર્મની ગતિ વિચિત્ર છે. રાજા હો કે રંક હો, વિદ્વાન હો કે મૂર્ખ હો, બલિષ્ટ હો કે નિર્બળ હો, કુટુંબવાન હો કે એકલો હો, કરેલ કર્મના અચળ નિયમો પોતાનું કામ તેના પર બજાવવાના જ. ચક્રવર્તી, બળદેવો, વાસુદેવો અને તીર્થંકરોને પણ કરેલ કર્મ ભોગવવાં જ પડે છે, તો સામાન્ય માનવોની ગણત્રી જ શાની? ધન્નાના સંબંધમાં અનેક ઉપાયો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિષ્ફળ જ નિવડ્યા. તેનું શરીર ઘસાતું ચાલ્યું. માતા-પિતાને કલ્પાંત કરતાં દેખી તે બાળાએ તેમને ઊલટો દિલાસો આપતાં જણાવ્યું કે માતાજી ! આપ આમ ઉદાસ શા માટે થાઓ છો ? જન્મ્યો તેનો નાશ તો છે જ. મરણ કોઈને છોડતું નથી, તો પછી આવી કાયરતા શાને માટે કરવી ? માતાએ કહ્યું, "વ્હાલી પુત્રી ! તારું કહેવું ખરું છે, પણ તારી આવી નાની ઉંમર, તેં સંસારનું સુખ કાંઈ પણ દેખ્યું નથી. શું તું આટલી ઉંમરમાં ચાલી જ જઈશ ?" ધન્નાએ કહ્યું, "માતાજી તમે આ શું બોલો છો ? તમારું વિવેકજ્ઞાન કયાં ગયું ? આત્મા તો અમર છે. તેનું મરણ કયાં થાય છે ? આ શરીર મૂકીને બીજું લઈશું. ફાટી ગયેલ જીર્ણ વસ્ત્ર કાઢી નાખી નવું પહેરવું તેમાં દુઃખ શાનું ? આત્માની ઉંમર અનંત છે. આયુષ્ય દરેક ભવમાં કર્તવ્યના પ્રમાણમાં બંધાય છે, તે તો હોય તેટલું જ ભોગવાય ને ? સંસારનું સુખ શું દેખવું હતું ? મને આટલી ઉંમરમાં ધર્મની પ્રાપ્તિ થઈ. સત્ય-અસત્ય ઓળખાયું હવે આથી વિશેષ બીજું શું સુખ હોઈ શકે ? ગુરુમહારાજ કહેતા હતા કે : "આત્માનું જ્ઞાન જેને થયું છે તેને સર્વ સુખની પ્રાપ્તિ થઈ સમજવી." સુખ–દુઃખ મનની માન્યતા ઉપર કે જ્ઞાન ઉપર આધાર રાખે છે. મારું મન આનંદમાં છે. આ દેહનો ત્યાગ થવાથી મારા મનમાં કાંઈપણ ચિંતા કે ખેદ નથી. આ સર્વ આપનો જ ઉપકાર છે. મારી બાલ્યાવસ્થામાં આપે ધાર્મિક સમજુતિવાળું તાત્ત્વિકજ્ઞાન અપાવ્યું તો જ મારી આવી મનની પ્રબળ શાંતિવાળી સ્થિતિ થઈ રહી છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

માતાજી ! તે માટે આપે મારા પર જે ઉપકાર કર્યો છે તેનો કંઈ પણ બદલો વાળવાનો મારો પ્રસંગ ન આવ્યો એટલું જ મારા મનમાં ખટકે છે. મારા પિતાશ્રીએ પણ ધાર્મિક જ્ઞાન માટે મારા ઉપર તેટલો જ પ્રયાસ લીધો છે તે માટે તેઓનો આભાર અનેક જિંદગીઓ પર્યંત ચાલુ જ રહેશે. હું સર્વ જીવોને ખમાવું છું. વિશેષ પ્રકારે જેમના સહવાસમાં વિશેષ આવી છું તે સર્વને ખમાવું છું. મારો અપરાધ સર્વ જીવો ક્ષમા કરો, હું સર્વને માફી આપું છું. સર્વ જીવો મારા મિત્રો છે. મને કોઈ સાથે વૈર-વિરોધ નથી. ભાઈ ધનપાળ ! તને વિશેષ પ્રકારે ખમાવું છું. મારા તરફનો સ્નેહભાવ આજે પૂર્ણ થાય છે. હવે મારો મેળાપ સ્વર્ગલોકમાં જ થશે." આટલું બોલતાં જ તે બાળા બેહોશ થઈ પથારીમાં ઢળી પડી. સહજવાર પછી પાછી શાંતિ વળી. ધનપાળે નજીકમાં બેસી તેનું મસ્તક પોતાના બોળામાં લીધું. સાવચેતીથી પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્રનું સ્મરણ કરાવવા લાગ્યો. ધન્ના પણ એક ચિત્તથી માનસિક જપ કરતી હોય તેમ મનમાં સ્મરણ કરવા લાગી. પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતાં કરતાં સહજ વારમાં તેનો પવિત્ર આત્મા આ દેહ મૂકીને ઇચ્છાસંપન્ન મનોરથવાળી દેવભૂમિમાં જઈ વસ્યો.

અહા ! કેટલી બધી ક્ષણભંગુર સ્થિતિ ! આયુષ્યની અસ્થિરતા ! સંયોગની વિયોગશીલતા ! સ્નેહી વ્હાલા કુટુંબ વચ્ચે કલ્લોલ કરતી બાળા આ દુનિયા ઉપરથી બીજી દુનિયા ઉપર ચાલી ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધન્નાનો વિયોગ તેના સર્વ કુટુંબને દુઃખરૂપ થઈ પડ્યો. તેમાં ધનપાળને વિશેષ પ્રકારે દુઃસહ દુઃખ થયું. તેના નેત્રમાંથી અશ્રુનો પ્રવાહ વહન થવા લાગ્યો. તેનું કઠોર હૃદય પણ કોમળ થઈ રડવા લાગ્યું. તત્ત્વજ્ઞાનમાં નિપુણ ધનપાળ આજે મોહનિદ્રામાં ઘેરાવા લાગ્યો. બહેનના સ્નેહે તેને ગાઢ મૂર્ચ્છામાં નાખ્યો. આત્મભાન ભૂલાવ્યું, પણ આ અજ્ઞાનજન્ય મોહદશા લાંબો વખત ટકી નહિ. ખરેખર જ્ઞાનસૂર્યના પ્રકાશ આગળ મોહાંધકાર ટકી શકતો નથી. જ્ઞાની ધનપાળ થોડા જ વખતમાં જાગૃત થયો. તે દુનિયાની દરેક વસ્તુની અનિત્યતા અને આત્મવસ્તુની નિત્યતા વિચારવા લાગ્યો. અને કેટલાક વખત પછી વિચારશક્તિના બળથી મનને શાંત કરી શક્યો.

બહેનના મૃત્યુ સંબંધી કાર્ય કર્યાં પછી તેનો વૈરાગ્ય દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. ખરી વાત છે કે "વિચારશીલ મનુષ્યોને દુનિયાના દરેક પદાર્થો વૈરાગ્યનાં કારણરૂપ થાય છે ત્યારે અવિચારવાન અજ્ઞાનીઓને તે જ પદાર્થો રાગનાં કે ખેદનાં કારણ થાય છે."

સંસારના સર્વ પદાર્થો તેને દુઃખરૂપ લાગતા હતા. કોઈ પદાર્થમાં તેને રુચિ કે પ્રીતિ થતી ન હતી. જ્યારે તે એકલો પડતો ત્યારે ધન્નાના ઉત્તમ ગુણોનું સ્મરણ કરતો અને તેમાં તન્મય થઈ જતો હતો. અહા ! ઉંમરમાં નાની છતાં ગુણમાં તેની કેટલી બધી જ્યેષ્ઠતા હતી. અહા ! ધર્મકર્તવ્યમાં તેની કેટલી બધી પ્રીતિ ! કેટલી પ્રબળ લાગણી ! અહા ! શું તેણીનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મમય જીવન ! ઉપયોગની કેટલી તીવ્ર લાગણી ! કેટલો બધો સંતોષ ! અહા ! શું તેનો વિનય ! અરે ! તેની કહેણી પ્રમાણેની રહેણી ! શું તેની ગંભીરતા ! દુનિયામાં મનુષ્યો જન્મો તો આવાં જ જન્મજે. વિગેરે વિગેરે તેના ઉત્તમ ગુણો યાદ કરતાં, ધનપાળનું હૃદય ગુણાનુરાગથી ભરાવા લાગ્યું. આંતરે આંતરે રાગદશા થઈ આવવાથી તેના નેત્રપુટમાંથી અશ્રુ ચાલ્યા જતા હતાં, તે અવસરે તાત્ત્વિક વિચારોથી સરાગતા કાઢી નાખતો હતો. છતાં તેણીના ગુણો, તેણીનું બેસવું, ઊઠવું, બોલવું, ચાલવું વિગેરે યાદ આવતાં વળી પાછી સરાગતા થઈ આવતી હતી. અને તેથી પાછું પોતાનું ભાન ભુલાઈ જતું હતું. વારંવાર આમ થતું હોવાથી થોડા વખતને માટે આ શહેર મૂકી, આત્મશાંતિ માટે કોઈ સ્થળે જવાનો તેણે નિશ્ચય કર્યો. ખરી વાત છે કે આત્મશાંતિ માટે મોહ ઉત્પન્ન કરાવનાર સ્થળોનો બુદ્ધિમાનોએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

'શાંતિ માટે કયે સ્થળે જવું' તે સંબંધમાં વિચાર કરતાં તેણે નિશ્ચય કર્યો કે—આ દુનિયામાં શાંતિદાયક કોઈ પણ સ્થાન હોય તો તે મહાત્મા પુરુષો, અથવા તે મહાન પુરુષોની નિવાસભૂમિકા અર્થાત્ મહાન પુરુષો તીર્થંકર આદિ તેમની દીક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકોવાળી ભૂમિકા જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીર્થભૂમિમાં જવાથી અનેક મહાપુરુષ મુનિઓ યોગીઓ વિગેરેનો મેળાપ થાય છે, તે મહાત્માઓનાં દર્શનથી અને તેમના ઉપદેશામૃતથી મહાન લાભ થાય છે. તેમના ઉત્તમ, આચાર-વિચાર, રહેણી-કહેણી, જે પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેથી વીર્ય ઉલ્લાસમાં વધારો થાય છે. તેમના તાત્ત્વિક બોધથી આત્મ-કર્તવ્યમાં જાગૃત થવાય છે. તપ, જપ, ધ્યાનાદિમાં વધારો થાય છે. અને સંસારમાં પ્રવૃત્તિ કરાવનારી શોકાદિ કે વિષયાદિ વાસનાઓનું વિસ્મરણ થાય છે. યા તો ઓછી થાય છે.

તીર્થભૂમિમાં નિર્વાણ પ્રાપ્ત થયેલ મહાન્ પુરુષોનાં જીવનચરિત્રો વિશેષતઃ યાદ આવે છે. વિદ્યમાન મહાત્માઓનાં ઉત્સાહિક પ્રવર્ત્તન જોવામાં આવતાં અનુકરણ કરવાની ઇચ્છા થાય છે. ઉત્તમ વિચારવાળા વાતાવરણથી પરિણામની વિશુદ્ધિ થાય છે. વિગેરે અનેક ઉત્તમ લાભ તીર્થભૂમિમાં જવાથી થાય છે, માટે મારે પણ દીક્ષા, કેવળ અને નિર્વાણકલ્યાણકથી પવિત્ર તીર્થભૂમિ ગિરનારજી ઉપર જવું. ઇત્યાદિ વિચાર કરી, બહેનના વિયોગથી દુઃખરૂપ લાગતી પોતાની જન્મભૂમિનો ત્યાગ કરી, ધનપાળ પોતાના મિત્ર ધર્મપાળ સાથે, રૈવતાચળ તરફ જવાને નીકળ્યો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પ્રકરણ બીજું

રૈવતાચળનો પહાડ અને સ્વાનુભાવ

सारं सिद्धगिरेर्यदेव विदितं यन्नेमिनः स्वामिनः,
कंदर्पद्विपदर्पमर्दनहरेर्वीरावदातास्पदम् ।
यन्निःसंख्यमहर्षिकेवलरमासंयोगसङ्केतभू—
स्तीर्थश्रीगिरिनारनाम तदिदं दिष्ट्या नमस्कुर्महे ॥

સિદ્ધગિરિના સારભૂત. કંદર્પ હાથીનાં દર્પને મર્દન કરવામાં સિંહ તુલ્ય નેમનાથસ્વામિથી પ્રખ્યાતિ પામેલા, વીર પુરુષોના ઉજ્જવળ ચારિત્રના સ્થાન સરખા અને અસંખ્ય મહર્ષિઓને કેવલલક્ષ્મીના સંયોગના સંકેતિત સ્થાન સમાન, શ્રીમાન્ ગિરિનાર તીર્થને અમે આનંદથી નમસ્કાર કરીએ છીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રૈવતાચળનો પહાડ સૌરાષ્ટ્ર (સોરઠ) દેશના પરમભૂષણરૂપે છે. તેને લઈને જ સોરઠ દેશ વિશેષ પ્રખ્યાતિ પામેલો છે. પહાડની શોભા અલૌકિક છે. તેનાં ઊંચાં શિખરો, ઊંચાઈમાં જાણે આકાશ સાથે સ્પર્ધા કરતાં હોય તેમ દેખાય છે. નાના પ્રકારની વનસ્પતિના સમુદાયથી પહાડ છતાં તે દૈવિક બગીચાની શોભા આપે છે. વૃક્ષોની ઘાટી, નિકુંજો અને સુંદર હરિયાળો પ્રદેશ દેખનારના નેત્રોને ઠંડક આપે છે. સરિતાના ધોધની માફક ઉચ્ચ પ્રદેશથી પડતા ઝરણાના પ્રવાહો નિર્જન પ્રદેશમાં પણ ખળખળાટ શબ્દો કરી રહ્યાં છે. ગિરનારની ચારે બાજુ નાની નાની પણ સુંદર પહાડની હારો આવી રહી છે. તેના મધ્યમાં થઈ ગિરનાર પર જવાનો રસ્તો હોવાથી તે પહાડ એક સુંદર પહાડી કિલ્લાથી ઘેરાયેલો હોય તેમ શોભા આપે છે. પહાડ ઉપર ચડતાં ઠેકાણે ઠેકાણે કાળા પથ્થરની સુંદર શિલાઓનાં આસનો આજુબાજુ જોવામાં આવે છે. હંસ, સારસ, મયૂર, કોયલ વિગેરે નિર્દોષ આકાશચારી પક્ષીઓનાં મધુર સ્વરો પહાડની રમણીકતામાં વિશેષ વધારો કરી રહ્યાં છે. સાંસારિક તેમજ પારમાર્થિક સુખના ઇચ્છક એમ બન્ને સ્વભાવના મનુષ્યોને આ પહાડ પરથી આનંદ મળે છે.

ધનપાળ પોતાના મિત્ર સાથે આ પહાડની સૌંદર્યતાને નિહાળતો નિહાળતો તેના પહેલા શિખર પર આવ્યો. આ શિખર ઉપર બાળબ્રહ્મચારી, પવિત્ર ચારિત્રવાળા નેમનાથ પ્રભુનું મુખ્ય મંદિર છે. નેમનાથ પ્રભુ યાદવ વંશમાં ઉત્પન્ન થયેલ બાવીશમા તીર્થંકર છે. તે પ્રભુએ આ પહાડ

॥ ૧૩ ॥

P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ઉપર દીક્ષા (ચારિત્ર) અંગીકાર કરી હતી. કેવલજ્ઞાન પણ આ પહાડ ઉપર જ પામ્યા હતા અને નિર્વાણ (મોક્ષ) પણ અહીં જ પામ્યા છે. (હાલ પણ એ સ્થળોની એવી માહિતગારી અપાય છે કે જેને લોક સહેસાવન કહે છે ત્યાં તે પ્રભુએ દીક્ષા લીધી હતી. પહેલા શિખર પર કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. અને પાંચમા શિખર પર નિર્વાણ પામ્યા છે.) ધનપાળ મિત્ર સહિત નેમનાથ પ્રભુના દર્શનાર્થે મુખ્ય મંદિર તરફ આવ્યો. મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતાં જ નિસિહી-નિસિહી-નિસિહી એમ ત્રણ વાર શબ્દોનો ઉચ્ચાર કરતાં મન, વચન, શરીરથી સંસારના કોઈ પણ કાર્યને ભગવાનના મંદિરમાં યાદ નહિ કરું, આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરી મુખ્ય દ્વારમાં પ્રવેશ કર્યો. દૂરથી નેમનાથ પ્રભુની મૂર્તિને જોતાં જ મસ્તક નમાવી હાથ જોડી નમસ્કાર કર્યો. ઘણા નજીક નહિ તેવા ઘણા દૂર નહિ તેવા મધ્યમ અવગ્રહવાળા સ્થાને ભગવાનની જમણી બાજુ ઊભા રહી ગંભીર સ્વરે પ્રભુ ગુણ સંસૂચક અનેક સુંદર કાવ્યોથી સ્તુતિ કરી. ત્યારબાદ ત્રણ પ્રદક્ષિણા કરી, શક્રસ્તવાદિકે ચૈત્યવંદના કરી, દ્રવ્યસ્તવમાં શાંત ચિત્ત ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા કરી, પ્રભુ દર્શન, વંદન, સ્તવન, પૂજનથી પોતાના આત્માને કૃતાર્થ માનતો ધનપાળ મિત્ર સહિત મંદિરમાંથી "આવસ્સહી" કહી બહાર આવ્યો.

ધનપાળ જ્યારે મંદિરમાંથી પ્રભુની છેવટની સ્તુતિ કરી બહાર નીકળતો હતો, તે અવસરે એક સુંદર અપ્સરા (દેવાંગના કિન્નરી) તે મંદિરમાં દાખલ થઈ. તેણે પણ ઘણા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભક્તિભાવથી મધુર સ્વરે વાજિંત્ર સહિત પ્રભુની સ્તુતિ કરી. ધનપાળ પણ તે સાંભળવા માટે ત્યાં રોકાયો અને જ્યારે તે સ્તુતિ પૂર્ણ થઈ ત્યારે ધનપાળ મંદિરમાંથી બહાર આવ્યો. તે દેવાંગના પણ બહાર આવી. અને એક શાંત સ્થળે ઘણાં લાંબા વખત સુધી ધનપાળની સાથે વાતચીત કરવામાં તે રોકાણી. પોતાનો લાંબો ઇતિહાસ ધનપાળને જણાવી છેવટે ઘણી ખુશી થતી તે અપ્સરા આનંદથી તેનાથી જુદી પડી. દેવાંગનાના જવા પછી પણ ધનપાળ કેટલાક વખત સુધી તે પહાડ પર રોકાયો. શાંતિવાળા સ્થળોમાં બેસી મિત્ર સહિત મહાત્મા પુરુષોના ગુણગ્રામ કરવા લાગ્યો. તેમના ઉત્તમ જીવનચરિત્રો સ્મૃતિમાં લાવતાં, તે મહાપુરુષોના અદ્‌ભુત પુરુષાર્થ માટે તેને મહાન આશ્ચર્ય થયું. આનંદથી તેના અવયવો પ્રફુલ્લિત થયાં. ગુણાનુમોદનના આવેશમાં તેના નેત્રપુટમાંથી હર્ષાશ્રુનો (હર્ષના આંસુનો) પ્રવાહ વહેવા લાગ્યો. આત્મવીર્ય સ્ફુરાયમાન થયું, આત્માનંદ અનુભવાયો. અનિત્યાદિ ભાવનાઓનો વિચાર કરતાં કેવળ આત્મા એ જ સુખમય જણાયો, સંસાર કેવળ દુઃખમય અનુભવાયો, કેમકે ઘણા જીવો આધિ, વ્યાધિ, ઉપાધિથી રીબાતા હોય તેમ દેખાયું. શાંતિને માટે આત્મજ્ઞાન અને સદ્‌વર્તન એ જ યોગ્ય જણાયાં. સંસારવાસથી વિરક્ત થઈ આવા શાંત અને નિર્જન પ્રદેશમાં જીવન ગાળવા તેનું મન લલચાયું. પણ પૂર્વ કર્મના ઉદય આગળ તેને આ અવસરે નમવું પડયું એટલે અમુક વખત સુધી પોતાના આ વિચારને મુલતવી રાખવો પડયો, છતાં તેનો ઉત્સાહ પ્રબળ હતો. થોડા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વખતની પણ નિઃસંગ અવસ્થામાં તેણે આત્માને વિશેષ ઉજ્જવળ કર્યો. ઉત્તમ આચાર, વિચારમાં કેટલોક વખત પસાર કરી, માતા, પિતા તથા કુટુંબની ચિંતા કરવાને માટે ચાલતા આનંદને ભવિષ્ય ઉપર અનુભવવાનો નિશ્ચય કરી મિત્ર સહિત ગિરનાર પરથી તે નીચે ઊતર્યો અને અનુક્રમે થોડા દિવસમાં પાછો પોતાની જન્મભૂમિમાં આવી, માતા–પિતાદિ કુટુંબને જઈ મળ્યો.

ગિરનાર પર જવા પહેલાંની અને ત્યાંથી આવ્યા પછીની ધનપાળની સ્થિતિની તપાસ કરતાં તેમને મહાન તફાવત જણાવા લાગ્યો. વ્હાલી બહેનના વિયોગથી વિહ્વળ થયેલું મન મોટે ભાગે શાંત જણાતું હતું. વૈરાગ્યભાવના કે વિરક્ત દશા જે કે અધિક જણાતી હતી તથાપિ પહેલાં કરતાં અત્યારે તે જુદા જ પ્રકારની હતી છતાં વ્યવહારના પ્રસંગમાં આવી પડેલ કાર્ય શાંતતાથી કે સમભાવથી તે બજાવ્યે જતો હતો. પોતાના પતિની શાંત સ્થિતિ દેખી ગિરનાર સંબંધી હકીકત જે પોતે લોકોના મુખથી સાંભળી હતી તે કેટલે દરજ્જે સત્ય છે, તે જાણવા માટે ધનશ્રીએ એકાંતમાં પોતાના પતિ ધનપાળને પ્રશ્ન કર્યો.

સ્વામિનાથ ! પહેલાં પણ આપ અનેકવાર રૈવતાચળ પર ગયા હતા, અને હમણાં પણ નેમનાથ પ્રભુના દર્શનાર્થે મિત્ર સહિત આપ ગયા હતા. મેં જે કાંઈ લોકોના મુખથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગિરનારના સંબંધમાં સાંભળ્યું છે તે સંબંધી હું આપને કાંઈક પ્રશ્ન પૂછવા ધારું છું. તો તે સંબંધમાં આપે જે કાંઈ જોયું, સાંભળ્યું કે અનુભવ્યું હોય તે મને કૃપા કરી જણાવશો.

ધનપાળે ખુશી થઈ જણાવ્યું, "પ્રિયે ! તારે જે કાંઈ પૂછવું હોય તે પૂછ, મને જે વાતનો અનુભવ હશે તે હું જણાવીશ..."

ધનશ્રી—સ્વામિનાથ ! ગિરનારના રમણીક પણ સ્પર્શથી કઠોર કાંકરાવાળા પહાડના વિષમ શિખરો તરફ આવેલી કોમળ શિલાઓ ઉપર અનેક મહામુનિઓ ધ્યાનસ્થપણે રહેલાં છે ? ત્યાં આવેલા અનેક કિન્નરો તે મહાભાગ મુનિઓના ગુણોની સ્તવના કરે છે. શું તે વાત સત્ય છે ? પહેલાં શિખર પર આવેલા નેમનાથ પ્રભુના મંદિરમાં રાત્રિના સમયે ભક્તિભાવથી દેવાંગનાઓ અનેક પ્રકારે સ્તુતિ તથા નૃત્યાદિ કરે છે ? ઐરાવણ નામના ઇંદ્રહસ્તીના તીક્ષ્ણ ખુરાગ્ર ભાગથી દબાયેલ પૃથ્વીતળમાંથી, ઉત્પન્ન થયેલ કુંડમાં ઝરતાં સુંદર ઝરણાં વહન થઈ રહેલ છે ? આ સર્વ વાત શું સત્ય છે ? આપે તે સર્વે નજર દેખી છે ? આ મારો સંશય આપ દૂર કરો.

ધનપાળે જણાવ્યું કે હે સુતનુ ! તેં જે જે પ્રશ્નો પૂછયાં છે તે સર્વ સત્ય છે. ધ્યાનારૂઢ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

થયેલ અનેક મહાપુરુષો ગિરનાર પર્વતની શિલાઓ ઉપર, ગુફાઓમાં અને ગીચ ઝાડીઓમાં આત્માનુભવ કરી રહ્યા છે. અપ્સરાઓ સહિત અનેક કિન્નરો ત્યાં ક્રીડા કરતા નજરે પડે છે. ધ્યાનારૂઢ, આત્મપરાયણ તે મહાત્માઓનો આત્મિક પ્રયત્ન દેખી તેવો પ્રયત્ન કરવામાં પોતાની અસમર્થતાને નિંદતા તે કિન્નરગણ તેઓના ગુણગ્રામો કરે છે. ગુણાનુરાગથી તેમજ આત્મ ઉચ્ચતા કરવાની પ્રબળ ઇચ્છાથી પ્રેરાયેલા કિન્નરો અપ્સરાઓ સહિત ભક્તિભાવ દર્શાવતા, તેઓની અનેક પ્રકારે સ્તુતિ કરી પોતાને કૃતાર્થ કરે છે. હસ્તિપદ ગજેંદ્રપદ કુંડમાંથી નિર્ઝરણાનો અખંડિત પ્રવાહ ચાલી રહેલો છે. આ સર્વ વાત સત્ય છે, અને મેં નજરે દેખેલ છે. પ્રિયા ! બીજું પણ એક મહાન્ આશ્ચર્ય, તે પહાડ ઉપર મેં દેખ્યું છે તે હું તને કહી સંભળાવું છું. તું સાવધાન થઈને સાંભળ.

મારા આત્માને શાંતિ આપવા નેમનાથ પ્રભુના દર્શનાર્થે હું ગિરનાર ઉપર ગયો હતો. ત્યાં જવા પછી વિધિપૂર્વક મંદિરમાં પ્રવેશ કરી, તે મહાપ્રભુની ભાવપૂર્વક વંદન, પૂજન, સ્તુતિ વિગેરે કરવામાં મેં આખો દિવસ વ્યતીત કર્યો. મોટી દશ આશાતનાઓના ભયથી સંધ્યાસમયે હું જ્યારે મંદિરમાંથી બહાર નીકળતો હતો, તે અવસરે દિવ્ય રૂપ-ધારક એક તરુણી મારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેખવામાં આવી. તે સ્ત્રીએ મંદિરમાં પ્રવેશ કરી નેમનાથ પ્રભુને વંદન કર્યું અને પછી વીણા, તંત્રી વિગેરે વાજીંત્રો પોતાના હસ્તથી બજાવતાં તથા મધુર સ્વરે ગાયન કરતાં તે મહાપ્રભુના ગુણોની સ્તવના કરવી શરૂ કરી. ઘણા જ મધુર સ્વરે પ્રભુની સ્તુતિ કરાતી દેખી હું પણ ત્યાં જ ઊભો રહ્યો. ગાયન પૂર્ણ થતાં મને પોતાનો સ્વધર્મી (એક ધર્મ પાળનાર) જાણી તેણીએ કોમળ વચને બોલાવ્યો. પ્રભુસ્તુતિનું કામ પૂર્ણ થતાં અમે સર્વ મંદિરમાંથી બહાર આવ્યાં.

મેં તે તરુણીને પૂછયું. "મહાનુભાવા ! તમે દેવી છો કે માનુષી ? તમારું નામ શું ? હમણાં તમે કયાંથી આવ્યાં ?"

મારા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તે દિવ્ય અંગનાએ જણાવ્યું, "હે ભાઈ ! આ મારી કથા ઘણી મોટી છે. જો તમને તે સાંભળવાની ઇચ્છા જ હોય તો ચાલો આ સામે નજીકના શાંત સ્થળે આપણે બેસીએ. મારો સવિસ્તરે ઇતિહાસ હું તમને જણાવું, તમે તે એકાગ્ર ચિત્તે શ્રવણ કરો, અને તેમાંથી યોગ્ય જણાય તે ગુણ, દોષનું ગ્રહણ ત્યાગ કરો."

પ્રિયા ! તે સુંદરીનાં તેવાં વચનો સાંભળી મને પણ તેની કથા સાંભળવાનું કૌતુક થયું કે તેણીનું જીવનચરિત્ર કેવું હશે ? તેણી શું કહેશે ? તેણી કોણ હશે ? તેણીના જીવનચરિત્રમાંથી

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

મને પણ કાંઈક નવીન ગ્રહણ કરવા યોગ્ય જ્ઞાન મળી આવશે, યા કોઈ દુર્ગુણ દૂર કરવાનું કારણ મળશે. વિગેરે અનેક લાભની, કલ્પના કરી મેં તેણીનું કહેવું માન્ય કર્યું.

ખરી વાત છે કે ગુણાનુરાગી, તત્ત્વશોધક જીવોને, મહાપુરુષોનાં કે મહાન ગુણવાન્ સ્ત્રીઓનાં જીવનચરિત્રોમાંથી અનુકરણ કરવાનું ઘણું મળી આવે છે. અને આ ઉદ્દેશથી જ અનેક ધર્મશાસ્ત્રોમાં, કથાઓનો કે જીવનચરિત્રોનો ભાગ મુખ્ય રાખ્યો હોય તેમ અનુભવાય છે. જો તેમ ન હોય તો જેનું જીવનચરિત્ર આપણે વાંચીએ છીએ કે ગુરુદ્વારા સાંભળીએ છીએ, તે ચરિત્રમાં આવતા ગુણ દોષોનો ફાયદો તે તે ચરિત્રના નાયકોને જ થયેલો હોય છે; તો પછી તે વાંચવામાં કે સાંભળવામાં ફોગટ વખતનો વ્યય કરવાનું કારણ શું ? કાંઈ જ નહિ. પણ તેમ નથી. જીવનચરિત્રો સાંભળવા કે વાંચવાનો મુખ્ય ઉદ્દેશ જ એ છે કે–વિચારદૃષ્ટિએ તે ચરિત્રના નાયક, નાયિકાના ગુણ દોષો શોધી કાઢવા. ગુણોનું અનુકરણ કરવું અને દોષોનો ત્યાગ કરવો.

ચરિત્રમાં અનેક રસોનું પોષણ કરેલું હોય છે, તથાપિ આત્માને શાંતિ અનુભવાવનાર, આત્માને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડનાર અને દુઃખમય દુનિયામાં પણ સુખનો અનુભવ કરાવનાર શાંતરસ અને વૈરાગ્યરસને તે જીવનચરિત્રોમાંથી શોધી કાઢવા જોઈએ, અને તેનું સ્મરણ–આલેખન વારંવાર હૃદયપટ પર થવું જોઈએ. તેમ થાય તો જ જીવનચરિત્રો વાંચવાનું કે સાંભળવાનું

P.P. Sc. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાર્થકપણું છે. જો તેમ ન થાય તો જીવનચરિત્રો, વાકયો કે શાસ્ત્રો શસ્ત્રરૂપે પરિણમે છે. માનસિક અનેક વિકારો ઉત્પન્ન કરી મોહ, અજ્ઞાન, રૌદ્ર અને બીભત્સાદિ રસો તરફ ખેંચો જાય છે. સુખને બદલે પરિણામે દુઃખ આપી ઊંચો માનવ જિંદગીમાંથી અધઃપાત કરાવે છે. માટે આત્મસ્થિતિની ઉચ્ચતા પ્રાપ્ત કરવાના હેતુથી, ચરિત્રાદિ ગ્રંથના સાંભળનારા કે વાંચનારા વાચકોએ પૂર્વોક્ત જીવનચરિત્ર સાંભળવાનો કે વાંચવાનો મુખ્ય હેતુ અવશ્ય ધ્યાનમાં રાખવો જોઈએ. હે પ્રિયા ! આ ઉદ્દેશને મનમાં રાખી હું મારા મિત્ર સહિત એક શાંત સ્થળે જઈ બેઠો અને તે સુંદરી પણ અમારી પાસે આવી બેઠી.

પ્રકરણ ત્રીજું

કિન્નરીનો ઇતિહાસ–રાજા મહસેન

તે સુંદરીએ પોતાનો ઇતિહાસ શરૂ કરતાં જણાવ્યું કે–હે ભાઈ ધનપાળ ! હું કિન્નરી છું. ઉત્તમ મનુષ્ય ભવથી ભ્રષ્ટ થઈ આ કિન્નરી પદને પામી છું. અને મોહથી મોહિત થઈ આ સંસારચક્રમાં પરિભ્રમણ કરું છું. આટલું કહેતાં કહેતાં તેના મુખ પર ગ્લાનિ આવી ગઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના શબ્દો પરથી અને આકૃતિ ઉપરથી જણાઈ આવતું હતું કે આ કિન્નરીપદ તેને દુઃખદ લાગતું હતું અને આનાથી અધિકપદ તે કોઈપણ જાતના સબળ કારણથી મનુષ્ય ભવમાં મેળવી શકી ન હતી અથવા મનુષ્યભવમાં સર્વ અનુકૂળ સંયોગો છતાં કોઈ પણ જાતના મોહ, પ્રમાદ કે અજ્ઞાનતાને લઈ તે અનુકૂળ સંયોગોનો લાભ તે લઈ શકી ન હતી તેનો તેને પૂર્ણ પશ્ચાત્તાપ થતો હતો.

ધનપાળે પોતાની પત્નીને કહ્યું, "એ અવસરે મેં તે અપ્સરાને વિનયથી જણાવ્યું–બહેન! આટલું કહેવાથી હું કાંઈ સમજી શકતો નથી કે તમે ઉત્તમ મનુષ્ય જિંદગીથી કેવી રીતે ભ્રષ્ટ થયાં માટે વિસ્તારથી તમારો વૃત્તાંત આગળ ચલાવો."

મારી પ્રેરણાથી તે કિન્નરીએ વિસ્તારથી પોતાનો વૃત્તાંત શરૂ કરતાં જણાવ્યું કે– ધનપાળ! દક્ષિણ દિશામાં આવેલા મલયાચળના પહાડથી મંડિત મલય નામનો રસાળ પ્રદેશ છે. તે દેશમાં મહાન સમૃદ્ધિમાન મલયવતી નામની નગરી છે, તેમાં મહસેન રાજા રાજ્ય કરતો હતો.

એક વખત પાટલીપુત્ર શહેરના અધિપતિ જયરાજાએ વિનયપૂર્વક પોતાના મંત્રી સાથે મહસેન રાજાને વિજ્ઞપ્તિ કરી કે–હે મહસેન નરેશ! પૃથ્વીમંડળના મંડનરૂપ ચંપકલતા નામની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારે એક પુત્રી છે. મારી કુંવરીનાં મારે પોતે વખાણ કરવાં તે જો કે યોગ્ય નથી છતાં તેના અદ્‌ભુત ગુણો જણાવવા તે કાંઈ અયોગ્ય ન જ ગણાય તેથી હું ટૂંકામાં એટલું જ જણાવું છું કે અદ્‌ભુત રૂપની સૌંદર્યતા, અને ઉત્તમ ગુણોની સુગંધતા એ આ રાજકુમારી ચંપકલતામાં મર્યાદા વિનાની છે, અર્થાત્ તેના જેવી રૂપવાન અને ગુણવાન રાજકુમારી કોઈ નથી.

આ રાજકુમારીના વિવાહ માટે અનેક રાજકુમારો તરફથી માંગણીઓ કરવામાં આવી હતી, છતાં કુમારી તેઓમાંના કોઈપણ કુમાર સાથે પાણિગ્રહણ કરવાનું પસંદ કરતી જ ન હોતી. એક દિવસે ચિતારા પાસે રહેલું તમારું ચિત્રપટ તેણીને દેખાડવામાં આવ્યું. તે ચિત્રપટ નિહાળતાં જ અકસ્માત્ તમારા ઉપર તે અનુરાગિણી થઈ છે. આ વૃત્તાંત મારા જાણવામાં આવતાં પુત્રીને લાયક પતિ મળ્યો જાણી હું ઘણો ખુશી થયો. અને તરત જ આ મારી પુત્રી તમોને અર્પણ કરવાની માંગણી માટે મેં મારા પ્રધાનને તમારી તરફ મોકલાવ્યો છે, તો તમે તે માંગણીનો સ્વીકાર કરશો, અને તેનું પાણિગ્રહણ કરવા માટે અમુક દિવસે પરિવાર સહિત અહીં પધારશો.

આ પ્રમાણે જયરાજનાં મંત્રીનાં વચનો સાંભળી મહસેન રાજાને ઘણો આનંદ થયો. પ્રધાનની વાત ધ્યાનમાં લઈ, તેણે તરત જ રાજાની માંગણીનો સ્વીકાર કર્યો, અને પારિતોષિક આપવાપૂર્વક વિશેષ સત્કાર કરી મંત્રીને વિદાય કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

મહસેન રાજાએ લગ્નપ્રસંગની સામગ્રીઓ તૈયાર કરી. રાજ્યભાર મુખ્ય પ્રધાનને સોંપ્યો. અને કેટલાંક મનુષ્યો સાથે પાંચ મોટા વહાણ લઈ, શુભ મુહૂર્તે સમુદ્ર રસ્તે પાટલીપુત્ર તરફ જવાનું પ્રયાણ કર્યું.

અહા ! મનુષ્યો ચિંતવે છે જુદું અને થાય છે જુદું જ. ગમે તેટલા ઉત્તમ મુહૂર્તો દેખો, તથાપિ પુણ્યની પ્રબલતા સિવાય પ્રારંભેલ કાર્યનો પાર પામી શકાતો નથી. જ્યારે ભાગ્ય જ પ્રતિકૂલ હોય ત્યારે શુભ ગ્રહો અને ઉત્તમ મુહૂર્તો શું કરશે ? વશિષ્ઠ ઋષિએ રામચંદ્રજીને રાજ્યારોહણ કરવાનું ઉત્તમ લગ્ન આપ્યું તે જ લગ્ને વનવાસ જવું પડ્યું. કહ્યું છે—

कर्मणो हि प्रधानत्वं किं कुर्वन्ति शुभा ग्रहाः ।
वशिष्ठदत्तलग्नोऽपि रामः प्रव्रजितो वने ॥ १ ॥

કેવી કર્મની પ્રબળ વિષમતા ! દુર્ભાગ્યના ઉદયથી સમુદ્રમાં પવન પ્રતિકૂળ વાવા લાગ્યો. પવનના પ્રબળ ઝપાટાથી વહાણો જુદી જુદી દિશામાં જુદા પડી ગયાં. શઢો તૂટી પાણીનાં મોટાં મોટાં મોજાંઓ ઊછળી ઊછળી વહાણમાં આવવા લાગ્યાં. પાણીનાં હલ્લેસાથી વહાણ ઊંચે ઊછળી ઊછળી નીચે પડવા લાગ્યાં. વહાણના બચાવ માટે કપ્તાનોએ તથા અંદર બેઠેલ મનુષ્યોએ ઘણો પ્રયાસ કર્યો, પણ તે નિરર્થક ગયો. છેવટે જે વહાણમાં રાજા મહસેન હતો તે વહાણ પવનના તોફાનથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમુદ્રમાં આવેલા વિમળ નામના પહાડના ખરાબે ચડી ગયું. અને મોટા ખડકો સાથે અફળાઈ અફળાઈને ભાંગી ગયું. સુખનો ઇચ્છક રાજા મોટી આફતમાં આવી પડયો. અથવા પૂર્વ કર્મના સંયોગે જીવો નાના પ્રકારની વિપત્તિઓ પામે તેમાં નવાઈ નથી.

જળની સોબતવાળા-(શ્લેષ અર્થમાં જડની–અજ્ઞાનની સોબતવાળી) દુઃખે સમુદ્રનો પાર પમાડે તેવી જર્જરિત સ્થિતિવાળા (દુઃખે અંત પામી શકાય તેવા આશયવાળી) સાંધાઓથી જુદા થયેલા (સ્નેહ–સંધિથી જુદી પડેલી) અને દોરથી તૂટેલ સઢવાળા–(ગુણસમૂહથી રહિત થયેલી) તે વહાણનો રાજાએ નીચ સ્ત્રીની માફક તત્કાળ ત્યાગ કર્યો.

ગંભીર, આરપાર વિનાના અને દુઃખદાઈ ભવસમુદ્રમાં ઉત્તમ મનુષ્યપણું જેમ દુઃખે મળી શકે છે, તેમ આવા દુઃખદ સમુદ્રમાં ઘણી મહેનતે રાજા વિમળપર્વતને મેળવી શકયો; અર્થાત્ વહાણ મૂકી દઈ ઘણી મહેનતે રાજા વિમળપર્વત પાસે આવ્યો.

સુકુમાળ શરીરવાળા સુખી રાજાને ક્ષુધા અને તૃષા ઘણી લાગી હતી, તેનામાં ચાલવાની શક્તિ ઘણી ઓછી થઈ ગઈ હતી, તથાપિ કાંઈક સારી આશાથી ધીમે ધીમે ઘણી મહેનતે તે પહાડ ઉપર ચડી શકયો, ઉપર ચડયા પછી આજુબાજુ નજર કરતાં નજીકના એક શિખર પર રમણીક એક મંદિર તેના દેખવામાં આવ્યું, રાજા ત્યાં ગયો. પાણીની તપાસ કરતાં તે મંદિરના

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દ્વાર નજીક નિર્મળ પાણીથી ભરેલી એક વાવ તેના દેખવામાં આવી. તેની અંદર ઉતરી પાણી પીને રાજા કાંઇક શાંત થયો. વાવથી બહાર આવી મંદિરના દરવાજા આગળ છાયામાં વિશ્રાંતિ લેવા માટે બેઠો, ત્યાં બેઠાં બેઠાં મંદિર તરફ નજર કરતાં તે દ્વાર આગળ બે પાદુકાઓ (મોજડીઓ) તેના જોવામાં આવી. તે જોતાં જ વિસ્મય પામી રાજા વિચારવા લાગ્યો. આ દેવમંદિર હોવાથી તેનો કોઇપણ ભક્ત સિદ્ધપુરુષ (*આકાશમાં ચાલવાવાળો) અહીં આવતો હોવો જોઈએ. અને આ પાદુકા પણ તેની જ હોવાનો સંભવ છે. તે પાદુકાનો માલિક કોણ હશે? તેના તરફથી પોતાને કાંઈ મદદ મળશે કે કેમ? તેનો નિશ્ચય કરવા માટે રાજા તત્કાળ ત્યાંથી ઊભો થયો અને મંદિરમાં જઈ તપાસ કરવા લાગ્યો.

તપાસ કરતાં તે દેવભુવનમાં એક સુંદર સ્ત્રી તેમના દેખવામાં આવી. તે સ્ત્રીરત્નને જોતાં જ રાજા વિચારમાં પડ્યો. અહા! આવા નિર્જન પ્રદેશમાં આ સુંદરી કોણ અને કયાંથી? શું તેણીનું લાવણ્ય! શું તેણીનું અદ્‌ભુત રૂપ! શું તેણીનું સૌભાગ્ય. આ સુંદરીને જેણે બનાવી છે તે જ તેણીના રૂપ, ગુણાદિનું વર્ણન કરવામાં સમર્થ છે. ઇત્યાદિ વિચાર કરતો રાજા, તે સુંદરી શું કરે છે તે તરફ ગુપ્તપણે નિહાળી નિહાળીને જોવા લાગ્યો.

---

* પહાડની ચારે બાજુ સમુદ્ર હોવાથી આકાશગમન કરવાવાળા સિદ્ધપુરુષની શંકા થઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સુંદરીના મુખ ઉપર મુખકોશ (ભગવાનની પૂજા કરતી વખતે મુખ, નાસિકા આગળ જે રૂમાલ બાંધવામાં આવે છે તે) હતો. તેણીના હાથમાં સુગંધી પુષ્પો હતા. મંદિરમાં સન્મુખ એક સુંદર શ્યામ વર્ણવાળી મુનિસુવ્રતસ્વામી (વીશમા તીર્થંકર)ની પ્રતિમા હતી તેની તે પૂજા કરતી હતી. પૂજન કર્યા બાદ ઉચિત સ્થાનકે બેસી વિધિપૂર્વક વંદન કરી અત્યંત ભક્તિ-ભાવથી તે જિનનાથની સ્તવના કરવા લાગી.

" હે નિર્મળ કેવળજ્ઞાની ! સંપૂર્ણ જ્ઞાનસૂર્યથી ત્રણ ભુવનના મોહાંધકારને હણનાર, મોહરૂપ મહાસુભટને ભેદનાર, મુનિસુવ્રતસ્વામી તું જયવંત રહે. જયવંત રહે. હે કૃપાળુ દેવ ! પુલકિત અંગ અને વિકસિત નેત્રવડે, જેઓએ તારું મુખકમળ કયારે પણ દેખ્યું નથી. તે જીવો દીન, દુઃખિયાં થઈ નિરંતર બીજાનું મુખ દેખ્યા કરે છે.

હે પ્રભુ ! જેણે ભક્તિપૂર્વક તારા ચરણકમળને નમસ્કાર કર્યો નથી તે જીવો પવનથી ધ્રુજવેલ વૃક્ષોની માફક, બીજા જીવોની આગળ નિરંતર પોતાના મસ્તકો નમાવ્યા કરે છે.

હે ત્રિભુવન પ્રભુ ! જે મૂઢ પ્રાણીઓએ તારી સેવા નથી કરી, તે જીવો, હાજી, જી સાહેબ, અન્નદાતા, જો હુકમ, વિગેરે બોલતા સામાન્ય મનુષ્યની પણ સેવા કરે છે. હે જગદીશ ! જેણે તારું પૂજન કર્યું નથી, જેણે તારી સ્તવના કરી નથી અને તને નજરે દીઠો પણ નથી તેનાં

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પાણી (હાથ), વાણી અને નેત્રો નિષ્ફળ જ છે. હે નાથ! જેણે મન, વચન, કાયાએ કરી નાથપણે તારું આરાધન નથી કર્યું તે જીવો આધિ, વ્યાધિથી વિધુર (દુઃખિયા) થઈ ઘણા કાળપર્યંત દુઃસહ દુઃખો સહન કરે છે.

હે પ્રભુ! આ દેહનું જે થવાનું હોય તે થાઓ. આ અવસરે તું જ મારે માતા, પિતા, બંધુ, પ્રભુ, ગુરુ અને શરણભૂત છે. તારા પ્રત્યે જ હું એકાગ્ર ચિત્તવાળી છું.

હે દેવેન્દ્રમુનીંદ્ર–નમિતચરણકમળમુનિસુવ્રતસ્વામી! મારા અવિનયની ક્ષમા કરી, મને જલદી નિર્વાણ સુખ આપો એ જ મારી તારા પ્રત્યે અંતિમ યાચના છે.” આ પ્રમાણે મુનિસુવ્રતસ્વામીની ગંભીર વાકયોથી સ્તવના કરી તે સુંદરી મંદિરની બહાર આવી. રાજા મહસેન પણ તેના રૂપમાં આસક્ત થઈ તે ન દેખે તેમ એક બાજુના ભાગમાં છુપાઈ રહ્યો. અને હવે પછી શું થાય છે તે જોવા વિશેષ ઉત્સુક બન્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ચોથું

ચંપકલતા અને ચંડવેગ મુનિનો ઉપદેશ

તે સુંદરી મંદિરની બહાર આવી, આજુબાજુના રમણીક પ્રદેશોને નિહાળતી ચારેબાજુ જોવા લાગી. વિમળગિરિનો પહાડ સમુદ્રની વચ્ચમાં આવી રહ્યો હતો. ચારે બાજુ જળ જળાકાર સિવાય બીજું કાંઈ જણાય તેમ નહોતું. પહાડનો પ્રદેશ ઘણો રમણીક હતો. વૃક્ષો, લત્તાઓ અને સુંદર શિલાઓ સિવાય બીજું ત્યાં ભાગ્યે જ નજરે પડે તેમ હતું. તેટલામાં કેટલેક દૂર વૃક્ષની સુઘટ છાંયાવાળા પ્રદેશ તરફ તેણીનું ધ્યાન ખેંચાયું. તે વૃક્ષની નીચે કોઈ મનુષ્ય બેઠું હોય તેમ દેખાયું. સુંદરી નજીક જઈ જુએ છે તો એક મહર્ષિ મુનિ તેના દેખવામાં આવ્યા. આ વખતે તે મહામુનિ ધ્યાનદશામાં લીન હતા, છતાં તેમની શાંત મુદ્રા ચંદ્રની માફક આહ્લાદ ઉત્પન્ન કરતી હતી. સૂર્યની માફક ઉગ્ર તપઃતેજ તેના શરીર ઉપર સ્ફૂરાયમાન થતું હતું. તેની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગંભીર મુખમુદ્રા સાક્ષાત્ મૂર્તિમાન દેહધારી ધર્મ જ હોય નહિ તેમ સૂચવતી હતી. તેઓશ્રી એક સુંદર શિલાપટ પર બિરાજેલા હતા.

આવા નિર્જન પ્રદેશમાં આ શાંતમૂર્તિ મહાત્માને જોતાં જ સુંદર બાળાને ઘણો આનંદ થયો. સ્વાભાવિક રીતે પણ તત્વવિદ્ર શાંતમૂર્તિ મહાત્માઓનું દર્શન દુર્લભ છે, તો મહાત્માનું અકસ્માત દર્શન થયું જાણી તેણી પોતાના આત્માને અહોભાગ્ય માનવા લાગી. તે બાળા તત્કાળ તે મુનિ તરફ વળી અને તેમની વિશેષ નિકટ નહિ તેમ બહુ દૂર નહિ તેવે ઠેકાણે ઊભા રહી, વિધિ, બહુમાન તથા ભક્તિપૂર્વક વંદન કરી ત્યાં જ શાંત ચિત્તે ઊભી રહી.

તે મહામુનિ અતિશાયિક જ્ઞાનવાન હતા. આત્મવિશુદ્ધિથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તે જ્ઞાનની શક્તિથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળસંબંધી અમુક મર્યાદા સુધીનું જ્ઞાન તેઓ ધરાવતા હતા. તેમનું નામ ચંડવેગ મુનિ હતું.

પોતાની પાસે રાજકુમારીને આવેલી જાણી, ધ્યાન પારી, તે મહાત્માએ 'ધર્મવૃદ્ધિ'રૂપ આશીર્વાદ આપવાપૂર્વક જણાવ્યું. કોણ ચંપકલતા!

બિલકુલ અપરિચિત મુનિના મુખથી અકસ્માત્ પોતાનું નામ સાંભળી ચંપકલતાને વિસ્મય થયું. હાથ જોડી નીચું મુખ રાખી નમ્રતાપૂર્વક જણાવ્યું. હા મહાત્મા હું ચંપકલતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છું. આ પ્રમાણે જણાવી તે મુનિની સન્મુખ વિશુદ્ધ ભૂમિ ઉપર બેઠી. ચંપકલતા ઉપર વિશેષ મોહિત થયેલો મહસેન રાજા પણ પોતાની ઉપર આવી પડેલી વિપત્તિને ભૂલી જઈ, કિંકિલ્લી લતાની પાછળ બેથે ઊભો રહી તેના મુખારવિંદને બેકીટશે નિહાળતો, મુનિ તથા ચંપકલતા વચ્ચે થતો સંવાદ બેકાગ્રચિત્તે સાંભળવા લાગ્યો. અતિશાયિક અવધિજ્ઞાનના બળથી મહસેન રાજાનું ચરિત્ર મુનિશ્રીએ જાણી લીધું, અને તેને પ્રતિબોધ આપવા નિમિત્તે ચંપકલતાના સન્મુખ તેઓશ્રીએ ઉત્તમ ધર્મબોધ આપવો શરૂ કર્યો.

ચંપકલતા ! અતિ દુર્લભ માનવજીવન મેળવી વિકથાઓનો (સ્ત્રીની કથા, દેશની કથા, રાજ્યની કથા અને ભોજનની કથા–આ ચાર કથાઓને વિકથા કહેવામાં આવે છે.) ત્યાગ કરવાપૂર્વક, તારે ધર્મધ્યાનમાં પ્રયત્ન કરવો જોઈએ. શ્રીમાન્ તીર્થંકરદેવે ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશ–કાળ–પુદ્ગલ અને જીવ–આ છ દ્રવ્યો કહ્યાં છે. તેમાં પહેલાં ચાર કર્મબંધનમાં ગજનિમિલિકા કરતાં હોય તેમ મધ્યસ્થ છે, અર્થાત્ તે કર્મબંધનમાં વિશેષ કારણભૂત નથી. પુદ્ગલ સંગતિના દોષથી અર્થાત્ તેમાં રાગદ્વેષ કરવાથી કર્મબંધન થાય છે. જેમાં રૂપ–રસ–ગંધ–સ્પર્શ હોય તે પુદ્ગલ કહેવાય છે. તેના ઇષ્ટ સંયોગ, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ અને અનિષ્ટ વિયોગથી જેટલે અંશે રાગ–દ્વેષ, હર્ષ, શોક થાય છે તેટલે અંશે જીવો નવીન કર્મબંધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરે છે. આ રાગદ્વેષથી ઉત્પન્ન થતાં કર્મો અનેક રૂપે પરિણમી, નાના પ્રકારની ગતિઓમાં નાના પ્રકારનાં શરીરો–દેહો ધારણ કરાવે છે. અર્થાત્ તે કર્મફળ ભોગવવા નિમિત્તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, જનાવર, દેવ, માનવ અને નરકાદિ યોનિઓમાં–જાતિઓમાં પરિભ્રમણ કરવું પડે છે. પહેલા પાંચ સ્થાવરમાં ઘણો વખત રહ્યા બાદ અકામ નિર્જરાના યોગે (ઇચ્છા સિવાય અવ્યક્ત રીતે જે દુઃખ ભોગવવામાં આવે છે અને તેથી જે કર્મ ભોગવાઈ ઓછાં થાય છે તેને અકામનિર્જરા કહે છે.) કાંઈક કર્મો ઓછાં થતાં વિકલેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે (બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિયવાળા જીવોને વિકલેંદ્રિય કહેવામાં આવે છે), તેથી પણ વિશેષ કર્મ ઓછાં થતાં તિર્યંચ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. આ અનુક્રમે કર્મથી વિશેષ વિશુદ્ધ થતો જીવ કાંઈક પુણ્યોદયની મદદથી મનુષ્યપણું પ્રાપ્ત કરે છે. મનુષ્યપણું મેળવ્યા છતાં પણ આર્યદેશમાં ઉત્પન્ન થવું તે વિશેષ પુણ્યની મદદથી જ થાય છે. આર્ય ક્ષેત્રોમાં જ પ્રાયઃ ધર્મની ઉત્તમ સામગ્રી કે સગવડતા હોય છે. આર્યદેશ પ્રાપ્ત થવા છતાં પણ ઉત્તમ કુળ, જાતિ, બળ અને શારીરિક વિશિષ્ટ સંપત્તિ મળી આવવી તે સર્વ વિશેષ વિશેષ પુણ્યાધીન છે. આ સર્વ મળ્યા છતાં જો આયુષ્ય સ્વલ્પ હોય (થોડું હોય) અથવા શરીર નાના પ્રકારના રોગાદિકથી ભરપૂર હોય તો તે સર્વ મળ્યું છતાં ન મળ્યા બરોબર થાય છે. કારણ કે પૂર્વે કહેલ દુર્લભ સામગ્રીનો સારો ઉપયોગ થોડું આયુષ્ય અને રોગિષ્ટ શરીરને લઈને યથાયોગ્ય

P.P. Sc. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ શકતો નથી. આથી એમ નિશ્ચિત થાય છે કે ખરેખર પ્રબળ પુણ્યોદય હોય તો જ દીર્ઘ આયુષ્ય અને નીરોગી શરીર મળે છે.

આ સર્વ સામગ્રી મળ્યાં છતાં પણ ઘણા જીવો વિષય, કષાય, પ્રમાદાદિને વશ થઈ, જિનેશ્વર ભગવાનનો કહેલ ધર્મ પામી શકતા નથી. તે ધર્મને કેટલાક જીવો પામે છે યા સાંભળે છે તથાપિ દર્શનમોહનીય કર્મના પ્રબળ ઉદયથી તે વચનોમાં કે ધર્મમાં જોઈએ તેવું દૃઢ શ્રદ્ધાન થતું નથી. બુદ્ધિની કસોટી ઉપર ચડાવીને તેની વિશેષ પરીક્ષા કરતા નથી. વીતરાગ પ્રભુના વચનો ઉપર શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ પામીને પણ જ્ઞાનાવરણીય કર્મોદયથી ઉત્સર્ગ, અપવાદસંગત સૂત્ર કહેવા છતાં પણ સમજી શકતા નથી. કેટલાક જીવો વીતરાગનાં કહેલાં સાપેક્ષ વચનો સમજે છે, અને તેના પર શ્રદ્ધાન પણ કરે છે. તેમજ બીજાને તેવો બોધ પણ આપે છે, છતાં ચારિત્ર-મોહનીય કર્મના ઉદયથી (દોષથી) પોતે તે પ્રમાણે સંયમ (વર્તન) કરી શકતા નથી. આમ ઉત્તરોત્તર દુર્લભ મનુષ્યાદિ અંગોની પ્રાપ્તિ અને શ્રદ્ધાન વિગેરે કારણોથી ચારિત્રમોહકર્મ ક્ષય થતાં, જે જીવો નિર્મળ તપ અને સંયમ માર્ગમાં પ્રયત્ન કરે છે તે જ જીવો સદાને માટે જન્મ, જરા, મરણના દુઃખથી મુક્ત થઈ પરમ સુખમય નિર્વાણપદને પામે છે. આ પ્રમાણે વીતરાગ-દેવનું ફરમાન છે.

ચંપકલતા! પૂર્વે કહેલ આર્યક્ષેત્ર, મનુષ્ય જન્મ, દીર્ઘ આયુષ્ય, નીરોગી શરીર આદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમોત્તમ સામગ્રી તને મળી આવી છે, તો વીતરાગદેવના કહ્યા મુજબ વર્તન કરી દુર્લભ સામગ્રીનો તું સદુપયોગ કર.

જિનેશ્વર ભગવાનની આજ્ઞા ખરા અંતઃકરણથી અંગીકાર કરી, તે પ્રમાણે વર્તન કરતાં અનાદિ કાળના સંચિત્ત કર્મોને જીવો ઘણી સહેલાઈથી દૂર કરી શકે છે; ઇત્યાદિ ઉપદેશ આપી તે મહામુનિ શાંત થયા.

ગુરુમહારાજનો ઉપદેશ સાંભળી ચંપકલતા ઘણી ખુશી થઈ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી. એ અવસરે તેના મનમાં એવો વિચાર આવ્યો કે સમુદ્રના વચમાં આવેલા આ વિમળપર્વત પર આવો સુંદર જિનપ્રાસાદ કોણે બનાવ્યો હશે? અતિશયી જ્ઞાની ગુરુ જરૂર આ શંકાનું સમાધાન કરશે.

પ્રકરણ પાંચમું

આ જિનપ્રાસાદ કોણે બનાવ્યો?

ચંપકલતાએ તે મહામુનિને નમસ્કાર કરી વિનયપૂર્વક નમ્રતાથી પ્રશ્ન કર્યો–હે ભગવાન! આવા વિષમ પ્રદેશમાં આ જિનપ્રાસાદ કોણે બંધાવ્યો? કયારે બંધાવ્યો? અને કેવા સંયોગોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બંધાવ્યો ? અર્થાત્ અહીં આ પ્રાસાદ બંધાવવાનું કારણ શું ? ગુરુશ્રીએ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું ચંપકલતા ! આ દેવભુવન રાજકુમારી સુદર્શનાએ બંધાવ્યું છે. કયારે અને કેવા સંયોગો વચ્ચે તે બંધાવ્યું, તે ઇતિહાસ ઘણો લાંબો છે.

ચંપકલતા—રાજકુમારી સુદર્શના કોણ હતી ? કયા અને કયારે થઈ ? અને અહીં પ્રાસાદ બંધાવવાનું કારણ શું ? તે આપ કૃપા કરી મને વિસ્તારથી જણાવશો. જો કે આપના જ્ઞાન-ધ્યાનમાં અંતરાય થાય છે તથાપિ આપના બોધથી અને રાજકુમારીનું જીવનચરિત્ર સાંભળવાથી મારા જેવા પ્રાણીને આત્મબોધ થશે તો આપને તેનો વિશેષ ફાયદો છે. મહાત્મા પુરુષો નિરંતર પોતાના કરતાં બીજાનું ભલું કરવામાં વધારે પ્રયત્ન કરે છે કેમકે પોતાનું ભલું કરવું તે તો પોતાને સ્વાધીન જ છે અને પરને ઉપકાર કરવાનો વખત તો કોઈક પ્રસંગે જ બને છે.

ગુરુશ્રીએ ઉત્તર આપ્યો. ચંપકલતા ! સુદર્શનાનું જીવનચરિત્ર ખરેખર તારે સાંભળવા યોગ્ય છે, તેમાંથી તને ઘણું જાણવાનું અને અંગીકાર કરવાનું બની આવશે. વળી પ્રસંગોપાત તારાં પ્રશ્નોનો ઉત્તર પણ તેમાં આવી જશે. હું તને પ્રથમથી તેનું જીવનચરિત્ર સંભળાવું છું, તું સાવધાન થઈને સાંભળ.

ચંપકલતા—આપનો આ બાળક ઉપર મહાન અનુગ્રહ.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વેલડીઓની પાછળ છુપાઈ રહેલો મહસેન રાજા પણ એકચિત્તે સાંભળવા લાગ્યો. ખરું કહો તો મહસેન રાજાને પ્રતિબોધ આપવા માટે મુનિશ્રીએ વિસ્તારથી આ પ્રબંધ કહેવો શરૂ કર્યો હતો. ચંપકલતા આ વૃત્તાંત સાંભળવામાં મુખ્ય હતી તથાપિ ગુરુશ્રીની દૃષ્ટિએ મહસેન રાજા મુખ્ય હતો.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ આ દક્ષિણાર્ધ ભારતવર્ષના મધ્યમખંડની દક્ષિણ દિશા તરફ સમુદ્રના કિનારા પાસે સર્વ દ્વીપોમાં શિરોમણિ તુલ્ય સિંહલદ્વીપ નામનો રમણીક દ્વીપ આવી રહેલો છે. તે દ્વીપમાં લક્ષ્મીના નિવાસરૂપ શ્રીપુર નામનું ઉત્તમ શહેર છે. તે શહેર એટલું બધું સુંદર છે કે જેનું સંપૂર્ણ વર્ણન કરવાને મહાન કવિઓ પણ અસમર્થ છે. તે શહેરમાં આવેલા સુંદર પ્રાસાદો અને મહેલાતો એક સરખા કનકમય તોરણવાળા, નાના પ્રકારના મયૂર, પોપટ, સારિકા, હંસ, સારસાદિના ચિત્રામણવાળા હોવાથી, એક સરખાપણાને લઈ ત્યાંના લોકો પોતાના મહેલ્લાને ઘણી મહેનતે ઓળખી શકતા હતા.

॥ ૩૬ ॥

પ્રસરતા સૂર્યકિરણોના પ્રતાપથી ભય પામી, તે મહેલ્લાના ખૂણાઓમાં શરણ માટે આવેલા અંધકારને સ્થંભમાં રહેલ મણિના કિરણો ભક્ષણ કરી જતા હોવાથી અંધકારને (મલિન પાપવાળી વૃત્તિવાળા જીવોને) ત્યાં બિલકુલ શરણ મળતું નહોતું. બંધ તો ઉત્તમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કવિઓની કવિતામાં હતો, દોષ તો રાત્રિમાં જ હતો, ગ્રહણ તો રાહુ ચંદ્રને કરતો હતો, દંડ છત્રોમાં કે પ્રાસાદના શિખરો પર હતો, અને ભય પાપ કરવામાં હતો, પણ ત્યાંના લોકોમાં બંધ, દોષ, ગ્રહણ, દંડ કે ભય જણાતો નહોતો.

મોટું આશ્ચર્ય તો એ હતું કે ક્રોધાદિથી કષાયિત પરિણામ થતાં કર્મ બંધન થવાથી આપણને દુઃખ ભોગવવું પડશે, એથી ભય પામીને પતિપ્રણયના સંબંધમાં કુપિત થયેલી તરુણીઓ પોતાનું માન પણ મૂકી દેતી હતી; પણ વધારે વખત ક્રોધાદિનો પોતાની પાસે સંચય (સંગ્રહ) કરી રાખતી નહોતી.

પોતાના દુઃસહ પ્રતાપથી શત્રુવર્ગના દર્પને દૂર કરનાર ચંદ્રગુપ્ત નામનો રાજા ત્યાં રાજ્ય કરતો હતો. લોકોમાં તેનું બીજું નામ સિલામેઘ પણ પ્રખ્યાત હતું.

ત્રણ શક્તિ મહાન સત્ત્વ, સૌમ્યમૂર્તિ, ઉજ્જ્વળ કીર્તિ, ત્યાગ, ન્યાય, સત્ય અને પરાક્રમના બળથી જ તેનો પ્રતાપ વૃદ્ધિ પામતો હતો. યુવતિઓના, વિદ્વાનોના અને શત્રુઓના મનમાં અનુક્રમે કામ, બૃહસ્પતિ અને પ્રચંડ સૂર્ય સમાન આ રાજા ભાસમાન થતો હતો.

પોતે નિર્ભય છતાં સિંહ કિશોરની માફક શત્રુઓને તે ભયંકર જણાતો હતો. પણ સ્વજનરૂપ કુમુદોને તો શરદ ઋતુના ચંદ્રની માફક આનંદ જ આપતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Tr

તે રાજાને નિષ્કલંક અને દેખનારને શીતળતા પ્રાપ્ત કરાવનાર નવીન ચંદ્રલેખા (ચંદ્રરેખા)ની માફક ચંદ્રરેખા નામની પટ્ટરાણી હતી, છતાં બન્નેમાં (ચંદ્રરેખા અને ચંદ્રલેખામાં) વિશેષ એટલો હતો કે, ચંદ્રની રેખા વાંકી હતી અને આ ચંદ્રલેખા સરલ સ્વભાવની હતી. તેણીનું નિરુપમ સૌંદર્ય અને સૌભાગ્યને જોઈને જ જાણે શરમાઈ ગઈ હોય તેમ આજકાલ ભાગ્યે જ અમરીઓ (દેવાંગનાઓ) દર્શન આપે છે. દેખાય છે

તે રાણીને સંપૂર્ણ અવયવવાળા, પૂર્ણ લાવણ્યવાળા, સુંદર આકૃતિવાળા, ભદ્ર સ્વભાવવાળા, અને ઉત્તમ પરાક્રમવાળા અનુક્રમે સાત પુત્રો થયા હતા.

તે શહેરમાં ચંદ્રશ્રેષ્ઠી નામનો એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. ઘણે ભાગે તેનો વ્યાપાર સમુદ્રમાર્ગે પરદેશ ખાતે વિશેષ હતો. એક દિવસે તે શ્રેષ્ઠીએ શહેરના તમામ મંદિરોમાં અષ્ટાહ્નિક મહોત્સવ શરૂ કરાવ્યો. આખા શહેરમાં રાજાની આજ્ઞાથી અમારી પડહ વજડાવ્યો. (કોઈએ કોઈ પણ જીવને મારવો નહિ, તેને અમારી પડહ કહે છે.) ભક્તિપૂર્વક સુપાત્રોમાં દાન આપવું શરૂ કર્યું અને કરુણાબુદ્ધિથી દીન, દુઃખીયાં, અપંગ, લાચાર આદિને સંતોષવા માંડ્યાં.

આનંદિત થઈ શહેરના લોકો વધામણું કરવાને માટે તે શ્રેષ્ઠીના ઘર તરફ આવતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. તે લોકોની એટલી બધી ગણતરી હતી કે બીજા મનુષ્યોને જવા આવવાનો માર્ગ બંધ થઈ ગયો હતો. મનુષ્યોનું આટલું બધું જવું આવવું અને તેનો કોલાહલ સાંભળી રાજમહેલના ઝરૂખામાં રહેલી રાણી ચંદ્રલેખાએ કમલા નામની ધાવમાતાને બોલાવી તેનું કારણ પૂછયું. થોડી જ વખતમાં તપાસી કરી કમલાએ રાણીને જણાવ્યું. મહાદેવી ! ચંદ્ર શ્રેષ્ઠીને ઘેર આજે લોકો મોટું વધામણું કરે છે, તેથી મનુષ્યોની આટલી બધી ભરતી જણાય છે અને કોલાહલ પણ તેનો જ છે.

વધામણું કરવાનું કારણ શું ? કમળાએ જણાવ્યું. આપણા ગામના ધનાઢ્ય વ્યાપારી ચંદ્ર શ્રેષ્ઠીનો પુત્ર સોમચંદ્ર સમુદ્રમાર્ગે પરદેશ ગયો હતો. પરદેશથી ઘણું દ્રવ્ય કમાઈને સુખશાંતિથી પાછો ઘેર આવ્યો છે. તેના હર્ષથી આ સર્વ ધામધૂમ કરવામાં આવી છે.

આ વર્તમાન સાંભળી દેવી ચંદ્રલેખાએ કમળાને જણાવ્યું કે—તારે પણ તે શ્રેષ્ઠીને ઘેર વધામણું કરવા જવું જોઈએ, કારણ કે ગમે તેવા મહાન પુરુષોએ પણ ઉચિત પ્રવૃત્તિ તો સાચવવી જ જોઈએ. ઉચિત પ્રવૃત્તિ નહીં કરનાર પોતે મહાન હોય તથાપિ લઘુતા પામે છે. કહ્યું છે કે "રાંકથી લઈ રાજપર્યંતનો કોઈ પણ માણસ ઉચિત પ્રવૃત્તિનો અનાદર કરનાર હોય તેને પ્રભુત્વની ઇચ્છા કરતો દેખી બુદ્ધિમાનો તેની હાંસી કરે છે અર્થાત્ ઉચિત પ્રવૃત્તિને નહિ જાણનાર મનુષ્ય પોતાની પ્રભુતાનો પોતાના હાથે વિનાશ કરે છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે ચંદ્રલેખાનો આદેશ થતાં કમળા પણ ઉચિતતાને લાયક ભેટણું લઈ ચંદ્રશ્રેષ્ઠીને ઘેર ગઈ "રાણી ચંદ્રલેખા તરફથી મારું આગમન થયું છે અને આ વધામણું તેમણે મોકલાવ્યું છે." વિગેરે હકીકત ચંદ્રશ્રેષ્ઠીને જણાવી કમળા તત્કાળ પાછી ફરી, રાણીની પાસે આવી, અને શ્રેષ્ઠીના ઘર તરફના નવીન વર્તમાન જણાવવા લાગી.

પ્રકરણ છઠું

સ્ત્રીરત્ન અને રાણી ચંદ્રલેખા

કમલા—મહારાણી ! તે શ્રેષ્ઠીના ઘરના આંગણામાં પણ એટલાં બધાં લોકો એકઠાં થયાં છે કે તે મોટા વિસ્તારવાળા ભાગમાં પણ સમાઈ શકતાં નથી.

રાણી—તેમ થવાનું કારણ શું ?

કમલા—સ્વામિની ! શેઠને ઘેર સ્ત્રીઓના સર્વ ઉત્તમ ગુણોથી ભરપૂર એક સ્ત્રીરત્ન છે તેને જોવા માટે લોકો વિશેષ એકઠા થાય છે. મારું તો એમજ માનવું છે કે દેવલોકમાંથી દેવાંગનાપણું મુકાવીને તેને અહીં લાવવામાં આવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સ્ત્રી હસતી નથી, બોલતી નથી, તેમ આનંદથી કોઈના સન્મુખ પણ જોતી નથી. યૂથથી ભ્રષ્ટ થયેલી (વિખૂટી પડેલી) હરિણીની માફક ઉદાસપણે બેસી રહી છે. તેણીનું રૂપ સુંદર હોવાથી લોકો તેને સુંદરી કહી બોલાવે છે, ઘણા આગ્રહથી લોકો તેનું નામ, ઠામાદિ પૂછે છે પણ તે બિલકુલ જણાવતી નથી.

જે મનુષ્ય તેણીનું રૂપ જુવે છે તે પોતાનું ભાન કે લક્ષ ભૂલી જઈ ચિત્રાલેખિતની માફક નિશ્ચેષ્ટ થઈ તેણીના પાસે બેસી રહે છે.

કમલાનાં આ વચનોથી રાણીને મહાન કુતૂહલ થયું.

રાણી—કમલા ! જો એમ જ છે તો મારે તે નવીન સ્ત્રીને જોવી છે અને હું તેને ગમે તે પ્રકારે પણ બોલાવીશ. માટે તું ફરીને પાછી ચંદ્રશ્રેષ્ઠીને ઘેર જા, અને સર્વ પરિવાર સહિત તે શ્રેષ્ઠીને કાલે આપણે ઘેર જમવાનું આમંત્રણ મારા તરફથી કરી આવ.

રાણીના આદેશથી કમલા પાછી ચંદ્ર શ્રેષ્ઠીને ઘેર આવી, અને શ્રેષ્ઠીપુત્રને સર્વ પરિવાર સહિત કાલે સવારમાં રાણીને મહેલે ભોજન નિમિત્તે આવવાનું આમંત્રણ કર્યું. કેટલોક આગ્રહ કરાવવા પછી શ્રેષ્ઠીએ રાણીનું નિમંત્રણ કબૂલ રાખ્યું.

પ્રાતઃકાળ થતાં જ રાણીના મહેલે સરસ રસવતી તૈયાર થવા લાગી. રસોઈ તૈયાર થતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ સ્નેહપૂર્વક સપરિવાર ચંદ્રશ્રેષ્ઠીને ભોજન માટે બોલાવવામાં આવ્યો.

નિરૂપમ સૌંદર્યવાળી તે સુંદરી પણ ઘણી મહેનતે રાણીના મહેલમાં આવી. તેણીને દૂરથી આવતી દેખીને જ ચંદ્રલેખા રાણીએ નિશ્ચય કર્યો કે તે સુંદરી આ જ હોવી જોઈએ.

રાણીએ મોટા ગૌરવ સાથે તે શ્રેષ્ઠીપુત્રને પરિવાર સહિત ભોજન કરાવી, વસ્ત્રાદિકથી સન્માન કરી વિદાય કર્યો.

શ્રેષ્ઠીપુત્રના જવા પછી રાણી ચંદ્રલેખાએ તે સુંદરીને પોતાની પાસે બોલાવી, હર્ષપૂર્વક મધુર વચને જણાવ્યું "બહેન, એક મુહૂર્ત પર્યંત તું અહીં બેસ. તારે ઉચિત વસ્ત્રાદિક લાવી હું તારું ગૌરવ કરું" આ પ્રમાણે કહી તેણીનો જમણો હાથ પકડી ઘણી મહેનતે રાણી ચંદ્રલેખાએ પોતાના ભદ્રાસન પાસે બેસારી, અને દાસ. દાસી પ્રમુખને બહાર જવાની આજ્ઞા કરી. સર્વના જવા પછી રાણી ચંદ્રલેખાએ તેને જણાવ્યું–બહેન! તારી આવી યુવાન વય, અને સુંદર રૂપ છતાં તારા મનમાં શું ચિંતા છે કે જેનાથી આ તારું શરીર દુર્બલ થયેલું જણાય છે. તારા મનમાં શું દુઃખ છે? તારું સર્વ અંગ આમ વિચ્છાયેલું કેમ જણાય છે? ખરેખર શિશિર ઋતુમાં હિમથી દગ્ધ થયેલી કમલિનીની માફક તું ચિંતાતુર દેખાય છે. તું મને તારું દુઃખ જણાવ; મારાથી બનશે ત્યાં સુધી હું તારું દુઃખ દૂર કરાવીશ. તને કાંઈ જોઈએ તો જણાવ તે વસ્તુ હું તને સ્વાધીન કરી આપું. સુલોચના! તું જરા પણ ખેદ નહિ કર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણીના આટલા આગ્રહ પછી ઘણી મહેનતે તેણીએ જવાબ આપ્યો : મહારાણી! લજ્જાસ્પદ અને સાધુજનોથી નિંદિત મારું ચરિત્ર સાંભળવાથી તમને શું ફાયદો થવાનો છે? વળી પ્રેમમાં આસક્ત જીવો, પ્રિયવિરહરૂપ અગ્નિજ્વાળાથી દગ્ધ થતાં અહીં જ તીવ્ર દુઃખનો અનુભવ કરે છે, તેના સંબંધમાં વિચાર કરવાથી તમને શું ફાયદો થવાનો છે? આ પ્રમાણે જણાવી દીર્ઘ નિસાસો મૂકી તે સુંદરીએ બોલવું બંધ કર્યું.

તે સુંદરીના આવા વિરહ–વ્યથિત શબ્દો સાંભળી રાણી ચંદ્રલેખા વિચારવા લાગી કે–આ સુંદરી પોતાના કોઈપણ વલ્લભ–ઇષ્ટ મનુષ્યના વિયોગવાળી છે, તેનું મન શાંત થયા સિવાય અત્યારે આગ્રહ કરી પૂછવું તે તેને દુઃખકર્તા હોઈ નિરુપયોગી છે. એમ ધારી ચંદ્રલેખાએ જણાવ્યું–હે સુતનુ! ચાલો તે વાત સાંભળવાનો મને કાંઈ આગ્રહ નથી. છતાં હું તમને જણાવું છું કે–આજથી તમે મારાં નાના બહેન છો. એટલે પોતાની બહેન પાસે જેવી રીતે નિર્ભય અને આનંદથી રહેવું જોઈએ, તેવી રીતે નિઃશંક થઈ તમારે મારી પાસે રહેવું. આ વાત તમારે કબૂલ કરવી જ પડશે.

આ અવસરે ચંદ્રશ્રેષ્ઠી હાથમાં ભેટણું લઈ રાણી ચંદ્રલેખા પાસે આવ્યો. સુંદરીની સાથે સંભાષણ કરતી રાણીને જોઈ, તે શ્રેષ્ઠીના મનમાં રાણી તરફથી કાંઈક શંકા પેદા થઈ.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સાશંક હૃદયે શ્રેષ્ઠીએ વિનયપૂર્વક રાણીને જણાવ્યું કે–સ્વામિની! સમુદ્રની અંદર આવેલા વિમળ પર્વત ઉપર એકાકીપણે ફરતી આ સુંદરી મારા પુત્રને મળી આવી છે. મારા અને મારા પુત્રના ધારવા પ્રમાણે આ કોઈ રાજકુમારી છે અને કોઈ વિદ્યાધરે તેણીનું કોઈ સ્થળેથી હરણ કરી તે પર્વત ઉપર લાવી મૂકી જણાય છે. બહેનપણે અંગીકાર કરી મારો પુત્ર તેને અહીં લાવ્યો છે.

પોતાના વિનયાદિ ગુણથી જ ગૌરવ પામેલી આ સુંદરીમાં અને મારી પુત્રીમાં મને કાંઈ અંતર નથી, અર્થાત્ મારી પુત્રી પ્રમાણે આ મને વહાલી છે, તો જ્યાં સુધી તેને આપની પાસે રહેવું હોય ત્યાં સુધી તેને તમે ખુશીથી રાખજો. આપ પણ તેણીનું સારી રીતે ગૌરવ કરજો. (ધ્રૂજતે શરીરે શ્રેષ્ઠીએ, રાણીને સુંદરીનો ઇતિહાસ સંભળાવ્યો.)

શ્રેષ્ઠીનાં આવા સરલ અને સત્ય જેવાં વચનો સાંભળી દેવી ચંદ્રલેખાએ જણાવ્યું. શ્રેષ્ઠીન્! ભલે તે તમારી પુત્રી તરીકે હો, હું તેને મારી બહેન કરીને મારી પાસે રાખું છું. તમે તેની ચિંતાથી નિશ્ચિંત રહેશો. આ પ્રમાણે કહી શેઠને ખુશી કરી સન્માનપૂર્વક વિસર્જન કર્યો. પ્રસંગોપાત નાના પ્રકારના વાર્તાવિનોદથી ચંદ્રલેખાએ સુંદરીની ઉદાસીનતામાં ઘટાડો કર્યો. બન્ને સુંદરીઓના દિવસો સુખમાં પસાર થવા લાગ્યા. તેઓનાં શરીરો જો કે જુદાં હતાં છતાં પરસ્પરની પ્રીતિથી જાણે એક જ મન હોય તેમ બીજાને ભાન થતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇચ્છાનો અંત નથી. સંતોષ સમાન સુખ નથી. સુખી કે દુઃખી, ગરીબ કે તવંગર કોઈ વીરપુરુષ કે સ્ત્રી એવી દુનિયામાં ભાગ્યે જ હશે કે તેને કોઈ જાતની ઇચ્છા નહિ હોય.

એક દિવસે રાણી ચંદ્રલેખા શૂન્ય મનવાળી થઈ પોતાના વાસગૃહમાં બેઠી હતી. સુંદરી નજીકના ઓરડામાંથી ત્યાં આવી. રાણીને ઉદાસીન સ્થિતિમાં જોઈ તેણીએ જણાવ્યું. બહેન! આજે તમને શું ચિંતા છે? તમારા પતિએ સ્નેહના છળથી શું તમારું અપમાન કર્યું છે? અથવા શું કોઈ સ્નેહી મનુષ્યે તમારી આજ્ઞા ખંડિત કરી છે?

સુંદરીની શંકાનું સમાધાન કરતાં ચંદ્રલેખાએ જણાવ્યું. બહેન! મારા દુઃખનું કારણ તે માંહીલું કાંઈ નથી. પણ આજે મને મારી ઇચ્છાને લઈને જ કાંઈ નવીન ચિંતા ઉત્પન્ન થઈ છે કે, મારે સાત પુત્રો છતાં પુત્રી એક પણ નહિં! પુણ્યના નિયોગથી કોઈ પણ પ્રયોગે જો એક પુત્રી થાય તો તે જ દિવસથી મારે વિષયસુખ પૂર્ણ થયું એમ હું માનું. અર્થાત્ જો એક પુત્રી થાય તો પછી સંસારસુખની મને કાંઈ પણ ઇચ્છા બાકી રહી નથી.

સુંદરી! મંત્ર, તંત્ર, ઔષધાદિ કોઈ પણ ઉપાય કર તે પ્રયોગથી જો મને એક પુત્રી થાય તો મારા મનોરથો પૂર્ણ થાય. સુંદરીએ ઉત્તર આપ્યો. બહેન! તારી માફક મારી માતાને પુત્રની ઇચ્છા થઈ હતી. તે ઇચ્છા પૂર્ણ કરવા માટે અનેક દેવતાઓનું તેણે ઘણીવાર આરાધન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યું. ઘણાં તિલક, ઔષધ, અને સ્નાન, પાન કર્યાં તોપણ નેત્રને આનંદ આપનાર એક પણ પુત્ર ન થયો. તેનો ખરો ઉપાય તો એ છે કે જેમ અભયદાન (જીવોને મરણના ભયથી બચાવવા તે અભયદાન કહેવાય છે) આપવાથી વ્યાધિ રહિત શરીર પ્રાપ્ત થાય છે તેમ સુપાત્રદાન આપવાથી ઘણી ઋદ્ધિ અને પુત્રોની પ્રાપ્તિ થાય છે છતાં પુત્રીની પ્રાપ્તિ માટે તમારો વિશેષ આગ્રહ છે તો આજની જ રાત્રિએ વિધિપૂર્વક કુળદેવીની આરાધના કરો તો પુત્રી થશે કે નહિ તેનું ખરું રહસ્ય તે તમને જણાવી આપશે. ચંદ્રલેખાએ જવાબ આપ્યો: બહેન! તે કામ તારે પોતાને કરવાનું છે. તારો જે કુળદેવ છે તે જ આજથી મારો કુળદેવ છે, એમ ખાત્રીથી કહું છું. ચંદ્રલેખાનો વિશેષ આગ્રહ હોવાથી સુંદરીએ તે વાત અંગીકાર કરી, રાણીની રજા લઈ સુંદરી ચંદ્રશ્રેષ્ઠીને ઘેર આવી, ઉપવાસનું પચ્ચખાણ કરી મુનિસુવ્રતસ્વામી તીર્થંકરની શાસનાધિષ્ઠાતા **નરદત્તા** દેવીનું આરાધન કરવા નિમિત્તે પવિત્ર થઈ એકાંત સ્થળે સ્મરણ કરવા બેઠી.

પરિણામની વિશુદ્ધિ, ભક્તિની વૃદ્ધિ અને એકાગ્રતાની સિદ્ધિ પૂર્ણ હોવાથી તે જ રાત્રિએ **નરદત્તા** દેવી પ્રગટ થઈ, સુંદરીને કહેવા લાગી. સુંદરી! તારી બહેન ચંદ્રલેખાને પુત્રી થશે. તેની નિશાની તરીકે આજ રાત્રિએ તેને અમુક સ્વપ્ન આવશે. ઇત્યાદિ કહી, ઉત્તમ વસ્તુની શેષ આપી દેવી અંતર્ધ્યાન થઈ ગઈ. સુંદરી પણ ધ્યાન પૂર્ણ કરી પ્રાતઃકાળ થતાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંદ્રલેખાને મહેલે આવી. દેવીએ આપેલી શેષ ચંદ્રલેખાના હાથમાં આપી તેણીએ જણાવ્યું કે બહેન! તને પુત્રી થશે. તેની નિશાની તરીકે આજ રાત્રિએ તેં આવું સ્વપ્ન જોયું છે કે "સોનાની એક સમળી ચાંચમાં શ્વેત પુષ્પની માળા લઈને આવી અને રાત્રિને અંતે તું સુખનિદ્રામાં હતી ત્યારે તારા કંઠમાં તે માળા તેણીએ આરોપણ કરી.

તે સાંળળી ચંદ્રલેખાએ જણાવ્યું કે–બહેન! તારું કહેવું સર્વ સત્ય છે. મને તે જ સ્વપ્ન આવ્યું છે, પણ આ વાતની તને કેમ ખબર પડી? તે સાંભળી સુંદરીએ રાત્રિનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. વિશેષમાં જણાવ્યું કે, આ સ્વપ્નનું ફળ પંદર દિવસમાં તમને મળવું જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે–સુખે સૂતેલા મનુષ્યો રાત્રિને પહેલે પહોરે જે સ્વપ્ન જોવે છે તેનું ફળ એક વર્ષને અંતે મળે છે. બીજે પહોરે જોયેલા શુભાશુભ સ્વપ્નનું ફળ આઠ મહિને મળે છે. ત્રીજે પહોરે દેખેલ સ્વપ્નનું ફળ છ મહિને મળે છે અને રાત્રિના ચોથા પહોરે દેખેલ સ્વમનું ફળ પંદર દિવસે મળે છે. જે મનુષ્ય સ્વમમાં પોતાને સ્નાન કરતો, વિલેપન કરતો, અલંકાર પહેરતો, હર્ષ પામતો અને ગાયન કરતો દેખે છે તે અનેક પ્રકારના અનર્થ પામે છે જે મનુષ્ય, સ્વપ્નમાં પોતાને અશુચિથી ખરડાયેલા શરીરવાળો અથવા ખાઈમાં પાડેલો જોવે છે તે દિવ્ય યોગથી અચિંત્ય અભ્યુદય પામે છે. જે મનુષ્ય પોતાને હાથી, ઘોડા, રથ વૃષભ અને ઉત્તમ વિહંગમ (આકાશમાં ચાલવાવાળા) પ્રાણી ઉપર બેઠેલો સ્વપ્નમાં દેખે છે તે અનેક પ્રકારની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમૃદ્ધિ પામે છે. જે મનુષ્ય પદ્મસરોવરમાં બેસી નલિનીપત્રમાં હર્ષ પામતો પાયસનું (ખીરનું) ભોજન કરે છે, તે મનુષ્ય દરિદ્ર હોય કે દાસ હોય છતાં તત્કાળ રાજ્ય પામે છે. જે માણસ સ્વપ્નમાં કોઈપણ પ્રકારે દેવભુવન પર, ધવલગૃહ પર, ખીરવાળાં વૃક્ષ (વડ–રાયણાદિ) પર ચડીને જાગૃત થાય છે તે રિદ્ધિ, સત્કાર અને સન્માન પામે છે. જે મનુષ્ય સ્વપ્નમાં સરોવર, દ્રહ અથવા સમુદ્રને લીલામાત્રમાં તરી જાય છે તે દેવસુખ ભોગવી નિર્વાણ સુખ પામે છે. જે મનુષ્યને સ્વપ્નમાં વેતાલ, ભૂત, ડાકિની, નાહાર અને શિંગડાંવાળા પ્રાણિઓ તીક્ષ્ણ શસ્ત્રવડે ભય પમાડે તે મનુષ્ય મહાન કષ્ટ–વ્યસન પામે છે. જે મનુષ્યના કંઠમાં પાછલી રાત્રીએ સ્વપ્નમાં શ્વેત, સુગંધી પુષ્પની માળા કોઈ પણ સ્થાપન કરે છે તે નાના પ્રકારની રિદ્ધિ અને પુત્રી આદિ સંતાન પામે છે.

બહેન ચંદ્રલેખા ! તેં આજે પાછલી રાત્રિએ આ સ્વપ્ન જોયું છે જે ચાંચમાં પુષ્પમાળા લઈ સોનાની સમળી મારી પાસે આવી અને તે મારા કંઠમાં આરોપણ કરી. આ સ્વપ્ન તને ઉત્તમ પુત્રીની પ્રાપ્તિ સૂચવનારું છે. તે પુષ્પમાળા શ્વેત અને સુગંધી હોવાથી નિર્મલ શીયળ ગુણવાળી અને તમને સુખ આપવાવાળી પુત્રી થશે.

ઇત્યાદિ સ્વપ્નના ગુણ દોષ સૂચવનાર સુંદરીનાં વચનો સાંભળી ચંદ્રલેખાને ઘણો હર્ષ થયો. તે દિવસથી ચંદ્રલેખા ધર્મકર્મમાં વિશેષ પ્રકારે સાવધાન થઈ દિવસો પસાર કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ સાતમું

સુદર્શનાનો જન્મ

આનંદમાં અને આશામાં કેટલાક દિવસો પસાર થયા. તેટલામાં ગર્ભવૃદ્ધિ પામવાનાં શુભ ચિહ્નો રાણીના શરીરમાં પ્રગટ થવા લાગ્યાં. તે દેખી રાણીને વિશેષ સંતોષ થયો. ગર્ભને વહન કરતાં શુભસૂચક અનેક પ્રકારના દોહલાઓ પણ ઉત્પન્ન થયા. જાણે હું આખા દેશમાં દુઃખી જીવોને દાન આપું. જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવું. પરમ ભક્તિએ સાધુજનોને ભક્ત, પાન, ઔષધાદિ આપું વિગેરે. આ દોહલાઓ રાજાએ પૂર્ણ કરી આપ્યા. રાણી ચંદ્રલેખા ગર્ભના અનુભાવથી સાધુજનોને યથાયોગ્ય નિર્દોષ આહારાદિ આપવા લાગી. પોતાના મનોરથોને પૂર્ણ કરતી હર્ષિત હૃદયવાળી રાણી સુંદરીને કહેવા લાગી. સુંદરી! ખરેખર આ જગતમાં તારો ધર્મ (તું જે ધર્મ માને છે તે) સુખદાઈ છે. સુંદરીએ પણ અવસર ઉચિત જણાવ્યું કે, બહેન! જિનેશ્વર ભગવાનનો કહેલો ધર્મ નિશ્ચેય મોક્ષસુખનું કારણ છે, બાકી બીજું સર્વ દુનિયામાં મોહરાજાનું ચેષ્ટિત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ, જીવોની વિવિધ પ્રકારના કર્મપરિણતિ, અને પુદ્ગલોના નાના પ્રકારના પરિણામ, તે સર્વ ઘણી સારી રીતે જિનેશ્વર ભગવાનના કહેલ ધર્મથી જાણી શકાય છે. તેમજ જીવોની દયા જાણવાનું અને કરવાનું પણ મુખ્ય માન જિનેશ્વરોને જ ઘટે છે. તમારે પણ સારી રીતે જીવદયા જાણીને કરવી જોઈએ. વિગેરે સામાન્યથી ધર્મનું રહસ્ય રાણીને સમજાવ્યું.

સુંદરીનાં યુક્તિયુક્ત વચનો સાંભળી, ચંદ્રલેખાએ જણાવ્યું કે બ્હેન! તારું કહેવું સત્ય છે. તેમાં કાંઈ સંદેહ જેવું નથી. ઇત્યાદિ ધાર્મિક વાર્તા–વિનોદ કરતાં અનુક્રમે નવ માસ વ્યતીત થતાં, સારા દિવસે અને સારા મુહૂર્તે રાણીએ પુત્રીનો જન્મ આપ્યો. સાત પુત્ર પર પુત્રીનો જન્મ થતાં આખા શહેરમાં આનંદ થયો. રાજા રાણીના પણ હર્ષનો પાર ન રહ્યો. વધામણી આપનાર કમળા ધાવ માતાને રાજાએ શરીર ઉપરના તમામ અલંકારો આપ્યા. આખા શહેરમાં વધામણું શરૂ થયું. બંદીવાનોને છોડી મૂકયા. અમુક અમુક જાતના કરો માફ કર્યા, કેટલાક ઓછા કર્યા. માન ઉન્માનની વૃદ્ધિ કરાવી, સ્થાને સ્થાને રમત ગમ્મતના અખાડાઓ અને માંચાઓ ઊભા કરાવ્યા. દ્વારે દ્વારે ચંદનનાં તોરણ બંધાવ્યા. સ્થળે સ્થળે સુગંધી પાણી છંટાવ્યા. બજારો, મહેલો અને ગૃહો શણગારવામાં આવ્યા. સ્થાને સ્થાને નૃત્યાદિ નાટકાદિ ઓચ્છવો શરૂ થયા–સુગંધદાર ધૂપ બહાર દિશાઓમાં ફેલાવા લાગ્યો. સુંદર શૃંગાર પહેરી સધવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

75280

સ્ત્રીઓ ઉજ્જવળ અક્ષતનાં પાત્રો ભરી દરબારમાં વધામણું કરવા જવા લાગી. રાજ્યમાં અમારી પડહ વજાવ્યો, ગરીબ દુઃખીઓને દાન આપવા માંડયું. સ્વજનોનો સત્કાર થયો. નાગરિકોનું સન્માન થયું. માંગલિક વાજીંત્રો વાગ્યાં. સુવાસણ સ્ત્રીઓએ ધવળ મંગળ ગાયાં. અને વિલાસીનીઓએ નૃત્ય કર્યાં. ઇત્યાદિ દશ દિવસ પર્યંત પુત્રી વધામણાનો મહોત્સવ ચાલ્યો.

દેવી ચંદ્રલેખાએ પણ મહાન ગૌરવથી સુંદરીનો સત્કાર કર્યો અને જણાવ્યું કે બહેન ! આ પુત્રી તારા પ્રસાદથી પ્રાપ્ત થઈ છે માટે તારા પ્રસાદથી જ જલદી વૃદ્ધિ પામો.

ઘણી સભ્યતાથી પ્રત્યુત્તર આપતાં સુંદરીએ જણાવ્યું. બહેન ! પુણ્યની અધિકતાથી કે પુણ્યનાં કાર્યો કરવાથી કોઈપણ મનુષ્યોના મનોરથો સિદ્ધ થાય છે. શુભાશુભ કાર્યમાં બીજા મનુષ્યો નિમિત્ત માત્ર છે. ખરી રીતે તો તે કાર્ય સિદ્ધ કરનાર પોતાના કર્મો જ છે.

કુમારીના જન્મથી એક માસ જવા બાદ ઘણા હર્ષપૂર્વક સુંદરીએ અને રાજાએ મળી તે કુમારીનું **સુદર્શના** નામ આપ્યું.

લાવણ્ય અને કાંતિથી પૂર્ણ શરીરવાળી કુમારી, ઉજ્જવળ પક્ષમાં રહેલી ચંદ્રકલાની માફક દિવસે દિવસે નવીન નવીન કળાથી વૃદ્ધિ પામવા લાગી. ચંદ્રથી જેમ રાત્રિ અને સુંગધી કમળોથી જેમ સરોવર શોભે છે તેમ જનનીના ઉત્સંગમાં કુમારી શોભતી હતી. જેમ ચંદ્ર

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

કુમુદોને, દિનકર કમળોને, અને મેઘ મયૂરોના સમુદાયને વિકસિત (ઉલ્લસિત) કરે છે તેમ સુદર્શના બંધુવર્ગને હર્ષોલ્લાસ આપતી હતી.

દિનપ્રતિદિન વૃદ્ધિ પામતાં રાજકુમારી જ્યારે પાંચ વર્ષની થઈ ત્યારે સુજ્ઞ માતાપિતાએ લિપિ, ગણિતાદિ વ્યવહારિક ઉપયોગી જ્ઞાન આપવાનો નિશ્ચય કર્યો. શુભ દિવસ દેખી રાજાએ ઉપાધ્યાયને બોલાવી સ્ત્રીવર્ગને લાયક અનુક્રમે સર્વ કળાઓમાં પ્રવીણ કરવા માટે ભલામણ કરી. ઘણા ઉત્સાહથી ઉપાધ્યાયે તેમ કરવાને હા કહી. અધ્યાપકને પારિતોષિક આપી સંતુષ્ટ કરી, સુદર્શનાને મોટા મહોત્સવપૂર્વક શાળામાં દાખલ કરાવી.

▣ પ્રકરણ આઠમું ▣

ઋષભદત્ત સાર્થવાહ

મહારાજા ચંદ્રગુપ્ત મુખ્ય સિંહાસન પર બિરાજ્યો હતો. જમણી બાજુના ભાગ પર રાજકુમારો બેઠા હતા, ડાબી બાજુના ભાગ પર સામંત રાજાઓ વિગેરેનાં આસનો હતાં. બીજા પણ આજુબાજુ મંત્રી, સુભટો વિગેરેથી સભા ચિક્કાર ભરાયેલી હતી. સામંત, મંત્રી આદિ રાજાના મુખથી થતી આજ્ઞા અંગીકાર કરવાને તૈયાર હોય તેમ એકી નજરે રાજા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંન્મુખ જોઇ રહ્યા હતા. આ અવસરે વિજયા નામની પ્રતિહારિણીએ પ્રવેશ કરી, રાજાને અર્ધાંગથી નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરી કે, સ્વામિન્! રત્નાગિરિના બંદરથી ચરપુરુષ આપને મળવાને માટે આવ્યો છે તેનું મુખ પ્રસન્ન અને વિશેષ ઉત્સુક હોય તેમ જણાય છે; પણ દ્વારપાળે રોકવાથી આપની આજ્ઞાની રાહ જોતો દ્વાર આગળ ઊભો છે. તેને અંદર પ્રવેશ કરાવવા માટે આપની શી આજ્ઞા છે?

રાજાએ વિચાર કર્યો કે તે ચરપુરુષ કોઈ ઉત્તમ વહાણ આવ્યાની ખબર આપવાં આવવો જોઈએ, કારણ કે રત્નાગિરિના બંદર પર તે કાર્ય માટે જ તેને રોકવામાં આવ્યો છે. તે ચર તુષ્ટિદાનને લાયક છે. ઇત્યાદિ વિચાર કરી રાજાએ પ્રતિહારિણીને જણાવ્યું કે–ભદ્રે! તેને તું જલદી પ્રવેશ કરાવ.

રાજાની આજ્ઞા મળતાં જ તે ચરપુરુષ સભામાં આવ્યો. રાજાને નમસ્કાર કરી તેણે જણાવ્યું–મહારાજ! આવતાં વહાણોની તપાસ રાખવા માટે રત્નાગિરિ બંદર પર આપના નિયોગથી યોજનયેલો હું આપનો અનુચર છું. હું નિરંતર વહાણોની તપાસ રાખું છું અને તેથી વહાણ જોવાથી મને કાંઈ આશ્ચર્ય થતું નથી. પણ આજ પ્રભાતે જ્યારે ઉત્તર દિશા તરફ નજર કરી હું આવતાં વહાણો દેખતો હતો તેટલામાં મહાન વિસ્તારવાળું, દૂરથી આવતું એક વહાણ મારા દેખવામાં આવ્યું. તે જોતાં જ મને મોટું આશ્ચર્ય થયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વહાણની ઉપર ઉજ્જવળ ધ્વજ, છત્ર, ચામરો વિગેરે જણાતાં હતાં. ચારે બાજુ વાવટાઓ ફરકી રહ્યા હતા. ઊંચો અટાલો પર લટકતી ધ્વજાઓથી જાણે સાક્ષાત્ દેવવિમાન હોય તેમ જણાતું હતું. ચારે બાજુ નિવિડ પાખરોવડે પાખરેલું હતું. સ્થાને સ્થાને પરાક્રમી સુભટો રહેલા હોવાથી શત્રુઓને દુર્ગ્રાહ્ય હતું. તે વહાણમાં ત્રણ કૂવાઓ, સો સઢો અને સ્થંભો હતા. લોઢાનાં ત્રીસ લંગરો જણાતાં હતા. કૂવા અને સ્થંભો ઉપર ઊભા રહી સુભટોને યુદ્ધ કરવા માટે પીંજરાઓ બાંધેલાં હતાં તે જહાજની ચારે બાજુ લટકતા ખડ્ગ, ભાલાં, ધનુષ્ય અને તુણનાં યુગલો હતાં. વિષમ રીતે પરિભ્રમણ કરતાં યંત્રોથી બરોબર તે વિષમ જ હતું. વળી તેમાં ચાર બગીચાઓ અને બન્ને બાજુ દશ દશ પ્રેક્ષાગૃહો હતા. તેમજ–ઘી, તેલ, અનાજ, વસ્ત્ર અને ઇંધણ વિગેરેના સંગ્રહવાળી અનેક દુકાનો જોવામાં આવતી હતી. તેમાં રહેલ સામાનની સંખ્યા કરવી તે મુશ્કેલી ભરેલું હતું. આટલી સામગ્રીથી ભરપૂર તે આવતા જહાજને હું જોતો હતો, તેટલામાં તો જયવાજિંત્રને વગાડતું તે વહાણ બંદરમાં આવી પહોંચ્યું.

નિર્યામકના વચનોથી તે વહાણ તરત જ ઊભું રાખવામાં આવ્યું. સઢો ઉતારી નાખ્યા અને ચારે બાજુથી લંગરો નીચાં મૂકયાં. મહારાજ ! તે જહાજના માલિકે નિર્યામકોને પારિતોષિક દાન આપ્યું. અને મંગળાચાર કરી તે ધનાઢય સમુદ્રને કિનારે બંદર પર ઊતર્યો છે. તે ધનપતિ ભેટણું લઈ આપને તરતમાં જ મળવા માટે તૈયારી કરતો હતો. તેના આવ્યા પહેલાંજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ વર્તમાન મેં આપને નિવેદિત કર્યા છે. ચરપુરુષનાં વચનો સાંભળી રાજા કાંઈક બોલવાને પ્રયત્ન કરતો હતો. તેવામાં ફરી વિજયા પ્રતિહારિણીએ પ્રવેશ કરી નમસ્કારપૂર્વક રાજાને વિનંતી કરી કે મહારાજ! ઋષભદત્ત નામનો સાર્થવાહ આપના દર્શનાર્થે ઉત્સુક થઈ સિંહદ્વાર આગળ ઊભો છે, આપની તેને માટે શી આજ્ઞા છે?

રાજાએ જણાવ્યું, ભદ્રે! તેને તરત જ પ્રવેશ કરાવ. રાજાનો આદેશ થતાં જ પ્રતિહારિણીએ સાર્થવાહને રાજસભામાં પ્રવેશ કરાવ્યો.

પ્રસન્ન મુખમુદ્રાને ધારણ કરતો, હાથમાં ભેટણું લઈ, જાણે કર્મવિવરે જ, રાજાને જૈન ધર્મની પ્રાપ્તિ અર્થે દૂત મોકલાવ્યો હોય નહિ તેમ સાર્થવાહ રાજાની આગળ આવી ઊભો રહ્યો. પારિસ, તુર્કસ્થાન અને ગિઝનીના ઉત્તમ અશ્વો (ઘોડાઓ)નો પરાભવ કરે તેવા અશ્વોનું ભેટણું કરી, રાજાને નમસ્કાર કર્યો. રાજાએ સાર્થવાહને બેસવા માટે આસન અપાવ્યું. સાર્થવાહ ખુશી થઈ રાજા આગળ આસન પર બેઠો. મહાન ગૌરવપૂર્વક રાજાએ સાર્થવાહને તંબોલ આપી જણાવ્યું, સાર્થવાહ! પરિવાર સહિત તમને કુશળ છે?

સાર્થવાહે નમ્રતાપૂર્વક વિવેક કરતાં જણાવ્યું. મહારાજ! મારા સર્વ પરિવારને કુશળતા છે; તેમાં વળી આપનાં દર્શનથી વિશેષ પ્રકારે અમો આનંદિત થયા છીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા—સાર્થવાહ! તમે કયાંથી આવ્યા? કયા દેશમાં કયા શહેરમાં રહો છો?

સાર્થવાહ—મહારાજ! ઉત્તર દિશામાં અતિ રમણીક **લાટદેશ** નામનો દેશ છે. તે દેશમાં ભરૂયચ્ચ નામનું શહેર છે. તે શહેરમાં મારો નિવાસ છે, અને હું હમણાં ત્યાંથી જ આવું છું.

રાજા—ભરૂયચ્ચ શહેર શું બહુ મોટું છે?

સાર્થવાહ—હા મહારાજા, શહેરની ચારે બાજુ ઉત્તમ શિલાઓથી બનેલો સુંદર કિલ્લો આવી રહ્યો છે. કિલ્લા પર આવેલા ઊંચાં કપિશીર્ષ અને અટ્ટાલકોએ કરી તે શહેર શત્રુઓને અતિ દુર્લંધ્ય છે. કળિકાળમાં પાપને રોકવા માટે જાણે ધર્મરેખા સ્થાપન કરી હોય તેમ, નિર્મળ પાણીથી ભરપૂર દુર્લંધ્ય ખાતિકા (ખાઈ) તે કિલ્લાની ચારે બાજુ આવી રહેલી છે. મુનિસુવ્રતસ્વામિના ચરણારવિંદથી પવિત્ર થયેલું અને તેથી જ દુનિયામાં વિશેષ પ્રખ્યાતિ પામેલું તે એક મહાન બંદર અને શહેર છે. રાજાએ ખુશી થઈ સુવર્ણ કચોળામાં ફરી તાંબુલ આપી ફરી પ્રશ્નો કર્યા. સાર્થવાહ? આ અશ્વો તમે કયાંથી લાવ્યા?

નમ્રતાપૂર્વક સાર્થવાહે જણાવ્યું કે **નરનાથ!** પારસકુળ અને ગીઝની પ્રમુખના અશ્વોનો પરાભવ કરનાર, ઉત્તર દિશામાં ઉત્પન્ન થયેલા આ મહાન તેજસ્વી જાતિવાન અશ્વો છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

જેના દ્વારે આ અશ્વો બાંધવામાં આવે, તેના શત્રુની ઋદ્ધિ તેને સ્વાધીન થાય છે, તેવા જાતિવાન આ અશ્વો છે. અશ્વોનાં લક્ષણોમાં આપ તો માહિતગાર જ છો, તથાપિ આ અશ્વોનાં ચિન્હો–લક્ષણો હું આપની આગળ નિવેદિત કરું છું.

ઉત્તમ અશ્વો મુખમંડળમાં માંસરહિત હોય છે. અને તેના મુખની નસા જળ પ્રગટ દેખાય તેવી હોય છે, હૃદય વિશાળ હોય છે. મધ્ય ભાગ પ્રમાણે પેટ હોય છે. ભાળ સ્થળ પહોળું હોય છે. કાન નાના હોય છે. આપસમાં કાનનું આંતરૂં થોડું હોય છે. પીઠ પહોળી હોય છે, પાછળનો ભાગ પુષ્ટ હોય છે. પાંસળીના ભાગો દુર્બળ (પાતળા) હોય છે. રોમ સ્નિગ્ધ હોય છે. સ્કંધ મનોહર હોય છે. સ્કંધ ઉપર શ્યામ અને નિવિડ કેશો હોય છે. ખુરાઓ ગોળ હોય છે. વેગ પવન સમાન હોય છે. નેત્રો લાલ હોય છે. દર્પ વિશેષ હોય છે. મસ્તક અને ઉરૂ (સાથળ)ના ભાગમાં દક્ષિણાવર્ત્ત (જમણો ભ્રમર) હોય છે. આવા અશ્વો શત્રુનો પરાભવ કરનાર અને યુદ્ધમાં સ્વામીનો વિજય કરાવી આપનાર થાય છે. ઇત્યાદિ અશ્વનાં લક્ષણો સાર્થવાહ રાજાની પાસે કહે છે, એ અવસરે ઉપાધ્યાય પાસે ભણવા મૂકેલી રાજકન્યા સુદર્શના અનેક કળાનો અભ્યાસ કરી ઉપાધ્યાય સહિત રાજસભામાં આવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ નવમું

સુદર્શનાને જાતિસ્મરણજ્ઞાન

પ્રેમ, મહત્ત્વ કે આશ્ચર્યની વસ્તુ દુનિયામાં એક કરતાં અધિક યા ચઢિયાતી ઘણીવાર માલુમ પડે છે. એક નવીન વસ્તુ કોઈક વાર જોવામાં આવે છે ત્યારે તે તરફ સ્વાભાવિક જ મનુષ્યોનું આકર્ષણ થાય છે, પણ તે જ વખતે તેના કરતાં અધિક ઉત્તમ અને દુર્લભ વસ્તુ દેખવામાં આવે તો પહેલી વસ્તુ તરફ આકર્ષણ ઓછું થઈ તેટલા જ કે બલ્કે તેથી વિશેષ વેગથી બીજી વસ્તુ તરફ મનુષ્યોનું આકર્ષણ થશે. આ ન્યાય પ્રમાણે અત્યારે રાજસભામાં ઋષભદત્ત સાર્થવાહ તરફ લોકોનું જે આકર્ષણ હતું, તે જ સ્થળે રાજકુમારી સુદર્શનાનું ઘણે વખતે આગમન થતાં સર્વ સભાલોકની દૃષ્ટિ તેણીની બાજુ આકર્ષાઈ, એટલે ઋષભદત્ત સાર્થવાહે પણ પોતાની ચાલતી વાત એકદમ ત્યાં જ અટકાવી દીધી.

દેહની કાંતિએ કરી જાણે વિદ્યાધરી કે અપ્સરા હોય નહિ તેમ શોભતી સુદર્શનાને દૂરથી જોતાં જ રાજાએ આનંદિત નેત્રે અને હસતે મુખે પોતાની પાસે બોલાવી. સુદર્શના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ઘણા દિવસથી પિતાને મળવાને ઉત્કંઠિત થયેલી હતી. તે તરત જ નજીક આવી, અને હર્ષાવેશથી ગદ્‌ગદ્ર કંઠિત થઈ પિતાના ચરણમાં નમી પડી. રાજાએ તેને તરત જ ઉઠાડી પોતાની પાસે બેસારી. આંબાના વનમાં આવેલો ભમરાનો સમુદાય જેમ તૃપ્તિ ન પામે, તેમ રાજકુમારીને જોતાં પ્રેમ પ્રસરથી પ્રફુલ્લિત રાજાનાં નેત્રો તૃપ્તિ ન પામ્યાં ઘણા દિવસે વિદ્યા ભણીને આવેલી હોવાથી, તેમજ તેનું મુખ અત્યારે વિશેષ પ્રસન્ન હોવાથી રાજાએ અનુમાન કરી જણાવ્યું કે પુત્રી! તું વિદ્યાનું અભિમાન ન કરીશ. કેમકે ભણેલી વિદ્યાથી તેં મને હજી બિલકુલ સંતોષિત કર્યો નથી, અથવા તૃપ્તિ પમાડી નથી.

સુદર્શનાએ જણાવ્યું, પિતાજી! ધર્મ, વિદ્યા અને વિનયમાં વિઘ્ન કરનાર, શ્રુતશીલનો વિનાશ કરનાર અભિમાન છે; એમ જાણતાં છતાં તેનો સંગ્રહ કોણ કરે? અર્થાત્ હું બિલકુલ વિદ્યાનો ગર્વ કરતી નથી. આટલા શબ્દો પરથી જ કવિત્વમાં પટુતા અને વકતૃત્વમાં કુંવરીની દક્ષતા જોઈ રાજાને ઘણો હર્ષ થયો. રાજાએ ખુશી થઈ જણાવ્યું. વ્હાલી પુત્રી! હું પૂછું તેનો તું જવાબ આપ.

कः क्रमते गगनतलं ? किं क्षीणं वृद्धिमेति च नितांतम् ?
को वा देहमतीव, स्त्रीपुंसां रागिणां दहति ?

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આકાશતલનું આક્રમણ કોણ કરે છે? નિરંતર વૃદ્ધિ કોણ પામે છે? અને રાગી સ્ત્રી પુરુષોના દેહને અતિશય કોણ દહે છે–બાળે છે–શોષે છે?

સુદર્શનાએ વિચાર કરી તરત જ ઉત્તર આપ્યો કે–'विरह' આકાશનું આક્રમણ કરનાર 'वि' સૂર્ય, નિરંતર વૃદ્ધિ પામનાર કોણ? 'अहः' 'दिवस' રાગી સ્ત્રી પુરુષોનાં શરીરને અતિશય બાળનાર કોણ? विरहः વિયોગ ભેગું નામ.

સુદર્શનાએ જણાવ્યું–પિતાજી! મારા એક સમસ્યાના કાવ્યનો ઉત્તર આપ આપો.

बोध्यं दैवं कथं बहुषु वैकः प्रत्ययः कर्मणां ।
सबोध्यस्तु कथं सदा सुररिपुः किं श्लाघ्यते भूभृतां ॥
किंत्वन्यायवतामहो क्षितिभृतां लोकैः सदा निंद्यते ।
व्यस्तन्यस्तसमस्तकंचन ततः शीघ्रं विदित्वोच्यतां ॥१॥

॥ ૬૦ ॥

બુદ્ધિમાન પુત્રીને જોઈ રાજા, ઘણા વખત સુધી વિચારમાં લીન થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે, આવી વિચક્ષણ મારી પુત્રીનો પતિ કોણ થશે? પુત્રીનાં બુદ્ધિરૂપ અને ગુણાદિના પ્રમાણમાં તેને લાયક પતિ પણ બુદ્ધિમાન, શૂરવીર અને કામમૂર્તિ સમાન હોવો જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુદર્શનાની વિદ્યાતિશયિતા અને રૂપાધિકતા દેખી શ્રેષ્ઠી ઋષભદત્ત પણ વિચારમાં પડયો કે, શું આ તે પ્રત્યક્ષ સરસ્વતી છે કે સાક્ષાત્ લક્ષ્મી દેવી છે ?

આ અવસરે કટુક, તિક્ત વિગેરે અનેક પ્રકારની ઔષધીઓને લઈને એક વૈદ્યરાજ સભામાં આવ્યો અને તે સાર્થવાહના નજીકના આસન પર બેઠો.

નજીકમાં રહેલી ઔષધીના તીવ્રગંધથી, ઘણી મહેનતે રોકવા છતાં પણ ઋષભદત્ત સાર્થવાહને ઉત્કટ છીંક આવી. છીંક આવવાની સાથે જ **નમો અરિહંતાણં** એ મંત્રનો ઉચ્ચાર કર્યો. આ શબ્દ સાંભળતાં જ સુદર્શના સંભ્રાન્ત થઈ ગઈ.

તેણી ચિંતવવા લાગી કે **અરિહંત** કોઈ દેવવિશેષ હોવો જોઈએ કે જેનું નામ હમણાં આ શ્રેષ્ઠીએ લીધું. આ દેવવિશેષનું નામ પહેલાં કોઈ વખત કોઈની પાસે મેં સાંભળ્યું હોય તેવો મને ભાસ થાય છે. આ પ્રમાણે વિચાર કરતાં મન, વચન, કાયાના વ્યાપારોને રોકી, આ અરિહંત દેવનું નામ મેં કયાં અને કોના મુખથી પહેલાં સાંભળ્યું છે તે જ એક લક્ષ બાંધી કોઈ અપૂર્વ સ્થિતિમાં તે લીન થઈ ગઈ. તેવી સ્થિતિમાં કેટલોક વખત રહેતાં–જાતિસ્મૃતિ-જ્ઞાન (મતિજ્ઞાનનો એક ભેદ છે તે) ને રોકનાર આવરણો દૂર થતાં તે લીનતામાં જ તેને પોતાનો પૂર્વનો ભવ સાંભરી આવ્યો અર્થાત્ પૂર્વજન્મોનું જ્ઞાન થઈ આવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂર્વે તિર્યંચના ભવમાં બાણના પ્રહારની મહાન્ વેદનાથી ઉત્પન્ન થયેલું દુઃખ સ્મરણ થતાં જ તેનું સર્વ અંગ કંપવા લાગ્યું અને તેને લઈ ધબ દઈ પૃથ્વીતળ પર ઢળી પડી.

પોતાની વ્હાલી પુત્રીને પૃથ્વીતળ પર ઢળી પડેલી જોતાં જ, રાજા પણ મૂર્ચ્છા ખાઈ જમીન પર ઢળી પડ્યો. આ બનાવ જોતાં કુંવરીની માતા અને તેના ભાઈઓ દુઃખિયા થઈ આક્રંદ કરવા લાગ્યા.

પૂર્વે કોઈ વખત નહિ જોયેલી રાજકુમારીની આવી અવસ્થા દેખી સભાના સર્વ લોકો અકસ્માત્ ક્ષોભ પામી ગયા. આખી સભામાં હાહારવથી વિરસ મહાન્ કલકલ શબ્દ ઊછળવા લાગ્યો. આક્રંદ અને પ્રલાપના કરુણ શબ્દો પ્રસરવા લાગ્યા. આ દુઃખદાયક બનાવના સમાચાર શહેરમાં ફેલાતાં નાગરિકો ક્ષોભ પામ્યા. ભયભ્રાંત, તરલ નેત્રોવાળાં, અશરણ અને શૂન્ય મનવાળાં થઈ લોકો આમ તેમ દોડવા લાગ્યા. નાના પ્રકારના સંકલ્પવિકલ્પથી હાથ પગ કંપાવતાં વૃદ્ધ વણિકો સ્થળે સ્થળે એકઠા થઈ વિચાર કરવા લાગ્યા. નેસ્તીઓ સાર સાર વસ્તુ સંકેલવા લાગ્યા. દેશી વાણીઆ કાપડની દુકાનો સમેટવા લાગ્યા. સોનારો સોના રૂપાને છુપાવવા લાગ્યા. કંસારાઓ એક જગ્યાએ વાસણો ખડકવા લાગ્યા. રાજસભામાં અકસ્માત્ કોલાહલ થયેલો સાંભળી કાર્યાકાર્યનો વિચાર કર્યા સિવાય રાજસેવકો શસ્ત્રો સંભાળવા લાગ્યા. મહાવતો સંગ્રામ અર્થે હાથીઓને તૈયાર કરવા લાગ્યા. ઘોડાવાળાઓ ઘોડાને પાખરવા લાગ્યા. રથિકો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રથો સજ્જ કરવા લાગ્યા. સુભટો સન્નાહિત થયા. ભાટો સુભટોને શૂર ચડાવા લાગ્યા. વિજય ડંકા વાગવા લાગી. સંગ્રામના વાજીંત્રો આસ્ફાલવા લાગ્યા. ભેરીઓના ભાંકારથી આકાશ પુરાવા લાગ્યું. હુંકારવ કરતા અને ઊછળતાં સુભટો સજ્જ થઈ ઉભા.

આ બાજુ શીતળ ઉપચારોથી રાજાને મૂર્ચ્છા પાછી વળી. રાજા સ્વસ્થ થયો. એ અવસરે આખા શહેરમાં ક્ષોભ થયાના અને સુભટો સજ્જ થયાના વર્તમાન રાજાના જાણવામાં આવ્યા. વિજયા પ્રતિહારિણી દ્વારા રાજાએ તત્કાળ કોટવાળને બોલાવી પ્રજાને અને સુભટોને શાંત કરવા જણાવ્યું. કાર્યના સત્ય પરમાર્થને જાણી કોટવાળ તરત જ સભાની બહાર આવ્યો, અને ઠેકાણે ઠેકાણે સુભટોને મોકલી લોકોને સત્ય વાતથી વાકેફ કરાવી પ્રજા અને તૈયાર થતા સુભટોને શાંત કર્યા.

આ તરફ કર્પૂરથી વાસિત હરિચંદન અને કસ્તૂરી પ્રમુખ શરીર પર સિંચન કરતાં, અને પંખાથી શીતળ પવન નાંખતાં, રાજકુમારી સુદર્શના કેટલીક વારે સ્વસ્થ થઈ, તરત જ ચારે બાજુ દૃષ્ટિ ફેંકવા લાગી. નવીન ચૈતન્ય પામેલી રાજબાળા, લજ્જા પામતી ભૂમિ પરથી બેઠી થઈ અને રાજાના બોળામાં જઈ બેઠી. ભવ–ભયથી ભય પામેલી કુમારી વારંવાર તે સાર્થવાહના સન્મુખ જોવા લાગી. યૂથથી વિખૂટી હરિણીની માફક તે ખરેખર વ્યગ્ર ચિત્તવાળી જણાતી હતી. તેની આ મૂર્ચ્છિત સ્થિતિથી દુઃખિત થઈ રહેલાં માતા–પિતા અને બંધુવર્ગાદિકને

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

તેણીએ ધીરજ પણ ન આપી અને બોલાવ્યાં પણ નહિ. કેવળ તે સાર્થવાહ તરફ દૃષ્ટિ આપી મધુર વચને તેની સાથે સંભાષણ કરવા લાગી.

હે ધર્મબાંધવ ! જિનેંદ્રમતકુશળ ! મેં સાંભળ્યું છે કે તમારું આવવું ભરૂયચ્ચ બંદરથી થયું છે. તમને કુશળ છે ?

નિર્વાણ માર્ગમાં આસક્ત થયેલા, કંદર્પ ગજેંદ્રને સ્વાધીન કરવામાં સિંહ તુલ્ય, અને પરોપકાર કરવામાં એકચિત્તવાળા મહાનુભાવ મુનિઓને ત્યાં કુશળ છે ?

રાજકુમારીના મુખથી નીકળતા આ શબ્દો સાંભળી સાર્થવાહના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે વિચારવા લાગ્યો કે નિશ્ચે આ રાજકુમારીએ કોઈ પણ જન્મમાં ભરૂયચ્ચ નગરમાં મુનિઓને વંદન કર્યું જણાય છે. અથવા દૃઢ કર્મરજ્જુથી બંધાયેલા અને સંસાર પરિભ્રમણને પરાધીન થયેલા જીવોને એવું કોઈ પણ સ્થળ નથી કે જેનો તેણે સ્પર્શ કે અનુભવ કર્યો ન હોય. તે શહેરમાં પૂર્વના જન્મમાં આ રાજકુમારીએ કોઈ પણ મુનિવરના મુખથી કોઈ પણ સમયે નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરેલું હોવું જોઈએ, કે જે વાત હમણાં તેને જાતિસ્મરણથી યાદ આવી જણાય છે.

આ પ્રમાણે વિચાર કરતા શ્રેષ્ઠીએ હર્ષિત વદને જણાવ્યું કે– રાજકુમારી ! ભરૂયચ્ચ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરમાં રહેલા તે સર્વ મુનિઓને કુશળ છે. બહેન ! તને ધન્ય છે, તું કૃતાર્થ છે. તું થોડા જ ભવમાં નિર્વાણપદ પામનાર છે કેમ કે ધર્મના અભાવવાળા કુળમાં જન્મ પામ્યા છતાં અકસ્માત્ તને બોધ પ્રાપ્ત થયો છે.

કોઈ વખત નહિ દેખેલ કે નહિ સાંભળેલ શબ્દો રાજકુમારીના મુખથી નીકળતાં જાણી, તેમ જ બિલકુલ અજાણ્યા સાર્થવાહ સાથે વાર્તાલાપ કરતી પુત્રીને દેખી, રાજાને આશ્ચર્ય સાથે મહાન કુતૂહલ થયું. રાજા બોલી ઊઠ્યો. પુત્રી ! આ શી વાતચીત ચાલે છે ? તું શું બોલે છે ? શું તે ભરૂયચ્ચનગર કોઈ પણ વખતે જોયું કે સાંભળ્યું છે ?

સુદર્શનાએ જણાવ્યું. પિતાજી ! આપ શાંત ચિત્તે સાંભળો. હું તે વિષે મારો જાતિ-અનુભવ આપશ્રી આગળ નિવેદન કરું છું.

□ પ્રકરણ દશમું □

જાતિઅનુભવ–પૂર્વજન્મ

ભરૂયચ્ચ શહેરની આગળ મોટા વિસ્તારમાં વહન થતી નર્મદા નદીના કિનારા પર કોરટ નામના ઉદ્યાનમાં એક મહાન વિસ્તારવાળો વડવૃક્ષ હતો. તેના ઉપર અનેક પક્ષીઓ નિવાસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી રહ્યા હતા. તેમાં કેટલાંક પંખીઓએ માળા પણ ઘાલ્યા હતા. તે વૃક્ષ પર એક સમળી પણ રહેતી હતી. તે સમળી ગર્ભપ્રસૂતિના વખતે અસહ્ય વેદનાથી પીડાવા લાગી. કેટલાક વખત પછી દુઃસહ શૂળની વેદના ભોગવતાં તેણીએ બે બચ્ચાંને જન્મ આપ્યો. પ્રસવ સમયની અસહ્ય વેદના ભોગવતી વખતે તેણીનો પતિ પણ તેને મદદગાર ન થયો. ખરેખર જન્મથી મરણપર્યંત સ્ત્રીઓ નિરંતર પરાધીન અને દુઃખણી હોય છે. ઉદરપૂર્તિને માટે કાંઈ પણ ખાવા લેવા જવાનો ઉપાય ચિંતવે છે, તેટલામાં અકસ્માત પ્રચંડ પવન વાવાનો શરુ થયો, દશે દિશાઓમાં ધૂળ ઊછળવા લાગી. મેઘની માળાને વિસ્તારતી પ્રાવૃષ (વર્ષા) ઋતુ શરૂ થઈ. કુપુરુષો જેમ અપયશથી વ્યાપ્ત થાય છે તેમ ભ્રમરની માફક કાળાં અને તમાલ દલની માફક શ્યામલ વાદળાંના સમૂહથી આકાશ છવાઈ ગયું. નિર્ભાગ્ય પુરુષને મળેલા નિધાનની માફક ક્ષણદૃષ્ટનષ્ટ ચપળ વિજળી આકાશમાં ચમકવા લાગી. ઊંચ પદ પર રહેલા નીચ પુરુષ માફક, બ્રહ્માંડને પણ ફોડી નાખે તેવા નજીકમાં ગર્જારવો થવા લાગ્યા. વિરહી મનુષ્યોના હૃદયને દુઃખરૂપ, મોટી મોટી અખંડ ધારાથી વાદળો વરસવા લાગ્યાં. આ પ્રમાણે અવિચ્છિન્ન ધારાએ વરસાદ વરસતાં સાત દિવસ થયાં ત્યારે કાંઈક વરસાદને શાંત થયેલ દેખી તે સમળી દિશાઓના ભાગો નિહાળવા લાગી, તેણીનું શરીર ભૂખ તથા પીડાથી સંકોચાઈ ગયું હતું. ઊડવાની શક્તિ પણ તેવી ન હતી. તથાપિ ભૂખ સહન થઈ શકે તેમ ન હતી. તેમજ તેને ત્યાં બીજું કોઈ લાવી આપે તેવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દયાળુ મદદગાર પણ ન હતો. આ કારણથી તે દુઃખી સમળી આમિષ (માંસ) માટે જ્યાં લીલાં હાડકાં વિગેરે પડયાં હતાં તેવા મ્લેચ્છના પાડા તરફ ઊડીને ગઈ.

ઘણાં હાડકાં, ચામડાં, વસા, રૂધિર અને માંસાદિકથી તે વાડો દુર્ગંધિત થઈ રહ્યો હતો. મોટા મોટા હાડકાંઓ ઉપર ગીધપક્ષીઓ જેવી માંસાદિ લઈ આમતેમ ઊડી રહ્યાં હતા, તે વાડામાં આ સમળીએ પણ ઘણી મહેનતે પ્રવેશ કર્યો. અને માંસથી ખરડાયેલું એક હાડકું લઈ મહા-મહેનતે તે આકાશમાર્ગે ઉડી આકાશમાં હજી થોડે દૂર ગઈ હતી તેટલામાં તે વાડાના માલિક મ્લેચ્છે, કાનપર્યંત ખેંચો તીક્ષ્ણ બાણ તે સમળી તરફ ફેંકયું અને તરત જ તે દુઃખિયારી સમળીના હૃદયમાં વાગ્યું.

પિતાજી! બાણથી વિંધાયેલી અને વેદનાથી વિધુરિત થયેલી તે સમળી ઘણી મહેનતે ઊડતાં પડતાં તે ઉદ્યાનના નજીક ભાગમાં આવી પહોંચી, પણ વડવૃક્ષ ઉપર ન પહોંચતાં તત્કાળ જમીન પર નીચે પડી ગઈ.

અસહ્ય વેદના થવા છતાં પણ બચ્ચાંઓ ઉપરના સ્નેહને લીધે પોતાની ભાષામાં કરૂણ સ્વરે તે વિલાપ કરવા લાગી. તેના ઇષ્ટ મનોરથો નિષ્ફળ થયા. તે ચિંતવવા લાગી. અરે નિર્દય વિધિ! મારા સિવાય તારું ઇષ્ટ કાર્ય શું સિદ્ધ થઈ શકે તેમ ન હતું? મારાં જેવાં પામર

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પ્રાણિઓ શું તારે સ્વાધીન ન હતાં? મેં તારો શો અપરાધ કર્યો હતો કે, નિષ્કારણ મારા જેવી નિરપરાધી અબળાને આવા ભયંકર કષ્ટમાં નાખી? પાંખો વિનાનાં મારા નિરાધાર બાળકો ભૂખ્યા અને તરસ્યાં કેવી રીતે જીવી શકશે? આ પ્રમાણે નાના પ્રકારના વિલાપ અને આકંદ કરતાં તે સમળી એક અહોરાત્રિપર્યંત ત્યાં પડી રહી. એ અવસરે જાણે સુખનો સમાગમ જ આવતો હોય નહિ તેમ બે મુનિઓ ત્યાં આવી ચડ્યા. તે સમળીની આ સ્થિતિ દેખી સર્વ જીવોને અભય આપનાર તે મહામુનિઓએ પોતાનો હાથ ઊંચો કરી જણાવ્યું. ભદ્રે! તને અભય થાઓ, અભય થાઓ, અમે તારી પાસે આવ્યા છીએ. તું બિલકુલ ભય નહિં પામતાં આ અવસરે અનેક જન્મોમાં દુઃખ આપનાર મોહ અને ક્રોધનો ત્યાગ કર અને એકાગ્ર ચિત્તવાળી થઈ, થોડાં પણ પરમ હિતકારી અમારા વચનો તું શ્રવણ કર (સાંભળ) આ પ્રમાણે બોલતાં તેમાંથી એક મુનિએ નીચા વળી, સમળીના કાન પાસે મુખ રાખી ઘણી લાગણીપૂર્વક દૃઢ સંકલ્પથી જણાવ્યું કે જગતને વિષે ઉત્તમ અને મહાન્ મંગલ પરમકૃપાળુ અરિહંત દેવનું તને શરણ થાઓ, કર્મકલંકથી રહિત, અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યવાન લોકના અગ્રભાગ ઉપર રહેલા અનંત સિદ્ધોનું તને શરણ થાઓ. પાંચ મહાવ્રતોને પાળનાર. પાંચ વિષયોને જીતનાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિધારક. સુસાધુઓનું તને શરણ થાઓ.

પાંચ આસ્રવ વિનાનો, પાંચ ઇંદ્રિયના વિજયથી પ્રતિષ્ઠા પામેલો અને સાક્ષાત્ કેવલ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્ઞાનીનો કહેલો ઉત્તમ ધર્મ તને શરણભૂત થાઓ. આ ચાર શરણો અંગીકાર કર. આ શરણોના શરણથી નિર્ભય થઈ રાગ-દ્વેષ રહિત અરિહંતદેવનું તું સ્મરણ કર.

પરમ ભક્તિથી અરિહંતદેવને એક વાર પણ નમસ્કાર કરવામાં આવે તો આ જન્મની પીડાથી મુક્ત થઈ. નિશ્ચે પરલોકમાં તે મહાન્ સુખસંપદા પામે છે. માટે ત્રણ લોકમાં સારભૂત આ નમસ્કાર મહામંત્ર (**नमो अरिहंताणं**)નું તું સ્મરણ કર. આ મહામંત્રના પ્રભાવથી પરલોકમાં તું જરાપણ દુઃખનું ભાજન નહિ થઈશ.

વળી ચાર પ્રકારના કષાયનો ત્યાગ કર, મમત્વ ભાવ દૂર કર. સંયમ અને નિયમોમાં માનસિક વૃત્તિથી ઉજમાળ થા, અને ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. આ પ્રમાણે દૃઢ સંકલ્પની સમળી પર અસર કરતા તે મુનિ દિવસનો મોટો ભાગ તેની પાસે રહ્યા. સમળી પણ કર્ણાંજલી દ્વારા મુનિઓના વચનામૃતોનું પાન કરવા લાગી. તે પવિત્ર મુનિઓના અતિશયિક બોધથી સમળીનો મોહમળ ગળી ગયો. મન, નેત્ર અને કર્ણ ત્રણે દ્વારા મુનિશ્રીના મુખ પર લક્ષ રાખી પોતાનું સર્વ દુઃખ વિસ્મરણ કરી તે શાંત થઈ. પિતાજી આ સ્થિતિના બીજા પરિણામમાં મરણ પામી તે સમળી (હું પોતે) અહીં આપની પુત્રીપણે ઉત્પન્ન થઈ છું.

॥ ૬૯ ॥

અહા! અજ્ઞાન અવસ્થામાં પણ અરિહંતનું સ્મરણ કરવાથી જ્યારે હું આવી ઉત્તમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જિંદગી પામી છું, તો જેઓ નિરંતર તે મહાપ્રભુનું સ્મરણ કરે છે તે શાશ્વત સુખ પામે તેમાં આશ્ચર્ય શાનું ?

પિતાશ્રી ! હમણાં આ શ્રેષ્ઠીના મુખથી **नमो अरिहंताणं** પદ સાંભળી વિવેક વૃક્ષનાં બીજ તુલ્ય મને **જાતિસ્મરણ** જ્ઞાન થયું છે. અને તેથી જ મને મારો પૂર્વજન્મ (પૂર્વનો ભવ) દેખાઈ આવ્યો છે. જે મેં આપ સર્વની આગળ નિવેદિત કર્યો છે.

▣ પ્રકરણ અગિયારમું ▣

સુદર્શનાનો વૈરાગ્ય–પુરોહિતનો ગૃહસ્થાશ્રમમાં રહેવાનો ઉપદેશ

જાતિસ્મરણ–(પૂર્વજન્મના) જ્ઞાનથી વાસિત થયેલી પોતાની પુત્રીને જાણી રાજા વિચારમાં પડયો–શું આ મારી પુત્રી કહે છે તે વાત સત્ય હશે ? તે શહેર અને તે મુનિવરો કયાં ? તે સમળી મરીને મારી પુત્રીપણે ઉત્પન્ન થઈ છે તે વાત કેમ સંભવી શકે ? આ પ્રમાણે વિચાર કરતા રાજાએ ઘણા આગ્રહ અને આદરપૂર્વક જણાવ્યું–રાજકુમારી આવો જૂઠો વૈરાગ્ય શું તું આણે છે ? આ તારી માતા તારી આ સ્થિતિ થવાથી મહાદુઃખી થઈ રહી છે. આ પરિવાર શોકથી પીડાય છે જો તો ખરી, તારી બાળસખીઓ કેટલું આક્રંદ કરે છે, તે સર્વને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું મીઠાં વચનોથી શાંત કર. આ ઊંચા અને ઉત્તમ રાજમહેલો. વિસ્તારવાળી રાજ્યલક્ષ્મી અને પાંચ ઇંદ્રિયોને આહ્લાદ થાય તેવા ભોગ્ય પદાર્થો, તે સર્વે તારે ઉપભોગ કરવાને માટે જ છે ને.

પુત્રી! જાતિ, કુલ, રૂપ, વીર્ય, વિદ્યા અને વિજ્ઞાનાદિ ગુણો તારામાં છે. આજ્ઞા ઉઠાવનાર તારો પરિવાર છે, છતાં તું આમ વૈરાગિત શા માટે થાય છે?

રાજાનાં આ સર્વ વચનો સુદર્શનાએ શાંતપણે શ્રવણ કર્યાં. પ્રત્યુત્તરમાં તેણીએ જણાવ્યું કે–પિતાજી! આપનું કહેવું સત્ય છે. પાંચ ઇંદ્રિયોનાં સુખ અહીં બહોળાં વિસ્તારમાં છે. પરિવાર સર્વ ગુણવાન છે, તથાપિ આ સર્વ વસ્તુઓ અસ્થિર. અસાર, દારુણપરિણામવાળી અને વિષની માફક વિષમ સ્વભાવવાળી છે. કિંપાક વૃક્ષના ફળ સમાન વિષયસુખ, અને મરણ પામ્યા બાદ દેખાવ નહીં આપનાર સંબંધી વર્ગ તેનું સુખ તે તાત્ત્વિક સુખ કેમ કહેવાય? વળી અનિયત સ્વભાવવાળાં જાતિ, કુળાદિકે કરીને આત્માને શું ફાયદો થવાનો છે? કાંઈ જ નહિ. અશુભ કર્મના ઉદયથી ઉત્તમ જાતિવાન પણ મ્લેચ્છાદિ નીચ જાતિમાં ઉત્પન્ન થાય છે. ત્યારે શુભકર્મના ઉદયથી મ્લેચ્છાદિ પણ ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જાતિ, કુળાદિનું આત્માની સાથે અનિયમિતપણું છે. રૂપ પણ આત્માને શું એકાંત સુખદાયી છે? નહિ જ કેમકે યુવાન અવસ્થામાં શરીરની જે સૌંદર્યતા છે તે જ સૌંદર્યતા શરીરમાં રોગ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન થવાની સાથે ક્ષણ વારમાં નષ્ટ થાય છે, યા વૃદ્ધાવસ્થામાં વિલય પામે છે. તેવા ક્ષણિક અને અસાર રૂપમાં રાચવા જેવું કે આનંદ પામવા જેવું કાંઈ નથી. વિદ્યા વિજ્ઞાનાદિ ગુણો પણ જો આત્માની ઉચ્ચ સ્થિતિ માટે ઉપયોગી કરવામાં ન આવે તો તેનું છતાપણું પણ દુઃખને અર્થે જ થાય છે, માટે પિતાજી! કુલ, જાતિ, રૂપ, વીર્ય, વિદ્યા અને વિજ્ઞાનાદિ વિદ્યમાનતાનો આશ્રય લઈ હર્ષિત થવું કે નિશ્ચિંત થવું, તે મને તો ભાવી દુઃખરૂપ જ લાગે છે.

માતા, પિતા, સખી અને બંધવાદિના સંબંધના સંબંધમાં તાત્ત્વિક રીતે વિચાર કરતાં તેઓ એક જાતના દૃઢ બંધન સમાન જણાય છે અથવા રંગભૂમિમાં નૃત્ય કરનાર પાત્રોની માફક થોડા જ વખતમાં રૂપાંતર પામનાર છે, અર્થાત્ વિયોગશીલ છે. આ ગાયનો વિલાપ તુલ્ય છે. નૃત્યો વિડંબના સરખાં છે અને આભૂષણો માત્ર ભાર કે બોજા તુલ્ય છે. ટૂંકામાં જણાવું તો ઇંદ્રિયના વિષયનો પરિણામે દુઃખદાયી જ છે.

ઇત્યાદિ પિતા, પુત્રીનો સંવાદ ચાલી રહ્યો હતો તે અવસરે **જ્ઞાનનિધિ** નામનો પુરોહિત સભામાં આવ્યો. રાજાએ બેસવા નિમિત્તે આસન અપાવ્યું. પુરોહિત પણ રાજાને આશીર્વાદ આપી પોતાના આસનપર બેઠો.

રાજાએ પુરોહિતને પ્રશ્ન કરતાં જણાવ્યું. દ્વિજવર! ધર્માર્થી મનુષ્યોને માટે કયો ધર્મ સુખદાયી છે? કેમકે મારી પુત્રી ધર્માર્થી હોઈ ધર્મને માટે **અરિહંત** દેવનું શરણ લેવા ધારે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરોહિતે જણાવ્યું, નૃપતિ ! સામાન્ય પ્રકારે આરણ્ય શાસ્ત્રમાં ધર્મના આઠ ભેદ જણાવ્યા છે. ત્યાગ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, ઇંદ્રિયદમન અને નિર્લોભતા. વળી અન્ય શાસ્ત્રોમાં વિશેષ પ્રકારે આશ્રમ નિશ્રાએ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. પુત્રબ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને યતિ આશ્રમ (સંન્યસ્તાશ્રમ). જ્યાં સુધી બ્રાહ્મણને ઉપનયન (યજ્ઞોપવિતદાન) કરવામાં નથી આવ્યું ત્યાં સુધી ઇચ્છાનુસાર ચેષ્ટા, ભોજન અને બોલવા વિગેરેની ક્રિયા તે પુત્ર અવસ્થા કહેવાય છે. ઉપનયન કર્યા બાદ બ્રહ્મચર્ય પાળવાપૂર્વક ગુરુને ઘેર વિદ્યાભ્યાસાદિ નિમિત્તે વસવામાં આવે છે. તે બ્રહ્મચર્યાશ્રમ કહેવાય છે. આ આશ્રમમાં સત્ય, શમ, તપ, શૌચ, સંતોષ, લજ્જા, ક્ષમા, સરલતા, જ્ઞાન, દયા, દમન અને ધ્યાન કરવાનું છે.–આ ધર્મ સનાતન છે.

ત્યારપછી ગૃહસ્થાશ્રમ કરવાની ઇચ્છા હોય તો તે આશ્રમ મૂકી ગૃહસ્થાશ્રમમાં આવે અથવા તેવી ઇચ્છા ન હોય તો વાનપ્રસ્થાશ્રમ કે સંન્યસ્તાશ્રમ અંગીકાર કરે. ગૃહસ્થાશ્રમ ધર્મ પણ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ વર્ણના ભેદથી ચાર પ્રકારે છે.

બ્રાહ્મણો ગૃહસ્થાશ્રમમાં રહી પોતાના ષટ્ કર્મમાં આસક્ત રહે. પોતે ભણે, ભણાવે, દાન આપે, દાન ગ્રહણ કરે અને યજ્ઞ કરે કરાવે. આ પ્રમાણે બ્રાહ્મણોએ ગૃહસ્થાશ્રમ પાળવાનો છે.

ક્ષત્રીઓ દાન આપે, વિદ્યા ભણે, યજ્ઞ કરાવે, ન્યાયથી પ્રજાનું પાલન કરે, ધર્મમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તત્પર રહે, અનાચારથી લોકોને પાછા હઠાવે, કર પ્રમુખના બોજાથી પ્રજાને પીડા ન કરે. જુગાર, દારૂ, માંસ, વેશ્યા, પારધીપણું [આહેડો અગર શીકાર], પરધન, પરસ્ત્રી અને બીજાં પણ આ લોક પરલોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ કરે ધર્માર્થી ક્ષત્રીઓએ આ પ્રમાણે વર્તન કરવું જોઈએ.

વિદ્યાભ્યાસ, વાણિજ્યકલા (વ્યાપાર) અને નૃપસેવા પ્રમુખ કર્મો વૈશ્યોએ (વણિકોએ) કરવા અને નિરંતર ન્યાયધર્મમાં તત્પર રહેવું. આ વૈશ્યોનો ધર્મ યા ગૃહસ્થાશ્રમ છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનાં કર્મોથી રહિત, કૃષિ કર્મ (ખેતીવાડી), સુતાર, લુહાર, કુંભાર, હજામ, કડિયા, વિગેરેનાં કર્મો કરનાર શૂદ્રો કહેવાય છે. આ કર્મો કિલષ્ટ હોવાથી પામર જીવોને ઉચિત છે. કિલષ્ટ હોવાનું કારણ સ્મૃતિમાં બતાવ્યું છે કે–માછલાની જળ નાખનાર મચ્છિમાર બાર મહિનામાં જે પાપ કરે છે તે પાપ જમીન ખેડવે કરી હાળી (હળ ખેડનાર) એક દિવસમાં કરે છે. શૂદ્રો પણ દેવ, ગુરુભક્તિમાં તત્પર રહે છે અને દાન આપે છે.

હે રાજન્! આ પ્રમાણે ટૂંકમાં આપની પાસે મેં ગૃહસ્થાશ્રમ ધર્મ નિવેદિત કર્યો. ભૂમિશય્યા, બ્રહ્મચર્ય અને તપશ્ચર્યાવડે આત્માને દમન કરવો, શરીરને દુર્બલ કરવું તે વાનપ્રસ્થાશ્રમ કહેવાય છે.

સર્વસંગનો ત્યાગ, બ્રહ્મચર્ય, ક્ષમા, જિતેન્દ્રિયપણું, એક સ્થળે વધારે વખત નહિં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહેવાપણું તે સંન્યસ્ત ધર્મ છે. કહ્યું છે કે–

ग्रीष्महैमंतिकान् मासानष्टौ भिक्षुर्विचक्रमेत् ।
दयार्थं सर्वभूतानामेकत्र वर्षास्वावसेत् ॥ १ ॥

ભિક્ષુકાશ્રમીઓએ ગ્રીષ્મ ઋતુ અને હેમંત ઋતુના આઠ માસ પર્યંત પૃથ્વીતલ પર પર્યટન કરવું; પણ વર્ષા ઋતુમાં સર્વ જીવોની દયાને ખાતર ચાર માસ એક સ્થળે રહેવું માટે એક સ્થળે વધારે વખત કે સ્થાયી ન રહેવાપણું, આરંભનો ત્યાગ, ભિક્ષાવૃત્તિથી કલ્પ્ય આહાર લેવાપણું, આત્મજ્ઞાન અવબોધની પ્રબળ ઇચ્છા, આત્મદર્શન કરવું એ સંન્યસ્તાશ્રમ ધર્મ કહેવાય છે.

આ પ્રમાણે ટૂંકામાં ચાર વર્ણાશ્રમ ધર્મોનું વર્ણન મેં આપની આગળ કર્યું. હે નરનાથ! આ આપની રાજપુત્રીને ધન્યવાદ ઘટે છે કે–આવી બાલ્યાવસ્થામાં પણ સંસારવાસનાથી નિવૃત્ત થઈ તેણીનું મન ધર્મમાર્ગમાં રમી રહ્યું છે. કહ્યું છે કે—

दालिद्दियस्य दाणं पहुणो खंती विउस्स न हु गव्वो ।
जुव्वणवंतस्स तवो दयाय धम्मस्स कसवट्टो ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દારિદ્ર અવસ્થામાં દાન આપવું, શક્તિ છતાં ક્ષમા કરવી, વિદ્વાન્ છતાં ગર્વ ન કરવો, યુવાવસ્થામાં તપશ્ચર્યા કરવી, અને ધર્મમાં દયાની હયાતી હોવી, તે–તે ગુણોની ખરી પરીક્ષા માટે કસોટી છે.

હે રાજન્! તેમ છતાં પણ સર્વ ધર્મોમાં આદિ ગૃહસ્થાશ્રમ ધર્મ છે. માટે ગૃહસ્થ અવસ્થામાં રહી ધર્મસાધન કરવું જોઈએ. જેમ વહન થતા નદીના સર્વ પ્રવાહો અંતમાં સાગરના સમાગમનો આશ્રય કરે છે, તેમ સર્વ આશ્રમીઓને આશ્રયદાતા ગૃહસ્થાશ્રમ હોવાથી, સર્વ આશ્રમીઓની સ્થિતિ ગૃહસ્થાશ્રમ છે. આ પ્રમાણે પુરોહિતના વચનો સાંભળી સંતોષ પામી રાજાએ જણાવ્યું કે–પુત્રી! આપણા રાજગુરુએ જણાવેલો ધર્મ, ગૃહસ્થાશ્રમમાં રહીને તું અંગીકાર કર. આવો વૈરાગ્ય ધારણ કરવાની તને શું જરૂર છે? મધ્યસ્થ અને નીરાગીપણે ગૃહવાસમાં રહ્યા છતાં નિઃસંગ મનુષ્યો જે પુણ્ય ઉપાર્જન કરે છે, તે પુણ્ય વનવાસમાં રહ્યા છતાં પણ સરાગી મનુષ્યો પેદા કરી શકતા નથી, માટે ગૃહસ્થાવાસમાં મધ્યસ્થપણે રહી જીવન પૂર્ણ કરવું તે વધારે ઉચિત છે.

વળી જાતિ, કુળ, રૂપ અને વિક્રમમાં જે સર્વથા પ્રધાન હશે તેવા લાયક રાજકુમારની તારા વિવાહ માટે હું હમણાં જ ગવેષણા કરાવું છું. પુત્રી! આમ એકદમ વૈરાગણ બની માતા, પિતા અને સ્વજન પ્રમુખને ખેદ નહિ કરાવ. તું જે કહીશ તે સર્વ સામગ્રી હું તને મેળવી આપીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

▣ પ્રકરણ બારમું ▣

ગૃહસ્થાશ્રમ અને ત્યાગ માર્ગની તુલના

ધર્માધર્મ વિચાર

પુરોહિતનાં અને પોતાના પિતાશ્રીનાં વચનો સાંભળી કુમારી સુદર્શનાએ નમ્રતાથી જણાવ્યું કે રાજગુરુ અને પિતાશ્રી ! આરંભની વૃત્તિવાળો ગૃહસ્થાશ્રમ તે શ્રેષ્ઠ કેમ ગણી શકાય ? આપ યાદ કરશો. શુકસંવાદમાં શું કહ્યું છે ?

स्वामिनामुपकारं हि भृत्याः कुर्वन्ति नित्यशः ।
स्वामिनो हि प्रधानत्वं भृत्यानां नोपपद्यते ॥ १ ॥
भिक्षुकाः स्वामिनो ज्ञेया गृहस्थाः किंकराः स्मृताः ।
गृहस्थाः सर्वतो निंद्याः स्तुत्याः सर्वत्र भिक्षुकाः ॥ २ ॥

સેવક લોકો, સ્વામીને નિરંતર ઉપકાર કરે છે, છતાં પ્રધાનપણું તો સ્વામીનું જ કહેવાય છે. પણ સેવકો શ્રેષ્ઠ કહેવાતા નથી (તેમ ભલે ગૃહસ્થાશ્રમ બીજા આશ્રમોનો મદદ કરનાર હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છતાં ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા ન જ કહેવાય. સ્વામી તે સ્વામી જ અને સેવક તે સેવક જ. તેમ ગૃહસ્થાશ્રમ તે ગૃહસ્થાશ્રમ જ અને સંન્યસ્તાશ્રમ તે સંન્યસ્તાશ્રમ જ) ૧. ભિક્ષુકો જ્ઞાનરૂપ ધનવાન હોવાથી સ્વામી જ છે, એમ માનવું જોઈએ. અને ગૃહસ્થો જ્ઞાનધન વિનાના હોવાથી કિંકર સરખા કહેવાય છે. ગૃહસ્થો તેમના સદોષ આચારને લઈને સર્વ પ્રકારે નિંદ્ય છે, ત્યારે શ્રેષ્ઠ આચરણોને લઈને ભિક્ષુકો સર્વપ્રકારે સ્તુતિ કરવા યોગ્ય છે. ૨

मेरूसर्षपयोर्यद्वद्भानुखद्योतयोरिव ।
समुद्रसरसोर्यद्वत्तद्वद्भिक्षुगृहस्थयोः ॥३॥

જેટલું મેરુપર્વત અને સરસવના દાણામાં અંતર છે, સૂર્ય અને ખજુવામાં અંતર છે, તથા સમુદ્ર અને સરોવરમાં અંતર છે, તેટલું ભિક્ષુધર્મ (યતિધર્મ) અને ગૃહધર્મમાં છે. ૩.

નિરંતર આરંભમાં પ્રવૃત્તિવાળા, અને પરિવારાદિના પોષણમાં વ્યગ્ર થયેલા ગૃહસ્થોમાં જોઈએ તેવો પૂર્ણ ધર્મ કયાંથી હોય? કહ્યું છે કે–

खंडनी पेषणी चुल्ली जलकुंभः प्रमार्जनी ।
पंचसूना गृहस्थस्य तेन स्वर्गं न गच्छति ॥१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખાંડણી, ઘંટી, ચૂલો, પાણીના ઘડા અને સાવરણી જીવસંહાર થવામાં આ પાંચ નિમિત્તો ગૃહસ્થોને રહેલા હોવાથી (આ પાંચ આરંભમાં નિત્ય પ્રવૃત્તિ કરનાર) ગૃહસ્થ સ્વર્ગમાં જઈ શકતો નથી. ૧

અગ્નિમાંથી કદાચ પાણી પેદા થઈ શકે. વિષધર (સર્પ)ની દાઢમાં કદાચ અમૃત હોઈ શકે, અને નહિ બનવા લાયક કદાચ સસલાને શિંગડા આવે, તથાપિ જીવહિંસા કરવાથી ધર્મ ન જ હોઈ શકે.

તપ અને સંયમ કર્યા સિવાય સ્વર્ગ કેવી રીતે મળી શકે? શું કોદરા વાવેલ ક્ષેત્રમાંથી કમોદ મળી શકે ખરી? નહિ જ.

ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં પણ દેવ કે મનુષ્ય કે મોક્ષનાં સુખ મળતાં હોય અથવા આત્મા ઉજ્જવળ થતો હોય તો રાજ્યાદિકનો ત્યાગ કરી રાજા, મહારાજાઓ શા માટે તપશ્ચર્યા અંગીકાર કરે?

પિતાજી! મનુષ્યોએ ધર્મ એવા મિથ્યા નામથી નહિ ભોળવાતાં ધર્મના સત્ય પરમાર્થનો વિચાર કરવો જોઈએ. જે મનુષ્ય જેના ખરા ગુણને જાણે છે તે વસ્તુ દૂર રહી હોય છતાં તે, તેની જ અભિલાષા કરે છે. ચંદ્ર આકાશમાં દૂર રહેલો છે તથાપિ તેને દેખીને દૂર રહેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુમુદો હસે છે (વિકસિત થાય છે). જે ધર્મનાં સુંદર ફલો પ્રત્યક્ષપણે જોવામાં આવે છે તે ધર્મ ઉત્તમ છે. જે ધર્મના કાંઈપણ અલૌકિક ગુણો અનુભવમાં આવતા નથી, અથવા શ્રદ્ધાન કરવા લાયક ઉત્તમ ગુરુના મુખથી જે ધર્મ સાંભળવામાં નથી આવ્યો. તે ધર્મને ધર્મપણે કેમ ગ્રહણ કરી શકાય?

ઉત્તમ ગુરુના ઉપદેશ સિવાયનો ધર્મ પરલોક હિતકારી થતો નથી જેમ ગુરુ સિવાય *નૃત્ય કરતાં શીખેલ મયૂરને નૃત્ય કરતાં દેખી લોકો હસે છે, તેમ તે ધર્મ કરનાર હાંસીપાત્ર થાય છે.

પિતાજી! ભવસમુદ્રમાં જહાજતુલ્ય ગુરુશ્રીની કૃપાથી દેવ, ગુરુ, ધર્મનું જે સ્વરૂપ મને જણાય છે, તે હું આપની આગળ જણાવું છું. આપ શાંતિથી શ્રવણ કરશો.

દેવાધિદેવ

જે પુત્ર, કલત્રાદિકની આશાના દૃઢ બંધનોથી બંધાયેલ નથી, અનંગ (કામ) બાણોથી જે બિલકુલ હણાયેલ નથી, સર્વ ભયથી નિરંતર મુક્ત હોવાથી પાસે હથિયાર રાખતા નથી,

* નૃત્ય કરતાં મયૂરનો આગળનો ભાગ સુંદર દેખાય છે પણ પૂંઠનો ભાગ તદ્દન ખુલ્લો અર્થાત્ ખરાબ દેખાય છે. ગુરુ સિવાય પોતાની મેળે શીખેલ કળાનું આ દૃષ્ટાન્ત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાપ્ત કરવા લાયક કાંઈ પણ બાકી ન રહેલું હોવાથી હાથમાં જપમાળા રાખતા નથી, સર્વજ્ઞ હોવાથી જેને પુસ્તકની બિલકુલ જરૂર નથી. પૂર્ણ હોવાથી ધ્યાન કરવાની જેને જરૂર નથી, દુર્જય કામમાતંગ (હાથી)ના કુંભસ્થળ વિદારવામાં જે સિંહ તુલ્ય છે, ક્રોધ દાવાનળ બુઝાવવામાં પુષ્કરાવર્ત મેઘ સમાન છે, શોક સર્પને વશ કરવા ગરુડ તુલ્ય છે, મોહવૃક્ષ ભાંગવાને ઐરાવણ હાથી સમાન છે. માન મહીધર (પર્વત)નું ચૂર્ણ કરવાને વજ્રતુલ્ય છે, સંગથી રહિત જિતેન્દ્રિય, મમત્વ વિનાના, નિરભિમાની અને શત્રુ ઉપર સમદૃષ્ટિથી જોનાર તે દેવાધિદેવ મહાદેવ કહેવાય છે.

સર્વ જીવની રક્ષા (દયા) કરનાર, સર્વના ગુરુ થવાને લાયક, સર્વને હિતકારી ધર્મ બતાવનાર, આત્મિકગુણાધિકતાથી સર્વને નમન કરવા યોગ્ય, સર્વજ્ઞ અને સર્વદર્શી તે પરમેશ્વર કહેવાય છે.

ક્રોધ, માન, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, હાસ્ય, ખેદ, વિષયાભિલાષ, મદ, રતિ, વંચન, જનન, નિદ્રા અને લોભ, આ અઢાર દોષ જેનામાં બિલકુલ ન હોય તે પરમાત્મા કહેવાય છે.

જે દેવોનો પણ દેવ છે. કેવલજ્ઞાન કેવલ દર્શનથી હસ્તામલકની માફક જે લોકાલોકને જાણનાર છે. શાશ્વત સુખના નિધાન સરખા, અપ્રતિહત જ્ઞાન, દર્શન, ચારિત્રને ધારણ કરનાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ઇંદ્રાદિ દેવોથી પૂજનિક તે, સર્વજ્ઞ, વીતરાગ, મહાદેવ, દેવાધિદેવ, પરમેશ્વર, પરમાત્માદિ નામોથી બોલાવાતા અરિહંતદેવ દેવ કહેવાય છે.

સદ્ગુરુ

પિતાશ્રી! ગૃહ, સ્ત્રી, પુત્ર, ધન, પરિવારાદિ બાહ્ય ગ્રંથિનો (પરિગ્રહનો) ત્યાગ કરનાર, સુખ-દુઃખને સમદૃષ્ટિથી જોનાર, જીવાજીવાદિ તત્ત્વોના ત્યાગ ગ્રહણાદિ પરમાર્થને જાણનાર, દુર્ધર પાંચમહાવ્રતના ભારને વહન કરનાર, અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનાર. દુઃસહ બાવીશ પરિષહ-સહન કરવામાં ઉદ્યમ કરવાવાળા, મહાસત્ત્વવાન, ક્રોધાગ્નિને બુઝાવનાર. મન, વચન, કાયાના અશુભ માર્ગનો નિરોધ કરનાર, સજ્ઝાય ધ્યાનમાં આસક્ત, વિવિધ પ્રકારના નિયમ ધારનાર, ક્ષમા, ઇંદ્રિયદમન અને સંતોષમાં તત્પર, તૃણ અને મણિ, મિત્ર અને શત્રુમાં સમદૃષ્ટિ રાખનાર, છ જીવનિકાયનું રક્ષણ કરનાર, મધુકર વૃત્તિએ નિર્દોષ આહાર ગ્રહણ કરનાર, સંયમરૂપ પાણીથી પૂર્ણ દયારૂપ તરંગોવાળી, મનની પવિત્રતા અને શિયલરૂપ કિનારાવાળી, સત્ય-તપ-ઇંદ્રિયનિગ્રહ અને કરુણારૂપ ચાર પ્રવાહવાળી આત્મરૂપ નદીમાં સ્નાન કરી, પાપરૂપ મળને ધોનારા, ઉપશમ, વિવેક અને સંવરરૂપ ત્રણ પવિત્ર કુંડો બનાવી, જ્ઞાનરૂપ ઘી હોમી, ધ્યાનરૂપ અગ્નિ સળગાવી, ક્રોધ-માન-માયા-લોભ-કામ-રાગ અને દ્વેષરૂપ હોમવા લાયક પશુઓને હોમી ક્ષમારૂપ પુરોડાશ (હવ્ય પદાર્થ)નું ભોજન કરનારા, બ્રહ્મચર્ય અને મહાવ્રતરૂપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પવિત્ર શાંતિજળથી પાપપંકની શાંતિ કરનારા, સર્વ જીવને અભય આપનારા અને સ્વ-પરને તારનારા ઇત્યાદિ અનેક ગુણગણોથી ભરપૂર ગુરુઓ હોય છે.

સદ્ધર્મ

પિતાશ્રી! દેવ અને ગુરુના ગુણોથી ધર્મ જુદો નથી, કેમકે ગુણ એ ગુણીને મૂકીને રહી શકતો નથી, તથાપિ વ્યવહારથી ભિન્નરૂપે પણ તે ધર્મ વીતરાગોએ બતાવ્યો છે.

સર્વ જીવો પર દયા રાખવી. નિરંતર સત્ય બોલવું. ચોરી નહિ કરવી. મન, વચન, કાયાથી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું. પરિગ્રહ આરંભનો ત્યાગ કરવો. મન, વચન, કાયાના યોગોનો અશુદ્ધ વ્યાપારથી નિરોધ કરવો. નિર્લોભતા, ઇંદ્રિયવિજય, કષાયત્યાગ અને શત્રુ મિત્ર પર સમભાવ રાખવો, ઇત્યાદિરૂપ આ ધર્મ મોક્ષ સુખરૂપ ફળને આપનાર છે. વિશેષ શું કહેવું! જ્યાં વીતરાગ મહાન દેવ છે, આત્મરમણતા એ જ ધર્મ છે, અને મહાવ્રતધારી, ઉદાર, કૃપાળુ, નિત્ય બ્રહ્મચારી ગુરુઓ જ્યાં સહાયકારી છે, તેઓની મદદથી આત્મિકસુખ પ્રકટ થાય તેમાં કહેવું જ શાનું?

પિતાશ્રી! "અમુક ગુણરૂપ પરાક્રમવાળા પતિની તારે માટે શોધ કરશું વિગેરે" આપે જણાવ્યું, પણ તે વિષયસુખનું ફળ મેં પૂર્વ ભવને વિષે અનુભવ્યું છે. સંસારનું ફળ ભોગવ્યું છે.

સ્વામીનો સ્નેહ મેં જોયો છે. બસ ઘણી થઈ. પિતાજી! વિડંબના માત્ર આ વિષય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુખની મને બિલકુલ જરૂર નથી. આ પૌદ્ગલિક સુખ મને ન જ જોઈએ. મારે તો ભરૂયચ્ચ નગરે જવું છે. ત્યાં રહેલા મારા પરમ ઉપકારી ગુરુઓને નમસ્કાર કરવા છે. અને મારે તે સ્થળે એક જિનભુવન બંધાવવું છે.

મહાત્મા પુરુષો સિંહનાદ કરીને કહે છે–મનુષ્ય જન્મ પામી વિચારવાન મનુષ્યોએ એવું કોઈ પણ ઉત્તમ કાર્ય કરી લેવું જોઈએ કે–ફરી આવા દેહોમાં જન્મ, મરણાદિ કરી દુઃખી થવાનો વખત જ ન આવે. દેહધારી જીવો જન્મે છે, મરે છે, પરિભ્રમણ કરે છે, ફરી જન્મે છે અને મરે છે. પણ જેઓ અનુકૂળ સંયોગો પામી આત્મધર્મમય બને છે તેઓ જ ધન્યભાગ્ય છે.

સુદર્શના અને તેના પિતા ચંદ્રગુપ્તના થતા સંવાદ વખતે રાણી ચંદ્રલેખા અને (પરદેશથી આવેલી અજાણી) સુંદરી પણ રાજસભામાં બેઠી હતી. સુદર્શનાનું ધર્મ સંબંધી ચાતુર્ય, ગાંભીર્ય અને પ્રવીણતા જાણી સુંદરીને ઘણો હર્ષ થયો.

રાજા પણ પોતાની પુત્રીને શાસ્ત્રમાં તથા નીતિમાં નિપુણ દેખી પરમ આહ્લાદ પામ્યો, તથાપિ પુત્રીના મોહથી મોહિત થઈ, સુંદરી તરફ દૃષ્ટિ કરી, વિશેષ પ્રણયપૂર્વક સુંદરીને કહેવા લાગ્યો.

॥ ૮૪ ॥

મહાનુભાવા સુંદરી! હું જાણું છું કે તું સ્વભાવથી જ આત્મકાર્યમાં ઉજમાળ છે તથાપિ આ અવસરે તારે મારું એક કામ કરવું જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુંદરીએ પ્રણામ કરી જણાવ્યું–મહારાજ! શી આજ્ઞા છે?

રાજાએ જણાવ્યું–આ મારી સુદર્શના તારા પ્રભાવથી જ ઉત્પન્ન થયેલી છે. તું તેને એવી રીતે શિક્ષા (સલાહ) આપ કે તે સંસારના સુખમાં આસક્ત થાય અને તેનો વૈરાગ્ય મૂકી દે.

આ તારી બહેનની કે બહેનપણીની પુત્રી છે. વળી તને વિશેષ પ્રકારે વલ્લભ છે તો મારું માનવું એમ છે કે–તે તારા વચનથી સંસારવાસમાં રહેવાનું તરત જ કબૂલ કરશે. ખરેખર સ્વજનોની એ જ રીતિ છે કે સુખ–દુઃખમાં સરખો ભાગ લઈ યોગ્ય અવસરે મદદ આપે.

રાજાનાં આ વચનો સાંભળી સુંદરી વિચારમાં પડી કે–મારે આ ઠેકાણે સુદર્શનાને કાંઈ પણ કહેવા જેવું નથી કેમકે તેણી જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વભવ જાણનારી છે. જિનધર્મના તત્ત્વો તેનાં રોમે રોમે પરિણમી રહ્યાં છે. શું તેણી મારા વચનોથી સંસાર તરફ પોતાનું વલણ કરશે? નહિ જ. વળી વિષયોથી વિરક્ત થયેલાને વિષય સંબંધી બોધ આપી તેમાં પ્રવૃત્તિ કરાવવી તે તેના પવિત્ર હૃદયનો ઘાત કરવા બરોબર છે, માટે મારે તો જેમ તેણી જિનધર્મમાં સ્થિર યાને દૃઢ થાય તેમ તેને કહેવાની જરૂર છે. તેમ કહેવાથી મહારાજા કદાચ વિરક્ત થશે, પણ તેનું પરિણામ તો સારું જ આવશે. ઇત્યાદિ કેટલાક વખત સુધી ઘણી બારીક રીતે વિચાર કરી સુંદરીએ રાજાને જણાવ્યું મહારાજ! આ કાર્યમાં મારા જેવા બાળકને બોલવાનું શું છે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થાત્ આ વિદ્વાન્ રાજકુમારીને શિક્ષા આપવી તે મારી બુદ્ધિનું માપ કરવા જેવું છે, તથાપિ આપનો આગ્રહ વિશેષ છે તો અવસરને ઉચિત હું કાંઈપણ જણાવીશ કે જે બોલતાં લોકો આગળ હું હાંસીપાત્ર ન થાઉં.

મહારાજ! આ ક્ષણભર માત્ર રમણિક વિષયસુખમાં લુબ્ધ થયેલા મનુષ્યો પરિણામે (અંતમાં) જે દુઃખ પામે છે તે દુઃખ વિષમ વિષકદલીથી પણ અત્યંત દુઃખદાયી છે, તેના સંબંધમાં સ્વાનુભવસિદ્ધ એક આખ્યાયિકા (કથા-દૃષ્ટાંત) હું આપ સર્વને નિવેદિત કરું છું. આપ સાવધાન થઈને શ્રવણ કરશો.

□ પ્રકરણ તેરમું □

સ્ત્રીરત્ન સુંદરીનું જીવનવૃત્તાંત

દક્ષિણાર્ધ ભારતવર્ષના મધ્યખંડમાં જગત્પ્રસિદ્ધ, ધન, ધાન્યથી ભરપૂર અયોધ્યા નામની નગરી છે, નિધિની અંદર સ્થાપન કરેલ દ્રવ્યની સંખ્યા અને ભુવન પર રહેલ ધવલ ધ્વજાઓની સંખ્યાથી મનુષ્ય લોકમાં પણ દૈવિક સંપદાનું ભાન થતું હતું. ગૃહનાં શિખરોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(ટોચ ઉપર) બારસાખ પર રહેલા તોરણોમાં અને સ્થંભોના અગ્રભાગ પર જડવામાં આવેલાં રત્નોથી એમ અનુમાન કરાતું હતું કે વિધિએ રત્નાકરને (સમુદ્રને) તો કેવળ જળ માત્ર જ અવશેષ રાખ્યો છે. બાકી સઘળાં રત્નો અહીં આણ્યાં છે.

રિપુ વર્ગના દર્પને તોડનાર અને નીતિલતાને વૃદ્ધિ પમાડવામાં સજલ જલધર સમાન ઇક્ષ્વાકુ વંશમાં તિલક સરખો **જયધર્મ** રાજા તે નગરીમાં રાજ્ય કરતો હતો. આ રાજાનું હૃદય **મુનિસુવ્રતસ્વામી** તીર્થંકરના ગુણગણોથી નિરંતર વાસિત હતું. તે મિથ્યાત્વતિમિરને દૂર કરવાને સૂર્ય સમાન સમર્થ હતો. વળી સ્વભાવથી જ સમુદ્ર કરતાં અતિશય ગંભીર હતો, છતાં સમુદ્રની માફક ખારો ન હતો. સૂર્યની માફક તેજસ્વી હતો છતાં કોઇને સંતાપ કરતો ન હતો. મેરુપર્વતની માફક ગુણગણોથી ગુરુ (ભારે) હતો તથાપિ તે સ્તબ્ધ (અહંકારી–અક્કડ) ન હતો. ચંદ્રની માફક સૌમ્ય સ્વભાવનો હતો તથાપિ તે કલંક રહિત હતો. તેની કીર્તિ સુરલોક પર્યંત પ્રસરનારી હતી. પરાક્રમ શત્રુઓનો ક્ષય કરવા પર્યંતનું હતું. ભક્તિ જિનેશ્વરોને નમન કરવા પર્યંતની હતી અને ત્યાગ દારિદ્રયને દૂર કરવા પર્યંતનો હતો.

નિર્મળ શિયળરૂપ હારવાળી, અને ચંદ્રસમાન વદને કરી લક્ષ્મીને પણ જીતનારી **પદ્માવતી** નામની તે રાજાને રાણી હતી, છતાં એક દૂષણ તેણીમાં એ હતું કે તેને કાંઇ પણ સંતતિ ન હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંતતિને માટે ચિંતા કરતી રાણી એક દિવસ ઉદાસીન થઈને બેઠી હતી તે અવસરે એક પરિવ્રાજિકા તેણીની પાસે આવી. તેણીએ રાણીને દિલાસો આપતાં જણાવ્યું. બાઈ! તમને પુત્ર થશે. ચિંતા નહિ કરો. ઇત્યાદિ કહીને નાના પ્રકારની ઔષધીઓથી મિશ્રિત ચૂર્ણ સ્નાન કરવા માટે આપ્યું. રાણીએ સુવર્ણાદિકથી તેણીનો સત્કાર કર્યો. તે સર્વ વસ્તુ લઈ પરિવ્રાજિકા ચાલતી થઈ. કેટલોક વખત ચાલ્યો ગયો પણ રાણીને કાંઈ સંતાન ન થયું. છેવટે કેટલાક વર્ષ બાદ રાણીએ એક પુત્રીનો જન્મ આપ્યો. જન્મ થવા પહેલાં સ્વપ્નમાં કુલદેવીએ આવીને રાણીને જણાવ્યું કે–આ તારી પુત્રી સર્વજનોને વંદનીય સાધ્વી થશે. આ સ્વપ્નથી રાણીને ઘણો સંતોષ થયો. રાજાએ પુત્રીની ભવિષ્યની સ્થિતિ વિચારી તેણીનું **શીળવતી** નામ રાખ્યું. પુત્રી પણ જન્મદિવસથી લાવણ્ય, રૂપ અને સૌભાગ્યાદિ ગુણો સાથે વૃદ્ધિ પામતી અનુક્રમે યુવાવસ્થામાં આવી પહોંચી.

અદ્‌ભુત રૂપ, લાવણ્યવાળી પુત્રી દેખી રાજા વિચારમાં પડયો કે–મારી પુત્રીને લાયક કોઈ પણ વરની મારે શોધ કરવી જોઈએ. ચિંતાથી સંતપ્ત થયેલ **જયવર્મ** રાજાએ, પ્રધાન પુરુષોને મોકલી અનેક રાજકુમારોની શોધ કરાવી તથાપિ કોઈપણ રાજકુમાર, રાજકુમારીને લાયક જણાયો નહિ. આથી વિષાદ પામી રાજા ચિંતવવા લાગ્યો કે–ભલે પુત્રી વિદ્વાન્ હોય તથાપિ તે માતા, પિતાને ચિંતાનું કારણ થઈ પડે છે, 'કન્યાનો પિતા' એ નામ ખરેખર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખરૂપ જ છે, કેમકે, પુત્રીનો જન્મ થતાં ચિંતા થાય છે મોટી થતાં આ કન્યા કોને આપવી તે સંબંધી વિશેષ ચિંતા થાય છે, પરણાવ્યા પછી તે સુખમાં રહેશે કે કેમ? વિગેરે અનેક વિકલ્પો થાય છે. આ પ્રમાણે રાજા ચિંતામાં મગ્ન થયો હતો, એ જ અવસરે તે રાજાની સેવા કરવા માટે **કુણાલા** નગરીથી **આહવમલ્લ** રાજાનો **વિજયકુમાર** નામનો પુત્ર ત્યાં આવી પહોંચ્યો. દૂરથી રાજાને પ્રણામ કરી તે ઊભો રહ્યો. રાજાએ કુશળ સમાચાર પૂછી બેસવાને આસન અપાવ્યું. આ રાજકુમાર પાસે આકાશગામીની વિદ્યા હોવાથી તે આકાશગમન કરી શકતો હતો. આ કારણથી તે રાજા પાસેથી તેમજ લોકો તરફથી પણ વિશેષ માન પામ્યો હતો. વળી તે એટલો બધો રૂપવાન હતો કે–તેને દેખવા માટે સંખ્યાબંધ પુરુષ, સ્ત્રીઓ તેની પાછળ ફરતાં યા તેને નીકળવાના રસ્તા પર રાહ જોઈને ઊભા રહેતાં હતાં.

આ અવસરે **રાજપુત્રી** શીળવતી પણ પિતાના પાદવંદનાર્થે અનેક સખીઓ સાથે રાજ-સભામાં આવી. પિતાને નમસ્કાર કરી તેની નજીકમાં શીળવતી બેઠી. સભામાં આજુબાજુ નજર કરતાં વિજયકુમાર તરફ રાજકુમારીનું ધ્યાન ખેંચાયું. કુમારનું અદ્‌ભૂત રૂપ દેખી કુમારી વિચારવા લાગી કે–આ રાજકુમાર જે સ્ત્રીનો પતિ થશે તે નારી કોઈ મહાભાગ્યવાન યા પુન્ય-વાન જ હોવી જોઈએ. આ પ્રમાણે વિચારણા કરતી કુમારીએ વિકારી લાગણી વિના સ્વાભાવિક રીતે જ વિજયકુમાર ઉપર પોતાની દૃષ્ટિ સ્થાપન કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુમારીની દૃષ્ટિ વિજયકુમાર ઉપર ઠરેલી દેખી પાસે રહેલા સભાના લોકોએ સહસા તેવો જ નિર્ણય બાંધી લીધો કે–કુમારીની લાગણી આ કુમાર ઉપર વિશેષ છે.

આ તરફ કુમારીનું મન નિર્દોષ છતાં ધીમે ધીમે કુમારના રૂપમાં આસક્ત થવા લાગ્યું કહ્યું છે કે–

रुवेण दिट्ठिपसरो पसरेण रई रईइ संसग्गो ।
तेण खलु मइलइ सीलं, पणट्ठसीलाणं संसारो ॥ १ ॥

રૂપ જોવાથી તે તરફ દૃષ્ટિ આકર્ષાય છે. દૃષ્ટિનું આકર્ષણ થવાથી સ્નેહ બંધાય છે. સ્નેહ થવાથી તેનો પરિચય થાય છે. પરિચયમાં (સહવાસમાં) આવવાથી શિયળ મલિન થાય છે અને શિયલથી ભ્રષ્ટ થયેલા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે. ૧. ખરી વાત છે કે–

रसणिंदियबंभवयं मणगुत्ती तहय मोहणियकम्मं ।
चउरो इमाइं नूणं, जिप्पंति जइक्कवीरेहिं ॥ १ ॥

જિહ્વા ઇંદ્રિય, બ્રહ્મચર્યવ્રત, મનોગુપ્તિ અને મોહનીય કર્મ, નિશ્ચે આ ચાર વસ્તુનો વિજય કોઈ વીરપુરુષ જ કરી શકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gún Aaradhak Trust

આ અવસરે પોતાના અને વિજયકુમારના સંબંધમાં ગુપ્ત પણ ધીમે ધીમે સભાના લોકો કાંઈ વાતો કરતા હોય તેમ અનુમાનથી જાણીને પોતાના પિતાથી શરમાયેલી રાજકુમારી, તરત જ સભામાંથી ઊઠીને પોતાના વાસભુવનમાં આવી.

આ તરફ કુમારીના જવા પછી શીળવતીનો ખરો આશય શું હતો તે જાણ્યા સિવાય તેમજ કુળદેવીએ સ્વપ્નમાં જણાવેલ વચનોનું નહિ સ્મરણ કરતાં રાજાએ તરત જ શીળવતી અને વિજયકુમારનો વિવાહ સંબંધ જાહેર કર્યો. અર્થાત્ વિજયકુમાર સાથે શીળવતીનો વિવાહ કર્યો. નિમિત્તિઆને બોલાવી લગ્ન માટેના શુભ મુહૂર્તનો નિર્ણય કર્યો. લગ્ન દિવસ ઘણો નજીકનો આવવાથી તરત જ રાજમંદિરો શણગારવાનું કામ શરૂ થયું રસ્તાઓ અને બજારો વિગેરે સાફસૂફ થયા. વિવાહની સામગ્રીની ધામધૂમ ચાલતી હતી, એટલામાં ઉદ્યાનપાલકે આવી રાજાને વિનંતિ કરી કે–મહારાજા! શિશિર ઋતુ પૂર્ણ થઈ હોવાથી પક્ષીઓના મધુર અને કલરવ શબ્દોરૂપ વાજંત્રને વગાડતો, સુરભી પાડલ-વૃક્ષના પુષ્પોના આમોદવડે આકાશને પણ વ્યાપ્ત કરતો અને પંચ બાણના જોરથી નરનારીઓના માનને મર્દન કરતો આપણા વનને વિષે વસંત રાજા આવી પહોંચ્યો છે. અર્થાત્ વસંત ઋતુની શરૂઆત થઈ ચૂકી છે, તો આપ વનમાં ક્રીડાદિ વિનોદ અર્થે પધારશો.

આ વર્તમાન સાંભળી રાજાએ ખુશી થઈ ઉદ્યાનપાલકને ઇચ્છાથી અધિક દાન આપી

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ખુશી કર્યો. નાના પ્રકારના અલંકારથી અલંકૃત થઈ, તથા વિજયકુમારાદિને સાથે લઈ રાજા પુષ્પકરંડ નામના ઉદ્યાનમાં આવી પહોંચ્યો.

▣ પ્રકરણ ૧૪ મું ▣

શીળવતીનું હરણ

રાજા પરિવાર સહિત વનમાં ફરવા લાગ્યો. ગુલાબ, જાઈ, કેતકી, ચંપો, ડોલર, પાડલાદિ ઉત્તમ પુષ્પોનો બહાર વનમાં ફેલાઈ રહ્યો હતો. આમ્ર, જાંબુ, જંબીર, દાડમ, નારંગી, એલા, લવીંગ આદિ વૃક્ષોની સુંદર ઘટાઓમાં કોયલ મેના આદિ પંખીઓના કલરવ શબ્દો સંભળાતા હતા. મજબૂત વૃક્ષોની ઘટામાં બાંધેલા હીંડોળા પર મધ્યમ વયની કુમારિકાઓ હીંચો રહી હતી. તળાવ, વાવ અને કુંડોમાં તરુણ પુરુષ, સ્ત્રીઓ ક્રીડા કરવાપૂર્વક સ્નાન કરી રહ્યાં હતાં. રાજા પણ ક્રીડા કરવામાં વ્યગ્ર થઈ રહ્યો હતો. એ અવસરે એક વિદ્યાધર, વિજયકુમારનું રૂપ ધારણ કરી શીળવતીનું હરણ કરી આકાશમાર્ગે ચાલતો થયો. વિજયકુમારની ભ્રાંતિથી શીળવતી બોલી ઉઠી—રાજકુમાર! સ્ત્રીઓનાં ચપળ ચિત્ત જાણ્યા સિવાય તેની સાથે હાંસી કરવી તે તમને યોગ્ય નથી. મને તમે હમણાં જ મૂકી દો, જેથી હું મારી સખીઓમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાલી જઉં. વળી મારાં માતા, પિતાદિ સ્વજનવર્ગ સર્વે અહીં છે, માટે તેની પણ મને લજ્જા આવે છે. એ વિજયકુમાર! મને જવા દો–મૂકી દો. ઇત્યાદિ અનેક શબ્દો કહ્યા પણ સાંભળે કોણ? તેણે તો આકાશમાર્ગે ચાલવા જ માંડયું. વિજયકુમાર બળવાન છે, આકાશગમન કરનાર છે વિગેરે તેના માહાત્મ્યને તે વિદ્યાધર જાણતો હોવાથી, સશંકપણે વૈતાઢ્ય પહાડનો માર્ગ મૂકી દઈ, શીળવતીને ઉપાડી સમુદ્રના સન્મુખ તે ચાલવા લાગ્યો. ભયસહિત આકાશમાર્ગે ઉલ્લંઘન ન કરતા, સમુદ્રની અંદર રહેલા **વિમલશૈલ** ઉપર તે આવી પહોંચ્યો. ત્યાં પહોંચ્યાને હજી થોડો પણ વખત ન લાગ્યો તેટલામાં પોતાને માટે નિર્માણ કરાયેલી પ્રિયાને છોડાવવા માટે હાથમાં ત્રાસદાયક ખડ્ગ લઈ વિજયકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો. ઓષ્ઠપુટને કરડતો ભયંકર ભ્રકુટિને ધારણ કરતો, વિખરાયેલ કેશવાળો વિજયકુમાર લાલ નેત્રો કરતો બોલી ઉઠ્યો રે! રે! નભશ્ચર! શું આજે તને યમરાજા સાંભરી આવ્યો છે કે તેં મારી પ્રિયાનું હરણ કર્યું?

વિજયકુમારને આવેલો દેખી શીળવતી વિચારમાં પડી કે આ વિજયકુમાર કે તે વિજયકુમાર? બન્નેનું રૂપ સરખું છે. વસ્ત્રો, આભરણો અને બોલવું ચાલવું તે સર્વ સરખું છે તો, બેમાંથી જેની સાથે મારો વિવાહ થયો છે તે કુમાર કયો?

વિચાર કરતાં ચોક્કસ ચેષ્ટા પરથી તેણીએ નિશ્ચય કર્યો કે–જે પાછળ આવ્યો છે તે વિજયકુમાર છે. તેને દેખી શીળવતી બોલી ઊઠી જો મારું સતીવ્રત અખંડિત હોય તો સત્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિજયકુમારનો વિજય થયો.

આક્ષેપ કરતો, પોતાની પાછળ વિજયકુમારને આવ્યો જાણી તેને મારવા માટે તે વિદ્યાધરે કોપ કરી જોરથી તેના પર ચક્ર મૂકયું. વિજયકુમાર પણ તે ચક્રને ચુકાવી આકાશમાં ઊંચો ઊછળ્યો. વિદ્યાધર પણ તેની સાથે જ આકાશમાં ઉછળ્યો, વિજયકુમારે તીક્ષ્ણ ખડ્ગના પ્રહારથી તેનો મુગટ નીચો પાડયો. મુગટ નીચો પડતાં જ પોતાની હાર થશે એમ જાણી શીળવતીને તે પહાડ પર જ રહેવા દઈ વિદ્યાધર ત્યાંથી જીવ લઈ નાશી ગયો. એ પરસ્ત્રીનું હરણ કરનાર! તું થોડો વખત તો ઊભો રહે ઇત્યાદિ બોલતો ક્રોધરૂપ અગ્નિથી પ્રજ્વલિત થયેલો વિજયકુમાર તેની પાછળ પડયો.

આ તરફ શીળવતી પહાડ પર એકલી ઊભી ઊભી ચારે બાજુ નજર કરે છે તો તે પ્રદેશ તદ્દન અપરિચિત પોતાના જાણવામાં આવ્યો. તે નગરી, તે ઉદ્યાન, માતા, પિતા અને સખી વર્ગ વિગેરે કાંઈ પણ નજરે ન આવ્યું. તે વિચારવા લાગી. હા! હા! હત–વિધિએ મને ક્ષણ વારમાં મારા સંબંધીઓથી જુદી પાડી. અરે! પણ જે મોટી આશા બાંધી મારા રક્ષણને માટે મારા પાછળ આવ્યો હતો તે રાજકુમાર પણ પાછો ન આવ્યો. અરે! તે મહાનુભાવ કયાં ગયો? શું તેનો વિજય થયો હશે કે પેલાનો?

પહાડ તરફ લાંબી નજર કરી તે નિહાળતી હતી તો કોઈ સ્થળે લાંગુલને (પૂંછડાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમીન પર આસ્ફાલન કરતો સિંહ દેખાયો. કોઈ સ્થળે ઘુર્ઘુરારવ કરતા વરાહ દેખાતા હતા. કોઈ બાજુ સૂંઢાદંડ ઊંચા કરી દોડાદોડ કરતા હાથીઓ જણાતા હતા. કોઈ સ્થળે શૃંગના અગ્રભાગે કરી શિલાઓને ઉછાળતા વનમહિષો જોવામાં આવતા હતાં. તો કોઈ સ્થળે ચપળ સ્વભાવના વાનરોના યૂથો ફરતાં હતાં તો કોઈ ઠેકાણે ભયંકર ફુત્કાર મૂકતા મણિધરો (સર્પો) ફરી રહ્યા હતા. કોઈ સ્થળે કિલકિલારવ કરતા વિકરાળ વેતાળો, રૌદ્ર શબ્દ કરતા પિશાચો, અને કર્તિકા લઈ કૂદતી શાકિનીઓના પડછાયાના આકાર જણાતા હતા. આ પ્રમાણે ચારે દિશાએ શ્વાપદાદિના શબ્દોના પ્રતિરવોથી (પડછંદાથી) નિર્જન પ્રદેશમાં એકલી રહેલી શીળવતીને તે પહાડ ભયંકર ભાસતો હતો.

પવનથી ખડખડતાં ઝાડના શુષ્ક પત્રોનો અવાજ સાંભળતાં જ દુષ્ટ જનવરોની શંકાથી તેણીનું ગાત્ર કંપતું હતું. કેટલીક વખત તો સહજ ખડખડાટ થતાં વિજયકુમારની આવવાની શંકાથી તેણી સન્મુખ દોડી જતી હતી પણ જ્યારે તેને નહિ દેખાતી ત્યારે નિરાશ થઈ પાછી મૂળ સ્થળે આવીને બેસતી. વિજયકુમાર હમણાં આવશે. આ બાજુથી આવવા જોઈએ. તેઓ મારા રક્ષણને માટે જ આવ્યા છે. વિદ્યાધરના હાથમાંથી છોડાવવા માટે મારા પિતાએ જ મોકલ્યા હશે. ઇત્યાદિ નાના પ્રકારના સંકલ્પો કરતાં ઘણો વખત ગયો પણ વિજયકુમાર પાછો ન જ આવ્યો. છેવટે નિરાશ થયેલી બાળા શોકસમુદ્રમાં પેસી નાના પ્રકારના વિચારો કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહા! આવા ભયંકર પહાડ પર હું નિરાધારપણે એકલી કયાં જાઉં? અરે નિષ્ઠુર વિધિ! તારામાં આટલી બધી નિર્દયતા છે! તેં મને અત્યારે કેવી સ્થિતિમાં લાવી મૂકી છે! એવો તે તારો મેં શો અપરાધ કર્યો છે? ઇત્યાદિ. ભયમાં આવી પડેલી રાજબાળાએ અનેક પ્રકારે વિધિને ઓળંભો આપ્યો, પણ તેનાં દુઃખમાં કાંઈ ઘટાડો ન થયો. ત્યારે પૂર્વકર્મનો પશ્ચાત્તાપ કરતાં સ્વગત બોલવા લાગી કે–હે જીવ! પૂર્વભવને વિશે, નિયમાદિ લઈને પૂર્ણ રીતે તેં પાળ્યાં નહિ હોય. અથવા કોઈની થાપણ ઓળવી હશે, અથવા વિશ્વાસુને ઠગ્યા હશે, અથવા કોઈને અયોગ્ય સલાહ આપી હશે, અથવા હાસ્યથી બાલકોનો માતા સાથે વિયોગ કરાવ્યો હશે અથવા મેં કોઈની સંપત્તિ હરણ કરી હશે, તે સિવાય વગર પ્રયોજને અકસ્માત્ આ વિપત્તિ કયાંથી આવી પડી? હે જીવ! દુનિયાનાં સર્વ પ્રાણિઓ પોતાનાં કરેલ કર્મનો અનુભવ કરે છે તો તને પણ આ વખતે પૂર્વકૃત કર્મ ઉદય આવ્યું છે, તે ધીરજ રાખી સહન કર. વિલાપ કરવાથી શું વળવાનું છે? વિવેકી મનુષ્યોએ સંપત્તિની પ્રાપ્તિ વખતે હર્ષ ન કરવો જોઈએ તેમ વિપત્તિ વખતે શોક પણ ન કરવો જોઈએ.

॥ ૯૬ ॥

ઇત્યાદિ અનેક પ્રકારે પોતે પોતાને ધીરજ આપતી શીળવતી ત્યાં જ રહી. વિષમ વિપત્તિના વખતમાં મનુષ્યો ધીરજથી જ તેનો પાર પામે છે, તેમ ધારી શીળવતી સાહસ અવલંબી ભય, શોક, મોહથી રહિત થઈ, કર્મગ્રંથિને તોડનાર પંચપરમેષ્ઠિ મંત્રનું સ્મરણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા લાગી. અને વર્તમાન તીર્થાધિનાથ મુનિસુવ્રતસ્વામીને વિશેષ પ્રકારે યાદ કરવા લાગી.

બુદ્ધિમતી શીળવતીએ વિચાર કર્યો કે, કોઈ પણ કાર્યમાં ઉદ્યમની તો જરૂર જ છે ઉદ્યમ કરનારને દેવ સહાયક થાય છે, તો હું પણ સમુદ્ર ઓળંગવાનો કાંઈ ઉપાય કરૂં. આ નજીકની ટેકરી પર રહેલાં ઊંચા વૃક્ષ પર [1]ભગ્નપોત વણિકના ચિહ્નની કાંઈ નિશાની કરૂં તે નિશાનીને દેખી, આ પહાડની નજીકમાં થઈને જતાં વહાણોનો કોઈ પણ માલિક કરુણાબુદ્ધિથી કે ઉપકારની લાગણીથી અહીં આવે તો, હું તેની સાથે મનુષ્યોની વસ્તીવાળી ભૂમિ ઉપર જાઉં. અને મારા આત્માને શાંતિ મળે તેવાં કાર્ય કરી કૃતાર્થ થાઉ. ઇત્યાદિ વિચારી કરી આજુબાજુમાંથી ઘાસનો એક મજબૂત લાંબો પૂળો વાળી, તે સાથે લઈ પોતે વૃક્ષ ઉપર ચઢી ગઈ. ભગ્નપોતવણિકની નિશાની તરીકે તે વૃક્ષની ટોચ ઉપર તેને ઊભો કરી પોતે વૃક્ષથી નીચે ઊતરી પડી.

ગમે તેવી સ્થિતિમાં પણ દિવસો તો પસાર કરવાના જ. કાળ કાળનું કામ કર્યે જ જશે. જો આમ જ છે તો, તે વખતને ધાર્મિક કાર્યમાં વ્યતીત કરવામાં કે વાપરવામાં આવ્યો હોય તો નવીન કર્મબંધ ન થતા, પૂર્વોપાર્જિત અશુભ કર્મનો નાશ પણ સાથે થઈ શકે જ, અને તેથી ગમે તેવાં સંકટોમાંથી પણ સુખનો રસ્તો મળી શકે. ઇત્યાદિ વિચાર કરી વનમાં

---

૧ સમુદ્રમાં જેનું વહાણ ભાંગી ગયું છે તે વણિક અહીં છે તેને સૂચવનારૂં ચિહ્ન, ઉપલક્ષણથી નિરાધાર દુઃખી મનુષ્યને મદદ મેળવાનું ચિહ્ન કે નિશાની.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરી, કેટલુંક લીલું ચંદન તેણી લઈ આવી. અને તે વતી એક સુંદર શિલા ઉપર તીર્થાધિરાજ શ્રીમાન્ મુનિસુવ્રતસ્વામીની મૂર્તિ આળેખી, સ્વાભાવિક રીતે જ વનમાં ઉત્પન્ન થયેલાં શતપત્રાદિ પુષ્પો લાવી તે વતી પૂજા કરી, પંચાંગ પ્રણામ પૂર્વક ભક્તિથી આ પ્રમાણે સ્તવના કરવા લાગી.

હે મુનિસુવ્રત જિનેંદ્ર! ઉત્તમ વ્રતધારી મુનિવૃંદોને તેં મોક્ષમાર્ગ દેખાડયો છે. કૃપાળુ! મને પણ તેવો જ શાંતિનો માર્ગ બતાવ. નિર્વાણમાર્ગમાં ચાલતા ધર્મરથના તમે ઉત્તમ સારથી છો. જો ખરેખર તેમજ હોય તો મને પણ તે ધર્મરથમાં બેસારી તમારું સારથી નામ સાર્થક કરો. કરુણાસમુદ્ર! તમે જન્મ, મરણથી રહિત છો એવું હું ત્યારે જ સત્ય માની શકું કે, મને તેવી સ્વાનુભવસિદ્ધ ખાત્રી કરી આપો. ઉત્તમ કેવળજ્ઞાને કરી તમે પુણ્ય, પાપાદિ પદાર્થો પ્રકાશિત કર્યા છે. કૃપાળુ દેવ! મારા હૃદયને પણ તમે પ્રકાશિત કરો. કર્મ ઇંધનનો દાહ કરવાને તમે સાક્ષાત્ અગ્નિસ્વરૂપ છો, તો મારાં કર્મઇંધનોને બાળીને ભસ્મીભૂત કરો. બળતા ક્રોધાગ્નિને શાંત કરવા, તમે પાણીથી ભરેલા મેઘ સમાન છો, તો હે પ્રભુ! ત્રિવિધ તાપથી તપેલા મારા હૃદયને શાંત કરો. તત્ત્વાવબોધથી અનેક ભવ્ય જીવોના અજ્ઞાન અંધકારને તમે દૂર કર્યો છે તો, આ એક બાળાના અજ્ઞાનને દૂર કરતાં આપને કેટલી મહેનત પડનાર છે? હે કૃપાળુ દેવ! હું આપને શરણે આવી છું. આપ મારું રક્ષણ કરો, રક્ષણ કરો. ઇત્યાદિ ભક્તિમુગ્ધ વચનોએ કરી એકાગ્ર ચિત્તે તે મહાપ્રભુની સ્તુતિ કરી રહી છે. □

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

▣ પ્રકરણ પંદરમું ▣

દુઃખીનો બેલી ભગવાન–સ્વધર્મીનો મેળાપ

જેટલી હૃદયની વિશુદ્ધિ તેટલી જ કાર્યની સિદ્ધિ સમીપમાં છે. ઉગ્ર પુણ્ય પાપનો બદલો (કે ફળ) થોડા જ વખતમાં મળે છે. આવા વિપત્તિના કઠિન પ્રસંગમાં પણ જે ધર્મ-કર્ત્તવ્યમાં લીન થાય છે તેને તેના શુભ કર્ત્તવ્યનો બદલો કેમ ન મળે? તેને મહાન્ પુરુષો કેમ મદદ ન મોકલે? દુઃખીનો બેલી ભગવાન છે. આ કહેવત પ્રમાણે શીળવતીના પુન્યથી પ્રેરાયેલો કહો કે તે મહાપ્રભુની ભક્તિથી કોઈએ મોકલેલ એક તરુણ પુરુષ ત્યાં આવી ચડયો.

શીળવતી તે મહાપ્રભુની સ્તુતિ કરી રહી હતી તેટલામાં જમીન પર પડેલા ઝાડનાં સૂકાં પાંદડાનો ખડખડાટ તેના સાંભળવામાં આવ્યો. કાંઈક શંકાથી સાવધાન થઈ તે તરફ નજર કરી જુવે છે તો વસ્ત્રાભરણોથી ભૂષિત શરીરવાળો અને થોડા માણસના પરિવારવાળો એક ઉત્તમ યુવાન પુરુષ પોતાની નજીક આવતો તેણીએ દીઠો.

તે પુરુષ પણ ધીમેધીમે નજીક આવી શીળવતીના સન્મુખ થઈ ચિંતવવા લાગ્યો કે– આ કોઈ અમરી, વિદ્યાધરી કે માનુષી રાજકુમારી જણાય છે. તે જો માનુષી હોય તો કોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ શ્રાવકના કુળમાં જન્મ પામી હોય તેમ તેના "આ નજીકમાં શિલાપટ્ટ પર આળેખેલા" દેવનાં દર્શનનાં, કર્ત્તવ્ય પરથી નિશ્ચય કરાય છે. ચોક્કસ નિર્ણય પરથી તે માનુષી છે એમ નિર્ણય કરી તે વિચારવા લાગ્યો કે–ગમે તે પ્રકારે પણ આ સ્ત્રીને કોઈપણ હરણ કરીને અહીં લાવ્યું હોય તેમ અનુમાન કરાય છે. હું જે દેવાધિદેવને દેવપણે આરાધન કરું છું તે જ દેવાધિદેવનું આ સ્ત્રી પણ આરાધન કરતી હોવાથી તે મારી સ્વધર્મી બહેન છે, માટે તેણીને મારે વિશેષ પ્રકારે સહાય કરવી જોઈએ. તેના ચહેરા પરથી એ પણ નિર્ણય થાય છે કે તે અત્યારે ભય અને વિયોગથી દુઃખી છે. આ વખતે મારે તેને ધીરજ આપવી જોઈએ અને સાથે જોઈતી મદદ પણ આપવી, તે મારું મુખ્ય કર્ત્તવ્ય છે. હમણાં તેણી દેવ-દર્શનમાં રોકાયેલી છે તો હું પણ પ્રથમ દેવવંદન કરી લઉં. ઇત્યાદિ વિચાર કરી તે યુવાન પુરુષ પણ જિનેશ્વરની પ્રતિમાને વંદન કરી ભક્તિપૂર્વક સ્તવના કરવા લાગ્યો.

હે જિનેશ્વર! સકલ જગત્ જંતુના કર્મ પરિણામ, સ્થિતિ અને ગતિના સ્વભાવનો તું જાણવાવાળો છે, અને તેથી જ સંસારવાસમાં દુઃખી થતાં પ્રાણિઓના સુખને માટે તેં શાશ્વત સુખનો માર્ગ દેખાડયો છે.

હે પ્રભુ! દેહાતીત હોવાથી તું મનરહિત છે તથાપિ એકાગ્ર ચિત્ત કરી, જે મનુષ્યો તને

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હૃદયમાં ધારણ કરે છે તેઓ સર્વ યોગોનો ત્યાગ કરી યોગીઓને પણ ધ્યાન કરવા યોગ્ય અયોગી થાય છે. આ આશ્ચર્ય નથી?

હે કૃપાળુ! જેઓ પ્રબળ ઉત્કંઠાથી, વચનોએ કરીને તારી સ્તુતિ કરે છે તેઓ તારા રૂપને પામતાં શ્રુતકેવળીઓથી પણ સ્તવાય છે.

હે દયાળુ! જે મનુષ્યો અત્યંત હર્ષાવેશમાં અનિમિષ નેત્રોએ તને દેખે છે તેના મુખ તરફ ઇન્દ્રાદિ દેવો પણ ભક્તિથી જુએ છે.

હે નાથ! જે મનુષ્યો તારા ચરણકમળમાં લીન થાય છે તેઓ વૈમાનિક દેવોનો વૈભવ ભોગવી, વિષયસુખથી નિરપેક્ષ બની આત્યંતિક સ્વાધીન, નિર્વાણસુખનો વિલાસ કરે છે.

હે દેવાધિદેવ! તીર્થાધિરાજ મેં મન, વચન, કાયાએ કરી આપની સ્તુતિ કરી છે. તેના બદલામાં મન, વચન, કાયાનો નિરંતરને માટે અભાવ થાય તે સુખ આપવાની મારા પર કૃપા કર.

આ પ્રમાણે તે યુવાન પુરુષે દેવાધિદેવની સ્તુતિ કરી શીળવતી તેના પહેલાં સ્તવના કરી રહી હતી. જ્યારે તે પુરુષ પ્રભુસ્તુતિ કરીને ત્યાંથી ઊઠ્યો કે તરત જ શીળવતીએ પણ પોતાનો સ્વધર્મી બંધુ જાણી આસન આપ્યું. તે પણ શીળવતીથી ઘણે દૂર નહિ તેમ નજીક નહિ તેવી રીતે તેના આપેલા વૃક્ષના પત્રના આસન પર બેઠો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શીળવતીની સન્મુખ જોઈ, વિનયપૂર્વક તે પુરુષે જણાવ્યું બ્હેન ! તું કોણ છે અને કયાં રહે છે ? યૂથથી વિખૂટી પડેલી હરિણીની માફક એકાકી કેમ જણાય છે ? સમુદ્રની અંદર રહેલ આવા વિષમ પહાડપર તું કેવી રીતે આવી શકી ? તારું નામ શું ? તું કોની પુત્રી છે ? તારા દુઃખનું કારણ શું છે ?

તારા મસ્તકના કેશનો સમૂહ વિખરાયેલો છે. પુષ્પમાલા અને કુંકુમ આદિથી તારું શરીર પિંજરિત છે, છતાં અશ્રુના પ્રવાહથી તારા મુખની શોભા ભેદાયેલી છે. આટલું બોલી તે પુરુષ શાંત રહ્યો.

આ પુરુષનાં વચનોથી શીળવતીને ઘણો સંતોષ થયો તોપણ તેણીનો કંઠ તો શોકથી પુરાઈ ગયો. પોતાના પગ પર દૃષ્ટિ સ્થાપન કરી ઘણી મહેનતે તેણીએ જવાબ આપ્યો.

ભાઈ ! જેઓ દુનિયાના સ્નેહસુખના અભિલાષી થઈ, વિરતિ સુખને (આત્મસંયમના સુખને) સ્વીકારતા નથી તેઓ મહાન વિપત્તિઓ પામે તેમાં કહેવાનું જ શું ?

॥ ૧૦૨ ॥

સ્પર્શ, રસ, ગંધ, શબ્દ અને રૂપાદિ વિષયમાં વ્યાકુલ ચિત્તવાળા જીવો નાના પ્રકારની વિટંબના પામવા સાથે મૃત્યુને પણ શરણ થાય છે. મહેલ, શય્યા, વાહન અને સુંદર પુરુષ, સ્ત્રીઓના સંગમના સુખમાં આસક્ત થયેલા જીવો, સ્પર્શેન્દ્રિય સુખમાં લુબ્ધ થયેલા હાથીની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માફક મહાન દુઃખનો અનુભવ કરે છે.

મધુર અન્ન, પાન, ભોજનાદિ વિવિધ પ્રકારના રસમાં આસક્ત થયેલા જીવો, રસના ઇંદ્રિયના લોલુપી માછલાંઓની માફક મરણને શરણ થાય છે.

કસ્તૂરી કુસુમ, કાલાગુરુ આદિ સુરભિગંધમાં લુબ્ધ થયેલા મનુષ્યો ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત થયેલા ભ્રમરોની માફક કષ્ટ પામે છે.

મનોહર યાને મધુર ગાયન મન્દમન્દ આલાપ અને હૃદયને દ્રવિત કરે તેવા પુરુષ કે સ્ત્રીઓના પ્રણયવાળા શબ્દોમાં અવહરિત મનવાળા મનુષ્યો શ્રોત્રઇંદ્રિય સુખના સંગમમાં તત્પર હરિણની માફક વિવિધ પ્રકારનાં દુઃખ પામે છે.

વિભ્રમ, વિલાસ, સૌભાગ્ય, રૂપ, લાવણ્ય અને મોહક કાંતિવાળા સુંદર રૂપની અંદર મોહિત થયેલા મનુષ્યો પતંગની માફક મરણ પામે છે.

ઇન્દ્રિયોનો એક એક વિષય પણ આ જન્મમાં અસહ્ય દુઃખ આપતો અનુભવાય છે અને જ્ઞાનીઓના કહેવા પ્રમાણે અન્ય જન્મમાં નરકાદિ વ્યથા આપે છે, તો જેને પાંચ ઇન્દ્રિયના વિષયો ખુલ્લા છે અર્થાત્ જેઓ પાંચે ઇન્દ્રિયના વિષયમાં આસક્ત છે તે દુઃખ પામે તેમાં નવાઈ શાની ?

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પાંચ ઇન્દ્રિયના સુખનો સદા અભિલાષી આ જીવ, વિરતિસુખને નહિ સ્વીકારતાં સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

હે ભાઈ! ઇન્દ્રિય વિષયમાં આસક્ત જીવો દુઃખ પામે છે તે વાત તું પોતે જાણે છે છતાં, મને તું દુઃખનું કારણ પૂછે છે એ મોટું આશ્ચર્ય થાય છે.

તે યુવાન પુરુષે જણાવ્યું. બ્હેન! તમે જેમ કહો છો તે વાત સામાન્ય રીતે તો તેમ જ છે, તથાપિ હું વિશેષ કારણ જાણવા માગું છું.

શીળવતીએ જણાવ્યું–ભાઈ! મારી તે વાત તમે હમણાં મારા મુખથી શ્રવણ નહિ કરી શકો, કેમકે પોતાના દુઃખની વાત બીજાને કહેવાથી તેમને કાંઈ ફાયદો તો થતો નથી, પણ તેવા કૃપાળુ પુરુષોને ઊલટો તેથી વિશેષ પ્રકારે સંતાપ કે ખેદ ઉત્પન્ન થાય છે.

યુવાન પુરુષે જણાવ્યું–બ્હેન! તમે ખરેખર સત્ય જ કહ્યું છે કે– જ્યાં બીજાને સંતાપ થતો હોય કે પોતાનું ઉપહાસ્ય થતું હોય ત્યાં તે વાત ન કહેવી.

તે યુવાને વિચાર કર્યો કે અત્યારે આ બાઈને દુઃખનો ઘા તાજો જ લાગ્યો હોય તેમ જણાય છે એટલે તે પોતાના દુઃખની વાત હમણાં કહી આપે તેવો સંભવ નથી, તો આપણે પણ હઠ કરવાની કાંઈ જરૂર નથી. અવસરે બધું જણાઈ આવશે. ઇત્યાદિ વિચાર કરી તે વાતને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડતી મૂકી, અત્યારે તેને વિશેષ ધીરજ મળે તેવી રીતે વાર્તાલાપ કરવા લાગ્યો.

યુવાન પુરુષે જણાવ્યું બહેન ! વિવેકી મનુષ્યોએ સુખ, દુઃખમાં હર્ષ, વિષાદ ન કરવો જોઈએ. વિપત્તિ આવી પડયા છતાં જે ધીરજથી સહજ કરે છે, વૈભવ મળ્યા છતાં જેઓ ગર્વ કે મત્સર કરતાં નથી, અને પરને માથે કષ્ટ આવી પડતાં, શકત્યનુસાર તેને સહાય આપે છે તેવા મનુષ્યો જ મનુષ્યોની ગણતરીમાં છે, બાકી તો નામધારી મનુષ્યોનો દુનિયામાં કચાં તોટો છે ?

કર્મના અચળ નિયમને લઈને ચંદ્ર પણ ખંડન, અસ્તમન અને ગ્રહણના દુઃખને પામે છે, તો પછી મનુષ્યોને માથે વિપત્તિઓ આવી પડે તેમાં આશ્ચર્ય શાનું ?

ઇષ્ટવિયોગ, વધ, બંધન, વૈભવક્ષય, અપ્રીતિ સ્થાનભ્રંશ અને મરણાદિ કષ્ટો કર્માધીન જીવો માટે આ દુનિયામાં સુલભ છે. બહેન ! ખેદ કરવાનું કારણ નથી અર્થાત્ ખેદ નહિ કર. જીવતો મનુષ્ય સંખ્યાબંધ કલ્યાણને જોઈ શકે છે. ઉત્તમ જીવોને માથે કષ્ટ આવી પડે છે તે અવસરે કાયર ન થવું તે જ તેની ઉત્તમતાની કસોટી છે. વિધિ (પૂર્વકર્મ) સુખીયાં જીવોને નડે છે અને દુઃખી જીવોને પણ વિડંબના પમાડે છે, તે બાળ, વૃદ્ધને ગણતો નથી, તેમ રાજા કે રાંકને પણ મૂકતો નથી. આ નિર્દય વિધિ, મંત્ર, તંત્ર અને વિદ્યા આદિને ગાંઠતો નથી, તેમજ નિરોગી કે વ્યાધિવાળાને છોડતો પણ નથી, તો પછી શોક કરવાથી શું ફાયદો થવાનો ? આ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

માનવજિંદગીમાં કઈ કઈ જાતનો શોક કરવો ? કેમકે વિધિએ આ સંસારને દુઃખના નિધાનરૂપ બનાવ્યો છે.

ડાભના અગ્ર ભાગ પર રહેલ જળબિંદુની માફક જીવિતવ્ય, બળ અને લાવણ્ય ચપળ છે. લક્ષ્મી તેનાથી પણ વિશેષ ચપળ છે, પણ તેમાં ધર્મ એક નિશ્ચળ છે. ધર્મમાં નમસ્કાર મહામંત્ર એ જ સારભૂત છે. તેના મહાન પ્રભાવથી જળ અગ્નિ આદિ ઉપદ્રવો શાંત થાય છે. વળી સમગ્ર ઇષ્ટ મનોરથો સિદ્ધ થાય છે. જો તેમ ન હોય તો આવા રૌદ્રસમુદ્રમાં વિમળ પર્વત ક્યાંથી ? અને પવનની વિષમ પ્રેરણાથી મારા વહાણોનું આગમન પણ ક્યાંથી ! વળી આ ભિન્નપોત-વણિકની નિશાનીનું અકસ્માત મારી દૃષ્ટિગોચર થવાપણું પણ ક્યાંથી ? મારું તો એમજ માનવું છે કે બહેન ! આ તારા નમસ્કાર મહામંત્રના સ્મરણનો જ પ્રભાવ છે.

સ્વજનોનો વિરહ ત્યાં સુધી જ દાહ કરે છે, દુઃખ ચિંતારૂપ ડાકિની ત્યાં સુધી જ છળે છે અને ભવસમુદ્રમાં આ જીવો ત્યાં સુધી જ પરિભ્રમણ કરે છે કે જ્યાં સુધી તેઓ આ મહા-મંત્રનું સ્મરણ કરતા નથી.

સાધર્મી બહેન ! તું તારા મનમાં જરા પણ ઉદ્વેગ ન કરીશ. આજથી નિરંતરને માટે હું તારો નાનો ભાઈ છું. એ તું ચોક્કસ માનજે.

હું સિંહલદ્વીપના રહેવાસી ચંદ્રશ્રેષ્ઠીનો સોમચંદ્ર નામનો પુત્ર વ્યાપારી છું. જિનવચનરૂપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રવહણથી સંસાર સમુદ્રની માફક આ વિષમ સમુદ્ર પણ આ પ્રવહણ ઉપર બેસી મારી સહાયથી તું પાર પામ.

પોતાના સહોદર (ભાઈ) સરખા અને હિતકારી તે વણિક પુત્રનાં વચનો સાંભળી શીયળવતીએ જણાવ્યું ભાઈ! તમે જે વચનો કહ્યાં છે. તે સર્વે મેં ધ્યાન દઈને સાંભળ્યાં છે. વિયોગી મનુષ્યોને આશ્વાસન આપનાર, આપત્તિમાં આવી પડેલાનો ઉદ્ધાર કરનાર અને શરણાગતનું રક્ષણ કરનાર એવા ત્રણ પુરુષોથી આ પૃથ્વી 'રત્નગર્ભા' એવા યથાર્થ નામને ધારણ કરે છે. લાવણ્ય, રૂપ, યૌવન અને વૈભવાદિ ગુણ હોવા છતાં પણ પરને દુઃખે દુઃખી થનાર કોઈ વિરલા મનુષ્યો જ હોય છે. આ પ્રમાણે શ્રેષ્ઠીપુત્રના વિદ્યમાન ગુણની પ્રશંસા કરી શીળવતી તેની સાથે પહાડથી નીચો ઊતરી વહાણમાં જઈ બેઠી. અને થોડા જ દિવસમાં સમુદ્રનો પાર પામી અહીં આવી. સોમચંદ્રે મારું ટૂંક વૃત્તાંત જણાવી મને પોતાના પિતાને સોંપી. જયવર્મ રાજાની પુત્રી શીળવતી તે પોતે હું જ છું. અહીં સુંદરી એવા નામે પ્રખ્યાતિ પામી છું.

મહારાજા ચંદ્રગુપ્ત! વ્યવહારિક સુખથી ત્યજાયેલી, પરદેશમાં આવી પડેલી, સ્વજન વર્ગથી વિયોગિત થયેલી અને માનસિક દુઃખથી દુઃખી થઈ અહીં આપને ઘેર હું દિવસો પસાર કરું છું.

નૃપતિ! જ્યાં સુધી મનુષ્યો પોતાનું સ્થાન મૂકતા નથી ત્યાં સુધી જ તેનામાં કુલીનતા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ગુરુતા, વિદ્વત્તા, સૌભાગ્યતા, રૂપ, ગુણ, સુખ, ધર્મ અને સ્વઆચારમાં નિષ્ઠતા રહે છે. હિમવંત પર્વતમાંથી પેદા થયેલી મહાન સુખી છતાં અમર સરિતા (ગંગા)ની માફક, સ્થાનભ્રષ્ટ થતાં સ્ત્રીઓને દુઃખરૂપ પાણી વહન કરવું પડે છે.

મારી બહેન યા સખી ચંદ્રલેખાની સાથે મારા પ્રથમ મેળાપ થતાં જ તેમણે મારું ચરિત્ર યા ઇતિહાસ સંભળાવવા આગ્રહ કર્યો હતો, છતાં અવસર સિવાય બોલવું મને યોગ્ય ન લાગવાથી હું મૌન ધરી રહી હતી. પણ આજે અવસર મળતાં મેં મારો સર્વ વૃત્તાંત આપ સર્વને જણાવ્યો. ખરી વાત કે અવસર આવ્યા વિના જણાવેલ કાર્ય ગૌરવતાને પામતું નથી.

હે રાજન્! કુળદેવીએ જણાવ્યું હતું કે "શીળવતી સાધ્વી થશે." તે વચન મેં માન્ય નહિ કર્યું તો, મને વજ્રપાતથી પણ અધિક દુઃખ પ્રાપ્ત થયું. અથવા ખરી વાત છે કે સંયમથી વિરક્ત થનાર અને મદથી મદોન્મત્ત બનનાર વિષયાસક્ત જીવો પ્રચુર દુઃખ પામે જ.

હે પ્રજાપાળ! દૃષ્ટિ સંબંધી વિષય, દેખવા માત્રથી જ જ્યારે મારી આ અવસ્થા થઈ તો તે વિષયો શરીરથી સેવવામાં આવતાં કેવી સ્થિતિ થાય તે સંબંધી કલ્પના આપે જ કરવાની છે. મહારાજા! એક નેત્રના વિષયથી આ દુઃખ મને પ્રાપ્ત થયું છે તો તેવા દુઃખનો અનુભવ કરનારી હું, વિષયથી વિરક્ત થયેલી સુદર્શનાની આગળ "વિષયસુખ–સુખરૂપ છે" એમ કેવી રીતે વર્ણન કરી શકું?

॥ ૧૦૮ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી, આ તમારી પુત્રીને પૂર્વ જન્મના દુઃખનો અનુભવ જાતિસ્મરણ જ્ઞાનથી પ્રત્યક્ષપણે થયો છે તે પુત્રી, મારા વચનોથી સહસા પાણિગ્રહણ કરવાનું કેવી રીતે અંગીકાર કરશે ? એ આપને પોતાને જ વિચારવાનું છે. નાના પ્રકારના નયોથી સમર્થન કરાયેલ ધર્મના પરમાર્થને જાણનારી, પૂર્વ જન્મનો અનુભવ કરનારી અને વિષયથી વિમુખ થયેલી પુત્રી, પાણિગ્રહણ કરવાનું માન્ય કરે તે વાત મારી કલ્પના બહારની છે, અર્થાત્ તે સંભવિત નથી.

નરનાથ ! આ સુદર્શનાને નિર્વાણ સુખસાધક ધર્મ પ્રાપ્ત થયો છે, તે કુમારી, મારા વચનોથી રત્નની માફક ધર્મનો ત્યાગ કેવી રીતે કરશે ? કદાચ મેં તેમ કરવા કહ્યું અને તેણીએ મારા વચનોનો કોઈપણ પ્રકારે અનાદર કર્યો તો આ ભરી સભાની અંદર હું કેટલી બધી હલકાઈ પામીશ ? તેનો આપ વિચાર કરો.

હે મહારાજા ! નીચ કુલમાં જન્મ, યુવાવસ્થામાં દરિદ્રતા, રૂપ અને શિયળ રહિત પતિ પત્નિનો સંબંધ, રોગિષ્ટ શરીર, બંધુવર્ગનો વિયોગ, પ્રવાસમાં વિપત્તિની પ્રાપ્તિ, સેવાવૃત્તિથી શરીરનો નિર્વાહ, દૂતપણાનું કર્તવ્ય અને પરાધીન ભોજન આ સર્વ પાપપુંજ વૃક્ષનાં કડવાં યાને અશુભ ફળો છે. આ કારણથી હે રાજન્ ! તમારી પુત્રીને પાપકાર્યમાં પ્રેરવા માટે હું કાંઈ પણ કહી નહિ શકું.

આપ જેવા મહાન નરની અભ્યર્થનાનો ભંગ કરવો એ જન્મ પર્યંત દુઃખરૂપ લાગે તેમ છે. છતાં આ સ્થળે મારો કોઈ ઉપાય નથી. આપ તે માટે ક્ષમા કરશો એવી મારી નમ્ર પ્રાર્થના છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૧૬મું

ધર્મયશ ચારણ મુનિ

નય, હેતુ અને યુક્તિવાળી શીલવતીની કથા સાંભળી સિંહલાધિપતિ ઘણો ખુશી થયો. તેણે જણાવ્યું–શીળવતી ! તમારું કહેવું બરોબર સત્ય છે. વિષયાસક્ત જીવો દુઃખના ભાજન થાય છે તથાપિ તેમાં તારતમ્યતા હોય છે. હાથી જમીન ઉપર બેઠેલો કે પડેલો હોય છતાં, ઘોડાઓ તેને ઓળંગી શકતાં નથી. તેમજ ઇતર સામાન્ય મનુષ્યોની માફક, મહાન ઉત્તમ મનુષ્યોની પ્રબળ વિષયવૃદ્ધિ હોતી નથી માટે તમે બિલકુલ ખેદ ન કરશો.

અનેક રાજાઓ જેની આજ્ઞા મસ્તક પર ધારણ કરે છે તે, અયોધ્યાધિપતિ **જયવર્મ-રાજા** (તમારો પિતા) મારો મિત્ર થાય છે, તમારું અહીં આવવું થયું છે તે, ગૌરવને લાયક યોગ્ય સ્થળે જ થયું છે. મહાન રાજ્યલક્ષ્મી સર્વ તમારે સ્વાધીન છે. જેમ જોઈએ તેમ તમે તેનો વ્યય કરો. ॥ ૧૧૦ ॥

સંપત્તિથી રહિત થયેલાં, વિપત્તિમાં આવી પડેલાં અને દેશાંતરમાં જઈ ચડેલાં છતાં, ઉચ્ચપદને લાયક ઉત્તમ મનુષ્ય ઉચ્ચ સ્થાનને જ પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઋષભદત્ત સાર્થવાહે જણાવ્યું. અહા! જયવર્મ રાજાની પુત્રી શીળવતી! તે તો અમારા ભરૂઅચ્ચ નગરના મહારાજા જિતશત્રુની ભાણેજી થાય છે. અહો વિધિવિલસિતા તે કેટલે બધે દૂર આવી રહી છે! અમારા મહારાજાની ભાણેજી તે અમારી પણ ભાણેજી. મહાન પુણ્યોદયથી અહીં તેની શુદ્ધિ મળી છે. વિજયકુમાર તેની પછાડી શોધ કરવા ગયો હતો. વિદ્યાધરને જીતીને પાછા આવતાં તેણે સર્વ સ્થળે શીળવતીની શોધ કરી, પણ તેણીની બિલકુલ શુદ્ધિ તેને મળી ન હતી.

રાજાએ ટકોર કરી હસતાં હસતાં જણાવ્યું. સાર્થવાહ! આ શીળવતી તમારી ભાણેજી થાય, સુદર્શનાની માસી લાગે, રાણીની બહેન થાય. આમ અહીં તમારું કુટુંબ આવી મળ્યું અને હું તો એકલો જ રહ્યો. ઇત્યાદિ શોકને દૂર કરાવનાર, આનંદી વચનોએ શીળવતીને આશ્વાસન આપી રાજાએ જણાવ્યું–શીળવતી! તું મને જિનધર્મનું સ્વરૂપ સમજાવ. સર્વધર્મો જાણવા જેઈએ, અને તેમાંથી આત્માને હિતકારી હોય તે આદરવું જેઈએ. વ્યવહારમાં પણ મનુષ્યો પ્રથમ જાણીને પછી જ કાર્યનો આદર કરે છે.

આ અવસરે ધર્મયશ નામના ચારણશ્રમણ (મુનિ) નંદીશ્વર દ્વીપ તરફ આકાશમાર્ગે જતા હતા તે ત્યાં થઈને જતાં, ધર્મના અર્થી રાજાને સભામાં બેઠેલો દીઠો. પ્રવર અવધિ-જ્ઞાનથી રાજાના અભિપ્રાયને જાણીને તે મહાત્માએ વિચાર કર્યો કે–જિનેશ્વર ભગવાને કહેલ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ધર્મનો બોધ આપવો તે મહાન તીર્થ છે. કહ્યું છે કેઃ-

जिणभवण बिंबपूया दाणदयातवसुतित्थजत्ताणं ।
धम्मोवएसदाणं अहियं भणियं जिणंदेहिं ॥ १ ॥

જિનમંદિર બંધાવવું, પ્રતિમાજીની પૂજા કરવી, દાન આપવું, દયા પાળવી, તપશ્ચર્યા કરવી અને તીર્થયાત્રાઓ કરવી તે કરતાં પણ જીવોને ધર્મનો ઉપદેશ આપવાનું ફળ, જિનેંદ્રોએ અધિક કહેલું છે. પાપમાં આસક્ત થયેલા કોઈપણ એક જીવને, જિનેશ્વર ભગવાનના કહેલા ધર્મ પ્રમાણે બોધિત કરવામાં આવે તો તેણે સર્વ જીવોને મહાન અભયદાન આપ્યું કહી શકાય. વળી કહ્યું છે કેઃ-

धमोवएसदाणं जिणेहिं भणियं इमं महादाणं ।
सम्मत्तदायगाणं पडिउवयारो जओ नत्थि ॥ १ ॥

ધર્મને ઉપદેશ આપવો, તેને જિનેશ્વરોએ મહાદાન કહ્યું છે. બીજા ઉપગારોનો બદલો આપી શકાય છે પણ સમ્યક્ત્વ આપનારાનો (પમાડનારનો) પ્રત્યુપ્રકાર (બદલો) કોઈ પણ રીતે આપી શકાતો નથી, માટે ધર્મોપદેશ આપવો તે મહાદાન છે. ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમ્યક્ત્વ મહાદાન છે. જે ધર્મબુદ્ધિથી યા પરોપકારબુદ્ધિથી જીવો, ધર્મ સંબંધમાં બીજાને ઉપદેશ આપે તો, દુનિયામાં એવું કોઈપણ સુખ કે પુણ્ય નથી કે જે તે જીવ ઉપાર્જન ન કરે.

ઇંદ્રો જેના ચરણારવિંદમાં વારંવાર નમસ્કાર કરે છે તેવા તીર્થંકરો પણ કર્મથી દુઃખી થતા અનેક જીવોને પ્રતિબોધ આપવા માટે સો સો યોજન સુધી જાય છે. પ્રતિબોધ પામેલા જીવો ધર્મનો આદર કરે છે, પાપનો ત્યાગ કરે છે, જન્મોજન્મ તેઓ સુખી થાય છે અને છેવટે શાશ્વત સુખ પણ તેઓ પામે છે.

માટે મારે પણ પરિવારસહિત આ રાજાને પ્રતિબોધ આપવો, તેમજ જાતિસ્મરણજ્ઞાનથી જાગૃત થયેલી સુદર્શનાને પણ વિશેષ પ્રકારે પ્રબોધિત કરવી. ઇત્યાદિ વિચાર કરી, ધર્મબોધ આપવા નિમિત્તે તે ચારણશ્રમણ મુનિ આકાશમાર્ગથી નીચે ઊતરી રાજસભામાં આવ્યા. મહાત્મા પુરુષને સભામાં આવ્યા જાણી, રાજા તત્કાળ સિંહાસનથી નીચે ઊતરી પડયો. સભાના સર્વ લોકો તરત જ ઊભા થઈ ગયા. એક ઊંચા ઉત્તમ આસન પર બેસવા માટે રાજાએ તે મહાત્માને નિમંત્રણા કરી. તે મહાન મુનિ પણ નેત્રથી તે આસનને પ્રતિલેખી રજોહરણથી પ્રમાર્જી તેના ઉપર શાંત ચિત્તે બેઠા એટલે ઋષભદત્ત, શીલવતી, સુદર્શના વિગેરે રાજપર્ષદાએ મુનિશ્રીને વંદન કર્યું. વંદન કર્યા બાદ તે સર્વે નજીકના પ્રદેશમાં જમીન ઉપર બેઠા.

રાજપુત્રી સુદર્શનાએ મુનિશ્રીને હાથ જોડી નમ્રતાથી જણાવ્યું કે–ભગવાન! ભયભયથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રાસ પામનાર સત્ત્વોને પરમ સુખના કારણ તુલ્ય, પાપહર! આપના ચરણારવિંદનું અહીં આગમન થયેલું દેખી હું મારા આત્માને ધન્યભાગ્ય માની કૃતાર્થ થઈ છું. આપ જ્ઞાનદિવાકર હોઈ અમારા સંશયાંધકારને દૂર કરશો જ. એમ ધારી આપશ્રીને વિનંતિ કરું છું કે–ભરૂઅચ્ચ નગરમાં તે સમળીએ (એટલે મેં પૂર્વભવે) જે દુઃખ અનુભવ્યું હતું તે કયા કર્મના ઉદયથી? પ્રસૂતિના દુઃખથી દુઃખી થઈ. બાળકો સાથે વિયોગ થયો તે કયા કર્મના ઉદયથી? અપરાધ કર્યા સિવાય તે પારધીએ બાણ મારી સમળીને મારી નાખી તે કયા કર્મના ઉદયથી? દીનવદને અને કરુણ સ્વરે આક્રંદ કરતા તથા મહાવિપત્તિમાં આવી પડેલી તે સમળીને અંતાવસ્થા વખતે આંતર દુઃખને દૂર કરનાર મુનિશ્રીના વચનોની પ્રાપ્તિ થઈ તે કયા શુભ કર્મના કારણથી? સ્વ-પર ઉપકારી તે મુનિશ્રીઓએ 'તું બિલકુલ ભય નહિ પામ.' ઇત્યાદિ જણાવી નિયમ સહિત નમસ્કાર મહામંત્ર મને આપ્યો તે મહાત્માઓના વચનોને ભાવથી અંગીકાર કરતી મરણ પામી. આ રાજભુવનમાં હું ઉત્પન્ન થઈ તે કયા શુભ કર્મના કારણથી?

હે મુનીંદ્ર! આ પ્રમાણે ઉત્તમ મનુષ્ય જન્મ પામી. ફરી પણ દુર્લભ જિનેંદ્ર ધર્મને વિષે મને અહીં બોધિબીજ (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ થઈ તે કયા શુભ કર્મના કારણથી! તે સર્વે આપ મારા પર અનુગ્રહ કરીને જણાવશો.

આ પ્રમાણે પ્રશ્નો પૂછી સુદર્શના શાન્ત થઈ. ગુરુશ્રીના મુખ પર દૃષ્ટિ રાખી પ્રત્યુત્તર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળવાને ઉત્સુક થઈ રહી. સુદર્શનાનાં વચનો સાંભળી, કર્મપરિણામને જાણનાર તે પરોપકારી મુનિશ્રીએ જણાવ્યું કે–સુદર્શના! જીવો જે જે કર્મના નિમિત્તથી સુખ દુઃખ પામે છે તે સર્વ કારણો હું જણાવું છું તમે સર્વે એકાગ્રચિત્તથી શ્રવણ કરો.

રાગ–દ્વેષને આધીન થઈ આ જીવો ચાર પ્રકારના કષાયથી પ્રજ્વલિત થાય છે, તથા મોહરૂપ દૃઢ રજ્જુ (દોરડાં)થી બંધાઈને પરિગ્રહ, આરંભમાં આસક્ત થઈ રહે છે પરનો પરાભવ કરવો, પરની નિંદા કરવી, પરધનનો અપહાર કરવો, પરસ્ત્રીમાં લંપટ થવું અને જીવોનો વધ કરવો ઇત્યાદિ અનેક પ્રકારે જીવો કર્મબંધન કરે છે તે કર્મબંધનથી બંધાયા બાદ તેઓ આ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે. તે પરિભ્રમણના સ્થાન આ પ્રમાણે છે.

યોની એટલે ઉત્પત્તિસ્થાન જેનાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એક સરખાં હોય તેવાં અનેક ઉત્પત્તિસ્થાન હોય તથાપિ તે એક જાતિની અપેક્ષાએ એક ગણાય. તેવાં પૃથ્વી સંબંધી સાત લાખ સ્થાનોમાં (યોનિઓમાં) આ જીવ પરિભ્રમણ કરે છે. તેવી જ રીતે પાણી સંબંધી સાત લાખ યોનિ (ઉત્પત્તિસ્થાન) તેવી જ અગ્નિ સંબંધી જુદી જુદી સાત લાખ યોનિ તેવી જ વાયુ સંબંધી સાત લાખ યોનિ. પ્રત્યેક વનસ્પતિ સંબંધી દશ લાખ યોનિ, સાધારણ વનસ્પતિ સંબંધી ચૌદ લાખ યોનિ, બેઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળા જીવો સંબંધી બબ્બે લાખ યોનિ, દેવ સંબંધી, નારકી સંબંધી અને તિર્યંચ પંચેંદ્રિય સંબંધી જીવોની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાર–ચાર લાખ યોનિ અને મનુષ્ય સંબંધી ચૌદ લાખ યોનિ (ઉત્પત્તિસ્થાન) આ સર્વ સ્થાનમાં ઇર્ષા, વિષાદ અને વધ–બંધાદિ અનેક દુઃખને સહન કરતાં અશરણપણે જીવો પરિભ્રમણ કરે છે. આ સર્વ યોનિસ્થાનને એકઠાં કરતાં તેની સંખ્યા ચોરાશી લાખ જેટલી થાય છે. તે સર્વ સ્થાનમાં વિવિધ પ્રકારના સુખ, દુઃખનો અનુભવ કરતાં અનંતો કાળ થયો છે. આ સામાન્ય પ્રકારે કર્મબંધનું કારણ મેં જણાવ્યું છે. હવે એક એક જીવ વિશેષ પ્રકારે કર્મબંધન કેવી રીતે કરે છે તે હું તમને જણાવું છું. મન, વચન, શરીરથી અનેક વાર દુષ્ટ કર્મ કરનાર, મહાપરિગ્રહ રાખનાર, અનેક જીવોનો વધ કરનાર, દુર્વ્યસનમાં આસક્તિ ધરનાર, મહાલોભી અને ખરાબ આચરણવાળા જીવો નરકગતિમાં જાય છે.

બીજાને ઠગવાવાળા, માયાવી (કપટી), ધર્મમાર્ગનો નાશ કરનાર, પાપ કર્મને છુપાવવાવાળા અને પોતાના હિત માટે અથવા અન્ય જન્મમાં સુખી થવા માટે પ્રયત્ન નહિ કરનારા જીવો મરીને જનાવરમાં (તિર્યંચમાં) ઉત્પન્ન થાય છે. ધર્મમાં તત્પર, સરલ પરિણામી, ગુરુભક્ત અને શિયળગુણ ધારણ કરનાર, સ્ત્રીઓ પણ મરણ પામીને સૌભાગ્ય, સુરૂપ આદિ ગુણવાન પુરુષપણે ઉત્પન્ન થાય છે.

દુષ્ટ અધ્યવસાયવાળા, કષાય કરનાર, ક્રૂર પરિણામી અને માયા–કપટે કરી પરને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઠગનારા પુરુષો પણ, મરણ પામીને દુર્ભાગ્યથી કલંકિત દુઃખી સ્ત્રીરૂપે ઉત્પન્ન થાય છે.

બળદ, ઘોડા, ઊંટ, પાડા પ્રમુખ પશુઓને નિર્લાંછન (અંડ છેદનારા) કરનાર, અધર્મી, પરનો પરાભવ કરનાર, અત્યંત વિષયાભિલાષ રાખનાર, દુષ્ટ બુદ્ધિવાળા જીવો મરણ પામીને નપુંસક (હીજડા)પણે ઉત્પન્ન થાય છે.

પરના ગુણ જોનાર, ગંભીરતા રાખનાર, દાન આપનાર, ક્ષમા ધરનાર, સત્ય બોલનાર અને સર્વ જીવોનું હિત કરનાર, મધ્યસ્થ ગુણવાળા જીવો મરણ પામી. મનુષ્યપણે ઉત્પન્ન થાય છે.

દુષ્કર તપ–નિયમ કરનાર, ઇંદ્રિયોને વશમાં રાખનાર, દુર્ધર મહાવ્રતને પાળનાર અને ઉપશમ ગુણવાળા જીવો મરણ પામી દેવપણે ઉત્પન્ન થાય છે.

ક્રોધાદિ ચાર કષાયનો સર્વથા ક્ષય કરનાર જીવ, પુણ્ય, પાપનો સર્વથા નાશ કરી શાશ્વત સુખવાળું નિર્વાણ (મોક્ષ) પદ પામે છે.

સુદર્શના ! આ પ્રમાણે સંક્ષેપમાં પણ વિશેષ પ્રકારે તારી આગળ મેં પુણ્ય, પાપનાં ફળ બતાવ્યાં. જે વિશેષ કર્મના નિમિત્તથી પાછલા જન્મમાં તું દુઃખ પામી છે, તે વૃત્તાંત હવે હું તને જણાવું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

▣ પ્રકરણ ૧૭ મું ▣

કર્મનો વિપાક અને ધર્મોપદેશ

સુદર્શના ! ગયા સમળીના ભવમાં તેં જે દુઃખનો અનુભવ કર્યો છે, તેનું કારણ પહેલાંના ભવમાં કરેલું કર્મ છે. એટલે આ ભવથી ત્રીજા ભવમાં વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી દક્ષિણ શ્રેણી કે જેમાં ગગનવલ્લભ નામનું શહેર હતું; તેમાં અમિતગતિ નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો. તેને જયસુંદરી નામની રાણી હતી. તે રાણીને વિજયા નામની ગુણવાન પુત્રી હતી અનુક્રમે વિજયા મનુષ્યોના મનને હરણ કરનાર રૂપ લાવણ્યતાવાળું યૌવનવય પામી.

વિજયા પોતાની સખીઓ સાથે એક દિવસ તે પહાડની ઉત્તર શ્રેણીમાં આવેલી સુરમ્ય નગરી તરફ જતી હતી. રસ્તામાં તેણીએ એક કુર્કુટસર્પ (સર્પની જાતિવિશેષ) દીઠો. તે સર્પને દેખી તે વિચારવા લાગી કે–આ નગરી તરફ જતાં રસ્તામાં મને અપશુકન થયા, તે સર્પને મારી નાંખવાથી અપશુકન નિષ્ફળ થશે તેમ ધારી અજ્ઞાનતાથી બાણ તૈયાર કરી, એક જ બાણે તે નિરપરાધી સર્પને વિંધી નાખ્યો તે સર્પ ત્યાંથી મરણ પામી ભરૂઅચ્ચ શહેરની બહાર મહાપાપી મ્લેચ્છપણે ઉત્પન્ન થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૈતાઢ્ય પહાડ પર આવેલા રત્નસંચય નામના શહેરમાં શ્રીમાન **શાંતિનાથ** ભગવાનનું સુંદર મંદિર હતું. તે મંદિરમાં **સુવેગ** નામના ત્યાંના વિદ્યાધર રાજાએ પૂજા, આંગી કરાવી હતી. તે પ્રભુનાં દર્શન કરવા માટે તે વખતે **વિજયા** પોતાની સખીઓ સાથે ત્યાં આવી. તે પ્રભુનાં દર્શન કરતાં અને રચેલી પૂજાદિ જોતાં, ભાવની વિશેષ વૃદ્ધિ થતાં તેણીનાં રોમેરોમ આનંદથી પ્રફુલ્લિત થયાં. તે અપૂર્વ આનંદમાં વિજયાએ જિનધર્મ સંબંધી બોધિબીજ (સમ્યક્ત્વ, ધર્મશ્રદ્ધાન) ઉત્પન્ન કર્યું–દૃઢ કર્યું.

દર્શન કરી આગળ ચાલતાં દુષ્કર તપશ્ચર્યા કરનાર કેટલીક **શ્રમણીઓ** (સાધ્વીઓ) તેના દેખવામાં આવી. રસ્તાના પરિશ્રમથી તે સાધ્વીઓ થાકી ગઈ હતી. તેને દેખી વિજયા તેમની પાસે ગઈ અને નિર્દોષ આહારાદિ આપી, ભક્તિપૂર્વક વંદના કરી તેઓની સુશ્રુષા કરી.

આકાશમાર્ગે સ્વેચ્છાનુસાર પરિભ્રમણ કરતાં એક વનની અંદર ઋષભદેવ ભગવાનનું મંદિર વિજયાના દેખવામાં આવ્યું. આ મંદિર ચાર દ્વારોએ કરી ઘણું જ રમણીય હતું. એ અવસરે ઇંદ્ર, ઇંદ્રાણી સહિત તે પ્રભુની આગળ નાના પ્રકારની ભક્તિથી નાટ્યવિધિ કરતો હતો. તે દેખી વિજયાને પણ કૌતુક ઉત્પન્ન થયું. નૃત્યવિધિ જોવા માટે વિજયા પણ એક સ્થળે બેઠી. અપ્સરાઓ આનંદાવેશમાં પ્રભુના ગુણગ્રામ કરવા સાથે નૃત્ય કરવા લાગી. નૃત્ય કરતાં એક અપ્સરાના પગમાંથી નેપુર ઊછળીને વિજયાના ખોળામાં પડ્યું. નેપુર દેખી તેણીનું મન લલચાયું.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આ નેપુર ઘણું જ ઉત્તમ છે, તે મને પહેરવાને જોઈએ, ઇત્યાદિ તે ઉપરના મમત્વને લઈને તેણીએ તે છુપાવી દીધું. અને તે લઈને તરત જ ઉતાવળી ઉતાવળી ગગનવલ્લભપુરમાં આવી પહોંચી.

અંત અવસ્થામાં આર્ત્તધ્યાને મરણ પામી તે વિજયા વિદ્યાધરી ભરૂઅચ્ચ નગરના ઉદ્યાનમાં આવેલા સુઘટ્ટ છાયાવાળા વડવૃક્ષ ઉપર એક સમળીપણે ઉત્પન્ન થઈ. કહ્યું છે કે :—

अट्टेण तिरिय जोणी रोद्दझाणेण गम्मए नरयं ।
धम्मेण देवलोगं सुक्कझाणेण निव्वाणं ॥ १ ॥

જીવો આર્ત્તધ્યાન કરવાથી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે, રૌદ્રધ્યાન કરવાથી નરકમાં જાય છે, ધર્મધ્યાન કરવા વડે દેવલોકમાં જાય છે અને શુકલધ્યાન કરવા વડે નિર્વાણ પામે છે.

સુદર્શના ! તેં વિજયા વિદ્યાધરીના ભવમાં જે સર્પ માર્યો હતો તે ભરૂઅચ્ચમાં મ્લેછપણે ઉત્પન્ન થયો હતો. તેં નિરપરાધી સર્પને માર્યો હતો, તે કર્મના ઉદયથી સમળીના ભવમાં તું નિરપરાધી હતી છતાં (પૂર્વકર્મના નિમિત્તથી) તેણે તને મારી નાંખી હતી.

જિનેશ્વર ભગવાનની પૂજા દેખી તારું શરીર પુલકિત (વિકસિત યા પ્રફુલ્લિત) થયું હતું તેના પ્રભાવથી આ જન્મમાં તને બોધિલાભ ઘણી થોડી મહેનતે પ્રાપ્ત થયું છે.

વિદ્યાધરીના ભવમાં, શ્રમણીની શુદ્ધ આહારપાણી પ્રમુખથી તે વૈયાવૃત્ય (ભક્તિ–સેવા)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી હતી, તે પુણ્યના પ્રભાવથી, સમળીનાં ભવમાં નિયમ સહિત નવકાર મંત્ર મુનિશ્રીના મુખથી પ્રાપ્ત થયો હતો, અને આ જન્મમાં જાતિસ્મરણપૂર્વક જિનધર્મની પ્રાપ્તિ થઈ છે. કહ્યું છે કે :—

सुरमणुयसिद्धिसुहं जीवा पावंति जं च लीलाए ।
तं जिणपूयागुरुनमणघम्मसद्दहणकरणेण ॥ १ ॥

જીવો, દેવ, મનુષ્ય અને મોક્ષનાં સુખ એક લીલામાત્રમાં (સહજમાં) પ્રાપ્ત કરે છે તે જિનેશ્વર ભગવાનની પૂજા, ગુરુશ્રીને નમસ્કાર અને ધર્મ ઉપરના શ્રદ્ધાનવડે કરીને જ પ્રાપ્ત કરે છે. ભાવપૂર્વક મુનિ મહાત્માઓની વૈયાવચ્ચ કરવાવાળા મનુષ્યો જે પુણ્ય ઉપાર્જન કરે છે તે પુણ્યના પ્રતાપથી બળ અને પુરુષાર્થમાં ચક્રવર્તીઓની સાથે પણ સ્પર્ધા કરે છે.

વૈયાવચ્ચ, સંઘનું પૂજન, ધર્મકથામાં આનંદ, વસ્ત્ર, અન્ન, પાત્ર, મુકામ, આસન અને બીછાનું (પાત્ર પ્રમુખ) વિગેરે ગુણવાન સાધુ અને શ્રાવકોને આપવાથી જીવો સમ્યક્ત્વ–પ્રાપ્તિના કારણરૂપ નવ પ્રકારનું પુણ્ય બાંધે છે એમ તીર્થંકરોએ કહ્યું છે.

આ ઉપર કહ્યાં તે અને બીજા પણ પુણ્યનાં ઉત્તમ નિમિત્તોમાં (કારણોમાં) જ્ઞાની પુરુષોએ વૈયાવચ્ચને જ મુખ્ય ગણી છે. કહ્યું છે કે :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पडिभग्गस्स मयस्स व नासइ चरणं सुयं अगुणणाए ।
न हु वैयावच्चकयं सुहोदयं नासए कम्मं ॥ १ ॥

ચારિત્રના પરિણામ પતિત થવાથી અથવા મરણ પામ્યાથી ચારિત્ર નાશ પામે છે. નહિ ગણવાથી જ્ઞાનનો નાશ થાય છે. (ચાલ્યું જાય છે) પણ વૈયાવચ્ચ કરવાથી ઉત્પન્ન થયેલું શુભ ઉદયને દેવાવાળું પુણ્ય (ભોગવ્યા સિવાય) નાશ પામતું નથી. સાધ્વીઓની વૈયાવચ્ચ કરવાથી તેં જે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હતું તેના પ્રભાવથી આ ભવમાં તને ધર્મની પ્રાપ્તિ સુલભ થઈ છે.

વિદ્યાધરીના ભવમાં તેં અપ્સરાનું નેપુર (પગનું આભરણ) અપહરણ કર્યું હતું તે પાપના કારણથી સમળીના ભવમાં તને તારાં બાળકો સાથે વિયોગ થયો હતો.

મુનિશ્રીના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળી, રાજાને ચોક્કસ નિર્ણય થયો કે સુદર્શના જે કાંઈ કહેતી હતી તે વાત સત્ય છે પણ બનાવટી નથી, કેમકે સુદર્શનાના કહેવા પ્રમાણે જ મુનિશ્રીએ કહ્યું છે. રાજાને ધર્મ ઉપર શ્રદ્ધા થઈ, હાથ જોડી, નમ્રતાપૂર્વક તેણે મુનિશ્રીને જણાવ્યું ભગવન્! જ્ઞાનીઓ સર્વ વાત જાણે છે. જિનેશ્વરના કહેલા ધર્મમાં સર્વ ધર્મોનો સમાવેશ થાય છે.

આપ જેવા જ્ઞાની પુરુષોને અમારા કહેલા પ્રશ્નનો ઉત્તર આપવો એ કાંઈ અશક્ય નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે પ્રભુ ! અમે સંસારસમુદ્રમાં ડૂબેલા છીએ. ભવસમુદ્રમાં જહાજ તુલ્ય જિનેશ્વર ભગવાનનો કહેલ ધર્મ અમને સંભળાવોને અને યોગ્યતાનુસાર અમારો ઉદ્ધાર કરો.

મુનિશ્રીએ જણાવ્યું–નૃપતિ ! ધર્મ સાંભળવાની તમારી પ્રબળ ઇચ્છા છે તો આત્માને હિત થાય તેમ જિનેશ્વર ભગવાને કહેલ ધર્મ હું તમને સંભળાવું છું. તે ધર્મ સાંભળીને તમારે શક્ત્યનુસાર તેમાં અવશ્ય પ્રયત્ન કરવો. જેને સત્યાસત્યનો કે હિતાહિતનો વિવેક નથી અથવા વિવેક આવ્યા પછી સમજવા અનુસાર પ્રયત્ન કરતા નથી તેઓ દુર્લભ ધર્મનિધાનને પામીને રૌર (દરિદ્ર)ની માફક ઉપભોગ કર્યા સિવાય બેઠા બેસે છે.

મોક્ષનગર તરફ ગમન કરવાના માર્ગ તુલ્ય તે ધર્મ, ગૃહસ્થ અને ત્યાગી એમ બે પ્રકારનો છે. ગૃહસ્થમાર્ગ સરલ છે પણ લાંબા ચક્કાવામાં જતા સડકના માર્ગની માફક લંબાણ રસ્તાવાળો છે ત્યારે ત્યાગમાર્ગ ઘણો નજીકનો પણ મહાન વિષમ છે. આ માર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યોએ સર્વ પાપના વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ. જીવની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય સર્વથા પાળવું, મમત્વ યા મમતાનો ત્યાગ કરવો, રસ્તે જોઈને ચાલવું, કોઈ જીવને દુઃખ થાય તેવી ભાષા ન બોલવી, આહાર–પાણી નિર્દોષ લેવાં. વસ્ત્ર પાત્રાદિ લેવાં મૂકવાં તથા મૂત્રાદિ ત્યાગ કરવો તે જમીન આદિ પૂંજીપ્રમાર્જી કોઈ જીવને દુઃખ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ન થાય તેમ કરવો. મનથી ખરાબ વિચાર ન કરવો. વચનથી મૌન પણ ધારણ કરવું અથવા વગર પ્રયોજને ન બોલવું. શરીરથી કાંઈ પણ અકાર્ય ન કરવું પણ ધાર્મિક કાર્યમાં તેને યોજવું, શત્રુ મિત્ર ઉપર સરખી દૃષ્ટિ રાખવી. તત્ત્વનો બોધ કરવો. પરની કથાનો (વિકથાનો) ત્યાગ કરવો. સરલ સ્વભાવી થવું. ગુર્વાદિની ભક્તિ કરવી અને ધીરજ, સત્ત્વાદિ અનેક ગુણ ધારણ કરવાં જોઈએ. ગૃહસ્થાશ્રમનો સર્વથા ત્યાગ કરનાર અર્થાત્ સર્વ સંગનો ત્યાગ કરનાર યોગી પુરુષ આ પ્રમાણે વર્તન કરી પોતાના સત્ત્વબળથી ઘણા થોડા વખતમાં નિર્વાણ નગરમાં જઈ પહોંચે છે. આ ત્યાગમાર્ગ (યતિધર્મ) સ્વીકારવામાં જો પોતાનું અસમર્થપણું પોતાને જણાય તો તેઓએ વિધિપૂર્વક ગૃહસ્થધર્મ અંગીકાર કરવો. આ ગૃહસ્થધર્મ કાલાંતરે પણ મોક્ષસુખનું કારણ થાય છે.

ગૃહસ્થોએ નિરપરાધી ત્રસ જીવોની હિંસા ન કરવી. બીજા જીવોની પણ બને ત્યાં સુધી રક્ષા કરવી. ૧. કન્યાલિકાદિ પાંચ મોટાં અસત્યનો ત્યાગ કરવો. ૨. પરદ્રવ્ય અપહરણ ન કરવું. ૩. પરસ્ત્રીગમન સર્વથા વર્જવું. ૪. સર્વ જાતિના પરિગ્રહનો સ્વઇચ્છાનુસાર પરિમાણ કરવું. ૫.

આ નિયમો દ્વિવિધપણે પાળવાં, એટલે તેનાથી વિપરીત મન, વચન, કાયાએ કરવું તેમ કરાવવું નહિ.

નૃપતિ ! સંસારસમુદ્રને મંથન કરનાર આ ગૃહસ્થનાં પાંચ અણુવ્રતો કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દશે દિશાઓમાં ગૃહ, વ્યાપાર અર્થે ગમન કરવાનું પરિમાણ કરવું. ૬.

એક વાર કે અનેક વાર જે વસ્તુ પોતાના ઉપભોગમાં આવે તેવી ભોગોપભોગ વસ્તુનું પરિણામ કરવું. ૭.

પાપનો ઉપદેશ, આર્ત્તધ્યાન, હિંસા થાય તેવાં ઉપકરણ અને પ્રમાદ આચરણ. આથી થતો ચાર પ્રકારનો અનર્થદંડ, તેનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો. ૮.

ઓછામાં ઓછો આખા દિવસમાં બે ઘડી પર્યંત સમભાવમાં રહેવાનો પ્રયત્ન કરવો તે સામાયિક વ્રત કહેવાય છે. ૯.

દિશિનિયમ વ્રતનો એકએક દિવસને માટે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત. આ દિશિસંક્ષેપ રાત્રીએ અને દિવસે ઇચ્છાનુસાર બે વાર કરવો. ૧૦.

ભોજનનો ત્યાગ, શરીરની સુશ્રુષાનો ત્યાગ, વ્યવહારિક વ્યાપારનો ત્યાગ અને મૈથુનનો ત્યાગ એમ ચાર પ્રકારના નિયમોથી આત્મગુણને પુષ્ટિ આપવી તે પૌષધવ્રત. ૧૧.

અતિથિ શ્રમણોને સ્વશકત્યનુસાર આહારાદિ દાન આપવું તે અતિથિસંવિભાગ. ૧૨.

આ પ્રમાણે પહેલાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રત અને છેલ્લાં ચાર શિક્ષાવ્રત એમ ગૃહસ્થનાં બાર વ્રતો છે. આ બાર વ્રત પાલન કરવાં તે ગૃહસ્થધર્મ કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી ગૃહસ્થોએ મધ, મદિરા, માંસ, માખણ, પંચુંબરી (પાંચ પ્રકારના ટેટા) અને રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ.

જીવાજીવાદિ પદાર્થોને જાણી તેની સદ્દહણા કરવી જોઈએ.

જીવાજીવાદિ નવ પદાર્થોને જાણ્યા સિવાય વ્રત, તપ, નિયમાદિ જોઈએ તેવું ઉત્તમ ફળ આપતાં નથી. વસ્તુધર્મને જાણ્યા સિવાય તેનું ગ્રહણ કે ત્યાગ યોગ્ય રીતે બનવું અશકય છે.

રાજન્! તે માટે હું તમને જીવાજીવાદિ પદાર્થની સામાન્ય સમજૂતી કરાવું છું.

જીવ બે પ્રકારના છે. સંસારી તથા કર્મ બંધનથી મુકાયેલા. કર્મ બંધનથી મુક્ત થયેલા જીવો જન્મ, મરણાદિ, આધિ વ્યાધિથી મુક્ત થઈ નિરંતર જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે. તેઓને કોઈ પણ વખત જન્મ લેવો પડતો નથી, કેમકે જન્મનું કારણ કર્મબીજ છે, તે કર્મબીજ તેઓએ સર્વથા ભસ્મીભૂત કરેલ હોવાથી તેમાંથી ફરી જન્માંકુરાઓ ઉત્પન્ન થઈ શક્તા નથી. તેઓ મુક્તાત્મા કહેવાય છે.

બીજે ભેદ જે સંસારી જીવોનો છે, તે અષ્ટકર્મથી બંધાયેલ હોવાથી જન્મ મરણ કર્યા કરે છે. તે સંસારી જીવો ઇંદ્રિયાદિ ઉપાધિભેદથી બે પ્રકારના ગણાય છે. એક ત્રસ અને બીજા સ્થાવર. જેઓ દુઃખાદિથી ત્રાસ પામે છે. એટલે તડકેથી છાયાએ આવે છે, છાયાથી તડકે જાય છે, જેને સુખ દુઃખાદિકનું સ્પષ્ટ ભાન થાય છે તે ત્રસ જીવ કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે ત્રસ જીવના બેઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય, પાંચ ઇંદ્રિય એવા ચાર ભેદ છે. દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય આ ચાર ભેદ પાંચ ઇંદ્રિયવાળા જીવોનાં છે.

સ્થાવર એટલે સ્થિર રહેનાર, અથવા સ્થાવર નામકર્મના ઉદયવાળા જીવ તે પાંચ પ્રકારના છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પ્રમાણે ઇંદ્રિયાદિના ઉપાધિભેદથી સંસારી જીવોના જુદા જુદા ભેદો ગણાય છે.

વાસ્તવિક રીતે **ચેતના લક્ષણ** એ સર્વ જીવોનું સાધારણ લક્ષણ ગણાય છે. આ સર્વ દેહધારી યા કર્મધારી જીવો સંસારી જીવોમાં ગણાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુદ્ગલ આ પાંચ અજીવના ભેદ છે. અજીવનું બીજું નામ જડ વસ્તુ છે.

જીવ પુદ્ગલોને જવા આવવામાં સહાયક ધર્માસ્તિકાય છે. આ અરૂપી વસ્તુ હોવાથી તેના કાર્ય પરથી તે જાણી શકાય છે.

જીવ પુદ્ગલોને સ્થિર રહેવામાં સહાય આપનાર અધર્માસ્તિકાય છે. આ પણ અરૂપી હોવાથી તેના કાર્ય ઉપરથી નિર્ણિત કરાય છે. આકાશ–જીવ પુદ્ગલોને રહેવા અવકાશ (જગ્યા) આપે છે. કાળ વસ્તુઓને નવી, પુરાણી બનાવે છે.

જે વસ્તુમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે તે સર્વ પુદ્ગલો કહેવાય છે. વૃદ્ધિ, હાનિ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

થવી તે પુદ્ગલનો ધર્મ છે, આ પાંચ અજીવના ભેદ છે.

સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં જે જે પદાર્થોસુખના હેતુભૂત અનુભવાય છે તે સર્વનું મૂળ કારણ પુણ્ય છે. કર્મનાં શુભ પુદ્ગલો તે પુણ્ય કહેવાય છે.

જે જે પદાર્થો દુઃખરૂપ અનુભવાય છે તેનું મૂળ કારણ પાપ છે. કર્મનાં અશુભ પુદ્ગલો તે પાપ કહેવાય છે.

પાંચ ઇંદ્રિય અને મનની રાગ દ્વેષવાળી પરિણતિ તે આસ્રવનું કારણ છે. શુભાશુભ કર્મોનું આવવું તે આસ્રવ કહેવાય છે.

પાંચ ઇન્દ્રિયના વિષયોની ઇચ્છાનો નિરોધ કરવો તે સંવરનું કારણ છે. આવતાં કર્મ રોકવાં તે સંવર કહેવાય છે.

બાહ્ય તથા અભ્યંતર એમ બે પ્રકારનો તપ તે નિર્જરાનું કારણ છે. આત્મપ્રદેશ સાથે લાગેલ કર્મો ઝરી જવાં તે નિર્જરા કહેવાય છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે કર્મબંધનાં કારણો છે. આત્મપ્રદેશ સાથે ખીર–નીરની માફક કર્મ પુદ્ગલોનું પરિણમાવવું તે બંધ કહેવાય છે.

ફરી બંધ ન થાય તેવી રીતે, શુભાશુભ કર્મોનું આત્મપ્રદેશથી સર્વથા નિર્જરી નાખવું તે મોક્ષ કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજન્! આ નવ તત્ત્વો ધર્મના મૂળ તરીકે વિશેષ ઉપયોગી છે. સ્વ–પર જીવોના કલ્યાણ અર્થે–યા રક્ષણ અર્થે આ તત્ત્વો ઘણી સારી રીતે જાણવા જોઈએ. તાત્ત્વિક સુખના ઇચ્છક બુદ્ધિમાન જીવોએ, આત્માના સત્ય યાને તાત્ત્વિક સ્વરૂપને જાણી, બનતા પ્રયત્ને કર્મ-બંધનથી બચવા માટે પ્રયાસ કરવો જોઈએ.

ધર્માર્થી જીવોએ લોકવિરુદ્ધ કાર્ય તો અવશ્ય ત્યાગ કરવા. તેમાં ધર્મ વિરુદ્ધ કાર્ય તે વિશેષ પ્રકારે વર્જવાં. તેમ ન કરવાથી અનેક ભવોમાં તે વિપત્તિનું કારણ થાય છે. તેમજ અધોગતિને આપનારી વિકથા (સ્ત્રીકથા, દેશકથા, રાજકથા અને ભોજનકથાદિ) નો પણ વિવેકી પુરુષોએ ત્યાગ કરવો.

હે નૃપતિ! આ પ્રમાણે ત્યાગ કરવા લાયક અને ગ્રહણ કરવા લાયક ગૃહસ્થ ધર્મ મેં તમોને સંક્ષેપમાં સમજાવ્યો.

વળી ગૃહસ્થોને પ્રતિદિવસ કરવા લાયક કાર્ય હું તમોને સમજાવું છું, જેનો આદર કરનાર મનુષ્ય, ઘણી થોડી મુદતમાં સંસારપરિભ્રમણનો અંત (છેડો) પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૧૮ મું

ગૃહસ્થના નિત્ય કર્ત્તવ્ય

ધર્માર્થી ગૃહસ્થોએ રાત્રિના છેલ્લા પહોરે અવશ્ય જાગૃત થવું. જાગૃત થવાની સાથે જ પંચ પરમેષ્ઠી મહામંત્ર નવકારનું બની શકે તેટલી વાર સ્મરણ કરવું. પછી પોતાની જાતિ, કુળ, દેવ, ગુરુ, અને ધર્મ સંબંધી વિચાર કરવો. જેમકે હું કઈ જાતિમાં ઉત્પન્ન થયો છું? મારું કુળ કયું છે? જાતિ તથા કુળાનુસાર મારે કેવાં કામ કરવાં જોઈએ? હું જે કર્ત્તવ્ય કરું છું તેમાં ધર્મને યા આત્માને અનુકૂળ કાર્ય કેટલાં છે? ધર્મને અનુકૂળ આચરણોમાં મારો પ્રયત્ન કેટલો છે અને તેમાં વધારો કેવી રીતે કરી શકાય? તેમાં આવતાં વિઘ્નો મારે કેવી રીતે દૂર કરવાં? મારાથી અકાર્ય કેટલા અને કયાં બને છે? તે બનતાં કેમ અટકાવાય? તે અકાર્યમાં પ્રવૃત્તિ કરાવનાર નિમિત્ત કોણ કોણ છે? તે કેટલાં છે? તે ઓછા કેમ થાય? તેવાં માઠાં કાર્યનું પરિણામ આજ સુધીમાં મને કેટલું દુઃખરૂપ થયું છે?

॥ ૧૩૦ ॥

મારો ઇષ્ટદેવ યાને આરાધન કરવા લાયક દેવ કોણ છે? મારા ધર્મગુરુ કોણ છે? મારો ધર્મ શું છે? આ માનવ જિંદગી સફળ કરવા માટે અને દુઃખથી મુક્ત થવાં માટે મારે કેવાં કર્ત્તવ્ય કરવાં જોઈએ? હું અત્યારે કેવા યા કયા માર્ગે ચાલનાર મનુષ્યોની સોબતમાં છું?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનાથી મને શું ફાયદો કે ગેરફાયદો થાય છે કે થવાનો છે ? ઇત્યાદિ બાબતોનો ઘણી બારીકાઈથી વિચાર કરવો. તેમાં કેટલોક વખત પસાર કરી પોતાની ભૂલ સુધારી, યા આજના દિવસને માટે આ પ્રમાણે જ વર્ત્તન કરવું, વગેરે નિશ્ચય કરી છ આવશ્યકો (પ્રતિક્રમણ) કરવાં. છ આવશ્યક આ પ્રમાણે છે પાપના વ્યાપારની નિવૃત્તિરૂપ બે ઘડી પર્યંત સમભાવે રહેવું. રહેવાનો નિર્ણય કરવો યા નિયમ કરવો તે સામાયિક. ૧. ચોવીસ તીર્થંકરદેવની સ્તુતિ કરવી. ગુરુને વંદન કરવું. ૩. રાત્રિમાં થયેલ પાપને યાદ કરી તેમજ ગૃહસ્થધર્મને લાયક અંગીકાર કરેલ બાર વ્રતમાં જે જે દૂષણરૂપ અતિચાર અજાણતાં કે જાણતાં સહસા લાગી ગયાં હોય તેની માફી માગવી, ફરી તેમ ન થાય તે માટે દૃઢ નિશ્ચય કરવો. ૪. લાગેલા પાપના પ્રાયશ્ચિત્ત નિમિત્તે કાઉસગ્ગ (અમુક વખત સુધી ધ્યાનસ્થ રહી પરમાત્માના ચિંતન સ્મરણ કરવારૂપ) કરવો. ૫. અને આવતાં કર્મ અટકાવવા નિમિત્તે યથાશક્તિ પચ્ચખ્ખાણ (નિયમ તપશ્ચર્યા) કરવું. ૬. આ છ આવશ્યક કરવા લાયક હોવાથી તેને આવશ્યક કહે છે. ત્યારપછી સૂર્યોદય થતાં જ સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, મુખકોશ બાંધી ગૃહચૈત્ય (ઘર દેરાસરમાં રહેલા પ્રતિમાજી)ની પૂજા કરે.

ત્યાર પછી ઋદ્ધિવાન શ્રાવક હોય તે આડંબરથી અને સામાન્ય શ્રાવક પોતાના વૈભવ અનુસારે શહેર કે ગામમાં આવેલા મોટા ચૈત્યમાં (દેરાસરમાં) પૂજા કરવા માટે જાય.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વિધિપૂર્વક પ્રવેશ કરી, જિનેશ્વર ભગવાનની પ્રતિમાજીનું પૂજન કરવાપૂર્વક વંદન કરે. પોતાની મેળે કરેલ પચ્ચખ્ખાણ દેવસાક્ષીએ ફરીને મંદિરમાં યાદ કરે.

દેવવંદન કર્યા બાદ ગુરુની પાસે જવું. ગુરુને વંદન કરી ગુરુસાક્ષીએ યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું, અને ધર્મોપદેશ સાંભળવો. ધર્મોપદેશ ચાલતો હોય તો ધર્મ કહેવામાં કે ધર્મ સાંભળનારને સાંભળવામાં સ્ખલના કે અંતરાય ન થાય તેવી રીતે સામાન્ય વંદન કરી બેસી જવું અને પછી અવસરે પચ્ચખ્ખાણ કરવું. ગૃહસ્થોએ ધર્મ વિરુદ્ધ વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ. જેમાં અનેક જીવોનો સંહાર થતો હોય તે ધર્મવિરુદ્ધ વ્યાપાર કહેવાય છે. તારતમ્યતાનો કે લાભાલાભનો વિચાર કરી, જેમાં બીજા જીવોને ઓછો ત્રાસ થતો હોય કે બિલકુલ ત્રાસ ન થતો હોય તેવા સાધનો મેળવી આજીવિકા કરવી.

મધ્યાહ્ન વખતે ફરી દેવપૂજા કરી, નૈવેદ્ય મૂકી, પ્રાસુક અને નિર્દોષ આહારથી મુનિઓને પ્રતિલાભવા અર્થાત્ સુપાત્રોને દાન આપવું.

દુઃખી થતા સ્વધર્મી બંધુઓને યોગ્યતાનુસાર યથાશક્તિ મદદ આપવી. દીન દુઃખિયા પ્રાણીઓને અનુકંપા બુદ્ધિથી શકત્યનુસાર સુખી કરવા. ઇત્યાદિ ઉપયોગી કાર્ય કરી બહુબીજ, અભક્ષ્ય, કંદમૂળાદિનો ત્યાગ કરી, પચ્ચખ્ખાણ યાદ કરી (પારી) ગૃહસ્થોએ ભોજન કરવું. ભોજન કર્યા બાદ દેવ, ગુરુને યાદ કરી જો એકાસનાદિ નિયમ હોય તો પચ્ચખ્ખાણ કરી લેવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તેમ ન હોય અથવા જમવાની ઇચ્છા હોય તો, દિવસના આઠમાં ભાગ જેટલો દિવસ બાકી હોય ત્યારે ફરી ભોજન કરી લેવું. અને પછી આહારનું પચ્ચખાણ કરવું. સંધ્યા વખતે ફરી ઘરદેરાસરનું પૂજન કરી (ધૂપ, દીપ, આરતિ પ્રમુખથી પૂજન કરી) વંદન કરી, પ્રતિક્રમણ કરવું અને છેવટે શુભ ભાવથી સ્વાધ્યાય ધ્યાન કરવું.

ઘરના આગેવાન માલિક શ્રાવકે, પોતાના ઘરના મનુષ્યોને યથાયોગ્ય અકાર્યથી પાછા હઠાવવાં, અને ધર્મકાર્યમાં ઉજમાળ થવા ધર્મોપદેશ આપવો. વળી તિથિને દિવસે અવશ્ય મૈથુનનો ત્યાગ કરવો અર્થાત્ બ્રહ્મચર્ય પાળવું. બની શકે ત્યાં સુધી વિષયથી વિરક્ત રહેવું. શયન કરવાના (સુવાના) અવસરે અરિહંતાદિ ચાર શરણ (૧. અરિહંતનું શરણ ૨. સિદ્ધનું શરણ, ૩. સાધુનું શરણ, ૪. ધર્મનું શરણ આ ચાર શરણ) કરવાં, સાવદ્ય (પાપવાળા) વ્યાપારનો ત્યાગ કરી, **પંચ પરમેષ્ઠી મહામંત્રનું** સ્મરણ કરતાં થોડી નિદ્રા લેવી. નિદ્રા દૂર થતાં જ કિંપાક ફળની ઉપમાવાળા વિષયસુખના સંબંધમાં વિચારણા કરી જેમ બને તેમ તેનાથી વિરક્ત થવા પ્રયત્ન કરવો, અને મોક્ષમાર્ગમાં સહાયભૂત ચારિત્ર સ્વીકાર કરવા સંબંધી ઉત્તમ મનોરથો કરવાં.

આ પ્રમાણે પ્રતિદિવસ (નિરંતર) ક્રિયા કરનાર મનુષ્ય ગૃહસ્થાવાસમાં રહેવા છતાં પણ મોક્ષસુખને પોતાની નજીકમાં લાવી મૂકે છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ઇત્યાદિ નાના પ્રકારે ચારણશ્રમણ મુનિના મુખથી ધર્મશ્રવણ કરી, ચંદ્રગુપ્ત રાજાએ ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો. શીળવતી તથા સુદર્શના બન્ને વિષયસુખથી વિરક્ત થયાં. દેશ-વિરતિ (ગૃહસ્થધર્મ) લેવાને અશક્તિવાળા જીવોએ સમ્યક્ત્વનો (ધર્મશ્રદ્ધાનો) સ્વીકાર કર્યો, અને તે પણ નહિ ગ્રહણ કરનાર જીવોએ મધુ, મદ્ય, માંસાદિ નહિ વાપરવાનો અભિગ્રહ લીધો.

આ પ્રમાણે અનેક જીવોનો ઉદ્ધાર કરી, પરોપકારી મહાત્મા ચારણશ્રમણ નંદીશ્વરદ્વીપ તરફ જવા માટે આકાશમાર્ગે ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૯ મું

પૂર્વજન્મસ્થાને જવાનો સુદર્શનાનો આગ્રહ

મુનિશ્રીના જવા પછી વિનયપૂર્વક ફરી વાર પિતાના ચરણમાં નમન કરી સુદર્શનાએ જણાવ્યું. પિતાજી! મારા પર પ્રસાદ કરીને મને ભરૂઅચ્ચ તરફ જવાને આજ્ઞા આપો. ત્યાં રહેલા ગુણવાન મુનિઓના ચરણારવિંદનું હું નિરંતર સેવન કરીશ. અને તે સમળીના મરણની જગ્યાએ, મારા પૂર્વજન્મની નિશાની તરીકે, મણિરત્નમય એક જિનભુવન બનાવરાવીશ. રાજાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જણાવ્યું–પુત્રી! હું વિચાર કરીને જવાબ આપું છું, પણ પ્રથમ આ તારા અધ્યાપકે તને અનેક શાસ્ત્રમાં પ્રવીણ કરી છે તેને સંતોષિત કરું. આ પ્રમાણે કહી રાજાએ તરત જ સુદર્શનાના કળાચાર્યને ઇચ્છાથી અધિક પારિતોષિક–દાન આપી વિસર્જન કર્યો. જિનવચનામૃતના પાનથી પવિત્ર ચિત્તવાળા વિવેકી રાજાએ, પુરોહિતની પણ ઉચિતતા લાયક સત્કાર કરી, ખુશી કરી રજા આપી. સામંતાદિક સભાજનનો પણ સત્કાર કરી વિસર્જન કર્યા. પોતાના કુટુંબ, ઋષભદત્ત સાર્થવાહ અને શીળવતી ઇત્યાદિ મનુષ્યો સાથે સભામાં બેસી રાજા સલાહ કરવા લાગ્યો.

સાર્થવાહ! આ મારી પુત્રી સુદર્શના મારા પ્રાણથી પણ મને અધિક વ્હાલી છે. તેણીએ કુટુંબવિયોગનું દુઃખ કોઈ પણ વખત આ જિંદગીમાં અનુભવ્યું નથી, કોઈ પણ વખત અન્ય રાજ્યની ભૂમિ દીઠી નથી. પરદેશની ભાષા બિલકુલ જાણતી નથી. આ જિંદગીમાં દુઃખ અનુભવ્યું નથી. તેની સખીઓથી કે સ્વજનોથી જુદી પડી નથી. કોઈ પણ વખત અપમાન સહન કર્યું નથી. નિરંતર સન્માન પામેલી અને સુખમાં ઊછરેલી છે, સરસવના પુષ્પની માફક તેણીનું શરીર સુકુમાળ છે. તે ભરૂઅચ્ચ કેવી રીતે જઈ શકશે?

જો ના પાડું છું તો તેણીનું હૃદય દુઃખાય છે. જો હા કહું છું તો મારું મન માનતું નથી. આ પ્રમાણે બોલી રાજા થોડો વખત મૌન રહ્યો. થોડો વખત વિચાર કરી રાજાએ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

જણાવ્યું. સાર્થવાહ! ભરૂઅચ્ચ જવા માટે સુદર્શનાનો અત્યંત આગ્રહ છે અને તે પણ પોતાના ભલા માટે જ, એટલે હું તેણીનું મન દુઃખાવવા બિલકુલ રાજી નથી. તમે મારા સ્વધર્મી બંધુ છો તેમ મને ધર્મપ્રાપ્તિમાં નિમિત્ત કારણપણે છો. એટલે બીજા કોઈ પણ પુરુષને ન સોંપતાં તમારા ઉપરના દૃઢ વિશ્વાસથી આ મારી પુત્રી હું તમને સોંપું છું. તે સુખશાંતિથી ભરૂઅચ્ચ પહોંચે, એની કાળજી હવે તમારે જ કરવાની છે. ઋષભદત્ત શ્રાવકે હાથ જોડી નમ્રતાથી જણાવ્યું. મહારાજ! આપને રાજપુત્રીના સંબંધમાં ભલામણ કરવાની કાંઈ પણ જરૂર નથી. ગુણવાન મનુષ્ય પોતાના ગુણોથી જ સર્વત્ર મનાય છે અને પૂજાય છે. અરણ્યમાં પેદા થવા છતાં તે સુગંધી પુષ્પ દેવોના પણ મસ્તક ઉપર ચડે છે, ત્યારે પોતાના શરીરથી જ પેદા થયેલા પણ નિર્ગુણી મેલને મનુષ્યો દૂર ફેંકી દે છે. આપની પુત્રી દૃઢ શિયળરૂપ, વજ્ર કવચથી અવગુંઠિત છે. નમસ્કાર મહામંત્રના પ્રભાવથી દુષ્ટ ઉપસર્ગોને દૂર કરે તેમ છે. સમગ્ર તત્ત્વોને જાણનારી છે. વિષયથી વિરક્તતા પામેલી છે અને ઉત્તમ ધર્મમાં આસક્ત હોવાથી પોતે જ દેવતાના સમૂહોને પણ વંદનીય છે. તેમાં વળી આ ઉત્તમ શિયળગુણસંપન્ન, ભરૂઅચ્ચ નગરના મહારાજા જિતશત્રુની ભાણેજી શિયળવતી, તે તમારી પુત્રીની મદદગાર છે. એટલે રાજપુત્રીને કોઈ પણ પ્રકારની અડચણ નહિ આવે, એ મારી ચોક્કસ ખાત્રી છે.

॥ ૧૩૬ ॥

જ્યારે જિતશત્રુ રાજા, પોતાની ભાણેજીનું સિંહલ દ્વીપમાં રહેવાનું અને ત્યાંથી સુખ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાંતિએ પાછું પોતાના શહેરમાં આવવાનું સાંભળશે ત્યારે સુકૃતના પ્રથમ ઉપચાર તુલ્ય આપના ઉપર તે રાજા ઘણો જ પ્રસન્ન થશે અને સ્નેહ ધારણ કરશે, માટે મહારાજા! સુદર્શનાના સંબંધમાં આપ બિલકુલ ચિંતા ન કરશો.

જિતશત્રુ રાજા ધર્મમાં તત્પર, કૃતજ્ઞ અને સ્વધર્મી ભાઈઓનું વાત્સલ્ય કરનાર જૈન રાજા છે. વળી આ સેવકને પણ આપ જે આજ્ઞા કરશો તે કરવાને માટે તૈયાર છે. રાજાએ શીળવતીના સન્મુખ નજર કરી ઘણા પ્રણયથી જણાવ્યું. શીળવતી! આ સર્વ કાર્ય તમારું છે. મારી પુત્રી હું તમને સોપું છું. તેના સંબંધમાં તમને કાંઈ પણ ભલામણ કરવા જેવું નથી, પણ તમને અહીંથી જેઈએ તેટલી મદદ મળવાનું જાણવા છતાં, આટલો વખત છૂપી રીતે દુઃખમાં રહ્યાં તેમ ન કરશો અને હિતકારી કાર્યમાં મારી પુત્રીને પૂર્ણ રીતે સહાયક થશો.

કષ્ટમાં આવી પડેલ ઉત્તમ મનુષ્યો પણ હતપ્રભાવ થાય છે તેમાં કાંઈ આશ્ચર્ય નથી, કેમકે અતિ ઉચ્ચત્તર સ્થિતિનું સ્મરણ કરતાં મુનિઓ પણ વિમનસ્ક થાય છે.

શીળવતીએ નમ્રતાથી જણાવ્યું. મહારાજ! વારંવાર મારી સ્થિતિને યાદ કરાવી, આપની પુત્રીને અર્થે, આપ મને શા માટે ઓળંભો આપો છો? ભરૂઅચ્ચ પહોંચ્યા પછી થોડા જ દિવસમાં આપની પુત્રીની કુશળ પ્રવૃત્તિ આપ સાંભળશો માટે તે સંબંધી ચિંતા ન કરતાં, આપ તેને રાજીખુશીથી ભરૂઅચ્ચ આવવા આજ્ઞા આપો કે તેણી પોતાનું ઇચ્છિત આત્મસાધન કરે. હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેની સાથે છું. સુખમાં પ્રથમ ભાગ હું તેને આપીશ અને દુઃખમાં પ્રથમ ભાગ હું લઈશ. ભરૂઅચ્ચ જવા માટે રાજપુત્રી પૂર્ણ ઉત્કંઠાવાળી છે. દરેક પ્રકારની સગવડ કરાવી આપનાર ઉત્સાહી સાર્થવાહ સાથે છે. તેણીની મદદગાર રાજપુત્રી શીળવતી છે. ઇત્યાદિ અનુકૂળ નિમિત્તો દેખી રાજાના મનને શાંતિ થઈ. રાજા સભામાંથી ઊઠયો. એટલે બીજા પણ સર્વે ઊઠયા.

ઋષભદત્ત સહિત રાજાએ પ્રથમ સ્નાન કર્યું અને પછી મુનિશ્રીના કહેવા પ્રમાણે તે શ્રેષ્ઠીની સાથે વિધિપૂર્વક દેવપૂજન કર્યું, ઉચિતતાનુસારે દાન આપી રાજાદિક સર્વજનોએ ભોજન કર્યું. ભોજન કર્યા બાદ શ્રેષ્ઠીની સાથે રાજા ધર્મવાર્તામાં ગુંથાયો.

ધર્મચર્ચામાં રાજાનું મન એટલું બધું લાગ્યું હતું કે–સમય, ઘડી અને પ્રહરોએ કરી પોતાના પ્રતાપને ઓછો કરતો સૂર્ય તદ્દન નિસ્તેજ થઈ ગયો અને થોડા વખતમાં તો પશ્ચિમ દિશામાં ગેબ થઈ ગયો.

સૂર્યને માથે આવી વિપત્તિ આવેલી જાણી, સૂર્યવિકાસી કમળોનાં વદન મ્લાન થઈ ગયાં. અથવા સ્વામીના વિરહથી સેવકોને વૈભવની હાનિ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

એ અવસરે પત્રોની છાયાવાળા વૃક્ષમાં, પંખીઓ આમ તેમ દોડતાં છુપાવા લાગ્યાં. ખરી વાત છે કે–પંખીઓનું સ્થળ પુન્યવાન જીવોના સ્થળની માફક નિરંતર ઊંચું જ હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેમ સમ્યક્ત્વનો નાશ થતાં, મિથ્યાત્વ ફેલાય છે તેમ સૂર્યકિરણુના વૈભવનો નાશ થતાં પૃથ્વી ઉપર શ્યામ અંધકાર ફેલાવા લાગ્યો.

થોડા જ વખતમાં પૃથ્વીવલયને આનંદ આપનાર ઉત્તમસદ્ગુરુની માફક નિર્મળ કિરણુ (વાણી)ના સમૂહથી (અજ્ઞાન) અંધકારને દૂર કરતો ચંદ્રનો ઉદય થયો. જેમ ઉત્તમ શિયળ ગુણને ધારણ કરનાર સ્ત્રી ઉભય કુળને પ્રકાશિત કરે છે, તેમ તે ચંદ્ર પૂર્વ અને પશ્ચિમ દિશામાં પ્રસરતી પોતાની ચાંદનીવડે ગગનતળને પ્રકાશિત કરવા લાગ્યો. ચંદ્રકિરણુ વડે આશ્વાસન પામેલાં ચંદ્રવિકાશી કમળો વિકસિત થવા લાગ્યાં. ખરી વાત છે કે—યોગ્ય સ્વામીના દર્શનથી સર્વ જીવો હર્ષિત થાય છે.

પ્રકરણ ૨૦ મું

માતાનો મોહ–પુત્રીનો દિલાસો

ચંદ્રની ચાંદનીના પ્રકાશથી આ પૃથ્વીતળ જાણે હસતું હોય નહિ તેમ રાત્રીના વખતમાં પણ પોતે સંગ્રહ કરેલા પદાર્થોને પ્રગટ રીતે બતાવી રહ્યું હતું. જ્યારે આખા શહેરમાં શાંતિ પ્રસરી હતી ત્યારે દેવી ચંદ્રલેખાના નેત્રોમાંથી ઊનાં ઊનાં અશ્રુજળ વહન થઈ રહ્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પુત્રીમાં મોહ હોવાથી તેનાં નેત્રમાંથી નિદ્રા રિસાઈ ગઈ હતી. શય્યામાં તે આમ તેમ આળોટતી હતી અને પુત્રીનો ભાવિ વિયોગ સાંભળી તેણીનું હૃદય કંપતું હતું. છેવટે સુદર્શનાને પોતાની પાસે એકાંતમાં બોલાવી, સુદર્શના તરત જ માતાની પાસે આવી.

માતાએ રડતાં રડતાં પુત્રીને ખોળામાં બેસારી જણાવ્યું. મારી વ્હાલી પુત્રી! ઘણી મહેનતે, પુણ્યના ઉદયથી કુળદેવીએ મને એક જ પુત્રી આપી છે. મારી ગુણવાન પુત્રી! તારે મારા સર્વ મનોરથો પૂર્ણ કરવાં જ જોઈએ. હજી સુધી તારી સખીઓની સંઘાતે આ વિસ્તાર-વાળા મહેલના આંગણામાં કંદુક (દડા)ની રમત રમતાં પણ મેં તને દેખી નથી. વસંત ઋતુમાં નાના પ્રકારના શૃંગાર પહેરી પ્રિય સખીઓ સાથે જળક્રીડાદિ ક્રીડા કરતાં મેં તને બિલકુલ દીઠી નથી. હજી સુધી પાણિગ્રહણ કરવાના અલંકારોથી અલંકૃત થયેલી, યાચકોને દાન આપતી અને બંદીવાનોથી સ્તુતિ કરાતી મેં તને દેખી નથી. પુત્રી! આવો વૈરાગ્ય ધારણ કરી તારે કયાંય પણ જવું નહિ. આ રાજ્યની સર્વ વસ્તુ તારે સ્વાધીન છે. બીજી પણ તને જે જે વસ્તુની જરૂર હશે તે સર્વ વસ્તુ હું તને અહીં જ મેળવી આપીશ.

સુદર્શનાએ નમ્રતાથી જણાવ્યું. માતાજી! આ મનુષ્યપણું જુવો કે સર્વ ગુણોથી અલંકૃત છે તોપણ અરણ્યમાં ઉત્પન્ન થયેલા કમળની માફક ધર્મપ્રાપ્તિ સિવાય નિરર્થક છે. માતા! દીર્ઘદૃષ્ટિથી વિચાર કરશો તો આપને જણાઈ આવશે કે—નાના પ્રકારની અશુચિથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન થયેલા આ માનવ દેહમાં અજ્ઞાની જીવો બાળ, યુવા કે વૃદ્ધાવસ્થામાંથી કઈ અવસ્થામાં ધર્મ કરી શકે તેમ છે?

બાલ્યાવસ્થામાં અશુચિથી ખરડાયેલું શરીર, સુખ, દુઃખ, બોલવામાં અસમર્થતા, દૂધ-પાનાદિ ભોજન સ્થિતિ પણ પરાધીન અને શરીર ઉપર બણબણાટ કરતી માખીઓને ઉડાડવામાં પણ શરીરની અશક્તિ, ઇત્યાદિ બાળ અવસ્થાની સ્થિતિમાં મનુષ્યો ધર્મ કયાંથી સાધી શકે?

વિષયોમાં આસક્ત દંપતી (સ્ત્રી ભરથાર)ના પ્રેમમાં મસ્ત, ઉત્તમ ભોગો મેળવવામાં એકતાન, પરધન, પરસ્ત્રી કે પરપુરુષમાં વિષય જ્વાળાથી સંતપ્ત, યૌવન મદથી મદોન્મત્ત, ભવિષ્યના દુઃખથી બેદરકાર અને વિરતિ સુખના સ્વાદને નહિ જાણનારા મનુષ્યો યુવાવસ્થામાં પણ ધર્મ કરી શકતા નથી. બાળકની માફક વૃદ્ધાવસ્થામાં પણ મુખથી પડતી લાળથી શરીર ખરડાયેલું હોય, વિશેષ બોલી શકાતું ન હોય, દાંત પડી ગયા હોય, અવયવો કંપતા હોય, શરીર જરાથી જર્જરિત થયું હોય, સર્વ ઋદ્ધિ પુત્રાદિને સ્વાધીન હોય અને પરિવારના મનુષ્યો બિલકુલ દરકાર કરતાં ન હોય. આવી પરાધીન વૃદ્ધાવસ્થા તે ધર્મને લાયક કેમ ગણાય?

માતાજી! આવા અનેક દોષોથી આ માનવ જિંદગી ભરપૂર છે અને એક ઘડી પછી આ શરીરની સ્થિતિ શું થશે? તેનું પણ આપણને ભાન નથી, માટે જ મારી એ ઇચ્છા છે કે યુવાવસ્થામાં જ ઇન્દ્રિયનું દમન કરીને આત્મધર્મ સિદ્ધ કરવો યા સ્વાધીન કરવો. આત્મ-

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શક્તિને બહાર લાવવા પ્રયત્ન નહિ કરનારા જીવો વિશ્રામ લીધા સિવાય દરેક જન્મમાં નાના પ્રકારનાં સુખ–દુઃખનો અનુભવ કરે છે. તેઓ જન્મ, મરણ, મોહ અને અજ્ઞાનને પરાધીન થવાથી શાશ્વત સુખ મેળવી શકતા નથી.

માતાજી! આ પણ સમજવા જેવું છે કે–કુટુંબના સહવાસમાં રહેલા આ અજ્ઞાની જીવો અન્યોઅન્ય પોતાની ગતિ આગતિને પણ જાણી શકતા નથી. કોઈ દેવ ગતિમાંથી ચ્યવીને આવે છે, તો કોઈ નરકાવાસમાંથી આવે છે. કોઈ તિર્યંચ ગતિમાંથી આવે છે, તો કોઈ માનવ આવાસમાંથી–આમ જુદા જુદા આવાસમાંથી આવી આહારભૂષણ, વસ્ત્ર, શયન, આસનાદિ લાભના લોભથી વિટંબના અનુભવતા, મોહથી મોહિત થઈ કુટુંબવાસમાં વસે છે, એક મરણ પામે છે અને સર્વની આગળ ચાલ્યો જાય છે, પણ અન્યની રાહ જોવા થોડો પણ વખત ઊભો રહેતો નથી અથવા બીજાઓ તેને થોભી રાખવા કે સાથે જવાને સમર્થ થતા નથી; પણ પોતે પોતાના કર્મથી નિગડિત થઈ (બંધાઈને) પાછા જુદા જુદા સ્થળે ચાલ્યા જાય છે.

માતા મરણ પામી પુત્રીપણે ઉત્પન્ન થાય છે, પુત્રી માતાપણે ઉત્પન્ન થાય છે. પિતા પુત્રપણે અને પુત્ર પિતાપણે કર્મ દોષથી ઉત્પન્ન થાય છે. બંધુ શત્રુપણે, શત્રુ મિત્રપણે, પુત્ર પતિપણે અને પતિ પુત્રપણે કર્મસંબંધથી ઉત્પન્ન થાય છે. ઘણા કલેશથી પેદા કરેલું ધન પણ મહાન વિરોધને કરવાવાળું થાય છે અને તે એટલું બધું અસાર છે કે–મરણ પામ્યા બાદ એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પગલું પણ સાથે આવતું નથી. સ્વજનો સ્વાર્થમાં તત્પર થઈ ઉપેક્ષા કરે છે, ધનમાં લુબ્ધ થયેલા પુત્રો, પિતા સાથે યુદ્ધમાં ઉતરે છે અથવા અનેક છળપ્રપંચ કરે છે. વ્હાલી સ્ત્રી પણ અમંગળ કે ચેપી રોગાદિના ભયથી મૃત પતિના કે મરવા પડેલા પતિના દેહનો સ્પર્શ કરતી નથી.

માતાજી! સંબંધીઓની સ્વાર્થી પ્રીતિ સમજીને, આપ મારા સંસારસુખ માટે ખેદ નહિ કરો. આ અસાર દેહનો સાર–આત્મહિત કરવું તે જ છે. ભાડાની ગાડી પાસેથી જેટલું કામ લેવાય તેટલો લાભ છે. આ અસ્થિર દેહથી સ્થિર ધર્મની પ્રાપ્તિ, મળવાળા દેહથી નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ અને પરાધીન દેહથી આત્મા સ્વતંત્રતા મેળવતો હોય તો પછી આનાથી અધિક ફાયદો બીજો કયો ગણાય?

ધન્ય છે તે સ્ત્રી પુરુષોને કે જેઓ દેવેન્દ્રના સ્વરૂપને કે દેવાંગનાના સ્વરૂપને જીતનાર, મનવલ્લભ અને રતિકુશળ સ્ત્રી, પુરુષોના સમાગમથી પણ મોહિત થતા નથી.

ધન્ય છે તે સ્ત્રી, પુરુષોને કે જેઓ પાંચ ઇન્દ્રિયરૂપ અશ્વને ગુપ્તિરૂપ લગામથી ખેંચી, સંતોષરૂપ નંદનવનમાં ધારી રાખે છે. ધન્ય છે તે મહાસત્ત્વવાન જીવોને કે જેઓ કામરૂપ ગજેન્દ્રના વિકટ કુંભસ્થળને ભેદી બ્રહ્મચર્ય સહિત ઘોર તપશ્ચર્યા કરે છે.

ધન્ય છે તેવા પરાક્રમી જીવોને કે જેઓ કષાયરૂપ અગ્નિને ક્ષમાદિક પાણીથી બુઝાવી પરમ શાંતિપદને પામે છે. રાગ, દ્વેષ, મોહાદિ નિબિડ પાપ બંધનોને બાળી સંસાર પરિભ્રમણના

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

કારણોને તોડી મોક્ષપદ પ્રાપ્ત કરે છે તે મહાત્માઓને ખરેખર ધન્યવાદ ઘટે છે.

વ્હાલી માતા! સદ્‌ગુરુના મુખથી મેં ધર્મ સાંભળ્યો છે, જાતિસ્મરણજ્ઞાનથી કર્મ વિપાકનો અનુભવ મેળવ્યો છે, અને તેથી જ જન્મ-મરણાદિથી ત્રાસ પામું છું, તે ત્રાસને દૂર કરવા માટે જ મારે તેમજ આપને તે ધર્મમાં વિશેષ પ્રયત્ન કરવો જોઈએ.

જનની! મારા ઉપર આપનો પૂર્ણ સ્નેહ છે. તે સ્નેહ ત્યારે સાર્થક ગણાય કે મને ધર્મમાર્ગમાં વિઘ્ન ન કરતાં, મારો માર્ગ તમે સરળ કરી આપો, અને તમે પોતે પણ ધર્મમાં ઉજમાળ થાઓ, તમે જિનમંદિર બંધાવો, સુપાત્રમાં દાન આપો અને જીવો ઉપર વિશેષ દયાળુ થાઓ. ધર્મ સિવાય આ સંસારમાં બીજો કોઈ તાત્ત્વિક સ્નેહી નથી. સ્વાર્થને ખાતર કે સ્વાર્થ પર્યંત સ્નેહી થનાર તે તાત્ત્વિક સ્નેહી કેમ ગણાય? આ પ્રમાણે સુદર્શના પોતાની માતા ચંદ્રલેખાને સારભૂત ધાર્મિક વચનોથી પ્રતિબોધ આપતી હતી તેટલામાં પ્રાતઃકાળને સૂચક વીણા, શંખ અને વાજંત્રોના શબ્દો તેઓને કાને આવ્યા. આખી રાત્રિની સુદર્શનાની મહેનત કેટલેક દરજ્જે સફળ થઈ; કેમકે ચંદ્રલેખાને તેના ઉપદેશની સારી અસર થઈ હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૨૧ મું

સિંહલદ્વીપને છેવટનો નમસ્કાર

दिणरयणिघडियपहरछलेण मणुयाणं आउयं गलइ ।
इय जाणिऊण तुरियं सुधम्मकम्मुज्जुया होह ॥ १ ॥

અવસરને ઉચિત હિતકારી, અવસરજ્ઞ, માગધે સૂર્યોદયની તૈયારી જાણી લોકોને ધર્મમાં જાગૃત થવા માટે જણાવ્યું. દિવસ, રાત્રી, ઘડી અને પ્રહરના બહાનાથી મનુષ્યોનું આયુષ્ય ઓછું થતું જાય છે, એમ જાણી હે મનુષ્યો ! ઉત્તમ ધર્મકાર્યમાં તમે જલદી ઉદ્યમવાન થાઓ.

રજનીકર (ચંદ્ર) મલિન થતાં નક્ષત્ર અને કુમુદની લક્ષ્મી પણ લુંટાવા લાગી. ખરી વાત છે કે કલંકવાળાની સોબતથી પરાભવ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સૂર્યના કિરણોએ અંધકારને દૂર ફેંકી દીધો એટલે ગિરિ–ગુફામાં શરણ લેવા માટે દોડયો ગયો. મહાન પુરુષો ક્ષુદ્રોનું પણ રક્ષણ કરે છે, તે વાત સાચો છે. દિનકરે આશ્વાસન આપેલાં કમળનાં વન પ્રફુલ્લિત થવા લાગ્યાં. ખરી વાત છે કે અંગીકાર કરેલ કાર્યનો નિર્વાહ કરવાથી ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે. ઇત્યાદિ વ્યંગાર્થથી બંદીવાને, સૂર્યોદય થયો છે તેમ રાજા પ્રમુખને જણાવ્યું. રાજા પ્રમુખ સર્વે પોતાનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak

ખટકર્મ કરવામાં રોકાયાં અને થોડા વખતમાં આવશ્યક કર્ત્તવ્ય આટોપી લઈ, પોતાને ઉચિત વ્યવસાયમાં સર્વ ગુંથાયા.

રાજા વિચારવા લાગ્યો કે–મારી પુત્રીને ભરૂઅચ્ચ જવાની ચોક્કસ ઇચ્છા અને તે ઇચ્છા પણ આત્મ–ઉદ્ધારની હોવાથી મારે તેણીને અવશ્ય મદદ આપવી પણ વિઘ્નભૂત ન થવું. જ્ઞાની પુરુષોની આજ્ઞા છે કે 'કરી ન શકો તો કરતાને મદદ આપો, પણ વિઘ્નભૂત ન થાઓ' મારે પણ તે પ્રમાણે જ વર્તન કરવું ઇત્યાદિ વિચાર કરતા રાજાએ પ્રયાણને માટે સર્વ સામગ્રી તૈયાર કરવાને જુદા જુદા મનુષ્યોને આજ્ઞા કરી. રાજાની આજ્ઞા થતાં જ મનુષ્યો તે તે કાર્યની તૈયારી કરવા લાગ્યા.

બીજે દિવસે પ્રાતઃકાળ થતાં જ પૂર્વે નિયોજેલા મનુષ્યોએ સર્વ સામગ્રી તૈયાર કરી રાજાને નિવેદિત કર્યું.

રાજાની આજ્ઞા થતાં જ સેનાપતિએ બંદર જવા માટે પ્રયાણની ભેરી વગાડી. પ્રયાણ ઢક્કાનો શબ્દ સાંભળતાં જ સુભટો સન્નદ્ધબદ્ધ થયા, અશ્વો પાખરાયા, રથો સજ્જ કરાયા અને હાથીઓ શણગારાયા. ॥ ૧૪૬ ॥

આ પ્રમાણે સૈન્ય તૈયાર થતાં ઋષભદત્ત સાથે પૂજા, દેવાર્ચન કરી રાજા રથમાં આવી બેઠો, રાણી ચંદ્રલેખા પણ પોતાના ખોળામાં સુદર્શનાને બેસારી શીલવતીની સાથે એક શિબિકામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(નરવાહન પાલખીમાં) આવી બેઠી. રાજકુમારો, પ્રધાનો, વિલાસિનીઓ, સખીઓ અને નગરના લોકો સર્વે સુદર્શનાને બંદર ઉપર વળાવવા માટે તેની પાછળ ચાલવા લાગ્યા. વાજીંત્રના શબ્દોથી દિગંતરને પૂરતો સર્વ પરિવાર સહિત રાજા વેલાતટ (બંદર) ઉપર આવી પહોંચ્યો.

ઉત્તમ સ્થળે ડેરા-તંબુ તાણવામાં આવ્યા હતા, તેમાં થોડો વખત રાજા પ્રમુખે વિશ્રાંતિ લીધી. તેટલામાં નિર્યામકોએ આવી રાજાને વિનંતિ કરી કે-મહારાજા! આપની આજ્ઞા મુજબ સર્વ વહાણો તૈયાર કરી રાખ્યાં છે.

આ અરસામાં ઋષભદત્ત શ્રાવક (સાર્થવાહ) પણ પોતાનો માલ, કરીયાણાં પ્રમુખ વેચી નાખી સર્વ તૈયારી કરી રાજાની પાસે આવી પહોંચ્યો. રાજાએ ઋષભદત્તના કરિયાણાં સંબંધી માલની સર્વ જગાત (દાણ) માફ કરી, સામું ભેટ તરીકે કેટલુંક ધન આપ્યું. તેમજ ઉત્તમ રત્ન, સોનું, કર્પૂર, વસ્ત્ર અને બાવના ચંદન પ્રમુખ આપી ઘણો સત્કાર કરવા પૂર્વક પોતાની પુત્રી સુદર્શનાને તેના હાથમાં સોંપી. રાજાએ જણાવ્યું-સાર્થવાહ! કોઈ પણ રીતે મારી પુત્રીને દુઃખ ન લાગે, સુખ-શાંતિએ ભરૂઅચ્ચ જઈ પહોંચે, અને ત્યાં જઈ ધર્મ-કાર્યમાં સાવધાન થાય તે સર્વ કાર્ય તમારે પોતે કરવાનું છે અર્થાત્ તેમાં તમારે પૂરતી મદદ આપવાની છે.

સાર્થવાહે રાજાનો ઉપકાર માનતાં નમ્રતાથી જણાવ્યું મહારાજા! આપની પુત્રી મ્હારી

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ધર્મબહેન છે. આપ તેમના તરફથી નિશ્ચિંત રહો. જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું તેનો એક વાળ પણ વાંકો નહિ થવા દઉં.

સાર્થવાહની આવી લાગણી જાણી રાજાને ઘણો સંતોષ થયો.

સુદર્શનાના ઉપભોગ માટે અને સહાય નિમિત્તે રાજાએ વસ્ત્ર, કર્પૂર, કસ્તૂરી, કુંકુમ, કાલાગુરુ, રત્ન, સોનું, રૂપું, ઘી, તેલ, અનાજ વગેરે ઉપયોગી વસ્તુ, તથા દાસ, દાસી, ગાયન કરનાર વિલાસિનીઓ, વાજિંત્ર વગાડનાર, તથા ધનુષ્ય, બાણ, ભાલાં, મુદ્ગર, ખડ્ગ, સન્નહ, તેમજ સામંત, મંત્રી, સુભટો, સુખાસનો અને પટમંડપ (તંબુ) વગેરે અનેક ઉપયોગી વસ્તુઓથી અને મનુષ્યોથી ભરેલાં સાત સો વહાણ આપ્યાં. વળી ભરૂઅચ્ચ નગરના જિતશત્રુ રાજાને માટે અનેક કિંમતી ચીજોનાં ભરેલાં પાંચ વહાણો ભેટ તરીકે તે સાથે આપ્યાં ઇત્યાદિ સર્વ જાતની તૈયારીઓ થયેલી દેખી પિતાને છેવટના પ્રણામ કરતાં સુદર્શનાએ જણાવ્યું.

પૂજ્ય પિતાશ્રી! આજ પર્યંતમાં મેં કોઈ પણ રીતે આપનો અવિનય અપરાધ કર્યો હોય તો તે સર્વ આ બાળક ઉપર કરુણા લાવી ક્ષમશો. બાળપણું એ અજ્ઞાનતાનું ઘર છે અને તેને લઈને આપનો અવિનય થઈ ગયો હોય તે બનવા યોગ્ય છે.

વ્હાલી માતા! આપને મેં ગર્ભથી માંડી અનેક પ્રકારનો કલેશ આપ્યો છે. તે સર્વ અપરાધ માયાળુ માતા ક્ષમા કરશો. તમારા ઉપકારનો બદલો હું કોઈ પણ રીતે વાળી શકવાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અસમર્થ છું, કેમકે પ્રસૂતિ વખતે માતાને જે દુઃખ થાય છે, તે દુઃખની આગળ દુનિયાનાં બીજાં દુઃખ લાખમેં ભાગે પણ નથી. તે સર્વ દુઃખ સહન કરી બાળ અવસ્થામાંથી આવી યુવાવસ્થામાં મને લાવી મૂકતાં, આપને ઘણું ખમવું પડયું છે, તે ઉપગાર સામી નજર કરતાં, મારા આ જન્મ પર્યંતનું સુકૃત આપને અર્પણ કરું તો પણ થોડું જ છે.

આ પ્રમાણે માતા, પિતા સાથે છેલ્લી વખતનું સંભાષણ કરતી પુત્રીને દેખી તેમજ તેણીનો વિનય, વિવેક અને માતૃપિતૃ પ્રત્યેની ભક્તિની લાગણી દેખી રાજાનું હૃદય ભરાઈ આવ્યું. તેની આંખોમાંથી મોતી જેવડાં આંસુ ઝરવા લાગ્યાં.

રાજાએ સુદર્શનાના મસ્તક ઉપર હાથ મૂકી, હૃદયથી ચાંપી ગદ્‌ગદિત કંઠે જણાવ્યું, મારી વ્હાલી પુત્રી! તું ફરીને અમને કયારે મળીશ? તારા લાંબા વિયોગ અગ્નિથી બળતા અમારા શરીરને શાંત કરવાને અમૃત તુલ્ય તારું દર્શન ફરી અમને કયારે થશે? આ પ્રમાણે રાજા પુત્રી સાથે વાર્તાલાપ કરે છે તેવામાં પુત્રીના દીર્ઘ વિયોગરૂપ જાણે વજ્રનો પહાડ પડયો હોય નહિ તેમ શૂન્ય હૃદય થવા પૂર્વક રાણી ચંદ્રલેખા અકસ્માત જમીન ઉપર ઢળી પડી. રાજા પોતાનું દુઃખ ઓછું કરી, રાણીની સારવાર કરવામાં રોકાયા. અને શીતળ ઉપચાર કરતાં રાણી કેટલીક વારે શુદ્ધિમાં આવી અને તરત જ વિલાપ કરવા લાગી. રાણીને વિલાપ કરતી દેખી, ધીરજ આપવા પૂર્વક અનેક રીતે શીળવતી સમજાવવા લાગી, બહેન! તું પોતે પુત્રીની

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

હિતસ્વી છે, છતાં આવા મંગળ કરવાના અવસરે વિલાપરૂપ અમંગળ શા માટે કરે છે?

સુદર્શનાએ પણ ધીરજ આપતા જણાવ્યું–માતા! તમે આ શું કરો છો? આ વખત તો તમારે અનેક પ્રકારની હિત શિખામણ આપીને માતાની ફરજ બજાવવી જોઈએ. તેને બદલે તમે પોતે આમ દિલગીર થાઓ છો, તો પછી અમારા જેવાં બાળકોની ધીરજ કેમ ટકી રહે? વચન અને નેત્રોથી જાણે પુત્રીના વિયોગ અગ્નિથી ધૂમ રેખાજ મૂકતી હોય નહિ તેમ ઘણી મહેનતે ગદ્‌ગદ કંઠે રાણીએ જવાબ આપ્યો.

પુત્રી! જો કે મને સાત પુત્રો છે, તથાપિ તારા વિરહ અગ્નિથી અત્યારે હું બળી મરું છું અને તે અગ્નિ પાછો તારો સમાગમ થશે ત્યારે જ શાંત થશે. આ પ્રમાણે બોલતાં ફરી રાણીએ રડી દીધું (રડવા લાગી).

સુદર્શનાએ જણાવ્યું માતાજી! આમ રૂદન કરી શા માટે આપ દિલગીર થાઓ છો? આ મારી ધાવ માતા કમલા મારા કુશળની પ્રવૃત્તિ કહેવા માટે ત્યાં પહોંચ્યા પછી તરત જ પાછી આપની પાસે આવશે.

રાણી ચંદ્રલેખા પુત્રીના આ વચનોથી કાંઈક શાંત થઈ; પોતાની બહેન કરીને માનેલી અને ઘણા દિવસના સંબંધ વાળી શીળવતીને આલિંગન આપી, રાણી ચંદ્રલેખાએ જણાવ્યું સુંદરી! જેમ એક માણસ બીજા માણસ પાસે થાપણ મૂકે છે તેમ આ મારી પુત્રીને હું તારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે થાપણ તરીકે સોપું છું. માટે તેની સર્વ સંભાળ તમારે જ રાખવાની છે.

લાંબા વખતના સંબંધીનો વિયોગ થતો જાણી શીળવતીને પણ સહેજ ઓછું આવ્યું; પણ તત્ત્વજ્ઞ હોવાથી હૃદય કઠિન કરી તેણીએ જણાવ્યું. બહેન ! આજે આપણો સ્નેહ પૂર્ણ થાય છે. હવે બીજીવાર તમારું દર્શન મને થવું દુર્લભ જણાય છે. પ્રિય સખી ! મારું હૃદય જાણે વજ્રનું ઘડેલું હોય તેમ, આપણા વિયોગથી શતખંડ થતું નથી એટલે હવે તે વિયોગનું દુઃખ મારે સહન કરવું જ પડશે.

બહેન ! તમારા વિયોગ અગ્નિથી બળતું, અને દુઃખરૂપ ઇંધણોથી પ્રજ્વલિત થયેલું આપણું સ્નેહ વૃક્ષ નિરંતરને માટે સળગતું જ રહેશે. સંયોગ વિયોગથી ઉત્પન્ન થતા દુઃખરૂપ ભડકાઓથી બળી રહેલો આ સંસાર ખરેખર દુઃખરૂપ જ છે. આવા દુઃખમય સંસારને જાણી તમારે જિનેશ્વર ભગવાનના કહેલા ધર્મમાં વિશેષ પ્રકારે ઉજમાળ થવું જોઈએ.

ઇત્યાદિ મીઠાં વચનોએ, દેવી ચંદ્રલેખાને આશ્વાસન આપી શીળવતી વહાણ પર ચડી બેઠી. સુદર્શના પણ પોતાનાં માતા, પિતા, બંધવ, સખીઓ અને નગર લોકોને ખમાવી, મીઠાં વચનોથી સંતોષી, શીળવતીની જોડે આવી બેઠી. શુભમતિ શીળવતીની સાથે બેઠેલી સુદર્શના, ઉત્તમ વિમાન પર સરસ્વતીની સાથે બેઠેલી લક્ષ્મીની માફક શોભવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સાર્થપતિ ઋષભદત્ત પણ નરપતિ સહિત રાણી ચંદ્રલેખાને પ્રણામ કરી પોતાના જહાજ પર આવી બેઠો. ફરી બીજીવાર માતા, પિતાને આનંદ થાય તેમ સુદર્શનાએ પ્રણામ કર્યો. અને છેવટે પોતાની માતૃભૂમિ સિંહલદ્વીપને સદાને માટે છેવટનો નમસ્કાર કરી ભરૂઅચ્ચ નગર તરફ સમુદ્ર માર્ગે તે રવાના થઈ.

પ્રકરણ ૨૨મું

વિમળગિરિનો પહાડ અને મહાત્માનું દર્શન

પવનવેગથી વહાણો સમુદ્રમાં ચાલવા લાગ્યાં. નાના પ્રકારનાં આશ્ચર્યકારી દેખાવો ઠેકાણે ઠેકાણે નજરે પડવા લાગ્યાં. મચ્છ, કચ્છાદિ જળચર જીવોથી ભરપૂર સમુદ્રને નિહાળતાં, સુદર્શનાને કાંઈ નવો જ અનુભવ મળ્યો. તેણીએ શિળવતીને જણાવ્યું.

અમ્મા ! આ સંસારની માફક સમુદ્ર પણ દુસ્તર, દુઃસહ દુરાલોકનીય, દુરવિગમનીય અને દુઃખના નિધાન જેવો મને ભાસે છે. છતાં પ્રબળ પ્રયત્ન કરનાર ધીરપુરુષોને ઉત્તમ આલંબનોની મદદથી સુખે તરી શકાય તેવો પણ જણાય છે. શિળવતીએ જણાવ્યું. હા પુત્રી ! આ સંસારનું તેમજ સમુદ્રનું કેટલીક રીતે સાદશ્યપણું સંભવી શકે છે. છતાં જેમ ઉત્તમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્યામકોની અને જહાજની મદદથી આ સમુદ્રનો સુખે પાર પામી શકાય છે–તેમ મનુષ્ય શરીર અને ઉત્તમ સદ્‌ગુરુની મદદથી સંસારનો પણ પાર પામી શકાય છે.

આ પ્રમાણે વાર્તાલાપ કરતાં, સમુદ્રની ગંભીરતાના સંબંધમાં કાંઈક ઊંડા વિચારમાં પડી. આત્મજાગૃતિના સંબંધમાં નવીન અજવાળું પાડે છે, તેવામાં દૂરથી વિમળ નામનો પહાડ નિર્યામકોની નજરે પડયો. અને થોડા વખતમાં તો તે વહાણો વિમળ પર્વતની નજીકમાં આવી પહોંચ્યાં.

નિર્યામકોએ વહાણો ત્યાં જ થંભાવી ઊભા રાખ્યાં. સેવકોને હુકમ કર્યો કે, પાણી ઇંધણ વગેરેનો સંગ્રહ કરવો હોય તેટલો કરી લ્યો. ઇંધણ, પાણીના કાર્ય પર રાખેલા સેવકો તત્કાળ નાની–નાની નાવો દ્વારા વહાણથી નીચા ઉતરી વિમળ પર્વત ઉપર ઇંધણાદિકનો સંગ્રહ કરવા માટે ચડવા લાગ્યા. સુદર્શનાએ શિળવતીને પ્રશ્ન કર્યો. અમ્મા! આ સમુદ્રની અંદર નાનાં વનોથી આચ્છાદિત થયેલો આ રમણીક પહાડ દેખાય છે તેનું નામ શું છે?

શિળવતીએ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, પુત્રી! મારું હરણ કરીને વિદ્યાધર મને જે પહાડ પર લઈ આવ્યો હતો તે જ આ વિમળ નામનો પર્વત છે. સુદર્શનાએ જણાવ્યું. અમ્મા! જો તે જ આ પહાડ છે, તો તે સ્થળ મારે વિશેષ પ્રકારે દેખવું છે. માટે તમે સાથે ચાલો. આપણે આ પહાડ ઉપર ચડી તે સ્થળ દેખીએ. સુદર્શનાનો વિશેષ આગ્રહ જાણી,

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શિળવતીએ તેમ કરવાની હા કહી. તરત જ વહાણ પરથી મનુષ્યો નીચાં ઉતરવા લાગ્યા. કમળા ધાવમાતાનો હાથ ઝાલી સુદર્શના ચડવા લાગી. તેની સાથે શિળવતી વિગેરે અનેક મનુષ્યો તે પહાડ પર ચડયા. ઉપર ચડયા બાદ સુદર્શના, ચારે બાજુ નીહાળી નીહાળીને તે પહાડના સુંદર દેખાવો જોવા લાગી. ફળ, ફુલોથી પહાડી વનો વિકસિત થઈ રહ્યાં હતા, સુગંધી પુષ્પોને સ્પર્શીને આવતો મંદ મંદ પવન આનંદ આપતો હતો. હંસ, સારસ, કોયલ આદિ પંખીઓ કલરવ શબ્દ કરતાં આમ તેમ ઉડતાં જણાતાં હતાં. સુંદર અને સ્વાદિષ્ટ ફળોથી વૃક્ષો નમી રહ્યાં હતાં, કોઈ કોઈ સ્થળે ઝરણો વહેતાં હતાં. સુગંધી પુષ્પો ઉપર ભ્રમરોનો સમૂહ ગુંજારવ કરી રહ્યો હતો. ઇત્યાદિ પાંચ ઇંદ્રિયને સુખદાઈ-વિષયો આ પહાડ ઉપર જણાતા હતા. છતાં મનુષ્યોનું આગમન ઘણું થોડું અને કોઈ કોઈ વખત થતું હોવાથી તે પહાડનો પ્રદેશ નિર્જનપ્રદેશ જેવો જણાતો હતો. સુંદર, કોમળ અને સ્વચ્છ અનેક શિલાઓ ત્યાં દેખાતી હતી. દૃંકામાં ભોગીઓને ભોગની ભાવના જાગૃત કરનાર, અને યોગીઓને યોગની ભાવના વૃદ્ધિ કરનાર આ પહાડના પ્રદેશો જણાતા હતા. સુદર્શના ઘણી બારીક દૃષ્ટિથી પહાડના પ્રદેશો નિહાળતી હતી. કોઈ વખતે તેણીની મુખમુદ્રા શાંત અને વૈરાગિક દેખાતી હતી. તો કોઈ વખતે તેવા દુઃખદાઈ દેખાવો દેખી ખેદિત જણાતી હતી. કોઈ વખતે તે હર્ષિત થતી હતી. એમ પોતાની વિચારણાના પ્રમાણમાં તે અનેક રસોનો અનુભવ કરતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી. તેટલામાં વૃક્ષની ઘાટી છાયા તળે રહેલી એક પથ્થરની શિલા તરફ તેની દૃષ્ટિ પડી. તે શિલા ઉપર યુવાવસ્થાવાળો એક તેજસ્વી મુનિ બેઠેલ સુદર્શનાના દેખવામાં આવ્યો. તપ–તેજથી તેમનું શરીર ચળકતું હતું. સૌમ્યતામાં ચંદ્રનો પરાભવ થાય તેવી શાંત મુદ્રા જણાતી હતી. શરદઋતુના ચંદ્રથી પણ અધિક કાંતિ શોભતી હતી. કંદર્પનો વિજય કરે તેવું સુંદર રૂપ હતું. સાક્ષાત્ મૂર્તિમાન ધર્મ જ હોય નહિ તેમ ધર્મધ્યાનમાં લીન થયેલા જણાતા હતા.

મુનિમહાત્માને દેખતાં જ સુદર્શનાના હર્ષનો પાર ન રહ્યો. વર્ષાદના ગર્જારવને સાંભળી જેમ મયુરો નૃત્ય કરે છે તેમ તેણીનું હૃદય નાચવા લાગ્યું. સૂર્યને દેખી જેમ કમલિની વિકસિત થાય છે તેમ તે મહાત્માને દેખતાં તેણીના રોમરોમમાં આનંદ થયો. સુદર્શના વિચારવા લાગી કે આ નિર્જન પ્રદેશમાં રહી, આ મહાત્મા તપશ્ચર્યા સાથે પ્રબળ ધ્યાન કરતા હોય તેમ જણાય છે. નાસીકાના અગ્રભાગપર સ્થાપન કરેલ નેત્રો, અને ઉત્તમ સ્થિરતા સૂચક પદ્માસન એ ધ્યાનની બાહ્ય મુદ્રા. તેઓની આંતર વિશુદ્ધિનું સૂચન કરનાર ચિહ્ન છે. આ નિર્જન પ્રદેશ છે. તેમ જ પહાડ પર અનેક ભય આપનાર પ્રાણીઓ પણ દેખાય છે. માટે આ મહામુનિ પરિસહ કે ઉપસર્ગ સહન કરવામાં પણ શૂરવીર જણાય છે. તેઓની ઉંમર ભર યુવાન અવસ્થા સૂચક જણાય છે, છતાં આવું દુષ્કર શ્રમણપણું અંગીકાર કર્યું છે. એથી એમ અનુમાન થઈ શકે છે કે દુર્ધર મોહના મહાત્મ્યનો તેઓએ વિજય કર્યો છે.

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેરુની માફક દૃઢ કે અચળ ચિત્તવાળા અને સુર-અસુરથી પૂજનિક આ મહાત્માનું દર્શન મને આવા નિર્જન પ્રદેશમાં કે નહિ સંભવી શકે તેવા સ્થળમાં થયું છે તેથી હું મારા આત્માને ધન્યભાગ્ય માનું છું.

આ પ્રમાણે વિચાર કરતી રાજકુમારી સુદર્શના તે મહાત્માની નજીક ગઈ અને વિધિપૂર્વક વંદન કરી, તે મહાત્માના નજીકના પ્રદેશમાં શાંતપણે બેઠી. સુદર્શનાને પોતાની પાસે આવેલી જાણી તે મહાત્માએ પોતાનું ધ્યાન પૂર્ણ કરી ધર્મ પ્રાપ્તિરૂપ આશીર્વાદ આપતાં જણાવ્યું. રાજકુમારી સુદર્શના ! પૂર્વભવને જાણીને મુનિ મહારાજાઓને વંદન કરવા નિમિત્તે ભરૂઅચ્ચ તરફ તું જાય છે?

સુદર્શનાએ નમ્રતાથી જણાવ્યું. હા ભગવાન જે પ્રમાણે આપ કહો છો તેમજ છે. ખરી વાત છે, જ્ઞાનીપુરુષો સર્વજીવોના મનોગત ભાવને જાણે છે. આ સમુદ્રમાં આપનું આગમન અને આવી યુવાન અવસ્થામાં વ્રતગ્રહણ કરવાનું કારણ આપ મને જણાવશો? આપ જેવા મહાત્માઓના જીવનચરિત્ર અને વ્રતગ્રહણ કરવામાં નિમિત્તકારણ વૈરાગ્યાદિક તેનું શ્રવણ કરતાં અમારા જેવા બાળજીવો ઉપર મહાન ઉપગાર થશે. સુદર્શનાએ નમ્રતાથી પ્રશ્ન કર્યો.

અતિશયજ્ઞાની તે મહાત્માએ ઉત્તર આપ્યો. સુદર્શના ! મારું જીવનચરિત્ર અને દીક્ષાગ્રહણ કરવાનું નિમિત્તકારણ સાંભળવાની તને પ્રબળ ઇચ્છા છે; તો મને તે સંભળાવવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાંઈ અડચણ નથી. જ્યારે આ જીવને ઇંદ્રિય વિષયરૂપ વિષધર (સર્પ) પોતાની વિકરાળ ઝેરી દાઢથી હૃદયમાં ડસે છે, ત્યારે વિષયરૂપ વિષથી શરીર ઘેરાતાં, કર્ત્તવ્યાકર્ત્તવ્યના વિવેકથી બેભાન થઈ, નાના પ્રકારની, વિષમ વિપત્તિના ખાડામાં જઈ પડે છે, વિવિધ પ્રકારના દુઃખ પામે છે. દુઃખથી મહાન વેદના અનુભવે છે, વેદનાથી ખેદ પામે છે. ખેદથી વિચાર પ્રગટ થતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્યથી ઉત્તમ બોધ થાય છે અને ઉત્તમ બોધથી વિવેક પ્રગટ થાય છે, અને વિવેકથી વાસિત બુદ્ધિવાળા જીવો જિનધર્મનું અનુસરણ કરે છે; આ ધર્મ બે પ્રકારનો છે. યતિ ધર્મ અને ગૃહસ્થશ્રાવક ધર્મ. યતિધર્મ દશ પ્રકારનો છે અને ગૃહસ્થ ધર્મના બાર ભેદ છે; છતાં ગૃહસ્થાશ્રમમાં રહેલા અને વિષયાદિમાં આસક્ત થયેલા ગૃહસ્થોને પૂર્ણ ધર્મ કયાંથી હોય? આ પ્રમાણે વિચાર કરી મહાસત્ત્વવાળા મનુષ્યો શ્રમણ ધર્મ (સાધુમાર્ગ)નો આશ્રય કરે છે–એટલે મારા સંબંધમાં તેમજ બન્યું છે.

સુદર્શના! સામાન્યથી વિષયનો વિપાક જણાવ્યો અને તેથી ઉદ્વેગ પામી મનુષ્યો ત્યાગ માર્ગનો આશ્રય કરે છે. તે વાત મેં તને જણાવી. હવે વિષયમાં આસક્ત જીવ, કેવી રીતે દુઃખ પામે છે તે મારા દૃષ્ટાંતથી હું તને વિશેષ પ્રકારે બતાવું છું. અર્થાત્ મારું જીવનચરિત્ર હું તને સંભળાવું છું. તું સાવધાન થઈને સાંભળ.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૨૩ મું

વિજયકુમાર

આ ભારત વર્ષમાં જગત્ પ્રસિદ્ધ **કુણાલા** નામની નગરી છે. જિનેશ્વરનાં ચરણારવિંદથી અનેકવાર પવિત્ર થયેલી હોવાથી, ઇંદ્ર પણ આ નગરીનું વારંવાર સ્મરણ કરે છે. તે નગરીમાં દુર્ધર વૈરીના સમૂહરૂપ હાથીઓને નિવારણ કરવાને મૃગેંદ્ર (સિંહ) તુલ્ય અને સ્વજન જનરૂપ કુમુદોને આનંદિત કરવામાં ચંદ્રસરખો **આહવમલ્લ** નામનો રાજા રાજ્ય કરે છે. ચંદ્રની માફક ઉજ્જવળ શિયળરૂપ રત્ન અલંકૃત **કમલશ્રી** નામની તેને પટ્ટરાણી છે. તે રાણીએ કાળાંતરે **વિજયકુમાર** નામના રાજકુમારને જન્મ આપ્યો. એ અરસામાં વૈતાઢ્ય પહાડપર આવેલી **સુરમ્ય** નગરીમાં **અમિતતેજ** નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો. તે વિદ્યાધર રાજા એક દિવસ કુણાલા નગરી ઉપર થઈ આકાશમાર્ગે પસાર થતો હતો. તેવામાં મહા તેજસ્વી વિજયકુમાર બાળક તેના દેખવામાં આવ્યો. પોતાને પુત્ર ન હોવાથી આ તેજસ્વી બાળકનું હરણ કરી. પાછો પોતાની નગરીમાં આવ્યો. અને તે બાળક પોતાની રત્નાવળી રાણીને સોંપ્યો.

પુત્રાર્થી રાજા રાણીએ તેને પુત્રપણે અંગીકાર કર્યો. અનુક્રમે વિજયકુમાર બાળક વૃદ્ધિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામ્યો. અવસરે રાજાએ કલાકલાપમાં કુશળ કરવા નિમિત્તે કળાચાર્યને સોંપ્યો. નાના પ્રકારની કળામાં કુશળ થયેલો વિજયકુમાર અનુક્રમે યુવાવસ્થા પામ્યો.

સુંદર રૂપ, યુવાવસ્થા અને અનેક કળામાં કુશળ વિજયકુમારને નાના પ્રકારની ક્રિડામાં તત્પર દેખી, રત્નાવળી રાણીના મનો મંદિરમાં કામાગ્નિ સળગવા લાગ્યો.

પુત્રપણે પાળીને મોટો કરેલો છે. છતાં વિજયકુમારનું ઉદગ્ર સૌભાગ્ય અને લાવણ્યામૃતથી પરિપૂર્ણ ઉત્કટ તારુણ્ય જોતાં રાણી તો સર્વ ભાન ભૂલી ગઈ ખરી વાત છે કે, વિષયની અધિકતા તે અકુલીનતા માટે, શિયળની મલિનતા માટે, ચારિત્રની શિથિલતા માટે, સ્નેહી પતિના વિનયની મંદતા માટે, દુર્ગતિ નગરીના પંથ માટે સુગતિના વિરોધ માટે અને અવિવેકની ઉત્પત્તિ માટે થાય છે.

વિજયકુમાર એકાંતવાસમાં બેઠો હતો, ત્યાં રત્નાવળી રાણી તેની પાસે આવી. લજ્જા અને મર્યાદાને મૂકી સરાગ વચને કરી તેણીએ જણાવ્યું. વિચક્ષણ ! હું તારી પાસે કાંઈ પણ બોલી જાણતી નથી. તથાપિ હે બુદ્ધિમાન ! સદ્‌ભાવવાળી પ્રેમની લાગણીથી હું તને કાંઈક કહેવા માગું છું. તેનું એકાગ્રચિત્તથી શ્રવણ કર. વિચક્ષણ પુરુષોનું આ લક્ષણ છે કે, આત્મહિત આચરણ કરતાં મનુષ્યોના અપવાદથી તેઓ બિલકુલ ડરતા નથી. અસાર પદાર્થમાંથી પણ સાર ગ્રહણ કરે છે. કોઈની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. દાક્ષિણ્યતાના સમુદ્ર તુલ્ય હોય છે

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

અને સ્વાર્થને એક બાજુ મૂકી પરનું કાર્ય કરવામાં સ્વભાવથી જ તત્પર રહે છે.

રાજકુમાર ! ભુવનમાં તિલક તુલ્ય આસુરમ્ય નગરીની દુર્લભ રાજ્યલક્ષ્મીની સુખ સંપત્તિ તને પ્રાપ્ત થાય તેવી મારી ઇચ્છા છે. તે ઇચ્છા મારા વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી તને મળી શકે તેમ છે. મનુષ્યત્વનો સાર એ છે કે, રોગરહિત સુંદર શરીરની પ્રાપ્તિ થવી. ધનનો સાર એ છે કે, પોતાના ભોગોપભોગમાં તેનો ઉપયોગ કરવો અને દાન આપવું. તેવી રીતે આ નવ યૌવનનો સાર એ છે કે, પ્રિયતમ યાને વ્હાલા મનુષ્યનો સંયોગ થવો.

રાજકુમાર ! મારા કહેવાનો પરમાર્થ તું સમજ્યો હોઇશ. છતાં સ્પષ્ટ રીતે હું તને સમજાવું છું કે, તું મારો પુત્ર નથી. એ ચોક્કસ નિર્ણય સમજજે.

વિજયકુમાર–શું હું તમારો પુત્ર નથી ?

રત્નાવળી–નહિ, નહિ બિલકુલ નહિ.

રત્નાવળી–કુણાલા નગરીનો આહવમલ્લ નામે રાજા, તે તારો પિતા છે અને તેની કમળશ્રી નામે પટ્ટરાણી તે તારી માતા છે. બાળ અવસ્થામાં જ તારું અપહરણ કરીને મારા પ્રિયતમ તને અહીં લઈ આવ્યા છે. માટે જ હું તને કહું છું કે તું મારું વચન અંગીકાર કર.

તારા સૌભાગ્ય, રૂપ અને યૌવનને મારા સંગમનું સુખ આપી તું સફળ કર. તેમ કરવાથી હું તને અનેક શક્તિવાળી વિદ્યાઓ આપીશ. તે પ્રબળ વિદ્યાના પ્રભાવથી આ સુરમ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરીમાં વિદ્યાધરોનો ચક્રવર્તિ રાજા તું થઈ શકીશ. માટે મારી પાસેથી વિદ્યાઓ લઈ વિદ્યાધરના ચક્રવર્તિપણાનો અને મારી સાથેના વિષયસુખનો તું ઉપભોગ કર.

આ પ્રમાણે રાણી રત્નાવળીનાં વચનો સાંભળી કંદર્પને જીતવાવાળો વિજયકુમાર લજ્જા અનલથી સંતપ્ત થઈ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. આ રાણીએ આટલા વખત પર્યંત મને પુત્રપણે પાળીને મોટો કર્યો છે, અને આજે આવા અકાર્યનો વિચાર કરે છે. અહા ! સ્ત્રીઓના આવા નીચ સ્વભાવને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ.

આ અકાર્ય માટે રાણી મને વિદ્યાની અને રાજ્યની લાલચ આપે છે. રાજ્યની મને કાંઈ દરકાર નથી. પણ તેની પાસે ઉત્તમ વિદ્યાઓ છે. જે વિદ્યાઓ મને આજ પર્યંત મળી નથી તે વિદ્યાઓ મારે તેની પાસેથી પ્રથમ મેળવી લેવી જોઈએ. મોહ કે કામને આધીન થયેલી તે રાણી મને વિદ્યા આપતાં વાર નહિ કરે. વિદ્યા લીધા પછી મારે મારી મર્યાદાનુસાર તેણી સાથે વર્તન કરવાનું છે. ઇત્યાદિ વિચાર કરી તિરસ્કારજનક આકારને ગોપવી વિજયકુમારે રાણીને જણાવ્યું

રત્નાવળી ! મને તમે હમણાં વિદ્યા આપો. ભવિષ્યની મોટી આશાથી રત્નાવળીએ પોતાની પાસે જેટલી વિદ્યાઓ હતી તે સર્વ વિધિ સહિત વિજયકુમારને આપી. સર્વ વિદ્યાઓ લીધા પછી વિજયકુમારે રત્નાવળીને જણાવ્યું. અમ્મા ! આજ પર્યંત મેં તમને અમ્મા (મા) પણે માન્યાં છે, પુત્રપણે બાલ્યાવસ્થાથી આજપર્યંત તમે મને ઉછેરેલો હોવાથી તમે મારી માતા

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છો. બીજી તરફ વિચાર કરું છું તો આપના પ્રસાદથી આ સર્વ વિદ્યાઓ મેં જાણી છે. તો આજથી વિશેષ પ્રકારે તમે મારા ગુરુશ્રીને સ્થાને છો.

માતાજી! કદાચ આપના આ અસદ્ભાવને કે દુશ્ચરિત્રને મારા પિતાશ્રી જાણશે તો મહાન્ અનર્થ થશે, એટલે તેઓ ન જાણે તે પહેલાં જ આપ આ અધ્યવસાયથી વિરામ પામો –પાછાં હઠો. વિજયકુમારનો દૃઢ નિશ્ચય જાણી, પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થવાથી વિલખી થયેલી રાણીએ પોતાનો પાસો ઉલટાવ્યો, તિરસ્કારની દૃષ્ટિથી વિજયકુમાર સન્મુખ દેખી તેણીએ જણાવ્યું વિજયકુમાર! કામી! મારી પાસે તેવી નીચ પ્રાર્થના તું ન કર. કેમકે તું મારો પુત્ર છે. મેં તને પાળીને મોટો કર્યો છે. અથવા તારો શું દોષ છે? જેવું કુળ તેવું જ મનુષ્યોનું શીળ હોય છે. આ ન્યાયથી તું કોઈ અકુલીન દેખાય છે, નહિતર માતાની પાસે આવી વિષયની પ્રાર્થના કરે જ કોણ?

રાણી રત્નાવળીનાં આ વચનોથી વિજયકુમારને મોટું કુતૂહલ થયું. તે વિચારવા લાગ્યો અહા! કામમાં આસક્ત થયેલી માયાવી સ્ત્રીઓ એવું કોઈ અકાર્ય નથી કે તે ન કરે, લંપટ સ્ત્રીઓ ધનનો નાશ કરે છે અને પોતાના પ્રિયતમ પતિને પણ મારી નાખે છે. પુત્રની પણ અભિલાષા કરે છે. અને અભક્ષનું પણ ભક્ષણ કરે છે. હા! હા! કામી સ્ત્રીઓનાં ચિત્ત નિરંતર મલિન હોય છે. શાસ્ત્રકાર કહે છે કે–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

असुइत्तं अलियत्तं निर्त्तिसतंच्च वंचगत्तं च ॥
अइकामासत्तित्तं एयाणं महिलिया ठाणं ॥ १ ॥

અશુચિપણું, અસત્ય બોલવાપણું, નિર્દયપણું, ઠગવાપણું અને કામમાં (વિષયમાં) અતિ આસક્તિપણું આ દોષોનું સ્થાનક સ્ત્રીઓ છે. ૧

અહા! નીચ સ્ત્રીઓની સોબતથી મરણ, પરદેશ ગમન, દારિદ્ર, દૌર્ભાગ્ય, બંધન અને સંસાર–પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. અરે! આ વાત હું કદાચ મારા પાલક પિતાને જઈને કહું તો તે પણ આ વાત સાચી માનશે નહિ. કેમકે સ્ત્રીઓના લીલા વિલાસવાળાં લાલિત્ય વચનો ઉપર મનુષ્યોને વિશ્વાસ બેસે છે, તેટલો વિશ્વાસ યુવાન પુરુષોનાં વચનો પર આવતો નથી. હવે જો હું અહીં રહેવાનું કરું છું તો મોટો વિરોધ થવાનો સંભવ જણાય છે, અને જો જવાનું કરું છું તો, નિરંતરને માટે આ નગરીનો ત્યાગ કરવો પડે છે. એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી જેવો ન્યાય અત્યારે મારા સંબંધમાં બન્યો છે. આ ઠેકાણે હવે મારે શું કરવું?

વિચાર કરતાં એ નિર્ણય થાય છે કે અહીં રહેતાં રાણીની પ્રેરણાથી મને મારા પાલક પિતા સાથે વિરોધમાં કે, યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવશે. માટે ધર્મ, અર્થમાં વિઘ્ન કરનાર આ વિરોધનો મારે પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ કહ્યું છે કે–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कोहाविट्ठो मारइ लोहासत्तो य हरइ सव्वस्सं ॥
माणिल्लो सोयकरो मायावी डसइ सप्पोव्व ॥ १ ॥

ક્રોધના આવેશવાળો જીવોને મારી નાખે છે. લોભમાં આસક્ત સર્વસ્વ હરી લે છે, અભિમાની શોક કરાવે છે અને માયાવી (કપટી) સર્પની માફક ડસે છે?

રાણી રત્નાવળી કામમાં આસક્તિવાળી છે, માયાથી ભરપૂર છે, કુડ કપટના નિધાન સરખી છે અને ન્યાય, લજ્જા તથા કરૂણા રહિત છે તો મારે સર્વ પ્રયત્નથી તેનો સદાને માટે ત્યાગ કરવો એ જ કલ્યાણકારી છે. તેમ કરવાથી પાલક પિતા સાથે પણ વિરોધમાં ઉતરવાનો પ્રસંગ નહિ આવે. ઇત્યાદિ નિશ્ચય કરી એ જ વખતે પોતાનું ખડ્ગ લઈ નિરંતરને માટે તે નગરીનો ત્યાગ કરી વિજયકુમાર આકાશમાર્ગે ચાલી નીકળ્યો. રસ્તામાં અનેક ગ્રામ, નગર, પુર, પટ્ટણ અને ગિરિ, સરિતાદિ નિહાળતો ક્ષણાર્ધમાં કુણાલા નગરી આવી પહોંચ્યો.

આકાશમાં રહી રાજમહેલ તરફ નજર કરતાં, શોકાવેશમાં રહેલી પોતાની માતા કમલશ્રી તેના દેખવામાં આવી. વિજયકુમાર આકાશ માર્ગથી નીચો ઉતરી રાજમહેલમાં આવ્યો. અને "હું તમારો બાળપણાનો વિયોગી પુત્ર છું" વિગેરે હકીકત જણાવી માતા-પિતાને તેનો નિશ્ચય કરાવી આપ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રોમાંચ વિકાસી થવાં વિગેરે અનેક શુભ નિમિત્તોથી પોતાનો જ પુત્ર છે, તેમ જાણી માતા, પિતાદિ કુટુંબમાં આનંદનો પાર ન રહ્યો. કુમાર માતા પિતાદિને નમસ્કાર કરી ચરણમાં નમી પડયો. માતાએ પુત્રને મસ્તકપર ચુંબન કરી, હર્ષાશ્રુથી વિયોગી પુત્રના શોકને દૂર કર્યો.

હર્ષિત હૃદયથી આહવમલ્લ રાજાએ પુત્રનું સર્વવૃત્તાંત અથથી ઇતિપર્યંત પૂછયું. રાજકુમારે પોતાનું અહીં આવવા પર્યંતનું સર્વવૃત્તાંત માતાપિતાદિ આગળ કહી સંભળાવ્યું.

પિતા, પુત્ર ઘણા લાંબા વખતના વિયોગને દૂર કરી અપૂર્વ આનંદ અનુભવી રહ્યા હતા. એ અવસરે એક દૂત આવી રાજાની પાસે ઊભો રહી કાંઇક નમ્રતાથી આહવમલ્લ રાજાને કહેવા લાગ્યો. સ્વામિન્ અયોધ્યા નગરીના મહારાજા જયવર્મ રાજાએ આપને સેવા કરવા નિમિત્તે તરત બોલાવ્યા છે. માટે આપ નિર્વિલંબે પધારો.

દૂતનાં વચનો સાંભળતાં જ ભયંકર ભૃકુટી ચડાવી વિજયકુમાર બોલી ઊઠયો. અરે દૂત ! શું આ ભારતવર્ષમાં અમારે માથે પણ કોઈ સ્વામી તરીકે આજ્ઞાકારક છે કે ? આહવમલ્લ રાજાએ શાંતપણે પુત્રને જણાવ્યું. વત્સ ! જયવર્મ રાજા નિરંતરનો અમારો સ્વામી છે. તેમ સ્વધર્મી (એક ધર્મ પાળનાર) તથા મિત્ર હોવાથી વિશેષ પ્રકારે પ્રસાદને કરવા યોગ્ય છે.

કુમાર ! મારે જયવર્મ રાજાની પાસે હમણાં જ જવું પડશે. માટે ઘણા દિવસની પુત્ર વિયોગી તારી માતાની પાસે તેના સંતોષ માટે તું હમણાં અહીં જ રહે. પિતાનાં વચનો સાંભળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનયપૂર્વક કુમારે જણાવ્યું, પિતાજી! જો તેમજ છે એટલે જયવર્મ રાજાની પાસે જવું જ જોઈએ તો આપ અહીં રહો, અને આપને બદલે હું તે રાજાની પાસે જઈશ.

પુત્રનો વિશેષ આગ્રહ જાણી, રાજાએ તેને જવાની રજા આપી. વિજયકુમાર હય, ગજ, રથ, સેનાદિ સાથે લઈ થોડા જ વખતમાં અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યો.

એક સ્થળે સૈન્યનો પડાવ નાંખી, કેટલાએક સેવકોને સાથે લઈ વિજયકુમાર રાજસભામાં આવ્યો. જયવર્મ રાજાને નમસ્કાર કરી, પોતાની ઓળખાણ કરાવી. અર્થાત્ હું **આહવમલ્લ** રાજાનો પુત્ર છું–વિગેરે જણાવ્યું. રાજાએ તેનો સત્કાર કરી બેસવાને આસન અપાવ્યું. શાંતપણે વિજયકુમાર સભામાં બેઠો.

જંગલમાં કે વનમાં દૂર ઉગેલાં સુગંધી પુષ્પોની સુવાસ જેમ વાયુ ઠેકાણે ઠેકાણે ફેલાવે છે તેમ વિજયકુમારના વિજ્ઞાન, કળા, રૂપ, લાવણ્ય, ન્યાય અને પરાક્રમાદિ ગુણોનો યશોવાદ આખા શહેરમાં ફેલાયો.

એ અવસરે જયવર્મ રાજાની પુત્રી શીળવતી અનેક સખીઓના પરિવાર સહિત પિતાને નમન કરવા નિમિત્તે સભામાં આવી. પિતાને નમસ્કાર કરી કુંવરી રાજાની પાસે બેઠી. સભાના લોકો તરફ નજર કરતાં તે કુંવરીની દૃષ્ટિ વિજયકુમારના મુખારવિંદ ઉપર પડી. અને કાંઈક સરાગ દૃષ્ટિથી તેણી કુમારને જોવા લાગી. કુમારીને સરાગ–દૃષ્ટિથી નિરખતી જાણી તેની સખી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિજયાએ માર્મિક શબ્દમાં હાંસી કરી, પોતાના પિતાશ્રી આદિથી લજ્જા પામી રાજકુમારી તરત જ પોતાના આવાસ મંદિરમાં આવી.

રાજકુમારીનો, વિજયકુમાર ઉપર સરાગભાવ જાણી. રાજાએ તરત જ વિજયકુમારને તે કન્યા વચન માત્રથી આપી અને તેના લગ્ન માટે વિવાહ મહોત્સવ શરૂ કરાવ્યો.

આ વખતે વસંતઋતુ પૂર જોસમાં ચાલતી હોવાથી, તેનો અનુભવ અથવા આનંદ લેવા માટે રાજા પરિવાર સહિત પુષ્પકરંડ નામના ઉદ્યાનમાં આવ્યો. સર્વ પરિવાર સ્નાન ક્રિયાદિ વિવિધ પ્રવૃત્તિમાં ગુંથાયો હતો તે અવસરે વિજયકુમારનું રૂપ ધારણ કરી એક વિદ્યાધરે શીળવતીનું હરણ કર્યું.

આ વિજયકુમાર જ છે, એમ જાણી શીળવતીએ જણાવ્યું. ઓ ઉત્તમ પુરુષ! તમે મારી હાંસી નહિ કરો. મારા પિતાશ્રી આદિ સર્વ પરિવાર મને નજરે જુવે છે અને તેથી મને ઘણી લજ્જા આવે છે, માટે મને તત્કાળ મૂકી દો.

આ પ્રમાણે શીળવતીના શબ્દો સાંભળતાં અને વિજયકુમારને પાસેની બાજુમાં ક્રિડા કરતો દેખી સંભ્રાંત થયેલો તેનો સખી વર્ગ તત્કાળ ધૂમ પાડી ઊઠયો કે દોડો, દોડો, શીળવતીનું હરણ કરી કોઈ પુરુષ આકાશમાર્ગે ચાલ્યો જાય છે.

આ શબ્દો સાંભળતાં જ રાજા સ્નાનાદિ ક્રિડાનો ત્યાગ કરી, હાથમાં ખડ્ગ લઈ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ક્રોધથી આમ તેમ દોડવા લાગ્યો. તેમજ બીજા સુભટો પણ ક્રિડાનો ત્યાગ કરી યુદ્ધ કરવા માટે હથિયારો સજ્જ કરી, પૃથ્વી પીઠ પર હથિયારોનું આસ્ફાલન કરવા લાગ્યા.

શીળવતીનું હરણ થયું જાણી, સહસા વજ્રપાત થયો હોય તેમ દુઃખિત થયેલ પરિવારનો હાહારવ વાળો કોલાહલ ઊછળવા લાગ્યો.

આકાશચારી વિદ્યાધરની સાથે, શૂરવીર પણ પાદચારી રાજા શું કરે? પોતાના પરાભવથી ખેદ પામી રાજા ચિંતવવા લાગ્યો, સૈન્ય, સંપત્તિ, શસ્ત્ર, અને મહાન્ બળ છતાં હા! હા! જળક્રિડામાં પરાધીન પ્રમાદી થવાથી હું આ પરાભવ પામ્યો છું. કહ્યું છે કે–

धाउव्वायरसायणजंतवसीकरणखन्नवाएहि ॥
कीलावसणेग तहा गरुयावि पडंति गुरुयवसणे ॥ १ ॥

ધાતુર્વાદ, રસાયણ, જંત્ર, વશીકરણ, ખન્યવાદ તેમજ ક્રિડાને વશ થયેલા ઉત્તમ પુરુષો પણ મહાન્ વ્યસનમાં આવી પડે છે.

અથવા "આ તારી પુત્રી સાધ્વી થશે" આવું ધર્મ સંગતિવાળું કુળદેવીનું વચન મેં નહિ માન્ય કરતાં પુત્રીનો વિવાહ શરૂ કર્યો. તેથી જ આવા દુઃખનો નિર્ઘાત અકસ્માત મારા ઉપર આવી પડયો જણાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલોક વખત શોચ કરી રાજાએ વિજયકુમારને જણાવ્યું. વત્સ! તું પ્રબળ પરાક્રમી છે તેમજ આકાશ–ગમન કરવાનું તારે સ્વાધીન છે, માટે વિલંબ નહિ કરતા મારી પુત્રીની શુદ્ધિ નિમિત્તે તે વિદ્યાધરની પાછળ તું હમણાં જ જા.

વિજયકુમારે હાથ જોડી નમ્રતાથી જણાવ્યું. મહારાજા! પાંચ દિવસની અંદર રાજકુમારીને પાછી ન લાવી આપું તો, નિશ્ચે મારે ચારિત્ર અંગીકાર કરવું આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, હાથમાં ખડ્ગ લઈ, તે વિદ્યાધરની પાછળ આકાશ માર્ગ તરફ વિજયકુમાર જવા લાગ્યો. આગળ ચાલતાં આ વિમળ પર્વત પર તે વિદ્યાધર તેના જોવામાં આવ્યો. આપસમાં મહાન્ યુદ્ધ થયું. તીક્ષ્ણ ખડ્ગના પ્રહારથી વિદ્યાધરનો મુગટ કુમારે નીચે પાડયો. કુમારને મહા બલવાન જાણી રાજકુમારીને અહીં જ મૂકી તે વિદ્યાધર કિષ્કિંધ ગિરિના શિખર તરફ ચાલ્યો ગયો. કુમાર પણ અમર્ષના વશથી તે વિદ્યાધરની પાછળ પડયો. અને ઘણા વેગથી તે પહાડપર વિદ્યાધરને જઈ મળ્યો. તે પહાડપર યુદ્ધ કરતાં પાંચ દિવસ થયા. પાંચમે દિવસે ઘણી મહેનતે કુમારે તે વિદ્યાધરનો પરાભવ કર્યો. વિદ્યાધર ત્યાંથી પણ નાસી છૂટયો. કુમાર પણ તેની પૂંઠે પડયો. થોડા જ વખતમાં તે વિદ્યાધરને વૈતાઢ્ય પહાડ ઉપરની સુરમ્ય નગરીના રાજમહેલમાં પ્રવેશ કરતો, કુમારે દીઠો.

સુરમ્ય નગરીને જોતાં જ કુમાર વિચારમાં પડયો કે અહા! આ વિદ્યાધર તે તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારો પાલક પિતા છે. આ તેમનો મહેલ, આ મારી પાલકમાતા રત્નાવળી. હા! હા! મેં ઘણું અયોગ્ય કામ કર્યું. મારા પાલક પિતાને મેં તીવ્ર પ્રહાર કર્યો છે. આ મારા પાલક પિતાએ વાત્સલ્યભાવથી બાલ્યાવસ્થાથી લઈ લાલન, પાલન કરી મને ઊછેરીને મોટો કર્યો, અનેક પ્રકારની વિદ્યા શીખવાડી, તે પૂજ્ય પિતા, ગુરુની માફક મને નિરંતર પૂજનીય છે. તેને મેં રણમાં હરાવ્યો. તેથી નિરંતરને માટે મારા આત્માને મેં કલંકિત કર્યો ઇત્યાદિ ચિંતા અને શોકમાં નિમગ્ન થયેલા કુમારને દેખી તે વિદ્યાધરપતિએ પાસે આવી તેને બોલાવ્યો કે પુત્ર! શોક નહિ કર. સ્વામીના કાર્ય માટે પિતાને પણ પ્રહાર કરવો તે ક્ષત્રીઓનો ધર્મ છે. તેમ તને ખબર પણ ન હતી કે આ મારો પિતા છે.

અયોધ્યાનગરી તરફ તને પ્રસન્ન કરવા માટે જ મારું આગમન થયું હતું, ત્યાં આવતાં રતિ કે રંભાથી અધિક રૂપવાન શીળવતી મારા દેખવામાં આવી. તેને જોતાં જ હું તેના પર આસક્ત થયો અને તારું રૂપ લઈ મેં તેણીનું અપહરણ કર્યું.

હે વીર! આજપર્યંત પૃથ્વીને વિષે મારો કોઈએ પરાભવ કર્યો નહતો. તે તારાથી જ હું પરાભવ પામ્યો છું. તેં મને જીતી લીધો છે. તે તારા દૃઢ શિયળનો જ પ્રભાવ છે. તારી માતાનું તારા પર કોપાયમાન થવું, અને તારું શિયળ વિષે દૃઢ રહેવું વિગેરે સર્વ હકીકત મારા પરિવારના મુખથી સાંભળી, હું સારી રીતે માહિતગાર થયો છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બરાબ, નીચ સ્ત્રીઓની સોબતથી ઈષ્ટ માણસનો વિયોગ, અનિષ્ટ વસ્તુનો સંયોગ, અર્થભ્રંશ નાના પ્રકારની વિપત્તિઓ અને મરણની પણ પ્રાપ્તિ થવી તે સુલભ છે.

સ્ત્રીઓમાં આસક્ત થયેલો મનુષ્ય જાતિ, કુળ, વિનય, શ્રુત, શિયળ, ચારિત્ર, સમ્યક્ત્વ, અને શરીરનો પણ એક ક્ષણાર્ધમાં નાશ કરે છે. સ્નેહથી ભરેલી (તેલથી ભરેલી) છતાં સ્વકાર્ય લજ્જા અને સ્નેહનો ક્ષય કરનારી દીપની શિખાની માફક કલુષતા, અને મલિનતાને કરવાવાળી સ્ત્રીઓનો તત્ત્વજ્ઞોએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ. જળની (જડની) સોબતવાળી દુઃખે અંત પામી શકાય તેવી. બે પક્ષનો (શ્વસુર, પિયરનો) બે કિનારાનો ક્ષય કરવાવાળી, દુરાચારિણી (નદી પેઠે વાંકી ચૂંકી ચાલવાવાળી) નદીની માફક વિષમપથ અને નીચગામિની મહિલાઓનો ત્યાગ કરવો જોઈએ.

દૂધથી તૃપ્ત કર્યા છતાં વિષથી ભરપૂર, પગ વિનાની છતાં ગૂઢ પ્રચારવાળી (પેટથી ચાલનાર) સ્ત્રીપક્ષે બહાર નહિ ફરનારી છતાં ગુપ્ત પ્રચારવાળી, વાંકી ગતિવાળી, દુઃશીલ સર્પણી પક્ષે જીવોનો સંહાર કરવાવાળી, સાપણની માફક દુરાચારી સ્ત્રીઓનો વિવેકી પુરુષોએ સંગ મૂકવો જોઈએ. આ પ્રમાણે સ્ત્રીના સ્વરૂપનું સ્વાનુભવવાળું કથન કરી સંસારથી વિરક્ત થયેલા તે અમિતતેજ વિદ્યાધર રાજાએ વિજયકુમારને જણાવ્યું.

પુત્ર ! શીળવતીના હરણ કરવારૂપ નિંદનીય કર્તવ્યથી અને તારી પાલક માતા રત્નાવળીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુરાચરણથી મને ઘણી લજ્જા અને ઉદ્વેગ થયો છે. તેમજ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં આ સંસાર મને દુઃખરૂપ ભાસે છે. આત્મપરાયણ થઈ શાંતિપદ મેળવવું તે મારું ખરું કર્તવ્ય સમજાય છે. માટે આ મારા પટ્ટદેવી અને આ રાજ્યનો હું નિરંતરને માટે અત્યારે ત્યાગ કરું છું. તે રાજ્ય તને સોંપું છું. તું તેનો સ્વીકાર કર.

પાલક પિતાના આવાં વૈરાગ્યગર્ભિત વચનો સાંભળી વિજયકુમારે જણાવ્યું પિતાશ્રી ! આપ કહો છો તેવો જ સંસાર દુઃખમય છે. આપનું જ દૃષ્ટાંત લઈ મારે પણ આ સંસારનો નિરંતરને માટે ત્યાગ કરવો જ યોગ્ય છે.

પિતાશ્રી ! એવો કોણ અજ્ઞાન મનુષ્ય હોય કે, નિર્દયતાવાળી અને કુડકપટાદિ અનેક દોષોથી ભરપૂર સ્ત્રીને જાણવા છતાં, પોતાનો આત્મા તેના ભક્ષક તરીકે તેને સોંપે ?

આ પ્રમાણે પિતાશ્રીને જણાવી, રાજ્યનો અનાદર કરી, ચારિત્ર લેવાને ઉજમાળ થયેલો વિજયકુમાર, અપૂર્ણ રહેલું કાર્ય પૂર્ણ કરવા નિમિત્તે આ વિમળ પર્વતપર આવ્યો. રાજા અમિતતેજે તો સદ્‌ગુરુના સંયોગે ત્યાંજ ચારિત્ર અંગીકાર કર્યું.

શીળવતીને જયવર્મ રાજાના હાથમાં સોંપી, હું તરત જ ચારિત્ર અંગીકાર કરીશ. ઇત્યાદિ મનોરથ કરતાં વિજયકુમારે આ પહાડના સર્વ પ્રદેશો જોયા પણ કોઈ શીળવતીની ભાળ ન લાગી. શીળવતી હાથ ન લાગવાથી કુમારને ઘણો ખેદ થયો. તે ચિંતવવા લાગ્યો કે હા !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હા! મારું જીવિતવ્ય નિષ્ફળ નિવડ્યું. રાજકુમારીને છોડવવા માટે મારે પિતાની સાથે યુદ્ધમાં ઊતરવું પડ્યું. પિતાને આટલી વિટંબના પમાડી અને અંતે શીળવતી મારે હાથ ન આવી. જયવર્મ રાજાને સંતોષ ન પમાડ્યો. પ્રતિજ્ઞાથી હું ભ્રષ્ટ થયો, મારું સુભટપણું સર્વ મનુષ્યોમાં નષ્ટ થયું.

ઉત્તમ પુરુષોની રીતિ ત્રણ પ્રકારની હોય છે. પરાક્રમ ૧. કવિત્વ ૨. અને ત્યાગ ૩. આ ત્રણમાંથી મારામાં એક પણ ગુણ નથી.

રાજબાળાને છોડાવી તેના પિતાને સોંપવારૂપ કાર્ય મારાથી સિદ્ધ ન થયું. એટલે સ્વ-પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થતાં, લોકોમાં હાસ્યતાને પામેલા મારામાં પરાક્રમજન્ય કીર્તિ કયાં રહી?

સુકવિત્વાદિકે કરી કીર્તિ પેદા કરવામાં છંદ, લક્ષણાદિ મારે સ્વાધીન છે; તથાપિ ઉત્તમ કાવ્યાદિકે કરી કાવ્ય બંધન કરવાથી જીવને શું ફાયદો થવાનો છે? કેમકે પરાનુવૃત્તિ એ ગુણ દોષોનું ગુંફન કરવાથી રાગ, દ્વેષાદિકની ઉત્પત્તિ સિવાય બીજો કાંઈ પણ ફાયદો મને જણાતો નથી.

ચંચળ લક્ષ્મીનો ત્યાગ કરવાથી (દાન આપવાથી) પણ કીર્તિ પેદા થાય તે પણ અમર કયાંથી હોય! માટે આ જન્મનું અત્યાર સુધીનું મારું જીવિતવ્ય પ્રાયઃ નિષ્ફળ થયું છે. આ પ્રમાણે વિચાર કરતાં તેણે નિશ્ચય કર્યો કે, જિનેશ્વર ભગવાનનાં ચરણારવિંદનું આરાધન કરતાં અર્થાત્ તેમની આજ્ઞા મુજબ વર્તન કરતાં જે કીર્તિ પેદા થાય છે; તે શાશ્વત સુખને

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થે થાય છે માટે હવેથી મારે તેને અર્થે જ પ્રયત્ન કરવો.

જિનેશ્વર ભગવાનની આરાધના જ્ઞાની પુરુષોએ બે પ્રકારે બતાવી છે. એક તો જિન-ભુવન, જિનબિંબાદિ કરાવવાં અને તેનું પૂજનઅર્ચન કરવાથી આરાધના થાય છે. અને બીજી આરાધના પાંચ મહાવ્રત પાળવાં, દુષ્કર તપશ્ચરણ અને ચારિત્ર ક્રિયાદિ કરવાથી થાય છે.

પહેલી આરાધના અશાશ્વત અને દ્રવ્યાદિકને સ્વાધીન છે અને બીજી આરાધના શાશ્વત અને પોતાને સ્વાધીન છે. વિવેકી અને વિરક્ત પુરુષોને વિશેષ પ્રકારે બીજી આરાધના કરવા લાયક છે. કેમકે ચિંતામણી રત્નની માફક દુર્લભ મનુષ્યભવ પામી, શાશ્વત સુખની પ્રાપ્તિ થાય તેવો ધર્મ અવશ્ય કરવો જોઈએ.

જો આમ જ છે તો મારે પણ દુષ્કર તપશ્ચરણા રૂપ અગ્નિજ્વાળા વડે, કર્મ વનનું દહન કરી ત્રણ ભુવનની અંદર જયપતાકા મેળવવી જ રહી.

ઇત્યાદિ વિચાર કરનાર વિજયકુમારે, જયવર્મ રાજા પાસે ન જતાં સુસ્થિત ગુરુશ્રી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

હે સુદર્શના ! તે આહવમલ્લ રાજાનો પુત્ર વિજયકુમાર તે પોતે હું જ છું. મારા વ્રત ગ્રહણ કરવાનું નિમિત્ત પણ તે જ છે કે જે મેં તારી આગળ જણાવી આપ્યું. પરિણામની વિશુદ્ધિથી મને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. તે જ્ઞાનથી તમારું આગમનાદિ મેં જાણ્યું છે. આ

P.P. Ac Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણે કહીને તે વિજયકુમાર મુનિ મૌન રહ્યા.

સુદર્શના ધાવમાતા સહિત વિજયકુમાર મુનિશ્રી પાસે બેઠી હતી, તે અવસરે શીળવતી કોઈ દૂરના શાંત પ્રદેશમાં બેસી જિનાર્ચન કરતી હતી. તેને ખબર પણ ન હતી કે અહીં કોઈ મહાત્મા રહેલા છે.

મુનિશ્રીના મુખથી આ સર્વ વૃત્તાંત જાણી સુદર્શનાની ધાવમાતા કમળા દોડતી દોડતી શીળવતી પાસે આવી અને હર્ષથી વધામણી આપતી બોલી ઊઠી. અમ્મા ! તે તમારો સ્વામી વિજયકુમાર ઉગ્ર તપશ્ચર્યા કરતો અહીં જ રહેલો છે. તમે ત્યાં ચાલો. વિચાર શું કરો છો. તમે ત્યાં ચાલો. તમે જુવો તો ખરાં.

શીળવતીએ ગંભીરતાથી ઉત્તર આપ્યો. સખી ! આવાં ઉપહાસવાળાં વચનો તમારે ન બોલવાં જોઈએ. વચનથી પણ પ્રેમબંધનમાં પડેલાંને આવાં દુઃખો આવી પડે છે; તો મજબૂત પણ દુઃખદાઈ સ્નેહશૃંખલાથી બંધાયેલાનું તો કહેવું જ શું ! હું તે મહાત્માના દર્શનાર્થે આવું છું આ પ્રમાણે બોલની શીળવતી, કમળાની સાથે, જે સ્થળે તે વિજયકુમાર મુનિશ્રી વગેરે બેઠેલા હતા તે સ્થળે આવી. તપોલક્ષ્મીથી વિભૂષિત તે મહાત્માને જોતાં જ ભક્તિપૂર્વક બહુમાનથી તેણીએ ગુરુશ્રીને વંદન કર્યું.

તે મહાત્માએ પણ ધર્મની પ્રાપ્તિ થવારૂપ આશીર્વાદ આપી શીળવતીને જણાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gunaradhak Trust

સુશીલ શ્રાવિકા ! તમારા તરફથી મારા ઉપર મોટો ઉપગાર થયો છે તે બદલે હું તમોને ધન્યવાદ આપું છું. પૂર્વ પુણ્યોદયથી ધર્મપ્રાપ્તિ નિમિત્તે પૂર્વે મને તમારો મેળાપ થયો હતો. તમારા નિમિત્તથી મને આ ધર્મપ્રાપ્તિ થઈ છે. આ શ્રમણધર્મની પ્રાપ્તિનું ખરું નિમિત્ત તમે જ છો.

શીળવતીએ નમ્રતાથી જણાવ્યું પ્રભુ ! અમારા જેવા પામર પ્રાણીઓ કદાચ આપના આ ઉત્તમ ધર્મપ્રાપ્તિમાં નિમિત્તકારણ થઈ શકે, કારણ કે અનેક રીતે નિમિત્તભૂત થઈ શકાય છે; છતાં ખરું કારણ તો આપ પોતે જ લઘુકર્મી જીવ છો. જો તેમ ન હોય તો ગમે તેવી દુઃખમય સ્થિતિમાં પણ ઘણા ભારેકર્મી જીવોને ધર્મનું નામ પણ યાદ આવતું નથી, તો ધર્મની પ્રાપ્તિ તો કયાંથી જ હોય ? દુનિયામાં એવા ઘણા જીવો છે કે તેમને માથે નાના પ્રકારની આફતો અને વૈરાગ્યજનક બનાવો અનેકવાર આવી પડે છે; કે બની આવે છે તથાપિ ધર્મ તરફનું વલણ તો આપ જેવા લઘુકર્મી જીવોને જ થાય છે. હું પણ ધન્યભાગ્ય છું કે આપ જેવા સમર્થ મહાત્માનું આવા સ્થળે દર્શન પામી છું. હે કૃપાળુ ! હવે તો જેમ આપ આ ભવસમુદ્રનો નિસ્તાર પામ્યા છો તેમ મારો પણ ઉદ્ધાર કરો. હું તમારે શરણે આવી છું.

સુદર્શનાએ પણ હાથ જોડી નમ્રતાથી જણાવ્યું. પ્રભુ ! આપ અમને એવો માર્ગ બતાવો કે ફરીને આવાં અસહ્ય દુઃખનો અનુભવ અમોને કરવો ન પડે. વિજયકુમાર મુનિએ જણાવ્યું. સુશીલાઓ ! સંસારના દુઃખથી સદાને માટે મુક્ત થવાની અભિલાષા છે તો તમે વિશેષ પ્રકારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જિનધર્મમાં આદર કરો. તીર્થંકરોનાં કહ્યા મુજબ વર્તન કરવાથી તમે અનંત, અક્ષય અને શાશ્વત સુખ પામશો. ભવસ્થિતિનો વિચાર કરો અને તમારી લાયકતા કે યોગ્યતાનુસાર અનુક્રમે આગળ વધો. તીર્થંકરોએ દાન, શિયળ, તપ અને ભાવ એમ સામાન્યથી ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે.

પ્રકરણ ૨૪ મું

જ્ઞાનદાન

દાન ત્રણ પ્રકારનું છે. ૧. જ્ઞાનદાન ૨. અભયદાન અને ૩. ધર્મોપગ્રહ દાન.

जीवाजीवसरुयं सव्वपयथ्थाण अहव परमथ्थं ।
जाणंति जेण जीवा तं नाणं होइ नायव्वं ॥ १ ॥

જે વડે જીવ, અજીવનું યા જડ ચૈતન્યનું સ્વરૂપ જીવો જાણે છે, અથવા જે વડે સર્વ પદાર્થોના પરમાર્થને જીવો જાણે છે, તે જ્ઞાન કહેવાય છે.

સત્ય પરમાર્થનો જેનાથી બોધ થઈ શકે, તેવી રીતે બીજાને સમજાવવા યા ઉપદેશ આપવો. તે જ્ઞાનદાન કહેવાય છે. જીવાજીવાદિ પદાર્થના જ્ઞાનને જાણવાથી જીવો પરમાર્થના

Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૂળ કારણને સમજે છે, અને પરમાર્થને સમજવા પછી તેનાં કારણોનો સંયોગ મેળવી પ્રયત્ન કરતાં ઘણાં થોડા વખતમાં કલિષ્ટ કર્મોથી કે દુઃખમય સંસારથી વિમુક્ત થાય છે. આવા જ્ઞાની મનુષ્યોની દેવો પણ સેવા કરે છે. આવા જ્ઞાની મનુષ્યો અલ્પ દિવસમાં જે કર્મો ખપાવે છે; તે કર્મો ખપાવવાને અજ્ઞાની જીવો કરોડો વર્ષે પણ સમર્થ થતા નથી.

અજ્ઞાની જીવ દુષ્કર તપશ્ચરણ અને ક્રિયાદિકમાં આસક્ત થાય છે; તથાપિ મૂળ લક્ષ્યને યા સત્ય કારણને જાણતો ન હોવાથી વારંવાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

સર્વ દાનમાં મુખ્ય અને સુખના પરમનિધાન સરખા જ્ઞાનદાનને આપવાવાળા મહા-પુરુષો, દુર્લભ મોક્ષસુખને પણ પોતાને સ્વાધીન કરે છે.

જ્ઞાનદાન આપવાવાળા મહાત્મા પુરુષે, જિનશાસનનો ઉદ્ધાર કર્યો એમ કહી શકાય છે. તેઓનો આત્મા સામાન્ય જીવોથી શ્રેષ્ઠ પદ પામે છે. દુનિયામાં તેઓની અમર કીર્તિ ફેલાય છે. જિનેશ્વરોએ જ્ઞાનને જિનધર્મની મુખ્ય ધુરા સમાન ગણ્યું છે.

સમ્યક્‌જ્ઞાનથી તત્ત્વને જાણી, બાર પ્રકારનાં પ્રબળ તપ વડે કર્મરાશિનો ક્ષય કરી જીવો નિર્વાણપદ પામે છે. જેઓ તીર્થંકરોએ કથન કરેલું જ્ઞાનદાન, કરુણાબુદ્ધિથી જીવોને આપે છે, તેઓને ધન્યવાદ ઘટે છે. તેઓને નમસ્કાર થાઓ. તેઓની નિર્મળ કીર્તિ દુનિયામાં ફેલાય

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

છે અને તેઓનો માનવ જન્મ પણ કૃતાર્થ છે.

કોઈપણ મનુષ્ય કુલ, રૂપ, બળ, કાંતિ અને ધનાદિથી રહિત હોય, છતાં સમ્યક્‌જ્ઞાનથી વિભૂષિત હોય તો તે આ દુનિયામાં સર્વ સ્થળે સદાને માટે પૂજનને લાયક છે.

ધન વિનાનો દાન કયાંથી આપે? શરીરની શક્તિ સિવાયના જીવો તપશ્ચર્યા કેવી રીતે કરી શકે? માટે થોડું પણ ઘણું ફળ આપનાર જ્ઞાનદાન અવશ્ય આપવું.

દર્શન અને ચારિત્રથી ભ્રષ્ટ થયેલા જીવો જ્ઞાનથી તે બન્નેનો પાછો ઉદ્ધાર કરે છે; પણ જ્ઞાન વિનાનો જીવ તે બન્ને મેળવી શકતો નથી. માટે ધર્માર્થી જીવોએ નિરંતર જ્ઞાનનું દાન આપવું. જ્ઞાની પુરુષોનો આશ્રય કરવો, અને સદા જ્ઞાનની ભક્તિ કરવી. વિશેષ શું કહેવું? જ્ઞાનદાનથી અનંગદત્તની માફક નિર્મળ કેવળજ્ઞાન પામી, મોક્ષસુખ પણ મેળવી શકાય છે.

અનંગદત્ત

સુદર્શના–ગુરુજી! અનંગદત્ત કોણ હતો અને તેણે જ્ઞાનદાન કેવી રીતે આપ્યું?

વિજયકુમાર મુનિ–સુદર્શના! તે વૃત્તાંત હું તમોને જણાવું છું.

લક્ષ્મીના નિવાસ તુલ્ય મગધ દેશમાં રાજગૃહી નગરી છે. ત્યાં જયચંદ્ર નામનો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેને કમલાવતી નામની પટ્ટરાણી હતી. તે પટ્ટરાણીની કુક્ષીથી વિજયચંદ્ર અને ચંદ્રસેન નામના બે પુત્રો થયા. આ બન્ને રાજકુમારો સ્વભાવથી જ પરસ્પર ઈર્ષાળુ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

હતા. એક દિવસે સીમાડાની નજીકમાં રહેનાર બળ નામના સામંત રાજાએ, જયચંદ્ર રાજાના સન્મુખ બળવો ઉઠાવ્યો. તે સમાવી દેવા માટે, મોટું સૈન્ય આપી રાજાએ યુવરાજ વિજયચંદ્રને મોકલ્યો. આપસમાં દારુણ યુદ્ધ થયું તે યુદ્ધમાં હાર પામી વિજયચંદ્ર પાછો ફર્યો. સ્વાભાવિક રીતે યુવરાજ પર મત્સર ધરનાર ચંદ્રસેનને, તેના ઉપર વિશેષ ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. તત્કાળ તે રાજા પાસે ગયો અને ઘણા નિર્બંધથી (આગ્રહથી) સામંતરાજા ઉપર ફરી ચડાઈ લઈ જવા માટે પોતે વિજ્ઞપ્તિ કરી. રાજાએ તેનો આગ્રહ જાણી, બળવો શમાવવા નિમિત્તે મોટું સૈન્ય આપી તેને (ચંદ્રસેનને) મોકલ્યો. પ્રબળ પ્રયત્ને યુદ્ધ કરતાં ઘણી મહેનતે તે સામંતરાજાને હરાવી જીવતો પકડી લીધો; અને તેને બાંધીને રાજા પાસે લાવી મૂકયો.

જયચંદ્ર રાજાને આથી ઘણો સંતોષ થયો. તેણે ચંદ્રસેનનો ઘણો સત્કાર કર્યો અને ઘણા હર્ષથી તેને યુવરાજ પદવી આપી.

વિજયચંદ્ર કુમાર પોતાનો પરાભવ થયો જાણી ઘણો દુઃખી થયો. રાજ્યમાં રહી પરાભવ સહન કરવો તેના કરતાં વનવાસનું સેવન કરવું તે તેને યોગ્ય લાગ્યું. તત્કાળ રાજ્યભૂમિનો ત્યાગ કરી, પરદેશમાં અને વનાદિકમાં પરિભ્રમણ કરવા લાગ્યો. દેશાંતરમાં પરિભ્રમણ કરતાં કીર્તિધર નામના આચાર્યનો સમાગમ થયો. તેમના સમાયોગથી ધર્મોપદેશ પામી, સંસાર આવાસથી વિરક્ત થઈ તેણે ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે જ્ઞાનાભ્યાસ કરતાં તે સમસ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રુતજ્ઞાનનો પારગામી થયો. તેને યોગ્ય જાણી આચાર્યપદ આપી આચાર્યશ્રીએ જ્ઞાનદાનના સંબંધમાં તેને આ પ્રમાણે શિક્ષા આપી.

વત્સ! આત્મગત જ્ઞાન એ એક નેત્ર છે અને ગુરુગત જ્ઞાન એ બીજું નેત્ર છે. આ બન્ને નેત્ર વિનાનો મનુષ્ય ભવકૂવામાં પડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. માટે તમારે સ્વ–પર–તારક આ બન્ને પ્રકારના જ્ઞાનથી, સર્વ જીવોને જ્ઞાનદાન આપવા માટે નિરંતર પ્રયત્ન કરવો ઇત્યાદિ શિક્ષા આપી તે ગુણવાન ગુરુએ અણસણ કરી થોડા દિવસમાં દેવભૂમિ અલંકૃત કરી. આ નવીન આચાર્યશ્રીએ કેટલાક દિવસ પર્યંત ગુરુવર્યની શિક્ષા પ્રમાણે ગચ્છની સારણા, વારણા, ચોયણા, પડિચોયણાદિથી સારી રીતે સાર સંભાળ કરી. એક દિવસ સૂત્ર, અર્થાદિની વાંચના શિષ્યોને આપતાં તેને કંટાળો આવ્યો. અનેકવાર સૂત્ર, અર્થાદિના સંબંધમાં શિષ્યોએ પૂછવા છતાં એક પણ પદ તેણે ન બતાવ્યું. સ્થવિરોએ તેને અનેક રીતે સમજાવ્યો પણ તે આડા આડા અન્ય અન્ય ઉત્તર આપવા લાગ્યો કે શું માસતુસાદિ સાધુઓ જ્ઞાન વિના મોક્ષ પામ્યા નથી! માટે જ્ઞાનની એટલી બધી જરૂર નથી. આ પ્રમાણે જ્ઞાનાચારની વિરાધના કરી તે આચાર્ય અનુક્રમે કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવઆયુષ્ય પૂર્ણ કરી પદ્મખંડ નગરમાં ધનંજય શ્રેષ્ઠીની શિવાદેવી નામની સ્ત્રીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું અનંગદત્ત એવું નામ આપવામાં આવ્યું.

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભણવાને લાયક થતાં શ્રેષ્ઠીએ મોટા મહોત્સવપૂર્વક કલાચાર્ય પાસે ભણવા મૂકયો, કલાચાર્ય ઘણા પ્રયત્નથી તેને ભણાવવા લાગ્યો. આદરપૂર્વક રાત દિવસ ભણતાં છતાં ઘણી મહેનતે એક અક્ષર પણ તેને ન આવડયો ઉપાધ્યાય થાકયો. કંટાળીને તેને ભણાવવું મૂકી દીધું. એક પછી એક એમ પાંચસો ભણાવનાર ઉપાધ્યાય બદલાવ્યા; પણ તે શ્રેષ્ઠીપુત્રના જ્ઞાનમાં બિલકુલ વધારો ન જ થયો. ત્યારે શ્રેષ્ઠી અને પુત્ર બન્ને જણ નિરાશ થયા.

એક દિવસે અનેક સાધુઓના પરિવારે ગ્રામાનુગ્રામવિહાર કરતા અતિશય જ્ઞાની **જ્ઞાનદિવાકર** નામના આચાર્ય ઉદ્યાનમાં આવી સમોવસર્યા.

ગુરુને વંદન કરવા નિમિત્તે પુત્ર સહિત ધનંજય શ્રેષ્ઠી ત્યાં આવ્યો. નમસ્કાર કરી ગુરુ સન્મુખ ઉચિત સ્થાને બેઠો. ધર્મદેશનાને અંતે અવસર લઈ તે શ્રેષ્ઠીએ ગુરુવર્યને જણાવ્યું. ભગવન્! મારા પુત્રે પૂર્વજન્મમાં એવું શું કૃત્ય કર્યું છે કે અનેક પ્રયત્નો કરવા છતાં એક અક્ષર જેટલું પણ જ્ઞાન તેને આવડતું નથી? ગુરુ મહારાજે પોતાના અતિશાયિક જ્ઞાનથી તેનો પૂર્વભવ જાણી શ્રેષ્ઠીને જણાવ્યું કે શ્રેષ્ઠી? આ તમારા પુત્રે પૂર્વજન્મમાં આચાર્ય પદ પામ્યા પછી ઘણા વખત સુધી જ્ઞાનની વિરાધના કરી છે. તે કર્મના ઉદયથી અત્યારે તેને જ્ઞાન આવડતું નથી વિગેરે.

ગુરુ મહારાજનાં વચનો સાંભળી ઊહાપોહ કરતાં અનંગદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે પોતાનો પૂર્વનો ભવ દીઠો. તેના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. અનંગદત્ત પોતાના દુષ્કૃતના ભયથી ત્રાસ પામી ગુરુશ્રીના ચરણકમળમાં નમી પડયો. હાથ જોડી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો. ઓ કરુણાસાગર ! મને કોઈ ઉપાય બતાવો, જેથી આ મારા કિલષ્ટ કર્મનો નાશ થાય.

ગુરુશ્રીએ કરુણાબુદ્ધિથી જણાવ્યું, વત્સ ! આજથી તારે સર્વ પ્રયત્ને જ્ઞાનવંત મહાપુરુષોને વંદન અને નમન કરવું. તેની વૈયાવચ્ચ ભક્તિ કરવી, જ્ઞાનનાં ઉપકરણોનું યથાયોગ્ય દાન આપવું. જ્ઞાનનું પૂજન કરવું, શક્ત્યનુસાર નવીન લખાવવું. જ્ઞાન ભણનારને યથાયોગ્ય આશ્રય આપવો. મદદ કરવી ઇત્યાદિ જ્ઞાનના સંબંધમાં વિશેષ પ્રયત્ન કરવો. અહોનિશ જ્ઞાન અને જ્ઞાની પુરુષોની પ્રશંસા કરવી. તેમને જોઈતી હાજતો પૂરી પાડવી. જ્ઞાનનો અંતરાય કરવામાં તને જેટલે દરજ્જે આનંદ હતો તેનાથી અધિક પ્રેમ જ્ઞાન તરફ તારે લાવવો, કેમકે જે કર્મ જેવા રસે બાંધ્યું હોય છે તે કર્મ તોડવા માટે તેનાથી વિપરીત તેટલા જ પ્રેમથી પ્રયત્ન કરવો. તેમ કરવાથી કર્મ નિર્જરતાં વાર નહિ લાગે.

ઇત્યાદિ જ્ઞાનાવરણીય કર્મથી છૂટવાનો ઉપાય ગુરુમુખથી સાંભળી, વિધિપૂર્વક ગૃહસ્થધર્મ અંગીકાર કરી, આચાર્યશ્રી આદિને નમસ્કાર કરી અનંગદત્ત ઘેર આવ્યો. ગુરુશ્રી પણ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

ગુરુ મહારાજે બતાવ્યા પ્રમાણે જ્ઞાનનું સમ્યગ્ આરાધન કરી અવસરે શ્રીગુપ્ત આચાર્ય

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પાસે તેણે સંયમ ગ્રહણ કર્યું, તીવ્ર તપશ્ચર્યા અને ચારિત્રમાં આદર કરતાં તે વિશેષ પ્રકારે જ્ઞાનીઓની ભક્તિ કરવા લાગ્યો. જ્ઞાનાભ્યાસમાં પ્રયત્ન કરતાં, જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષયોપશમ થતાં તેને પદાનુસારણીલબ્ધિ ઉત્પન્ન થઈ. ગુરુશ્રીએ તેને આચાર્યપદ પર સ્થાપન કર્યો.

પાંચ પ્રકારના પ્રમાદ રહિત, પાંચ આચાર પાળવામાં ઉજમાળ થઈ, પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં અનેક જીવોને તે પ્રવર્તાવવા લાગ્યો.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી પોતાને જે કડવો અનુભવ કરવો પડયો હતો તે વાત સ્મરણમાં રાખી; અજ્ઞાનતાથી રિબાતા દુઃખી થતા જીવોને જ્ઞાનનેત્ર આપી, નિર્વાણનો માર્ગ ખુલ્લી રીતે બતાવી આપ્યો. અજ્ઞાન અંધતાથી સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરતાં અનેક જીવોને જ્ઞાનનેત્રો આપી મોક્ષમાર્ગના પથિક બનાવ્યા.

અનુક્રમે ક્ષપકશ્રેણિ આરૂઢ થઈ, ઘાતિકર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કેવળજ્ઞાન પામ્યા પછી પણ અનેક જીવોને પ્રતિબોધ આપી અંતે અનંગદત્ત કેવળીએ શાશ્વતસ્થાન અલંકૃત કર્યું.

સુદર્શના! આ પ્રમાણે જ્ઞાનદાનના સંબંધમાં દૃષ્ટાંત સહિત જ્ઞાનદાનનો પરમાર્થ મેં તમોને જણાવ્યો.

આ સાંભળીને તમારે પણ તમારી શક્તિ કે યોગ્યતાનુસાર જ્ઞાનદાન આપવામાં પ્રયત્ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવો. ગુરુમુખથી શ્રવણ કે પઠન કરેલ જ્ઞાનથી પોતાના પરિચયમાં આવનાર જીવોને તમારે વાસિત કરવા. પરિણામના પ્રમાણમાં કર્યું, કરાવ્યું, અનુમોદન કરવાનું પણ સરખું ફળ થાય છે.

આ અવસરે વખત વિશેષ થઈ જવાથી, તેમજ ગુરુશ્રીના સદ્બોધનો લાભ સર્વને મળે તો ઠીક, એમ ધારી સુદર્શનાએ ગુરુશ્રીને જણાવ્યું, પ્રભુ ! આપ અમારા ઉપર કૃપા કરી થોડા દિવસ અહીં રહેવાની સ્થિરતા કરો તો અમે અહીં થોડા દિવસ રહીએ. તેમજ અમારી સાથેના લોકોને પણ ધર્મનો વિશેષ બોધ થાય. આપ જેવા જ્ઞાની પુરુષોનો યોગ આવા સમુદ્રમાં મળવો અમોને દુર્લભ છે.

ગુરુશ્રીએ લાભાલાભનો વિચાર કરી અર્થાત્ જ્ઞાનદૃષ્ટિથી લાભનું કારણ જાણી તેમ કરવા હા કહી. એટલે સુદર્શના, શીળવતી વગેરે ગુરુશ્રીને વંદન કરી બાકી રહેલ ઉપદેશ સાંભળવા માટે બીજા વખતપર મુલત્વી રાખી ત્યાંથી ઊઠીને ઋષભદત્ત સાર્થવાહને મળ્યાં. ગુરુશ્રીનાં દર્શન અને તેઓ કોણ છે તેમનો ઉપદેશ વગેરે જણાવ્યું. સાર્થવાહ ઘણો ખુશી થયો, અને સાથેના માણસોને રાજકુમારીના આદેશ પ્રમાણે અહીં થોડા દિવસ રોકવાની ખબર આપી, ગુરુશ્રીને વંદન કરવા આવ્યો. વંદન કરી ઘણો ખુશી થયો. પ્રાસુક આહારાદિ નિમંત્રણા કરી, તેઓએ પહાડના સપાટીવાળા પ્રદેશ ઉપર પોતાના પડાવ માટે તંબુઓ તણાવ્યાં. ભોજનાદિ સામગ્રી થતાં તે મહાત્માને નિર્દોષ આહારપાણી આપી સર્વ જનોએ ભોજન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિશ્રી આહારાદિ કરી પોતાના જ્ઞાનમાં લીન થયા. બીજે દિવસે ઋષભદત્ત, સુદર્શના, શીળવતી અને બીજા મોટા પરિવાર સાથે સર્વે ગુરુશ્રી પાસે વંદન તથા ઉપદેશ શ્રમણ માટે ગયા. ગુરુશ્રીને વંદન કરી, યથાયોગ્ય સ્થાને બેસી ઉપદેશ શ્રવણ કરવા લાગ્યા.

ગુરુશ્રીએ પણ સાર્થવાહાદિને ઉદ્દેશીને દાનનો બીજો ભેદ **અભયદાનના** સંબંધમાં પોતાનો ઉપદેશ શરૂ કર્યો.

પ્રકરણ ૨૫ મું

અભયદાન

अमेध्यमध्ये कीटस्य सुरेंद्रस्य सुरालये ।
समाना जीविताकांक्षा तुल्यं मृत्युभयं द्वयोः ॥ १ ॥

વિષ્ટામાં રહેલા કીડાને તથા દેવલોકમાં રહેલા ઇંદ્રને બન્નેને જીવવાની ઇચ્છા સરખી છે; તેમજ મરણનો ભય પણ બન્નેને એક સરખો જ છે. ૧.

જીવોનું મરણના ભયથી રક્ષણ કરવું તે અભયદાન કહેવાય છે. **અભય** એ જ દયાનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૂળ છે. અને દયા તે ધર્મ છે; આ વાત જગત્પ્રસિદ્ધ છે. સર્વ જીવોને જીવિતવ્ય ઇષ્ટ છે. દુઃખી જીવોને પણ પોતાના જીવિતવ્ય ઉપર જેટલો પ્રેમ હોય છે તેટલો પ્રેમ સ્ત્રી, પુત્ર. બાંધવ કે લક્ષ્મી ઉપર હોતો નથી. બળ, રૂપ અને શરીરની દૃઢતામાં ત્રણ ભુવનથી પણ જેઓ અધિક બળવાન થાય છે તે **અભયદાનનું** જ પરિણામ છે. જીવિતવ્યને માટે જીવો પોતાનું રાજ્ય મૂકી દે છે, એક વિષ્ટાનો કીડો તે પણ મરવું નહિ પસંદ કરતાં અધિક જીવવાને ઇચ્છે છે.

ધનવાન અને નિર્ધન, દુઃખિયાં, અને સુખિયા, બાળ અને વૃદ્ધ સર્વને પ્રાણ વ્હાલાં છે, માટે સર્વ પ્રયત્ને પ્રાણીનું રક્ષણ કરવું.

જેઓ આંધળા, પાંગળાં, કાણા, મૂંગા, હીન અંગવાળા, ખરી પડેલ આંગળાવાળા, હાથ–પગ વિનાના, અને સડી ગયેલ નાસિકાવાળા દેખાય છે તે સર્વ જીવહિંસાનું જ પરિણામ છે.

જેઓ માનવગતિમાં, તિર્યંચમાં અને નરકાવાસમાં નાના પ્રકારની યાતનાઓ અનુભવતા કરુણ સ્વરે રૂદન કરે છે, તે જીવોને દુઃખ આપવાનું જ પરિણામ છે ફળ છે.

જેઓ નિરપરાધી જીવોને મારે છે, તથા જીવોનું માંસ ભક્ષણ કરે છે; તેઓ નરક અને તિર્યંચમાં અનંતકાળપર્યંત દુઃખ અનુભવે છે.

સુખના અર્થી જીવોએ ભયથી ત્રાસ પામતા અશરણ જીવોને નિર્ભય કરવા. મરણના ભયથી મુક્ત કરવા અર્થાત્ પોતે તેઓને બની શકે તેવી રીતે ભયથી મુક્ત કરવા, અભયદાન

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આપવું. આવી રીતે અભયદાન આપવું તે કોઈપણ રીતે જીવોને અશકય નથી, કેમકે વિદ્વાવાન હોય તે જ જ્ઞાનદાન આપી શકે છે અને ધનવાન હોય તે જ ધનાદિકથી દાન આપી શકે છે. આ અભયદાન તો પોતાને સ્વાધીન હોવાથી એક નિર્ધનમાં નિર્ધન જીવ પણ આપી શકે છે.

ભયથી ત્રાસ પામેલા પારેવાને અભયદાન આપનાર મેઘરથ રાજા ચક્રવર્તીપણાની તથા ધર્મચક્રી (તીર્થંકર)ની સંપદાને પામ્યા છે, માટે જીવોને મરણના ભયથી બચાવવા તે સ્વ-પર બંનેને લાભકારક હોવા સાથે સુખરૂપ થાય છે. તે સંબંધમાં હું તમોને મેઘરથ રાજાનું અલૌકિક દૃષ્ટાંત સંભળાવું છું.

મેઘરથ

આ જંબૂદ્વીપના પૂર્વવિદેહ ક્ષેત્રમાં (દેશમાં) સીતા નદીના કિનારાપર પુંડરગિણી નામની સુંદર નગરી છે. તે નગરીમાં તે જ ભવમાં તીર્થંકર પદનો ભોકતા ધનરથ રાજા રાજ્ય કરતો હતો. તેમને પ્રીતિમતી નામની પટદેવી હતી. શાંતિનાથ તીર્થંકરનો જીવ-પાછલા દશમે ભવે તે રાજાને ઘેર અવધિજ્ઞાન સહિત મેઘરથ નામે રાજકુમારપણે ઉત્પન્ન થયો હતો. ધનરથ રાજાએ ચારિત્ર લીધા પછી મેઘરથ રાજા રાજ્યાસનપર આવ્યો. તેને પ્રિયમિત્રા નામની પટ-રાણી હતી. તેના અંગથી ઉત્પન્ન થયેલ મેઘસેન-નામનો પુત્ર હતો.

એક દિવસે મેઘરથ રાજા પોતાની પ્રિયા સહિત દેવરમણ ઉદ્યાનમાં ફરવા માટે ગયા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. ત્યાં જુદા જુદા અનેક સ્થળે ફરવા પછી એક વિશાળ મંડપમાં રાજા આવી બેઠા. થોડો વખત વિશ્રાંતિ લીધા પછી રાજાની આજ્ઞાથી તેમના નિયોગીજનોએ નાટય વિધિનો પ્રારંભ કર્યો. વિવિધ ભંગીથી નૃત્યના સ્વરૂપમાં નિત્ય કરતાં કોઈ જુદા જ દેખાવો જણાયાં. નૃત્ય કરવામાં કેટલોક વખત જવા પછી આકાશમાંથી એક મનોહર વિમાન તેઓની આગળ ઊતરી આવ્યું તે વિમાનમાં સુંદર આકૃતિ ધારણ કરનાર એક યુવાન અને યુવતિ બેઠેલાં હતાં.

પોતાની પાસે અકસ્માત્ વિમાનને આવેલું દેખી પ્રિયમિત્રા રાણીએ **અવધિજ્ઞાની** પોતાના સ્વામીને પૂછયું કે, પ્રાણનાથ! આ વિમાનમાં બેઠેલી મનોહરરૂપ ધારિકા સ્ત્રી કોણ છે? તેની જોડે બેઠેલ આ ઉત્તમ પુરુષ કોણ છે? અને તેઓનું અહીં આગમન શા માટે થયું છે?

મેઘરથ રાજા અવધિજ્ઞાની હોવાથી જ્ઞાનાલોકથી તે વૃત્તાંત જાણી, પ્રિયમિત્રા રાણીને જણાવ્યું. પ્રિયા! વૈતાઢય પહાડની ઉત્તર શ્રેણિમાં **મલયા** નામની નગરી છે. ત્યાં વિદ્યુતરથ નામનો રાજા અને માનસંવેગા નામની રાણી રાજ્ય કરતાં હતા. તેમને સિંહરથ નામનો પુત્ર અને વેગવતી નામની પુત્રવધુ છે. દુઃખમય ભવવાસથી વિરક્ત થયેલા વિદ્યુતરથ રાજાએ પુત્ર સિંહરથને રાજ્યાભિસિક્ત કરી ચારિત્ર અંગીકાર કર્યું, અને દુષ્કર તપશ્ચરણ કરતાં કર્મ ક્ષય કરી મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

વિદ્યાધર ચક્રવર્તી સિંહરથ રાજા એક વખત પાછલી રાત્રિએ જાગૃત થઈ પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જન્મચર્યા સંભારવા લાગ્યો. પોતાના જન્મ દિવસથી લઈ આજ પર્યંત પોતાથી કોઈ પણ આત્મસુખમય ઉત્તમ બનાવ બનેલો ન જણાયો. તે સ્મરણમાં આવતાં તેને ઘણો પશ્ચાત્તાપ થયો. તે વિચારવા લાગ્યો. હા! હા! અરણ્યમાં ઉત્પન્ન થયેલ માલતીના પુષ્પની માફક મારો જન્મ નિષ્ફલ ગયો. અત્યારે સાક્ષાત્ તીર્થંકરદેવ આ પવિત્ર ભૂમિપર વિચરી રહ્યા છે. છતાં હા! હું કેવો નિર્ભાગ્ય કે મેં તેમને દીઠા પણ નથી. તેઓને વંદન કે પૂજન કરવાની તો વાત જ શી કરવી? અમૃતની નીક સમાન તે મહાપ્રભુની ધર્મદેશના પણ મારા શ્રવણ ગોચર થઈ નથી. અહા! હજી પણ હું ધન્ય ભાગ્ય છું કે, આયુષ્યની વિદ્યમાન્ સ્થિતિમાં આજે જન્મચર્યા (જન્મ પર્યંતથી લઈ આજ સુધી મેં શું શું કર્ત્તવ્યો કર્યાં તે) યાદ કરતાં મારા હિતકારી કર્તવ્યનું મને સ્મરણ થયું છે. માટે આજે જ મારે તીર્થંકરની પાસે જવું અને ધર્મ–શ્રવણ કરી, બાકીની જિંદગી ધર્મશ્રવણ કરી, ધર્મસાધન કરી કૃતાર્થ કરવી. આ પ્રમાણે વિચાર કરી તે વિદ્યાધર પોતાની પ્રિયા સહિત વિમાનમાં બેસી. ધાતકીખંડની સુવર્ગ નામની વિજયમાં વિચરતા અમિતવાહન નામના તીર્થંકરની પાસે વંદન અને ધર્મશ્રમણ નિમિત્ત ગયો હતો. ત્યાં જઈ તીર્થંકરને વંદન, નમન કરી ઉચિત સ્થાને બેસી, ધર્મશ્રમણ કરી સંતોષ પામ્યો અને યથાશક્તિ વ્રત, નિયમો ગ્રહણ કરી પાછા ફરતાં, હમણાં થોડા વખત પહેલાં તે મારા મસ્તક ઉપર થઈને જતો હતો. તેવામાં અકસ્માત તેનું વિમાન સ્ખલના પામ્યું. વિમાન સ્ખલના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામવાનું કારણ તપાસ કરતાં, વિમાનની નીચે જમીનપર રહેલા મને તેણે દીઠો મને દેખતા જ તેને મહાક્રોધ ઉત્પન્ન થયો. તે પોતાના સર્વ બળથી મને ઉપાડીને ફેંકી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ત્યારે મેં તેને મારા ડાબા હાથથી સહજ દબાવ્યો. મારા દબાવવાથી, સિંહથી દબાવાયેલા હાથીની માફક વિરસ શબ્દે રડવા લાગ્યો. તેને સંકટમાં આવી પડેલો જાણી તેની સ્ત્રીએ પરિવાર સહિત મારું શરણ અંગીકાર કર્યું. કરુણાથી મેં તેને મૂકી દીધો, તેથી તે ઘણો ખુશી થયો વિવિધ પ્રકારે રૂપ ધારણ કરી, પોતાની સ્ત્રી સહિત તે હમણાં મારી આગળ નૃત્ય કરતો હતો અને તે જ આ વિમાન લઈ પોતાનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરતો મારી આગળ આવ્યો છે.

અવધિજ્ઞાની પતિના મુખથી પોતાના સંશયોનું નિરાકરણ થતાં રાણી ઘણી ખુશી થઈ. રાણીએ ફરીને પ્રશ્ન કર્યો કે સ્વામીનાથ! આ વિદ્યાધર પતિ, પત્નીએ પૂર્વ જન્મમાં એવું શું સુકૃત્ય કર્યું હતું કે તેઓ અહીં વિદ્યાધરની ઋદ્ધિ પામ્યાં છે?

મેઘરથ રાજાએ જણાવ્યું. આ વિદ્યાધર પૂર્વ જન્મમાં પુષ્કરાર્ધદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા સંધપુર ગામમાં રાજ્યગુપ્ત નામનો કુલપુત્ર હતો. તે ઘણી જ દુર્બળ સ્થિતિનો હોવાથી પરનાં કાર્ય કરી જિંદગી ચલાવતો હતો. તેને પતિભક્તા શંખીયા નામની સ્ત્રી હતી. એક દિવસે ફળાદિ નિમિત્તે તે બન્ને શહેરની નજીકમાં આવેલા શંખ નામના પહાડમાં ગયા હતા. ત્યાં વૃક્ષોની શીતળ છાયા તળે, વિદ્યાધરોની પર્ષદાના (સભાના) મધ્યમાં બેઠેલા સર્વગુપ્ત

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

નામના મુનિને તેમણે દીઠા. ભક્તિપૂર્વક નમસ્કાર કરી તેઓ મુનિની નજીકમાં જઇ બેઠાં. તે મહાત્માએ પણ તપશ્ચર્યાની મુખ્યતાપૂર્વક તેઓની પાસે વિશેષ પ્રકારે ધર્મનું વર્ણન કર્યું. ખરી વાત છે કે દુઃખી મનુષ્યો ઉપર મહાન પુરુષોનું વાત્સલ્ય પણ ગુરુ જ હોય છે.

ભવભયથી ત્રાસ પામેલાં તે દંપતીએ ગુરુશ્રીને નમસ્કાર કરી પ્રશ્ન કર્યો કે–ભગવાન! અમારા જેવાં પાપી જીવોને લાયક એવું કોઈ પણ તપ છે કે અમે તેનું સારી રીતે પાલન કરી શકીએ?

ગુરુશ્રીએ તેઓની લાયકાતાનુસાર બત્રીશ કલ્યાણક નામનો તપ બતાવ્યો, તે તપ કરવાનો નિશ્ચય કરી, ગુરુને નમસ્કાર કરી તેઓ પોતાને મુકામે આવ્યા.

પ્રસન્ન ચિત્તવાળાં તે દંપતીએ પ્રેમપૂર્વક તે તપશ્ચર્યામાં બે અટ્ઠમ (ત્રણ ત્રણ ઉપવાસ અને બત્રીશ ચોથભક્ત ઉપવાસ) કર્યા. પારણાને દિવસે ભોજન તૈયાર થયા પછી કોઇ અતિથિને આપવાને માટે તેઓ આમતેમ નજર કરતા હતા. ભાવના પણ એ જ હતી કે ગુરુશ્રીના કહેવા મુજબ આજે આ તપશ્ચર્યા પૂર્ણ થાય છે; તો કોઈ અતિથિ અણગાર આવી ચડે તો તેમને આપ્યા બાદ પારણું કરીએ. એ અવસરે પારણાને માટે ભિક્ષાર્થે ફરતા ધૃતિધર નામના મુનિ તેમને દેખવામાં આવ્યા. તેઓને બોલાવી ઘણા હર્ષપૂર્વક નિર્દોષ આહાર આપી તેમણે પારણું કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરી એક દિવસે તે જ સર્વગુપ્ત મુનિમહારાજ શહેરની બહાર ઉદ્યાનમાં આવીને ઉતર્યા. તેમની પાસે ધર્મ શ્રવણ કરી વિરક્ત થયેલ તે દંપતીએ ચારિત્ર ગ્રહણ કર્યું. ચારિત્ર લઈ તે રાજગુપ્ત મુનિએ **આંબિલ વર્ધમાન તપ** કર્યો. છેવટની સ્થિતિમાં અણુસણની વિધિએ મરણ પામી **બ્રહ્મદેવલોકમાં** દેવપણે ઉત્પન્ન થયો.

સાધ્વી સંખીયા પણ વિવિધ પ્રકારના દુષ્કર તપનું આસેવન કરી બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઇ. બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમનું આયુષ્ય પાળી, વિવિધ પ્રકારના વૈભવોનો ઉપભોગ કરી, ત્યાંથી ચ્યવી દાન અને તપશ્ચર્યાના પ્રભાવથી રાજગુપ્ત આ સિંહરથ નામના વિદ્યાધરપણે ઉત્પન્ન થયો છે. તે સાધ્વી દેવનો જીવ પણ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, અહીં વેગવતી નામની તેની પત્નીપણે ઉત્પન્ન થઈ છે.

દેવી ! આ દંપતિએ પૂર્વ જન્મમાં દાન આપ્યું હતું. અને આંબીલ વર્ધમાન તપ તથા બત્રીશ કલ્યાણકાદિ તપ કર્યો હતો. તે પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવથી દૈવી વૈભવ પામ્યાં હતાં અને અહીં પણ વિદ્યાધર ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યાં છે. આ વિદ્યાધર દંપતી પોતાના શહેરમાં જઈ પુત્રને રાજ્ય સોંપી ધનરથ તીર્થંકરની પાસે બન્ને જણ ચારિત્ર ગ્રહણ કરશે. સર્વોત્કૃષ્ટ તપ, સંયમાદિના યોગે કિલષ્ટ કર્મોનો ક્ષય કરી આ જ ભવમાં નિર્મળ કૈવલ્ય પ્રાપ્ત કરી મોક્ષે જશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે મેઘરથ રાજાએ કહેલું, પોતાનું વૃત્તાંત સાંભળી વિદ્યાધરપતિ, રાજાને નમસ્કાર કરી પોતાના રાજ્યમાં આવ્યો. તરત જ પુત્રને રાજ્ય સોંપી, બંને જણાએ ચારિત્ર લીધું અને તે જ ભવમાં નિર્મળ જ્ઞાન પામી બન્ને જણ નિર્વાણ પામ્યાં. મેઘરથ રાજા ઉદ્યાનમાંથી પોતાને મહેલે આવ્યા.

એક દિવસ મેઘરથ રાજા પૌષધ લઈ, પૌષધશાળામાં અનેક ભાવિક ગૃહસ્થોની આગળ જૈનધર્મના તત્ત્વોનું વર્ણન કરી રહ્યા હતા. એ અવસરે ભયથી ત્રાસ પામતો, શરીરથી કંપતો, દીન મુખવાળો અને મનુષ્ય ભાષાએ શરણ યાચતો, આકાશ માર્ગથી પારેવો રાજાના ખોળામાં આવી પડ્યો.

કૃપાળુ રાજાએ જણાવ્યું. નિર્ભય! નિર્ભય! તને અભય થાઓ. રાજાના આ શબ્દો સાંભળી તે પક્ષી શાંત થઈ, બાળકની માફક રાજાના ખોળામાં છુપાઈ રહ્યો. તેટલામાં સર્પની પાછળ જેમ ગરૂડ આવે તેમ "હે રાજા! એ મારો ભક્ષ છે, તેને તું મૂકી દે. એને શરણે રાખવો તે તને યોગ્ય નથી" આ પ્રમાણે બોલતો સિંચાણો તેની પાછળ આવી પહોંચ્યો.

રાજાએ સિંચાણાને જણાવ્યું. હે સિંચાણા! આ પક્ષી હું તને પાછું આપી શકીશ નહિ. શરણે આવેલાને પાછો હડસેલવો કે તેના શત્રુને સોંપવો તે ક્ષત્રિયોનો ધર્મ નથી.

સિંચાણા! "આને શરણે રાખવો તે તને યોગ્ય નથી." આ પ્રમાણે યોગ્યાયોગ્યનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપદેશ આપવાવાળા તને, પરના પ્રાણનો નાશ કરી પોતાના પ્રાણનું પોષણ કરવું તે કોઈ પણ રીતે યોગ્ય નથી. વળી તારા પ્રાણને સહજ પણ પીડા થતાં તને મહાન દુઃખ થાય છે તો શું બીજાને તેમ નહિ થતું હોય? જ્યારે સહજ દુઃખથી જીવોને ત્રાસ થાય છે તો, બીજાના પ્રાણનો સર્વથા નાશ કરવાથી તેને કેટલું દુઃખ થતું હશે? તે તારે પોતે જ વિચારવાનું છે. આ પક્ષીનું ભક્ષણ કરવાથી તને થોડા વખત માટે તૃપ્તિ થશે પણ આ પક્ષીનો તો આખો જન્મ નિરર્થક જશે. પંચેંદ્રિય જીવોનો ઘાત કરવાથી જંતુઓને નરકમાં જવું પડે છે, તો ક્ષણમાત્રના સુખ માટે કયો વિચારવાન જીવ પોતાના આત્માને લાંબા વખતના દુઃખમાં નાંખશે? આ તારી ક્ષુધા બીજા પદાર્થોથી પણ શાંત થઈ શકે તેમ છે. જેમ ઉત્તમ શર્કરાથી પિત્ત શાંત થાય છે, તેમજ તેના અભાવે દૂધથી પણ પિત્ત ઉપશમે છે. આ જીવવધ કરવાથી ઉત્પન્ન થયેલી નરકવેદના કોઈ પણ પ્રકારે ભોગવ્યા સિવાય શાંત થઈ શકશે નહિ માટે જીવવધ કરવાના વિચારને તું શાંત કર, અને સર્વ સુખને આપનાર દયાનો તું આશ્રય કર.

સિંચાણાએ ઉત્તર આપ્યો. રાજન્! આ પક્ષી ભય પામી તમારે શરણે આવ્યો, પણ ક્ષુધાથી વિહ્વળ થયેલો હું તેને શરણ આપી શકું ખરો કે? હે મહાભાગ્ય! કરુણાથી જેમ તમે તેનું રક્ષણ કરો છો તેમ ભૂખથી મરણ પામતાં મારું ભક્ષ્ય નહિ મળે તો મારા પ્રાણ હમણાં જ ચાલ્યા જશે. રાજન્! ધર્માધર્મની ચિંતા તો પેટમાં પડેલું હોય તો જ યાદ આવે

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

છે યા બની રહે છે. એવું કોઈ ક્રૂર કર્મ નથી કે ભૂખ્યો થયેલો જીવ ન કરે, માટે અત્યારે મારી આગળ ધર્મ વાત કરવાનો અવસર નથી. મારા ભક્ષકરૂપ આ પારેવો મને હમણાં જ સોંપી દે. શું આ ધર્મ કહી શકાય કે, જેમાં એકનું રક્ષણ કરવું અને બીજાને મારવો.

રાજન્ ! તમે કદાચ બીજું ભક્ષ્ય–ભોજન મને લાવી આપવાને ઇચ્છતા હો તો, હું પ્રથમથી જ કહી આપું છું કે, મને બીજા ભક્ષ્યથી તૃપ્તિ થવાની નથી. કેમકે તત્કાળ પોતાને હાથે મારેલા, નિરંતર તડફડતા માંસનો ખાવાવાળો હું છું.

રાજાએ કહ્યું–સિંચાણા ! જો એમ જ તારી મરજી છે, તો આ પારેવા પ્રમાણે તોળીને હું તને મારું માંસ શરીરમાંથી કાપી આપું. તે ખાઈને તું તૃપ્ત થજે. જેથી તારું મરણ નહિ થાય અને શરણે આવેલાનું રક્ષણ પણ થશે.

સિંચાણાએ તે વાત કબૂલ કરી એટલે રાજાએ તુલા–ત્રાજવું મંગાવી એક બાજુના છાબડામાં–ત્રાજવામાં પારેવાને મૂકયો અને બીજી બાજુના ત્રાજવામાં, પોતાની પીંડી કાપી માંસના કકડાઓ નાંખવા લાગ્યો. જેમ જેમ રાજા પીંડીને કાપીને નાખે છે તેમ તેમ પારેવો ભારે ને ભારે થતો જાય છે. એટલે ત્રાજવું ઊંચું ને ઊંચુ રહેવા લાગ્યું. વારંવાર પારેવાને ભારે થતો દેખી, જરા પણ નહિ ગભરાતાં, મહાપરાક્રમી રાજા પોતે તે બાજુના છાબડામાં બેઠો. તુલામાં આરૂઢ થયેલા રાજાને દેખી આખી સભામાં (ત્યાં જોવા મળેલા લોકોમાં) અને વિશેષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકારે રાજના સર્વ પરિવારમાં હાહાકાર વર્તાઈ રહ્યો. સામંત, મંત્રી, પ્રમુખ સર્વે રાજને કહેવા લાગ્યા. હે નાથ! અમારા અભાગ્યથી તમે આ શું આરંભ્યું છે? આ એક પક્ષીના રક્ષણને માટે આખી પૃથ્વીને નિરાધાર શા માટે કરે છો? રાજઓનો ધર્મ આ લાખો મનુષ્યોનું પાલન કરવાનો છે; નહિં કે એક પક્ષીને માટે લાખો મનુષ્યોને રડાવવાનો.

હે રાજન્! મનુષ્ય ભાષાએ બોલતો આ પક્ષી કોઈ દેવ, દાનવ કે તમારો કોઈ પ્રતિ-પક્ષી-શત્રુ હોય તેમ અમને લાગે છે.

રાજએ ધૈર્યથી જણાવ્યું. સામંતો, પ્રધાનો અને પ્રજાવર્ગ! આ દીન મુખવાળો અને દીન વચનો બોલનાર પક્ષી-ગમે તે હો-પણ શરણે આવેલાનું રક્ષણ મારે કરવું જ જોઈએ. જે રાજા શરણે આવેલા પ્રાણીનું રક્ષણ નહિ કરી શકે તે લાખો મનુષ્યોનું રક્ષણ કેવી રીતે કરી શકશે? તમે નિર્ભય થાઓ. આ મારું બોલેલું વચન કદિ અન્યથા નહિ થાય માટે આ સંબંધમાં તમારે મને કાંઈપણ ન કહેવું.

રાજનો આવો ચોક્કસ-દૃઢ નિશ્ચય જાણી દિવ્ય વસ્ત્ર, મુકુટ અને કુંડળાદિકને ધારણ કરનાર એક દેવ સભામાં પ્રગટ થઈને રાજને આ પ્રમાણે કહેવા લાગ્યો.

॥ ૧૯૭ ॥

ઉત્તમ પુરુષોમાં મુકુટતુલ્ય! આ ત્રણ ભુવનમાં તું એક જ ધન્ય પુરુષ છે. સુરગિરિની માફક પોતાની પ્રતિજ્ઞામાં દૃઢતાવાળા તને દેવો પણ ચળાવવાને અસમર્થ છે. દેવસભામાં ઇન્દ્ર

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

મહારાજે તમારી પ્રશંસા કરી હતી કે શરણાગતવત્સલ, અભયદાનદાતા મેઘરથ રાજાને પોતાની પ્રતિજ્ઞાથી ચળાવવાને દેવ દાનવો પણ અસમર્થ છે. આ પ્રશંસા હું સહન ન કરી શકયો. ઈર્ષા-ભાવથી તમારી પરીક્ષા કરવા માટે અહીં આવતો હતો, રસ્તામાં પરસ્પર યુદ્ધ કરતાં આ બન્ને પક્ષી મારા દેખવામાં આવ્યા. તે પક્ષીના શરીરમાં અધિષ્ઠાતા તરીકે રહી આ સર્વ ઉપસર્ગ યા પરીક્ષા મેં કરી છે. કૃપાળુ રાજા ! આ મારો અપરાધ ક્ષમા કરજે. પરીક્ષા તો મહાન્ પુરુષોની જ થાય છે અને સંકટો પણ તેમને જ આવે છે. જીવોને મરણના ભયથી બચાવવાનું અર્થાત્ અભયદાન આપવાનું કર્તવ્ય ખરેખર તમે બજાવ્યું છે. ઇત્યાદિ પ્રશંસા કરી, રાજાના શરીરને પૂર્ણ બનાવી, નમસ્કાર કરી દેવ સ્વર્ગભૂમિ તરફ ચાલ્યો ગયો.

પોતાના મહારાજાનું ધૈર્ય અને દેવની કસોટીમાં પસાર થયેલા રાજાને દેખી સામંતાદિ વર્ગના આનંદનો પાર ન રહ્યો. તેઓએ અવધિજ્ઞાની રાજાને પ્રશ્ન કર્યો–મહારાજ ! આ પૂર્વ જન્મમાં કોણ હતાં ? તેઓને આપસમાં વૈર થવાનું કારણ શું ? અને આ દેવ પૂર્વભવમાં કોણ હતો ?

રાજાએ જણાવ્યું–**ઐરવત** ક્ષેત્રના **પદ્મનીખંડ** નગરમાં ધનાઢય સાગરદત્ત નામનો શેઠ રહેતો હતો. તેને વિદ્યુત્સેના નામની વિશુદ્ધ ગુણવાળી પત્ની હતી. તેનાથી ધન અને નંદન નામના બે પુત્રો થયા. યુવાવસ્થાને પામેલા પુત્રોએ, પિતાની આજ્ઞા માંગી, નાના પ્રકારનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરિયાણાં લઈ વ્યાપારાર્થે દેશાંતર જવા માટે પ્રયાણ કર્યું. અનુક્રમે તેઓ નાગપુર આવી પહોંચ્યા. ત્યાં વ્યાપાર કરતાં તેઓને એક મહાન્ કિંમતી રત્ન મળી આવ્યું. એક ભક્ષ માટે જેમ બે કુતરાઓ આપસમાં લડે છે તેમ એક રત્નમાં લુબ્ધ થયેલા બન્ને ભાઈઓ આપસમાં લડવા લાગ્યા. લડતાં લડતાં તેઓ **શંખા** નામની નદી પાસે આવ્યા. ક્રોધથી ધમધમતા દુર્દાંત પાડાઓની માફક લડતા તેઓ તે નદીના એક ઊંડા દ્રહમાં પડયા અને ત્યાં જ જળને શરણ થયા–(મરણ પામ્યા).

હા ! હા ! મોહનું પ્રબળપણું ! અજ્ઞાનતાનું કેટલું બધું જોર ! મમત્વભાવનું કેવું પરિણામ ! આવાં કારણોને લઈને જ જ્ઞાની પુરુષોએ પરિગ્રહને દુઃખનું મૂળ કહ્યું છે અને ત્યાગમાર્ગનો ઉપદેશ કર્યો છે.

તે બન્ને ભાઈઓ મરણ પામી આ શ્યેન અને પારેવાપણે ઉત્પન્ન થયા છે. પૂર્વ ભવના વૈરથી અહીં પણ તેઓ આપસમાં યુદ્ધ કરે છે. નહિં ઉપશાંત કરેલા વૈરનો વારસો અન્ય જન્મોમાં પણ મળે છે.

"આ દેવ કોણ હતો ?" આ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે. પૂર્વ વિદેહની રમણીય વિજયમાં આવેલી સીતા નદીના કિનારા પર **સુભગા** નામની નગરી છે. ત્યાં વિનીતસાગર નામનો રાજા રાજ્ય કરતો હતો. મારા આ ભવથી પાંચમાં ભવ ઉપર, તેમને અપરાજીત

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

નામનો વાસુદેવ પુત્ર હતો, અને હું અનંતવીર્ય નામનો બળભદ્ર પુત્ર હતો. એ ભવમાં અમે દમિતારી નામના પ્રતિવાસુદેવને માર્યો હતો. તે પ્રતિવાસુદેવ મરણ પામી અનેક ભવ ભમી અષ્ટાપદ પહાડની પાસે આવેલી નીયડી નદીના નજીકના ગામમાં, સોમપ્રભ કુલપતિના શશીપ્રભ નામના પુત્રપણે ઉત્પન્ન થયો હતો. તે ભવમાં પરિવ્રાજકના વેશમાં ઘણા વખત સુધી બાળ તપ કરી, ત્યાંથી મરણ પામી તે હમણાં ઈશાન દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. જ્યારે ઇશાન ઇંદ્રે મારી પ્રશંસા કરી ત્યારે પૂર્વજન્મના વૈરભાવથી તેને નહિ સદ્દહતાં, ઊલટો દ્વેષ ધારણ કરી, મારી પરીક્ષા કરવા માટે તે દેવ હમણાં અહીં આવ્યો હતો.

પૂર્વ જન્મમાં અમે તેને માર્યો હતો, તે બાકી રહેલું પાપ, પરીક્ષાના નિમિત્તથી આ મારું શરીર કપાવવામાં કારણભૂત થયું છે. ખરી વાત છે કે કરેલ કર્મ ભોગવ્યા સિવાય કોઇનો છૂટકો થતો નથી. આ પ્રમાણે પૂર્વભવને સૂચવનારાં મેઘરથ રાજાનાં વચનો સાંભળી બન્ને પક્ષીઓ સહસા મૂર્ચ્છા ખાઈ જમીન પર પડી ગયાં. લોકોએ શીતળ પાણી આદિ છાંટી તેમને સ્વસ્થ કર્યાં. ઊહાપોહ કરતાં બન્ને પક્ષીઓને પૂર્વજન્મનું-જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાની ભાષામાં તે પક્ષીઓએ રાજાને જણાવ્યું, મહારાજ ! એ અવસરે અમે રત્ન હારી ગયા. એટલું જ નહિ પણ હા ! હા ! લોભથી યુદ્ધ કરતાં મનુષ્યજન્મ પણ હારી ગયા. આ જન્મમાં નરકદુઃખ પામવાની નજીકમાં અમે ગયા હતા પણ હે કૃપાસાગર ! તે દુઃખથી તમે અમારો બચાવ કર્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. હવે તમે જ અમને રસ્તો બતાવો કે અમારું બાકી રહેલું આયુષ્ય અમારે કેવી રીતે પૂર્ણ કરવું ? તેઓનું આયુષ્ય ઘણું જ થોડું બાકી રહેલું જાણી, રાજાએ તેમને ક્ષમાનો ઉત્તમ બોધ આપી અણુસણ કરાવ્યું. તે પક્ષીઓએ પણ ભાવથી અણુસણ અંગીકાર કર્યું. અને પરમાત્માનું સ્મરણ કરતાં શુભ ભાવમાં આયુષ્ય પૂર્ણ કરી, બન્ને પક્ષીઓ ભુવનવાસી દેવયોનિમાં દેવપણે ઉત્પન્ન થયા.

રાજા મેઘરથ પણ પોષહ પારી, તે વિદ્યાધર અને પક્ષીઓના ચરિત્રનું વારંવાર સ્મરણ કરતાં વિશેષ વૈરાગ્ય ભાવને પામ્યો.

એક દિવસે પૃથ્વીતળ પર વિચરતા ધનરથ તીર્થંકર ઉદ્યાનમાં આવી સમવસર્યા. મેઘરથ રાજા પરિવાર સહિત વંદન કરવાને ત્યાં ગયો. પ્રભુમુખથી ભવવાસથી વિરક્ત કરનારી ધર્મદેશના સાંભળી સંસારથી વિરક્ત થયો. પુત્રને રાજ્ય સોંપી તીર્થંકર પાસે સંયમનું સામ્રાજ્ય ગ્રહણ કર્યું. સંયમ યોગમાં નિરંતર ઉદ્યમવાન્ થઈ દુષ્કર તપશ્ચર્યા કરવા લાગ્યો. અનુક્રમે અરિહંતાદિ વીશ સ્થાનકનું સમ્યક્ આરાધન કરી તીર્થંકરનામકર્મ બાંધ્યું. બીજા પણ શ્રુતવિધિ અનુસાર સિંહનિક્રીડિતાદિ અનેક તપ કર્યા. છેવટની અવસ્થામાં બર્મરતિલક પર્વત ઉપર આરૂઢ થઈ, પર્વતોની માફક દૃઢ ચિત્ત કરી, અણુસણ કરવાપૂર્વક ધર્મધ્યાનની પરાકાષ્ઠામાં આ દેહનો ત્યાગ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં કલ્પાતીત દેવપણે ઉત્પન્ન થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવ આયુષ્ય પૂર્ણ કરી, આ ભારતવર્ષનાં હસ્તિનાપુર શહેરમાં વિશ્વસેન રાજની અચિરાદેવી રાણીની કુક્ષીમાં શાંતિનાથ તીર્થંકરપણે ઉત્પન્ન થયા. ગૃહવાસમાં પાંચમા ચક્રવર્તી રાજના પદનું પાલન કરી, અવસરે શ્રમણમાર્ગ અંગીકાર કર્યો. કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું. સોળમા શાંતિનાથ તીર્થંકરના મહાન્ પદને પામી, અનેક જીવોને દેશનામૃતથી શાંત કરી નિર્વાણ પદ પામ્યા.

આ પ્રમાણે અભયદાનનું માહાત્મ્ય વિસ્તારપૂર્વક તમોને સંભળાવ્યું. તમારે પણ તમારી શક્તિ અનુસાર જીવોને અભયદાન આપવા માટે પ્રયત્ન કરવો. વખત થઈ જવાથી મુનિશ્રીએ પોતાનો ઉપદેશ સમાપ્ત કર્યો એટલે ગુરુશ્રીને વંદન કરી, સાર્થવાહ સુદર્શના, શીળવતી વિગેરે પોતાના નિવાસસ્થાન તરફ આવ્યાં, અને જ્ઞાન, ધ્યાન, દેવપૂજન, ઉપદેશનું મનન અને સદ્વિચારાદિમાં દિવસ વ્યતીત કર્યો.

ત્રીજે દિવસે પાછા સર્વે ઉપદેશ શ્રવણ કરવાને ગુરુશ્રી પાસે હાજર થયા, ગુરુશ્રીએ પણ પોતાનો સદુપદેશ આગળ ચલાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૨૬ મું

ધર્મ ઉપગ્રહ દાન

न तवो सुट्ठु गिहीणं, विसयपसत्ताण होइ नहु सीलं ।
सारंभाण न भावा, साहारो दाणमेव तओ ॥ १ ॥

ગૃહસ્થાશ્રમીઓથી જોઈએ તેવો તપ બની શકતો નથી. વિષયમાં આસક્ત થયેલાઓને શિયળ હોતું જ નથી. ત્યારે આરંભની પ્રવૃત્તિવાળામાં ભાવ (કયાંથી હોય) ન હોય, માટે ગૃહસ્થોને દાન ધર્મનો જ મુખ્ય આધાર છે. અર્થાત્ ગૃહસ્થીઓ દાનધર્મથી જ આગળ વધે છે.

ચારિત્ર ધર્મના રક્ષણ માટે યા પોષણ માટે અન્ન, પાણી, મુકામ, વસ્ત્ર અને ઔષધાદિનું ત્યાગી મહાત્માઓને દાન આપવું તે ધર્મ ઉપગ્રહ દાન કહેવાય છે.

૧. દાયક શુદ્ધ, ૨. ગ્રાહક શુદ્ધ, ૩. કાળ શુદ્ધ, અને ૪. ભાવ શુદ્ધ—એમ આ દાન ચાર પ્રકારનું છે.

દાયક શુદ્ધ–દાન આપવામાં આટલા ગુણોની જરૂર છે. બાહ્ય આડંબર વિનાનો, પૈસાપાત્ર, ઉદાર સ્વભાવ, મચ્છર રહિત, ધીરતાવાળો, દાનની લાગણીવાળો પરિવાર, શાંતસ્વભાવ,

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ગ્રાહ્ય વાકય, દાન આપ્યા પહેલાં કે પછી સાધુ નિમિત્તે દોષ નહિ લગાડનાર, મદ રહિત ઇત્યાદિ ગુણવાન ગૃહસ્થી દાતા, ચારિત્રના પોષણ નિમિત્તે અન્ન, પાણી, મુકામ, વસ્ત્ર, પાત્ર, ઔષધાદિ કલ્પે તેવાં નિર્ગ્રંથ મહાત્માને આપે તે દાન **દાયક શુદ્ધ** કહેવાય છે.

ગ્રાહક શુદ્ધ–પાંચ મહાવ્રત–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહ ઇત્યાદિ મૂળ ગુણ, ક્રિયાકાંડાદિ ઉત્તર ગુણ, પાંચ, સમિતિ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત ક્ષમાવાન્, ઇંદ્રિયોનો વિજય કરનાર, સદા શાંત સ્વભાવી, ગુરુકુળવાસ સેવનાર અને નિરીહ ચિત્તવાળા મહાત્મા મુનિઓ, સંયમના નિર્વાહ યા પોષણ નિમિત્તે દાન ગ્રહણ કરે તે દાન **ગ્રાહક શુદ્ધ** કહેવાય છે.

કાળ શુદ્ધ–કાળે–અવસરે કરેલું કૃષિકર્મ (ખેતી) જેમ ફળદાયક થાય છે તેમ મહાત્માઓને ઉપકાર કરનારું દાન જરૂરીયાતવાળાને પ્રસંગે અવસરે આપવાથી ઉપકારક થાય છે, તે દાન **કાળ શુદ્ધ** કહેવાય છે.

ભાવ શુદ્ધ–પૂર્વોક્ત ગુણયુક્ત દાતા, કોઈ પણ જાતની વ્યવહારિક કે પૌદ્ગલિક સુખની આશા સિવાય, પરમાર્થબુદ્ધિથી દાન આપે, દાન આપતાં હર્ષથી રોમાંચિત થાય, દાન આપ્યા પછી પોતાને કૃતાર્થ માને તે દાન **ભાવ વિશુદ્ધ** કહેવાય છે.

સુપાત્ર દાનના પ્રભાવથી તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ કે મંડલિકાદિ મહાન પદનો ભોક્તા મનુષ્ય થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘૃત દાનના પ્રભાવથી જગન્નાથ ઋષભદેવ પ્રભુ તીર્થંકર પદ પામ્યા, ઉત્તમ મુનિઓને અન્ન પાન લાવી આપી ભક્તિ કરનાર, ભરત ક્ષેત્રનો અધિપતિ ભરત રાજા ચક્રવર્તી પદ પામ્યો. જે મહાત્માઓનાં દર્શન કરવાથી જ દિવસનું કરેલ પાપ નાશ થાય છે, તે મહાત્માઓને દાન આપવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ કેમ ન થાય? તે ક્ષેત્રો મહાન્ પવિત્ર ગણાય છે કે જ્યાં સમભાવવાળા પવિત્ર મહાત્માઓ વિચરી રહ્યા છે, ત્યાગી મહાત્માઓ સિવાય ગૃહસ્થધર્મ કોઈ-પણ રીતે ઉચ્ચ સ્થિતિમાં આવી શકતો નથી માટે જ ઉક્ત મહાત્માઓને સર્વ પ્રયત્ને નિરંતર દાન આપવું.

ગૃહસ્થોએ સાથે દેશ–કાળનો પણ વિચાર કરવો તે વધારે ઉપયોગી છે, જેમ કે દુર્ભિક્ષ દેશભંગ, લાંબો પંથ, અટવી કે બીમારી આદિના સંકટમાં આવી પડેલા મહાત્માઓને અવસર ઉચિત દોષવાળા પણ આહાર આદિ આપે તો તે પ્રસંગને લઈને સદોષ આહાર આપવાથી પણ ઘણો લાભ અને અલ્પ હાનિ થાય છે. મહાન્ પુરુષની આજ્ઞા છે કે–શરીરનો નિર્વાહ થતો હોય અને જ્ઞાન, ધ્યાનાદિકની હાની ન થતી હોય તો મુનિઓએ સદોષ આહારાદિ ન લેવાં પણ નિર્વાહના અભાવે અને રોગાદિ પ્રબળ કારણે સદોષ આહારાદિ લેવાં તે પરિણામની વિશુદ્ધિને લઈને હિતકારી ફાયદારૂપ થાય છે, કેમકે આહારાદિ સામાન્ય કારણને લઈ શરીરનો નાશ કરવામાં આવે અથવા લાંબા કાળ પર્યંત રોગી અવસ્થા અનુભવવામાં આવે, તે વખતે જ્ઞાન, ધ્યાનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે હાનિ થાય છે તે અપેક્ષાનો વિચાર કરવામાં આવે તો સદોષ આહાર, પાણી ઔષધાદિકનો દોષ તેઓની પાસે થોડો છે. શરીર નિરોગી થતાં, જ્ઞાન, ધ્યાનનો વિશેષ વધારો થાય છે. અનેક જીવોને ઉપકાર થાય છે. પ્રાયશ્ચિત્તાદિથી સદોષ આહારાદિની વિશુદ્ધિ થાય છે અને કર્મની નિર્જરા પણ મેળવી શકાય છે. ગૃહસ્થીએ અનુકંપાદાન પણ આવવું જોઈએ. મહાન પુરુષોએ આ માર્ગની શરૂઆત પણ વાર્ષિક દાનના પ્રસંગે કરી છે.

ક્ષુધા, તૃષાથી પીડાયેલા, દીન, દુઃખિયા, અપંગ, લાચાર અને વૃદ્ધ–અશક્ત જીવોને જે દાન આપવું તે અનુકંપાદાન કહેવાય છે. તેમજ ગમે તે દર્શનના ભિક્ષુઓ, ત્યાગીઓ, પોતાને દ્વારે યાચના કરવા આવે તો તેને પણ યથાશક્તિ દાન આપવું તે પણ અનુકંપા દાન કહેવાય છે. શાસનની પ્રશંસા માટે યા લઘુતા ન થાય તે માટે, યા લઘુતા દૂર કરવા માટે જે દાન આપવું તે ઉચિત દાન કહેવાય છે.

ધર્મબુદ્ધિથી ઉત્તમ પાત્રોને દાન આપતાં કર્મની નિર્જરા થાય છે. તે જ દાન કરુણા-બુદ્ધિથી આપતા ધનાદિ ઋદ્ધિને માટે થાય છે. પ્રવચનની પ્રભાવનાને અર્થે અપાયેલું ઉચિત દાન પુન્યને અર્થે થાય છે. વધારે શું કહેવું ? જાતિ, કુળ, શીળ, શ્રુત, બળ, રૂપ, ગુણ અને કુલાદિ રહિત મનુષ્ય હોય તથાપિ સુપાત્ર દાન આપનાર હોય તો તે દેવોને પણ સ્તવનીય થાય છે. પ્રશંસાપાત્ર થાય છે અને શત્રુઓ પણ મિત્ર થાય છે. દાનવીર મનુષ્યના શત્રુ. મિત્ર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાંધવ, પુત્ર, કલત્ર, અને સ્વજન વર્ગ સર્વ સ્નેહી થાય છે.

જિનભુવન, જિનબિંબ, પુસ્તક, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ સાત ક્ષેત્રો કહેવાય છે. તે સાત ક્ષેત્રમાં પોતાની ઉત્તમ કમાઈની મિલ્કતનો સદુપયોગ કરવો. જ્ઞાન અને જિનભુવન યા પ્રતિમાજી અન્ય જીવોને ઉપકારી છે. તે જેવી રીતે અન્ય જીવોને ઉપકારક થાય તેવી રીતે તેમાં દ્રવ્ય ખરચવું. સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા તેઓમાં સાધુ સાધ્વી સ્વ–પર ઉપકારી છે તેઓ વિના હરકતે નિર્દોષ ચારિત્ર પાળી શકે અને જ્ઞાનધ્યાનમાં આગળ વધી શકે તેવી રીતે તેમને યોગ્ય મદદ આપવી. શ્રાવક શ્રાવિકાઓ ધર્મમાં સ્થિર થાય, સીદાય નહિ, તેમ તેમને યોગ્યતા અને જરૂર પ્રમાણે મદદ આપવી, શ્રાવક શ્રાવિકાનો અર્થ–સ્વધર્મ પાળનાર સ્ત્રી, પુરુષો એવો થાય છે. તેમાં નાત જાતનો તફાવત ગણવામાં આવતો નથી. ગમે તે જાતના મનુષ્યો જિનધર્મ પાળી શકે છે. તે સ્વધર્મ પાળનારને યથાયોગ્ય મદદ આપી ધર્મમાં સ્થિર કરવા–આ સાત ક્ષેત્રોમાં દ્રવ્યનો સદ્વ્યય કરવાથી દેવાદિવૈભવ પામવા સાથે અનુક્રમે તેઓ આત્મિક સુખ પણ પામે છે.

પોતાની શક્તિ છતાં પણ જેઓ યોગ્ય પાત્રમાં દાન આપતા નથી તેઓ પરોપકાર કે ગુણાનુરાગમાં પાછળ પડેલ હોવાથી ધનવંત પુરુષોની તહેનાતમાં મીઠાં વચનોરૂપ બિરદાવળી બોલનારા, તેમ જ પારકી નોકરી કરી દુઃખે પોતાનો નિર્વાહ કરનારા થાય છે. નિત્ય ઓચ્છવવાળા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સ્થાનકે પણ તેઓ નિરાશા અને સંખ્યાબંધ પરાભવો પામી પગલે પગલે નિંદાય છે. તંબોળ, આભરણ અને વસ્ત્રાદિવાળા ઉત્તમ વિલાસ સંપત્તિ તો દૂર રહો પણ પોતાનું પેટ ભરવાની ચિંતા સુદ્ધાં તેઓને છોડતી નથી–મટતી નથી. માટે ગૃહસ્થોએ સંપત્તિ અનુસાર થોડામાં થોડું પણ દાન આપવું.

તત્ત્વજ્ઞાનની સંપત્તિવાળા મહાત્માઓને ભક્તિપૂર્વક જેઓ ઉચિત દાન આપે છે તેઓ વીરભદ્રની માફક નાના પ્રકારની સંપદા પામે છે.

વીરભદ્ર

કુરુદેશમાં તિલક સમાન પદ્મખંડ નામનું નગર નાના પ્રકારની વિભૂતિથી શોભી રહ્યું હતું. પશ્ચિમ દિશામાં આમ્રની ઘટાવાળું સહસ્રામ્ર નામનું વન પ્રાણીઓના તાપને દૂર કરી શીતળતા પ્રસારતું હતું. એક દિવસ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોને દેશના જળથી શાંત કરવા અરનાથ નામના તીર્થંકર મનુષ્યોના સદ્ભાગ્યે તે વનમાં આવીને સમવસર્યા. જન્મ, મરણના તાપથી ખેદ પામેલા જીવોને શાંત કરવા માટે તે કરુણા-સમુદ્ર પ્રભુએ એક પહોર પર્યંત ધર્મદેશનાની વૃષ્ટિ કરી. તીર્થંકરની દેશના પછી ગુરુદેવનું અનુકરણ કરતા હોય તેમ સિદ્ધાંત અમૃતના કુંભસમાન કુંભનામના ગણધરે દેશના આપવી શરૂ કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ અવસરે તે શહેરનો નિવાસી સાગરદત્ત શ્રેષ્ઠી એક વામણા માણસની સાથે સમવસરણમાં આવ્યો. પ્રભુ આદિને વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠો.

દેશના પૂર્ણ થયા બાદ ગુરુશ્રીને વંદન કરી તે શ્રેષ્ઠીએ જણાવ્યું : કૃપાળુ દેવ ! માનસિક દુઃખથી હું બહુ દુઃખી છું. આપ મારો સંશય દૂર કરી મને શાંત કરો. આપ જ્ઞાની છો; તથાપિ મારા સંશયનું મૂળ વૃત્તાંત હું આપની પાસે પ્રથમથી નિવેદન કરું છું.

પ્રભુ ! જિનમતી નામની પત્નીથી ઉત્પન્ન થયેલી પ્રિયદર્શના નામની મારે પુત્રી છે. સર્વ કળામાં કુશળ, મહારૂપવાન તે પુત્રી અનુક્રમે યુવાવસ્થા પામી. પુત્રીને લાયક પતિની અપ્રાપ્તિથી મને ઘણો ખેદ થયો. મને દુઃખી દેખી મારી પત્નીએ ખેદનું કારણ પૂછ્યું. મેં યથાસ્થિત જણાવ્યાથી તેણીએ કહ્યું કે પાછળથી આપણને પશ્ચાત્તાપ ન થાય તેવો લાયક પતિ પુત્રી માટે શોધજો.

પુત્રી માટે હું ચિંતામાં હતો તે અવસરે તામ્રલિપ્તિ નગરીનો નિવાસી ઋષભદત્ત સાર્થવાહ મારી દુકાન પર આવ્યો, એક તો સાધર્મી અને વળી સમૃદ્ધિવાન્ જાણી તેની સાથે મારે પ્રીતિ બંધાણી. એક દિવસ મારી પુત્રી પ્રિયદર્શનાને દેખી તે સાર્થવાહે જણાવ્યું. મિત્ર ! નિરુપમ રૂપાદિ ગુણવાન, ગંધર્વ, કાવ્ય અને ગુટિકાદિ પ્રયોગમાં પ્રતિષ્ઠા પામેલો વીરભદ્ર નામનો મારે પુત્ર છે. તેને લાયક કન્યાની શોધમાં હું ફરતો હતો તેવામાં તમારી કન્યા મારા દેખવામાં આવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારી કન્યા સર્વ પ્રકારે મારા પુત્રને યોગ્ય છે. બન્નેનો સંબંધ થાય તો અનુકૂળ સંયોગ બની આવે. સાર્થવાહનું વચન મેં માન્ય કરવાથી તેને ઘણો સંતોષ થયો. તે તામ્રલિપ્તિ ગયો. અને મોટા સમુદાય સાથે વિવાહ માટે વીરભદ્રને મારે ત્યાં મોકલ્યો. વીરભદ્રના ગુણાદિથી અમને સંતોષ થયો. શુભ મુહૂર્તે મહોત્સવપૂર્વક પ્રિયદર્શના સાથે તેનું પાણિગ્રહણ થયું. કેટલાક દિવસ અહીં રહી, પ્રિયદર્શનાને સાથે લઈ તે પોતાને શહેર પાછો ગયો. માની પુરુષો સસરાને ઘેર વધારે વખત રહેતા નથી.

થોડા દિવસ પછી મને સમાચાર મળ્યા કે–મારી નિર્દોષ પુત્રીને વિના અપરાધે મૂકીને તે જમાઈ કોઈ ઠેકાણે ચાલ્યો ગયો છે. તે સાંભળી મને દુઃખ થયું, જમાઈની શોધમાં મેં ઘણો પ્રયત્ન કર્યો પણ મારો સર્વ પ્રયાસ નિરર્થક ગયો. હું નિરાશ થયો. પુત્રીના દુઃખે દુઃખી થઈ ઝૂરતાં મને ઘણો વખત થયો, તેમાં આજે આ વામણા તરફથી જમાઈના સંબંધમાં કેટલાક સમાચાર મને મળ્યા છે, તો હે કૃપાસિંધુ ! મારો જમાઈ કયાં ગયો અને હાલ કયાં છે ? તે સંબંધમાં ખુલાસો આપી મારું દુઃખ દૂર કરશો.

કુંભ ગણધરે જણાવ્યું. શ્રેષ્ઠી ! વીરભદ્રના મનમાં એવો વિચાર આવ્યો કે–બહોંતર કળામાં હું પ્રવીણ થયો. અનેક મંત્રો મને સિદ્ધ થયા છે. અનેક વિજ્ઞાન, ગુટિકાદિ પ્રયોગ અને વિસ્મયકારક ચૂર્ણાદિ યોગો હું જાણું છું. પિતાની લજ્જાથી તેમાંનું કાંઈ પણ હું અહીં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રગટ કરી શકતો નથી, માટે મારે દેશાંતરમાં જવું અને ત્યાં મારા ભાગ્ય અને વિજ્ઞાનની ખ્યાતિ કરવી, ઇત્યાદિ વિચાર કરી ગુટિકાના પ્રયોગથી શ્યામવર્ણવાળું પોતાનું રૂપ ધારણ કરી સ્વેચ્છાએ પૃથ્વી પર ફરવા લાગ્યો.

પતિવિયોગથી ખેદ પામેલી તમારી પુત્રી સસરાને પૂછી તમારે ત્યાં આવી રહી. પતિ વિના કુળવાન સ્ત્રીઓને પિતાનું ઘર શોભારૂપ છે.

વીરભદ્ર ચાલતાં ચાલતાં સિંહલદ્વીપના રત્નપુર શહેરમાં આવી પહોંચ્યો. શહેરમાં ફરતાં શંખ શ્રેષ્ઠીની દુકાન પર આવ્યો, તેની ભવ્ય આકૃતિ દેખી તે શ્રેષ્ઠીએ આદરથી બોલાવીને પૂછ્યું કે વત્સ! તું કયાંથી આવ્યો છે? વીરભદ્રે ઉત્તર આપ્યો. પિતાજી! હું તામલિપ્તિનો રહીશ સાર્થવાહનો પુત્ર છું. પિતાથી રિસાઈને અહીં આવ્યો છું. શ્રેષ્ઠીએ કહ્યું. પિતાથી રિસાઈને આવ્યો તે ઠીક નથી કર્યું, પણ હવે તું મારે ત્યાં રહે. મારે પુત્ર નથી તો અપુત્રીયાને પુત્ર સમાન તું આ વૈભવનો ઉપયોગ કર. આ પ્રમાણે કહી શ્રેષ્ઠી તેને સ્નેહપૂર્વક પોતાને ઘેર લઈ ગયો. પૂર્વ સુકૃતના ઉદયથી પોતાના ઘરની માફક વીરભદ્ર ત્યાં રહ્યો.

તે નગરના રત્નાકર રાજાને ગુણવાન્ અનંગસુંદરી નામની પુત્રી હતી પણ કર્મસંયોગે પુરુષદ્વેષિણી હતી. તે રાજકન્યા પાસે શંખ શ્રેષ્ઠીની પુત્રી વિનયવતી, સખીપણાના સંબંધથી નિરંતર જતી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વીરભદ્રે વિનયવતીને જણાવ્યું, બહેન! તું નિરંતર કયાં જાય છે!
વિનયવતી—રાજપુત્રી અનંગવતી મારી સખી છે. તે પુરુષદ્વેષિણી છે. હું તેની પાસે જઉં છું.
વીરભદ્ર—તેણી દિવસો કેવી રીતે પસાર કરે છે?
વિનયવતી—વીણાદિ વગાડવા પ્રમુખથી.
વીરભદ્ર—હું તારી સાથે તેણીની પાસે આવું?
વિનયવતી—તેણી તો પુરુષનું મુખ પણ જોતી નથી.
વીરભદ્ર—હું સ્ત્રીનું રૂપ ધારણ કરી સાથે આવું તો?
વિનયવતી—તેમ થાય તો પછી કાંઈ અડચણ નથી. ગુટિકાના પ્રયોગથી સ્ત્રીરૂપ ધારણ કરી વીરભદ્ર સાથે ગયો.
રાજપુત્રી—સખી તારી સાથે આવેલી આ યુવતી કોણ છે?
વિનયવતી—તેણી મારી બહેન છે.

એ અવસરે રાજકુંવરી પાટીયા ઉપર, પતિવિરહથી પીડા પામેલી રાજહંસી આલેખતી હતી. તે દેખી યુવતી રૂપધારી વીરભદ્રે જણાવ્યું—રાજપુત્રી! તમે વિરહથી વિધુરિત હંસી આલેખવા માંડી છે પણ તેની દૃષ્ટિ આદિ વિરહાર્દ્રિત આલેખાયાં નથી.

રાજપુત્રી—જો એમ છે તો તમે તેવાં વિરહાર્દ્રિત આલેખી બતાવો. આ પ્રમાણે કહી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાટિયું તેના હાથમાં મૂકયું. વીરભદ્રે પણ વિરહનો પ્રગટ ભાસ થાય તેવું હંસીનું રૂપ આલેખી આપ્યું. તે દેખી રાજપુત્રી બોલી ઊઠી. અહા! અંતરભાવ પ્રકાશક ચિત્ર આલેખવાનું કુશલપણું તમારામાં અપૂર્વ છે. જુઓ તો ખરાં, આ હંસીની દૃષ્ટિ અશ્રુજળથી પૂર્ણ દેખાય છે. તેની ચાંચ અને ગ્રીવા શિથિલ થઈ ગઈ છે. વદન ગ્લાનિ પામ્યું છે. ઉપાડવાને અસમર્થ હોય તેવી તેની પાંખો શિથિલ થઈ જણાય છે. એનું બેસવાનું સ્થાન કેવું શૂન્ય લાગે છે? વધારે શું જણાવું? કોઈના બતાવ્યા સિવાય પણ સ્વાભાવિક રીતે આ હંસી વિરહાકુળ જણાય છે.

રાજપુત્રી—આવી કળાથી ભરપૂર તારી બહેનને આટલા દિવસ મારી પાસે કેમ ન લાવી?

વીરભદ્ર—મારા ગુરુવર્ગના ભયથી તેણી મને અહીં લાવતી નહોતી.

રાજપુત્રી—તમારું નામ શું છે?

વીરભદ્ર...મારું નામ વીરમતી.

આ પ્રમાણે વાર્તાવિનોદ કરી અવસર થતાં બન્ને પાછાં ઘેર આવ્યાં. સ્ત્રીવેશમાં નિરંતર રાજકુમારી પાસે જતાં, થોડા દિવસમાં વીરભદ્રે વીણાદિ કલાથી તેને પોતા ઉપર અનુરાગિણી કરી દીધી.

એક દિવસ શ્રેષ્ઠીએ કહ્યું–વીરભદ્ર! તું આખો દિવસ કયાં રહે છે? તારા સંબંધમાં લોકો મને પ્રશ્ન કરે છે. હું તેનો ઉત્તર આપી શકતો નથી માટે તું દુકાન પર હવેથી બેસ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વીરભદ્રે યથાતથ્ય પોતાનો વૃત્તાંત જણાવતાં કહ્યું. પિતાજી ! તમે કાંઈ ભય ન રાખશો. કદાચ રાજા, મારે માટે રાજપુત્રીનું પાણિગ્રહણ કરવાનો આગ્રહ કરે તો ના ન કહેશો.

એક દિવસ રાજસભામાં કોઈએ વીરભદ્ર સંબંધી વાર્તા જણાવી કે મહારાજા ! શંખશ્રેષ્ઠીને ઘેર તામ્રલિપ્તિથી એક મહાન રૂપવાન્ તથા ગુણવાન્ યુવાન્ પુરુષ આવ્યો છે. અને તે સર્વ કળામાં હોંશિયાર છે.

તે સાંભળી રાજાએ વિચાર્યું કે–મારી પુત્રીને લાયક તે હશે કે કેમ ? સરખાંને સરખો યોગ મેળવી આપવો તે જ વિધિનું નિપુણપણું છે.

એક દિવસે યુવતીના રૂપમાં રહેલા વીરભદ્રે, રાજકુમારીને એકાંતમાં જણાવ્યું કે–રાજપુત્રી ! રૂપ અને ગુણથી તથા વયથી ભરયુવાવસ્થામાં આવી છતાં તું શા માટે એકાંત અવસ્થામાં કુંવારાપણામાં જિંદગી ગુજારે છે ?

કુંવરીએ જણાવ્યું–તેવો રૂપવાન્ તથા ગુણવાન મારે લાયક કોઈ પણ પુરુષ જણાતો નથી. એ અવસરે વીરભદ્રે પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કર્યું. તે દેખી મોહથી વિહ્વળ થઈ રાજકુમારીએ જણાવ્યું. તમે મારું પાણિગ્રહણ કરો હું મારા મનથી તમને વરી ચૂકી છું.

વીરભદ્રે કહ્યું–તેમ કરવાથી લોકમાં અપવાદ થાય, માટે તમારા પિતાના આગ્રહથી તેમ કરવામાં મને અડચણ નથી. રાજકુમારીએ પોતાનો અભિપ્રાય પોતાની માતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્વારા રાજાને જણાવ્યો. રાજાને પણ લાયક પતિ મળવાથી સંતોષ થયો. શંખશ્રેષ્ઠીને બોલાવી મોટા ઓચ્છવપૂર્વક રાજકુમારીનું વીરભદ્ર સાથે પાણિગ્રહણ કરાવ્યું, રહેવા માટે પોતાનો મહેલ આપ્યો.

પૂર્વજન્મના સુકૃતથી નાના પ્રકારના વિલાસ કરતો વીરભદ્ર ત્યાં રહ્યો. સોબતથી રાજપુત્રી પણ ઉત્તમ શ્રાવિકા થઈ. સત્સંગ સર્વત્ર સુખરૂપ થાય છે. એક પટ્ટ ઉપર વીરભદ્રે વીતરાગ દેવની મૂર્તિ આલેખી આપી, તેની પૂજા–અર્ચા કરવાની વિધિ સમજાવી. તેમજ જૈન મુનિઓ અને સાધ્વીઓની મૂર્તિઓ ચિત્રી બતાવી. તેને નમન વંદનાદિ કરવાની વિધિ પણ સમજાવી.

રાજપુત્રીની પોતા તરફ કેટલી પ્રીતિ છે તેની પરીક્ષા માટે વીરભદ્રે કહ્યું : પ્રિયા ! હું મારા દેશ જઈ માતા પિતાને મળીને થોડા દિવસમાં પાછો અહીં આવીશ. માટે તું શાંત મન કરી અહીં રહેજે. રાજકુમારીએ જણાવ્યું, પ્રિય ! તમારા જેવી કૃત્રિમ પ્રીતિ જો મારામાં હોત તો તો તેમ કરવાને રજા આપત.

વીરભદ્રે કહ્યું–પ્રિયા ! કોપ નહિ કર. હું તને સાથે લઈ જઈશ. રાજાને પૂછી વીરભદ્ર તૈયાર થયો. રાજાએ ઘણી ઋદ્ધિ સાથે કુંવરીને વળાવી. તે ઋદ્ધિનાં વહાણો ભરી, રાજકુંવરીને સાથે લઈ સમુદ્ર રસ્તે પોતાના દેશ જવા માટે વીરભદ્ર રવાના થયો પણ રસ્તામાં પવનના તોફાનથી તેનાં વહાણો ભાંગી ગયાં. આયુષ્યની અધિકતાથી અનંગસુંદરીના હાથમાં એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાટિયું આવ્યું. તેને વળગીને કેટલાક દિવસે તે સમુદ્રનો કિનારો પામી. કિનારા ઉપર ફરતાં એક કુલપતિનો આશ્રમ તેણીના દેખવામાં આવ્યો. ત્યાં કુલપતિની નિશ્રાએ કેટલાક દિવસ રહી, શરીરે ઠીક થતાં કુલપતિએ પોતાના શિષ્ય દ્વારા પદ્મિનીખંડ–(આ) શહેરમાં પહોંચાડી. શહેરના પરિસરમાં આવતાં સુવ્રતા નામની સાધ્વીજી તેના દેખવામાં આવ્યા. વીરભદ્રે ચિત્રમાં બતાવેલ સાધ્વીજીનું સ્મરણ થતાં પોતાના ગુરુ જાણી તેણીએ વંદન કર્યું અને તેઓની સાથે તેમના પ્રતિશ્રયમાં (ઉપાશ્રયમાં) આવી. ત્યાં તમારી પુત્રી પ્રિયદર્શનાનો મેળાપ થયો. સાધ્વીના પૂછવાથી પોતાનો સર્વ વૃત્તાંત તેણીએ જણાવી આપ્યો. ત્યાર પછી અનંગસુંદરી અને પ્રિયદર્શના બન્ને ક્રિયામાં તત્પર થઈ સુવ્રતા સાધ્વીની સેવામાં દિવસો પસાર કરવા લાગ્યા.

આ બાજુ વીરભદ્રને પણ વહાણ ભાંગ્યા પછી એક પાટિયું હાથ આવ્યું. તેના ઉપર બેસી તરતાં, આકાશમાર્ગે ગમન કરતા રતિવલ્લભ નામના વિદ્યાધરે તેને દીઠો. તેણે વીરભદ્રને સમુદ્રમાંથી ઉપાડી પોતાના વિમાનમાં બેસાર્યો અને વૈતાઢ્ય પહાડ ઉપર આવેલા ગગનવલ્લભ શહેરમાં પોતાના મંદિરે લઈ ગયો. તેના રૂપાદિ ગુણોથી ચમત્કાર પામી, પોતાની રત્નપ્રભા નામની કુંવરી સાથે હર્ષથી વિવાહ કરી આપી ત્યાં જ તેને રાખ્યો.

વીરભદ્રે પોતાના સસરા રતિવલ્લભને પૂછયું કે–મારી સ્ત્રી અનંગસુંદરી વહાણ ભાંગ્યાથી સમુદ્રમાં પડી હતી તે હાલ કયાં છે? વિદ્યાધરે પ્રજ્ઞપ્તિવિદ્યાને પૂછીને જણાવ્યું કે પદ્મિનીખંડ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શહેરમાં તમારા સસરા શ્રેષ્ઠીને ઘેર છે. તે સાંભળી તેને સંતોષ થયો. એક દિવસ આકાશમાર્ગે અનેક વિદ્યાધરોને જતા દેખી પોતાની પત્ની રત્નપ્રભાને પૂછ્યું કે, આ વિદ્યાધરો સર્વે કયાં જાય છે? તેણીએ જણાવ્યું–પ્રિય! સિદ્ધાયતનની યાત્રાર્થે આ સર્વે જાય છે. તે સાંભળી વીરભદ્રની પણ ઇચ્છા ત્યાં જવા થઈ. પતિની ઇચ્છાનુસાર રત્નપ્રભાએ વિમાન તૈયાર કરાવ્યું. તેમાં બેસી દંપતિ વિદ્યાધરોની સાથે સિદ્ધાયતને ગયાં. ત્યાં શાશ્વત પ્રતિમાઓને ભાવથી વંદન કર્યું.

એ અવસરે તેનો સસરો રતિવલ્લભ પણ યાત્રાર્થે ત્યાં આવ્યો. પોતાની પુત્રી તથા જમાઈને પ્રભુદર્શન કરતા દેખી તેને ઘણો સંતોષ થયો. હર્ષથી વીરભદ્રને પાઠસિદ્ધ અનેક વિદ્યાઓ આપી. એક દિવસ ક્રીડા કરવાના બહાનાથી ફરતાં ફરતાં વીરભદ્ર, રત્નપ્રભા સાથે પદ્મિનીખંડ શહેરમાં (અહીં) આવ્યો. સાધ્વીજીના ઉપાશ્રય નજીક રત્નપ્રભાને મૂકીને ત્યાંથી તે ચાલ્યો ગયો.

વીરભદ્રને ન દેખવાથી રત્નપ્રભા રુદન કરવા લાગી. તે સાંભળી કરુણાથી સુવ્રતા સાધ્વીજી બહાર આવ્યાં અને તેણીને ધીરજ આપી. તે પણ સુવ્રતા સાધ્વીજીની વસ્તીમાં આવી રહી ત્યાં પ્રિયદર્શના અને અનંગસુંદરીનો મેળાપ થયો. તેઓની આગળ પોતાનો પતિવિયોગનો વૃત્તાંત જણાવ્યો. છેવટે ધર્મકર્મમાં તત્પર થઈને તે પણ ત્યાં રહી.

પોતાની ત્રણે પત્નીઓ અહીં પરસ્પર પ્રેમ ધારણ કરતી રહી છે તેમ જાણી સંતોષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી કુતૂહલથી વામનરૂપ ધારણ કરી વીરભદ્ર યથા ઇચ્છાએ શહેરમાં ફરવા લાગ્યો. પોતાના અભિનવ વિજ્ઞાનથી લોકોને રંજન કરતાં ઉત્તમ મનુષ્યો તરફથી પણ સન્માન પામ્યો. અનેક કળામાં પ્રવીણતા સાંભળી, આ શહેરના ઈશાનચંદ્ર રાજાએ વીરભદ્રને ગૌરવપૂર્વક બોલાવી પોતાની પાસે રાખ્યો.

એક દિવસ ઈશાનચંદ્ર રાજાને સમાચાર મળ્યા કે–આપણા શહેરમાં સંયતિને ઉપાશ્રયે અપ્સરાની માફક રૂપવાન ત્રણ તરુણીઓ આવી રહી છે. તેઓ કોઈપણ પુરુષનો સંસર્ગ કરતી નથી. કોઈ પુરુષ સાથે બોલતી નથી અને દૃષ્ટિથી પણ અન્ય પુરુષને જોતી નથી. કેવળ ઉદાસીનપણે ધર્મધ્યાનમાં તત્પર રહે છે. ઈશાનચંદ્ર રાજાએ વામણાને કહ્યું—ભદ્ર! તું એવો કાંઈ ઉપાય કર કે તે સ્ત્રીઓ સર્વ સાથે બોલવાનું કરી આનંદમાં રહે.

વીરભદ્રે કહ્યું–સ્વામિન્! હું તે સ્ત્રીઓને બોલાવીશ. આ પ્રમાણે કહી તે વામન, શ્રમણીના પ્રતિશ્રય બહાર ઊભો રહ્યો. બીજા પુરુષ સાથે તેણે સંકેત કર્યો કે તમે કાંઈ વાર્તા કહેવા માટે પ્રેરણા કરજો. ત્યાર પછી તે શ્રમણીના ઉપાશ્રયની અંદર આવ્યો. શ્રમણીને વંદના કરી સુખશાંતિ પૂછી વીરભદ્ર બહાર મંડપ નજીક જઈ બેઠો. પૂર્વના સંકેત પ્રમાણે તેના મિત્રોએ નવીન વાર્તા કહેવા માટે આગ્રહ કર્યો.

આ વામણો નવીન કથા શું કહેશે? તે તરફ કાન આપી કેટલેક દૂર આ ત્રણે સ્ત્રીઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાવધાન થઈ એકાગ્રતાથી સાંભળવા બેઠી. વામણાએ મંગલાચરણમાં જણાવ્યું કે–મને રાજની સેવા કરવાનો વખત થયો છે એટલે આ કથા લાંબો વખત નહિં ચાલે, પણ આંતરે આંતરે પૂરી થશે. આ પ્રમાણે કહીને કથા શરૂ કરી.

ભારતવર્ષમાં તામ્રલિપ્તિ નગરી ઘણી સુંદર છે. ત્યાં ઋષભદત્ત સાર્થવાહ વસે છે. તેનો વીરભદ્ર નામનો પુત્ર છે. તેનો સાગરદત્ત શ્રેષ્ઠીની પુત્રી સાથે વિવાહ થયો હતો. એક દિવસે પોતાની પત્નીને ભરનિદ્રામાં છોડી તે દેશાંતરમાં ચાલ્યો ગયો.

આટલી કથા જણાવી વામણે કહ્યું–ભાઈ! હવે તો રાજની પાસે જવાનો વખત થયો છે, એમ કહી તે ઊઠ્યો. વામણાને ઊઠ્યો જાણી શેઠની પુત્રી પ્રિયદર્શના સંભ્રમપૂર્વક ઊઠી વામણા પાસે આવી નમ્રતાથી કહેવા લાગી, "વીરભદ્ર! ત્યાંથી કયા દેશાંતર ગયો?"

વામણો–હું કુળ ને કલંકના ભયથી પરસ્ત્રી સાથે સંભાષણ કરતો નથી. પ્રિયદર્શના—હા, એમ જ છે. તમારું ઉત્તમ શિયળ ઉત્તમ કુળને સૂચવે છે, તથાપિ મહાનુભાવ! ઉત્તમ પુરુષો દાક્ષિણ્યતારહિત પણ હોતા નથી, માટે વીરભદ્ર સંબંધી કથા આગળ કહો. વામણો–તમારો વિશેષ આગ્રહ છે તો તે વિષે હું કાલે જણાવીશ. આ પ્રમાણે કહી તે ત્યાંથી ચાલ્યો ગયો. સેવકોએ આ વાત રાજને જણાવી. રાજા ઘણો ખુશી થયો.

બીજે દિવસે શ્રમણીના ઉપાશ્રય પાસે પાછી કથા કહેવાની શરૂ કરી. વામણો—વીરભદ્ર

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પોતાના શહેરથી નીકળી ગુટિકાના પ્રયોગથી શ્યામરૂપ કરી સ્વેચ્છાએ ફરતાં સીંહલદ્વીપના રત્નપુર શહેરમાં આવ્યો. ત્યાં રાજકુમારી અનંગસુંદરી સાથે લગ્ન થયું. તેની સાથે વહાણમાં પાછા સ્વદેશ આવતાં જહાજ સમુદ્રમાં ભાંગી ગયું. આટલા સમાચાર સાંભળતાં જ અનંગ-સુંદરી વામણાની પાસે આવી કહેવા લાગી, ભદ્ર! આગળ વર્તમાન જણાવ. પછી વીરભદ્રનું શું થયું?

વામણો—રાજકાર્યનો વખત થયો છે. હવે બીજી વાત કાલે જણાવીશ. ત્રીજે દિવસે પૂર્વની માફક કથાની શરૂઆત થઈ.

વામણો—વીરભદ્રના હાથમાં એક પાટિયું આવ્યું. પાટિયા ઉપર બેસી સમુદ્ર તરતો હતો તેવામાં રતિવલ્લભ વિદ્યાધરે તેને દીઠો. પોતાના શહેરમાં લઈ જઈ રત્નપ્રભા પુત્રી પરણાવી. તેની સાથે ક્રીડા કરતો તે અહીં આવ્યો હતો. રત્નપ્રભાને અહીં મૂકી તે ઉતાવળો ઉતાવળો અહીંથી ચાલ્યો ગયો. તે સાંભળી રત્નપ્રભા બોલી ઊઠી તે મારો પતિ અહીંથી કયાં ચાલ્યો ગયો? વામણે કહ્યું—તે વિષે હવે પછી કહીશ. એમ કહી તે ત્યાંથી ચાલ્યો ગયો.

કુંભ ગણધરે જણાવ્યું. સાગરશ્રેષ્ઠી! ચિંતા નહિં કર. આ વામણો જ તમારો જમાઈ છે. કેવળ ક્રીડા નિમિત્તે તેણે જુદાં-જુદાં રૂપ કરી સ્ત્રીઓને વિરહદુઃખ આપ્યું છે.

ગણધર ભગવાનનું કહેલું વૃત્તાંત સાંભળી વીરભદ્રે નમસ્કાર કરી કહ્યું પ્રભુ! જ્ઞાન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નેત્રધારક દિવાકરને આ દુનિયામાં કાંઈ પણ અગોચર નથી.

શ્રેષ્ઠી વામણાને સાથે લઈ શ્રમણીના ઉપાશ્રયે આવ્યો. ત્યાં રહેલી ત્રણે સ્ત્રીઓને જણાવ્યું. પુત્રીયો ! આ જ તમારો પતિ વીરભદ્ર છે. તેઓએ કહ્યું–તે વાત કેમ સંભવે ?

શ્રેષ્ઠીએ કહ્યું : ગણધરના કહેવાથી, ત્યાર પછી ગણધરનો કહેલ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. શ્રમણીઓને પણ વિસ્મય થયું. એ અવસરે વીરભદ્રે વામનરૂપ મૂકી દઈ સ્વાભાવિક રૂપ કર્યું. તે દેખીને સર્વને આનંદ થયો.

શ્રમણીઓએ કહ્યું કે પુન્ય સર્વથી શ્રેષ્ઠ છે પુન્યના પ્રભાવથી અરણ્યો, સમુદ્ર, પહાડો અને બીજાં તેવાં જ ભય આપનાર સ્થાનોમાંથી વિપત્તિઓને ઓળંગી મનુષ્યો વિવિધ સંપત્તિ મેળવે છે. વીરભદ્રની આવી સ્થિતિ વિષે, તેનો પૂર્વજન્મ અને તેમાં કરેલ સુકૃતને જાણવાની ઇચ્છાથી સાધ્વીઓ તથા તેની પત્નીઓ ભગવાન અરનાથ તીર્થંકરની પાસે આવ્યાં. વંદના કરી સુવ્રતા સાધ્વીએ પ્રભુને પ્રાર્થના કરી કે–કૃપાળુ દેવ ! વીરભદ્રે પૂર્વ જન્મમાં શું સુકૃત કર્યું છે કે જેથી વિવિધ પ્રકારની મનોભિષ્ટ સંપત્તિ પામ્યો ?

પ્રભુએ કહ્યું–ત્રીજા ભવમાં વચ્છવિજય(દેશમાં)માં હું, ધનપતિ નામનો રાજા હતો. ચારિત્ર લીધા પછી વિહાર કરતાં ક્રમે રત્નપુર નગરમાં હું આવ્યો. તે નગરમાં જિનદાસ નામનો શ્રાવક રહેતો હતો. ચોમાસીને પારણે ધનપતિ સાધુને પોતાના ઘર તરફ આવતા જાણી હર્ષથી શેઠ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સન્મુખ ગયો. ત્રણ પ્રદક્ષિણા કરી, વિશુદ્ધ ભાવે વંદન કરી, નિધાનની માફક તે મુનિને પોતાને ઘેર લઈ આવ્યો. સર્વ પરિવાર સહિત ફરી વંદના કરી તે શ્રાવક વિચાર કરવા લાગ્યો. અહા! હું ધનભાગ્ય છું. મારે ઘેર આજે કલ્પવૃક્ષ ફલ્યો. આજે મારે હાથ ચિંતામણિરત્ન ચડી આવ્યું. નિર્દોષ આહાર, પાણી આદિથી આ મહામુનિને પ્રતિલાભી જન્મ, જીવિતવ્ય અને ધનને હું આજે સફલ કરીશ. પ્રતિલાભવાના વિચારથી આનંદ થયો. દાન આપતાં તેથી વિશેષ આનંદ થયો. આનંદથી શરીર પર રોમાંચ પ્રફુલ્લિત થયાં. દાન આપ્યા પછી તેથી વિશેષ આનંદ થયો અને પોતાને કૃતાર્થ માનવા લાગ્યો.

આ પ્રમાણે દાયક અને ગ્રાહક શુદ્ધિના પ્રભાવથી પાંચ દિવ્ય પ્રગટ થયાં. દેવોએ સુગંધી પાણી, પાંચ વર્ણનાં પુષ્પ, સુવર્ણ અને દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ કરી. આકાશમાં દેવદુંદુભી વાગી. અને અહો દાન! ઇત્યાદિ ઉદ્‌ઘોષણા કરી. વિસ્મય પામી રાજા પ્રમુખ નગરના લોકો ત્યાં એકઠા થયા. જિનદાસની ઘણી પ્રશંસા કરી. પાત્ર અને પરિણામની પ્રબળતાના પ્રમાણમાં જિનદાસ શ્રેષ્ઠીએ દેવલોકનું આયુષ્ય બાંધ્યું—સંસાર પરિમિત કર્યો.

ધનપતિ શ્રમણ પણ વીશ સ્થાનકમાંથી કેટલાંક સ્થાનકોનું આરાધન કરી, તીર્થંકરનામકર્મ બાંધી નવમ ગ્રૈવેયકે મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયો. દેવાયુષ્ય પૂર્ણ કરી અહીં અરનાથ તીર્થંકરપણે હું હાલ વિચરું છું. જિનદાસ શ્રેષ્ઠી ગૃહસ્થધર્મ પાલન કરી, મરણ પામી, બ્રહ્મદેવલોકે મહર્દ્ધિક

P.P. Ac Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી કાંપીલ્યપુરમાં મહર્દ્ધિક શ્રાવકને ઘેર પુત્રપણે જન્મ પામ્યો. ત્યાં પણ ઉત્તમ રીતે ગૃહસ્થ ધર્મ પાલન કરી અચ્યુત દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો. સુપાત્ર દાન સંબંધી પુન્યાનુબંધી પુણ્ય અને વિરતિવાળા ગૃહસ્થધર્મના પાલનથી તે જિનદાસ અહીં વીરભદ્રપણે જન્મ પામ્યો છે.

પોતાના પૂર્વજન્મની શરૂઆતનું વર્ણન અરનાથ તીર્થંકર કરતા હતા એ અવસરે વીરભદ્ર પણ ત્યાં આવી પહોંચ્યો હતો. તીર્થંકરના મુખથી પોતાનો પૂર્વજન્મ સાંભળી વીરભદ્રને ઊહાપોહ કરતાં જાતિસ્મરણજ્ઞાન ત્યાંજ ઉત્પન્ન થયું. ધર્મ ક્રિયાના ઉપકારનું સ્મરણ થતાં તરત જ તેણે ગૃહસ્થધર્મનો આશ્રય કર્યો. અર્થાત્ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. વર્તમાન કાળની યોગ્યતા કે ઉત્સાહાનુસાર ધર્મ–વ્રતાદિ ગ્રહણ કરી, તીર્થંકરદેવના ઉપકારનું સ્મરણ કરતો વીરભદ્ર શહેરમાં આવ્યો. પ્રભુ પણ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

શ્વસુર વર્ગને પૂછી વીરભદ્ર પોતાના માતા, પિતાને મળવાને માટે તૈયારી કરવા લાગ્યો. વિદ્યાના બળથી વિમાન બનાવી, ત્રણે સ્ત્રીઓ સહિત વિમાનમાં બેસી તામ્રલિપ્તિમાં આવ્યો. માતાપિતાને પગે પડી પ્રમોદિત કર્યા. શહેરના લોકોને આનંદ થયો. પૂર્વજન્મ સંચિત પુન્યનો ઉપભોગ કરી છેવટે સંયમ સામ્રાજ્ય અંગીકાર કર્યું. નિરતિચાર ચારિત્ર પાળી વીરભદ્ર સુરલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પામી નિર્વાણપદ પામશે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સાર્થવાહ! તમારી આગળ દાન ધર્મ સંબંધી અધિકાર મેં કહી સંભળાવ્યો. સુદર્શના! તમારે સર્વએ ગૃહસ્થ ધર્મમાં રહો ત્યાં સુધી આ દાન ધર્મનું પ્રયત્નપૂર્વક પાલન કરવું. ધર્મદેશના સાંભળી વખત થઈ જવાથી ગુરુમહારાજના જયની ગંભીર ગર્જના કરી લોકો પોતપોતાને કામે લાગ્યા. ગુરુમહારાજ પોતાના ધ્યાનમાં લીન થયા. સાર્થવાહ, સુદર્શના, શિયળવતી વિગેરે દેવપૂજન આદિ ષટ્કર્મમાં પ્રવૃત્ત થયાં, ભોજનાદિ કરી પરસ્પર ધર્મચર્ચામાં દિવસ પસાર કરી, પ્રાતઃકાળે વહેલાં ઊઠી, આવશ્યક કર્મ કરી, ધર્મશ્રવણ નિમિત્તે સર્વ ગુરુશ્રી પાસે આવી પહોંચ્યા. ગુરુશ્રીને વંદન કરી સર્વ શાંતપણે ગુરુ સન્મુખ દૃષ્ટિ સ્થાપન કરી બેઠા. ઋષભદત્ત સાર્થવાહ સર્વની આગળ બેઠો હતો. ગુરુશ્રીએ કરુણાબુદ્ધિથી ધર્મદેશના શરૂ કરી.

પ્રકરણ ૨૬મું

શિયળ ધર્મ

निच्चकुलनहयलममलं सीलं सारयससिव्व धवलेइ ।
सीलेण य जंति खयं खिप्पं सव्वेवि दुरियगणा ॥ १ ॥

॥ ૨૨૪ ॥

પોતાના કુળરૂપ નિર્મળ આકાશતળને શરદ ઋતુના ચંદ્રની માફક શિયળ, ધવલિત યાને પ્રકાશિત કરે છે. શિયળવડે સર્વે પાપોનો યા દુઃખનો સમૂહ તત્કાળ નાશ પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશથી અને સર્વથી એમ બે પ્રકારે શિયળ હોય છે. જે ગૃહસ્થો સર્વ પ્રકારે બ્રહ્મચર્ય પાળી શકતા નથી, તેઓએ તેની અમુક મર્યાદા કરવી જોઈએ. નિર્મર્યાદાપણે વીર્યશક્તિનો નાશ કરવાથી અમૂલ્ય શક્તિનો નાશ થાય છે. વીર્ય શરીરનો રાજા છે. તેનો ક્ષય થવાથી શારીરિક-શક્તિ, વિચારશક્તિ, સ્મરણશક્તિ વિગેરેનો નાશ થાય છે. શારીરિક તેજ, બળ, કાન્તિ, ઉત્સાહ અને ધૈર્યાદિ ગુણો પ્રબળ વીર્યશક્તિને આભારી છે. આળસ, પ્રમાદ, નિર્બળતા અને વિવિધ પ્રકારના વ્યાધિઓ, તે શિયળ ગુણની હાનિના પરિણામ છે. આસનની સ્થિરતા, મનની એકાગ્રતા અને ધ્યાનનો જમાવ આ સર્વમાં વીર્યશક્તિ પૂર્ણ મદદગાર છે. પ્રબળ શિયળ ગુણથી ભૂત, વ્યંતર, ડાકણ, શાકણ, સર્પ, સિંહ, વાઘ, વરૂ, ઇત્યાદિ ક્ષુદ્ર પ્રાણીઓ ઉપદ્રવ કરી શકતાં નથી પણ ઊલટા દેવાદિ મદદગાર થાય છે.

શિયળ ગુણવાન્ મનુષ્ય, જાતિ, કુળ, બળ, રૂપ, શ્રુત, વિદ્યા, વિજ્ઞાન અને લક્ષ્મીરહિત હોય તથાપિ સર્વત્ર પૂજનિક થાય છે, પણ શિયળથી ભ્રષ્ટ થયેલા મનુષ્યો ઉત્તમ જાતિ આદિ સહિત હોય તથાપિ કોઈ સ્થળે માન પામતા નથી, શિયળથી ઉત્તમ કુળની પ્રાપ્તિ થાય છે પણ કુળથી શિયળ પ્રગટ થતું નથી. તેથી શિવસુખના કારણરૂપ શિયળમાં આદર કરવો જોઈએ.

સંયમમાર્ગનો આશ્રય કરનાર મનુષ્યોએ સર્વ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. તેમ જ ઉત્સર્ગ માર્ગે ગૃહસ્થોએ પણ નિર્મળ શિયળ પાળવું, તેમ ન બની શકે તો પર્વ દિવસોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમ જ મહિનાના અમુક દિવસોમાં દૃઢ શિયળ પાળવું, અને પુરુષોએ પરસ્ત્રીઓનો તેમ જ સ્ત્રીઓએ પરપુરુષનો સર્વથા ત્યાગ કરવો.

આ પ્રમાણે વર્ત્તન કરનાર દૃઢ, પરાક્રમી, લઘુકર્મી અને પવિત્ર શિયળવાળા પુન્યવાન્ જીવો કળાવતીની માફક મહાન્ કીર્ત્તિ અને સદ્ગતિને પામે છે.

કળાવતી

આ ભરતવર્ષના લક્ષ્મીગૃહ સમાન મંગળ દેશમાં શંખની માફક ઉજ્જવળ ગુણવાળા મનુષ્યોના સમુદાયવાળું શંખપુર નામનું નગર હતું. પ્રબળ પ્રતાપી શંખરાજા તે નગરનું પાલન કરતો હતો.

એક દિવસે રાજા સભામાં બેઠો હતો, તે અવસરે ગજશ્રેષ્ઠીનો પુત્ર દત્ત સભામાં આવ્યો. રાજાને નમસ્કાર કરી ઉચિત સ્થાનકે બેઠો.

રાજાએ કહ્યું–દત્ત ! આજે ઘણે દિવસે તું કયાંથી આવ્યો ?

દત્તે કહ્યું–મહારાજા ! હું વ્યાપારાર્થે પરદેશ ગયો હતો.

રાજા–પરદેશમાં ફરતાં કાંઈપણ નવીન આશ્ચર્ય દીઠું ?

દત્ત–મહારાજા ! હું ફરતો ફરતો વિશાલપુરે ગયો હતો ત્યાં મેં એક આશ્ચર્ય દીઠું છે પણ તે વચનથી કહી શકતો નથી. એમ કહી એક ચિત્રપટ્ટ રાજાના હાથમાં આપ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા કેટલીકવાર એકીટશે તે ચિત્ર સામું જોઈ રહ્યો. છેવટે બોલી ઊઠ્યો. દત્ત! શું આ તે કોઈ દેવી છે?

દત્ત–નહિ મહારાજા. તે માનુષી છે.

રાજા—જો માનુષી છે તો આ (કન્યા) કોણ છે? અને તેનું નામ શું છે?

દત્ત–મહારાજા! તે મારી બહેન છે. તેનું નામ કલાવતી છે.

રાજા—તારી બહેન કેવી રીતે થાય?

દત્ત-મહારાજા! તે પ્રબંધ જરા લંબાણથી કહેવાથી સમજાશે.

રાજા–કાંઈ હરકત નહિ વિસ્તારથી જણાવ.

દત્ત–મહારાજા! પરદેશ જતાં રસ્તામાં ચોરના ભયથી, તપાસ કરતો હું સાથની આગળ ચાલતો હતો. રસ્તામાં મરણ પામેલો એક ઘોડો મારા દેખવામાં આવ્યો. તેની પાસે અમરકુમાર સમાન રૂપવાન પણ કંઠગત પ્રાણવાળો એક રાજકુમાર પડેલો હતો. હું તેની નજીકમાં ગયો. તેને પવન નાખ્યો પાણી પાયું અને મોદકાદિ ખવરાવી સ્વસ્થ કર્યો. સારી સ્થિતિમાં આવ્યા પછી મેં તેનું નામ, ઠામ અને આવી અવસ્થા પામવાનું કારણ પૂછ્યું.

તેણે ઉત્તર આપ્યો કે–હું દેવશાળપુરનો રહીશ છું. મારું નામ જયસેનકુમાર છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વિપરીત શિક્ષણવાળા અશ્વે મને આ સ્થિતિમાં લાવી મૂકયેા છે. પરોપકારી! તમે પણ તમારું નામ, ઠામ વિગેરે જણાવેા. મેં કહ્યું હું શંખપુરથી આવું છું. મારું નામ દત્તશ્રેષ્ઠી છે. દેવશાળપુર તરફ મારું ગમન થવાનું છે.

પરસ્પર વૃત્તાંત જણાવી એક સુખાસન પર બેસી અમે બન્ને આગળ જતા હતા તેવામાં સન્મુખ આવતી ચતુરંગ સેના અમારા દેખવામાં આવી તે દેખી સાર્થના લેાકેા ક્ષેાભ પામ્યા. પણ તરત જ તે સૈન્યમાંથી એક બંદીવાન આગળ આવી, જયસેનકુમારને દેખી બેાલી ઊઠ્યેા. મહારાજા વિજયસેન અને રાજકુમાર જયસેનને ઘણી ખમા. જય–જય ઇત્યાદિ શબ્દેા ઉપરથી સન્મુખ આવતા વિજયસેન રાજાને જાણી, મારી સાથે બેઠેલેા કુમાર સુખાસનથી ઊતરી, સન્મુખ જઈ રાજાને ભેટી પડયેા. કુમારને દેખી સૈન્યમાં આનંદ વર્ત્તાઈ રહ્યેા.

જયસેનકુમારે રાજાને જણાવ્યું, પિતાજી! આ દત્ત સાર્થવાહે મને જીવિતદાન આપ્યું છે. મહારાજા! આ ઉપરથી હું સમજી શકયેા કે તે દેવશાળપુરનેા રાજા અને યુવરાજ પિતાપુત્ર હતા.

પુત્ર ઉપરના ઉપકારને લઈ રાજા મારા ઉપર ઘણેા સંતુષ્ટ થયેા. મને પેાતાના પુત્ર તરીકે માની, દેવશાળપુરમાં લઈ ગયેા. તે રાજકુમારે મારું મન એટલું બધું સ્વાધીન કરી લીધું કે તેની સજ્જનતાને લઈને માતા, પિતા કે સ્વદેશ વિગેરે કેટલાક દિવસ પર્યંત યાદ જ ન આવ્યું. અર્થાત્ પરદેશને સ્વદેશતુલ્ય માનવા લાગ્યેા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते केइ मिलंति महीयलंमि लोयणमहूसवा मणुया ।
हियया ओ खणंपि न ओसरति जे टंकघडिया ओ ॥ १ ॥

અહા ! નેત્રને મહોચ્છવ તુલ્ય કેટલાએક પુરુષો પૃથ્વીતળ પર એવા મળી આવે છે કે–ટાંકણાંથી કોરેલા અક્ષરોની માફક એક ક્ષણ ભર પણ હૃદયથી ભૂલાતા નથી. તે રાજાને શ્રીદેવી રાણીથી ઉત્પન્ન થયેલી, ઉત્તમ લક્ષણોવાળી, તેજમાં તિલોત્તમા સરખી, કળાના કલાપમાં પ્રતિષ્ઠા પામેલી, ઉત્તમ ચરિત્રથી મન હરનારી, જયસેનકુમારથી નાની કલાવતી નામની ગુણવાન કુંવરી છે. કુમારીને લાયક પતિ ન મળવાથી તે રાજકુટુંબ ચિંતાથી વ્યગ્ર થયું હતું.

એક દિવસે રાજાએ મને જણાવ્યું: દત્ત ! બહેનને લાયક પતિની તપાસ કર. પૃથ્વીમાં ઘણાં રત્નો પડયાં છે. તેમ તું વ્યાપારાદિ નિમિત્તે પૃથ્વી પર પરિભ્રમણ કરનાર છે. રાજાની આજ્ઞા મુજબ કરવાને મેં હા કહી. કુમારીનું રૂપ ચિત્રપટ્ટ પર આલેખી લીધું અને ત્યાંથી નીકળી કાલે જ હું અહીં આવી પહોંચ્યો છું.

દેવ ! મારા મનમાં એવો નિર્ણય થાય છે કે—આ રત્ન આપને જ યોગ્ય છે. કુળગિરિથી પેદા થયેલી સરિતાઓનું સ્થાન તો રત્નાકર જ (સમુદ્ર) છે. પૂર્ણિમાના ચંદ્રને મૂકી જ્યોત્સ્ના શું બીજા ગ્રહોનો આશ્રય કરે છે ? નહિ જ. પોતાના સ્વામીને મૂકી આવું ઉત્તમ રત્ન બીજાને

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આપવાની કોણ ઇચ્છા કરે ? આ કારણથી આ ચિત્રપટ્ટ પહેલ-વહેલું આપશ્રીને જ બતાવ્યું છે. આ કાર્યમાં હવે આપની આજ્ઞા પ્રમાણ છે.

દત્તનાં વચનો સાંભળતાં રાજાને તે કુમારી પર વિશેષ અનુરાગ થયો. દૃષ્ટિ ચિત્રપટ્ટ ઉપર પણ મન તે કુમારીમાં આસક્ત કરી રાજા બેઠો હતો. તેવામાં કાળ-નિવેદકે જણાવ્યું.

उल्लसीयतेयपसरो सूरो जणमत्थयं कमइ एसो ।
तेयगुणब्भहियाणं किमसज्जं जीवलोगंमि ॥ १ ॥

તેજના પ્રસરથી ઉલ્લાસ પામી, આ સૂર્ય મનુષ્યોના મસ્તકનું આક્રમણ—ઉલ્લંઘન કરે છે. ખરી વાત છે તેજ (પ્રકાશ) ગુણની અધિકતાવાળાઓને આ જીવલોકમાં કાંઈ અસાધ્ય નથી.

મધ્યાહ્નનો વખત થયો જાણી સભા વિસર્જન કરી, રાજાએ દેવપૂજન કરી ભોજન કર્યું. ત્યારબાદ શય્યામાં આળોટતો રાજા તે કન્યાના સંબંધમાં ચિંતા કરવા લાગ્યો.

દત્ત રાજાનો ગૂઢ અભિપ્રાય સમજી તરત જ ત્યાંથી રવાના થઈ દેવશાળપુરમાં વિજયસેન રાજાને જઈ મળ્યો. શંખરાજાની યોગ્યતા અને કળાવતી પરનો અનુરાગ કહી સંભળાવ્યો. રાજકુમારીને લાયક પતિ મળવાથી રાજકુટુંબ આનંદ પામ્યું. રાજાએ તરત જ સૈન્ય તૈયાર કરાવી, જયસેનકુમાર સાથે કળાવતીને શંખરાજા તરફ સ્વયંવરા તરીકે મોકલાવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શંખપુર તરફ અકસ્માત્ મોટું સૈન્ય આવતું જાણી, સંગ્રામ માટે નાના પ્રકારની સામગ્રી તૈયાર થવા લાગી. એ અવસરે દત્ત શ્રેષ્ઠીએ આવી રાજાને વિજ્ઞપ્તિ કરી. મહારાજ! અકાળે આ આરંભ શા માટે? આ તો હર્ષનું સ્થાન છે. આપની હૃદયમાં વસેલી રાજકુમારીની મૂર્તિ તે પ્રગટ સાક્ષાત્રૂપે સન્મુખ આવે છે. વિજયકુમાર તે રત્ન આપને સોંપવા આવે છે.

આ વર્તમાન સાંભળી રાજાના આનંદનો પાર ન રહ્યો. સુવર્ણની જિહ્વા અને શરીર પરનાં તમામ અલંકારો દત્તને આપી રાજાએ કહ્યું: દત્ત! આ દુર્ઘટ કાર્ય તેં કેવી રીતે સુઘટિત કર્યું?

દત્તે જરા હસીને જણાવ્યું–દેવ! આપના પુન્યનો અચિંત્ય મહિમા છે. બીજા મનુષ્યો નિમિત્તમાત્ર છે.

રાજાએ મહોચ્છવપૂર્વક જયકુમારાદિને શહેરમાં પ્રવેશ કરાવ્યો અને શુભ મુહૂર્ત્તે રાજા સાથે કળાવતીનું પાણિગ્રહણ થયું. જયકુમારને સ્નેહથી કેટલાક દિવસ રાખી તેના દેશ તરફ વિદાય કર્યો. શંખ રાજા અનુદ્વિગ્નપણે કલાવતી સાથે સુખ વૈભવ ભોગવવા લાગ્યો. વિચક્ષણ કળાવતીના પ્રેમપાશમાં પડેલો રાજા, તેના સિવાય દુનિયામાં સુખ જ નથી તેમ માનવા લાગ્યો. તેને દેખે ત્યારે જ તે શાંતિ પામતો હતો. કલાવતી સિવાય સભામાં બેસવું તેટલા વખતને તે બંધીખાનું માનતો હતો. રાણીના સિવાય અશ્વાદિ ખેલવાનો વખત વેઠરૂપ માનતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

કલાવતી માટે પોતાના પ્રાણ અર્પણ કરવા પડે તો તે પોતાને ભાગ્યશાળી માનતો હતો. ટૂંકામાં કહીએ તો રાજાને કલાવતી ઉપર એટલો સ્નેહ હતો કે તેના સિવાય તે શરીરથી કાંઈ પણ કાર્ય કરતો હતો અને તેનું મન કલાવતીમાં જ રહેતું હતું. આખું અંતેઉર કલાવતીમય અનુભવાતું હતું અને સ્વપ્નાં પણ કલાવતીનાં આવતાં હતાં.

કળાવતી તનુઅંગી (નાના શરીરવાળી) કહેવાતી હતી તથાપિ તેણીએ રાજાનું વિશાળ હૃદય ઘેરી લીધું હતું કે બીજી રાણીઓને તેના હૃદયમાં જરામાત્ર માર્ગ મળતો નહોતો.

પોતાના પતિનો આટલો બધો સ્નેહ પોતા ઉપર હોવા છતાં કોઈના પર દ્વેષ, ઇર્ષા કે કોઇના અવર્ણવાદ બોલવાનું તે શીખી જ નહોતી. અસત્ય બોલવાનું તે સમજતી જ નહોતી. જરાપણ ગર્વ કરતી નહોતી પણ પતિની ભક્તિ, ઘેર આવ્યાની પ્રતિપત્તિ, ચાકર વર્ગની ઉચિતતા, દુઃખિયાની દયા, અને પતિઅનુયાયિતામાં તે તત્પર રહેતી હતી.

તેનામાં રૂપાદિ અનુપમ ગુણો હોવા છતાં મન, વચન, કાયાથી એવી રીતે દૃઢ શિયળ પાળતી હતી કે દેવોને પણ આશ્ચર્ય ઉત્પન્ન થતું. એક દિવસે તેણી શાંત નિદ્રામાં સૂતી હતી તે અવસરે સ્વપ્નમાં પોતાના ખોળામાં કંચનનો કળશ દેખ્યો. સ્વપ્ન દેખી જાગૃત થઈ સ્વપ્ન રાજાને જણાવ્યું. રાજાએ કહ્યું–ઉત્તમ ગુણવાન્ પુત્રની પ્રાપ્તિ થશે. તે સાંભળીને ઘણો હર્ષ થયો. તે જ દિવસથી રાણીને ગર્ભ રહ્યો. પ્રશસ્ત દોહદો ઉત્પન્ન થવાપૂર્વક ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્ત્રીઓની પહેલી પ્રસૂતિ (સુવાવડ) પિતાને ઘેર થવી જોઈએ, એમ ધારી વિજયસેન રાજાએ કળાવતીને તેડવા નિમિત્તે પ્રધાન પુરુષોને શંખપુર મોકલ્યા. તે પુરુષોની સાથે બાજુબંધ, ઉત્તમ વસ્ત્ર અને આભરણો વિગેરે રાજા-રાણીને લાયક ઉત્તમ ભેટો જયસેનકુમારે મોકલાવી હતી. આ રાજપુરુષોએ શંખપુરમાં આવીને ગજશ્રેષ્ઠીને ઘેર ઉતારો લીધો, અને દત્તને સાથે લઈને, પ્રબળ ઉત્કંઠાથી કળાવતીને મળવા માટે દૈવયોગે પ્રથમ કળાવતીને મહેલે ગયા. રાજપુરુષોએ ઘણા હર્ષથી કળાવતીને નમસ્કાર કર્યા. લાવેલ ભેટો કળાવતીને દેખાડી. ઘણા વખતે પિતૃકુળ તરફથી પ્રવૃત્તિ મળવાથી તેને ઘણો આનંદ થયો. તમને સ્વાગત છે? પિતાજીને કુશળ છે? માતાજી નિરોગી છે? મારો ભાઈ ખુશી મજામાં છે? વિગેરે પ્રશ્નો કળાવતીએ રાજપુરુષોને કર્યા.

તેના ઉત્તરમાં—તમને મળવાને ઉત્કંઠિત થયેલા સર્વને કુશળ છે. વિશેષમાં આ અંગદ-યુગલ જયસેનકુમારને અતિવલ્લભ હતું. પોતાની સ્ત્રી માટે દત્તે માગ્યું હતું પણ કુમારે તેને આપ્યું ન હતું તે શંખરાજાને યોગ્ય જાણી ભેટ મોકલાવ્યું છે.

કળાવતીએ તરત જ લીધાં અને હું જ રાજાને આપીશ. હવે પૂર્ણ માસ થઈ ગયા છે માટે મારાથી નહિં અવાય માતા, પિતા, ભાઈ આદિને મારાં પાયે લાગણાં અને પ્રમાણ કહેજો વિગેરે કહી સન્માન કરી રાજપુરુષોને રાણીએ વિદાય કર્યા.

ભાઈના સ્નેહથી તે અંગદ યુગલ કલાવતીએ ભુજામાં પહેર્યા. તપાસ કરતાં તે ઘણાં

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

જ શોભનીક લાગવા માંડયાં. આ અવસરે રાણીના નિવાસગૃહની નજીક શંખરાજા આવી પહોંચ્યો. હર્ષની ઉત્કર્ષતાવાળાં રાણીના શબ્દો સાંભળી રાજા ત્યાં ઊભો રહ્યો અને ગોખના જાળાંતરમાંથી અંદર જોવા લાગ્યો કે રાણીને આટલા બધા આનંદનું કારણ શું છે?

રાજાની દૃષ્ટિ આ આશ્ચર્યકારી અંગદના ઉપર પડી. રાણીનો સખીઓ સાથે શું વાર્તાલાપ થાય છે તે ગુપ્તપણે સાંભળવા લાગ્યો.

રાણી પોતાના ભાઈ જયકુમારનું નામ લીધા સિવાય દૈવયોગે મોઘમપણે બોલવા લાગી. સખીઓ! આ અંગદ દેખવાથી મારાં નેત્રો અમૃતરસથી સીંચાયાં હોય તેમ આહ્લાદિત થાય છે. વધારે શું કહું? આ દેખવાથી જાણે સાક્ષાત્ તેને દેખ્યો હોય નહિ તેમ મને આનંદ થાય છે. આ અંગદો ગજ શ્રેષ્ઠીના પુત્ર દત્તે માગ્યાં છતાં તેને પણ ન આપ્યાં. તે મારા પ્રાણથી વ્હાલો નિરંતર જીવતો રહો.

સખીઓ બોલી. બાઈ સાહેબ! તમે પણ તેમના સ્નેહના સર્વસ્વતુલ્ય છો એટલે આ અંગદ તમને મોકલાવે તેમાં આશ્ચર્ય શાનું?

આ પ્રમાણે કોઈનું નામ લીધા સિવાય રાણીના મુખથી નીકળેલા શબ્દો સાંભળીને રાજા તત્કાળ કુવિકલ્પરૂપ સર્પથી ડસાયો હોય તેમ ક્રોધરૂપ ઝેરથી વ્યાપ્ત થઈ વિચાર કરવા લાગ્યો. હા! હા! હૃદયને આનંદ આપનાર હું તેણીનો પતિ નથી પણ બીજો કોઈ પુરુષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એને વલ્લભ દેખાય છે, અરે! દુષ્ટ સ્ત્રીએ કપટસ્નેહથી મને વશ કરી લીધો છે. શું આ સ્ત્રીને અહીં જ હમણાં હું મારી નાખું કે–આના યારને મારી નાખું. ઇત્યાદિ ક્રોધની જ્વાળાથી બળતો રાજા ત્યાંથી પાછો ફર્યો.

અવિચારી રાજાએ સૂર્ય અસ્ત થતાં જ ગુપ્તપણે એક ચંડાળ સ્ત્રીને બોલાવી કેટલીક ગુપ્ત ભલામણ કરી તરત જ વિદાય કરી દીધી. થોડો વખત જવા બાદ નિષ્કરુણ નામના સારથીને બોલાવી કહી આપ્યું કે–મારી રાણી કળાવતીને પ્રાતઃકાળે ગુપ્તપણે અહીંથી લઈને અમુક શૂન્ય અરણ્યમાં મૂકી આવવી.

રાજાની આજ્ઞા માન્ય કરી પ્રાતઃકાળ થતાં જ નિષ્કરુણ રાણીના મહેલ નીચે રથ તૈયાર કરી આવી પહોંચ્યો. રાણીને કહ્યું–આપ આ રથ પર તરત આવી બેસો. કુસુમાકર ઉદ્યાનમાં મહારાજા હાથી ઉપર બેસી ક્રીડા કરવા ગયા છે. તેમણે આપને બોલાવવા માટે મને મોકલાવ્યો છે. સરલ હૃદયવાળી રાણી પતિઆજ્ઞાને માન આપી તરત જ એકલી રથમાં આવી બેઠી. સારથીએ પવનની માફક અશ્વોને જોરથી ચલાવ્યા. રસ્તે જતાં રાણીએ પૂછયું. સારથી! રાજા કેટલેક દૂર છે? બાઈસાહેબ! તેઓ હજી આગળ છે. આ પ્રમાણે બોલતો સારથી રાણીને એક અટવીમાં લઈ ગયો. સૂર્યોદય થયો, દિશાઓનાં મુખ વિકસિત થયાં. તેમ તેમ રાજાને ન દેખતાં રાણીનું હૃદય ધડકવા લાગ્યું. અરે નિષ્કરુણ! અહીં ઉદ્યાન પણ નથી, અને રાજા પણ

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નથી, તું મને કયાં લઈ જાય છે? આ તો અરણ્ય છે. શું આ તે મને સ્વપ્ન દેખાય છ! મારી મતિનો મોહ થયો છે! કે હું ઇંદ્રજાળ દેખું છું, તું મને સત્ય ઉત્તર આપ.

વારંવાર પૂછતી અને દીનમુખ થયેલી રાણીને દેખી તે નિષ્કરુણ સારથી પણ સકરુણ થઈ કાંઈપણ ઉત્તર ન આપતાં રથથી નીચો ઉતરી પડયો. હાથ જોડી શોકથી ગદ્‌ગદિત કંઠે સારથીએ રાણીને કહ્યું : મહારાણી! હું પાપી છું. ખરેખર હું નિષ્કરુણ જ છું. વિધિએ મને આવાં નિષ્ઠુર કાર્યમાં યોજેલો છે. સેવાવૃત્તિ દુઃખરૂપ છે. અનિચ્છાએ પણ પાપકાર્યમાં યોજવું પડે છે. સ્વામીના હુકમથી શ્વાનની માફક પિતા સાથે યુદ્ધ કરનાર અને સ્નિગ્ધ ભાઈઓનો પણ નાશ કરનાર સેવાવૃત્તિથી આજીવિકા કરનાર ધિક્કારને પાત્ર છે. દેવી! રાજાની આજ્ઞાથી મારે કહેવું પડે છે કે તમે રથથી નીચા ઉતરો અને આ સાલવૃક્ષની છાયા તળે બેસો. રાજાનો આ આદેશ છે. આ સિવાય હું કાંઈપણ વધારે જાણતો નથી.

આ જિંદગીભરમાં કોઈપણ વખત નહિ સાંભળેલાં વીજળીના તાપથી પણ અધિક દુઃસહ સારથીનાં વચનો સાંભળી રાણી રથથી નીચો ઉતરી. ઊતરતાં જ મૂર્ચ્છા આવવાથી જમીન પર ઢળી પડી. સારથી રથ પાછો ફેરવી શોક કરતો કરતો શહેર તરફ ચાલ્યો ગયો.

ઘણી વખતે પોતાની મેળે મૂર્ચ્છા વળતાં રાણી શુદ્ધિમાં આવી. પોતાના ઉત્તમ કુળગૃહને સંભારતી અને રુદન કરતી રાણી વૃક્ષ નીચે બેઠી હતી તેવામાં રાજાના સંકેતથી હાથમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૃતિકાને નચાવતી, કોપની ઉત્કટતાથી ભયંકર ભ્રકુટીને ધારણ કરતી, પ્રત્યક્ષ રાક્ષસીની માફક ચંડાળણી આવી પહોંચી. અને નિષ્ઠુર શબ્દોથી રાણીને તર્જના કરવા લાગી.

ઓ પાપીષ્ટા! અનિષ્ટ ચેષ્ટા કરનારી રાજલક્ષ્મીનો ઉપભોગ કરનારી, રાજાથી વિરુદ્ધ આચરણ કરતાં તને જરા પણ લજ્જા ન આવી? તારાં દુષ્ટ આચરણોનું ફળ તું ભોગવ. આ પ્રમાણે બોલતી ચંડાળણીએ કૃતિકાથી ભૂજાના મૂળમાંથી રાણીના બન્ને હાથ કાપી લીધા, અને તે લઈને ચંડાળણી ત્યાંથી ચાલી ગઈ.

હા! માત, હા! તાત, વિગેરે શબ્દોથી કલ્પાંત કરતી કળાવતી જમીન પર ઢળી પડી. ઘણીવારે સંજ્ઞા પામી વિલાપ કરવા લાગી.

હે દેવ! તું આમ નિર્દયપણે મારા ઉપર શા માટે કોપ્યો છે? આવો ભયંકર દંડ અકસ્માત મારા ઉપર શા કારણથી? મારા જેવી પાપી બાળાઓ તારા ઘરમાં શું બીજી નથી કે–સ્નેહી હૃદયવાળા મનુષ્યો તરફથી આવો દુઃસહ દંડ? હે આર્ય પુત્ર! તું બુદ્ધિમાન છે છતાં તારું આ અવિચારિત કાર્ય પાછળથી સત્ય જણાતાં તારું કોમળ હૃદય પશ્ચાત્તાપથી બળીને દગ્ધ થશે. હે નાથ! જાણતાં છતાં લેશમાત્ર મેં તારો અપરાધ કર્યો નથી. છદ્મસ્થ મનુષ્યો ભૂલને પાત્ર હોય છે તેથી કદાચ અજાણતાં મારાથી તમારો અપરાધ થયો હશે પણ તેનો આવો અસહ્ય દંડ? કાનની દુર્બળતાથી કોઈએ મારા વિષે તમને કાંઈ જુદું સમજાવ્યું હશે, તથાપિ મારા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શિયળની મલિનતા વિષે તમે સ્વપ્ને પણ સંશય ન કરશો. "સ્ત્રીઓ ક્ષણ રક્ત અને ક્ષણ વિરક્ત હોય છે ત્યારે પુરુષો પ્રતિપન્ન કાર્યનો નિર્વાહ કરનાર છે." હા! હા! આ કહેવત આજે તદ્દન વિપરીતપણે મારા અનુભવમાં આવે છે, ઇત્યાદિ વિલાપ કરતી રાણીને દુઃખની ગરમીથી અકસ્માત શૂળ પેદા થયું. તે સાથે નદીના કિનારા પર આવેલા વૃક્ષના નિકુંજમાં દેવકુમાર જેવા પુત્રનો જન્મ કળાવતીએ આપ્યો. પુત્રનું સુંદર રૂપ દેખી હર્ષના આવેશમાં બાહુની વેદના અને પ્રસૂતિનું દુઃખ થોડા વખત માટે શાંત થયું. ખરી વાત છે. વિપત્તિમાં આવી પડેલાં, શોકથી ગ્રસ્ત થયેલાં અને મરવા પડેલાં મનુષ્યોને પણ પુત્રરૂપ સંજીવની થોડો વખત શાંતિ આપે છે.

પુત્ર સન્મુખ દેખી દીર્ઘ નિઃશ્વાસ મૂકતાં રાણીએ કહ્યું : બેટા! તારો જન્મ કૃતાર્થ થાઓ. તું દીર્ઘ આયુષ્યમાન થા, અને નિરંતર સુખી રહે, હું નિર્ભાગણી આવે અવસરે બીજું વધામણું શું કરું? મારાં આશીર્વચનો એ વધામણું માની લેજે.

આ બાજુ પુત્ર તરફડતો નદીના સન્મુખ લોટવા લાગ્યો. હાથ સિવાય કેટલીક મહેનતે રાણીએ પગથી તેને રોકી રાખ્યો. પુત્રનું રક્ષણ કરવામાં પણ પોતાનું અસમર્થપણું જોઈ રાણીને વિશેષ દુઃખ લાગી આવ્યું. તે વિલાપ કરવા લાગી. હા! હા! નિર્દય કૃતાંત! આટલું દુઃખ આપવાથી પણ શું તું સંતોષ પામ્યો નથી? કે મારા પુત્રને પણ લઈ લેવાની તું ઇચ્છા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરે છે. અરે! હાથ વિના પુત્રનું રક્ષણ હું કેવી રીતે કરું?

પુત્રના બચાવ માટે છેલ્લો પ્રયોગ અજમાવવા માટે રાણી સંભ્રાંત થઈ આવેશમાં બોલી ઊઠી હે નદી કે વનાદિકની અધિષ્ઠાતા દેવીઓ! દીન વદનવાળી, દુઃખિની, અશરણા અને નિર્દોષા આ અબળાના વચનો ઉપર તમે ધ્યાન આપો. જો શિયળવ્રત આ દુનિયામાં સપ્રભાવિક છે અને મેં મન, વચન, શરીરથી ગૃહસ્થ ધર્મને લાયક શિયળવ્રતનું પાલન કર્યું હોય તો દિવ્ય નેત્રવાળી દેવીઓ, મારા પુત્રનું રક્ષણ થાય તેવી જાતની મને મદદ આપો.

આ પ્રમાણે નિર્દોષ રાણીના કરુણાજનક શબ્દો સાંભળી, દયાર્દ્ર સિંધુ દેવીએ તત્કાળ રાણીની બન્ને ભુજાઓ નવી કરી આપી. પોતાની બન્ને ભુજાઓ અખંડ દેખી શિયળનો તાત્કાલિક પ્રભાવ જાણી કલાવતીને ઘણો આનંદ થયો. હાથથી બાળકને લઈને ખોળામાં સુવાર્યો. હવે હું શું કરું? અહીંથી કયાં જઉં? આ પ્રમાણે રાણી વિચાર કરતી હતી તેવામાં એક તાપસ સન્મુખ આવતો તેણે દીઠો. તે તાપસ કરુણાથી રાણીને પુત્રસહિત પોતાના આશ્રમ–તપોવનમાં લઈ આવ્યો અને કુળપતિને રાણી સોંપી. કુળપતિએ પૂછયું : બાઈ તું કોણ છે? કાંઈ પણ ઉત્તર ન આપતાં ગદ્‌ગદિત કંઠે રૂદન કરવા લાગી.

કુળપતિએ કહ્યું : પુત્રી! આ સંસારમાં કોણ નિરંતર સુખી છે? લક્ષ્મી કોની પાસે અખંડિત રહી છે? પ્રેમ કયા મનુષ્યનો સ્થિર રહ્યો છે? કોણ જગતમાં રંગલના પામ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak T

નથી? સર્વ પામ્યા છે, માટે ધીરપણું અવલંબી, અહીં તાપસીઓની સાથે રહી પુત્રનું પાલન કર.

કુળપતિએ ધીરજ આપવાથી તેની આજ્ઞા પ્રમાણે તાપસીઓની સાથે રહી કળાવતી પુત્રનું પાલન કરવા લાગી.

આ તરફ કળાવતીના હાથ કાપીને (કંકણ–અંગદસહિત) ચંડાળણીએ એકાંતમાં જઈ રાજાને સોંપ્યાં. તે અંગદોને બરોબર તપાસતાં તેના ઉપર જયસેનકુમારનું નામ દેખવામાં આવ્યું. તે જોતાં જ રાજા વિચારમાં પડયો હા! હા! રભસ વૃત્તિથી મેં મોટું અકાર્ય કર્યું મેં કાંઈ પ્રત્યક્ષ જોયું નહિ. સાંભળ્યું નહિ અને સારી રીતે પૂછ્યું પણ નહિ. હા! હા! કેવળ કુવિકલ્પની કલ્પનાથી રાણીને ફોગટ વિડંબના કરી રાજાએ તત્કાળ ગજશ્રેષ્ઠીને બોલાવીને પૂછ્યું કે દેવશાળપુરથી હમણાં કોઈ આવ્યું છે? શ્રેષ્ઠીએ જવાબ આપ્યો. રાણી કલાવતીને તેડવા માટે કાલે જ પ્રધાન પુરુષો આવ્યા હતા. અવસર ન હોવાથી તેઓ આપને મળી શકયા નથી. રાજાએ તે પુરુષોને તરત બોલાવ્યા અને પૂછ્યું કે આ અંગદ યુગલ તમે લાવ્યા છો? તેઓએ, "કાલે આ સર્વ કલાવતી રાણીને અમે આપી આવ્યા છીએ." વિગેરે હકીકત જણાવી.

આ વર્તમાન સાંભળતાં જ અસંખ્ય દુઃખથી પીડાયેલો રાજા આંખો બંધ કરી, પૃથ્વી ઉપર મૂર્ચ્છા ખાઈ પડી ગયો. રાજાને જમીન પર પડયો જાણી ત્યાં હાહારવ ઊછળી રહ્યો. ઉપચારથી રાજાને સાવધાન કરતાં ઘણા લાંબા વખતે તે શુદ્ધિમાં આવ્યો. ખેદ પામતો રાજા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિઃશ્વાસ મૂકી બોલવા લાગ્યો. હા! હા! કેટલી બધી મારી અકૃતજ્ઞતા? મારું અવિચારી કર્તવ્ય? અહો કર્મચંડાળતા? ધી! ધી! મારી મંદભાગ્યતા? આવા ઉત્તમ સ્ત્રીરત્નને હું તદ્દન અયોગ્ય જ છું.

આ પ્રમાણે રાજાને બોલતો દેખી, પાસે રહેલા મનુષ્યોએ પૂછયું. આપ આ શું બોલો છો?

રાજાએ કહ્યું : મારા દુશ્ચરિત્રરૂપ ચોરથી આજે હું લૂંટાયો છું. વિજયસેન રાજાની વાત્સલ્યતાની અવગણના કરી, જયસેનકુમારની મિત્રાઈનો નાશ કર્યો. કલાવતીના પવિત્ર પ્રેમને ઓળખી શકયો નહિ. કુળના કલંકની પરવા ન કરતાં અસંભવનીય દોષની સંભાવના કરી અજ્ઞાન અંધતાથી મારા ઉદયનો મેં વિચાર ન કર્યો. આસન્ન પ્રસવવાળી રાણીના ઉપર મેં એવું દુરાચરણ કર્યું છે કે તેવું હું ચિંતવી પણ ન શકું તો કેવી રીતે બોલી શકું? અપવિત્રતાના ઉકરડા સમાન મારું મુખ દેખાડવાને પણ હું અસમર્થ છું.

પ્રધાન! મારે માટે શહેરની બહાર ચિતા રચાવો તેમાં પ્રવેશ કરી હું દુરાત્મા, મારા પાપી પ્રાણને ભસ્મીભૂત કરું.

અકસ્માત્ રાજાના મુખથી નીકળતા આ વચનો સાંભળી પરિજનો આ શું થયું? રાજા શું કહે છે. તે સંબંધમાં શૂન્ય મનવાળા થઈ પોક મૂકી પ્રધાન રડવા લાગ્યા.

થોડા જ વખતમાં રાણીના અમંગળની વાત નગરમાં ફેલાણી, ખરેખર રભસવૃત્તિથી–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉતાવળથી કરેલા કાર્યનું દુઃખમય પરિણામ હૃદયમાં શલ્ય તુલ્ય સાલે છે. આ જ કારણથી વિચારપૂર્વક કાર્ય કરવા માટે મહાન્ પુરુષો વારંવાર બોધ આપે છે.

લોકો રાજાને ફીટકાર કરવા લાગ્યા. સ્વજન લોકો તેણીના ગુણ સંભારી રડવા લાગ્યા. રાણી ઉપરના આ જુલમથી આખા શહેરમાં હાહાકાર વર્ત્તાઈ રહ્યો. રાણીના વિયોગી મનુષ્યોના આક્રંદના શબ્દો, નિષ્ઠુર હૃદયના મનુષ્યને પણ રડાવે તેવા હતા. આથી રાજાને વિશેષ ઉદ્વેગ થયો.

રાજા—મંત્રી! શા માટે તમે વાર કરો છો? મારા હૃદયમાં થતી વેદનાથી તમે અજાણ્યા છો, આ કઠોર હૃદય ફૂટતું નથી તેથી તમે મને નિષ્ઠુર ન સમજશો, મારે માટે ચિતા તૈયાર કરાવો.

રાજાના આ શબ્દો સાંભળી—મંત્રી, સ્વજન અને પ્રજાવર્ગ રૂદન કરતાં રાજાને કહેવા લાગ્યા. દેવ! દાઝયા ઉપર વળી આ ફોલ્લો શા માટે પાડો છો? વગર વિચારથી કરાયેલ કાર્યનું વિપરીત પરિણામ તો અનુભવીએ છીએ. તેટલામાં ફરી પાછું તમે આ શું કરવા ધારો છો? ભયભીત અને કાયર મનુષ્યો ધૈર્યવાનને શરણે જાય છે જ્યારે તેવા ધીર પુરુષો ધૈર્ય મૂકી દેશે તો, તેવા મનુષ્યોને કોનું શરણ? કુળનો છેદ કરી શત્રુઓના મનોરથોનું શરણ નહિ કરો. પ્રજાની પાયમાલી થશે, માટે હે રાજન્! સાવધાન થઈ પ્રજાનું પાલન કરો.

પ્રેમ અને વિનયપૂર્વક ગુણદોષના વિચારવાળાં અનેક વાકયોથી સમજાવ્યા છતાં રાજાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાની હઠ ન મૂકી. લોકોની અવગણના કરી રાજા મરવા માટે શહેર બહાર આવ્યો.

સૂર્ય તેટલો તાપ આપતો નથી. અગ્નિ તેવી રીતે બાળીને ભસ્મ કરતો નથી અને વીજળીનો નિર્ઘાત તેટલો દુઃખરૂપ થતો નથી કે, જેટલું અવિચારી કાર્ય દુઃખરૂપ થાય છે.

રાજાની પાછળ અંતેઉરની રાણીઓ, સામંતો અને નગર લોકો ચાલ્યા. રાજાના આ અવિચારી કાર્યથી સેવકો દુઃખી થઈ રહ્યા છે. ધર્મી મનુષ્યો વૈરાગ્ય પામે છે, મુગ્ધ તરુણીઓ નેત્રોમાંથી અશ્રુ રેડે છે. ગીત, વાજંત્રો બંધ કરી, ધ્વજા, છત્ર, ચામરાદિ રાજચિહ્નનો ત્યાગ કરી શહેર બહાર નંદનવન નજીક રાજા આવી પહોંચ્યો.

રાજાને મરણથી પાછો હઠાવવા એક પણ ઉપાય ન રહ્યો. જાણી ગજશ્રેષ્ઠીએ વિચાર કર્યો કે, **अशुभस्य कालहरणं** અશુભ કાર્ય કરવામાં કાળથી વિલંબ કરવો તે શ્રેયકારી છે, એમ ધારી રાજાને વિનંતી કરી કે મહારાજા! મરણ પહેલાં મનુષ્યોએ પરલોક માટે કાંઈ પણ સંબળ (ભાતુ) સાથે લેવું જોઈએ, માટે આ ઉદ્યાનમાં દેવાધિદેવ જિનેશ્વર ભગવાનનું મંદિર છે ત્યાં જઈ આપ નમસ્કાર કરો તેમજ આ વનમાં અમીતતેજ નામના જ્ઞાની ગુરુ છે, તેમના ઉપદેશામૃતનું પાન કરી આત્માને તૃપ્ત કરો; તેથી આપનો પરલોક સુખમય થશે. રાજાને તે વાત યોગ્ય લાગી. તરત જ તે તરફ વળ્યો. જિનમંદિરમાં ભાવપૂર્વક જિનેશ્વર દેવની પૂજા, સ્તવના કરી. ત્યારપછી ત્યાં નજીકમાં રહેલા ગુરુ પાસે જઈ નમસ્કાર કરી, લજ્જાથી મુખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીચું રાખી, હાથ જોડી ગુરુસન્મુખ જઈ બેઠો, જ્ઞાનબળથી રાજાની સ્થિતિનો નિર્ણય કરી, ગુરુએ ઉપદેશ આપવો શરૂ કર્યો.

રાજન્ ! જન્મ, જરા, મરણાદિ ખારા પાણીથી ભરપૂર અને ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગાદિ વડવાનળથી બળી રહેલો, આ દારૂણ સંસારસમુદ્ર દુઃખે પાર પામી શકાય તેવો છે. નારક, તિર્યંચ, નર, અમર આદિ ગતિઓમાં નાનાં પ્રકારનાં તીવ્ર દુઃખ રહેલાં છે, તે દુઃખ આ જીવ અનેક વાર પામ્યો છે. આ અનંત દુઃખના હેતુભૂત ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર ભયંકર વિષધરો છે અજ્ઞાનતાથી આ વિષધરો જીવોના હૃદયને ડસે છે. તેના ડસવાથી આ જીવ કાર્ય અકાર્ય, યુક્ત અયુક્ત, હિત અહિત ઇત્યાદિમાં મૂઢ થઈ સાર અસારનો કાંઈપણ વિચાર કરી શકતો નથી વધારે શું કહેવું ? કષાયથી પરાધીન થઈ બુદ્ધિમાન પણ એવાં અકાર્ય કરે છે કે–આ જન્મમાં કે પરજન્મમાં તેને મહાન્ દુઃખનો અનુભવ કરવો પડે છે.

હે રાજન્ ! તમે પણ કષાયને પરાધીન થઈ એક અનર્થ કર્યો છે, છતાં વળી આ પાપપર બીજો અનર્થ અજ્ઞાનતાને આધીન થઈ શા માટે આદર્યો છે ? પાપથી દુઃખ થાય છે. તે પાપ પ્રાણનો ઘાત કરવાથી થાય છે. પરના પ્રાણનો ઘાત કરવાથી પણ પોતાના પ્રાણનો ઘાત કરવો તે અધિકતર પાપ છે. આપઘાત કરવાનો આ તમારો અધ્યવસાય મહાન્ દુઃખના કારણરૂપ થશે. હે નરપતિ ! સારી રીતે વિચાર કર અને સર્વ ઠેકાણે મોહ ન પામ. પાપથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન થયેલા દુઃખનું નિવારણ [1]ધર્મથી ઉત્પન્ન થયેલું પુન્ય છે. જો તું દુઃખથી ત્રાસ પામ્યો હોય તો જિનેશ્વર ભગવાનની આજ્ઞા મુજબ ધર્મનો આદર કર.

હે રાજન્ ! વળી હું મારા જ્ઞાનથી જાણીને તને કહું છું કે–ધર્મમાં પરાયણ થતાં નવીન ભુજાવાળી રાણી કળાવતીનો તને થોડા જ દિવસમાં મેળાપ થશે. વળી આ દુનિયામાં અધિક મહોદય પામી ઘણા વખત પર્યંત રાજ્યનું પાલન કરી, અંતમાં તું નિર્દોષ ચારિત્રધર્મ પામીશ, માટે મરવાનો દુરાગ્રહ મૂકી દઈ એક જ દિવસ મનને સ્થિર કરી ધર્મમાં નિશ્ચળ થા. તેથી તને મારા કહેવાની કાંઈ પણ પ્રતીતિ થાય તો પછી તને જેમ યોગ્ય લાગે તેમ આગળ ઉપર કરજે.

ગુરુના શીતળ અને મધુર વચનોથી રાજાનું અંતઃકરણ વાસિત થયું. મોહ તથા અજ્ઞાનનું આવરણ કાંઈક ભેદાયું, ગુરુના વચન પર વિશ્વાસ રાખી, તત્કાળ મરવાનું બંધ રાખ્યું. ગુરુના વચનામૃતોનું સ્મરણ કરતો રાજા શહેરની બહાર જ રહ્યો, પ્રાતઃકાળે રાજાએ સ્વપ્ન દીઠું કે ફળ આપવાને તૈયાર થએલી કલ્પવૃક્ષની એક શાખા મેં સહસા કાપી નાખવાથી નીચો પડી. તે જ શાખા ફલિત થવાથી વિશેષ શોભા ધારણ કરતી પાછી તે કલ્પવૃક્ષ સાથે જોડાઈ ગઈ.

---

૧. વ્યવહારિક ધર્મ શબ્દ અહીં વાપરવામાં આવ્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે સ્વપ્ન દેખી પ્રાતઃકાળે શંખરાજા જાગૃત થયો. સ્વપ્નદર્શનથી હર્ષિત થયેલો રાજા વિચાર કરવા લાગ્યો કે ગુરુશ્રીએ કહ્યું હતું કે—પ્રિયાનો લાભ થશે, તે વચનોની સાથે આ સ્વપ્નનો ભાવાર્થ તદ્દન મળતો આવે છે. સ્વપ્નનો અર્થ તદ્દન ખુલ્લો છે, નિશ્ચે પુત્રસહિત રાણીનો સમાગમ મને થવો જ જોઈએ. રાજાએ તરત દત્તને બોલાવી કહ્યું:—દત્ત! જે વનમાં રાણીને સારથી મૂકી આવ્યો છે તે વનમાં જઈને તું રાણીની તપાસ કર.

રાજાના વચનથી દત્ત તરત જ તે વનમાં ગયો. એક તાપસને રાણીનો વૃત્તાંત પૂછતાં તેણે સર્વ સમાચાર આપ્યા કે–દત્ત સીધો જ તાપસના આશ્રમે જઈ કુળપતિને મળ્યો. ત્યાંથી કુળપતિને સાથે લઈ તાપસણીઓના આશ્રમમાં તે ગયો. ત્યાં પ્રદ્યુમ્ન સહિત લક્ષ્મીની માફક પુત્ર સહિત રાણીને દીઠી.

દત્તને જોતાં જ સહસા રાણીનો કંઠ રુંધાઈ ગયો, ઘણી મહેનતે કંઠને મોકળો મૂકી રાણીએ ઘણા વખત પર્યંત રુદન કર્યું. ખરી વાત છે કે સંબંધી સ્નેહી માણસને દેખી દુઃખી જીવોનું હૃદય વિશેષ દુઃખથી ઊભરાઈ આવે છે. દત્તે રાણીને ધીરજ આપી શાંત કરી. રાણીએ રુદન કરી તથા પોતાનું દુઃખ કહી બતાવી હૃદય ખાલી કર્યું.

રાણીના દુઃખનો વિચાર કરતાં દત્તનું હૃદય ભરાઈ આવ્યું, પણ ધીરજ રાખી દત્તે કહ્યું : બહેન! હવે વિશેષ દુઃખ નહિ કર, આ કોઈ પૂર્વના પ્રબળ કર્મનું પરિણામ છે તેં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અતિ દારુણ દુઃખ અનુભવ્યું છે, પણ આથી અનંતગણું દુઃખ પોતાની અજ્ઞાનતાથી રાજા અત્યારે અનુભવે છે. તે ગુરુશ્રીના વચનથી તમારી મળવાની આશાએ જ જીવતો રહ્યો છે. "તમે જીવતાં છો" આ સમાચાર જો રાજાને આજે નહિં મળે તો, તે અગ્નિમાં પ્રવેશ કરી નક્કી મરણ પામશે, માટે બહેન! વિચાર નહિ કર. તૈયાર થા કાળક્ષેપ કરવાનો વખત નથી. રાજાને તેના કર્તવ્યનો બદલો મળી ચૂકયો છે. આ રથ ઉપર આરૂઢ થા. અત્યારે આ જ કર્તવ્ય શ્રેયસ્કર છે.

રાજા મરવાને માટે તૈયાર થયો છે. આ શબ્દો સાંભળતાં જ કળાવતી તેને મળવાને માટે તૈયાર થઈ. કુળાંગનાઓનો આ જ ધર્મ છે કે પ્રતિકૂળ પતિનું પણ હિત જ કરવું. કુળપતિને નમસ્કાર કરીને કળાવતી રથમાં આવી બેઠી. થોડા જ વખતમાં રથ નગરની બહાર રહેલા રાજાના આવાસ પાસે આવી પહોંચ્યો. સંપૂર્ણ શરીરવાળી પોતાની વલ્લભાને દેખી રાજાને ઘણો હર્ષ થયો, તથાપિ લજ્જાથી તે એટલો બધો નમ્ર થઈ ગયો કે વિશેષ વખત રાણીના સન્મુખ તે જોઈ ન શકયો. તે વખતે તારા-મેળાપ કરી રાણીને પટાવાસમાં (તંબુમાં) મોકલવામાં આવી. આખા શહેરમાં રાણી આવ્યાની વધામણી ફેલાઈ ગઈ, વાજીંત્રો વાગવાં શરુ થયાં, મનોહર ગંધર્વ અને તુર્યના શબ્દો સાથે રાજાએ સંધ્યાકર્તવ્ય સમાપ્ત કર્યું. સામંત, મંત્રી અને પ્રજાલોક આનંદ અમૃતથી સીંચાયા. યાચકોને દાન અપાયાં. સામંત પ્રમુખને વિસર્જન કરી

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

રાજા રાણીના પટાવાસમાં આવ્યો.

ઘણા કાળે મેળાપ થયો હોય તેમ રાજા રાણીને ભેટી પડયો ધીમા શબ્દે રાજાએ કહ્યું— સુશીલા! મેં તારો અપરાધ કર્યો છે છતાં અજ્ઞાનતાથી કર્યો હોવાથી ક્ષમા કરવા યોગ્ય છે.

કળાવતીએ ઉત્તર આપ્યો: વ્હાલા! આમાં તમારો કાંઈ દોષ નથી. પણ મારા અશુભ કર્મનો જ દોષ છે, જ્ઞાની પુરુષો કહે છે કે–

सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य निमित्तमित्तं परो होइ ॥ १ ॥

સર્વ જીવો, પૂર્વકૃત કર્માનુસાર ફળના વિપાકને (સુખ–દુઃખને) પામે છે, ઉપગારમાં કે અપરાધ કરવામાં બીજા જીવો નિમિત્તમાત્ર થાય છે.

આ પ્રમાણે બને છે તથાપિ હું આપને પૂછું છું કે એવો તે મેં આપનો શું અપરાધ કર્યો હતો કે મને આવો દુઃસહ્ય દંડ આપ્યો.

રાજાએ કહ્યું: દયિતા! જેમ વંજુલ વૃક્ષને ફળ હોતાં નથી, અને વડ તથા ઉમરાને ફૂલ હોતાં નથી, તેવી જ રીતે તારામાં દોષનો લેશ પણ નથી, મારી અજ્ઞાનતાથી જ દોષનો ભાસ થયો, ઇત્યાદિ કહીને પોતે કરેલ કુવિકલ્પો વિષે સર્વ હકીકત જણાવી, રાણીએ પણ

॥ ૨૪૮ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના હાથ કાપ્યા પછીની સર્વ હકીકત જણાવી. તે સાંભળી રાણીના શિયળ વિષે રાજાને મોટું આશ્ચર્ય ઉત્પન્ન થયું.

રાજાએ કહ્યું : દેવી ! મારા આ સાહસ કર્તવ્યથી આ જગત્માં મારો અપયશનો પટહ અને તારા દૃઢ શિયળથી શિયળ ગુણની ઉજ્જવળ યશપતાકા, નિરંતરને માટે આ દુનિયામાં ફરકયા કરશે.

કરુણાસમુદ્ર ગુરુમહારાજના કહેવાથી મને તારા સમાગમની આશા થઈ હતી અને તેથી જ હું મરણ પામ્યો નથી. કેમકે તેમ થવાથી તને વળી બીજું દુઃખ થશે. આ ભયથી જ હું જીવતો રહ્યો છે.

રાણીએ કહ્યું : ધન્ય છે તે નિર્મળ જ્ઞાનને ધારણ કરનાર પૂજ્ય ગુરુવર્યને કે જેણે તમને શુદ્ધ બુદ્ધિ આપી. તે મહાનુભાવ મુનીંદ્ર કયાં છે ? મને બતાવો, તેમના દર્શનથી મારા આત્માને પવિત્ર કરું ઇત્યાદિ પરસ્પર દિલાસો આપતાં અને દિલગીરી જણાવતાં, તે નવીન સ્નેહગ્રંથિથી પુનઃજોડાયેલાં દંપતીને રાત્રિ ક્ષણવારની માફક સમાપ્ત થઈ. સૂર્યોદય થતાં પોતાના ષટ્કર્મથી નિવૃત્ત થઈ તે દંપતી (સ્ત્રી ભરથાર) અમીતતેજ ગુરુ પાસે આવી પહોંચ્યાં. ગુરુવર્યને વંદના કરી ઉચિત સ્થાનકે બેઠાં. ગુરુશ્રીએ પણ અવસર ઉચિત શિયળગુણની શ્રેષ્ઠતાવાળી ગંભીર દેશના આપી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सीलं कुलुन्नइकरं, सीलं जीवस्स भूसणपवरं ।
सीलं परमसोयं, सीलं सयलावया हरणं ॥ १ ॥

કુળની ઉન્નત્તિ કરનાર શિયળ છે, જીવનું ઉત્તમ ભૂષણ શિયળ છે, શિયળ પરમ પવિત્રતા છે. સમગ્ર આપત્તિનું હરણ કરનાર શિયળ છે.

सीलं दुग्गइदलणं, सीलं दोहग्गकंदनिद्दहणं ।
वसवत्तिसुरविमाणं, सीलं चिंतामणिसमाणं ॥ २ ॥

દુર્ગતિનું દલન કરનાર શિયળ છે, દૌર્ભાગ્યના કંદને નિર્દહન કરનાર શિયળ છે. દેવવિમાન તેને સ્વાધીન છે. ટૂંકામાં કહીએ તો શિયળ ચિંતામણીરત્ન સમાન છે.

શિયળના પ્રભાવથી અગ્નિ થંભાય છે. વેતાળ અને વ્યાલનો ભય દૂર થાય છે. સમુદ્ર તરી શકાય છે. પર્વતના શિખરથી પડતી નદી રોકી શકાય છે.

શિયળવાન મનુષ્યોની આજ્ઞા દેવો પણ ઉઠાવે છે અને તેના ગુણોનું ગાન કરે છે. હે રાજન્ ! રાણી કળાવતીને નવીન ભુજા આવવાનો બનાવ પ્રત્યક્ષ બન્યો છે, તે શિયળનો જ પ્રભાવ છે. આ શિયળરૂપ અગ્નિ જો સમ્યક્ત્વ (ધર્મશ્રદ્ધાન) રૂપ પ્રબળ પવનની સહાય ગ્રહણ કરે તો ઘણા થોડા જ વખતમાં કર્મરૂપ ઇંધન (લાકડાં)ને બાળીને ભસ્મ કરે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે ધર્મશ્રદ્ધાન રાગ, દ્વેષરહિત, અરિહંતદેવ, પંચમહાવ્રતધારક નિર્ગ્રંથ ગુરુ અને કરુણાથી ભરપૂર ધર્મ, આ ત્રણ તત્ત્વને અંગીકાર કરવાથી થાય છે. ચિંતામણી, કલ્પવૃક્ષ અને કામધેનુના પ્રભાવને ઓળંગી જનાર આ ધર્મશ્રદ્ધાન સમગ્ર સુકૃતના આધારભૂત છે. ઇત્યાદિ સમયોચિત ધર્મદેશના આપી ગુરુ શાંત થયા.

એ અવસરે હાથ જોડી નમ્રતાથી કળાવતીએ ગુરુરાજને પ્રશ્ન કર્યો કે પ્રભુ ! કયા કર્મના ઉદયથી નિરપરાધી છતાં મારી ભુજાઓ છેદાણી ?

ગુરુમહારાજે કહ્યું–કલ્યાણી ! સાવધાન થઈ તારો પૂર્વજન્મ સાંભળ. પૂર્વે આ ભારતવર્ષમાં અવંતી દેશમાં લક્ષ્મીથી ભરપૂર અવંતી નગરી હતી. તેમાં ચંદ્રની માફક આનંદ આપનાર નરચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. ચંદ્રકળાની માફક ઉજ્જવળ શિયળ ગુણરૂપ કળાને ધારણ કરનાર ચંદ્રયશા નામની તેને રાણી હતી.

તે રાજાની પાસે પુત્રથી પણ અધિક વ્હાલો એક રાજશુક (પોપટ) હતો. તેનું વચનસાર નામ રાખ્યું હતું. નામ પ્રમાણે બુદ્ધિમાન અને બોલવામાં તે ચાલાક હતો. મણિ તથા સુવર્ણજડિત પાંજરામાં રાખી. ઉત્તમ ખાનપાનથી રાણી તેનું પાલન કરતી હતી. રાણી તેને ઉત્તમ કાવ્યાદિ સંભળાવાતી હતી. શુક તે કાવ્યાદિ તરત મોઢે બોલી જતો હતો. આથી રાણીનો પ્રેમ તે શુક પર એટલો બધો વધ્યો હતો કે તે સિવાય ઘડીભર પણ રહી શકતી ન હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક વખત શહેરની બહાર દેવરમણ ઉદ્યાનમાં, શિષ્યના પરિવાર સહિત સુવ્રતાચાર્ય નામના આચાર્ય આવી રહ્યા હતાં. તેમને વંદન કરવા નિમિત્તે રાણી સહિત નરચંદ્ર રાજા આવ્યો. ગુરુને વંદન કરી ધર્મ–શ્રવણ નિમિત્તે રાજા ગુરુ સન્મુખ બેઠો.

ગુરુશ્રીએ ધર્મ ઉપદેશ આપવો શરૂ કર્યો. સર્વ સુખનું મૂળ ધર્મ છે દુઃખનું મૂળ કારણ પાપ છે. જો તમે દુઃખથી ત્રાસ પામતા હો અને સુખની ઇચ્છા કરતા હો તો ધર્મ કરો. તે ધર્મનું રહસ્ય એક સારભૂત વાકયમાં જ હું તમને કહું છું કે, **अप्पपडिकुलं कम्मं परेसिं न कयाइ कायव्वं** જે કર્તવ્ય પોતાને પ્રતિકૂળ અનુભવાય, તે કર્તવ્ય બીજાના સંબંધમાં કદાપિ ન કરવું. અર્થાત્ જો તમને દુઃખ વહાલું નથી લાગતું તો, તમે પરને દુઃખ ન આપો. તમારી નિંદા તમને ઠીક લાગતી નથી તો પરની નિંદા તમે નહિ કરો. તમે પરની મદદ ઇચ્છો તો બીજાને તમે મદદ આપો. તમે સુખ ઇચ્છો છો તો બીજાને સુખી કરો. ઇત્યાદિ ટૂંક પણ ગંભીર પરમાર્થવાળો ઉપદેશ શ્રવણ કરી, ચંદ્રયશા રાણી સહિત રાજાએ દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થધર્મ અંગીકાર કર્યો. ગુરુને નમસ્કાર કરી રાજા, રાણી શહેરમાં આવ્યાં અને સમ્યક્ રીતે ધર્મનું પાલન કરવા લાગ્યાં. ગુરુ પણ અન્યત્ર વિહાર કરી ગયા.

રાણી ચંદ્રયશા અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વને દિવસે શુકને સાથે લઈ જિનેશ્વરનાં દર્શન પૂજન કરવા નિમિત્તે મંદિર જતી હતી. ત્યાં વિધિપૂર્વક ચૈત્યવંદન કરી, નવીન નવીન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્તુતિઓ શુક પાસે બોલાવી ભગવાનની સ્તુતિ કરતી હતી. એક દિવસે કાર્યપ્રસંગને લઈ રાણી પ્રભુ દર્શનાર્થે જઈ ન શકી. નિરંતરના અભ્યાસને લઈ શુક પ્રભુદર્શનને માટે ઉત્સુક થયો. કોઈ પ્રયોગથી પાંજરાથી બહાર નીકળી તે એકલો જિનમંદિર આવ્યો. પ્રત્યેક જિનબિંબને વંદના કરી, પરમ ભક્તિથી સ્તવના કરી તે પાછો રાણી પાસે આવ્યો. પોતાની રજા સિવાય શુકને અન્ય સ્થળે ગયો જાણી રાણીને ઘણો ગુસ્સો આવ્યો. પોતાના ધર્મને ભૂલી જઈ, ક્રોધાંધ રાણીએ બીચારા નિરપરાધી પોપટને નાના પ્રકારની તાડના તર્જના કરી, સહસા તેની બન્ને પાંખોને મરડી નાંખી. થોડીવારે ક્રોધનો નશો શાંત થયો, રાણીને ઘણો પશ્ચાત્તાપ થયો, પોતાના અકાર્યની નિંદા કરવા લાગી પણ તેથી બગડી વાત સુધરવાની તો ન હતી જ.

પોતાની પાંખો કપાયાથી શુકરાજને ઘણું દુઃખ થયું. તેના મનોરથો મનમાં જ રહ્યા. તિર્યંચની ગતિ અને તેમાં વળી આવી પરાધીનતા તેને તે ધિક્કારવા લાગ્યો. શાણા શુકે પાંખો કપાયા છતાં શુભ પરિણામને કપાવા ન દીધા, પૂર્વકર્મને દોષ આપી આવા કલિષ્ટ કર્મો કાપવાને સાવધાન થયો. જિનેશ્વર ભગવાનના ધ્યાનમાં જ પાંખોની અસહ્ય વેદનાથી પોપટ મરણ પામ્યો. શુભ અધ્યવસાયવાળો શુક સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

પોતાના અકાર્યનો પશ્ચાત્તાપ કરતી રાણી તે દિવસથી ધર્મક્રિયામાં વિશેષ સાવધાન થઈ શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધધર્મનું આરાધન કરી કાળક્રમે મરણ પામી, રાજા રાણી બન્ને સૌધર્મ દેવલોકમાં

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દેવપણે ઉત્પન્ન થયાં.

નરચંદ્ર રાજાનો જીવ તે દેવલોકથી ચ્યવી અહીં શંખરાજાપણે ઉત્પન્ન થયો, રાણી ચંદ્રયશાનો જીવ તું પોતે કળાવતી છે, અને વયણસાર પોપટનો જીવ આ કળાવતીનો પુત્ર જેનું નામ પૂર્ણકળશ રાખવામાં આવશે તે છે, પુન્યના ઉદયથી તે તમને સુખના કારણરૂપ થયો છે.

કળાવતી! જિનદર્શન ઉપરના (પોપટના નિમિત્તથી ઉત્પન્ન થયેલ) મત્સર ભાવથી અને પોપટની પાંખો કાપતાં પ્રાણાતિપાતવિરમણ વ્રતમાં સ્ખલના પામવાથી આ તમારી ભુજાઓ કપાણી છે. આ અને પાછલા જન્મના નિર્મળ શિયળગુણથી લોકોને આશ્ચર્ય કરનાર કપાએલી ભુજાઓ પાછી નવીન પ્રાપ્ત થઈ છે.

પૂર્વભવને સાંભળી રાજા-રાણી ભવભયથી ઉદ્વિગ્ન થયાં. હાથ જોડી તેમણે ગુરુશ્રીને કહ્યું: પ્રભુ! આ સંસારબંદીખાનાથી અમે વિરક્ત થયાં છીએ એટલે આ ચારિત્રનું શરણ લેવાની અમારી પૂર્ણ ઇચ્છા છે તથાપિ આ બાળકુમાર રાજ્યધુરાને માટે અત્યારે તદ્દન અશક્ત છે એમ ધારી તેટલા વખતને માટે અમને ગૃહસ્થપણાને લાયક ગૃહસ્થ ધર્મ આપો. અવસરે શ્રમણધર્મ સ્વીકારીશું, ગુરુમહારાજે પણ તેમની અત્યારની યોગ્યતા દેખી બન્નેને ગૃહસ્થધર્મ ગ્રહણ કરાવ્યો. ગુરુને નમસ્કાર કરી રાજા-રાણીએ શહેરમાં પ્રવેશ કર્યો.

ધર્મપ્રાપ્તિથી રાજા—રાણીને અને રાજા—રાણીની પ્રાપ્તિથી પ્રજાને અત્યંત આનંદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયેા. મંગલ તૂર્યના ઉદ્દામ શબ્દો દિગંત પર્યંત ફેલાવા લાગ્યા. કવિ કહે છે આ વાજિંત્રના શબ્દો ન હતા પણ શિયળનાં પ્રબળ માહાત્મ્યનો પડહ વાજતો હતેા. રાણીના શિયળ ગુણની પ્રશંસા કરતાં લેાકેાનાં ટોળાં રસ્તા પર ઊભાં હતાં. લેાકેાને આનંદ ઉત્પન્ન કરતા રાજા–રાણીએ મહેલમાં પ્રવેશ કર્યો. રાજાએ આખા શહેરમાં વધામણું કરાવ્યું. ધ્વજા, પતાકાથી શહેર શણગારાયું. બંદીવાનો છોડી મૂકયા. ગરીબ અપંગ મનુષ્યોને દાન આપ્યું. રાજા મરણથી નિવૃત્ત થયેા. રાણી મળી આવી. પાટવી કુમારનો જન્મ થયો. આવા એકીસાથે ત્રણે આનંદથી શહેરની તવારીખમાં તે દિવસ સોનેરી અક્ષરોથી લખાયો. બારમે દિવસે કુમારનું પૂર્ણકલશ નામ આપ્યું. ગિરિકંદરામાં ઉત્પન્ન થયેલા ચંપકની માફક નિરુપદ્રવપણે રાજકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો.

આ બાજુ નીતિપૂર્વક રાજ્યનું પાલન કરતાં કેટલાંક વર્ષો વ્યતીત થયાં. રાજકુમાર યૌવન વય પામ્યેા.

રાજા–રાણીને પ્રતિબોધ પામવાનો અવસર જાણી અમીતતેજ ગુરુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં દેવશરણ ઉદ્યાનમાં આવી ઉતર્યા.

રાજા–રાણી સપરિવાર વંદન કરવા આવ્યાં. ગુરુશ્રીએ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

રાજન્ ! માનવક્ષેત્ર, આર્યભૂમિ, મનુષ્યજન્મ, નિરોગી શરીર, વિચારશક્તિ, દેવગુરુનો સમાગમ અને ધર્મશ્રદ્ધાન–આ એક એક સામગ્રી ક્રમે ક્રમે દુર્લભ છે. રત્નભૂમિની માફક આ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દુર્લભ સામગ્રી તને મળી ચૂકી છે. રત્નખાણુમાંથી ચિંતામણીરત્નની માફક ચારિત્રરત્ન મેળવવું સુલભ છે, માટે રાજા જાગૃત થા. પ્રમાદ નિદ્રાનો ત્યાગ કર. આયુષ્ય અલ્પ છે. વખત થોડો છે. વિઘ્નો અનેક છે. વિલંબ કરવાનો વખત નથી.

ઇત્યાદિ ગુરુવાક્યોનું શ્રવણ થતાં રાજા જાગૃતિમાં આવ્યો. ચારિત્રાવરણી કર્મોએ માર્ગ આપ્યો. મોહ ઓછો થયો. સંવિગ્ન થઈ રાજા શહેરમાં આવ્યો. પૂર્ણકલશ પુત્રનો રાજ્યાભિષેક કરી અમીતતેજ ગુરુશ્રી પાસે રાજા-રાણી બન્નેએ ચારિત્ર ગ્રહણ કર્યું. નિર્મળ ચારિત્ર પાળી છેવટે શારીરિક તથા માનસિક સંલેખના કરી બન્ને જણ સૌધર્મ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી ઉત્તરોત્તર સુખરૂપ ભવો કરી સંયમ આરાધી બન્ને જણ નિર્વાણ પદ પામ્યાં.

શિયળ ગુણના પ્રભાવવાળું કલાવતીનું ચરિત્ર સાંભળી ઘણા લોકો શિયળ પાળવા માટે તત્પર થયા.

વખત થઈ જવાથી દેશના બંધ થઈ. ઋષભદત્ત, સુદર્શના, શીળવતી વિગેરે પ્રમોદ પામતાં ગુરુશ્રીના ચિરંજીવીપણાનો જયધ્વનિ કરતા, પોતપોતાના ષટ્કર્મમાં લાગ્યાં. ગુરુ પણ પોતાના આત્મકાર્યમાં લીન થયા. નિત્યની માફક દેવ, ગુરુના વંદન, પૂજન, ગુણકીર્તનમાં દિવસ વ્યતીત કરી, સૂર્યોદય પછી પાછાં ધર્મદેશના શ્રવણ નિમિત્તે સર્વે હાજર થયાં.

ગુરુવર્યે પણ ઉપકારવૃત્તિથી ધર્મોપદેશ શરૂ કર્યો. —❀—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૨૮ મું

તપશ્ચરણ

जह लंघणेहिं खिज्जंति रसविकारसम्भवा रोगा ?
तह तिव्वतवेण धुवं कम्माइं सुचिकणाइं पि ॥ १ ॥

જેમ લંધન (લાંધણ) કરવાથી રસવિકારના કારણથી ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે તેમ પ્રબળ તપશ્ચર્યાવડે (તપવડે) અત્યંત ચિકણાં કર્મો પણ નિશ્ચે નાશ પામે છે.

બાહ્ય અને અભ્યંતર એમ તપ બે પ્રકારે થાય છે.

બાહ્યતપ–૧ ઉપવાસાદિ કરવા, ૨ ઓછું ખાવું, ૩ ઘણી થોડી ચીજો ખાવી અથવા ઇચ્છાઓને ઓછી કરવી. ૪ ઘી, દૂધ, દહીં, તેલ, સાકરાદિ રસનો ત્યાગ કરવો. ૫ કાયાને કષ્ટ થાય તેવા ધાર્મિક કામમાં જોડવી. ૬ કષાય, ઇન્દ્રિય, મન, વચન, કાયાનો યોગ અને સ્ત્રી મનુષ્યાદિકનો સંયોગ આ સર્વ ઓછા કરવા. આ બાહ્યતપ કહેવાય છે. આ તપ સામાન્ય મનુષ્યો પણ કરી શકે છે તેમ જ લોકોના દેખવામાં પણ આવે છે માટે તેને બાહ્યતપ કહ્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

અભ્યંતર તપ—૧ પોતાથી કોઈ પાપ થઈ ગયું હોય તેનું ગુરુ આદિ પાસે પ્રાયશ્ચિત્ત લેવું. ૨ ગુણવાનનો વિનય કરવો. ૩ ગુણી મનુષ્યોની વૈયાવચ્ચ-ભક્તિ કરવી. ૪ નવીન જ્ઞાન ભણવું. ભણેલાનું સ્મરણ કરવું. ૫ ધ્યાન કરવું. ૬ કાયોત્સર્ગ કરવો યા શરીરાદિ ઉપરથી મમત્વ ભાવ દૂર કરવો યા રાગ દ્વેષનો ત્યાગ કરવો—આ છ પ્રકારે અભ્યંતર તપ કહેવાય છે.

વૈદ્યો જેમ ઔષધ કે મંત્રવડે ઝેરને દૂર કરે છે-ઉતારે છે. તેમ તીવ્ર રસવાળાં ઝેર સમાન દુષ્ટ કર્મો આ બન્ને પ્રકારની તપશ્ચર્યારૂપ મંત્ર કે ઔષધિથી દૂર થાય છે.

હજારો વર્ષ પર્યંત દુઃખ ભોગવીને નારકીના જીવો જેટલું કર્મ ખપાવે છે તેટલું કર્મ શુભભાવે એક ઉપવાસ કરીને મનુષ્યો ખપાવી શકે છે, અસંખ્ય ભવોનાં એકઠાં થયેલાં કર્મો તપશ્ચર્યા વિના ખપાવી શકાતાં નથી. શું દાવાનળ વિના મહાન્ અટવી બાળી શકાય છે? શાસ્ત્રમાં કહ્યું છે.

सव्वासिं पयडीणं परिणामवसा उवक्कमो भणिओ ॥
पायमनिकाइयाणं तवसा उ निकाइयाणंपि ॥ १ ॥

પરિણામના વશથી સર્વ કર્મપ્રકૃતિઓનો ઉપક્રમ (ફેરફાર યા નાશ) શાસ્ત્રમાં કહ્યો છે, પણ તે પ્રાયે અનિકાચિત પ્રકૃતિ હોય તો જ. ત્યારે તપશ્ચર્યા કરવાથી તો નિકાચિત કર્મપ્રકૃતિઓનો પણ ક્ષય થઈ શકે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાતિ, કુળ, રૂપ, બુદ્ધિ, સ્વજન, અને લક્ષ્મીરહિત છતાં તીવ્ર તપશ્ચર્યા કરનાર (નંદીષેણની માફક) દેવો પણ ભક્તિ બહુમાનથી સેવા કરે છે. ત્રણ જગતના દર્પને ભેદનાર કંદર્પનો પણ તપશ્ચર્યાવડે જ દર્પ દૂર કરી શકાય છે. અશ્વદમન કરનારની માફક ઇન્દ્રિયરૂપી ઘોડાઓ તપશ્ચર્યાથી જ દમી શકાય છે. સૂર્યના પ્રકાશવડે જેમ અંધકાર દૂર થાય છે તેમ તપશ્ચર્યાથી નાના પ્રકારના ઉપદ્રવો દૂર થાય છે. કર્મ ક્ષય કરવા અર્થે પોતે તપશ્ચર્યા કરવી અને તપશ્ચર્યા કરનારની ભક્તિ કરવી.

સંતોષરૂપ મૂળ, ઉપશમ રૂપ મજબૂત થડ, ઇન્દ્રિયજયરૂપ મોટી શાખાઓ, અભયદાનરૂપ પાંદડાઓ, શિયળરૂપ પ્રવાલવાળો, શ્રદ્ધારૂપ જળથી સિંચાયેલો, સુર, નરસુખરૂપ સુગંધી પુષ્પવાળો અને મોક્ષરૂપ ફળવાળો તપરૂપ કલ્પવૃક્ષ સાક્ષાત્ આદર કરનારને હિતકારી થાય છે. કહ્યું છે કે—

दिव्वोसहिरसवायं नहगमणविसापहारकामगवी ॥
चिंतामणिकप्पतरू सिज्जंति तवप्पभावेण ॥ १ ॥

દિવ્ય ઔષધી, સુવર્ણરસ, ધાતુર્વાદ, આકાશગમન, વિષાપહાર કરનાર મંત્રાદિ, કામધેનુ, ચિંતામણી રત્ન અને કલ્પવૃક્ષ ઇત્યાદિ દુર્લભ વસ્તુઓ પણ તપશ્ચર્યાના પ્રભાવથી સિદ્ધ થાય છે—પ્રાપ્ત થાય છે.

॥ ૨૫૯ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્મળ તપના પ્રભાવથી આ જન્મમાં અનેક લબ્ધિઓ સિદ્ધ થાય છે. પરલોકમાં મુક્તિ થાય છે. કીર્ત્તિ ઉભય લોકમાં ફેલાય છે. તપોબળથી અનેક લબ્ધિઓ મેળવનાર, વિષ્ણુકુમાર મહામુનિએ ગુરુના કાર્ય અર્થે લબ્ધિ ફોરવી, તીર્થઉન્નતિ કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે.

વિષ્ણુકુમાર

હસ્તીનાપુરમાં પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. તેને જ્વાલા નામની પરમ શ્રદ્ધાવાળી પટ્ટરાણી હતી. સિંહસ્વપ્નસૂચિત ઉત્તમ લક્ષણવાળો વિષ્ણુકુમાર નામનો તેને પ્રથમ પુત્ર થયો. અનુક્રમે ચૌદ સ્વપ્ન સૂચિત મહાપદ્મ નામના બીજા ચક્રવર્તી કુમારને જન્મ આપ્યો. નાના પ્રકારની કળાઓમાં પ્રવીણ થઈ બન્ને કુમારો યુવાવસ્થા પામ્યા. વિષ્ણુકુમાર સ્વભાવથી જ વિષયોથી પરાઙમુખ અને રાજ્ય ગ્રહણ કરવામાં અનાદરવાળો હતો. આ કારણથી રાજાએ મહાપ્રદ્મકુમારને યુવરાજપદે સ્થાપન કર્યો.

એ અરસામાં અવંતિ નગરીમાં શ્રીવર્મરાજા રાજ્ય કરતો હતો. તેને નમુચો નામનો પ્રધાન હતો.

એક વખત મુનિસુવ્રત તીર્થાધિપતિના શિષ્ય સુવ્રતાચાર્ય નામના આચાર્ય અનેક શિષ્યોના પરિવારે નગરી બહાર ઉદ્યાનમાં આવી ઊતર્યા. તેમને વંદન કરવા નિમિત્તે જતાં અનેક મનુષ્યોને દેખી રાજાએ પ્રધાનને પૂછ્યું : આ સર્વ લોકો કયાં જાય છે? તેણે કહ્યું—રાજન્!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરના ઉદ્યાનમાં કેટલાક શ્રમણો આવી રહ્યા છે. તેમને વંદન કરવા માટે આ સર્વ મૂઢ લોકો જાય છે. રાજાએ કહ્યું એમ કેમ? તેઓ મૂઢ શા માટે? હું પણ તે ગુરુ પાસે ધર્મશ્રવણ નિમિત્તે જઈશ.

પ્રધાને કહ્યું : નહિ મહારાજ! તેઓ શું જાણે છે? કાંઈ નહિ, હું જ આપને અહીં ધર્મ સંભળાવું.

રાજાએ કહ્યું : નહિ, નહિ, તે ગુરુ પાસે જ જઈશું.

મંત્રીએ કહ્યું : આપની જેવી મરજી, ત્યાં જઈને આપ મધ્યસ્થભાવે રહેજો. વાદની અંદર તે સર્વ શ્રમણોનો હું પરાજય કરીશ. આ પ્રમાણે નિશ્ચય કરી રાજાની સાથે પ્રધાન ઉદ્યાનમાં આવ્યો. મંત્રી ઉદ્ધતાઈથી ગુરુશ્રીને ઉદ્દેશીને બોલ્યો. શું આ જ વ્રતધારી છે કે? ગુરુશ્રીએ ગંભીરતાથી કાંઈ પણ ઉત્તર ન આપ્યો.

પ્રધાન–બળદની માફક આ શું જાણે છે? અર્થાત્ કાંઈ નહિ. વગર પ્રયોજને આવા કટાક્ષનાં વચનો બોલતો જાણી આચાર્યશ્રીએ કહ્યું–પ્રધાન! જો તમારી જીભને ખરજ આવતી હોય તો પ્રશ્ન કરો, તેનો ઉત્તર હું આપું છું.

આચાર્યશ્રીનું વચન પૂરું થતાં જ એક ક્ષુલ્લક (નાનો શિષ્ય) વચમાં બોલી ઉઠ્યો અરે ગર્વિષ્ઠ! ગુરુમહારાજ તો તમને પ્રત્યુત્તર આપશે જ પણ મારા જેવા તેમના અનુચરો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ તમારા પ્રશ્નનો ઉત્તર આપવાને સમર્થ છે, માટે તમે પૂર્વપક્ષ ગ્રહણ કરો. તેનો ઉત્તર આપું છું.

પ્રધાન–તમે તિથિ બાહ્ય છો તેમજ અશુચિવાન્ છો, તેથી તમારી સાથે મારા જેવાએ બોલવું પણ યોગ્ય નથી, તો વાદની તો વાત જ શી કરવી?

ક્ષુલ્લક–તમારી માન્યતાવાળા શાસ્ત્રના આધારે જ અમે બ્રાહ્મણ છીએ. તેમજ પવિત્ર છીએ. હું તે જ બતાવી આપું છું. તમે સાવધાન થઈને સાંભળો શાસ્ત્રમાં બ્રાહ્મણનું સ્વરૂપ શું કહ્યું છે?

सत्यं ब्रह्म तपो ब्रह्म ब्रह्म चेन्द्रियनिग्रहः ॥
सर्वभूतदया ब्रह्म एतद्ब्राह्मणलक्षणम् ॥ १ ॥

સત્ય બોલવું તે બ્રહ્મ છે. તપ કરવો તે બ્રહ્મ છે. ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે બ્રહ્મ છે અને સર્વ ભૂત–પ્રાણીઓની દયા કરવી તે બ્રહ્મ છે, આ લક્ષણો જે મનુષ્યોમાં હોય તે બ્રાહ્મણ છે.

આ ચારે લક્ષણો અમારામાં છે માટે અમે જ બ્રાહ્મણ છીએ. (પવિત્રતાનું લક્ષણ તમારા શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે.)

पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणां ॥
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવોની હિંસા ન કરવી. ૧. સત્ય બોલવું. ૨. ચોરી નહિ કરવી. ૩. સર્વ દ્રવ્યાદિનો ત્યાગ કરવો. ૪. અને બ્રહ્મચર્ય પાલન કરવું. ૫.—આ પાંચ સર્વ ધર્મ આચરણ કરવાવાળાઓનાં પવિત્ર છે.

આ પાંચ પવિત્રો અમારામાં હોવાથી અમે નિરંતર પવિત્ર છીએ. (બ્રાહ્મણની જાતિમાં જન્મે તેને જ બ્રાહ્મણ કહેવો તે કાંઈ નિયમ નથી) શાસ્ત્ર શું કહે છે?

ब्रह्मचर्यतपोयुक्ता समलेष्टुकांचनाः ।
सर्वभूतदयावंतो ब्राह्मणाः सर्वजातिषु ॥ १ ॥

બ્રહ્મચર્ય પાળનાર, તપશ્ચરણ કરનાર, પથ્થર અને સુવર્ણમાં સમદૃષ્ટિવાળા અને સર્વ પ્રાણીઓની દયાવાળા મનુષ્યો સર્વ જાતિઓમાં બ્રાહ્મણ છે. અર્થાત્ આ પ્રમાણે વર્તન કરનાર ગમે તે જાતિમાં ઉત્પન્ન થયા હોય પણ તે બ્રાહ્મણ કહેવાય છે.

(બ્રહ્મચર્ય સિવાય બ્રાહ્મણ શાનો?)

ब्रह्मचर्यं भवेन्मूलं सर्वेषां धर्मचारिणां ॥
ब्रह्मचर्यस्य भङ्गेन व्रताः सर्वे निरर्थकाः ॥ १ ॥

ધર્માચરણ કરવાવાળા સર્વ દર્શનકારોનું મૂળ બ્રહ્મચર્ય છે. તે બ્રહ્મચર્ય ભંગ કરનાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મનુષ્યના સર્વ વ્રતો નિરર્થક છે. જેઓ મન, વચન, કાયાવડે પવિત્ર બ્રહ્મચર્ય પાળે છે તે દેવોને પણ પૂજનીક છે. તે જ પવિત્ર અને ઉત્તમ મંગળ સમાન છે સારી રીતે રક્ષણ કરાયેલું બ્રહ્મચર્ય. સર્વ આચારમાં ઉત્તમ આચાર છે. સર્વ વ્રતોમાં ઉત્તમ વ્રત તે જ છે અને સર્વ ધ્યાનમાં ઉત્તમ ધ્યાન તે છે. કહ્યું છે કે :—

शुचिर्भूमिगतं तोयं शुचिर्नारी पतिव्रता ॥
शुचिर्धर्मपरो राजा ब्रह्मचारी सदा शुचिः ॥ १ ॥

જમીન પર પડેલું પાણી પવિત્ર છે. સ્ત્રી પતિવ્રતા હોય તે પવિત્ર કહેવાય છે. ધર્મમાં તત્પર હોય તે રાજા પવિત્ર છે, પણ બ્રહ્મચારી તો નિરંતર પવિત્ર છે. સત્ય બોલવું, તપ કરવો, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો અને સર્વ જીવોની દયા કરવી. આ ચાર પવિત્ર પ્રથમ છે. અને પાણીથી શૌચ કરવું તે તો પાંચમું શૌચ છે. આ ચાર શૌચ વિના પાણીથી સ્નાન કરી પવિત્રતા માનવી તે નિરર્થક છે. કહ્યું છે કેઃ—

॥ ૨૬૪ ॥

नोदकक्लिन्नगात्रोऽपि स्नात इत्यभिधीयते ॥
स स्नातो यो दमस्नातः स बाह्याभ्यंतरः शुचिः ॥ १ ॥

પાણીથી ભીંજાયેલ શરીરવાળાને સ્નાન કરેલો કહી શકાય નહિ, પણ જેણે ઇન્દ્રિયોને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દમી છે, સ્વાધીન કરી છે, તે સ્નાન કરેલો કહી શકાય અને તે જ બાહ્ય તથા અભ્યંતરથી પવિત્ર છે.

ઇત્યાદિ શાસ્ત્ર યુક્ત, યુક્તિપૂર્વક સારભૂત વચનોવડે, અનેક વિદ્વાનોની સન્મુખ. આ ક્ષુલ્લક શિષ્યે પ્રધાનને નિરુત્તર કરી દીધો.

યુક્તાયુક્તનો વિચાર નહિ કરનાર પ્રધાન, નિરુત્તર થતાં રાજા તરફથી ઘણી લજ્જા પામ્યો. તે અવસરે તો પોતાના મુકામ તરફ તે ચાલ્યો ગયો. પણ રાત્રિ પડતાં સાધુઓનો વધ કરવા માટે તે પાછો ઉદ્યાનમાં આવ્યો. શાસનાધિષ્ઠાતૃ દેવીએ તેને ત્યાં જ થંભાવી દીધો. પ્રાતઃકાળ થતાં રાજાપ્રમુખ સર્વ મનુષ્યોએ તેને તેવી હાલતમાં દીઠો. દેવો પણ સત્યને સહાય આપે છે તે દેખી અનેક મનુષ્યો ધર્મનો બોધ પામ્યા. રાજાએ પ્રધાનનું અપમાન કરી રાજ્યમાંથી કાઢી મૂક્યો.

પૃથ્વીતળ પર ભમતાં ભમતાં તે હસ્તિનાપુરમાં આવ્યો. મહાપદ્મકુમારે તેને પ્રધાન તરીકે પોતાની પાસે રાખ્યો.

એક વખત પોતાના રાજ્યની નજીકમાં રહેનાર સિંહબળ નામના કિલ્લાના બળવાળા રાજાએ મહાપદ્મકુમારની દેખરેખવાળા દેશમાં લૂંટફાટ કરી ત્રાસ વર્તાવ્યો. મહાપદ્મકુમારે તેને સ્વાધીન કરવા માટે નમુચી પ્રધાનને આદેશ આપ્યો. નમુચીએ તેનો કિલ્લો તોડી નાખ્યો અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સિંહબળને જીવતો પકડી મહાપદ્મકુમારની આગળ લાવી મૂક્યો. મહાપદ્મકુમારે ખુશી થઈ નમુચીને કાંઈ પણ માંગવા માટે જણાવ્યું. પ્રધાને જણાવ્યું : આ આપનું વચન હાલ આપની પાસે રાખો. મને જરૂર હશે તે અવસરે માંગીશ. કુમારે તેમ કરવાને ખુશી બતાવી.

એક દિવસે જ્વાળાદેવીએ રથયાત્રા નિમિત્તે એક રથ બનાવરાવ્યો, તે દેખી તેની બીજી શોકય રાણી લક્ષ્મીદેવીએ બ્રહ્માના નિમિત્તે એક રથ બનાવરાવ્યો. લક્ષ્મીદેવીએ રાજાને કહ્યું : શહેરની અંદર પહેલો મારો રથ ફરવો જોઈએ.

જ્વાળાદેવીએ જણાવ્યું જો મારો રથ પહેલો ન નીકળે તો મારે ભોજનનો ત્યાગ કરવો. બન્ને રાણીઓમાં આવો વિવાદ થયેલો જાણી રાજાએ મધ્યસ્થપણે રહી, બન્ને રથો શહેરમાં ફરતાં અટકાવ્યા. પોતાની માતાનું અપમાન થયેલું જાણી મહાપદ્મકુમાર રાજાથી રીસાઈ દેશાંતરમાં ચાલ્યો ગયો. દેશાંતરમાં ફરતાં પૂર્વ સુકૃત્યના ઉદયથી અનેક વિદ્યાધરોની રાજકન્યા પરણ્યો. ચૌદ રત્નો પ્રાપ્ત થયાં. અનુક્રમે છ ખંડ પૃથ્વી સ્વાધીન કરી પાછો હસ્તીનાપુરમાં આવ્યો. માતપિતાને ઘણો હર્ષ થયો.

॥ ૨૬૬ ॥

એક દિવસે સુવ્રતાચાર્ય મુનિ ત્યાં આવી સમોવસર્યા. પદ્મોત્તર રાજા પરિવાર સહિત વંદન કરવા ગયો. વંદન કરી ધર્મ શ્રવણ નિમિત્તે આચાર્યશ્રી સન્મુખ બેઠો. ગુરુવર્યે પણ સંસારસુખની ભાવી દુઃખમયતા, અને આત્મિક સુખની સુખમયતા વિષે અસરકારક ઉપદેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપ્યો ઉપદેશ શ્રવણ કરી રાજા શહેરમાં આવ્યો.

વિષ્ણુકુમારને બોલાવી રાજ્ય ગ્રહણ કરવા કહ્યું : ભવવાસથી વિરક્ત થયેલ. વિષ્ણુકુમારે ચારિત્રગ્રહણ કરવાના મનોરથો જણાવ્યા. રાજાએ મહાપદ્મકુમારને રાજ્યાભિષેક કર્યો.

મહાપદ્મ રાજાએ પોતાના પિતા અને જ્યેષ્ઠ બંધુનો મહાન્ આદરથી દીક્ષા–મહોત્સવ કર્યો. સુવ્રતાચાર્ય સમીપે પદ્મોત્તર રાજાએ વિષ્ણુકુમાર સહિત ચારિત્રગ્રહણ કર્યું.

મહાપદ્મ રાજાએ ઘણા મહોત્સવપૂર્વક પોતાની માતા જ્વાળાદેવીનો રથ સંઘ સાથે શહેરમાં ફેરવ્યો અને જૈન શાસનની ઉન્નતિ કરી.

પદ્મોત્તર મુનિશ્રીએ ગુરુ સાથે વિહાર કરતાં સમભાવમાં રહી વિશુદ્ધ આત્મશ્રેણિએ કર્મમળ ખપાવી કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું અને થોડા જ વખતમાં નિર્વાણપદ મેળવ્યું.

વિષ્ણુકુમાર મહામુનિ પણ નિકાચિત કર્મબંધનોને સ્વલ્પ વખતમાં દૂર કરવા માટે શરીર પરથી નિરપેક્ષ બની તીવ્ર તપશ્ચરણ કરવા લાગ્યા. છઠ્ઠ અઠ્ઠમથી લઈ છ માસ પર્યંત તપશ્ચર્યામાં આગળ વધ્યા. કનકાવળી, રત્નાવળી, મુક્તાવળી ઇત્યાદિ વિચિત્ર પ્રકારના તપ કરતાં તેને નાના પ્રકારની લબ્ધિઓ પ્રગટ થઈ. ગરુડની માફક આકાશમાં ગમન, દેવની માફક નાના પ્રકારના રૂપ ધારણ કરવાં, મેરુ પર્વતની માફક શરીરની વૃદ્ધિ કરવી, વજ્રનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ચૂર્ણ કરવું ઇત્યાદિ અનેક લબ્ધિઓ હોવા છતાં; તેનાથી નિરપેક્ષ બની નિરાશંસી થઇ નિરંતર ગુરુની સાથે વિચરે છે.

એક વખત તે આચાર્યશ્રી સુવ્રતાચાર્ય સાધુઓના સમુદાય સહિત હસ્તીનાપુરમાં ચોમાસા નિમિત્તે આવી રહ્યા. તે અવસરે વિષ્ણુકુમારમુનિ ગુરુશ્રીની આજ્ઞા લઈ એકાંતવાસમાં શાંતિથી ધ્યાન કરવા નિમિત્તે આકાશ માર્ગે મેરૂપર્વતની ચૂલા ઉપર ચોમાસું રહ્યા.

સુવ્રતાચાર્યને હસ્તીનાપુરમાં રહેલા જાણી ક્ષુલ્લકે કરેલ અપમાન યાદ કરતાં ગૂઢ મચ્છરી રાજાએ આપેલા વરદાનની માંગણી કરી.

રાજાએ કહ્યું : તને શાની જરૂર છે ? પ્રધાને કહ્યું કેટલાક દિવસ મને રાજ્ય આપો. મારે યજ્ઞ કરવો છે.

પ્રધાનના દુષ્ટ અભિપ્રાયને નહિ જાણનાર રાજાએ વચનથી બંધાયેલ હોવાથી સહસા રાજ્ય આપવાનું કબૂલ કર્યું. રાજા અંતેઉરમાં જઈને બેઠો. અને રાજ્યાસન પર નમુચો આવી રહ્યો. રાજ્યમાં તેની આજ્ઞા વર્તાણી. વધામણાં થયાં. સર્વ દર્શનના ગુરુઓએ રાજાને મીઠાં વચનથી વધાવ્યો. જૈન મુનિઓને નહિ આવ્યા જાણી તેના પૂર્વના ક્રોધાગ્નિમાં આહુતી આપ્યા બરોબર થયું. તે મુનિની વસ્તીના દ્વાર આગળ આવ્યો અને બોલવા લાગ્યો.

અરે જૈન મુનિઓ ! લોકસ્થિતિને જાણતા નથી અને મારી નિંદા કરો છો ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આચાર્યશ્રીએ કહ્યું : અમે અતિથિઓને લોકરીતિ પ્રમાણે વર્ધાપનાદિ કરવાનું યોગ્ય નથી. તેમ અમે કોઇની નિંદા કરતા નથી. તેમાં રાજાદિકની તો કોઇપણ પ્રકારે નિંદા ન કરવી, પણ ઊલટું તેઓનું ભલું ઇચ્છવું, એમ અમારા ધર્માચાર્યનું ફરમાન છે.

ગુરુનું વચન નહિ સાંભળ્યું તેમ કરી, કોપાવેશથી નમુચો બોલી ઊઠયો. મને તમારા ભલા ઇચ્છવાની કાંઈ દરકાર નથી. મારો દેશ મૂકી તમે અહીંથી ચાલ્યા જાઓ. જો સાત દિવસની અંદર કોઈ પણ મુનિને દેખીશ તો હું તેને જીવથી મારી નંખાવીશ. આ પ્રમાણે આદેશ કરી નમુચો ત્યાંથી ચાલ્યો ગયો.

આ વાતની સંઘને ખબર પડવાથી તેમણે નમુચો પાસે જઇ, મુનિઓના આચારાદિ વિષે જણાવી, પોતાનું ફરમાન પાછું ફેરવવા જણાવ્યું. નમુચિએ તેમનો અનાદર કરી રજા આપી.

આચાર્યશ્રીએ ત્યાં ચાતુર્માસ રહેલા સર્વ સાધુ સમુદાયને બોલાવ્યા અને કહ્યું કે– મહામુનિઓ ! જેઓની પાસે કોઈ પણ પ્રકારની લબ્ધિ હોય તે શ્રમણસંઘના રક્ષણને અર્થે અત્યારે ફોરવાની તમને રજા આપવામાં આવે છે. લબ્ધિ ફોરવવાનો અત્યારે અનિચ્છાએ પ્રસંગ આવી પડયો છે.

॥ ૨૬૯ ॥

મુનિઓએ વિચાર કરી જણાવ્યું : પ્રભુ ! છ હજાર વર્ષથી તપશ્ચર્યા કરનાર અનેક લબ્ધિવાન્ મહામુનિ વિષ્ણુકુમાર આ કાર્યને માટે સમર્થ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરુશ્રીએ કહ્યું : હા, ખરી વાત છે. પણ તે તો અત્યારે મેરુપર્વત પર ધ્યાનમાં છે. તેને અહીં કોણ બોલાવશે ?

એક મુનિએ નમ્રતાથી જણાવ્યું : પ્રભુ ! મેરુપર્વત પર જવાનું મારામાં સામર્થ્ય છે પણ પાછા આવવાની શક્તિ મારામાં નથી.

ગુરુએ કહ્યું : વત્સ ! તું જલ્દી ત્યાં જા. વિષ્ણુકુમાર તને અહીં પાછો લાવશે. ગુરુનો આદેશ થતાં જ તે મુનિ આકાશમાર્ગે મેરૂપર્વત પર જઈ પહોંચ્યો. મુનિને આવતાં દેખી, વિષ્ણુકુમાર વિચારવા લાગ્યો કે નિશ્ચે કોઈ મહાન્ વિપત્તિ સંઘ સમુદાય પર આવી પડી છે, નહિતર ચોમાસામાં સાધુ અહીં આવે નહિં.

મુનિએ પણ વિષ્ણુકુમારને નમસ્કાર–વંદન કરી ગુરુ સંબંધી કાર્ય નિવેદિત કર્યું. તે સાંભળતાં જ તે મુનિને સાથે લઈ, એક ક્ષણવારમાં વિષ્ણુકુમાર હસ્તીનાપુરમાં ગુરુ પાસે આવ્યા.

ગુરુએ કહ્યું : વત્સ ! મુનિઓને માથે આ પ્રકારની વિપત્તિ આવી પડી છે. તું પોતે જ્ઞાની છે. આ ઠેકાણે જેમ યોગ્ય લાગે તેમ કરવાની મારી આજ્ઞા છે. તે સાંભળી ગુરુને નમન કરી, કેટલાંક સાધુ સાથે વિષ્ણુકુમાર રાજસભામાં આવ્યા.

વિષ્ણુકુમારને જોતાં જ નમુચો સિવાય સામંત, મંત્રી સર્વ સભાજનોએ ઊભા થઈ નમસ્કાર કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિષ્ણુકુમારે પોતાની મૃદુ વાણીથી નમુચીને ધર્મ સંભળાવ્યો અને છેવટમાં જણાવ્યું કે–રાજન્ ! આ મુનિઓ તમારા શહેરમાં ચાતુર્માસ રહ્યા છે. તેઓને રહેવા માટે રજા આપવી જોઈએ. ચોમાસામાં તેમને વિહાર કરવો કલ્પતો નથી. વળી પૂર્વના ભરત, સગરાદિ અનેક રાજાઓએ મુનિઓનું પૂજન યાને સન્માન કરેલું છે. શ્રમણોનું રક્ષણ કરવાથી તેમના કરેલા તપનો ષષ્ઠાંશ (છઠ્ઠો ભાગ) રાજાને મળે છે. ચોમાસામાં ઝીણા જીવોની ઉત્પત્તિ વિશેષ થવાથી, તેમની વિરાધના થવાના ભયથી તેઓ વિહાર કરતા નથી. વર્ષાકાળ પૂર્ણ થવાથી તેઓ પોતાની મેળે જ અન્ય સ્થળે ચાલ્યા જશે. ઇત્યાદિ મધુર વચનોવડે તે મુનિએ નમુચિને ઘણો સમજાવ્યો પણ મિથ્યાત્વથી આચ્છાદિત બુદ્ધિવાળા તેણે પોતાનો કદાગ્રહ ન જ મૂકયો.

વિશેષમાં તેણે કહ્યું : પાપ, પુન્યમાં તમે સમજો. મને તમારા ષષ્ઠાંશની કાંઈ દરકાર નથી. મારો દેશ મૂકી હમણાં જ ચાલ્યા જાઓ.

વિષ્ણુકુમારે કહ્યું : જો તમારી મરજી હોય તો શહેરની બહાર ઉદ્યાનમાં રહી વર્ષાકાળ સંબંધી અવશેષ દિવસો પૂર્ણ કરે.

લાલ નેત્રો કરી નમુચો બોલ્યો : અરે ! વધારે કહેવા સાંભળવાની હું જરૂર ધારતો નથી. હું તેમની ગંધ પણ સહન નહિ કરું. જીવિતવ્યની ઇચ્છા હોય તો તત્કાળ મારો દેશ મૂકી ચાલ્યા જાઓ. નહિતર ચોરની માફક તમો સર્વને હું મારી નાખીશ.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

નમુચીનાં છેવટનાં વચનો સાંભળી વિષ્ણુકુમાર મુનિનો ક્રોધઅગ્નિ સ્ફુરવા લાગ્યો. અરે ! મને રહેવા માટે તો જગ્યા આપીશને ? નમુચિએ કહ્યું : તને રહેવા માટે ત્રણ પગ રહી શકે તેટલી જગ્યા (રાજાનો ભાઈ હોવાથી) આપું છું. આ ત્રણ પગથી બહાર નીકળ્યો તો તારા પણ પ્રાણ તત્કાળ લેવામાં આવશે.

'ઠીક છે' આ પ્રમાણે કહેતાંની સાથે જ વિષ્ણુકુમારે વૈક્રિયલબ્ધિથી પોતાનું શરીર વધારવા માંડ્યું. પગના આઘાતથી પદ્મની માફક મેદિનીને કંપાવતો, પ્રલયકાળના સમુદ્રની માફક સમુદ્રને ઉછાળતો, પગની પહોળાઇથી સેતુબંધની માફક નદીઓનાં પાણીને પાછાં હઠાવતો, શરીરની ઊંચાઇથી જ્યોતિચક્રને કાંકરાની માફક ફેંકતો, વલ્મીકનાં શિખરો (રાફડા)ની માફક પર્વતના શિખરોને વિદારતો, સુર, અસુરને ભય ઉત્પન્ન કરતો મેરૂ પર્વત સમાન તે વૃદ્ધિ પામ્યો.

નમુચિને પૃથ્વી પર પટકી, બહુ રૂપધારી, ત્રણ ભુવનને પણ ક્ષોભ પમાડતો, પૂર્વ, પશ્ચિમ સમુદ્ર પર પગ મૂકી, તે મુનિ ઊભો રહ્યો.

વિષ્ણુકુમાર મુનિના કોપથી ત્રણ ભુવનને ક્ષોભ થયેલો જાણી, ઇન્દ્ર મહારાજે તેનો કોપ શાંત કરવા કેટલીક અપ્સરાઓને મોકલાવી. તે અપ્સરાઓ વિષ્ણુકુમાર મુનિના કાન આગળ ઊભી રહી શ્રુતજ્ઞાનના રહસ્યવાળું, ગાંધાર સ્વરથી મધુર સ્વરે ગાન કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कोहेण जिया डज्झंति तहय मुज्झंति अप्पकज्जेसु ॥
इहयं परत्थ नरए वच्चंति अणंतदुहभरिए ॥ १ ॥

હે મુનિ ! ક્રોધ કરવાથી જીવો આ જન્મમાં (ક્રોધથી) દગ્ધ થાય છે. તેમજ આત્મ-કાર્યમાં મુંઝાય છે. અન્ય જન્મમાં અનંત દુઃખથી ભરેલા નરકમાં જાય છે.

जं अज्जियं चरितं देसूणाए वि पुव्वकोडीए ॥
तंपि कसायमित्तो हारेइ नरो मुहुत्तेण ॥ १ ॥

કાંઈક ઊણા પૂર્વક્રોડ વર્ષો પર્યંત પ્રયત્ન કરી મનુષ્યોએ જે ચારિત્રરૂપ ધન ઉપાર્જન કર્યું હોય છે તે પણ, કષાય માત્ર કરવાથી એક અંતર્મુહૂર્ત્તમાં હારી જાય છે.

પરિતાપ ઉત્પન્ન કરનાર, સર્વને ઉદ્વેગ આપનાર, વૈરની પરંપરા વધારનાર અને ભવોભવમાં દારૂણ વિપાક આપનાર ક્રોધનો તમે ત્યાગ કરો. હે મહર્ષિ ! જ્ઞાન, ધ્યાનનો સર્વથા વિરોધી ક્રોધનો સર્વથા ત્યાગ કરી ઉપશમિત થા. અમારા પર ક્ષમા કર. મુનિઓ ક્ષમાવાન હોય છે. આ પ્રમાણે ઉપશમ સારવાળાં વચનો બોલતા વિદ્યાધરો, અસુરો અને કિન્નરીઓ વિગેરે તેની આગળ નૃત્ય કરતા ગાન કરવા લાગ્યા. એ વેળાએ ભયથી સંભ્રાંત થયેલો મહાપદ્મરાજા ત્યાં આવ્યો. મસ્તકથી મુનિના પગને સ્પર્શ કરી ખમાવવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે ભગવન્! નમુચી, દુર્મતિ, ક્રૂર અધ્યવસાયવાળો, સંઘનો પ્રતિપક્ષી યાને વિરોધી છે. તેની મને ખબર ન હતી. મેં શ્રી સંઘનો મહાન્ અપરાધ કર્યો છે ક્ષમા કરો. મારા પર પ્રસન્ન થાઓ. હું પણ તમારો સેવક છું. તમારે શરણે આવ્યો છું. હે નાથ! આ સુર અસુરાદિ સહિત ત્રણ ભુવન ભયથી કંપાયમાન થઈ, દીનમુખ બની રહ્યું છે તો આપ કોપનો ઉપશમ કરો, ઉપશમ કરો.

દેવ સંબંધી વચનો સિવાયની આ સર્વની વિજ્ઞપ્તિ તે મુનિનાશરીરની ઊંચાઈ આગળ નિરર્થક જેવી હતી, છતાં પગને સ્પર્શ થતો જાણી તેણે પોતાની દૃષ્ટિ નીચી કરી. પોતાના ચરણ આગળ આકુળ–વ્યાકુળ થતો ઉભેલો સંઘ તેના જોવામાં આવ્યો. સંઘ તથા લોકોને જોતાં જ કરુણાસાગર મહાભાગ વિષ્ણુકુમાર મુનિ ઉપશાંત થઈ, પાછી વળેલી સમુદ્રની ભરતી સમાન સહજ સ્વરૂપે થઈ રહ્યા.

શ્રી સંઘના અનુરોધથી તે પાપી નમુચીને મુનિએ જીવતો મૂકી દીધો. છતાં મહાપદ્મ-રાજાએ તેને દેશપાર કર્યો.

સમુદ્ર પર્યંતની પૃથ્વી ત્રણ પગથી આક્રમણ કરી, તેથી વિષ્ણુકુમાર મુનિનું ત્રિવિક્રમ નામ દુનિયામાં પ્રસિદ્ધિ પામ્યું.

આ પ્રમાણે જિનશાસનની ઉન્નતિ કરી, આલોચો, પ્રતિક્રમી, મહાત્મા વિષ્ણુકુમાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિ ગુરુની સાથે વિહાર કરવા લાગ્યા. તીવ્ર તપશ્ચરણમાં ઉદ્યમ કરી ઘણા વર્ષ શ્રમણપણું પાળી, વિમળ કેવળજ્ઞાન પામી વિષ્ણુકુમાર શાશ્વતસ્થાન (મોક્ષ) પામ્યા.

કિલષ્ટ કર્મ તોડવા માટે ઓછી વધુ સર્વને તપોગુણની જરૂરિયાત છે. ધ્યાનાદિનો સમાવેશ પણ તપોગુણમાં થાય છે, માટે તમારે પણ યથાશક્તિ તપશ્ચરણમાં પ્રયત્ન કરવો. તપોગુણના વર્ણનવાળી ધર્મદેશના આપી વિજયકુમાર મુનિ મૌન રહ્યા. એટલે સભાના લોકોએ યથાશક્તિ તપશ્ચરણ કરવાનો અભિગ્રહ લીધો. વખત ભરાઈ ગયો હોવાથી ગુરુશ્રીના નામનો વિજયઘોષ કરી ગુરુને નમન કરતાં લોકો પોતપોતાના કામમાં લાગી ગયાં.

નિત્યની માફક આનંદમાં રાત્રિ પસાર કરી વિશેષ બોધ લેવાના જિજ્ઞાસુ સભાસદો પાછા પ્રાતઃકાળમાં ગુરુશ્રી સન્મુખ આવી બેઠા. —※—

પ્રકરણ ૨૯ મું

ભાવધર્મ

तक्कविहूणो विज्जो लक्खणहीणोय पंडिओ लोए ।
भावविहूणो धम्मो तिण्णिवि गरुई विडंबणया ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

इक्कोचिय सुहभावो होइ धुवं दाणसीलतवहेऊ ।
जं धम्मो भावविणा कस्सइ कइयावि न हु होइ ॥ २ ॥

તર્ક વિનાનો વૈદ્ય, વ્યાકરણ શાસ્ત્ર ભણ્યા વિનાનો પંડિત અને ભાવ વિનાનો ધર્મ–આ ત્રણે પણ, લોકમાં મહાન્ વિડંબના સમાન છે.

એક શુભભાવ નિશ્ચે દાન, શીયળ અને તપનું કારણ છે કેમ કે ભાવ વિનાનો ધર્મ કોઈને કોઈ પણ વખત હોતો જ નથી. ભાવ સિવાય કેવળ દાન, શિયળ કે તપાદિનું ચિરકાળ પર્યંત સેવન કર્યું હોય તથાપિ તે આવળના પુષ્પની માફક નિરર્થક છે. ભાવ સિવાયનું ઘણા કાળનું પણ ચારિત્ર, અજ્ઞાન તપની માફક અસાર છે. તે જ ભાવ સહિત હોય તો થોડા વખતમાં નિર્વાણપદ આપે છે. ભાવ શબ્દનો સામાન્ય અર્થ વીતરાગ દેવના કહેલ વચનો ઉપર શ્રદ્ધાન રાખવું યા તેને બરોબર સદ્દહવારૂપ સમ્યક્ત્વ–એવો થાય છે, તથાપિ બાર ભાવનાનુસારે વર્તન કરવું એ તેનો વિશેષ અર્થ છે.

પૌદ્ગલિક પદાર્થોની અનિત્યતા, કર્માધીન જીવોની અશરણુતા, સંસારની વિચિત્રતા, સુખ–દુઃખાદિ ભોગવવામાં એકાકીપણું, ચૈતન્યની એક એકથી ભિન્ન સ્વભાવતા, શરીરની અશુચિતા, શુભાશુભ કર્મ આગમનના કારણની વિચારણા, શુભાશુભ કર્મ રોકવાના ઉપાય, પૂર્વ સત્તાગત કર્મ દૂર કરવાનાં કારણની ગવેષણા, દૃશ્યમાન લોકસ્વરૂપની વિચારણા, સમ્યક્

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રદ્ધાન પ્રાપ્તિની દુર્લભતા અને તત્ત્વજ્ઞ ગુરુના સમાગમની વિષમતા, આ બાર ભાવનાઓ પ્રવચનના સારભૂત છે. પાંચ પ્રકારના જ્ઞાનાચારાદિ આચાર પાળનાર મુનિઓમાં આ ભાવનાઓ અવશ્ય હોય છે. ધર્મની આકાંક્ષાવાળા ગૃહસ્થીઓમાં પણ આંતરે આંતરે ક્ષણમાત્ર આ ભાવનાઓ હોય છે. તે ભાવનાના બળથી ગૃહસ્થીઓને પણ સંખ્યાબંધ ભવોમાં સંચય કરેલાં અસંખ્ય કર્મોનો ક્ષય થાય છે, માટે ભવવાસના વિનાશ માટે અવશ્ય આ ભાવનાઓ વિચારવા યોગ્ય છે. કહ્યું છે કે :—

अधणाण कओ दाणं, न तवो सीलं च मंदसत्ताणं ।
साहीणं सव्वेसिं तु भावणा सुद्धहिययाणं ॥ १ ॥

નિર્ધન મનુષ્યો દાન કયાંથી આપે ? મંદ–હીન સત્ત્વવાળા જીવોમાં તપશ્ચર્યા કે શિયળ કયાંથી હોય ? ત્યારે ભાવના તો શુદ્ધ હૃદયવાળા સર્વ જીવોને (વિચારવાની) પોતાને સ્વાધીન છે.

જે સમ્યક્ત્વ મોક્ષનું પરમ કારણ યાને બીજભૂત છે. તે પણ એક ભાવમય છે. સિદ્ધાંતમાં આ વાત પ્રસિદ્ધ છે કે **सुहपरिणामोत्ति समत्तं.** શુભ પરિણામ તે સમ્યક્ત્વ છે.

નરક અને તિર્યંચ, દેવ અને માનવો, સુખી અને દુઃખી, આંધળા અને બહેરાં સામાન્ય રીતે સર્વ જીવોનાં પાપહરણ કરનાર ભાવના ધર્મ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુદર્શના ! તેં પણ પૂર્વના ભવમાં ભાવથી નિયમ પાળતાં, આ જન્મમાં ઉત્તમ કુળાદિથી લઈ ગુર્વાદિકનો સંયોગ અને જાતિ-સ્મરણાદિ આત્મસાધનામાં ઉપયોગી સામગ્રી મેળવી છે. વધારે શું કહેવું ?

भावणा भावियचित्तो सत्तो लंघितु सयलदुक्खाइं ।
धम्मं सुहं च सुगइं च लहइ नरविक्कमनिव्ववु ॥ १ ॥

ભાવનાના તીવ્ર પુટથી વાસિત ચિત્તવાળા જીવો, સમગ્ર દુઃખને ઓળંગી નરવિક્રમ રાજાની માફક ધર્મ તથા સુખ અને સદ્ગતિને પામે છે.

નરવિક્રમ.

આ ભારતવર્ષના કુરુજંગલ દેશમાં, અમરાવતીની માફક શોભાવાળી જયંતિ નામની નગરી હતી. તે નગરીમાં સિંહની માફક અતુલ પરાક્રમી નરસિંહ રાજા રાજ્યશાસન કરતો હતો. તે રાજાને બીજા હૃદય સમાન પ્રેમપાત્ર ચંપકમાલા નામની રાણી હતી. તેની સાથે સંસારવાસનો અનુભવ કરતાં ઘણો કાળ સુખમાં વ્યતીત થયો.

॥ ૨૭૮ ॥

એક દિવસ પાછલી રાત્રીએ રાજા જાગૃત થયો. તે અવસરે કોઈ માગધને આ પ્રમાણે બોલતાં સાંભળ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"નાના પ્રકારના વૈભવોનો અનુભવ કર્યો, વિષયવાસનાઓને તૃપ્ત કરી, પુત્રાદિ સંતતિ ઉત્પન્ન કરી અને શાખા, પ્રશાખારૂપ વંશની વૃદ્ધિ થઈ, છતાં પણ લાયક પુત્રને ગૃહનો ભાર આરોપીને હજી સુધી જેને ધર્મ કરવાની રુચિ થતી નથી તેને નિર્વાણસુખ કયાંથી મળે?"

આ માગધનાં વચનો સાંભળી, રાજા પુત્રરૂપ ચિંતાના સમુદ્રમાં ડૂબવા લાગ્યો. તે વિચારવા લાગ્યો. અહા! જેનો પ્રતિકાર (ઉપાય) ન થઈ શકે તેટલું બધું પ્રબળ અંતરાયકર્મ મને કેવું દુઃખ આપે છે? અનેક રૂપ લાવણ્યતાવાળી મારે રાણીઓ હોવા છતાં એક પણ રાણીથી હજી સુધી પુત્રનો લાભ મને મળ્યો નથી. પુત્ર સિવાય આ રાજ્યરિદ્ધિ કોને આપીને હું મારા આત્મકલ્યાણનો માર્ગ સાધું? ઇત્યાદિ ચિંતામાં પાછલી રાત્રી પૂર્ણ કરી, પ્રાતઃકાળના ષટ્કર્મ કરી રાજા સભામાં આવી બેઠો. અને બુદ્ધિમાન્ પ્રધાનાદિકને બોલાવી પુત્ર ચિંતા સંબંધી પોતાની હકીકત જણાવી. પ્રધાને કહ્યું–મહારાજા શુભાશુભ કર્મના ઉદયથી ઇષ્ટાનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ કે વિયોગ થાય છે તથાપિ મનુષ્યોને ઉદ્યમની પણ જરૂર છે. આકાશમાંથી સ્વાભાવિક પાણી પડે છે. તેમજ જમીન ખોદવાની મહેનત કરવાથી પણ પાણી મેળવી શકાય છે, માટે પુત્ર ઉત્પતિ નિમિત્તે દેવનું આરાધન, ઔષધીથી સ્નાન, મૂળ–જડી–બૂટ્ટી વિગેરેનું ભક્ષણ, અને અમુક વસ્તુનું પાન કરવું ઇત્યાદિ અનેક ઉપાયો છે. તે કામે લગાડતાં કોઈ ઉપાય કોઈ વખત કાર્ય સિદ્ધ કરનાર થઈ પડે છે અને કર્મની વિપરીતતાથી કોઈ વખત પ્રયત્ન નિષ્ફળ પણ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

મહારાજ ! આપ પણ આ ઉપાયો કામે લગાડો–ઉપાય કરતાં કાર્ય સિદ્ધ ન થાય તો પછી મનુષ્યોનો શું દોષ છે ?

મહારાજ ! મેં સાંભળ્યું છે કે કોઈ ઘોરશિવ નામનો યોગી હમણાં કેટલાક દિવસથી આપણા શહેરમાં આવ્યો છે. તેણે પોતાના ચમત્કારિક વિજ્ઞાનથી લોકોને આશ્ચર્યમુગ્ધ કરી દીધા છે. તેમ તે કેટલીક સામર્થ્યતા પણ ધરાવે છે, તો પુત્ર ઉત્પત્તિ નિમિત્તે તેને કાંઈ પૂછવું જોઈએ. બીજા પ્રધાને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

રાજાએ આદરપૂર્વક તે યોગીને સભામાં બોલાવ્યો અને નમ્રતાથી પ્રશ્ન કર્યો કે– સ્વામીજી ! આપ કયાંથી આવો છો ? અને કઈ તરફ જવા ધારો છો ?

યોગી—હું હમણાં શ્રીપર્વતથી આવું છું અને ઉત્તરાપથમાં જલંધર જવા ધારું છું.

રાજા—અમને કાંઈપણ ચમત્કાર બતાવશો ?

યોગીએ તરત જ અગ્નિસ્તંભ કરવા પ્રમુખ કેટલાક પ્રયોગો કરી બતાવ્યા.

રાજા—આ બાલક્રીડા જેવા પ્રયોગથી અમને સંતોષ થઈ શકે તેમ નથી પુત્રપ્રાપ્તિ થઈ શકે તેવો કોઈ ઉપાય હોય તો બતાવો.

યોગી—ઓહો ! તે કામ મને શું ગણતરીમાં છે ? પણ મંત્રસિદ્ધિથી તે કામ થઈ શકે તેમ છે. મંત્રસિદ્ધિ માટે ઉત્તરસાધકની જરૂર અગત્યની છે. તે ઉત્તરસાધક તરીકે તમે થાઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો આ કામ જલ્દીથી સિદ્ધ થાય.

રાજાએ, પ્રબળ પુત્ર-ઇચ્છાથી સહસા તે કામ માથે લીધું.

કાળી ચૌદશની રાત્રીએ તે કાપાલિક યોગી સહિત રાજા ભયંકર સ્મશાનમાં દાખલ થયો. કાપાલિકે એક મંડળ આળેખ્યું. સકલ કરણાદિ વિધાન કરી, સ્થિર આસને બેસી મંત્ર જપવો શરૂ કર્યો.

રાજાને પોતાથી સો હાથ દૂર બેસવા ફરમાવ્યું અને બોલાવ્યા સિવાય પાસે ન આવવા આજ્ઞા કરી. રાજાએ તે પ્રમાણે તરત જ કર્યું પણ ઉત્તરસાધકનું કામ તો પાસે જ જોઈએ છતાં મને આટલો દૂર બેસારવાનું કારણ શું ? એ શંકાથી સો હાથ દૂર ન બેસી રહેતાં રાજા યોગીની પાછળ આવી, યોગી શાનો જપ કરે છે તે સાંભળવા લાગ્યો.

"**हुं फुट् स्वाहा हन्मि नरपतिं**" રાજાને મારું. રાજાનું બલિદાન આપું છું. વિગેરે શબ્દોનો યોગીને જપ કરતો જાણી, રાજાએ વિલંબ ન કરતાં તરત જ હુંકારવ કર્યો કે-અરે દુરાત્મન્ ! તું મને મારવા ધારે છે ? હમણાં જ તું સાવધાન થા. હવે હું તને છોડનાર નથી તે શબ્દો સાંભળતાં જ ક્રૂર ચિત્તવાળો કાપાલિક કોપાનળથી પ્રજ્વલિત થયો. યમની બીજી જિહ્વા સમાન. જમણા હાથમાં ખડ્ગ લઈ રાજાને કહેવા લાગ્યો કે-અરે અધમ રાજા ! તું તારો મનુષ્યજન્મ સાંભળી લેજે. ઇત્યાદિ બોલતાં પ્રચંડ પરાક્રમવાળા બન્ને જણ રૌદ્રપણે યુદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust.

કરવા લાગ્યા. થોડા જ વખતમાં રાજાના પ્રબળ પ્રહારથી જર્જરિત થઈ યોગી જમીન પર પડયો.

એ અવસરે નેઉરના શબ્દોથી ઝણઝણાટ કરતી અને શરીરની પ્રભાથી દિગ્મંડલોને પ્રકાશિત કરતી એક દેવી રાજા પાસે પ્રગટ થઈ કહેવા લાગી. હે નરસિંહ રાજા ! ક્ષત્રિયોના કુળનો ક્ષય કરનાર આ યોગીને–કાપાલિકને તેં માર્યો તે ઘણું સારું જ કર્યું છે, હું તારા પર તુષ્ટમાન થાઉં છું. મારા વરદાનથી તારે ઘેર એક પરાક્રમી પુત્રનો જન્મ થશે, તેની નિશાની તરીકે તારી રાણી ગર્ભ ધારણ કરવાની રાત્રીએ ઉત્તમ ધ્વજનું સ્વપ્ન દેખશે. રાજાએ હાથ જોડી દેવીનું વચન **તથાસ્તુ** તેમ થાઓ, એમ બોલી હર્ષથી તેનું વચન અંગીકાર કર્યું.

રાજાએ ફરી નમ્રતાથી કહ્યું–મહાદેવી ! કાપાલિક ક્ષત્રીયોના વંશનો ઉચ્છેદ કરનાર કેવી રીતે ? તે આપ કૃપા કરી જણાવશો.

દેવીએ કહ્યું : આ કાપાલિક પોતનપુર શહેરનો વીરસેન નામનો રાજા હતો. તેના શત્રુ રાજા રણમલ્લે આને રાજ્યથી પદભ્રષ્ટ કર્યો હતો. રાજ્ય ભ્રષ્ટ થતાં ડગલે ડગલે પરાભવ પામતો તે પૃથ્વીતળ પર ભ્રમણ કરવા લાગ્યો. તે દુઃખથી કંટાળી તે એક વખત ભ્રગુપાત (પહાડ પરથી પડી આપઘાત કરવો તે) કરવા ગયો. ત્યાં રહેલા મહાકાલ નામના યોગાચાર્યે તેને દીઠો મરણથી પાછો હઠાવી તેને આ કાપાલિક વ્રત આપ્યું છે.

પોતાના થયેલ પરાભવનો બદલો લેવા માટે તેણે અનેક વાર ગુરુને વિનંતિ કરી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના મરણ સમયે તેણે ત્રૈલોકયવિજય નામનો મંત્ર આ કાપાલિકને આપ્યો. અને એકસો આઠ રાજાના બલિદાન આપવાથી તે મંત્ર સિદ્ધ થશે વિગેરે વિધિ બતાવી.

આ દુષ્ટ વિદ્યાના ઉપાસક આ કાપાલિકે કલિંગાદિ અનેક દેશના રાજાઓને આવા જ બહાનાઓથી મારી નાંખ્યા છે. ઇત્યાદિ સર્વ વૃત્તાંત રાજાને જણાવી, દેવી અદૃશ્ય થઈ ચાલી ગઈ.

દેવીનું દર્શન, પોતાનો અજબ રીતે બચાવ, કાપાલિકનું મરણ અને પુત્રનું વરદાન ઇત્યાદિ લાભથી હર્ષ પામતો રાજા શહેરમાં આવ્યો. રાજા મહેલમાં આવીને પલંગ પર સૂતો કે તરત જ રાણી ચંપકમાલા રાજા પાસે આવી, નમ્ર વચનોથી બોલવા લાગી. અહો ! સુખીયાં મનુષ્યો શાંતિથી સૂવે છે. રાજાએ કહ્યું : સુંદરી ! આ અવસરે આવવાનું શું પ્રયોજન ? વળી તારું હૃદય અત્યારે વિશેષ હર્ષવાળું જણાય છે, એ મારું કહેવું શું સત્ય છે ?

રાણીએ નમ્રતાથી ઉત્તર આપ્યો : સ્વામીનાથ ! અત્યારે આપની પાસે આવવાનું મારું પ્રયોજન આપ શાંતિથી સાંભળશો, હું શાંતપણે સૂતી હતી તેવામાં મને એક સ્વપ્ન આવ્યું છે. તે સ્વપ્નમાં સરલ, ઊંચો કિંકણીઓના શબ્દોવાળો, સર્વ જીવોને આનંદ આપનાર, મહા-મંગળકારી એક સુંદર ધ્વજ મારા જોવામાં આવ્યો છે. આ સ્વપ્ન આપને કહેવા આવી છું. આનું ફળ મને શું મળશે ?

આ સ્વપ્ન સાંભળતાં જ દેવીનાં વચનોને યાદ કરી, રાજા આનંદસમુદ્રમાં તરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યો, તેના રોમે રોમ વિકસિત થયા. સુંદરી! આ સ્વપ્નના પ્રભાવથી આપણા કુળમાં ધ્વજ સમાન ઉત્તમ પુત્રની પ્રાપ્તિ તમને થશે. તે પુત્ર મોટી પૃથ્વીનો માલિક થશે.

રાજાના મુખથી આવાં ઇષ્ટ વચનો સાંભળી હર્ષિત થઈ રાણીએ શુકનગ્રંથી બાંધી. અને પાછલી રાત્રી રાજાની પાસે જ આનંદમાં ગુજારી.

પ્રાતઃકાળ થતાં જ રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવી સ્વપ્નફળ પૂછયું. તેઓએ પણ તે જ ફળ બતાવ્યું. રાણીને વિશેષ આનંદ થયો. તે જ દિવસથી ગર્ભને ધારણ કરતી રાણી સુખમાં દિવસો પસાર કરવા લાગી. ત્રીજે મહિનો થતાં રાણીને ગર્ભના પ્રભાવથી દોહલા ઉત્પન્ન થયા. દેવનું પૂજન કરું, ગુરુની ભક્તિ કરું, દાન આપું, જીવોને અભયદાન અપાવું, દુઃખી જીવોનો ઉદ્ધાર કરું. ધર્મશાસ્ત્રનું શ્રવણ કરું. ઇત્યાદિ રાજાએ મનોરથથી અધિક સામગ્રી મેળવાવી આપી, સર્વ દોહલા પૂર્ણ કર્યા.

સ્નેહી સ્વજનોના શુભ મનોરથ વચ્ચે રાણીએ પૂર્ણ દિવસે પુત્રનો જન્મ આપ્યો. હર્ષભેર દોડતી દાસીએ રાજાને પુત્રની વધામણી આપી. પુત્રજન્મની વધાઈથી સંતોષ પામેલા રાજાએ દાસીનું દાસીપણું દૂર કરી નાખી ઇચ્છાધિક પારિતોષિક દાન આપ્યું. આખા શહેરમાં વધામણું કરાવ્યું. ઘેર ઘેર આમ્ર અને ચંદનનાં તોરણો બંધાયાં. પૂર્ણ કળશો દ્વાર આગળ મૂકયા. પંચરંગી ધ્વજાઓ ફરકવા લાગી. આરંભના કાર્યો બંધ કરાયાં. કારાગૃહમાંથી બંદીવાનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છોડી દેવામાં આવ્યા. વારાંગનાઓ નાચવા લાગી. સધવા સ્ત્રીઓ મંગલિક ગાવા લાગી. મંગલિકનાં વાજિંત્રો વાગ્યાં. અક્ષતનાં પાત્રો રાજદ્વારમાં જવા લાગ્યા.

ઇત્યાદિ મહાવિભૂતિવાળો રાજના અને પ્રજના હર્ષ વચ્ચે મહોચ્છવ શરૂ થયો. જ્ઞાતિ વર્ગને પ્રીતિભોજન અને ગરીબોને આનંદી ભોજન, વસ્ત્રાદિના સત્કારપૂર્વક યોગ્ય દિવસે કુમારનું નરવિક્રમ નામ આપવામાં આવ્યું.

અનુક્રમે વૃદ્ધિ પામતો રાજકુમાર આઠ વર્ષનો થયો એ અવસરે કાર્તિક શુકલ પંચમી, ગુરુવાર અને પુષ્પ નક્ષત્રે રાજાએ લેખાચાર્ય પાસે ભણવા કુમારને મૂક્યો.

ગુરુની કૃપા, પોતાનો દઢ પ્રયત્ન અને કર્મક્ષયોપશમના પ્રમાણમાં, થોડા વખતમાં તે અનેક કળાનો પારગામી થયો.

લેખનકલા, ધનુર્વિદ્યા, ગાંધર્વકલા, પત્રછેદ્ય, લોકવ્યવહાર, નરનારી, અશ્વ, હાથીપ્રમુખનાં લક્ષણો, ચિત્રકર્મ, મંત્રપ્રયોગ, પરચિત્ત ગ્રહણ અને શબ્દશાસ્ત્રાદિમાં તે પ્રવીણ થયો. મલ્લયુદ્ધમાં વિશેષ પ્રકારે તેણે પરિશ્રમ કર્યો હતો.

એક વખત રાજસભામાં દેખવા લાયક ઉત્તમ ગીત, નૃત્ય થઈ રહ્યાં હતાં. કુમાર રાજની પાસે બેઠો હતો એ અવસરે છડીદારે આવી રાજને વિજ્ઞપ્તિ કરી. મહારાજ! હર્ષપુર શહેરના દેવસેન રાજનો દૂત આપના દર્શનાર્થે દ્વાર આગળ આવી ઊભો છે. તેને પ્રવેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપવા માટે આપની શી આજ્ઞા છે ?

રાજા—તેને જલદી પ્રવેશ કરાવ. રાજાની આજ્ઞા થતાં દૂત સભામાં હાજર થયો. અને નમસ્કાર કરીને નમ્રતાથી તે આ પ્રમાણે કહેવા લાગ્યો.

મહારાજા ! હું હર્ષપુરથી આવું છું, અને દેવસેન મહારાજાનો દૂત છું. અમારા મહારાજા પાસે બે ઉત્તમ રત્નો છે. રૂપ, ગુણમાં અપ્સરાઓનો પણ ઉપહાસ કરનાર એક કન્યારત્ન છે. અને બીજું રત્ન પ્રતિસ્પર્ધી મલ્લોને કાળમેઘ સમાન કાળમેઘ નામનો મલ્લ છે. જેણે યુદ્ધમાં અનેક મલ્લોનો પરાભવ કર્યો છે.

એક દિવસે નાના પ્રકારના અલંકારોથી અલંકૃત કરી, રાજમાતાએ રાજકન્યાને પિતૃપાદવંદન અર્થે સભામાં મોકલાવી. પિતાને નમસ્કાર કરી રાજકન્યા પિતાના ખોળામાં બેઠી.

રાજકન્યાને દેખી રાજા વિચારમાં પડયો કે નિશ્ચે પદ્માવતી રાણીએ કુંવરીના વરની ચિંતા માટે તેને મારી પાસે મોકલાવી છે. કેટલોક વખત વિચાર કર્યા બાદ રાજાએ કુંવરીને કહ્યું : પુત્રી શીળમતી ! તને કેવા ગુણવાલો પતિ ગમે છે ? શું ત્યાગી ? શૂરવીર ? વિદ્વાન ? કૃતજ્ઞ ? સુખી ? ગંધર્વકળામાં કુશળ ? પરોપકારી કે દયાળુ ?

રાજાનો આવો વિચિત્ર પ્રશ્ન સાંભળી લજ્જાથી કુંવરીએ નીચું મુખ કર્યું. શરમાતી દૃષ્ટિએ ધીમે શબ્દે કુંવરીએ જણાવ્યું—પિતાજી ! જે આપશ્રીને યોગ્ય લાગે તે મને પ્રમાણ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ આગ્રહ કરી કહ્યું. એમ નહિ થાય. પુત્રી તારે પોતાને જ કહેવું પડશે, કેમકે તારે તે પતિ સાથે સ્નેહની ગંઠથી જન્મ પર્યંત જોડાવાનું છે અને તે પ્રેમનો નિર્વાહ કરવાનો છે. પાછળથી પશ્ચાત્તાપ ન થાય તે માટે તારે તારો અભિપ્રાય જણાવવો જ જોઈએ.

રાજાના ઘણા આગ્રહથી કુમારીએ જણાવ્યું : પિતાજી ! જો એમજ છે તો, પૃથ્વી પર કોઈથી આજપર્યંત પરાભવ નહિ પામેલ આ આપનો કાળમેઘ નામનો મલ્લ છે, તે મલ્લને જે કોઈ રાજકુમાર મલ્લ યુદ્ધમાં જીતશે તે મારો પતિ થશે. બીજું હું વધારે આપને શું કહું ?

કુમારીના વચનોથી રાજાને નિશ્ચય થયો કે–આ પુત્રી બળની અનુરાગિણી છે. તે ઠીક છે પણ આ મલ્લે સર્વે બળવાન રાજાઓનો મલ્લયુદ્ધમાં પરાજય કર્યો છે. તેથી આ કુમારીને લાયક પતિ મળવો મુશ્કેલ છે. આ વિચાર કરતાં રાજાનું મુખ શ્યામ થઈ ગયું. રાજાને ખેદ પામતો દેખી પ્રધાને કહ્યું–મહારાજા ! આપ ખેદ શા માટે ધરો છો ? પરીક્ષા કર્યા સિવાયનો હજી એક મહાપુરુષ રહી ગયો છે અને તે નરસિંહ રાજાનો પુત્ર નરવિક્રમ છે કે જે બળ અને પુરુષાર્થમાં એક અદ્વિતીય મલ્લ ગણાય છે. આ સાંભળી રાજાને કાંઈક શાંતિ મળી. રાજાના નિર્દેશથી પ્રધાન પુરુષોએ નરવિક્રમ કુમારને બોલાવવા માટે મને આપની પાસે મોકલાવ્યો છે. હવે આ સંબંધમાં આપની જેવી આજ્ઞા.

દૂતનાં વચનો સાંભળી નજીકમાં બેઠેલા કુમાર સન્મુખ રાજાએ જોયું. કુમારે રાજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નમસ્કાર કરી જણાવ્યું; પિતાજી ! દૈવના અનુભાવથી સર્વ સારું થશે. આપ આગળ વધારે શું કહું ? આપની ઇચ્છાને આધીન હું ત્યાં જવાને તૈયાર છું.

રાજાએ ખાનગી સભા ભરી, પ્રધાન, સામંત અને નાગરિકોની સમ્મતિ માંગી કે કુમારને ત્યાં મોકલવો કે કેમ ? સર્વનો અભિપ્રાય કુમારને મોકલવાનો આવ્યો એટલે રાજાએ સર્વ સામગ્રી તૈયાર કરી આનંદથી હર્ષપુર તરફ જવાને, ચતુરંગસૈન્ય સાથે રાજકુમારને રવાના કર્યો.

રાજકુમાર નરવિક્રમના આવવાના સમાચાર સાંભળી તેનો સત્કાર કરવા માટે રાજાએ યુવરાજને સામે મોકલ્યો. રાજકુમાર આવી પહોંચતાં ઉત્તમ દિવસે, સત્કારપૂર્વક તેને શહેરમાં પ્રવેશ કરાવ્યો અને સંપૂર્ણ અનુકૂળતાવાળી સામગ્રીવાળા મહેલમાં ઉતારો આપ્યો. બીજે દિવસે રાજકુમાર નરવિક્રમની મુલાકાત લઈ રાજકુમારીની પ્રતિજ્ઞા વિષે રાજાએ તેને વાકેફ કર્યો. અને કાળમેઘ મલ્લનો મલ્લયુદ્ધમાં પરાજય કરી જયપતાકા ગ્રહણ કરવાપૂર્વક રાજકુમારીનું પ્રાણિગ્રહણ કરવા સૂચના કરી. રાજકુમારે તે વાત અંગીકાર કરી એટલે રાજાએ મલ્લઅખાડાની ભૂમિ માંચાપ્રમુખ બેઠક સહિત સુશોભિત કરી.

નગરલોકો સાથે રાજા પોતાની બેઠક ઉપર આવી બેઠો. લોકોએ પોતાની બેઠક લીધી કે તરત જ કાળમેઘ અને નરવિક્રમ કુમાર અખાડામાં આવ્યા. નિવિડ કચ્છ બાંધી, કેશ પ્રમુખ સમેટી લઈ બન્ને જણ યુદ્ધ કરવાને સન્મુખ થયા.

P.P. Ac, Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મજબૂત સંહનનવાળા અને દુર્ધર્ષ શરીરવાળા રાજકુમારને જોતાં જ બળવાન છતાં કાળમેઘ ક્ષોભ પામી ગયો. તે વિચારવા લાગ્યો કે–આ રાજકુમાર રાજાનો વ્હાલો જમાઈ થવાનો છે. તેમજ તે બળવાન છે. આ ઠેકાણે મારો જય થવાથી કે પરાજય થવાથી કોઈ પણ રીતે મારું શ્રેય થવાનું નથી. આ પ્રમાણે ભય અને સંભ્રમથી તે મલ્લનું હૃદય ત્યાં જ ફૂટી ગયું અને તરત જ મરણ પામ્યો. મલ્લ અખાડામાં રાજકુમારના વિજય જયઘોષ થવા લાગ્યો. એ જ અવસરે બળશાળી રાજકુમારના કંઠમાં રાજકુમારીએ સ્નેહના પાશરૂપ વરમાળા સ્થાપન કરી.

બન્નેનો યોગ–સુયોગ થયો હોવાથી લોકો પણ સાધુવાદ બોલવા લાગ્યા. ઉત્તમ દિવસે વર તથા કન્યાનું પ્રાણિગ્રહણ થયું, દરેક મંગળ ફેરા વખતે લોકોને આશ્ચર્ય થાય તેટલું દાન રાજાએ વરકન્યાને આપ્યું.

કેટલાક દિવસ ત્યાં રહેવા બાદ રાજકુમાર સસરાને પૂછીને પોતાના દેશ તરફ જવાને તૈયાર થયો.

પુત્રી પરના સ્નેહથી રાજાએ કુમારને ભલામણ કરી કે–દેહની છાયાની માફક મારી પુત્રીને તમે કોઈ દિવસ એકલી ન મૂકશો, અને તેને ઓછું ન લાગે તેમ સાચવશો. કુમારે સભ્યતાથી યોગ્ય શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો.

દુઃસહ વિયોગથી તૂટતા સ્નેહ પાશવાળા રાજાએ રાજકુંવરીને છેવટની હિતશિક્ષા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપતાં જણાવ્યું, વ્હાલી પુત્રી ! સગુણ કે નિર્ગુણ અપત્યો પર માતા-પિતાનો અપૂર્વ પ્રેમ હોય છે અને તેથી જ અપત્યના હિત માટે તને કાંઇ કહેવું જોઈએ એમ ધારી અમે અમારી ફરજ બજાવીએ છીએ. તારે તે પ્રમાણે વર્તન કરી તારી ફરજ બજાવવી.

પુત્રી ! તું શિયળ ગુણથી ઉજ્જવળ છે છતાં પણ ઉજ્જવળતામાં નિત્ય વધારો થાય તેમ તું વર્તન કરજે. સાસુ, સસરાનો વિનય નિત્ય કરજે. અગ્નિ પવિત્ર છે તથાપિ તેની અવજ્ઞા કરવાથી (પગથી ચાંપવાથી) સંતાપને (દાહને) માટે થાય છે, તેમ પવિત્ર શ્વસુર વર્ગ પણ અવિનય કરવાથી ક્લેશદાયક થાય છે. તારા નામની માફક તારા શિયળ ગુણને કદી ન વિસરીશ. શિયળથી ભ્રષ્ટ થતાં બન્ને ભવથી ભ્રષ્ટ થવાય છે. તારા સ્વામીનાં દરેક કાર્ય તું પોતે જાતે જ કરજે. તે નોકર વર્ગ પાસે ન કરાવીશ. તેમ કરવાથી તારા સ્નેહની દોરી ટૂંકી થશે. પતિને અનુકૂળ વર્ગની ભક્તિ કરજે. નણંદાદિ વર્ગને નમસ્કાર કરજે. પતિથી વિરુદ્ધ વર્ગના મનુષ્ય સાથે સંભાષણ પણ ન કરીશ. સર્વ પરિવારના લોકો સાથે પ્રીતિથી સંભાષણ કરજે. શોક્યો ઉપર પણ ખેદ ન કરીશ. સાંસારિક સુખાભિલાષિણી કુલબાલિકાઓનું આ પ્રમાણેનું વર્તન તે પતિનું ઉત્તમ વશીકરણ છે.

ઇત્યાદિ હિતશિક્ષા આપી, કેટલેક દૂર જઈ, પુત્રીના ગુણોનું સ્મરણ કરતો દેવસેન રાજા રાણી સહિત ઉદાસીન ચેહરે પાછો ફર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમાર પણ અખંડિત પ્રયાણે ચાલતાં, મયૂરની માફક રાહ જોઈ રહેલાં માતા-પિતાને નવીન મેઘની જેમ આવી મળ્યો. રાજાએ પ્રવેશ-મહોચ્છવ કર્યો. નવોઢા રાણી સાથે માતા-પિતાને પગે પડ્યો. રાજા, રાણીએ ઉત્તમ આશીર્વાદ આપ્યો. બીજે દિવસે સામંતાદિ રાજવર્ગ અને પ્રજાવર્ગની સભા ભરી, રાજાએ નરવિક્રમ કુમારને યુવરાજપદે સ્થાપન કર્યો.

નાના પ્રકારના વૈભવવાળા પાંચ ઇન્દ્રિયના સુખનો અનુભવ કરતાં ઘણો વખત નીકળી ગયો. એ અરસામાં રાણી શીળવતીએ કુસુમશેખર અને વિજયશેખર નામના બે કુમારને જન્મ આપ્યો. આ પુત્રો પિતામહ (બાપના બાપ)ને વિશેષ પ્રિય થયા. એક દિવસે આલાનસ્થંભનું ઉન્મૂલન કરી પટ્ટહાથી સ્વેચ્છાએ નગરમાં ફરવા લાગ્યો. શહેરમાં મોટો કોલાહલ મચી રહ્યો. રાજાએ તેને બિલકુલ પ્રહાર કર્યા સિવાય પકડવાની આજ્ઞા કરી. રાજાનો આદેશ થતાં અનેક શૂરવીર બુદ્ધિમાન મનુષ્યો તેને પકડવા દોડ્યા. પણ તેને પ્રહાર કર્યા સિવાય પકડવાની કોઈની હિમ્મત ચાલી નહિ. સ્વતંત્રપણે નગરમાં ફરતાં જે દેખે તેને મારતો કે તોડતો અનેક અનર્થ કરવા લાગ્યો. તેટલામાં ગર્ભના ભારથી મંદપણે ચાલતી એક યુવાન બાળાને હાથીએ સૂંઢમાં પકડી. તે સ્ત્રી પોકાર કરવા લાગી કે-હે તાત! ભ્રાત! રાજા! આ દુષ્ટ હાથીથી મારું રક્ષણ કરો. હા! આ પૃથ્વી પર કોઈ વીરપુરુષ નથી કે આ નિર્દય હાથીથી મારું રક્ષણ કરે.

આ પ્રમાણે કરુણસ્વરે વિલાપ કરતી, ભયથી ત્રાસ પામતી, ભયભ્રાંત નેત્રવાળી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરણના મુખમાં સપડાયેલી સ્ત્રીને દૂરથી રાજકુમાર નરવિક્રમે દીઠી. આ બાળાના વિલાપને કે દુઃખને નહિ જોઈ શકતો રાજકુમાર તત્કાળ હાથીની આગળ આવી રહ્યો અને હાથીને તર્જના કરી પોતા તરફ પ્રેર્યો.

હાથી પાસેથી ખસી જવા નગરના ઘણા લોકોએ કુમારને સમજાવ્યો પણ વીર, દયાળુ કુમાર તે નહિ ગણકારતાં, ઊંચો ઊછળી, સિદ્ધની માફક હાથીના મસ્તક પર જઈ બેઠો.

અરે ! કોઈ અંકુશ લાવો–અંકુશ લાવો. એમ રાજકુમાર બોલે છે તેટલામાં તો સૂંઢમાં ગ્રહણ કરેલી સ્ત્રીને હાથીએ મારી નાખવા માંડી. સ્ત્રીને છોડાવવાની દયાની લાગણીમાં રાજકુમાર પિતાની આજ્ઞા (માર્યા સિવાય વશ કરવો) ભૂલી ગયો. પોતાની પાસે રહેલી મોટી છરી કાઢી, તે સ્ત્રીનો બચાવ કરવા માટે હાથીનું કુંભસ્થળ ચીરી નાખ્યું. કુમારના પ્રહારથી તે બળવાન હાથી પણ અચેતનની માફક ત્યાં જ ઊભો રહ્યો. તેના મસ્તકમાંથી, પર્વતમાંથી વહન થતાં ઝરણાની માફક રુધિરનો પ્રવાહ વહેવા લાગ્યો.

શુદ્ધ હૃદયવાળો રાજકુમાર હાથી પરથી નીચે ઊતર્યો અને સૂંઢાદંડમાંથી તે સ્ત્રીને જીવતી છોડાવી એક બાજુ નિરૂપદ્રવસ્થાને તેને મૂકી.

આ અવસરે પૂર્વજન્મમાં કરેલું કોઈ દારુણકર્મ કુમારને ઉદય આવ્યું. તેને લઈ શૂરવીરતાવાળા તથા દયાળુતાથી ભરપૂર આ કાર્યનો અર્થ, રાજાના મનમાં વિપરીતપણે પરિણમ્યો,

॥ ૨૯૨ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હાથી કુમારે મારી નાખ્યો." આ સાંભળતાં જ રાજાના અધર કોપથી ફરકવા લાગ્યા, ગુંજની માફક વદન અને નેત્ર લાલ થઈ આવ્યાં. ઘીથી સિંચાયેલા અગ્નિની માફક ક્રોધની જ્વાળાને વમતો રાજા કુમારને કહેવા લાગ્યો.

અરે કુળપાંસન, પાપકર્મી, મારી આજ્ઞા ઉલ્લંઘનાર, દુરાત્મા મારી દૃષ્ટિથી તું દૂર થા. મારા પટ્ટ હાથીનો તું કૃતાંત (યમ) છે. પોતાના જીવને જોખમમાં નાખી પરોપકાર કરનાર પોતાના પુરુષાર્થના બદલામાં રાજા તરફથી આવો અન્યાયકારી જવાબ મળતાં, મહાન્ પરાભવથી કુમારનું શરીર બળવા લાગ્યું. તે વિચારવા લાગ્યો કે–શું મારે પિતાશ્રીનો વિનય કરી તેમને શાંત કરી અહીં રહેવું? અથવા તેમ તો નહિ જ કરવું. પિતાનું વચન ઉલ્લંઘન કરી મારે અહીં રહેવું કોઈ પણ રીતે યોગ્ય નથી. અહા! આવો પરાભવ કેમ સહન થઈ શકે? પ્રજાના મોટા ભાગના રક્ષણ માટે એક હાથીનો મેં વધ કર્યો તેમાં ખોટું શું કર્યું? જાણી જોઈને પિતાની આજ્ઞાનો ભંગ મેં કર્યો નથી, છતાં મારા પર આટલો બધો પિતાશ્રીનો કોપ? આવો તિરસ્કાર? નહિ નહિ અહીં, એક ક્ષણ પણ મારે રહેવું યોગ્ય નથી.

સાહસિક પુરુષો નિરાલંબન ગગન પર પરિભ્રમણ કરી શકે છે, પણ માની પુરુષો માનભંગને સહન નથી કરી શકતા. સાહસિક પુરુષો ભીષણ સ્મશાનમાં પ્રજ્વળતા વન્હિને મસ્તક પર ધારણ કરે છે. પણ તે માની પુરુષો માનભંગને સહન નથી કરી શકતા. પિતાની આજ્ઞાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળકૂટ ઝેર ભક્ષણ કરવું કે તેવું જ કોઈ શુભાશુભ કાર્ય કરવું હું યોગ્ય ધારું છું પણ આ માનભંગ સહન કરવો તે મને યોગ્ય નથી લાગતું, મરવું, પરદેશ ગમન કરવું કે બંધુવર્ગનો ત્યાગ કરવો તે મને યોગ્ય છે, પણ માનભંગ થાય ત્યાં ક્ષણમાત્ર પણ મારે ન જ રહેવું. આ પ્રમાણે છેવટનો નિશ્ચય કરી પોતાના પરિજન-સ્નેહી વર્ગને બોલાવી કુમારે કહ્યું : મારા વ્હાલા સ્વજનો અને સ્નેહીઓ! પિતાના પરાભવથી કહો કે આજ્ઞાથી કહો પણ અત્યારે હું આ દેશનો ત્યાગ કરું છું. અવસરે પાછો આવી હું તમોને સંભાળીશ, માટે તમે સર્વે હાલ અહીં શાંતિથી રહેજો.

લાંબા વખતના વિરહસૂચક કુમારના શબ્દો સાંભળી તેનો પરિવાર રડવા લાગ્યો. કુમારે તેમને ધીરજ આપી સબળ કારણ જણાવ્યું. પિતા, પુત્ર વચ્ચે અત્યારે કટોકટીનો વખત જણાતાં પરિજનોએ થોડા વખતમાં સ્વાભાવિક ચૂપકી યાને શાંતિ પકડી.

કુમારે શિયળવતીને જણાવ્યું-પ્રિયતમા! તું અત્યારે તારા પિતાને ઘેર જા. હું આ દેશનો હાલ તો ત્યાગ કરું છું. ભાવિ હશે ત્યારે આ દેશમાં મારું પાછું આગમન થશે.

પતિનાં આવાં વચનો સાંભળી દુઃસહ વિયોગદુઃખથી દુઃખી થઈ પોતાના નેત્રમાંથી અશ્રુપ્રવાહને વહાવતી શીળવતી કાંઈ બોલ્યા-ચાલ્યા સિવાય ઊભી રહી.

પ્રિયા તું શા માટે રુદન કરે છે? સંસારી મનુષ્યોને માથે આપદાઓ પડે છે. તેમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આશ્ચર્ય કે શોક શાનો? સુંદરી, ખરા પ્રસંગે વિવેકી મનુષ્યોએ ધીરજ રાખી વિવેકનો ઉપયોગ કરવો જોઈએ.

શીળવતી–મનવલ્લભ! હું ધૈર્યવાન છું અને મનને ધીરજ પણ આપું છું, પણ આપ મને આમ અકાળે મૂકીને જાઓ છો તે દુઃખ મારાથી સહન નથી થતું. વળી મારા પિતાએ આપને ભલામણ કરી હતી કે "મારે એક જ પુત્રી છે. દેહની છાયાની માફક તેને કોઈ પણ ઠેકાણે એકલી ન મૂકશો." આપે તે વચનની કબૂલાત આપી છે, છતાં આપ મને મૂકીને કેમ જાઓ છો?

રાજકુમાર—સુંદરી! મને તે વાત યાદ છે. પણ તું સુખમાં ઊછરેલી છે. રસ્તાઓ વિકટ છે. પગે ચાલવું, ટાઢ, તાપ, ક્ષુધા, તૃષા વિગેરે રસ્તાઓમાં સહન કરવું જોઈએ તે તારાથી કેમ બનશે?

શીળવતી–પ્રાણનાથ! આપ સાથે હોવાથી વિષમ માર્ગ પણ મને ઘર સમાન થશે પણ આપ સિવાય આ રાજમહેલો તે અટવી કે સ્મશાન સમાન મારે મન છે, આપની સાથે રહી દુઃખ સહન કરવું તે તથા ભિક્ષા પણ સુખકારી છે પણ રાજમહેલમાં રહી આંતર દુઃખ વેઠવું તે ઠીક નથી. આપ મારી સાથે હશો તો સસરાજીનું કે પિતાજીનું મને કાંઈ પ્રયોજન નથી. વિદ્વાનો ખરું સુખ તેને કહે છે કે જેનાથી મનને

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શાંતિ મળે છે. તે શાંતિ મને આપ સિવાય કોઈ સ્થળે મળનાર નથી.

રાજકુમાર–પ્રિયા ! તમારો વિચાર સાથે આવવાનો છે તો જલદી તૈયાર થાઓ. આપણે અત્યારે જ અહીંથી નીકળી જઈએ. કોઈને કહેવા પૂછવાની જરૂર નથી. રાણી તરત જ પોતાના બન્ને નાના પુત્રોને સાથે લઈ કુમાર પાસે આવી ઊભી. રાજકુમાર તરત જ એક દિશાને ઉદ્દેશીને તેઓ સાથે, શહેર છોડી જંગલ ભણી ચાલ્યો ગયો.

રસ્તામાં રાણી પોતાના મનમાં ચિંતા કરતી હતી. અહો ! કયાં રાજ્યનું ઉત્તમ સુખ? સ્નેહીઓની પ્રસન્નતા ? અને ઉત્તમ ભોગોની નિકટતા ? સર્વ વસ્તુ એકી કાળે નષ્ટ થઈ ? શું વિધિનું વિલસિત ? કર્મની કેવી વિષમતા ? રાજકુમાર દુઃખનો બીલકુલ વિચાર નહિ કરતો તેમ મુખના ચહેરાને પણ નહિ બદલાવતો, વિખવાદ વિના પ્રસન્ન ચિત્તે આગળ ચાલ્યો જાય છે. કહ્યું છે કે–

वसणे विसायरहिया संपत्तीए अणुरत्ता न हुंति ।
मरणे वि अणुविग्गा साहससारा य सप्पुरिसा ॥

સાહસને જ સારભૂત માનનાર સત્પુરુષો, કષ્ટ પડયાં વિખવાદ વિનાના, સંપત્તિમાં રાગ વિનાના અને મરણ વખતે ઉદ્વેગ વિનાના હોય છે. કુમારના જવા પછી જેમ સિંહ વિનાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુફા, રાજા વિનાની રાજધાની, ત્યાગ વિનાની લક્ષ્મી અને સમભાવ વિનાના મુનિની માફક સર્વગુણસંપન્ન હોવા છતાં જયંતિ નગરી શોભારહિત જણાવા લાગી.

કુમારનું અદ્‌ભુત સામર્થ્ય અને ઉત્તમ ગુણોએ પ્રધાનમંડળના હૃદયમાં પ્રતિબંધ ઉત્પન્ન કર્યો. કુમારના દેશપાર થવાથી તેઓ પશ્ચાત્તાપરૂપી અગ્નિથી બળતા હોય તેમ તપવા લાગ્યા અને રાજાની પાસે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા.

મહારાજા ! અકાળે વજ્રા દંડના પ્રહારની માફક, રાજકુમાર ઉપર દુઃસહ દંડ આપે કેમ કર્યો ? રાજકુમાર ઉપર આવો કોપ કરવો ન ઘટે. આપનું કરેલું કાર્ય યોગ્ય છે કે અયોગ્ય છે તે તો આપ જાણો. પણ અમે એટલું તો કહીએ છીએ કે–અમને અજાણમાં રાખી, આપે કુમારને દેશપાર કર્યો છે તે કોઈપણ રીતે યોગ્ય થયું નથી. એક નાનામાં નાના કાર્ય માટે આપ અમારી સલાહ લેતા હતા, છતાં આજે એક મોટા પહાડ જેવા મહાન કાર્યમાં અમને અજાણ રાખ્યા છે તે વાત અમને હૃદયમાં શલ્યની માફક સાલે છે "ખરેખર પ્રધાનો રાજાનાં નેત્રો છે. આવા વિષમ કાર્યમાં અવશ્ય તેમની સલાહ લેવી જોઈએ."

આ દુર્લભ કુમાર રત્ન અમે નિર્ભાગ્યો કેવી રીતે પામીશું ? કુમારરૂપ નિધાન દુર્દૈવે આજે અમારા હાથમાંથી ખેંચી લીધું. અમારું સર્વસ્વ આજે નાશ પામ્યું. અમે આજે નિરાધાર થયા. અમે શું કરીએ અને કયાં જઈએ ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇત્યાદિ લાગણી ઉત્પન્ન કરનારાં પ્રધાનાદિનાં દીન વચનો સાંભળી રાજાના વિચારો બદલાઈ ગયા. તેનો કોપ શાંત થઈ ગયો. અને પુત્ર ઉપરનો પ્રેમ ઊછળી આવ્યો. પુત્ર વિયોગ તેના હૃદયમાં શલ્યની માફક સાલવા લાગ્યો. એટલું જ નહિ પણ રાજા પોક મૂકી મોટે સ્વરે રડવા લાગ્યો. થોડા વખતમાં જ બેભાન થઈ રાજા સિંહાસન પરથી ઊછળી પૃથ્વી પર ઢળી પડયો. અનેક પ્રકારના શીતળ ઉપચારો કરી તેને શુદ્ધિમાં લાવ્યા. શુદ્ધિમાં આવ્યા પછી રાજા પોતે પુત્રવિયોગે ઘણું રડયો અને પરિજનોને પણ રડાવ્યાં.

ગુણાનુરાગી પ્રજા પણ રડી. કુમારની માતા ચંપકલતા પણ પુત્રવિયોગે દુઃખણી થઈ નાના પ્રકારનાં વિલાપ કરવા લાગી.

વિવિધ પ્રકારના વિલાપ કરતા રાજા, રાણી પરિજન વિગેરેને દિલાસો આપી પ્રધાનમંડળે ઘણી મહેનતે શાંત કર્યા અને કુમારને પાછો બોલાવવા માટે ચારે બાજુ પુરુષો દોડાવ્યા.

આ બાજુ રાજકુમાર, શીળવતી અને બન્ને બાળકુમારને સાથે લઈ અખંડ પ્રયાણે આગળ ચાલવા લાગ્યો. અનુક્રમે ચાલતાં **દર્શનપુર** નામના બંદરે જઈ પહોંચ્યો.

આ શહેર અનેક કોટીશ્વર ધનાઢ્યોથી ભરપૂર હતું. ત્યાંના લોકો મોટે ભાગે સુખી હતા. આ શહેરમાં કુમારની ઓળખાણવાળું કોઈ જણાતું ન હતું. વળી દ્રવ્યોપાર્જન કરવાનો પ્રસંગ કોઈ વખત પણ આવેલો ન હોવાથી તે સંબંધી તેને કાંઈ માહિતગારી ન હતી, શહેરની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહાર પાડલ નામના માળીને ઘેર કુમાર જઈ ચડયો.

આ માળી ભદ્રિક સ્વભાવનો હતો. દુઃખી જીવોને દેખી તેના હૃદયમાં દયા ઊછળતી. તે ગુણાનુરાગી અને ઉપશાંત સ્વભાવનો હોવા સાથે પરોપકાર કરવામાં તત્પર રહેતો હતો. પોતાને ઘેર આવેલા દુઃખી મનુષ્યને દેખી તેણે તેને આદરસત્કાર આપ્યો. ઘણી સભ્યતાથી તેણે કહ્યું : તમે મારે ઘેર ખુશીથી રહો. કર્માધીન જીવોને વિષ્ન અવસ્થા આવી પડે છે. દુનિયામાં કોણ દુઃખી થયું નથી ? મહાન્ પુરુષોને માથે દુઃખ આવે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. કહ્યું છે કે—

चंदस्स खओ न हु तारयाण रिद्धीवि तस्स न हु तारयाण ।
गरूयाण चडणपडणं इयराण पुण निच्चपडियत्ति ॥ १ ॥

ચંદ્રનો ક્ષય થાય છે પણ તારાનો ક્ષય થતો નથી. રિદ્ધિ પણ ચંદ્રને જ છે, તારાને તેવી રિદ્ધિ (પ્રકાશ) નથી. મહાન્ પુરુષોને જ ચડવું-પડવું થાય છે. બીજાઓ તો નિરંતર પડેલા જ છે. કુમાર, પત્ની, પુત્રો સાથે માળીને ઘેર જ રહ્યો. પોતાની પાસે જે આભરણાદિ દ્રવ્ય હતું તે ભોજનાદિ માટે કેટલાક દિવસ તો ચાલ્યું પણ આવક ન હોવાથી તે દ્રવ્ય ખૂટી જતાં કુમારને ઘણો ખેદ થયો.

પાડલ માળીએ કહ્યું-ભાઈ! વ્યવસાય કર્યા સિવાય દ્રવ્ય કયાં સુધી પહોંચે ? (ઉદ્યમ

॥ २६६ ॥
P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

કરવાની જરૂર છે.) દૈવ કાંઈ વ્યવસાય કર્યા સિવાય મનુષ્યોને ઘેર દ્રવ્યનો ઢગલો કરતો નથી. કુમારે કહ્યું : પાડલ, તારું કહેવું ખરું છે. તું મારે લાયક કોઈ વ્યવસાય બતાવ કે ઉદરનિર્વાહ અર્થે હું તેમાં પ્રયત્ન કરું. માળીએ કહ્યું : મારા બગીચાની બાજુના ભાગમાંથી પુષ્પાદિક એકઠાં કરી બજારમાં જઈ વેચો. જમીન સાફસૂફ કરવામાં અને ઝાડને પાણી પાવામાં તમે મદદ કરજો. તેમાંથી તમારું ગુજરાન ચાલશે.

માળીએ પોતાની નજર કે સ્થિતિના પ્રમાણમાં કુમારને વ્યવસાય બતાવ્યો.

કુમારને પણ પોતાના ઉદય કે વખતના પ્રમાણમાં આ વ્યવસાય ઠીક લાગ્યો, અને તેથી તે પ્રમાણે કરવા કબૂલ કર્યું. ખરી વાત છે મનુષ્યોએ વખત ઓળખવો જોઈએ. કહ્યું છે કે—

जह जह वाएइ विही नवनवभंगेही निट्ठुरं पडहं ।

धीरा पसन्नवयणा नच्चंति तहा तहा चेव ॥ १ ॥

નવા નવા ભેદોથી કે વિવિધ પ્રકારે જેમ જેમ વિધિ નિષ્ઠુરતાનો પડહ વજાવે છે, તેમ તેમ પ્રસન્ન મુખ રાખી ધીર પુરુષો નાચે છે અર્થાત્ અવસર ઉચિત પ્રવૃત્તિ કરી લે છે.

કુમાર પુષ્પ–ગુંથન કરવાની કળામાં પ્રવીણ હોવાથી તે દિવસથી વિચિત્ર પ્રકારની માળાઓ ગૂંથવા લાગ્યો અને શીળવતી, રાજમાર્ગે (બજારમાં) જઈ વેચો આવવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણી સ્વભાવથી જ નિર્વિકાર દૃષ્ટિવાળી હતી તથાપિ તેણીના અદ્‌ભૂત સૌંદર્યને દેખી લોકો વિકારી થતા હતા. ખરી વાત છે કે–સૂર્ય સ્વભાવથી ઠંડો છે તથાપિ તે લોકોને તપાવે છે. એક દિવસે દ્વીપાંતરથી આવેલા દેહલ નામના વહાણવટીએ શીળવતીને દીઠી. જોતાં જ તે મદન-બાણથી પીડાવા લાગ્યો. તેણે રાણીને કહ્યું : બાઈ! તમારાં પુષ્પોની રચના કોઈ અપૂર્વ છે–તે સર્વે મને મૂલ્ય લઈ વેચાતાં આપો. જ્યાં સુધી મારે અહીં રહેવાનું છે ત્યાં સુધી બીજા કોઈ સ્થળે તમે વેચવા ન જશો. તમે જે ધન માંગશો, તે મૂલ્ય હું આ પુષ્પોનું આપીશ.

ગરીબ બીચારી ભોળી રાણી ધનલોભથી તેમજ મહેનતની કાયર હોવાથી નિરંતર તે પુષ્પો તેને જ વેચાતાં આપવા લાગી. પોતાને ઉપડી જવાને દિવસે, રાણીનું હરણ કરવાના ઈરાદાથી તે પાપી શ્રેષ્ઠીએ રાણીને કહ્યું : આજે તમે સમુદ્રને કિનારે વહાણ ઉપર આવશો તો ઘણા સારા મૂલ્યથી તમારાં પુષ્પો ખપી જશે.

સરલ હૃદયવાળી રાણી સરલ સ્વભાવે ત્યાં ગઈ.

આ અવસરે સર્વ વહાણો ઊપડવાની તૈયારીમાં હતાં. રાણીએ પુષ્પ આપવા અને તેનું મૂલ્ય લેવા માટે કિનારે રહી વહાણ તરફ પોતાના શરીર સાથે હાથ લંબાવ્યા કે તરત જ તે વહાણવટીએ રાણીને વહાણ ઉપર જોરથી ખેંચી લીધી.

આ બાજુ તેનાં માણસોએ લાંગરો ઉઠાવી લીધાં અને સઢો ચડાવી દીધા. એટલે કાન

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પર્યંત ખેંચીને મૂકેલા બાણની માફક, ઝડપથી વહાણો અગાધ પાણીમાં ચાલવા લાગ્યા. અને થોડા વખતમાં તો કેટલાક યોજન સુધી સમુદ્ર ઉલ્લંઘી ગયાં.

આ બાજુ રાજકુમાર પોતાની પ્રિયાની વાટ જોતો બેઠો હતો. અરે! હજી સુધી તેણી કેમ ન આવી? નિરંતર તો પુષ્પ વેચી તરત આવે છે. આજે આટલું બધું મોડું કેમ થયું હશે? વિગેરે વિચાર કરતાં ઘણો વખત નીકળી ગયો અને રાણી ન જ આવી ત્યારે તો તેની શોધ કરવા માટે નીકળ્યો. પુષ્પ વેચવાના સર્વ સ્થળો ફરી વળ્યો પણ રાણીનો પત્તો ન લાગ્યો. ત્યારે પાછો આવી આ વૃત્તાંત માળીને જણાવ્યો. પરોપકારી માળીએ પણ શહેરની સર્વ બજારો તપાસી પણ રાણીની નિશાની સરખી ન મળી. ત્યારે પાડલે કહ્યું–ભાઈ! કદાચ નદીના સામે કિનારે તેણી ગઈ હોય તો તું ત્યાં જઈને તપાસ કર. માળીના વચનોથી કુમાર, નદીના સામે કિનારે તપાસ કરવા જવા તૈયાર થયો. એ અવસરે તેના બન્ને કુમારો માતાના વિરહથી રડવા લાગ્યા. તે દેખી તેઓને સાથે લઈ નરવિક્રમ નદીના કિનારે આવ્યો. નદીમાં પાણી વિશેષ હોવાથી એક કુમારને આ કિનારે રાખી, એક કુમારને ઉપાડી તે સામે તીરે ગયો. તેને ત્યાં મૂકી બીજા કુમારને લેવા માટે તે પાછો ફર્યો. તેવામાં પાપના ઉદયથી નદીમાં જોરશબંધ પૂર આવ્યું. પાણીના વધારે ખેંચાણથી નદીના પૂરમાં નરવિક્રમ તણાવા લાગ્યો. આયુષ્ય બળવાન હોવાથી એક લાકડું તેના હાથમાં આવ્યું તેને વળગી તે નદીમાં તણાતો ચાલ્યો. ઘણે દૂર જવા પછી તે લાકડું એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થળે ભરાઈ જવાથી અટકી ગયું. એટલે તે મૂકી દઈ નરવિક્રમ નદીમાંથી બહાર નીકળ્યો. બહાર આવી એક વૃક્ષની છાયામાં બેસી ખિન્ન હૃદયે, અશુભના ઉદયનો તથા વિધિ વિલસિતનો તે વિચાર કરવા લાગ્યો.

અહા ! કેટલી બધી વિધિની વિષમતા ? જે વિચારમાં પણ ન આવે તેવાં અસહ્ય દુઃખ મારે માથે અચાનક લાવી નાખે છે. અરે કર્મો ! તમે મને થોડા વખતમાં દેવરિદ્ધિનો વિસ્તાર બતાવો છો, અને ક્ષણવારમાં શૂન્ય વેરાન તુલ્ય જંગલોમાં અથડાવો છો ? અહા ! માતા-પિતાનો વિયોગ ? પ્રિયાનો વિરહ ? પુત્રોનો વિછોહ ? ખરેખર ભૂતના બલિની માફક વિધિએ મારા કુટુંબને સઘળી દિશાઓમાં છિન્ન-ભિન્ન વિખેરી નાખ્યું. અરે ! માતા-પિતાના વિયોગથી કે પ્રિયાના વિરહથી મારું હૃદય તેટલું બળતું નથી કે જેટલું તે નિરાધાર બાળકોને દુઃખદાયી સ્થિતિમાં મૂકવાથી બળે છે.

ઓ વિષમ અને વિસંસ્થૂલ ચેષ્ટા કરાવનારી વિધિ ! તું જ મને રસ્તો બતાવ કે હવે હું શું કરું ? અને કોને શરણે જાઉં ?

વિપરીત વિધિના વિયોગથી મહાન્ પુરુષોને માથે પણ આફતો આવી પડે છે તો મારા જેવા અનાજકીડાઓને માથે દુઃખ આવે તેમાં આશ્ચર્ય શાનું ?

હે જીવ ! દુઃખ વખતે હિમ્મતની પૂર્ણ જરૂર છે, શોક, પશ્ચાત્તાપ કે નાહિમ્મતથી દુઃખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓછું થતું નથી. પણ ઊલટો દુઃખમાં વધારો થાય છે. હિમ્મતથી દુઃખના સમુદ્રો ઓળંગાય છે. હિમ્મતથી ગયેલી સ્થિતિ પાછી મેળવી શકાય છે. દુઃખ પોતાના સત્વની કસોટી છે. દુઃખ પોતાના આત્મસામર્થ્યને બહાર ખેંચો લાવનાર સાણસી છે. દુઃખ કર્મનો નાશ કરનાર છે. દુઃખી જીવોની સ્થિતિનું ભાન કરાવનાર દુઃખ છે. ધર્મનાં માર્ગને બતાવનાર દુઃખ છે. દુઃખમાં આત્માની ખરી સ્થિતિને યા ધર્માધર્મના વિવેકને બતાવનાર દુઃખ છે. માટે હે આત્મન્! ખેદ નહિ કર. હિમ્મત લાવ. જે થાય તે સારાને માટે જ, એમ ધારી તારા પોતાના વિચારની લગામ, પૂર્વ કર્મને યા વર્તમાનકાળને જ સોંપ.

ઇત્યાદિ વિચારતો, ધૈર્ય ધારણ કરી રાજકુમાર નરવિક્રમ ત્યાં બેઠો હતો. એ વખતમાં જયવર્ધન નગરનો કીર્તિવર્મ રાજા અકસ્માત શૂળના રોગથી મરણ પામ્યો. આ રાજા અપુત્રીયો હોવાથી, રાજ્ય પર કોઈ લાયક પુરુષને સ્થાપન કરવા નિમિત્તે પ્રધાન પુરુષોએ પાંચ દિવ્ય દેવાધિષ્ઠિત શણગારી તૈયાર કર્યા. હાથી, ઘોડા, ચામર, કલશ અને છત્ર—આ પાંચ દિવ્યો આખા શહેરમાં ફરી, શહેરની બહાર વૃક્ષ તળે જ્યાં નરવિક્રમકુમાર બેઠો હતો ત્યાં આવ્યાં.

દૂરથી કુમારને દેખી હાથીએ ગંભીર નાદ કર્યો. તે સાંભળતાં જ રાજકુમાર ચમકયો. તે કાંઈક વિચારમાં હતો તેવામાં લીલાએ કરી બગાસાં ખાતો શાંત મુદ્રા ધારણ કરી હાથી નજીક આવ્યો. તેની પાછળ અશ્વ, ચામર, છત્ર અને કલશાદિ દેખી 'આ વન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાથી નથી, પણ આમાં કાંઇક ગુપ્ત ભેદ છે.' ઇત્યાદિ વિચાર કરતા અને વિરહાનળથી તપેલા રાજકુમારને શાંત કરવાને માટે જ જાણે અમૃતનું સીંચન કરતો હોય તેમ સૂંઢાદંડમાં રહેલા નિર્મળ જળથી ભરેલા કુંભવડે હાથીએ કુમારનો અભિષેક કર્યો. અને ત્રણ પ્રદક્ષિણા કરી, સૂંઢથી ઉપાડી પોતાના સ્કંધ ઉપર કુમારને બેસાર્યો.

અશ્વ પણ નજીક આવી ત્રણ પ્રદક્ષિણા આપી, રોમાંચને વિકસિત કરતો, હર્ષથી હેંકારવ કરી કુમારના મુખ તરફ જોઈ રહ્યો.

ચંદ્રબિંબની માફક ઉજ્જવળ છત્ર વિકસિત થઈ કુમારના મસ્તક ઉપર આવી રહ્યું.

શ્વેત ચામરો પણ ઉજ્જવળ કીર્તિપુંજની માફક નમ્ર થઈ બન્ને બાજુ વીંજવા લાગ્યા.

નવીન જળધરની (મેઘની) માફક શ્યામ હાથી ઉપર આરૂઢ થયેલો કુમાર, વિંધ્યાચળના પહાડ ઉપર આરૂઢ થયેલા સિંહ કિશોરની માફક શોભવા લાગ્યો.

આ બાજુ યોગ્ય સ્વામી મળવાથી આનંદિત થયેલા પ્રધાન મંડળે તોરણ ધ્વજપતાકાદિ વડે શહેર શણગાર્યું. શુભ મુહૂર્ત્તે રાજમહેલમાં પ્રવેશ કરી રાજાએ સિંહાસન અલંકૃત કર્યું. માંગલિકનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. સામંત વર્ગ આવી રાજાને પગે પડયો. પ્રજાવર્ગે ઊલટથી રાજ્યાભિષેક કર્યો, રાજકુમારના ગુણ અને પ્રતાપ આગળ વૈરીવર્ગને પણ નમવું પડયું.

અનુકૂળ કર્મસંયોગે ફરી પણ નરવિક્રમ રાજ્યરિદ્ધિને મેળવી શકયો. આવી રિદ્ધિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામ્યા છતાં પુત્ર, પત્નીના વિયોગે તેનું હૃદય શાંત ન હતું. વિયોગ શલ્યની માફક હૃદયમાં સાલતો હતો. ખરી વાત છે.

भुंजउ जं वा तं वा परिहिज्जउ सुंदरं व इयरं वा ।
इट्ठेण जत्थ जोगा तं चिय रज्जं व सग्गो वा ॥१॥

મનુષ્યોને ગમે તેવું સારું યા નઠારું ખાવાને મળતું હોય, ગમે તેવાં સારાં યા નઠારાં વસ્ત્રો પહેરવા મળતાં હોય પણ જ્યાં ઇષ્ટ મનુષ્ય સાથે સંયોગ છે તે જ રાજ્ય યા સ્વર્ગ ગણાય છે.

આ અવસરે સમંતભદ્ર નામના આચાર્ય તે જ જયવર્ધનપુરના ઉદ્યાનમાં આવી સમવસર્યા. આચાર્યશ્રી સ્વ–પરધર્મના સિદ્ધાંતમાં નિષ્ણાત હતા. છત્રીશ ગુણરૂપ રત્નોનાં નિવાસ માટે રોહણાચળ સમાન હતા. મનના પ્રસરને ઘણી ખૂબીથી રોકયો હતો. ક્ષમાના નિવાસગૃહ સમાન હતા. માર્દવ ગુણથી માન સુભટનો તેમણે પરાભવ કર્યો હતો. સરલતાથી માયાને જીતી હતી. લોભરૂપ ખળપુરુષનો સંતોષબળથી પરાજય કર્યો હતો. તપો તેજથી તેમનું શરીર પ્રદીપ્ત થઈ રહ્યું હતું. સંયમરૂપ રસથી ઇંદ્રિયરૂપ અશ્વોને દમીને તેમણે સ્વાધીન કર્યા હતા. પોતાના પવિત્ર આચરણોથી જગતને સ્વાધીનની માફક આજ્ઞાવર્તી કર્યું હતું. નિષ્કિંચનતાથી તેઓ અલંકૃત હતા. બ્રહ્મચર્ય ધારણ કરવાથી તેમનું શરીર પવિત્ર હતું. દર્શન મિત્રની મદદથી જીવોના ચિત્ત–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંતાપને દૂર કરી, ધર્મદેશનારૂપ અમૃતના પ્રવાહથી મનુષ્યોના હૃદયને શાંતિ આપતા હતા.

આવા ગુણવાન આચાર્યશ્રીનું આગમન જાણી ભક્તિભાવને ધારણ કરતા યોગ્ય જીવો, વંદન નિમિત્તે અને ધર્મશ્રવણ નિમિત્તે ગુરુશ્રી પાસે આવ્યા. રાજા નરવિક્રમ પણ પુત્ર, પત્નીની પ્રવૃત્તિ પૂછવા નિમિત્તે ગુરુ પાસે આવ્યો. આચાર્યને નમસ્કાર કરી રાજાદિ યોગ્ય સ્થળે બેઠા. કરુણાસમુદ્ર આચાર્યશ્રીએ પણ જીવોને ધર્મમાર્ગમાં જાગૃત કરવા નિમિત્તે ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો.

खणदिट्ठनट्ठविहवे खणपरियट्टंतविविहसुहदुक्खे ।
खणसंजोगवियोगे नत्थि सुहं किंपि संसारे ॥ १ ॥

હે મહાનુભાવો ! આ દુનિયાનો વૈભવ ક્ષણમાત્ર સુખરૂપ દેખાવ આપી પાછો નષ્ટ થઇ જાય છે, ચાલ્યો જાય છે. એક ક્ષણ માત્ર જેટલા વખતમાં વિવિધ પ્રકારના સુખ, દુઃખ પરાવર્તન પામી જાય છે. ક્ષણ સંયોગી, વિયોગી વસ્તુવાળા સંસારમાં કાંઈ પણ વસ્તુતઃ સુખરૂપ નથી.

આ જીવિતવ્ય, યુવાવસ્થા, લક્ષ્મી અને પ્રિયનો સંયોગાદિ સંસારી જીવોને જે જે પ્રિય છે, તે સર્વ પદાર્થ ક્ષણભંગુર છે. પવનથી પ્રેરાયેલા કુશાગ્ર ભાગ પર રહેલા જલબિંદુ સમાન જીવિતવ્ય ક્ષણસ્થાયી છે. સૂર્યના કિરણોથી તપેલાં સરસવના પુષ્પની માફક આ યુવાવસ્થા થોડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખતમાં કરમાઈ જશે. ઇંદ્રધનુષ્યની માફક આ લક્ષ્મી સ્વલ્પ વખત માટે છે. આ સંયોગિક વૈભવ વિજળીના ચમકારા જેવો યા જેટલો છે, માટે પરમાર્થથી બંધવ તુલ્ય હિત કરનાર, અને દેવ, મનુષ્ય તથા મોક્ષસુખને આપનાર, વીતરાગના કહેલા શુદ્ધ ધર્મનો તમે આદર કરો. તેમના કહ્યા મુજબ વર્તન કરવા પ્રયત્ન કરો.

ઇત્યાદિ ધાર્મિક ઉપદેશથી ઘણા લઘુકર્મી જીવો સંવેગથી વાસિત થયા. રાજા પણ તે મહામુનિનો પ્રબળ જ્ઞાનાતિશય જાણી આ પ્રમાણે પ્રશ્ન પૂછવા લાગ્યો.

હે પ્રભુ! પૂર્વ જન્મમાં મેં શું દુષ્કૃત કર્યું હતું કે જેથી માતા, પિતા, પુત્રો અને પત્ની સાથે વિયોગ થવાપૂર્વક નાના પ્રકારની વિડંબના હું પામ્યો.

આચાર્યશ્રીએ કહ્યું : રાજન્! તીવ્ર પરિણામે કરાયેલું થોડું પણ કર્મ મહાન કડવાં ફલ આપે છે. જીવો હસતાં હસતાં પણ એવાં ક્લિષ્ટ કર્મ બાંધી લે છે કે તે રોવા છતાં પણ છૂટતાં નથી. પરસ્ત્રીગમન અને પરધનહરણાદિ મહાન પાપ છે. તે પાપ સામાન્ય પરિણામે પણ કરવામાં આવ્યાં હોય તોપણ તીવ્ર વિપાક આપે છે. હે રાજા! તેં અનાદરથી પણ મૂઢ હૃદયથી પૂર્વજન્મમાં જે અશુભ કર્મ કર્યું હતું, તેનો આ તીવ્ર વિપાક તને ભોગવવો પડ્યો છે, જે હું તને કહું છું.

શત્રુઓથી નહિ પરાભવ પામેલી. ચંપાનગરીમાં સોમચંદ્ર રાજા રાજ્ય કરતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બુદ્ધિમાં બૃહસ્પતિને જીતનાર, મતિસાગર નામે તેને પ્રધાન હતો. સોમચંદ્ર રાજાની સીમા (રાજ્યની હદ) પાસે વસંત નામના રાજાનું રાજ્ય હતું. અતિ તીવ્ર લોભ જેમ ગુણસમૂહનો નાશ કરે છે તેમ આ સીમાડાનો રાજા, સોમચંદ્રના દેશનો નાશ કરતો હતો. રાજા સોમચંદ્ર તેનો નિગ્રહ કરવાને સમર્થ હતો તથાપિ કોઈ કારણથી તેની ઉપેક્ષા કરતો હતો. એક દિવસે વસંતઋતુના સમયમાં રાજાને જણાવવા નિમિત્તે પ્રધાને કહ્યું : મહારાજા ! બહાર ઉદ્યાનમાં હય, ગજ, રથ અને યોદ્ધાઓના સમુદાયથી પરિવરેલો વસંત રાજા (વસંતઋતુ) આવ્યો છે. આપને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે કરો.

પ્રધાનના મુખથી આ શબ્દો સાંભળતાં જ સંગ્રામ કરવાને મહાન ઉત્સાહ ધારણ કરતા રાજાએ, શત્રુઓના સમુદાયને કંપાવનારી ભેરી તત્કાળ વગડાવી. ભેરીનો શબ્દ સાંભળતાં જ સર્વ સૈન્ય તૈયાર થઈ આવી મળ્યું. રાજા પણ ગજારૂઢ થઈ પ્રધાન સહિત જ્યાં આગળ ચાલે છે તેવામાં ઘણી ઝડપથી દોડતા આવતા એક પુરુષે પ્રધાનને વધામણી આપી. પ્રધાન ! ચક્રપુરના રાજા જયસેન પાસે રાજ્યકાર્ય માટે તમારા પુત્રને મોકલવામાં આવ્યો હતો તે કાર્ય સંપૂર્ણ કરીને અહીં આવે છે.

આ વધામણીથી પ્રધાન ખુશી થયો. વધામણી લાવનારને તુષ્ટિદાન આપી વિદાય કર્યો. પુત્ર ઘણા દિવસે આવતો હોવાથી તેને મળવાની ઉત્કંઠાથી પ્રધાને તેને મળવા જવા માટે રાજા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે રજા માગી. આવે અવસરે પ્રધાનને વિલંબ કરતો દેખી રાજાને ઘણો ગુસ્સો આવ્યો. તે ક્રોધથી બોલી ઊઠ્યો. રણયાત્રામાં ભંગ કરવાવાળા તને તારા પુત્ર સાથે હાલ મેળાપ નહિ કરવા દેવામાં આવે, પણ શત્રુનો વિજય કર્યા પછી તરત તેનો મેળાપ કરવા દેવામાં આવશે. આ પ્રમાણે કહી પ્રધાનને સાથે લઈ રાજા ઉદ્યાનમાં ગયો. વસંત રાજા દેખવામાં ન આવ્યો. રાજાને કોપ ચડ્યો. અરે પ્રધાન ! તેં કહ્યું હતું કે–વસંતરાજા ઉદ્યાનમાં આવ્યો છે તો અહીં કેમ કોઈ દેખાતું નથી ?

પ્રધાને કહ્યું–દેવ ! આપ જુવો તો ખરા. આ આપની દૃષ્ટિ આગળ જ વસંત રાજા (વસંતઋતુ) વિલાસ કરી રહ્યો છે.

કોયલના શબ્દો વડે આંબારૂપ ગજેંદ્રો ગર્જારવ કરી રહ્યા છે. નાના પ્રકારના તરુઓના પુષ્પોરૂપ અશ્વો, ભ્રમરના ગુંજારવરૂપ હેંકારવ કરે છે. પલ્લવોરૂપ રથો શોભી રહ્યા છે. કેતકીનાં ધાટાં નિકુંજોરૂપ યોદ્ધાઓ સન્નદ્ધ થઈ આપની સન્મુખ ઊભા છે.

પ્રધાનની આ દ્વિઅર્થી વચનરચનાથી રાજાને ઘણો સંતોષ થયો. રાજાએ કહ્યું : અરે પ્રધાન ! તું જલદી જા. તારા પુત્રને મળી, શત્રુનો વિજય કરી પાછો જલદી આવજે.

રાજાનાં વચનોથી પ્રધાનને સંતોષ થયો. આવતા પુત્રને સન્મુખ જઈ મળ્યો. ત્યારપછી વસંત રાજાને જીતી પાછો નગરમાં આવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવસે રાજા ઉદ્યાન તરફ ફરવા જતો હતો. રસ્તામાં પોતાની હવેલીના ગોખમાં બેઠેલી વસુ શ્રેષ્ઠિની સ્ત્રી સુલસા તેના દેખવામાં આવી. સુલસા ઘણી રૂપવતી હતી તેને દેખતાં જ રાજા તેના પર આસક્ત થયો. થોડા વખત ઉદ્યાનમાં ક્રીડા કરી, મદનબાણથી પીડાયેલો રાજા પાછો પોતાના મહેલમાં આવ્યો. સુલસાને મેળવવાનો તેને એકે ઉપાય ન મળ્યો ત્યારે વસુ શ્રેષ્ઠિ ઉપર તેણે જૂઠું કલંક મૂકયું કે "મારા શત્રુઓ સાથે તમારે લેવડદેવડ ચાલે છે અને રાજ્યવિરુદ્ધ પ્રપંચો રચો છો" ઇત્યાદિ અસત્ય આરોપ મૂકી તે શ્રેષ્ઠિનું સર્વસ્વ લૂંટી લીધું અને સુલસાને પોતાના અંતે ઉરમાં લાવી રાખી.

પોતાની સ્ત્રીના વિયોગથી અને ધનના નાશથી વસુશ્રેષ્ઠિ ગાંડો થઈ ગયો.

આ તરફ સુલસા સાથે વિષયસુખ ભોગવતાં રાજાને કેટલોક વખત વ્યતીત થયો. એક દિવસે રાજા, સાતમી ભૂમિ ઉપર સુલસા સાથે વાર્તાવિનોદ કરતો બેઠો હતો. તેવામાં તે બન્નેની દૃષ્ટિ એક ઉન્મત્ત (ઘેલા) માણસ ઉપર પડી.

આ માણસનું શરીર ધૂળથી ખરડાએલું હતું. મળથી મલિન હતું. વાળ વિખરાયેલા હતા. નાના નાના કકડાના સાંધાવાળું વસ્ત્ર પહેર્યું હતું. ગળામાં તમાલપત્રની માળા પહેરી હતી. તે ગાતો હતો, નાચતો હતો. થોડીવારમાં શોક કરતો હતો. વિના નિમિત્તે હસતો હતો. જેમ તેમ બોલતો હતો. કાર્યાકાર્યના વિચાર વિના યથાઈચ્છાએ ચેષ્ટા કરતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે ચેષ્ટા કરનાર માણસને દેખી સુલસાએ રાજાને કહ્યું–સ્વામી ! આપ આ માણસને ઓળખો છો ? રાજાએ કહ્યું : નહિ પ્રિયા, હું તેને ઓળખતો નથી કે તે કોણ છે ? તને ખબર હોય તો તું કહે તે કોણ છે ?

સુલસાએ કહ્યું : તમે જેનું સર્વસ્વ લઈ લીધું છે અને હું પ્રથમ જેની પત્ની છું તે મારા વિરહથી અને ધનના નાશથી ઘેલો થઈ ગયેલો વસુશ્રેષ્ઠિ છે. અહા ! તેની કેવી દશા થઈ છે ? સુલસાએ ઊંડો નિસાસો મૂકયો.

સુલસાના કહેવાથી અને વસુશ્રેષ્ઠિની સ્થિતિ નજરે જોવાથી રાજા પોતાના કરેલા પાપનો પશ્ચાત્તાપ કરતો, આ પ્રમાણે ચિંતવવા લાગ્યો. હા ! હા ! મારાં આ પાપી કર્ત્તવ્યને ધિક્કાર થાઓ. શરદૃઋતુના ચંદ્રની માફક ઉજ્જવળ કુળને મેં કલંકિત કર્યું. શ્વેતકીર્તિ રૂપ મહેલને અપકીર્તિરૂપ ધૂળથી મલિન કર્યો. સ્વજનોનાં મુખ શ્યામ કર્યા. ગુણ–સમુદાયને હાથથી પકડીને બહાર કાઢી મૂકયો. કલ્યાણનો માર્ગ બંધ કર્યો અને વ્યસનોના દરવાજા ખુલ્લા મૂકયા. પરદારા અને પરધન–હરણ કરવાથી નિશ્ચે સદ્ગતિનાં દ્વારો મારા માટે બંધ થયાં અને દુર્ગતિનો કિલ્લો મજબૂત થયો. હા ! હા ! ઘોર પાપ કરનાર હું મારું મુખ બીજાને કેવી રીતે દેખાડું ? આ વાત હું કોની પાસે જઈને કરું ? ઉભય લોકવિરુદ્ધ કાર્ય કરનાર આ નિર્ભાગ્યશેખરની શી ગતિ થશે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે અકાર્યનો પશ્ચાત્તાપ કરનાર રાજાને, વિશુદ્ધ પરિણામે મલિન વાસનામાંથી માર્ગ કરી આપ્યો. વૈરાગ્ય રંગથી રંગાયેલા રાજાએ, બળતા ઘરની માફક ગૃહસ્થાવાસનો ત્યાગ કરી, ગુણધર આચાર્ય પાસે ચારિત્ર લીધું. ભવિતવ્યતાના નિયોગે તત્કાળ તેના પર વીજળી પડી વિશુદ્ધ પરિણામે મરણ પામી સૌધર્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દૈવિક આનંદનો ઉપભોગ કરી, તે સોમચંદ્ર રાજાનો જીવ–હે નરવિક્રમ રાજા! તું પોતે અહીં ઉત્પન્ન થયો.

પૂર્વભવમાં પરધન અને પરસ્ત્રીહરણાદિ જે પાપ કર્યું હતું તે કારણથી, તેના ફળરૂપ આ જન્મમાં તમને આવું દુઃખ સહન કરવું પડયું છે. પોતાનો પૂર્વભવ સાંભળતાં રાજા નરવિક્રમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પાછલો ભવ દીઠો. ગુરુશ્રીને નમસ્કાર કરી તે બોલ્યો: હે નાથ! આ મારાં કર્મો કેવા ઉપાયથી દૂર થઈ શકે? ગુરુએ કહ્યું: હે રાજન્! દુર્જય કર્મ દૂર કરવા માટે તપશ્ચર્યા સમર્થ છે. તપશ્ચર્યા બાર પ્રકારની છે. તેમાં પણ બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે. અભ્યંતર તપમાં પણ ધ્યાન શ્રેષ્ઠતર છે એમ તીર્થંકરોએ કહ્યું છે, કેમકે ધ્યાનથી ઘણા કાળનાં ક્લિષ્ટ કર્મોનો પણ ક્ષય કરી શકાય છે. કહ્યું છે છે—

कम्ममसंखिज्जभवं खवेइ अणुसमयमेव आउत्तो ।
अन्नयरंमि जोगे झाणंमि पुण विसेसेण ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

બીજા ઉપાયોથી કર્મનો ક્ષય થાય છે પણ ધ્યાન-યોગમાં વિશેષ પ્રકારે કર્મક્ષય થાય છે. જો દરેક સમયે આત્મઉપયોગમાં ઉપયુક્ત યાને જાગૃત રહે તો, આ જીવ અસંખ્યાત ભવોનાં કરેલા કર્મનો ક્ષય કરી શકે છે.

આ ધ્યાનની શરૂઆત અનિત્યાદિ બાર ભાવનાના વિચારમાંથી થાય છે. એકએક ભાવનાનો બારીકાઈથી વિચાર કરવો, જેમકે અનિત્ય ભાવનાનો વિચાર કરતાં આ દુનિયાના સર્વ પૌદ્ગલિક પદાર્થો અનિત્ય ભાસમાન થવા જોઈએ. તાદૃશ સ્પર્શજ્ઞાનથી અનિત્યપણું અનુભવવું જોઈએ. ૧

અશરણ ભાવનાનો વિચાર કરતાં આત્મપ્રયત્ન સિવાય કોઈ પણ શરણભૂત યાને રક્ષણ કરનાર નથી તેમ ભાસવું જોઈએ. ૨

સંસાર ભાવનાનો વિચાર કરતાં જન્મ, મરણ, સંયોગ, વિયોગ, સુખદુઃખ ઇત્યાદિ કારણોથી વિડંબનારૂપ અનુભવાતા સંસારવાસથી વિરક્તતા આવવી જોઈએ. ૩

॥ ૩૧૪ ॥

એકત્વભાવનાનો વિચાર કરતાં પોતે કોઈનો નથી અને પોતાનું કોઈ નથી. સુખ, દુઃખાદિકનો યા જન્મ, મરણાદિકનો કર્તા અને અનુભવ કરનાર પોતે જ છે ઇત્યાદિ કારણોથી પોતે એકલો જ છે તે અનુભવ થવો જોઈએ. ૪

અન્યત્વ ભાવનાના વિચારથી દેહ–આત્માનો ભિન્ન-ભિન્ન અનુભવ થવો જોઈએ. ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અશુચિ ભાવનાના વિચારથી દેહ ઉપરથી દેહમમત્વભાવ–યાને સ્નેહભાવ ચાલ્યો જવો જોઈએ. ૬

આસ્રવભાવનાના વિચારથી પુણ્ય, પાપને આવવાનાં સર્વ કારણો વારંવાર સ્મરણમાં આવવાં જોઈએ. તે સાથે તેવી પ્રવૃત્તિમાં પ્રવેશ ન થાય તે માટે યોગ્યતાનુસાર સાવધાન રહેવું જોઈએ. ૭

સંવરભાવનાના વિચારથી આવતા કર્મને રોકવાના ઉપાયો સ્મૃતિમાં રહેવા જોઈએ અને તેવો પ્રયત્ન કરવો જોઈએ. ૮

નિર્જરાભાવનાના વિચારથી–મિથ્યાત્વ–અવિરતિ–કષાય-પ્રમાદ અને યોગથી આવેલા કર્મ કાઢવા પ્રયત્ન કરવો જોઈએ તે માટે વિશુદ્ધિનો વધારો કરવો. ૯

લોકસ્વભાવ ભાવનાના વિચારથી–સંસારચક્રમાં પરિભ્રમણ કરનાર જીવોનાં ખરાબ આચરણ વિગેરે. તથા પુણ્યથી ભોગવાતા વૈભવો વિગેરે જાણી, ઈર્ષ્યા તથા આશ્ચર્ય થવું ન જોઈએ. તેમજ ભવચક્રના પરિભ્રમણથી કંટાળો આવવો જોઈએ. ૧૦

બોધિદુર્લભ ભાવનાના વિચારોથી અને ધર્મમાં સહાયક દેવ, ગુર્વાદિના સંયોગની દુર્લભ પ્રાપ્તિના વિચારોથી અપ્રમત્ત દશા પામી, જેમ બને તેમ ઉત્તમ સંયોગ યા નિમિત્તો મેળવી, કર્મ–શત્રુઓનો ક્ષય કરવા માટે તૈયાર થવું જોઈએ. ૧૧–૧૨

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે રાજન્ ! આ ભાવનાઓના વિચારમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું છે. આત્મહિત ઇચ્છનાર જીવો જેમ જેમ તેના વિચારમાં ઊંડા ઊતરશે તેમ તેને આત્મપરિણતિ વિશુદ્ધ થવાપૂર્વક ઘણા ફાયદાઓ થશે. આ ભાવનાના વિચારોથી પવિત્ર હૃદય થતાં, અને અપ્રમત્તપણે ગુર્વાદિની સેવા કરતાં થોડા જ વખતમાં તમને તમારી પ્રિયા અને પુત્રો સાથે મેળાપ થશે.

આ પ્રમાણે ગુરુ તરફથી ધર્મોપદેશ સાંભળી રાજાએ સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો અને આનંદ પામતો રાજા પોતાને મંદિર પાછો ફર્યો.

તે દિવસથી રાજાએ ત્રિકાળ (ત્રણ વખત) જિનેશ્વરની પ્રતિમાજીનું પૂજન કરવું શરૂ કર્યું. ઉપયોગપૂર્વક બન્ને વખત આવશ્યક કરવા લાગ્યો. લીધેલ વ્રતોમાં દિવસે અગર રાત્રિએ કાંઈપણ અતિચારરૂપ દૂષણ લાગ્યું હોય તો તે સંભારીને માફી માંગવી, ફરી તેમ ન કરવા દૃઢતા કરી, આમ કરવાથી લીધેલ નિયમો દૃઢતાથી પળે છે, એટલું જ નહિ પણ તેમાં વધારો થાય છે. વ્રતધારીઓને આ આવશ્યક ક્રિયા અવશ્ય કરવા યોગ્ય છે.

રાજા સુપાત્રમાં દાન આપે છે. નિર્મળ શિયળ પાળે છે શક્ત્યનુસાર તપશ્ચર્યા કરે છે. પવિત્ર મનથી સ્વાધ્યાય કરે છે. બહુમાનપૂર્વક ગુરુના ચરણકમળ સેવે છે અને પાપનો ભય રાખી નીતિથી રાજ્યનું પાલન કરે છે. પાછલી રાત્રિએ જાગૃત થઈ. મમત્વભાવનો ત્યાગ કરાવનાર અને ધર્મ ધ્યાનમાં પ્રવૃત્તિ કરાવનાર ભાવનાનો આ પ્રમાણે વિચાર કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે જીવ ! રૂપ, યૌવન, ધન, સ્વજનાદિનો સ્નેહ અને ઐશ્વર્યાદિ સ્વપ્ન–પ્રાપ્તિની માફક, સર્વ અનિત્ય છે અને ક્ષણભંગુર છે.

પારધીવડે પાસમાં પકડાયેલાં હરિણની માંફક, આ જીવનું રક્ષણ કરનાર સંસારમાં કોઈ નથી. પ્રિય માતા, પિતા, પુત્ર, સ્ત્રી, સ્વામી ધન–કુટુંબાદિ નામના જ સંબંધી યાને રક્ષક છે. ધર્મ સિવાય અન્ય કોઇથી રક્ષણ થઈ શકતું નથી. હે જીવ! રંગમંડપમાં નૃત્ય કરનાર પાત્રની માફક, આ જીવ પાત્ર (નૃત્ય કરનાર) રોજલોકરૂપ રંગમંડપમાં, રાજા, રંક, સધન, નિર્ધન, સ્વામિ, સેવક ઇત્યાદિ વિવિધ પ્રકારનાં રૂપ ધારણ કરી, કર્મ પરાધીન થઈ નૃત્ય કરી રહ્યો છે.

આ જીવ એકલો જ જન્મે છે, મરે છે, સ્વકૃત કર્માનુસાર સુખ, દુઃખનો અનુભવ કરે છે. અને ધર્મ કરી પૂર્ણ સુખનો અનુભવ પણ એકલો જ કરે છે. કોઈ કોઈનું ભલું કે બૂરું કરનાર તાત્ત્વિક રીતે પોતા સિવાય અન્ય કોઈ નથી.

આત્મા ચૈતન્યગુણવાળો છે. શરીરાદિ પદાર્થોમાં તે ચૈતન્યગુણ નથી પણ જડ સ્વભાવ છે. હે આત્મન્ ! જ્ઞાન, દર્શનાદિ આત્મગુણ સીવાય જગતમાં બીજું તારું શું હોઈ શકે ? નવ દ્વારોથી મહાન દુર્ગંધી મળનો પ્રવાહ વહન થઈ રહ્યો છે. રોગના ઘરરૂપ આ દેહમાં પવિત્રતા તે શાની હોય? બુદ્ધિમાન્ જીવ તેમાં રાગ કેમ કરે?

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ચીકાશ(સ્નેહ)વાળા પદાર્થ ઉપર અનેક રીતે ધૂળ ચોંટે છે, તેમ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગાદિરૂપ રાગ દ્વેષની પરિણતિવાળા આસ્રવના કારણથી આ જીવ ઉપર કર્મમેલ ચોંટે છે. તેથી સંસારમાં પરિભ્રમણ થાય છે. હે જીવ! આ કર્મરૂપ આસ્રવ ન આવે તે માટે તારે બહુ સાવચેતી રાખવી જોઈએ. ઘરનાં દ્વારો બંધ કર્યાં હોય અથવા વહાણમાં પડેલા છિદ્રને બંધ કરવામાં આવ્યું હોય તો તેમાં ધૂળ કે પાણી પ્રવેશ કરતું નથી. તેવી રીતે હે આત્મન્! કર્મદ્વારો બંધ કરવારૂપ સંવરમાં તું તત્પર રહીશ તો તારામાં પાપરૂપ ધૂળ કે પાણી પ્રવેશ નહિ કરે. અજ્ઞાનતાને આધીન રહી અનેક વર્ષો સુધી દુઃખ વેઠી યા કષ્ટ કરી આ જીવ કર્મ ખપાવે છે. તેટલાં જ કર્મો આત્મોપયોગમાં જાગૃત રહેલા જ્ઞાની પુરુષો એક ક્ષણમાત્રમાં ખપાવી શકે છે, માટે હે જીવ! તું આત્મ ઉપયોગમાં જાગૃત થા. વિશુદ્ધ આત્મ-ભાવમાં જ રમણ કર.

આ ચૌદ રાજલોકમાં, એક વાળના અગ્રભાગ જેટલું પણ સ્થળ ખાલી નથી કે જ્યાં આ જીવે જન્મ, મરણ કરી તે સ્થળનો સ્પર્શ કર્યો ન હોય આમ છે છતાં હજી સંસારવાસથી વિરક્તિ પામતો નથી એ મોટું આશ્ચર્ય છે.

ઘણા ઊંડા સમુદ્રમાં પડેલું ઉત્તમ રત્ન, જેમ ઘણી મહેનતે હાથ આવે છે, તેમ સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં હે જીવ! સમ્યક્ત્વ ધર્મ શ્રદ્ધાનરૂપ રત્ન, તને ઘણી મહેનતે આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખતે હાથ આવ્યું છે તો હવે પ્રમાદ કરી તે રત્નને ગુમાવીશ નહિ.

ગુણરૂપ મણિની ઉત્પત્તિમાં રોહણાચળ સમાન પ્રમાદરૂપ ગહનવન ભાંગવામાં કરીંદ્ર તુલ્ય, અને નિર્વાણ ફળ માટે ઉત્તમ વૃક્ષ સમાન આ દુનિયામાં સદ્‌ગુરુનો સમાગમ ભાગ્યે જ મળી શકે છે તે મેળવ્યા છતાં હે જીવ! હવે તું પ્રમાદી ન થા.

ઇત્યાદિ ભાવનાના વિચારોથી, નિરંતર સંવેગમાં વૃદ્ધિ પામતો નરવિક્રમ રાજા, વિશુદ્ધ ગૃહસ્થ ધર્મને સુસમાધિએ પાલન કરતો હતો.

આ તરફ નદીના કિનારા ઉપર રહેલ બંને કુમારોની શી સ્થિતિ થઈ તે તરફ નજર કરીએ. નદીનાં પાણી ધીમે ધીમે ઉતરી ગયાં. એક કુમાર આ કિનારે અને બીજો કુમાર સામે કિનારે ઊભો હતો.

માતાની ગવેષણા કરતાં પિતાનો વિયોગ થયો. આ બાળકુમારોના દુઃખનો પાર ન રહ્યો. તેઓ ગમે તેમ રડે અત્યારે તેને છાનું રાખનાર કોણ હતું? તેને ખાવાનું આપનાર કે પાલન કરનાર કોણ રહ્યું? તેનાં ભાવી કર્મ સિવાય કોઈ જ નહિ.

ગમે તેવી વિષમ દશામાં પણ જીવોનાં ભાગ્ય સાથે જ હોય છે. દરેક જીવોને તેનો જ આધાર છે બીજા જીવો કે મા, બાપ વિગેરે નિમિત્તમાત્ર છે. જન્મતાં જ મરણ પામેલ માતા, પિતાવાળા બાળકનું કોણ રક્ષણ કરે છે? કર્મ જ. તેમ જ મહાન્ રાજ્યારૂઢ પદમાંથી નીચે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોણ પટકે છે ? ભાગ્ય જ. શુભાશુભ કર્મની અજાયબી ભરેલી સ્થિતિ છે. મનુષ્યનાં સદ્‌ભાગ્ય બીજાના હૃદયમાં પ્રવેશ કરી તેને (પોતાને) મદદ કરવાને પ્રેરે છે. આવું કોઈ પણ ગુપ્ત મદદગાર હોય તો તે પોતાનાં શુભ કર્મ જ છે. તે જ સર્વ સ્થળે જીવોનું રક્ષણ કરે છે.

નદીના કિનારા પર રહેલા કુમાર પાસે એક મનુષ્ય આવ્યો. તેઓની ભવ્ય આકૃતિ દેખી "આ કોઈ રાજકુમારો હોવા જોઈએ. તેનાં ઉત્તમ લક્ષણોથી જાણે નળ, કુબેરની જોડ હોય તેમ જણાય છે" ઇત્યાદિ વિચાર કરી, દુઃખીઆઓને મદદ કરવાની પ્રબળ ઇચ્છાથી તે બન્ને ભાઈઓને એક કિનારે એકઠા કર્યા. અને ઘણા સ્નેહથી તેઓને પાસેના ગોકુળમાં લઈ ગયો. ગોકુળનાં માલિકને તેઓનું દુઃખી વૃત્તાંત નિવેદન કરી, તેના પાલન-પોષણ માટે તેણે બન્ને કુમારો ગોકુળના અધિપતિને સોંપ્યા.

ગોકુળનો માલિક પણ પુત્ર વિનાનો હતો એટલે તેણે આ બન્ને રાજકુમારોને પોતાની પત્નીને પુત્રપણે આપ્યા. ગોવાળણી તેઓના ઉપર પુત્રની માફક પ્રેમ રાખી સ્નાન, વસ્ત્રાદિકની યોગ્ય વ્યવસ્થા કરવા લાગી.

એક દિવસે ગોકુળનો માલિક જયવર્ધનપુરમાં નરવિક્રમ રાજા પાસે કાર્યપ્રસંગથી મળવા જવા માટે નીકળ્યો. તે દેખી શહેર દેખવાની ઉત્કંઠાથી બન્ને કુમારો પણ આગ્રહથી તેની સાથે ગયા. શહેરમાં આવી, રાજાની પાસે ભેટણું મૂકી, નમસ્કાર કરી ગોકુળનો માલિક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઊભો રહ્યો. ગોકુળના અધિપતિ પાસે ઉભેલા બન્ને બાળકોને દેખી રાજા અનિમેષ દૃષ્ટિએ તેઓના સન્મુખ જોઈ રહ્યો. કેટલોક વખત જવા પછી રાજાએ મન સાથે નિશ્ચય કર્યો કે આ બન્ને બાળકો મારા પુત્રો જ છે. મારું હૃદય તેમ જ સાક્ષી આપે છે.

રાજાએ વૃદ્ધ ગોવાળને પૂછયું : આ બન્ને પુત્રો કોના છે ? તેણે પણ યથાસ્થિત વૃત્તાંત કહી આપ્યું. તે સાંભળી રાજા, એકદમ પુત્રોને ભેટી પડયો. પોતાના ખોળામાં બેસારી મસ્તક પર ચુંબન કર્યું. રાજાના નેત્રોમાંથી હર્ષના આંસુ છૂટવા લાગ્યાં. રડતા સ્વરે રાજાએ સભાના લોકોને કહ્યું : આ બન્ને મારા પુત્રો છે. ગુરુની કૃપાથી આજે તે વિયોગી પુત્રોનો મેળાપ થયો છે. એમ કહી ગોકુળપતિને કુમારના રક્ષણ કરવાના બદલામાં ઘણો શિરપાવ આપી, માનપૂર્વક વિસર્જન કર્યો.

બીજે દિવસે રાજકુમારોને સાથે લઈ રાજા ગુરુ પાસે ગયો, અને પુત્રોનો મેળાપ થવાના શુભ સમાચાર નિવેદિત કર્યા. ગુરુએ કહ્યું : રાજન્ આ કાર્ય તો શું ? પણ ધર્મના પ્રભાવથી અસાધ્ય કાર્યો પણ સિદ્ધ થાય છે, થોડા દિવસમાં તમારી રાણીનો પણ મેળાપ થશે. ધર્મનો પ્રભાવ કલ્પવૃક્ષના માહાત્મ્યને પણ હઠાવે તેવો છે.

ધર્મ, દુઃખને દૂર કરે છે. સુખ મેળવી આપે છે. સમાધિ ઉત્પન્ન કરે છે. ઇચ્છિત વસ્તુ આપે છે અને વિપત્તિમાંથી બચાવ પણ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરુના વચનથી, તેમજ પ્રત્યક્ષ પુત્રરૂપ ફલપ્રાપ્તિથી, રાજાને ધર્મ ઉપરની શ્રદ્ધા મજબૂત થતી ચાલી. વિશેષ સંવેગ પામી ભાવનાની વિશુદ્ધિપૂર્વક, ગૃહસ્થધર્મમાં વધારે આદર-વાળો થયો. ગુરુને નમસ્કાર કરી રાજા પોતાના મહેલમાં આવ્યો.

હવે રાણી શીળવતીની સ્થિતિ શું થઈ તે તરફ નજર કરીએ. શીળવતીનું હરણ કરવા માટે દેહલ વણિકે તેણીને પોતાના વહાણ ઉપર ખેંચી લીધી. શીળવતીએ તેના પંજામાંથી છૂટવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તે સર્વ નિરર્થક ગયો. તેના હાથમાંથી છૂટી ન શકી એટલે તેણીએ વહાણમાં પડતું મૂકયું. મૂર્ચ્છાથી તેણીના નેત્રો મીંચાઈ ગયાં. સમુદ્રના શીતળ પવનથી કેટલીક વારે જાગૃત થઈ. અતિ દુઃસહ વિરહદુઃખથી દુઃખી થઈ વિલાપ કરવા અને મદદ માગવા લાગી.

હે સમુદ્રદેવતાઓ? વહાણાધિષ્ઠિત દેવીઓ! હે સજ્જનો! કોઈ પણ મારું રક્ષણ કરવા સમર્થ હો તો મારું હરણ કરનાર આ પાપીના હાથથી મને છોડાવો.

હે પુત્રી વત્સલ પિતા! સ્નેહી સસરા! હૃદયવલ્લભ સ્વામી! આ નિરાધાર સ્થિતિમાં આવી પડેલી તમારી વલ્લભાનું રક્ષણ કરો. રક્ષણ કરો.

ઇત્યાદિ મોટે સ્વરે વિલાપ કરતી રાણીને દેખી. હાથ જોડી નમસ્કાર કરતો દેહલ બોલવા લાગ્યો, ઓ સુંદરી! તું રુદન નહિ કર. મારી વિનંતિ તો તું સાંભળ ક્ષણવાર તું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વસ્થ થા. મારા કહેવાનો પરમાર્થ તું અવધારણ કર. હું તારો સેવક છું અને હું જ તારું રક્ષણ કરનાર છું. તું મારા પર પ્રસન્ન થા. આ સર્વ મિલ્કતની માલિકિણી તું જ થવાની છે. વિખવાદ નહિં કર. તારા આત્માને સમાધિમાં સ્થાપ. કામ અગ્નિથી હું બળી રહ્યો છું, તેને તારા સમાગમથી તું શાંત કર. હે મૃગાક્ષી! મારા પર કરુણા કરીને પણ આ મારી વિજ્ઞપ્તિ તું માન્ય કર.

આ શબ્દો સાંભળતાં જ અબળા પણ સિંહણની માફક રૌદ્રસ્વરૂપ ધારણ કરી. ભયંકર ભ્રૂકુટી ચડાવી, ક્રોધથી લાલ નેત્રો કરી, અધરને સ્ફુરાવતી કઠોર શબ્દોથી શીળવતી બોલવા લાગી; અરે નિર્ધર્મ! નિર્ઘૃણ! કલીબ, નરાધમ, નિર્વિવેકી, નફટ, નિર્લજ્જ, નિર્ભાગ્યશેખર! તું મારી દૃષ્ટિથી દૂર થા. અરે, અજ્ઞાની! તું તારા પોતાના સ્વભાવ આગળ મારા અંતઃકરણની કિંમત આંકી શકયો નથી. નહિતર આવું કર્ત્તવ્ય ન જ કરત. એકવાર તું બોલ્યો તે બોલ્યો પણ હવે આવા શબ્દો તું ફરીને ન ઉચ્ચારીશ અને તારા આત્માને ઘોર નરકના ખાડામાં ન નાખીશ. ઇત્યાદિ શીળવતીના નિર્ભ્રંછનાવાળા વાક્યોથી દેહલ મૌનપણું લઈ એક બાજુ ઊભો રહ્યો.

શીળવતી પણ પોતાની લોભવૃત્તિને ધિક્કારવા લાગી. હે પ્રભુ! હું કેવી ઠગાઈ છું. લોભવૃત્તિથી આ કપટી વણિકની કપટજાળ હું જાણી ન શકી! ખરેખર મને સ્વાધીન કરવાને માટે જ આ વિશેષ દ્રવ્ય આપતો હતો. તે વાતની ખબર મને તો અત્યારે તેના કર્ત્તવ્ય અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલવા પરથી જ પડી ! હા ! હા ! લોભાંધ મનુષ્યો કેવી જાળમાં ફસાય છે ? તેના પર કેવી વિપત્તિ આવે છે ? ખરે, થયું તે ખરું પણ હવે મારે કેવી રીતે મારા શિયળનું રક્ષણ કરવું ? આ વિચારમાં તેણી થોડો વખત શૂન્ય થઈ ઊભી રહી. કેટલોક વખત જવા બાદ પ્રબળ વિચાર–યાને દૃઢ સંકલ્પ કરી તેણી એકદમ મોટે સ્વરે બોલી ઊઠી.

"આજ પર્યંત મારું શિયળ નિર્મળ યાને દૃઢ હોય તો હે દેવ ! અગર દાનવ ! સત્યને મદદ કરનારા પવિત્ર આત્માઓ ! મને શિયળ પાળવામાં અવશ્ય મદદ આપો. હમણાં જ મદદ આપો. સત્યને આધારે જ પૃથ્વી ટકી રહી છે. મને હમણા જ મદદ મળવી જોઈએ." આ પ્રમાણે એક ધ્યાને અને પવિત્ર હૃદયે શીળવતીનું બોલવું પૂર્ણ થતાં જ સમુદ્રાધિષ્ઠાતા દેવી પ્રગટ થઈ દેહલને કહેવા લાગી.

ઓ મૂઢ ! દુરાચારી ! આ શીળવતીને બહેન સમાન ગણી, તેના પતિને પાછી સોંપીશ તો જ તારું જીવિતવ્ય છે, નહિંતર યાદ રાખ, હમણાં જ તારું બલિદાન કરી નાંખું છું. આ પ્રમાણે આકાશમાંથી આવતાં દેવીનાં વાકયો સાંભળતાં જ, ભયભ્રાંત થયેલો દેહલ–પોતાના પ્રાણ બચાવવા માટે શીળવતિના ચરણમાં નમી પડયો. તરત જ તેણીને બહેનપણે અંગીકાર કરી, દેવીનું વચન માન્ય કર્યું.

તે દિવસથી શીળવતીને બહેન સમાન ગણી, ભોજન આચ્છાદનાદિકની ચિંતા યાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખબર રાખવા લાગ્યો, દેહલ અનુક્રમે સમુદ્રમાર્ગે પોતાને ઇચ્છિત બંદરે પહોંચ્યો, ત્યાંથી વેપારમાં ઘણું દ્રવ્ય ઉપાર્જન કરી પાછો ફર્યો. વહાણો પોતાના દેશ તરફ હંકાર્યા પણ પવન પ્રતિકૂળ થતાં તે વહાણો જયવર્ધનપુરના બંદરે આવી પહોંચ્યાં.

વહાણો ઊભા રાખી, મોટું ભેટણું લઈ, શ્રેષ્ઠિ દેહલ રાજાને જઈ મળ્યો. રાજાએ પણ તેનું વિશેષ પ્રકારે ગૌરવ કર્યું. દ્વીપાંતરમાં બનેલી દીઠેલી અને સાંભળેલી વિગેરે વાર્તાલાપમાં, રાજા તે શ્રેષ્ઠિ સાથે એટલો બધો આસક્ત થયો હતો કે, રાત્રિનો એક પહોર વ્યતીત થઈ ગયો. છેવટે દેહલે રાજાને કહ્યું : સ્વામિન્ મારા વહાણમાં દ્રવ્ય ઘણું છે, માલિક સિવાય દ્રવ્યરક્ષણની ગરજ બીજાને તેટલી ન હોય તે સ્વાભાવિક છે માટે મને રજા આપો. હું પ્રભાતે પાછો આપની પાસે આવીશ.

ભવિતવ્યતાના નિયોગથી રાજાએ સ્વાભાવિક શ્રેષ્ઠિને કહ્યું : તમે ચિંતા ન કરો. હું મારા પ્રતીતિવાળા માણસોને તેનું રક્ષણ કરવા મોકલું છું. અને તમે તો રાત્રિએ અહીં જ રહો.

રાજાના આગ્રહથી શ્રેષ્ઠિએ તેમ કબૂલ કર્યું. એટલે રાજાએ પોતાની પ્રતીતિવાળા માણસોને વહાણના રક્ષણ માટે મોકલ્યા. અનુકૂળ કર્મના કારણથી સમુદ્રમાં રહેલાં મોટાં વહાણો જોવાની ઇચ્છા રાજકુમારોને થઈ. કુમારોએ હઠ લીધી કે–પિતાજી ! તે વહાણો જોવા જવા અમને આજ્ઞા આપો. કુમારોના આગ્રહથી પોતાના માણસો સાથે બન્ને કુમારોને ત્યાં જવા આજ્ઞા આપી.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

બન્ને કુમારો સમુદ્રને કિનારે આવ્યા. આજુબાજુનાં વહાણો દેખ્યાં. અને સામાન્ય રીતે તપાસ્યાં. વખત ઘણો થઈ જવાથી રાત્રિએ ત્યાં જ સૂઈ રહેવાનો નિશ્ચય કરી, બન્ને કુમારો તે શ્રેષ્ઠીના મુખ્ય વહાણની પાસે નજીકમાં સૂતા.

રાત્રિના ચોથા પહોરે નાનો ભાઈ જાગૃત થઈ, મોટા ભાઈને કહેવા લાગ્યો. ભાઈ! ઠંડી વિશેષ લાગે છે–હજી રાત્રી બાકી છે, તો એક આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવી સુંદર કથા કહે. જેથી પાછલી રાત્રિ સુખે પસાર થાય.

મોટાભાઈએ કહ્યું–બંધુ! આશ્ચર્ય કરવાવાળું તો આપણું જ ચરિત્ર છે. તે જ તને સંભળાવું. બીજાનાં ચારિત્રો સાંભળવાથી શું ફાયદો છે? નાનાભાઈએ તેમ કરવા હા કહી એટલે મોટા કુમારે પોતાની બનેલી હકીકત સર્વ જણાવી–જેમાં વડીલ પિતા તરફના અપમાનથી રાજ્ય મૂકી દેશપાર થવું પોતાની માતાનું ગુમ થવું ત્યાંસુધી સર્વ હકીકત કહી સંભળાવી.

દેશપાર થવાના વખતમાં નાનો કુમાર બાળક હતો તેથી માતાની પૂર્વની સ્થિતિનું ભાન ન હતું. ત્યાર પછીની હકીકતથી તે માહિતગાર હતો. પોતાની પાછળનો વૃત્તાંત સાંભળી નાના કુમારને ઘણું આશ્ચર્ય અને ખેદ થયો.

મોટા કુમારે કહ્યું : બંધુ! આપણી માતાની શોધ કરવામાં પિતાશ્રીએ કાંઈ કચાશ રાખી નથી. તેની શોધ કરતાં તેઓ નદીમાં તણાઈ ગયા. આપણે બન્ને જુદે જુદે નદીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કિનારે રહ્યા. આપણા પર દયા લાવી ગોવાળીઆએ ઊછેરીને મોટા કર્યા. આપણા પિતાશ્રીને રાજ્ય મળ્યું અને આપણે પણ પુન્ય સંયોગે તેઓને જઈ મળ્યા. પણ હજી આપણાં માતાજી શીળવતીનો કયાંય પત્તો લાગતો નથી તે જો આવે વખતે આવી મળે તો આપણને કેટલો આનંદ થાય?

દુઃખી કે વિયોગી મનુષ્યોને પૂર્ણ ઊંઘ કયાંથી હોય? પાછલી રાત્રિથી જાગૃત થયેલી શીળવતીએ, આપસમાં વાર્તાલાપ કરતા બન્ને કુમારોનું વૃત્તાંત સાંભળ્યું–કેમકે નજીકના વહાણમાં જ તે હતી. તેણીના હર્ષનો પાર ન રહ્યો. ગાય જેમ વિયોગી વાછડાને ભેટવા માટે દોડે છે તેમ, હર્ષઘેલી રાણી પોતાના વિયોગી પુત્રોને જાણીને મળવા માટે ઊઠી. વહાણથી બહાર નીચે આવી. પુત્રોને દેખી રાણી બોલી ઊઠી : મારા વ્હાલા પુત્રો! તમોને દુઃખમાં મૂકી ગુમ થયેલી તમારી નિર્ભાગી માતા આ રહી અને તે હું પોતે જ છું, હર્ષથી તમે તેના બોળામાં આવી બેસો. પોતાની માતાના શબ્દો સાંભળતાં અને નજરે જોતાં, બન્ને કુમારો દોડીને માતાને ભેટી–વળગી પડયા. રાણીએ તેઓને બોળામાં બેસારી હર્ષ અને ખેદના આવેશથી ગળું મોકળું મૂકી એટલું બધું રૂદન કર્યું કે કુમારો સહિત વહાણનાં લોકો રડવા લાગ્યાં.

રાજનાં માણસો ત્યાં જ હતાં તેમણે રાણીને ઘણું સમજાવી. બાઈસાહેબ! આ અવસર આપને માટે પૂર્ણ હર્ષનો છે તો તે ઠેકાણે આપ ખેદ નહિ કરો–વિગેરે. એ અવસરે કેટલાંએક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માણસો દોડતા રાજા પાસે ગયાં, અને રાણી વહાણમાં હોવાની વધામણી આપી. રાજા તત્કાળ ત્યાં આવ્યો. રાજાના આનંદનો પાર ન રહ્યો. હર્ષથી તેનાં રોમ વિકસિત થઈ. આનંદ બહાર નીકળવા લાગ્યો. રાજા–રાણીને ભેટી પડયો અને હૃદયમાં ભરેલા દુઃખ તથા વિયોગને, હર્ષના આંસુદ્વારા બહાર કાઢયાં. રાજાએ શહેર શણગાર્યું. મોટા મહોત્સવપૂર્વક રાણીનો શહેરમાં પ્રવેશ થયો રાણી એક હાથણી ઉપર બેઠી હતી તેના શરીરનો ગૌર વર્ણ કાળા મેઘ ઉપર રહેલી (સાથે રહેલી) વીજળીની માફક શોભતો હતો. બન્ને કુમારો પાસે બેસી રાણીનો ચામર વિંઝતા હતા. લોકો દેવીની માફક રાણીને આશ્ચર્ય દૃષ્ટિથી નીહાળતા હતા.

અહા! કર્મની કેવી વિચિત્ર રચના! દુનિયામાં કેવી અનિશ્ચિત સ્થિતિ! ક્ષણમાં શોક અને ક્ષણમાં આનંદ! આ જ શુભાશુભ કર્મોનો વિપાક આ જ પુણ્ય પાપનાં ફળ. ખરેખર વિચારવાનોએ જાગૃત થવું જોઈએ, અને જીવન સુખમય બનાવવું જોઈએ.

રાજકુટુંબમાં આનંદ છવાઈ રહ્યો. રાજાને જે આનંદ થયો હતો તે તો તે જ જાણતો હતો. રાજાએ સર્વ વૃત્તાંત જણાવવા રાણીને કહ્યું : રાણીએ ઉત્તરમાં જણાવ્યું–પ્રથમ આ દેહલ વણિકને અભયદાન આપવાનું આપ વચન આપો એટલે હું બધું વૃત્તાંત જણાવું. રાજાએ તેમ કરવા હા કહી એટલે રાણીએ પોતાનું હરણ કરવું, દેવીનું આગમન, બહેનની માફક વર્તન કરવાનું કરવું અને તે પ્રમાણે દેહલનું આજ પર્યંત પાળવાનું સર્વ વૃત્તાંત જણાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાને દેહલ પર ગુસ્સો તો ઘણો આવ્યો, પણ વચનથી બંધાયેલ હોવાથી, તેના સર્વસ્વ સાથે દેહલને દેશપાર કરી જીવતો મૂકી દીધો. તે દિવસથી રાજા, રાજ્ય સુખને સુખ તરીકે માનવા લાગ્યો. કેમકે હૃદયને નિવૃત્તિ તે જ પરમ સુખ છે. તે સિવાયનું સુખ પણ દુઃખરૂપ છે. કષ્ટ આવ્યે ઉદ્વિગ્ન ન થવું, વૈભવ મળવાથી અહંકારી ન થવું અને પ્રભુતા મળવાથી તુચ્છતા ન કરવી તે જ મહાન્ પુરુષોનું ઉત્તમ વ્રત છે. રાજઅવસ્થામાં પણ વિરક્તદશાએ કેટલાક દિવસ પર્યંત નરવિક્રમ રાજાએ રાજ્યનું પાલન કર્યું તે અરસામાં ભાવનાથી પવિત્ર શ્રાવક-ધર્મની ટોચ ઉપર તે રાજા પહોંચ્યો હતો. છેવટે સર્વથા વિરક્ત થઈ, સદ્ગુરુ પાસે નિર્મળ ચારિત્રધર્મ અંગીકાર કર્યો. વિશુદ્ધ ભાવે ચારિત્રનું આરાધન કરી, નરવિક્રમ રાજા મહેન્દ્રકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં દૈવિકવૈભવ ભોગવી, ત્યાંથી ચ્યવી વિદેહક્ષેત્રમાં ઉત્તમકુળે જન્મ પામ્યો. યોગ્ય વયે ચારિત્ર લઈ, સર્વ કર્મનો નાશ કરી, નરવિક્રમ નિર્વાણપદ પામ્યો.

આ પ્રમાણે મહાઅર્થવાળો પણ સંક્ષેપમાં ભાવનામય ધર્મ મેં તમોને સંભળાવ્યો. ભાવનાધર્મ શાશ્વત સુખનું પરમ કારણ છે માટે વારંવાર તેમાં આદર કરવો.

સુદર્શના ! મનુષ્યોનું આયુષ્ય સ્વલ્પ અને અનેક ઉપાધિથી ભરપૂર છે, માટે ધર્મમાં આદર કરવા માટે ભાવી કાળની રાહ ન જોવી. ટૂંકામાં ચાર પ્રકારનો ધર્મ તમારે લાયક મેં સંભળાવ્યો છે. વળી વિશેષમાં કહેવાનું એટલું છે કે—આ વિમળ નામનો પહાડ સમુદ્રના કિલ્લાની

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વચમાં આવેલો છે. વળી વિશેષ પ્રકારે નિર્જન સ્થાન છે. આ રમણિક પ્રદેશ, દેવો, સિદ્ધો, યક્ષો અને વિદ્યાધરોને ક્રીડા કરવામાં સ્થાનસમાન છે. આવે સ્થળે કોઇક ધર્મનું સ્થાન હોય તો ક્રીડાદિમાં પ્રમાદી, દેવ, દાનવાદિને પણ કાંઇક જાગૃતિ આપવાનું કે આત્મિકકલ્યાણ કરવામાં સહાયક તરીકે નિમિત્ત થઈ શકે. તું ધર્મની જાણકાર છે. સંસારી જીવો નિમિત્તવાસી છે. નિમિત્ત પ્રમાણે પ્રવૃત્તિ કરનારા છે તો અહીં એક મુનિસુવ્રતસ્વામીનું જો મંદિર–દેવાલય હોય તો અહીં આવનાર અનેક જીવોને શુભ આલંબનરૂપ થઈ શકે. થોડો વખત પણ તેઓ પોતાની જિંદગીનો શુભ માર્ગમાં વ્યય કરી શકે. ગૃહસ્થોને ધન પામ્યાનું સાર્થકપણું આ જ છે કે અનેક જીવોને શુભ આલંબનો મેળવી આપવાં. અસ્થિર દ્રવ્યથી જો ઘણા લાંબા વખત ચાલે તેટલું, અને નિર્વૃત્તિના માર્ગમાં સહાયક–મદદગાર થાય તેવું ફળ થઈ શકતું હોય તો પછી બુદ્ધિમાનોએ તેમ શા માટે ન કરવું જોઈએ ?

ગુરુમહારાજના ઉપદેશ અને આશયનો વિચાર કરતાં સુદર્શનાને તે સ્થળે એક જિનમંદિર બાંધવું ઘણું જ ઉપયોગી જણાયું. તરત જ પોતાની સાથે રહેલા સૂત્રધારોને બોલાવી નજીકમાં યોગ્ય સ્થળે એક જિનમંદિર બાંધવા માટે આજ્ઞા આપી. પોતાના વહાણોમાં સામગ્રી પૂરતી હતી. માણસો પણ પૂરતાં હતાં. જૈનશાસ્ત્ર–નિપુણ ઋષભદાસ શ્રેષ્ઠિ સાથે જ હતો. પૈસાની કાંઈ ખોટ ન હતી. થોડા જ દિવસમાં એક ભવ્ય પ્રાસાદ તૈયાર થયો. મંદિર બહાર એક ભવ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાવ બનાવવામાં આવી. મંદિર તૈયાર થતાં તેમાં મુનિસુવ્રતસ્વામીજીની પ્રતિમા સ્થાપન કરવામાં આવી ઘણી ભક્તિથી સ્નાત્રાદિ ઓચ્છવ કરી, સુદર્શનાએ સપરિવાર મુનિસુવ્રત તીર્થંકરની પૂજા કરી.

મંદિર તૈયાર થતાં લાગેલા દિવસોમાં સુદર્શના, શીળવતી વિગેરે યોગ્ય જીવોએ મહાત્માશ્રી વિજયકુમાર મુનિ પાસેથી જૈનધર્મ સંબંધી ઘણું સૂક્ષ્મજ્ઞાન સંપાદન કર્યું તેમ જ વ્રત, નિયમાદિ યોગ્ય અભિગ્રહો ગ્રહણ કર્યા.

મુનિશ્રી વિજયકુમાર પણ આ પ્રમાણે અનેક જીવોને યોગ્ય ઉપકાર કરી અર્થાત્ ધર્મમાં જોડી આત્માને કૃતાર્થ માનવા લાગ્યા.

આ બાજુ શીળવતી, સુદર્શના, ઋષભદત્ત વિગેરે વિજયકુમાર મુનિને વંદન કરી વિમળ પર્વતથી નીચે ઉતર્યાં અને પરિવારસહિત વહાણમાં બેસી ભરૂયચ્ચ તરફ પ્રયાણ કર્યું.

વિજયકુમાર મુનિ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી, નિર્વાણપદ પામ્યાં.

P.P. Ac: Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૦ મું

ભરૂયચ્ચ અને ગુરુદર્શન

છઠ્ઠા પ્રકરણમાં ચંપકલતાએ, ચંડવેગ મુનિને જે પ્રશ્ન કર્યા હતો "આ વિમળપર્વત પર જિનમંદિર કોણે બંધાવ્યું? બંધાવવાનું કારણ શું? અને કેવા સંયોગોમાં બંધાવ્યું હતું" તે પ્રશ્નનું નિરાકરણ અહીં થઈ જાય છે. હવે બાકી રહેલું સુદર્શનાનું ચરિત્ર–(ગિરનારના પહાડ પર રહેલ અપ્સરા ધનપાળ આગળ કહે છે. અને ધનપાળ પોતાની પત્ની આગળ) કહે છે.

સુદર્શનાનાં વહાણો સમુદ્રમાં આગળ વધ્યાં અને જેમ ગીતાર્થ મુનિઓ સંસારસમુદ્રનો પાર ઘણી ઝડપથી પામે છે, તેમ વહાણો ઝડપથી સમુદ્રનો પાર પામી નર્મદા નદીના બારામાં પેઠાં.

છત્ર અને ધ્વજાઓના ફડફડાટ ચામરો અને કિંકણીઓના ઝણઝણાટ અને વાજીંત્રોના રણરણાટ કરતાં વહાણો કિનારાની નજીક આવવા લાગ્યાં.

વાજીંત્રોના શબ્દો સાંભળતાં જ નગરના લોકો ભય પામ્યા. તેઓના મનમાં એમ ભ્રાંતિ થઈ કે–સિંહલદ્વીપનો રાજા આપણા પર ચડી આવ્યો છે. જિતશત્રુ રાજાને પણ આ જ વિચાર થયો. રાજાએ તરત જ સેનાપતિને હુકમ આપ્યો સેનાપતિ! ઘોડાઓ પાખરો, ગજેંદ્રો તૈયાર કરો, સુભટોને સનદ્ધબદ્ધ કરો. રણનાં વાજીંત્ર વગાડો. શસ્ત્રો સજજ કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજનો હુકમ થતાં જ સૈન્ય તૈયાર થયું. સૈન્યની સાથે રાજા લશ્કરી પોશાકમાં બંદર ઉપર આવી પહોંચ્યો. રણરસિક યોદ્ધાઓનો બંદર ઉપર મહાન કોલાહલ મચી રહ્યો.

કિનારા પર સર્વ સૈન્ય તૈયાર થઈ ઊભેલું દેખી, રાજકુમારી સુદર્શનાએ ઋષભદત્તને પૂછયું : ભાઈ! આ કિનારા પર યુદ્ધના જેવો દેખાવ આપતું સૈન્ય કેમ ઊભું છે?

શ્રેષ્ઠીએ કહ્યું : રાજકુમારી! આ સામે લશ્કરી પોશાકમાં સજ્જ થઈ ઉભેલો લાટ દેશનો રાજા જિતશત્રુ છે. તે ઘણો ઘણો ધર્મિષ્ઠ પુરુષ છે. ટૂંકામાં જ તેના ગુણનું વર્ણન કરતાં હું આપને કહું છું કે એક મહાપુરુષની ગણત્રીમાં ગણાય છે. તમારા પિતા ચંદ્રોત્તર રાજાથી તે નિરંતર ભય પામતો રહે છે. તમારા વાજીંત્રના નાદથી તેણે એમ જાણેલું હોવું જોઈએ કે સિંહલદ્વીપનો રાજા આપણા પર ચડી આવ્યો છે અને તેથી સૈન્ય સાથે સંગ્રામ માટેની તૈયાર કરતો જણાય છે.

સુદર્શનાએ જરા વિચાર કરી કહ્યું–ભાઈ! તમે જલ્દી કિનારે જાઓ અને મારું આગમન જે નિમિત્તે થયું છે તે રાજાને નિવેદિત કરો; નહિતર થોડી વારમાં અનર્થ થશે.

રાજકુમારીની આજ્ઞા માન્ય કરી, તરત જ એક નાની હોડીમાં બેસી તેના ઉપર વહાણવટી વ્યાપારીનો વાવટો ચઢાવી ઋષભદત્ત જિતશત્રુ રાજા પાસે આવી પહોંચ્યો.

દૂરથી રાજાને નમસ્કાર કરી ઋષભદત્ત રાજકુમારીના આવવાનું કારણ રાજાને જણાવે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. તેટલામાં વહાણો પણ બંદરમાં પહોંચ્યાં. નિર્યામકોએ વહાણો ઊભા રાખ્યાં, સઢો ઉતાર્યા અને નાંગરો નંખાયાં. નાના પ્રકારનાં મંગલિકો કરવાપૂર્વક રાજકુમારી શિયળવતી સહિત નીચે ઉતરી અને પાલખીમાં બેસી જિતશત્રુ રાજા જ્યાં ઊભો હતો તે તરફ ચાલી.

કુમારી આવી પહોંચવા પહેલાં ઋષભદત્તે ટૂંકામાં તેના આવવાનું પ્રયોજન કહી બતાવ્યું હતું. કુમારીનું આગમન જે નિમિત્તે થયું હતું તે જાણી રાજા ઘણો ખુશી થયો અને પોતાની સ્વધર્મી બહેન જાણી તેણીનો ઘણો સત્કાર કર્યો.

સુદર્શના સાથે પોતાની પુત્રી શીળવતી હતી તેને દેખી લાંબા વખતના તેણીના વિયોગથી દુઃખી થયેલો રાજા ઘણો હર્ષિત થયો. સુદર્શના અને શીળવતીએ પાલખીથી નીચાં ઊતરી રાજાને નમસ્કાર કર્યો. રાજાએ પણ સામા નમસ્કાર કરી ધર્મસ્નેહ જણાવ્યો. પોતાની ભાણેજી અને સુદર્શના બન્નેને સુખશાંતિ પૂછવાપૂર્વક ઘણી મમતાથી રાજાએ બન્નેને બોલાવ્યાં.

એ અવસરે ઋષભદત્તે રાજાને નમસ્કાર કરી કહ્યું : મહારાજ, સિંહલદ્વીપના રાજાએ મારી સાથે આપને જે કાંઈ સમાચાર કહેવરાવ્યા છે તે આપ ધ્યાન દઈ શ્રવણ કરશો.

(મારા મુખથી આપના ઉત્તમ ગુણો સાંભળી તે રાજાએ આપના છતા ગુણની સ્તુતિ કરી છે.) નિર્મળ કુળમાં પેદા થયેલા, શિયળવાન્ જાતિવાન્ ગુણવાન્ ન્યાયી ધર્મધુરંધર સમ્યક્ત્વવાન પૃથ્વીને વિષે તિલક સમાન મહારાજા જિતશત્રુ ! હું વારંવાર અભ્યર્થના કરું છું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે–આ મારી પુત્રી સુદર્શના મારા જીવિતવ્યથી પણ અધિક છે. જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વજન્મમાં અનુભવેલાં દુઃખને દેખી સંસારવાસથી ભય પામેલી છે. ઇષ્ટવિષયસુખનો તેણીએ ત્યાગ કર્યો છે. પરમ સંવેગરસમાં નિમગ્ન છે અને મહાન શ્રદ્ધાથી ધર્મ અર્થે જ તમારા શહેરમાં આવે છે માટે હે ધર્મિષ્ઠ રાજા! તેણીના સંબંધમાં જેમ યોગ્ય લાગે તેમ યોગ્ય વર્તન કરશો.”

ઇત્યાદિ ચંદ્રોત્તર રાજાનો સંદેશો સાર્થવાહના મુખથી સાંભળી જિતશત્રુ રાજાએ કહ્યું–સાર્થવાહ! ઉપગાર કરનારના ઉપર ઉપકાર કરવો તે કાંઈ સત્પુરુષોનું લક્ષણ નથી. પણ પ્રથમથી જ નિરપેક્ષ થઈ જે પહેલો ઉપકાર કરે છે તે વીરપુરુષો દુનિયામાં વિરલા છે. અને ખરેખર પરોપકારી પણ તે જ કહેવાય છે. ઉપકાર કરનાર ઉપર ઉપગાર કરવો તે ઉછીનું લઈને પાછું આપવા બરોબર છે અને તે પ્રમાણે તો દુનિયાના મોટા ભાગનું વર્તન હોય છે જ.

સિંહલદ્વીપનો અધિપતિ, મહાસત્ત્વવાન્ અને ઉત્તમ પુરુષ છે. તેણે મારી ભાણેજીને (શીળવતીને) કુશળક્ષેત્રે અમને પાછી સોંપી છે, તો પ્રથમ ઉપકાર કરનાર સિંહલપતિનો હું શું ઉપકાર કરું?

આ મારી રાજ્યરિદ્ધિ સર્વ તેને સ્વાધીન કરું તોપણ તેના ઉપકાર આગળ થોડી જ છે, છતાં એક દિવસમાં અશ્વ જેટલું દોડે અને હાથી બીજી બાજુ દોડે તેટલું રાજ્ય રાજકુમારી સુદર્શનાને હું ભેટ તરીકે આપું છું. તેનો ઉપભોગ તે રાજકુમારી જ કરો. આ પ્રમાણે કહી

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ પૂર્વ દિશા તરફ એક અશ્વ દોડાવ્યો. અને દક્ષિણ દિશા તરફ સૂર્ય અસ્ત થાય ત્યાં સુધી એક હાથીને દોડાવ્યો. સૂર્ય અસ્ત થતાં જ્યાં ઘોડો ઊભો રહ્યો, ત્યાં રાજાએ ઘોટકપુર નામનું શહેર વસાવવા અને જ્યાં હાથી ઊભો રહ્યો ત્યાં હસ્તીપુર શહેર વસાવવા આજ્ઞા આપી અને ત્યાંસુધીની જમીનનો ઉપભોગ કરવાનો હક સુદર્શનાને આપ્યો. આ હકમાં રાજાએ આઠ બંદર અને આઠ સો ગામ સુદર્શનાને આપી, પોતાની સાધર્મિક વાત્સલ્યતા યાને સજ્જનતા બતાવી આપી.

ચંદ્રોત્તર રાજાએ ભેટ મોકલાવેલ વહાણો સાર્થવાહે જિતશત્રુ રાજાને સોંપ્યાં.

પ્રવેશમહોચ્છવ માટે રાજાએ શહેર શણગાર્યું. નાના પ્રકારનાં વાજંત્રોના મધુર નાદ સાથે શહેરમાં પ્રવેશ થયો. સુદર્શનાએ પ્રથમ, પરમ ઉપકારી ગુરુને વંદન કરવાનો પોતાનો અભિપ્રાય રાજાને જણાવ્યો. તેણીની ઇચ્છાને આધીન થઈ સર્વ જનમંડળ તે તરફ ચાલ્યું.

સુદર્શના કોણ છે? અહીં શા માટે આવી છે? આ વાત આખા શહેરમાં વીજળીની ઝડપે ફેલાણી. હજારો લોકોનાં ટોળાં તેણીને જોવા માટે મળ્યાં. રસ્તાઓ મનુષ્યોથી ખીચોખીચ ભરાઈ ગયા.

રસ્તામાં મળેલા લોકો તેની સ્તુતિ કરતા હતા. આપસમાં તેની જ વાર્તા કરતા હતા. કોઈ તેની અનુમોદના કરતા હતા. અહા! ધન્ય છે આ રાજકુમારીને! પૂર્વ-જન્મમાં તો આ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સમળી હતી, પણ નવકારમંત્રના પ્રતાપથી તે રાજકુમારી થઈ છે અને આટલી બધી ઋદ્ધિ પામી છે. રાજકુમારીને દેખી તેના ચરિત્રથી અનેક જીવો બોધ પામતા હતા. નવકાર મંત્રનો મહિમા પ્રગટ થતો હતો. મુનિઓ પરમ ઉપકારી છે તેનું ભાન અનેક જીવોને થતું હતું. વિચારવાન્ જીવો આવા પ્રત્યક્ષ દાખલાથી મિથ્યાત્વ સ્વભાવને બદલાવતા હતા. ઉન્માર્ગે ચાલનારાઓ આ કુમારીના દૃષ્ટાંતથી સન્માર્ગે ચાલવાનો નિર્ણય કરતા હતા. ધર્મીષ્ઠ મનુષ્યો ધર્મનું માહાત્મ્ય દેખી ધર્મમાર્ગમાં વિશેષ પ્રયત્નવાન્ થતા હતા. આ પ્રમાણે અનેક જીવોને નિમિત્તકારણ થઈ આંતરિક ઉપકાર કરતી સુદર્શના પૂર્વજન્મમાં દીઠેલા ઉદ્યાન તરફ ચાલી. રાજા પ્રમુખ સર્વ પરિવાર સાથે જ હતો.

કોટર નામનું ઉદ્યાન નર્મદા નદીના કિનારા પર આવેલું હતું. ઉદ્યાનમાં પહોંચતાં એક મજબૂત વડવૃક્ષ સુદર્શનાના દેખવામાં આવ્યો. આ વડવૃક્ષ અનેક પંખીઓની નિવાસભૂમિ સમાન હતો. તેની જડો જમીનમાં ઘણી ઊંડી ગયેલી હતી, અનેક શાખા પ્રશાખાઓ, ઘટાદાર પત્રો, વિસ્તારવાળો ઘેરાવો અને ઘાટી છાયાથી સુંદર દેખાવ સાથે અનેક જીવોને તે ઉપકારી હતો.

પૂર્વે સમળીના ભવમાં સુદર્શના આ વૃક્ષ પર રહેતી હતી તે વૃક્ષને દેખી લાંબો નિસાસો મૂકી સુદર્શના ચિંતવવા લાગી અહા! કેવો દુરંત સંસાર? અજ્ઞાનદશામાં બાંધેલ કર્મથી, નાના પ્રકારનાં શરીરો ધારણ કરી, સંસારી જીવો મારી માફક પરિભ્રમણ કર્યા જ કરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. હું પણ એક વખત આ અજ્ઞાની પંખીઓની જાતિમાં આ વડવૃક્ષ ઉપર રહેતી હતી ઇત્યાદિ વિચાર કરતી સુદર્શના આગળ ચાલી. થોડે છેટે જતાં જ સાધુઓને ઉતરવાનું–રહેવાનું સ્થાન તેના દેખવામાં આવ્યું. આ ઠેકાણે તે સમળીનું મરણ થયું હતું. તે સ્થાન દેખતા તેના વૈરાગ્યમાં વધારો થયો ત્યાંથી થોડે આગળ ચાલતાં પોતાના યોગ્ય સ્થાને બેઠેલા અનેક મુનિઓ તેણીના દેખવામાં આવ્યા.

કેટલાક મુનિઓ વીરાસન, પદ્માસન, નિદિધ્યાસન, ગોદોહિકાસન, ઉત્કટિકાસન, દંડાસન, વજ્રાસન વિગેરે આસને બેસી ધ્યાન કરી રહ્યા હતા. કેટલાક મુનિઓ ઊભા ઊભા કાયોત્સર્ગ કરતા હતા. કેટલાએક આતાપના લેતા હતા. કેટલાએક મુનિઓ નિકાચિત દુર્જય કર્મ–શત્રુઓને–હઠાવવા માટે છઠ્ઠ, અઠ્ઠમ, દસમ, દુવાલસ, અર્ધમાસ અને માસક્ષપણાદિ તપ કરી બેઠા હતા. કેટલાએક મુનિઓ ગુરુ પાસે સિદ્ધાંતની વાચના લેતા હતા. કોઈ સંશયવાળાં સ્થળોની શંકા પૂછતા હતા. કોઈ ભૂલી ન જવાય માટે વારંવાર શ્રુતનું પરાવર્ત્તન–ગણવાનું કરતા હતા. કેટલાએક મુનિઓ અંતરંગ શત્રુઓ જે કામ, ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રા, વિકથા, મોહ અને ઇંદ્રિયાદિના વિજય કરવાના વિચારમાં લીન થયેલા જણાતા હતા. કેટલાએક અસંયમ ક્રિયાથી બચવાનો ઉપાય શોધતા હતા. તો કોઈ રાગ–દ્વેષનો વિજય કરવાનો ઉપાય બીજા મુનિઓને પૂછતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાંસાની માફક નિર્લેપ, શંખની માફક રાગથી નહિ રંગાયેલા, જીવની માફક અપ્રતિબદ્ધ, આકાશની માફક નિરાલંબન, શરદ્ઋતુના જળની માફક નિર્મળ કમળ પત્રની માફક વિષય પંકથી નિર્લેપ, કાચબાની માફક ઇંદ્રિયોને વિષયોથી છુપાવનાર, ગેંડાના શૃંગની માફક એકાકી, ભારંડની માફક અપ્રમત્ત, હાથીની માફક બલવાન, વૃષભની માફક ઉપાડેલ સંયમભારનો નિર્વાહ કરનાર, સિંહની માફક પરીષહ પશુઓથી દુર્જય. મેરુપર્વતની માફક અક્ષોભ્ય, સમુદ્રની માફક ગંભીર ચંદ્રની માફક શીતળ–શાંત, સૂર્યની માફક તપઃતેજથી દેદીપ્યમાન, પક્ષીઓની માફક કુક્ષીશંબલ પૃથ્વીની માફક સુખ દુઃખાદિ સર્વ સહન કરનાર અને અગ્નિની માફક કર્મઇંધન બાળવામાં તત્પર. ઇત્યાદિ સિદ્ધાંતમાં કહેલી વિવિધ પ્રકારની ઉત્તમ ઉપમાને ધારણ કરનાર અનેક મુનિઓ ત્યાં દેખવામાં આવ્યા.

જ્ઞાન, ધ્યાન કરવામાં આસક્ત મુનિઓ બીજા ગુણવાન્ મુનિઓની વૈયાવૃત્યાદિ ભક્તિ કરી રહ્યા હતા. ઇત્યાદિ મુનિઓના પરિવારને દૃષ્ટિથી નિહાળતી હાથથી નમસ્કાર કરતી અને મનથી પ્રમોદ પામતી સુદર્શના આગળ ચાલી.

ચંદ્રને દેખી જેમ સમુદ્ર ઊછળે છે, તેમ ગુણાનુરાગથી તેનું હૃદય ઊછળવા લાગ્યું, તેનું મન અનુમોદન કરવા લાગ્યું, અહા! આ મુનિઓ જ કૃતાર્થ છે. ધન્ય છે તેઓને. આ જ ભાગ્યવાન્ જીવો છે. આવા સદાચારવાળા મુનિઓ જ સંસાર તરી શકે છે. આવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાત્માઓ જ કર્મસંઘાત દૂર કરી શકે છે વિષયાભિલાષનો દારૂણ વિપાક આ મહાપુરુષોએ જ જાણ્યો છે. ઉપશમભાવના જલપ્રવાહથી ક્રોધાગ્નિ આ મહાનુભવોએ જ બુઝાવ્યો છે. સંસારરૂપ વિકટ ઝાડીવાળી અટવીને બાળવાને તેઓ જ દાવાનળ સરખા છે. કર્મ સંતાનનું નિર્મંથન આમણે જ કર્યું છે. અહા ! આ કાર્ય પાછળ શરીરબળ પણ તેમણે શોષાવ્યું છે. તેઓ શરીરે દુર્બળ છતાં. મોહ વૃક્ષનું ઉન્મૂલન કરવાને ગજેંદ્ર તુલ્ય પ્રૌઢ વિચારવાન્ છે. સમગ્ર જંતુ-સંતાનનું પાલન કરવાને જેઓનું અંતઃકરણ કરુણામય થઈ રહ્યું છે, છતાં કંદર્પરૂપ હસ્તીના કુંભસ્થળ વિદારણ કરવાને સિંહસમાન પરાક્રમવાળા છે. મન, વચન, શરીરના યોગોનો નિરોધ કરવાવાળા છે, તથાપિ સંસારતાપથી તપેલા પ્રાણિગણોને, ધર્મદેશના આપી, શાંત કરવા માટે તે યોગનો સદ્ઉપયોગ કરે છે. ઉત્તંગ પયોધરવાળી યુવતિઓનો તેમણે ત્યાગ કરેલો છે તથાપિ તપ-લક્ષ્મી (સ્ત્રી) મેળવવાની તેઓ ગાઢ ઇચ્છાવાળા જણાય છે. અનેક રાજા, મહારાજાઓ, દેવ, દાનવો આ મહાત્માઓને નમસ્કાર કરે છે તથાપિ ઉત્કર્ષ–ગર્વ ન કરતાં સર્વ જીવોને તેઓ પોતાની માફક ગણે છે. આ મુનિઓએ કામને જીત્યો છે તથાપિ મોક્ષવધૂમાં તે વિશેષ સ્પૃહાવાળા જણાય છે. કેમકે આત્મિક પ્રયત્નથી સાધ્ય નિર્વાણ માટે તેઓ નિરંતર પ્રયત્ન કરતા હોય તેમ જણાય છે. તેમણે સર્વ સંગનો ત્યાગ કર્યો છે તથાપિ ચારિત્રધનનો તેઓ સંગ્રહ કરતા જ રહે છે. કુળ, બળ, રૂપ, શ્રુત, તપ, લાભ, ઐશ્વર્ય અને જ્ઞાનવાળા પોતે છે તથાપિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના મદ ઉપર તો ગજેંદ્ર પ્રત્યે કેશરીસિંહની માફક ગર્જારવ કરતાં તૂટી પડે છે.

સાધુઓને નમન કરી સુદર્શના આગળ ચાલી તેવામાં સ્વભાવથી જ વૈરભાવને ધારણ કરનાર પ્રાણીઓ, વૈરભાવનો ત્યાગ કરી એક સાથે શાંતપણે બેઠેલાં તેના દેખવામાં આવ્યાં. તેને દેખી રાજકુમારી મનમાં વિચારવા લાગી, અહા ! આવા તપસ્વીઓ ! જેઓને તૃણ અને મણિ પથ્થર અને સોનું. સુખ અને દુઃખ એ સર્વ ઉપર સમદૃષ્ટિ છે. આ સમભાવના પ્રભાવથી જ સ્વાભાવિક વૈરવિરોધવાળાં પ્રાણીઓ પોતાનો વૈરભાવ મૂકી દે છે. કેટલો બધો સમભાવનો પ્રભાવ ! આત્માની કેટલી અજાયબીવાળી શક્તિ ! અહા આજે જ મારો જન્મ પવિત્ર થયો. હું આજે જ કૃતાર્થ થઈ મારા જીવનમાં આજનો દિવસ કાયમને માટે યાદગાર રહેશે. ઇત્યાદિ વિચાર કરતી સુદર્શના થોડેક દૂર ગઈ. આગળ જઈને જુવે છે તો દેવગણથી ઘેરાયેલો (વીંટયેલો) જાણે ઇંદ્ર જ હોય નહિ, અથવા તારાગણથી પરિવરેલો ચંદ્ર જ હોય નહિં અથવા રાજવૃંદોથી ઘેરાયેલો ચક્રવર્તિ જ હોય નહિં તેવા અનેક મુનિ–વૃષભોથી અને જન–સમુદાયથી વિંટાએલા ધર્મોપદેશ આપતા જ્ઞાનભૂષણ નામના આચાર્ય મહારાજ સુદર્શનાના દેખવામાં આવ્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૧ મું

સદ્બોધ અને જ્ઞાનરત્ન

પવિત્ર ગુરુરાજનાં દર્શન થતાં જ સુદર્શનાના રોમરોમ ઉલ્લાસ પામ્યા. હર્ષાશ્રુથી ભીંજાતાં નેત્રે બહુમાન અને આદરપૂર્વક ગુરુરાજ નીહાળી, જાનુ પૃથ્વી પર સ્થાપના કરી, હાથ મસ્તક પર નાંખી, મસ્તકથી ભૂમિતળ સ્પર્શી પંચાંગ પ્રણામપૂર્વક ગુરુશ્રીને નમસ્કાર કર્યો.

પરિવાર સહિત ત્રણ પ્રદક્ષિણા ગુરુને કરી સુદર્શના તે મહામુનિની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી.

હે ભગવાન્ ! ચાતુર્ગતિક સંસારપરિભ્રમણથી ભય પામતા અશરણ જીવોને તમે શરણાગતવત્સલ છો. આપના પ્રસાદથી જીવો કલ્યાણના પરમ નિધાનને પામે છે. આપ જગત્ જીવોના નિષ્કારણ બંધુ છો. ભવદુઃખહર્તા ! આપના દર્શનથી જીવો જિનેશ્વરની આજ્ઞારૂપ શ્રદ્ધાન પામે છે, આપનાં દર્શનરૂપ અમૃતરસથી મારાં નેત્રો આજે સીંચાયાં છે, તેથી મારો જન્મ અને જીવિતવ્ય કૃતાર્થ થયું છે.

ઇત્યાદિ ગંભીર સ્વરે સુદર્શના ગુરુરાજની સ્તવના કરતી હતી. એ અવસરે આચાર્ય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીએ અવધિજ્ઞાનથી સુદર્શનાનો પાછલો જન્મ તપાસ્યો. અને સુદર્શનાને ભવદુઃખનું નિર્દલન કરનાર 'ધર્મપ્રાપ્તિ'–રૂપ આશીર્વાદ આપ્યો.

ગુરુરાજ તરફથી આશીર્વાદ પામી. સુદર્શનાએ બીજા સર્વ સાધુઓને વંદન કર્યું. અને શ્રાવક શ્રાવિકાઓને પણ નમસ્કાર કર્યો. વંદન, નમસ્કાર કર્યા બાદ મન, વચન, કાયાના યોગોની એકાગ્રતા કરી ધર્મશ્રવણ નિમિત્તે, ગુરુશ્રીના ચરણમાં દૃષ્ટિ સ્થાપન કરી, યોગ્ય સ્થળે સર્વ પરિવાર સહિત સુદર્શના બેઠી.

ગુરુમહારાજે સુદર્શનાને ઉદ્દેશીને કહ્યું : ભદ્રે ! પૂર્વ જન્મમાં તું સમળી હતી, અંત વેળાએ નમસ્કાર મંત્ર તથા નિયમોમાં આદર કરવાપૂર્વક મરણ પામી સિંહલદ્વીપમાં રાજપુત્રીપણે ઉત્પન્ન થઈ છે. તપ, સ્વાધ્યાયાદિ દુષ્કર કાર્ય કરનાર મુનિઓમાંથી પણ કેટલાએક જ જાતિ-સ્મરણજ્ઞાન પામી શકે છે તે જાતિસ્મરણજ્ઞાન તેં પ્રાપ્ત કર્યું છે; તે અંતવેળાએ આદર કરેલ નિયમનો જ પ્રભાવ છે. નિયમ લીધા સિવાય જીવો, તપ કે ચારિત્ર જેવાં સ્વાભાવિક રીતે આચરણ કરે છે છતાં તેનું ફળ તેમને મળતું નથી, કેમકે વ્યાજે મૂકયા સિવાય, કેવળ ઘરમાં પડી રહેલું દ્રવ્ય વૃદ્ધિ પામતું નથી. મનુષ્યોને તો દૂર રહો, તિર્યંચોને પણ નિયમો, સમ્યક્ત્વ-પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે. દુનિયામાં જે અનુકૂળતા દેખાય છે તે નિયમોનો પ્રભાવ છે. જે મનુષ્યો વ્રત, નિયમ વિનાનાં અસંતોષી થઈ રાત્રિ, દિવસ ફર્યા કરે છે તેઓ સંતોષના સુખને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિ જાણતાં હોવાથી અનેક દુઃખમય ગતિઓમાં પરિભ્રમણ કરે છે, માટે ધર્મના અર્થી જીવોએ ધર્મના અંગ સરખા નિયમોનો સ્વીકાર અવશ્ય કરવો જોઈએ. નિયમો વિનાનો અધર્મમાં પ્રવૃત્તિ કરનાર મનુષ્ય, પશુની ગણત્રીમાં ગણવો યોગ્ય છે.

સુદર્શના ! જાતિ, રૂપ, બળ અને ઉત્તમ કુળાદિની સમૃદ્ધિવાળું તથા સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણભૂત આ મનુષ્યપણું તમને પ્રાપ્ત થયું છે તે પણ નવકારમંત્રના પ્રભાવથી જ. નમસ્કાર મંત્ર દેવ, મનુષ્યના ઉત્તમ સુખનું પરમ કારણ છે, સંસારસમુદ્રમાં ડૂબતા જીવોને વહાણ તુલ્ય છે, દુઃખીયાં, દુસ્થિત, વિપત્તિમાં સપડાયેલાં, ગ્રહ, નક્ષત્રથી પીડાતાં, પિશાચ, વેતાળાદિથી ગ્રસાયેલાં, હાથી, સાંઢ, સિંહ, વરાહ, રીંછ અને સર્પાદિ ક્રૂર તથા ઝેરી પ્રાણિઓના પંજામાં સપડાયેલા મનુષ્યોનું બચાવ કરનાર તથા રક્ષણ કરનાર આ નમસ્કાર મહામંત્ર છે.

વળી બાલ્યાવસ્થામાં જ જાતિસ્મરણ જ્ઞાનથી તને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે તે જ્ઞાની પુરુષોના વચનો ઉપર આદર યાને વિશ્વાસ રાખવાનું અર્થાત્ તેમના કહ્યા મુજબ (છેવટની સ્થિતિમાં) વર્તન કરવાનું જ ફળ છે.

જે ગામને રસ્તે જવું હોય તે ગામના રસ્તાના જાણકાર પુરુષોને તે ગામનો રસ્તો અવશ્ય પૂછવો જોઈએ. અને તેના ઉપર શ્રદ્ધાન રાખવું જોઈએ. તેમ કરવાથી જ જે માર્ગ શ્રદ્ધાગમ્ય હોય તે અનુક્રમે પ્રયત્ન કરતાં અનુભવગમ્ય થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક જીવો સુખના ઇચ્છુક છે. પરમ યાને તાત્ત્વિક સુખ મોક્ષમાં છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ નિર્વાણમાર્ગના યાને મોક્ષના ધોરી રસ્તાઓ છે.

જ્ઞાન, તીર્થંકરો એ પાંચ પ્રકારે બતાવ્યું છે, અર્થાત્ જ્ઞાનના પાંચ ભેદ છે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

મતિજ્ઞાન

મતિજ્ઞાનના અઠ્ઠાવીશ ભેદ છે.

		વ્યંજનાવગ્રહ.	અર્થાવગ્રહ.	ઈહા.	અપાય.	ધારણા.
૧	સ્પર્શ ઇંદ્રિય.	૧	૨	૩	૪	૫
૨	રસના ઇંદ્રિય.	૧	૨	૩	૪	૫
૩	ઘ્રાણ ઇંદ્રિય.	૧	૨	૩	૪	૫
૪	ચક્ષુ ઇંદ્રિય.	૦	૧	૨	૩	૪
૫	શ્રોત ઇંદ્રિય.	૧	૨	૩	૪	૫
૬	મન ઇંદ્રિય.	૦	૧	૨	૩	૪

ચાર ઇંદ્રિય સાથે વ્યંજનાગ્રહ, અર્થાવગ્રહ, ઈહા અપાય અને ધારણા એ પાંચનો ગુણાકાર કરવાથી વીશ થાય છે તેમાં ચક્ષુ ઇંદ્રિય અને મન એ બેને વસ્તુનો સ્પર્શ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયા વિના દૂરથી તે તે વસ્તુનો બોધ યાને જ્ઞાન થઈ શકે છે, માટે તેનો વ્યંજન–અવગ્રહ નથી તેથી અઠ્ઠાવીસ ભેદ થાય છે.

પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનથી થતા વસ્તુના જ્ઞાન–બોધને મતિજ્ઞાન કહેવામાં આવે છે.

૧ **વ્યંજનાવગ્રહ**–ઇંદ્રિયો સાથે તે તે ઇંદ્રિય વિષયના પુદ્ગલોનો સ્પર્શ થવો તે વ્યંજનાવગ્રહ–સ્પર્શ ઇંદ્રિય, રસના ઇંદ્રિય, ઘ્રાણ ઇંદ્રિય અને શ્રોત ઇંદ્રિય સાથે સ્પર્શવાળાં, રસવાળાં, ગંધવાળાં અને શબ્દનાં પુદ્ગલોનો અનુક્રમે સંબંધ થાય છે તે **વ્યંજનાવગ્રહ**. ઇંદ્રિયના ભેદથી ચાર પ્રકારે છે. ચક્ષુ અને મન દૂર રહેલા પોતાના વિષયોનો અનુભવ, દૂર રહીને અર્થાત તેનો સંબંધ કર્યા સિવાય કરે છે માટે તેનો વ્યંજનાવગ્રહ થતો નથી.

૨ **અર્થાવગ્રહ**—સ્પર્શાદિ થવા પછી ચક્ષુથી દેખવા પછી અને સ્વપ્નમાં એકલા મનથી જે અવ્યક્ત બોધ થાય છે, જેમ 'આ કાંઇક' તે **અર્થાવગ્રહ** કહેવાય છે. જેમ કાંઇક સ્પર્શ થયો, કાંઇક સ્વાદ આવ્યો, કાંઇક ગંધ આવ્યો, કાંઇક દેખાય છે, કાંઇક શબ્દ આવ્યો અને કાંઇક વિચાર આવ્યો. ઇત્યાદિ અવ્યક્ત અપ્રગટ બોધને **અર્થાવગ્રહ** કહેવામાં આવે છે.

૩ ઇહા—વિચારણા. આ શું છે? તે માટે વિતર્ક કરવા તે ઇહા કહેવાય છે. જેમ આ શાનો સ્પર્શ થયો, સ્વાદ આવ્યો,ગંધ આવ્યો, દેખાયું કે સંભળાયું તેના સંબંધમાં જે વિચાર વિતર્ક કરવા તે ઇહા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૪ અપાય—તે તે વિષયોનો નિશ્ચય કરવો તે અપાય. જેમકે આ તો પુરુષનો જ સ્પર્શ છે, બીજાનો નથી. લીંબુનો જ રસ છે, કેરીનો નહિ, ગુલાબનો જ ગંધ છે, માલતીનો નહિં. આ તો મનુષ્ય છે, ઝાડ કે લાકડું નથી. ગાયનો જ શબ્દ છે, બળદનો નથી, આ વિચાર હતો, બીજો નહિ તે અપાય.

૫ ધારણા—દેખેલા—સાંભળેલા, સ્પર્શેલા, ખાધેલા, સૂંઘેલા અને વિચારેલા પદાર્થોને ધારી રાખવા તે ધારણા કહેવાય છે. જરૂર પડયે કે તેવી વસ્તુની સાદશ્યતા દેખ્યે અનુભવ્યે, તે તે ધારી રાખેલી વાતો યાદ આવવી તે ધારણાથી થાય છે. આ ધારણા સંખ્યાતા કે અસંખ્યાતા કાળ પર્યંત રહી શકે છે. જાતિસ્મરણજ્ઞાન તે ધારણાનો જ ભેદ છે. અર્થાવગ્રહ એક સમયનો (બહુ બારીક વખત) છે. બાકીના ભેદો અંતમુહૂર્ત પ્રમાણના છે તેટલા વખતમાં તે પોતાનું કાર્ય બજાવી કૃતાર્થ થાય છે. ધારણા લાંબા વખત સુધી પણ ટકી રહે છે.

મતિજ્ઞાન એક જીવને કાયમ બન્યું રહે તો છાસઠ સાગરોપમ (એક સંજ્ઞા વિશેષ)થી કાંઈક વિશેષ વખત સુધી બન્યું રહે છે. મતિજ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે.

બીજા પ્રાણીઓ કરતાં મનુષ્યો ઘણાં આગળ વધેલાં છે. પાંચ ઇંદ્રિય અને મનથી થતા જ્ઞાનનો, ક્ષયોપશમ કોઈ ઇંદ્રિયના ઉપઘાતવાળા મનુષ્યને તથા પશુને બાદ કરતાં પ્રાયઃ સર્વ પંચેન્દ્રિયોને હોય છે. આ મતિજ્ઞાનવડે પાંચ ઇંદ્રિયના વિષયોનો બોધ અને નિશ્ચય કરવાથી જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૃતાર્થ થવાનું નથી, પણ તેનો સદ્ઉપયોગ કરવાથી જ તે જ્ઞાન–પ્રાપ્તિની સફલતા છે. દરેક વસ્તુની પ્રાયઃ કાળી અને ધોળી એમ બે બાજુ હોય છે. એટલે કાળી બાજુ તરફ ન ઢળતાં ધોળી બાજુ તરફ વળવું તે જ્ઞાનનું લક્ષણ છે. આંખ જોવાનું કામ કરશે જ, કાન સાંભળવાનું કામ કરશે, જીભ સ્વાદ લેવાનું, નાક સૂંઘવાનું, સ્પર્શ ઇંદ્રિય સ્પર્શ પરખવાનું અને મન વિચાર કરવાનું કામ કરવાના જ તથાપિ કર્મબંધન નીકાળી સત્ય જ્ઞાન ધરાવનાર વિવેકી મનુષ્ય, પ્રયત્નથી તેનો સારો ઉપયોગ પણ કરી શકે છે. વસ્તુ તેની તે જ હોય છે, તથાપિ તેના ઉપયોગ કરનારની યોગ્યતા યાને લાયકાતના પ્રમાણમાં તે ફાયદો કે ગેરફાયદો આપે છે. તરવાર પાસે રાખવાથી અને તેને યોગ્ય રીતે વાપરી જાણવાથી તેનાથી પોતાનો બચાવ થાય છે, અને તેને યોગ્ય રીતે વાપરી ન જાણવાથી પોતાનો પ્રાણ પણ તેનાથી જાય છે. આ જ રીતે મતિજ્ઞાનનો સદ્ઉપયોગ કરનાર કર્મ બંધનથી મુકાય છે ત્યારે તે જ્ઞાનનો દુરુપયોગ કરનાર કર્મથી બંધાય છે.

આ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વિના એકલું હોતું નથી કોઈ અપેક્ષાએ તે કાર્ય કારણ ભાવરૂપે છે તથાપિ બન્ને સહચારી સાથે રહેનાર છે.

શ્રુતજ્ઞાન

સાંભળવાથી કે ભણવાથી જે જ્ઞાન થાય છે તે શ્રુત જ્ઞાન છે. સાપેક્ષ વૃત્તિએ તેના ચૌદ ભેદ છે.

અક્ષરશ્રુત—કકરાદિ વ્યંજન આદિથી થતું જ્ઞાન.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનક્ષરશ્રુત—મસ્તક હલાવવું–હાથ હલાવવો ઇત્યાદિ સમસ્યાથી હા–ના–પ્રવૃત્તિ–નિવૃત્તિ વગેરેનું થતું જ્ઞાન.

સંજ્ઞીશ્રુત—અતીત, અનાગત કાળ સંબંધી ચિંતન કરવાની શક્તિ ધરાવનાર જીવોનું જ્ઞાન.

અસંજ્ઞીશ્રુત—મન સિવાયના જીવોને ઇંદ્રિયોથી થતું જ્ઞાન.

સમ્યક્‌શ્રુત—વસ્તુતત્વના યથાવસ્થિત સ્વરૂપનું જ્ઞાન.

મિથ્યાશ્રુત—વસ્તુસ્વરૂપ ને યથાવસ્થિત ન જાણવાવાળું અને પક્ષપાતવાળું જ્ઞાન.

આદિશ્રુત—આદિવાળું જ્ઞાન.

અનાદિશ્રુત—અનાદિ જ્ઞાન.

સપર્યવસીત શ્રુત—અંતવાળું જ્ઞાન.

અપર્યવસીત શ્રુલ—અંતવિનાનું જ્ઞાન.

ગમિકશ્રુત—સૂત્રના સરખા આલાવાવાળું દૃષ્ટિવાદમાં રહેલું જ્ઞાન.

આગમિકશ્રુત—જેમાં સૂત્રના સરખા આલાવા નથી તે જ્ઞાન.

અંગપ્રવિષ્ટ—બાર અંગ યાને દ્વાદશાંગીગત જ્ઞાન.

અનંગપ્રવિષ્ટ–અંગબહારનું ઉપાંગાદિ જ્ઞાન.

મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનથી જુદું પાડવામાં આવે તો (જુઓ કે સર્વથા જુદુ પડતું નથી)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મતિજ્ઞાન સ્વઉપકારી છે. ત્યારે શ્રુતજ્ઞાન સ્વ–પર બન્નેને ઉપકારી છે. મતિજ્ઞાન પ્રથમ અને શ્રુતજ્ઞાન પછી છે. જેથી યોગ્ય અર્થ જણાય તે મતિ. ત્યારે જેથી જે સંભળાય તે શ્રુત. અર્થાત્ સાંભળવાથી થતો બોધ તે શ્રુતજ્ઞાન. મતિજ્ઞાનના અઠ્ઠાવીશ ભેદ છે ત્યારે શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ છે. સાંભળવાથી શ્રુતજ્ઞાન થાય છે ત્યારે બાકીની ઇંદ્રિયો અને મનથી મતિજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાન અક્ષરની આકૃતિવાળું છે ત્યારે મતિજ્ઞાન આકૃતિ અને આકૃતિ વિનાનું પણ છે. આ પ્રમાણે મતિ, શ્રુતજ્ઞાન અન્યોઅન્ય જુદાં પડે છે. તેને નિકટનો સંબંધ છે કે એકના અભાવે બીજાનો અભાવ થાય છે. અને એકની હૈયાતીમાં બીજાની હૈયાતિ છે.

આ શ્રુતજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ જીવોને સમ્યગ્જ્ઞાન તરીકે હોય છે અને બીજાઓને મિથ્યાજ્ઞાન તરીકે હોય છે, તળાવનું પાણી એક સરખું જ હોય છે તથાપિ પાત્ર, કે યોગ્ય, અયોગ્યના પ્રમાણમાં તે જુદા જુદા રૂપે પરિણમે છે. જેમ તે પાણી ગાયના પેટમાં જવાથી દૂધ આદિપણે પરિણમશે, ત્યારે તે જ પાણી સર્પના પેટમાં કે તેવા જ ઝેરી યા ક્રૂર પ્રાણીના પેટમાં જવાથી ઝેર કે ક્રૂરતાપણે પરિણમશે, તેમજ શ્રોતા–સાંભળવાવાળાની યોગ્યતાના પ્રમાણમાં ગુર્વાદિ તરફથી કે સિદ્ધાંતાદિ તરફથી મળેલું જ્ઞાન, સમ્યક્શ્રુતપણે કે મિથ્યાશ્રુતપણે પરિણમે છે. આ શ્રતજ્ઞાનની સ્થિતિ છાસઠ સાગરોપમથી કાંઇક અધિક છે. ત્યાર પછી તેથી વિશેષ જ્ઞાન પામે, અથવા પરિણામની અશુદ્ધિ વડે તે દશામાંથી પતિત થઈ અજ્ઞાન દશા પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવધિજ્ઞાન

ઇંદ્રિયજ્ઞાનથી નિરપેક્ષ થઈ, અર્થાત્ ઇંદ્રિયોની અપેક્ષા રાખ્યા વિના અમુક મર્યાદામાં અથવા સર્વ રૂપી દ્રવ્યનું, પ્રત્યક્ષ જ્ઞાન જે વડે થાય છે તેને અવધિજ્ઞાન કહેવામાં આવે છે.

ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક–એમ બે પ્રકાર અવધિજ્ઞાનના છે. પક્ષીઓમાં ઉડવાનો સ્વભાવ જેમ પક્ષીનાં ભવ આશ્રીને સ્વાભાવિક છે. તેમ દેવ તથા નારકીઓને–દેવ તથા નારકીના ભવમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું તે સ્વાભાવિક ભવનો ગુણ છે. જુઓ કે તેમને અવધિજ્ઞાન કર્મના ક્ષયોપશમથી જ થાય છે, તથાપિ ત્યાં ભવની મુખ્યતા છે. તે ભવના નિમિત્તે તેવો ક્ષયોપશમ તેમને થાય છે.

મનુષ્યોને અવધિજ્ઞાન, પરિણામની વિશુદ્ધિરૂપ ગુણથી થાય છે. એટલે તેમને ગુણપ્રત્યય કહેવામાં આવે છે બીજી અપેક્ષાએ અવધિજ્ઞાનના છ ભેદ છે. અનુગામી. ૧ અનનુગામી ૨, વર્ધમાન ૩, હીયમાન, ૪, પ્રતિપાતિ. ૫ અપ્રતિપાતિ. ૬ નેત્રની માફક સ્થળાંતર કે પ્રદેશાંતર જતાં જે જ્ઞાન સાથે આવે અર્થાત્ સર્વ સ્થળે તેની સ્થિતિના પ્રમાણમાં કાયમ ટકી રહે તે અનુગામિક અવધિજ્ઞાન. ૧

ક્ષેત્રપ્રત્યયી ક્ષયોપશમને લીધે અન્ય સ્થળે સાથે ન આવે પણ તે જ સ્થળે મર્યાદા-પર્યંત ટકી રહે તે અનનુગામિક અવધિજ્ઞાન. ૨

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રશસ્ત અધ્યવસાયને લીધે, અગ્નિમાં નાંખેલા ઇંધનની માફક પૂર્ણસ્થિતિપર્યંત જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું રહે તે વર્ધમાન. ૩

વિશુદ્ધ પરિણામની અધિકતાથી પ્રથમ વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય અને પછી તથાવિધ ઉત્તમ સામગ્રીના અભાવે પરિણામની હાનિથી હળવે હળવે ઓછું થતું જાય તે હીયમાન અવધિજ્ઞાન. ૪

ઉત્પન્ન થયેલું જ્ઞાન પરિણામની મલિનતાથી એકીસાથે, સર્વથા ચાલ્યું જાય તે પ્રતિપાતિ અવધિજ્ઞાન. ૫

ઉત્પન્ન થયેલું જ્ઞાન પૂર્ણસ્થિતિ મેળવી આપ્યા વિનાનું પાછું ન જાય તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન. ૬

આ સિવાય પરિણામની અને પ્રાપ્તિની તારતમ્યતાને લઈ અવધિજ્ઞાનના અસંખ્યાતા ભેદ થઈ શકે છે. દેવ, નારકીઓને આ જ્ઞાનની મર્યાદા વધારામાં વધારે તેત્રીશ સાગરોપમની છે. ઓછામાં ઓછી દસ હજાર વર્ષની છે. મનુષ્ય, તિર્યંચોને આશ્રયી અનિયમિત સ્થિતિ છે. દેવ, નારકીઓને તેમના આયુષ્યપર્યંત આ જ્ઞાન બન્યું રહે છે. મનુષ્યાદિ માટે અનિયમિત છે.

॥ ૩૫૨ ॥

સમ્યગ્દૃષ્ટિ વિનાના કેટલાક જીવોને આ ત્રણ જ્ઞાન કર્મની ક્ષયોપશમતાથી થાય છે. (પરિણામની વિચિત્ર સ્થિતિ છે) પણ તે મિથ્યા જ્ઞાન યાને વિભંગ જ્ઞાન કહેવાય છે. ઇંદ્રિયોની અપેક્ષા વિના તેઓ રૂપી પદાર્થો, દૂરના કે નજીકના જોઈ શકે છે. તથાપિ યથાર્થ રીતે, નિર્દોષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે સ્પષ્ટ રીતે જાણી કે જોઈ શકતા નથી. આ અવધિજ્ઞાન પાંચ ઇંદ્રિયવાળા સંજ્ઞીજીવોને થઈ શકે છે.

મનઃ—પર્યવજ્ઞાન

મનઃપર્યવજ્ઞાન એટલે સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મનના પુદ્ગલોને–મનપણે પરિણમાવેલા પુદ્ગલોને જાણવાનું સામર્થ્ય.

અઢીદ્વીપ, બે સમુદ્ર જેટલા વિશાળ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોના મનમાં રહેલા યાને મનપણે પરિણમાવેલા પુદ્ગલોને આ મનઃપર્યવજ્ઞાની જોઈ શકે છે. મનના બાહ્યિક પુદ્ગલોનું જ્ઞાન થવું તે પરિણામની વિશુદ્ધિને જ આભારી છે, અપ્રમત્ત (અપ્રમાદિ) દશાવાળા મુનિઓને આ જ્ઞાન થઈ શકે છે.

મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે. ઋજુમતિ અને વિપુલમતિ. પહેલા કરતાં બીજો વિશેષ વિશુદ્ધ થઈ શકે છે. સામાન્યપણે મનના અધ્યવસાયને ગ્રહણ કરે તે ઋજુમતિ અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિશેષ પરિણમન થયેલા તે–તે વસ્તુ સંબંધી ચિંતવેલાં મનનાં પુદ્ગલોને જાણવા તે વિપુલમતિ. જેમકે ઋજુમતિવાળો માણસ, આ મનુષ્યે અમુક વસ્તુ કે દ્રવ્ય ઘટ, પટાદિ ચિંતવ્યું છે. તેટલું સામાન્ય જાણી શકે છે. ત્યારે વિપુલમતિવાળો–આ વસ્તુ. આ ઠેકાણાની, આ કાળમાં પેદા થયેલી અને આવા રંગવાળી વિગેરે ચિંતવી છે તે સર્વ જાણી શકે છે. આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્ઞાન જઘન્યથી અંતમુહૂર્ત (બે ઘડી) પર્યંત રહે છે. વિશેષમાં (ઉત્કૃષ્ટ) પૂર્વ ક્રોડ વર્ષ પર્યંત બન્યું રહે છે. તીર્થંકર સિવાયના બીજા જીવોને આ જ્ઞાન અવધિજ્ઞાન થયા વિના પણ ઉત્પન્ન થઈ શકે છે.

કેવળજ્ઞાન

કેવળજ્ઞાન એટલે પૂર્ણજ્ઞાન. તે જ્ઞાનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની સર્વ વસ્તુના સર્વ દ્રવ્ય, ગુણ અને પર્યાયને યથાવસ્થિત સ્વરૂપે જાણી શકાય છે. તે જ્ઞાન શાશ્વત છે અર્થાત આવ્યા પછી કાયમ બન્યું રહે છે. તેમાં ઇંદ્રિય કે મનની બીલકુલ અપેક્ષા નથી. અર્થાત્ ઇંદ્રિય કે મનની મદદ સિવાય સર્વ વસ્તુ જાણી જોઈ શકાય છે. તે જ્ઞાનમાં ભેદ નથી, તથાપિ અપેક્ષાએ ભવસ્થ, અવસ્થ એવા ભેદો પાડવામાં આવ્યા છે, મનુષ્યના દેહમાં આત્મા રહે ત્યાં સુધીમાં ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનને ભવસ્થ કેવળજ્ઞાન કહે છે. માનવ દેહથી સર્વથા મુક્ત થતા,–નિર્વાણ પ્રાપ્ત થતાં તે જ્ઞાનને અભવસ્થ કેવળજ્ઞાન કહેવામાં આવે છે.

પહેલાં ચાર જ્ઞાન, કર્મના (જ્ઞાનાવરણીયના) ક્ષયોપશમથી થાય છે અને કેવળજ્ઞાન તે કર્મના ક્ષયથી થાય છે. કર્મનો ક્ષય કે ક્ષયોપશમ પરિણામની વિશુદ્ધતા કે શુભતા ઉપર આધાર રાખે છે. ક્ષયોપશમ એટલે ઉદય આવેલું કર્મ ક્ષય કરવું અને ઉદય નહિં આવેલ કર્મને રાખથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઢાંકેલા–ઉભા કરેલા અગ્નિની માફક ઉપશમાવવું. બે માણસો આપસમાં કલેશ–કજીયો કરતા હોય, તેઓ કોઈની શરમથી–દાબથી કે સમજાવવાથી અમુક વખત સુધી બોલ્યા વિના રહ્યા. તેઓ ઉપરથી શાંત જણાય છે, તથાપિ અંદર ક્રોધાગ્નિ બળતો હોવાથી અમુક વખત જવા બાદ પાછા અશાંત થશે, લડશે, બોલશે; પણ તેઓનો વાંધો પતાવી દીધો હોય, આપસમાં ક્ષમા માંગી હોય અને જે વસ્તુ નિમિત્તે અશાંત થયા હતા તે વસ્તુના નિમિત્તથી બન્ને જણ નિરપેક્ષ બન્યા હોય તો તે નિમિત્તે ફરી કલેશ થતો નથી–કેમકે નિમિત્તનો જ અભાવ કરી દીધો છે. તેવી જ રીતે ઉદય આવનાર કર્મને–ઉપલક વૈરાગ્યથી, લોકલાજથી, ઉત્તમ નિમિત્તથી, આલંબનથી કે ગુર્વાદિના ઉપદેશથી દબાવ્યાં હોય તો અમુક વખત માટે શાંતિ આપે છે. તે ઉત્તમ શાંતિમાંથી આત્મગુણ ઝળકે છે, પ્રગટ થાય છે અને તે અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાનરૂપે બહાર આવે છે, પણ સત્તામાં કર્મોનો મોટો જથ્થો અગ્નિની માફક હોય–ક્રોધની માફક બળતો હોય તો તે કયાં સુધી દબાયેલો રહેશે? સહજ નિમિત્ત મળતાં બહાર આવશે. અને ઉપશમભાવથી કે ક્ષયોપશમ ભાવથી મેળવેલી શાંતિને દૂર કરી તે–તે કર્મ ફરી પાછો પોતાનો પ્રભાવ દેખાડશે.

પણ તે કર્મોને, વિવેકના વિચારોથી, સ્વ–પરની (જડ ચૈતન્યની) વહેંચણીથી અથવા આત્મઉપયોગની જાગૃતિથી ક્ષય કરવામાં આવ્યાં હોય, જ્ઞાનાગ્નિથી બાળીને ભસ્મ કરવામાં આવ્યાં હોય, ફરી કર્મોને સજીવન થવાનું નિમિત્ત રહેવા ન દીધું હોય તો કર્મનો ક્ષય થાય છે. આ ક્ષયથી કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાન, સ્વ–પર ઉપકારી છે. બીજાં ચાર જ્ઞાન મૂંગા પ્રાણી જેવાં છે. અને શ્રુતજ્ઞાન બોલતા મનુષ્યો જેવું છે. કેવળજ્ઞાની તીર્થંકરો પણ શ્રુતજ્ઞાન રૂપ શબ્દોથી બોલીને જ અન્યને ઉપદેશ આપી ઉપકાર કરે છે. કેટલાએક કેવળજ્ઞાનીઓ છતાં–ઉપદેશ આપવાનો ઉદયકાળ નહિ હોવાથી જાણવા છતાં બીજાને ઉપદેશ આપી ઉપકાર કરી શકતા નથી માટે શ્રુતજ્ઞાન પરમ ઉપકારી છે. સમળી જેવા તિર્યંચના ભવમાંથી તારો ઉદ્ધાર કરનાર પણ શ્રુતજ્ઞાન છે. આ શ્રુતજ્ઞાનનું વારંવાર રટણ કરવું જોઈએ. ગુરુના ઉપદેશક વચનોનું સ્મરણ રાખી, બનતા પ્રયત્ને તે પ્રમાણે વર્તન કરવું જોઈએ.

શ્રુતજ્ઞાનનું વારંવાર રટણ કરવાના અનેક ભવના અભ્યાસથી, શ્રેયાંસકુમારે જાતિસ્મરણ પામી, ગુરુના અભાવવાળા વખતમાં અનેક જીવોને ધર્મનો–દાનનો–રસ્તો બતાવ્યો હતો.

શ્રેયાંસકુમાર

આ ભરતભૂમિ ઉપર યુગલિક ધર્મની સમાપ્તિ થતાં, પ્રથમ રાજ્યકર્તા તરીકે ઋષભદેવજી થયા હતા. તે વખતના મનુષ્યોને આંતરિક કરુણાથી નીતિમાર્ગથી ભરપૂર વ્યવહાર માર્ગ બતાવી, આત્મિક માર્ગ બતાવવા માટે, પાછળની અવસ્થામાં, સ્વ–પર હિતકારી ચારિત્ર માર્ગ તેમણે અંગીકાર કર્યો હતો.

મૌનવ્રત ધારણ કરી, શરીરથી પણ નિરપેક્ષ બની, નાના પ્રકારના પરીષહોને સહન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરતા. આત્મધ્યાનમાં મગ્ન થઈ, પૃથ્વીતળપર વિચારવા લાગ્યા. તે વખતના લોકો ધનાઢય અને સુખી હતા. એથી ભિક્ષાચરો કેવા હોય? અને તેને ભિક્ષા કેવી રીતે આપવી? તેનું તેમને ભાન ન હતું.

વ્યવહારિક સર્વ પ્રપંચોનો ત્યાગ કરનારનો ભિક્ષા વૃત્તિ સિવાય અન્ય રસ્તો નથી. તેમ કરવામાં ન આવે તો બીજી અનેક ઉપાધિઓ પ્રગટ થવા સંભવ છે. ગમે તે આશ્રમમાં રહેતાં, શરીર પોતાનો ધર્મ તેઓના ઉપર બજાવ્યા સિવાય રહેતો નથી. એટલે આહારાદિની જરૂર પડે છે જ.

ભિક્ષાને અર્થે પોતાને ઘેર આવેલા ઋષભદેવજીને દેખી ભોળાં પણ અજ્ઞાની મનુષ્યો વસ્ત્રો, ઘરેણાં, નહિ ખપે તેવી વસ્તુઓ અને કન્યા પ્રમુખ આપવા આવતા હતા. પ્રભુ તેનો અનાદર કરી અર્થાત્ લીધા સિવાય અન્યસ્થળે ચાલ્યા જતા હતા.

જો પ્રભુએ ભિક્ષા માંગી હોત તો તે લોકો જરૂર તેમને આપત પણ પૂર્વકર્મ આવી રીતે ભોગવવાનું નિર્માણ હોવાથી તે પ્રભુએ પોતાના સંબંધમાં કાંઈપણ બોલવા માટે મૌન લીધું હતું.

આ પ્રમાણે આહાર વિના વિચરતાં એક વર્ષને અંતે સાકેતપુર શહેરની બહાર આવી રાત્રિએ એક સ્થળે તે મહાપ્રભુ ધ્યાનમાં રહ્યા. તે શહેરમાં બાહુબલીનો પુત્ર સોમપ્રભ રાજ્ય કરતો હતો. તેને શ્રેયાંસકુમાર નામે પુત્ર હતો. તે કુમારને પાછલી રાત્રિએ સ્વપ્ન આવ્યું કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્યામવર્ણના મેરુપર્વતની કાંતિ ઘણી મ્લાનતા પામી હતી, તેને મેં અમૃતના ભરેલા કળશથી નવરાવ્યો [સીંચ્યો.] તરત જ તે પર્વત વિશેષ પ્રકારે શોભવા લાગ્યો.

તે જ રાત્રિએ સોમપ્રભ (કુમારના પિતા)ને સ્વપ્ન આવ્યું કે–સૂર્યનાં કિરણો નીચાં પડતાં હતાં પણ શ્રેયાંસકુમારે તેને પાછાં સૂર્યમાં જોડી દીધાં તેથી પાછો સૂર્ય પૂર્વના માફક શોભવા લાગ્યો.

તે શહેરના આગેવાન ગૃહસ્થને તે જ રાત્રિએ સ્વપ્ન આવ્યું કે એક માણસ મોટા સુભટ સાથે યુદ્ધ કરતો હતો. તે શ્રેયાંસકુમારની સહાયથી વિજય પામ્યો.

પ્રભાતે સર્વે સભામાં એકઠા મળ્યા અને પોતપોતાનાં સ્વપ્ન પરસ્પર જણાવ્યાં, પણ તેનું રહસ્ય કોઈ સમજી ન શકયું ત્યારે સભાસદોએ કહ્યું : "આ સ્વપ્નના પ્રભાવથી શ્રેયાંસકુમારને કોઈ મહાન્ લાભ થવો જોઈએ" ઇત્યાદિ નિર્ણય કરી મધ્યાહ્ન સમયે સભા વિસર્જન થવાથી સૌ કોઈ પોતાપોતાને મંદિરે આવ્યા.

આ બાજુ ઋષભદેવ પ્રભુ ભિક્ષાને માટે મધ્યાહ્ન સમયે ફરતા ફરતા શ્રેયાંસકુમારના મંદિર તરફ આવ્યા. પ્રસાદના ઝરૂખામાં બેઠેલા શ્રેયાંસકુમારે પોતાના પિતામહ–ઋષભદેવ પ્રભુને દીઠા. પ્રભુને જોતાં તે ઊંડા વિચારમાં પડયો કે–આ મારા પિતામહના જેવા પુરુષને મેં કોઈક વખત કોઈ સ્થળે દીઠા છે. આ વિચારણામાં પ્રવેશ કરતાં પૂર્વજન્મના પ્રબળ શ્રુતાભ્યાસથી સહેજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખતમાં તે કુમારને જાતિસ્મરણજ્ઞાન થયું. તે જ્ઞાનથી પાછળના અનેક ભવો તેણે દીઠાં. જાતિ-સ્મૃતિ અને શ્રુતજ્ઞાનના બળથી તેણે નિશ્ચય કર્યો કે આ પ્રથમ તીર્થંકર છે. વ્રત ગ્રહણ કરી છદ્મસ્થાવસ્થામાં વિહાર કરતા, મારા ભાગ્યોદયથી ભિક્ષાને અર્થે મારે ઘેર આવે છે.

શ્રેયાંસકુમાર તરત જ મંદિરથી નીચો ઉતર્યો. પ્રભુજી પાસે જઈ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પંચાંગ પ્રણિપાતથી વંદન કર્યું. ભક્તિની અધિકતાથી પોતાના કેશ કલાપવડે, કર્મરજને દૂર કરતો હોય તેમ પ્રભુના પાદ પ્રમાર્જિત કર્યા. આનંદાશ્રુથી પાદનું પ્રક્ષાલન કરતાં પોતાના અનેક ભવોનાં પાપ તેણે ધોઈ નાંખ્યાં. પછી બેઠો થઈ પ્રભુના સન્મુખ દેવોની માફક અનિમેષ દૃષ્ટિએ દેખી હર્ષામૃતનું પાન કરવા લાગ્યો. અને ચિંતવવા લાગ્યો કે–પ્રભુને હમણાં હું શું આપું ? એ અવસરે કેટલાક મનુષ્યો સેલડીના રસના ઘડા ભરી શ્રેયાંસકુમારને ભેટ આપવા આવ્યા હતા. તે ઘડો લઈ શ્રેયાંસકુમારે પ્રભુને તે લેવા માટે વિનંતી કરી. પ્રભુએ હાથ પહોળા કર્યા. શ્રેયાંસકુમાર તેમાં રસ રેડવા લાગ્યો. પ્રભુ કરપાત્રી હોવાથી હાથમાંથી રસબિંદુઓ નીચા ન પડતાં પ્રત્યુત શિખા વધતી હતી. આ પ્રમાણે બાર માસને અંતે શ્રેયાંસકુમારે સેલડીરસથી પ્રભુને પારણું કરાવ્યું. એ અવસરે દેવો ત્યાં આવ્યા. તેમણે સુગંધી પાણી, પુષ્પો અને દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ કરી ગંભીર અને મધુર દુંદુભીનો નાદ કર્યો અને અહો દાન વિગેરે શબ્દોની ઉદ્ઘોષણા કરી તે સ્થળે સાડીબાર કરોડ સુવર્ણની વૃષ્ટિ વરસાવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઋષભદેવજી પારણું કરી ત્યાંથી અન્ય સ્થળે ચાલ્યા ગયા. દુંદુભીનાદ સાંભળી ત્યાં અનેક મનુષ્યો એકઠાં મળ્યાં. સોમપ્રભ રાજા પણ ત્યાં આવ્યો. રાજા પ્રમુખ બહુમાનપૂર્વક શ્રેયાંસકુમારને પૂછવા લાગ્યા કે–કુમાર ! અમે પૂર્વે કોઈ વખત આ પ્રમાણે દાન આપવાનું, દેખ્યું કે સાંભળ્યું નથી, તો તે વાતની તમને કેમ ખબર પડી ?

શ્રેયાંસે કહ્યું : હું આ પ્રભુની સાથે આઠ ભવ સુધી રહેલો છું. જાતિસ્મરણજ્ઞાનથી મેં તે સર્વ જાણ્યું છે.

લોકોએ કહ્યું : કુમાર ! તમે આ મહાપ્રભુની સાથે આઠ ભવ કયાં કેવી રીતે રહ્યા હતા. તે અમને કહેશો ?

કુમારે કહ્યું : હું તમને તે વાત જરા વિસ્તારથી સંભળાવું છું. ધાતકી ખંડના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં મંગલાવતી નામની વિજય (દેશ વિશેષ) છે. તેમાં નંદી નામનું સુંદર ગામ હતું. ત્યાં એક દરિદ્ર કુટુંબ રહેતું હતું. તે કુટુંબમાં છ પુત્રી ઉપર હું સાતમી પુત્રી ઉત્પન્ન થઈ હતી. નિર્ધન અને પુત્રી ઉપર અપ્રીતિવાળા કુટુંબમાં મારૂં નામ પણ કોઈ એ સ્થાપન ન કર્યું. છતાં લોકો મને નિર્નામિકા (નામ વગરની) કહી બોલાવતા હતા. પરાધીન અને દુઃખી સ્થિતિમાં મારૂં ઉછરવું થયું કોઈ એક પર્વના દિવસે ધનાઢયોનાં બાળકોને સુંદર વસ્ત્રાભૂષણ પહેરીને સારું સારું ખાતાં દેખી હું ઉતાવળી ઉતાવળી મારી મા પાસે ગઈ. અને તેને મેં કહ્યું. મા !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજે સારું ખાવાનો ઓચ્છવ છે. તમે આપણે ઘેર કરશો !

મા, ક્રોધ કરી બોલી ઊઠી અહા ! પાપણી, આજે હું તારો ઓચ્છવ કરું છું. ઘરમાં નથી એક દિવસનું ખાવાનું કે નથી પહેરવાનાં પૂરાં વસ્ત્ર અને તને સારું સારું ખાવાનું જોવે છે, જા, આ અંબરતિલક પહાડ રહ્યો. ત્યાં જઈ સારાં ફળો ખા. અગર ઉપરથી પડીને મરી જા.' પહાડ સામી નજર કરી ક્રોધમાં માતાએ જવાબ આપ્યો.

વ્હાલી પણ દુઃખથી દાઝેલી માતાનાં કઠોર વચનો સાંભળી મને ઘણું દુઃખ લાગ્યું, હું ઘરથી બહાર નીકળી દીન વદનવાળી, નિરાશ થયેલી અને રૂદન કરતી, લોકોની સાથે અંબર-તિલક પહાડ ઉપર ગઈ. ભૂખ ઘણી લાગી હતી. પહાડ પર ફળથી પાકેલું એક વૃક્ષ મારા દેખવામાં આવ્યું. નીચે પડેલાં પાકાં ફળો ખાઈ ક્ષુધા શાંત કરી.

ત્યાંથી નજીકના ભાગમાં યુગંધરાચાર્ય નામના જૈનાચાર્ય મનુષ્યોની પર્ષદા આગળ ધર્મ કહેતા મારા દેખવામાં આવ્યા. તે આચાર્ય ચૌદ પૂર્વધર અને ચાર જ્ઞાની હતા. હું ત્યાં ગઈ. ગુરુને દેખી મને ઘણો આનંદ થયો. તેમને નમસ્કાર કરી, લોકોની પાછળ ધર્મ શ્રવણ કરવા માટે હું પણ બેઠી ધર્મ કહી રહ્યા બાદ અવસર દેખી મેં આચાર્યશ્રીને પૂછ્યું ભગવાન્ ! મારા જેવો કોઈ જીવ આ દુનિયા ઉપર હશે ? તે કૃપાળુ ગુરુએ આદરપૂર્વક મને પ્રત્યુત્તર આપતાં કહ્યું–ભદ્રે ! નિર્નામિકા ! તને દુઃખ કયાં છે ? વિચાર કરતાં આ વાતની તને ખાત્રી થશે કે 'મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખ નથી' અર્થાત્ તારા કરતાં વિશેષ દુઃખી જીવો દુનિયા ઉપર અનેક છે અને તેનાં દુઃખ આગળ તારું દુઃખ કાંઈ પણ ગણત્રીમાં નથી.

બાઈ! શ્રોત્ર ઇંદ્રિયના વિષયમાં આવતા સુંદર કે અસુંદર શબ્દો તું સાંભળી શકે છે સારા કે નઠારાં રૂપ, તું જોઈ શકે છે, સુરભી કે દુર્ગંધી ગંધ તું જાણી શકે છે. ઈષ્ટ કે અનિષ્ટ સ્પર્શનો અનુભવ તને થઈ શકે છે. સારા ખરાબ સ્વાદની તેને ખબર પડે છે. લોકમાં પ્રકાશ કરવાવાળા ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિકનો અનુભવ તું લઈ શકે છે. ક્ષુધા, તૃષા, શીત, આતપાદિકનો પ્રતીકાર તું જાણે છે અને પ્રયત્નથી તે આફતોને તું દૂર કરે છે. રહેવાને માટે તારે ઘર છે. અંધકાર દૂર કરવા માટે તને જ્યોતિનો પ્રકાશ સ્વાધીન છે. પીવાને માટે પાણી મળે છે, ઇચ્છાનુસાર ફળોનો આસ્વાદ તું લે છે. તડકાથી છાયામાં બેસે છે. સુખે નિદ્રા લે છે. આ સર્વ બાબતમાં તું પરવશ નથી, માટે તને દુઃખ કયાં છે!

દુઃખનો અનુભવ કર્યા સિવાય જેને બીજો કોઈ ઉપાય જ નથી, એવા અસહ્ય દુઃખનો અનુભવ કરનાર જીવોનાં દુઃખોનું હું તારી પાસે વર્ણન કરું છું, જે સાંભળતાં કઠોર હૃદયવાળા માણસોના હૃદયમાં પણ કમકમાટી ઉત્પન્ન થાય છે. તે તું સાવધાન થઈને સાંભળ.

સાતમી નરકમાં રહેલા નારકીઓ, ક્ષેત્રના ગુણથી સ્થાનના કારણથી નાના પ્રકારના દુઃખનો અનુભવ કરે છે. અહીં વધારામાં વધારે ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ આદિની વેદના જીવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોગવે છે, તેના કરતાં તે નરકના સ્થળે ત્યાંનાં જીવો અનંતગુણી વધારે વેદનાનો અનુભવ કરે છે. ત્યાં નિરંતર ઘોર અંધકાર છે. પાંચ ઇંદ્રિયનાં વિષયો તદ્દન પ્રતિકૂળ યાને અશુભ છે એક નિમિષમાત્ર વાર પણ તેમને નિદ્રા આવતી નથી. પગલે પગલે તેઓ ભયનો યા દુઃખનો અનુભવ કરે છે.

વચલી ત્રણ નરકમાં અન્યોઅન્ય ઉદીરણા કરાયેલું દુઃખ, વિશેષ પ્રકારે આદિની ત્રણ નરકમાં ત્રણે પ્રકારનું દુઃખ છે. પરમાધામી દેવો પણ તેમને દુઃખ આપે છે. આંખ મીંચીને ઉઘાડીએ તેટલો વખત પણ નારકીના જીવોને સુખ નથી, નારકીઓ કેવળ દુઃખનો જ અનુભવ કરે છે. અનાથ, અશરણ-દીન, કરુણા યા દયાસ્પદ આ જીવો, પરવશપણે દુઃસહ દુઃખનો અનુભવ અસંખ્યાતાં કાળપર્યંત કરે છે, નિરંતર દુઃખમાં પચાવાય છે.

આ તિર્યંચો–જનાવરોના સામી તો તું નજર કર, અહા ! કેવા આકરાં દુઃખનો તે અનુભવ કરે છે ? ટાઢ, તાપ, ક્ષુધા તૃષા, વધ, બંધન, તાડન, તર્જન, ભારવહન ઇત્યાદિ અનેક દુઃખનો અનુભવ તેઓ પરાધીનપણે કરે છે તે માંહીલું તને કયું દુઃખ છે ?

અધિ કરિદ્ધિવાન્ જીવોને દેખી તું પોતાને દુઃખીયારી માને છે પણ તને ખબર નથી, તે માંહીલા જીવો પણ કોઈ આધિથી, કોઈ વ્યાધિથી તો કોઈ અન્ય પ્રકારની ઉપાધિથી દુઃખી છે.

સામાન્ય મનુષ્યજાતિમાં તારા કરતાં ઘણા મનુષ્યો વિશેષ દુઃખી છે. માતંગ, મેતર,

P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ચંડાળ અને મ્લેચ્છાદિ નીચ જાતિઓમાં અનેક મનુષ્યો ઉત્પન્ન થાય છે. લોકો તેનો તિરસ્કાર કરે છે. છીછીકાર કરે છે. સ્પર્શ કરતા નથી. આ લોકો પોતાના થતા પરાભવનું કેટલું બધું દુઃખ સહન કરે છે? તને તે માંહીલું દુઃખ કયાં છે?

મૂર્ખ, કાણા, કોઢીઆ, મૂંગા, આંધળા, બહેરા, ઠૂંઠા, હાથ પગ નાસિકાદિ અંગ છેદાયેલા મનુષ્યો અહીં જ નરક સરખું દુઃખ અનુભવે છે. પ્રબળ પાપકર્મના ઉદયવાળા જીવોને, તેનામાં દોષ ન હોય છતાં ખોટા દોષનો આરોપ મૂકી, રાજપુરુષો તેને કારાગૃહ–બંદીખાનામાં નાખે છે. તેઓ વધ, બંધન, છેદન, ભેદન, ઉલ્લંબન આદિ વિવિધ પ્રકારની દુઃસહ વિડંબનાઓ સહન કરે છે.

ઈષ્ટ વસ્તુના વિયોગવાળા, અનિષ્ટ વસ્તુના સંયોગવાળા અને દાસત્વાદિ દુઃખથી પીડાયેલા અને તેથી જ કંટાળેલા કેટલાએક મનુષ્યો જળ, અગ્નિ, તથા વિષ, શસ્ત્રાદિકથી પોતાનો ઘાત કરે છે.

ઇત્યાદિ તપાસ કરતાં કે વિચાર કરતાં તારાથી વિશેષ દુઃખવાળા સંખ્યાબંધ જીવો નજરે પડે છે. તેમ છતાં નિર્નામિકા! તું તારા એકલાં આત્માને જ દુઃખી કેમ માને છે?

જો તારે સુખી થવાની જ ઇચ્છા હોય તો તું ધર્મ કર. ધર્મના પસાયથી આ ભવ અને પરભવ એમ બન્ને ભવ તારા સુખરૂપ થશે. આવા શારીરિક કે માનસિક દુઃખનું ભાજન ફરી તું નહિ થઈશ. પોતાની શંકાનું સમાધાન કરનાર ગુરુરાજનાં વચનો સાંભળી હર્ષ પામેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્નામિકાએ કહ્યું : પૂજ્ય ગુરુશ્રી ! જો હું ધર્મને યોગ્ય હોઉં તો મારાથી બની શકે તે ધર્મ કરવાનું આપ મને ફરમાવો.

ગુરુરાજે પણ સમ્યક્ જ્ઞાનપૂર્વક, ગૃહસ્થોનાં પાંચ અણુવ્રતો (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહનું પરિમાણ) તેને બતાવ્યાં. નિર્નામિકાએ ઘણા હર્ષથી તે ગ્રહણ કર્યા.

ગુરુશ્રીને વંદન કરી લોકોની સાથે તે પોતાના ઘર તરફ ગઈ. વિષયતૃષ્ણા ઓછી કરી. નિર્દોષપણે તે લીધેલ વ્રતોનું પાલન કરવા લાગી સાથે છઠ્ઠ, અઠ્ઠમ, આદિ તપશ્ચરણ કરતી હતી, જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરી શ્રુત અભ્યાસમાં તેણે વધારો કર્યો, ધાર્મિક આચરણોથી તે સુખી થઈ, સંતોષપૂર્વક વ્રતોનું પાલન કરી છેવટે અણશણ ગ્રહણ કર્યું.

એ અવસરે ઋષભદેવજીનો જીવ, ઈશાન દેવલોકમાં લલિતાંગ દેવપણે રહેલો હતો. તેની સ્વયંપ્રભાદેવી દેવ ભવમાંથી ચ્યવી ગયેલી હોવાથી તે શોક કરતો હતો. તે દેખી સ્વયંબુદ્ધ નામના તેના મિત્ર દેવે તેને કહ્યું. મિત્ર ! શોક નહિ કર. આ નિર્નામિકા અણસણ અંગીકાર કરીને બેઠી છે. તેને તમારું રૂપ બતાવો. તે તમારું ધ્યાન મનમાં રાખીને, ધર્મપસાયે અહીં તમારી દેવીપણે ઉત્પન્ન થશે. તેણે તેમ કર્યું. તેના રૂપમાં મોહ પામેલી નિર્નામિકા ધર્મપ્રભાવથી આ માનવ દેહ મૂકી, તે લલીતાંગદેવની સ્વયંપ્રભા નામની દેવીપણે ઉત્પન્ન થઈ. ત્યાં તેમની સાથે દિવ્ય ભોગનો ઉપભોગ કરી, દેવભવમાંથી ચ્યવી લલીતાંગનો જીવપૂર્વ વિદેહક્ષેત્રની પુંડરીગિણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરીમાં **વજ્રજંઘ** રાજાપણે ઉત્પન્ન થયો. અને સ્વયંપ્રભા દેવીનો જીવ **શ્રીમતી** નામની તેમની રાણીપણે ઉત્પન્ન થયો. તે ભવ પછી ઉત્તરકુરુક્ષેત્રમાં બન્ને જણ યુગલીયાપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી સૌધર્મ દેવલોકે બન્ને દેવપણે ઉપજ્યાં, દેવલોકથી ચ્યવી પૂર્વવિદેહક્ષેત્રની પ્રભંકરા નગરીમાં બન્ને મિત્રપણે ઉત્પન્ન થયાં. ત્યાં બીજા ચાર મિત્રો તેમને થયા. ઔષધાદિકથી સાધુની સેવા કરી, વિશેષ ધર્મ ધ્યાનમાં મરણ પામી, બારમે દેવલોકે છએ, દેવ મિત્રપણે ઉત્પન્ન થયાં. દેવ આયુષ્ય પૂર્ણ કરી પુંડરીકગિરિ નગરીમાં શ્રી વજ્રસેન તીર્થંકર થવાના હતા તેમના **વજ્રનાભ** પ્રમુખ પાંચ પુત્રપણે ઉત્પન્ન થયા. તેમાં વજ્રનાભ ચક્રવર્તી થયા. છઠ્ઠો તેમનો **સારથી** થયો. છએ જણાએ વજ્રસેન તીર્થંકર પાસે ચારિત્ર લીધું તેમાં વજ્રનાભ ચૌદપૂર્વી શ્રુતકેવલી થયા. તેઓ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા બાકીના પાંચે એ અગિયાર અંગનું જ્ઞાન સંપાદન કર્યું. તેમાં છઠ્ઠો સારથી સાધુ હતો તે જ્ઞાનમાં વિશેષ પ્રયત્ન કરતો હતો. વારંવાર મનન કરતો હતો. જ્ઞાનનું પરાવર્ત્તન કરવું, ગણવું, અને શંકા પડે ત્યાં આચાર્યશ્રીને પૂછીને નિર્ણય કરવો, તેમાં બિલકુલ પ્રમાદ કરતો ન હતો.

એક દિવસે વજ્રસેન તીર્થંકરના મુખથી તેણે સાંભળ્યું કે—આ વજ્રનાભ આચાર્યનો જીવ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે તેમનું નામ ઋષભદેવજી થશે વિગેરે. તેઓ ચૌદ લાખ પૂર્વ પર્યંત ચારિત્ર પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તે છએ જીવો દેવપણે ઉત્પન્ન થયા. તે ललितांग

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવનો જીવ હમણાં ઋષભદેવજી તીર્થંકરપણે ઉત્પન્ન થયો છે. બીજા ચાર મિત્રો ભરત, બાહુબાલી, બ્રાહ્મી અને સુંદરીપણે જન્મ પામ્યા છે. તથા નિર્નામિકાનો જીવ હું અહીં શ્રેયાંસકુમારપણે જન્મ્યો છું. આ પ્રભુનાં દર્શનથી મને આજે જાતિસ્મરણ જ્ઞાન થયું છે, પૂર્વભવના શ્રુતજ્ઞાનના બળથી આ સર્વ વિશેષ પ્રકારે મેં જાણ્યું છે.

મહાનુભાવો ! તમે પણ તીર્થંકરાદિને–સાધુઓને આ પ્રમાણે દાન આપો.

ઇત્યાદિ શ્રેયાંસકુમારનો વૃત્તાંત જાણી લોકો કહેવા લાગ્યા. કુમાર ! ઘણું જ સારું થયું કે–અજ્ઞાનતાથી પશુની માફક પોતાની ઉદરપૂર્ત્તિવાળી જિંદગી ગુજારતા અમોને તમે દાનનો માર્ગ બતાવી જાગૃત કર્યા.

રાજપુરુષોએ કહ્યું : આજનાં ત્રણે સ્વપ્નનો અર્થ અત્યારે પ્રગટ થયો, તેના ફળ તરીકે શ્રેયાંસકુમારને જાતિસ્મરણ અને પ્રભુને દાન આપવારૂપ મહાન્ લાભ થયો.

જે સ્થળે ઊભા રહી તે પ્રભુએ પારણું કર્યું હતું તે ચરણોનું કોઈ આક્રમણ ન કરે (તેના ઉપર પગ પણ ન મૂકે) આ ઈરાદાથી તે ઠેકાણે શ્રેયાંસકુમારે રત્નમય પીઠ બનાવ્યું અને ભોજન વખતે તેનું નિત્ય પૂજન કરવા લાગ્યો. લોકોએ પૂછયું આ શું છે ? તમે કોનું પૂજન કરો છો ?

કુમારે કહ્યું–અવસર્પિણી કાળમાં ધર્મની આદિ કરવાવાળા મહાપ્રભુનું તે આદિકર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંડળ છે. લોકો પણ પોતાને ઘેર તે મહાપ્રભુના ચરણારવિંદના સ્થળે તેમજ કરી પૂજવા લાગ્યા.

ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થવા પછી, તે પ્રભુની પાસે શ્રેયાંસકુમારે પ્રથમ દેશવિરતિ ધર્મ (ગૃહસ્થ ધર્મ) અંગીકાર કર્યો. ગૃહસ્થધર્મ ઘણા વખત પાળી અવસરે ચારિત્ર લીધું. પાંચ પ્રમાદરહિત સંયમ પાળી, ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ, ઘનઘાતી કર્મનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા. છેવટે સર્વ કર્મ ખપાવી શ્રેયાંસકુમાર નિર્વાણપદ પામ્યા.

મહાપુરુષો કહે છે કે–મતિ, શ્રુતજ્ઞાન જો કાયમ બન્યા રહેતો તે જીવ સાત, આઠ ભવમાં નિર્વાણપદ પામે છે.

આ પ્રમાણે શ્રુતજ્ઞાનના બળથી જાતિસ્મરણ પામી શ્રેયાંસકુમાર સ્વ–પરને બોધ કરવાવાળા થયા.

સમગ્ર શ્રુતજ્ઞાનનો સાર પ્રથમ સામાયિક છે અને સામાયિકનો સાર પાંચ નમસ્કાર છે.

જ્ઞાન સાંભળવા પછી સમભાવ લાવવો. અને સમભાવમાં આલંબન તરીકે આ નમસ્કાર મંત્ર (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ) લેવા. એટલે આ પાંચ મહાપુરુષોની સ્થિતિને પામવી, તેમના સરખા થવું તે સમભાવનો સાર છે.

આ પાંચ પદમાં ઉત્કૃષ્ટ પદે રહેલા સિદ્ધ ભગવાન છે તેથી વિશેષ ઉચ્ચપદ નથી કે પ્રાપ્તવ્ય નથી. આ ઉચ્ચપદ પ્રાપ્ત કરવામાં તે જ આલંબન છે, આત્માનો વિશેષ સ્વભાવ સિદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દશામાં છે. છેવટ આ દશા જ આલંબન કરવા યોગ્ય છે. આ પાંચે અવલંબનથી ધ્યાતા ધ્યેયરૂપે થાય છે. અને ક્રમે છેવટનું પ્રાપ્તવ્ય કરે છે. આમ હોવાથી આ નમસ્કારમંત્ર દ્વાદશાંગીના સારભૂત છે. સર્વ કાળમાં તે શાશ્વતસ્વરૂપ ગણાય છે.

જેઓ અતીત કાળમાં મોક્ષે ગયા છે, વર્તમાન કાળમાં (કોઈ પણ સ્થળેથી) મોક્ષે જાય છે. અને ભાવી કાળમાં મોક્ષે જશે, તે સર્વ આ મહામંત્રાધિરાજમાં રહેલા મહાપુરુષોનું આલંબન લઈને જ. આ જ પરમ મંત્ર છે. પરમ તત્ત્વ છે. ત્રણ જગતને પવિત્ર કરનાર છે. શ્રુત કેવળીઓ પણ પોતાની યોગ્યતાને લાયક આ પાંચ પદમાં રહેલાં મહાપુરુષનું જ સ્મરણ કરે છે. આ ચૌદપૂર્વના સારભૂત નવકારમંત્ર જેમના મનમાં રહેલો છે, જેઓ તેમનું અવલંબન લે છે. તેમના જેવા થવાને પ્રયત્ન કરે છે તેમને સંસાર શું કરવાનો છે?

સુદર્શના! આ પ્રભાવિક પંચમંગલ મહાશ્રુતસ્કંધનું ફળ તેં પોતે પ્રત્યક્ષ અનુભવ્યું હવે જ્ઞાન તરફ વધારે લક્ષ આપવાની જરૂર છે.

જ્ઞાનથી પુન્ય, પાપ અને તેનાં કારણો જાણવામાં આવે છે. મનુષ્યો પુન્યમાં પ્રવૃત્તિ અને પાપથી નિવૃત્તિ જ્ઞાનથી જ કરી શકે છે. પુન્યમાં પ્રવૃત્તિ કરવાથી સ્વર્ગનાં અને પરંપરાએ અપવર્ગનાં સુખ મળે છે. પાપથી નિવૃત્તિ પામતાં નારકી તિર્યંચાદિના દુઃખથી મૂકાવાનું થાય છે. જ્ઞાન નિર્વાણનું કારણ છે. ચાર ગતિના ફેરાનું નિવારણ કરનાર જ્ઞાન છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ મુનિઓ પણ જ્ઞાન સિવાય કયારે પણ ઉત્તમ સુખ પામી શકતા નથી. સંવેગપક્ષી છતાં જો જ્ઞાનવાન હોય તો જ દૃઢ સમ્યકત્વ પામી શકે છે.

તીવ્ર તપશ્ચર્યા કરતાં અને સંયમ પાળવા છતાં, જ્ઞાન સિવાય સમ્યક્ત્વ મેળવી કે પામી શકાતું નથી. જિનેંદ્ર ધર્મની દીક્ષા લઈને પણ જ્ઞાનના અભાવે, યતના, અયતનાને નહિ જાણનારા, પ્રવચનથી નિરપેક્ષ બની સંસાર-અટવીમાં પરિભ્રમણ કરે છે. વિવેક જ્ઞાન, સિવાય, અજ્ઞાની તીવ્ર તપશ્ચરણ કરવા છતાં આંધળાની માફક દોડીને સંસારપરિભ્રમણરૂપ ખાડામાં જઈ પડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

અનેક ભવોએ પણ દુર્લભ જિનેંદ્ર દર્શન પામીને દેવ, મનુષ્ય અને નિર્વાણસુખના પરમ કારણરૂપ જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્નવાન્ થવું જોઈએ. કહ્યું છે કે—

नाणं मोहमहंधयारलहरीसंहारसूरुग्गमो ।
नाणंदिट्ठ अदिट्ठइट्ठघडणासंकप्पकप्पद्दुमो
नाणं दुज्जयकम्मकुंजरघडापंचत्तपंचाणणो ।
नाणं जीवअजीववत्थुविसरस्सालोयणे लोयणं ॥१॥

મોહરૂપ મહાન્ અંધકારની લહરીઓ (પંક્તિઓ)નો સંહારનાશ કરવાને જ્ઞાન, સૂર્યોદય સરખું છે. દીઠેલી અને નહિ દીઠેલી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવવામાં જ્ઞાન, સંકલ્પમાત્રથી ઇચ્છિત

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ફળ આપનાર કલ્પવૃક્ષસમાન છે. દુર્જય કર્મરૂપ હાથીઓની ઘટાઓનો (સમૂહનો) વિનાશ કરવામાં જ્ઞાન સિંહસમાન છે અને જીવ અજીવાદિ વસ્તુના વિસ્તારને દેખવા માટે જ્ઞાન અદ્વિતીય નેત્રસમાન છે.

પરોપકારબુદ્ધિથી દેવાવાળાને અને સ્વોપકારબુદ્ધિથી ગ્રહણ કરનારને જ્ઞાન મોક્ષ-નગરીના દ્વારતુલ્ય ફળ આપે છે. કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી પોતાની મેળે જ તેઓને આવી મળે છે.

કેટલાક મહાત્માઓ હાથમાં રહેલા મુક્તાફળ (મોતી)ની માફક આ પૃથ્વીતળને દેખે છે. ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્રાદિકના પરિમાણને ધાતુર્વાદ, રસાયણ શાસ્ત્રને, અંજનસિદ્ધિ આદિ સમગ્ર રિદ્ધિઓને, જ્યોતિષ તથા નિમિત્તશાસ્ત્રને, ગારૂડી, પિશાચ, શાકિની પ્રમુખના મંત્રોને, કર્મની પરિણતિઓને, જીવોની ગતિ આગતિઓને, કાલની સંખ્યાને, પહાડ, પૃથ્વી, સમુદ્ર, દ્રહ, નદી, વિમાન, દેવ અને સિદ્ધિ વિગેરેના પરિણામને જાણે છે ત્યારે મનુષ્યપણું સાધારણ છતાં કેટલાક મનુષ્યો આ માંહીલું કાંઈ પણ જાણી શકતાં તેથી તેનું કારણ શું ? આ જાણપણાનું અને નહિં જાણવાનું કારણ જ્ઞાન અભ્યાસ કરેલો અને નહિ કરેલો. જ્ઞાનનું દાન અન્યને કરેલું અને નહિ કરેલું, જ્ઞાનમાં અન્યને મદદ આપેલી અને નહિ આપેલી તે જ છે.

અહીં કોઈ શંકા કરે કે, જ્ઞાન કોને કહેવું ? જ્ઞાનનો ખરો અર્થ શું ? શું પૃથ્વીનું જ્ઞાન થવું ? સૂર્ય-ચંદ્રની સંખ્યા કરવી ! ધાતુ, રસાયણ અને અંજનસિદ્ધિ આદિનું જાણપણું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવું ? ભૂત, પિશાચાદિના મંત્રો સિદ્ધ કરવા ? પહાડ, નદીઓ વિગેરેની ગણતરી કરવી કે જીવ, અજીવાદિ ભાંગાઓ ગણી કાઢવા તેને જ્ઞાન કહેવું ?

મહાપુરુષો તેના ઉત્તરમાં કહે છે કે–આત્માનું જ્ઞાન કરવું તે જ્ઞાન છે. આત્મા કોને કહેવો ?

તેનાં લક્ષણો જાણવાં, તેનો નિશ્ચય કરવો, તે કર્મથી બંધાયેલો છે ? બંધાયો હોય તો શા કારણથી ? તે મુક્ત થઈ શકે છે ? થઈ શકે તો કેવાં નિમિત્તોથી ? વિગેરેનું જાણપણું કરવું અને પવિત્ર નિમિત્તો મેળવી આત્માને વિશુદ્ધ કરવો. આ જ જ્ઞાન છે. આને માટે જ આ સર્વ વિસ્તાર છે. તે સિવાયનું જ્ઞાન તે આત્મવિશુદ્ધિ માટે નથી.

આત્મજ્ઞાન તે જ જ્ઞાન કહી શકાય, તો પછી " જ્ઞાનીઓ આ સર્વ પૃથ્વીને જાણી શકે છે " ઇત્યાદિ પૂર્વે શા માટે બતાવ્યું ?

આનો પ્રત્યુત્તર આ પ્રમાણે છે. આત્માનો જ્ઞાતૃત્વ (જાણવાપણું) ધર્મ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતાં તે સર્વ પદાર્થો જાણી શકશે જ. પણ તેથી એમ સમજવાનું કે કહેવાનું નથી કે આ સર્વ વસ્તુઓ જાણવી જ જોઈએ અથવા જાણવું તે આત્મજ્ઞાન છે. નિર્મળ અરિસામાં સામે રહેલી વસ્તુઓ પ્રતિબિંબિત થશે યા દેખાઈ આવશે. તેમ નિર્મળ આત્મા તે સર્વ વસ્તુઓને જાણી શકશે, પણ મનુષ્યોનો મુખ્ય ઉદ્દેશ આત્માને વિશુદ્ધ કરવાનો

Aç. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને જન્મ, મરણનાં સંકટોમાંથી મુક્ત થવાનો જ છે. અને તેમ થવા માટે આત્મજ્ઞાન જ કર્તવ્ય છે.

વળી આત્મસાધન કરનારા સર્વ જીવો કાંઈ એક સરખી લાયકાતવાલા હોતા નથી. તેને લઈને સર્વે આત્મવિશુદ્ધિમાં પ્રવેશ કરી શકતા નથી. તેઓને મલિન વિચારોથી કે અશુભ ક્રિયાઓથી બચાવવા અથવા પાછા હઠાવવા માટે પ્રથમ અભ્યાસમાં શુભ વિચારો કે આચરણોવાળા ગ્રંથો વિગેરેનો અભ્યાસ કરાવવામાં આવે છે. તેમાં પાપવૃત્તિઓને રોકવાનો મુખ્ય ઉદ્દેશ હોય છે. નમસ્કારમંત્રાદિના જાપ પ્રમુખ શુભ આલંબનો, પુન્યાદિની પુષ્ટિ માટે છે. અને તે પણ અમુક હદ સુધી ઉપયોગી છે.

પૃથ્વી, પહાડ, નદી, દ્રહ, વિમાન અને જીવાદિની ગણતરીવાળા શાસ્ત્રો, અશુભ ધ્યાનથી બચવામાં વખતનો વ્યય કરવા માટે છે. યોગ્યતા સિવાય ઉચ્ચ સ્થિતિમાં પ્રવેશ ન થાય અને વચલી મધ્યમ સ્થિતિ સ્વીકારવામાં ન આવે તો ઉભયભ્રષ્ટ થવા જેવું થાય છે માટે અશુભ ધ્યાનથી બચવા સારુ અને ઉચ્ચ સ્થિતિમાં પ્રવેશ કરવા સારૂ યોગ્યતાના પ્રમાણમાં મધ્ય સ્થિતિ સ્વીકારી તે યોગ્ય છે. તેમજ પૃથ્વી, પહાડાદિકનું જ્ઞાન લોકસંસ્થાન ભાવનાના વિચાર માટે પણ છે, અને તેનો પણ હેતુ એ છે કે—આ સર્વ જ્ઞાનીથી દૃષ્ટસ્થળે આ જીવે પરિભ્રમણ કર્યું છે. જન્મ, મરણો કર્યા છે, હવે તેનાથી બચાવ કરવો જોઈએ. વિગેરે મધ્યમ વિચાર માટે તે શાસ્ત્રો જાણવાનાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હાથમાં રહેલા મોતીની માફક આ સર્વ પૃથ્વીતળ જ્યોતિષ, મંત્ર વિગેરે કોઈ મહાત્મા જાણી શકે છે" એમ પૂર્વે કહેવામાં આવ્યું. તેનું કારણ દુનિયામાં અતિશાયિક તરીકે જ્યોતિષ, રસાયણ અને મંત્રાદિ શાસ્ત્રો મનાય છે. તે પણ શાસ્ત્રો, પૂર્વાપર વિરોધ વિના સંપૂર્ણ રીતે મહાત્માઓ જાણી શકે છે. એ અતિશાયિકપણું બતાવવાનો જ હેતુ છે. પણ તેથી તે જ કર્ત્તવ્ય, જાણપણું કે જ્ઞાન છે એમ માનવાનું નથી. ખરા જ્ઞાન તરીકે આત્મજ્ઞાન કરવું તે જ મુખ્ય જ્ઞાન છે, જેઓ નિરંતર અપૂર્વ આત્મજ્ઞાન ગ્રહણ કરે છે. તે જ્ઞાન પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. તેઓ જિનેંદ્રપદ પામે છે ત્યારે જેઓ પરમાર્થ બુદ્ધિથી બીજાઓને આત્મજ્ઞાન કહે છે, આપે છે તેઓને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય તેમાં આશ્ચર્ય જ શાનું ?

જે જ્ઞાન ભણવાવાળાને, અનાજ, પાણી, વસ્ત્ર અને પુસ્તકાદિની મદદ આપે છે. તે પણ જ્ઞાનદાનનો, વિભાગ કહેવાય છે.

દિવસમાં એક પદ જેટલું પણ જ્ઞાન શીખી શકાતું હોય અથવા પંદર દિવસે એક શ્લોક જેટલું જ્ઞાન શીખી શકાતું હોય તથાપિ જ્ઞાન ભણવાનો પ્રયત્ન મૂકવો ન જોઈએ. અજ્ઞાની જીવો અર્થાત્ થોડી બુદ્ધિવાળા–જ્ઞાનના પ્રબળ આવરણવાળા જીવો પણ જ્ઞાન ભણવામાં આદરપૂર્વક પ્રયત્ન કરે તો માસતુસ જેવા મુનિઓની માફક છેવટે પૂર્ણ જ્ઞાન પણ મેળવી શકે છે ત્યારે વિશેષ બુદ્ધિવાળા જીવો માટે તો શું કહેવું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે જ્ઞાનરત્નનું સ્વરૂપ સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે પણ તે મેળવવા માટે પૂરતા પ્રયત્નની જરૂર છે.

વખત વિશેષ થઈ જવાથી બીજાં દર્શન–ચારિત્રાદિ રત્નોના સ્વરૂપ માટે આગળ ઉપર કહેવાનું રાખી ગુરુમહારાજે પોતાનો ઉપદેશ સમાપ્ત કર્યો. એટલે જિતશત્રુ રાજા, સુદર્શના, શીળવતી, સાર્થવાહ વિગેરે સર્વ રાજમંડળ ગુરુને નમસ્કાર કરી ગુરુઉપદેશનું સ્મરણ કરતાં ત્યાંથી રાજમહેલ તરફ પાછાં ફર્યા. સુદર્શના અને શીળવતીને રહેવા માટે રાજા જિતશત્રુએ પોતાનો સંપૂર્ણ સામગ્રીવાળો મહેલ આપ્યો. સુદર્શના સપરિવાર ત્યાં આવી તેની સર્વ વ્યવસ્થા રાજાએ પોતે પોતાના માણસો દ્વારા કરાવી આપી.

દેવદર્શન, ગુરુદર્શન, ધર્મશ્રવણ, સુપાત્ર દાન, સ્વધર્મીવાત્સલ્ય, દીનજનોનો ઉદ્ધારાદિ નાના પ્રકારનાં ઉત્તમ કર્ત્તવ્ય કરવાનો પૂર્ણ પ્રસંગ તેને અહીં આવી મળ્યો.

સુપાત્રોમાં દાન આપી સુદર્શનાએ ભોજન કર્યું. ધર્મક્રિયા અને જ્ઞાનચર્ચામાં દિવસ પસાર કરી બીજે દિવસે ગુરુશ્રીનાં દર્શન અને ધર્મ શ્રવણ નિમિત્તે સુદર્શના શીળવતી સાથે પોતાના પરિવાર સહિત જ્ઞાનભૂષણ ગુરુ પાસે આવી.

મનુષ્યોને જન્મ મરણના દુઃખથી મુક્ત થવામાં પરમ કારણભૂત ગુરુશ્રીએ કરુણાબુદ્ધિથી ઉપદેશ આપવો શરૂ કર્યો.

—*—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૨ મું

સમ્યગ્ દર્શન—બીજું રત્ન

દર્શનમોહનીય કર્મની તેમજ ચારિત્રમોહનીય કર્મની અમુક પ્રકૃતિઓ (ભેદો) ના-ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી પ્રગટ થયેલો (અમુક અંશે) આત્મસ્વભાવ યા આત્મગુણ તેને સમ્યક્ત્વ કે તત્ત્વશ્રદ્ધા કહે છે.

આ સમ્યકત્વ બીજું રત્ન છે. જ્ઞાનથી સમ્યક્ રીતે તત્ત્વો યા પદાર્થો જાણી શકાય છે. અને દર્શનથી તેનો ચોક્કસ નિર્ણય થઈ શ્રદ્ધાન કરાય છે. જેમકે આ જીવ-અજીવ જડ ચૈતન્ય પદાર્થોનું સ્વરૂપ પૂર્વાપર વિરોધરહિત આ પ્રમાણે જ છે.

દર્શનમોહનીય કર્મની સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય નામની ત્રણ પ્રકૃતિનો સર્વથા ક્ષય થવાથી આ સમ્યગ્ દર્શન વિશુદ્ધસ્વભાવે પ્રગટ થાય છે.

મોહનીય કર્મની આ ત્રણે પ્રકૃતિઓ મિથ્યાત્વ સ્વરૂપ છે છતાં એક એકથી વિશુદ્ધતામાં વિશેષ વિશેષતર હોવાથી તેના ત્રણે ભેદો જુદા જુદા કહેવામાં આવ્યા છે. નહિતર આત્માના વિશુદ્ધ ગુણને (શ્રદ્ધાનને) રોકવાનો સ્વભાવ ત્રણેમાં છે. દૃષ્ટાંત કરીકે જેમ સૂર્ય વાદળામાં ગાઢ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તદ્દન ઢંકાયેલો હોય તે ઠેકાણે મિથ્યાત્વમોહનીય, અરધાં મેલાં વાદળાં અને અરધાં ધોળાં વાદળામાં ઢંકાયેલો હોય તે મિશ્ર મોહનીય અને તદ્દન ઉજ્જવળ વાદળામાં સૂર્ય ઢંકાયેલો હોય તે ઠેકાણે સમ્યકત્વ મોહનીય.

આ સ્થળે સૂર્યને આત્માના અમુક ગુણ ઠેકાણે ગણવો. તેને આવરણ કરનાર આ મિથ્યાત્વ મોહનીયને વાદળાં સમાન ગણવાં. આ મોહનીય કર્મ પ્રકૃતિના સ્વભાવને લઈને આત્માદિ પદાર્થ ઉપર યથાર્થ નિર્ણયવાળું તત્ત્વશ્રદ્ધાન જીવોને થતું નથી.

આ કર્મપ્રકૃતિરૂપ વાદળાંને હઠાવી શકાય છે. તેમ કરવાના ઉપાય છે. જેમ જેમ ક્રોધ, માન, માયા અને લોભની પ્રબળતાને મંદ, મંદતર, મંદતમ કરવામાં આવે છે, સત્સંગનો સમાગમ મેળવવામાં આવે છે. મધ્યસ્થ દૃષ્ટિ રાખી વિના પક્ષપાતે વસ્તુત્વનો વિચાર કરવામાં આવે છે અને મનને કલુષતા વિનાનું વિશુદ્ધ રાખવામાં આવે છે તેમ તેમ આ સમ્યગ્દર્શન ગુણ વિશુદ્ધ–વિશુદ્ધતર રૂપે પ્રગટ થતો ચાલે છે.

ઉપાધિ ભેદથી યા અપેક્ષાથી આ સમ્યક્ શ્રદ્ધાનના અનેક ભેદો થઈ શકે છે. તે સર્વમાં 'તત્ત્વનું શ્રદ્ધાન થવું' એ સામાન્ય અર્થ છે. યાને મુખ્ય ભેદ છે. તે પહેલો પ્રકાર છે.

કોઈના ઉપદેશ સિવાય–સ્વાભાવિક પોતાની મેળે જ પરિણામની વિશુદ્ધિ મેળવતાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. તેમજ ગુર્વાદિકના ઉપદેશદ્વારા વિશુદ્ધિ મેળવતાં પણ આ ગુણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રગટ થાય છે. આમ બે ભેદ તે શ્રદ્ધાનના ગણાય છે.

ક્ષાયિક, ક્ષયોપશમિક અને ઔપશમિક–એમ તે શ્રદ્ધાનના ત્રણ ભેદો કહેવામાં આવે છે.

દર્શનમોહનીય કર્મની ત્રણે પ્રકૃતિના પુદ્ગલોનો, સદાને માટે સર્વથા આત્મપ્રદેશ સાથેનો વિયોગ થવો (છૂટું થવું) તે ક્ષાયિક–સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. આ શ્રદ્ધાનની શરૂઆત ચોથા ગુણસ્થાનકથી છે. આઠમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી (કર્મ ખપાવવા માટેની પરિણામની વિશુદ્ધિરૂપ ધારા)માં પ્રવેશ કરતાં, આ સમ્યક્ શ્રદ્ધાન પોતાનું ખરેખર સામર્થ્ય પ્રગટ દેખાડે છે. છેવટે કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરાવે છે. એટલે જેવું જાણ્યું, જેવો નિશ્ચય કર્યો, તેવો જ અનુભવ કરાવવામાં નિમિત્તભૂત બને છે.

આ શ્રદ્ધાન પ્રાપ્ત કરવામાં પ્રથમ અનંતાનુબંધી કષાયોનો સર્વથા નાશ કરવો પડે છે. 'અનંતાનુબંધી' આ નામ પ્રમાણે જ તે કષાય, (ક્રોધ, માન, માયા, લોભ)માં ગુણ રહેલા છે. અનંત–અનુબંધ (રસ) કરાય–બંધાય–જેનાથી–જે કરવાથી તે 'અનંતાનુબંધી' આ કષાયની મદદથી, યા સામર્થ્યથી, આત્મા અનંત કાળપર્યંત સંસાર પરિભ્રમણ કરે તેટલો કર્મનો બંધ કરે છે અથવા આ ચાર કષાયની મદદથી આત્મા અનંતકર્મનાં દલીયાં એકઠાં કરે છે, માટે અનંતાનુબંધી, અથવા જે કષાયની સહાયથી જીવને પૌદ્ગલિક સુખ સંબંધી અનંત ઇચ્છાઓ લંબાયેલી હોય (થાય) છે તે અનંતાનુબંધી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આત્મગુણોનું કે આત્મસુખનું ખરૂં ભાન થતાં આ ઇચ્છાઓના તંતુઓ તૂટી જાય છે. પૌદ્ગલિક સુખ સુખપણે ભાસતું નથી. એટલે આત્માના અનંત સામર્થ્યનો પ્રવાહ આજ-પર્યંત જે નીચો (પુદ્ગલ તરફ) વહન થતો હતો તેને પાછો વાળી તે પ્રવાહ કેવળ આત્મભાવ તરફ જ વહન કરાવાય છે. આ ગુણ અનંતાનુબંધી કષાય જવાથી જ પ્રગટ થાય છે. વિશેષ એટલો છે કે-આવાં પરિણામ થવા પહેલા આવતા જન્મ માટે આયુષ્યનો બંધ નિકાચિત કર્યો હોય તો તે જન્મને માટે તે વિશેષ આગળ વધી શકતો નથી. આ પરિણામથી એકંદર ઘણો જ ફાયદો છે, પણ પૂર્વે કહ્યા મુજબ પૂર્ણ જ્ઞાન, તે આ જન્મમાં પામી શકતો નથી. તેમજ પાછો કદાચ મિથ્યાત્વ મોહનીયનો પ્રબળ ઉદય થાય તો ફરી અનંતાનુબંધીની પ્રકૃતિઓ પણ પાછી બાંધે છે અને ઉદય પામે છે આમ થવાનું કારણ મિથ્યાત્વરૂપ બીજ હજી સત્તામાં કાયમ રહેલું છે તે જ છે. આગામી જન્મ માટેનું આયુષ્ય બાંધ્યું હોય અને પરિણામની વિશુદ્ધિથી તે કદાચ શ્રેણિ આરૂઢ થાય તો, તે સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ-મોહનીય ત્રણેનો ક્ષય કરે છે અને મરણ પામી દેવલોકમાં જાય છે.

સાતે પ્રકૃતિનો ક્ષય કરનાર તે ત્રણ અથવા ચાર ભવથી વધારે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

આવતા જન્મનું આયુષ્ય નહિ બાંધનાર અને સાત પ્રકૃતિનો ક્ષય કરનાર શ્રેણિ આરૂઢ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ, આઠ કષાય નપુંસકવેદ સ્ત્રી વેદ હાસ્ય આદિ છ પ્રકૃતિ, પુરુષવેદ અને સંજ્વલન ક્રોધાદિ ખપાવે. તેમજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મની પ્રકૃતિઓને ખપાવી (ઘાતીકર્મને ખપાવી) કેવળજ્ઞાન ઉત્પન્ન કરે. આ ક્ષાયિક સમ્યક્ત્વ (વિશુદ્ધ પરિણામવાળી સ્થિતિ આવ્યા પછી પાછું જતું નથી. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિથી છેવટની સ્થિતિ પર્યંતના ગુણો અનુક્રમે પ્રકટ થાય છે.

ક્ષયોપશમ સમ્યકત્વ

ઉદય આવેલ મોહનીય કર્મસંબંધી મિથ્યાત્વ પ્રકૃતિને વેદીને ક્ષય કરવો અને ઉદય નહિ આવેલી મિથ્યાત્વ પ્રકૃતિનો પરિણામની વિશુદ્ધિથી ઉપશમ કરવો તે, (મિશ્રભાવને પામેલું અને વર્તમાન કાળે વેદાતું) ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય છે.

આ સમ્યક્ત્વમાં એટલો ગુણ રહેલો છે યા એવી શુદ્ધતા રહેલી છે કે જો આ સમ્યક્ત્વ પ્રાપ્તિ પહેલાં આવતા જન્મનું આયુષ્ય ન બાંધ્યું હોય અને તે સમ્યક્ત્વ આ ભવ માટે કાયમ ટકી રહે તો વૈમાનિક દેવ સિવાય બીજી ગતિમાં તે, તે ભવમાંથી ન જાય. આ શુદ્ધતા સામાન્ય રીતે ટકી રહેતો એકી સાથે છાસઠ સાગરોપમ (આમાં ઘણો લાંબો વખતનો સમાવેશ થાય છે) સુધી ટકી રહે છે. ઓછામાં ઓછો વખત અંતર્મુહૂર્ત જેટલો છે.

આ સમ્યક્ત્વમાં પણ કષાયની મંદતા અને પરિમાણુની વિશુદ્ધતાની તો જરૂર છે જ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છતાં ક્ષાયિક કરતાં આમ વિશુદ્ધતા ઓછી હોય છે. આ સમ્યક્ત્વની પરાકાષ્ઠા પછી (છેલ્લી વિશુદ્ધિમાંથી) ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આ ક્ષયોપશમ સમ્યક્ત્વ અસંખ્યાતી વાર આવે છે અને જાય છે.

ઉપશમ સમ્યકત્વ

પૂર્વે કહેલી મોહનીય કર્મની સાત પ્રકૃતિઓને (રાખથી ભારેલા અગ્નિની માફક) ઉપશમાવવી (વર્તમાન કાળમાં અંતર્મુહૂર્ત જેટલા વખત પર્યંત પ્રદેશથી કે વિપાકથી નહિ વેદવી) તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે. પરમ ઉપશમ (શાંત યાને સ્થિર) ભાવમાં રહેતાં આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આ સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ એવો છે કે–અનંત કાળથી નાના પ્રકારની યોનિઓમાં પરિભ્રમણ કરતાં ભવિતવ્યતાના નિયોગથી કે કર્મ પરિણતિના નિયોગથી સંજ્ઞિ-પંચેંદ્રિયપણું મેળવી શકાય છે. જેમ પહાડ પરથી પડતી નદીમાં કેટલાએક બેડોળ પથ્થરો, અથડાઈ પછડાઈને ગોળાકાર બની જાય છે તેમજ શુભ પરિણતિના યોગે આયુષ્ય સિવાયના સાતે કર્મની સ્થિતિ કોડાકોડી સાગરોપમની અંદર પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ઓછી કરે છે. આટલી વિશુદ્ધિએ આગળ ચડતાં–આ ઠેકાણે તે જીવોને રાગ–દ્વેષની નિબિડગ્રંથી આગળ આવીને ઊભી રહે છે. આ ગ્રંથીને ભેદ્યા સિવાય તેનાથી આગળ વધી શકાતું નથી. અર્થાત્ જે વિશુદ્ધિના જોરથી તેઓ અહીં સુધી–આ સ્થિતિ સુધી આવી પહોંચે છે તેથી વિશેષ વિશુદ્ધિની હવે તેમને આગળ વધવામાં જરૂર પડે છે. તે સિવાય તેઓથી આગળ વધી શકાતું નથી. તે

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વિશુદ્ધિ એ જ કે રાગ–દ્વેષની ઓછાશ કરવી.

ઉપર જણાવેલી વિશુદ્ધિ પર્યંત તો અનેક જીવો અનેક વાર આવી શકે છે. પણ હવે આગળ માટે વિશુદ્ધિમાં એકદમ મોટો ફેરફાર કરવો જોઈએ તેવો મોટો ફેરફાર જે જીવો કરી શક્તા નથી. તેઓ ત્યાં (તે સ્થિતિમાં) લાંબો વખત રહે છે, કેટલાક જીવો પરિણામની મલિનતામાં વધારો કરી (કર્મની સ્થિતિમાં વધારો કરી), ત્યાંથી પાછાં પડે છે. તેવાઓને આત્મમાર્ગ કઠણ થઈ પડે છે. કોઈ લાયક જીવ પરિણામની વિશુદ્ધતાથી આ રાગ–દ્વેષની ગ્રંથિ (ગાંઠ)ને ભેદી નાંખી આગળ વધે છે. અને અમુક વખત પર્યંત તે પરિણામથી પાછા ન જ હટવારૂપ અનિવૃત્તિકરણ (પરિણામની સ્થિતિ કે વિશુદ્ધિ વિશેષ)થી ઉપશમ સમ્યક્ત્વ પામે છે.

આ સમ્યક્ત્વ અપૌદ્ગલિક યાને અરૂપી છે. તેમ હોવાનું કારણ એ છે કે–તેમાં (તેટલા વખત માટે) મિથ્યાત્વ પુદ્ગલો વિપાકથી કે પ્રદેશથી પણ વેદવામાં આવતાં નથી.

જેમ ઉખર જમીનને પામી વનમાં લાગેલ દાવાનળ શાંત થાય છે તેમ પરિણામની વિશુદ્ધિથી મિથ્યાત્વ શાંત થતાં આત્મશાંતિ પ્રગટ થાય છે.

મીણાવાળા કોદ્રવાને પ્રયોગથી વિશુદ્ધ કરવામાં આવે છે, તેમાંથી કેટલોક ભાગ તદ્દન શુદ્ધ થાય છે, કેટલાએક અર્ધવિશુદ્ધ થાય છે અને કેટલાએક તદ્દન મેલાં રહે છે. એવી રીતે અંતર્મુહૂર્ત કાળ પછી પરિણામવિશેષથી ઉપશમાવેલા (સત્તામાં રહેલા) મિથ્યાત્વના ત્રણ ભાગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવામાં આવે છે. તેમાં એક વિશુદ્ધ, બીજો અર્ધશુદ્ધ અને ત્રીજો તદ્દન અશુદ્ધ.

પૂર્વે જેણે અંતર્મુહૂર્તકાળ પર્યંત મિથ્યાત્વનો ઉપશમ કર્યો હતો, તે તેટલા વખત પછી, જો આ (પરિણામની તારતમ્યતાથી) શુદ્ધ પુંજનો અનુભવ કરે (વેદે) તો તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અર્ધવિશુદ્ધ મિથ્યાત્વના પુદ્ગલ વેદે તેવા અધ્યવસાયનો તે અનુભવ કરે તો તેને મિશ્ર સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને તદ્દન મલિન પુદ્ગલ વેદવા જેવાં અશુદ્ધ પરિણામ–યા–અધ્યવસાયનો અનુભવ કરે તો તે મિથ્યાત્વમાં પ્રવેશ કરે છે અર્થાત્ તે મિથ્યાત્વ પામે છે. આ મિથ્યાત્વમાં આવતાં તેની પૂર્વની વિશુદ્ધિ ચાલી જાય છે અર્થાત્ તેની વિશુદ્ધિ ઉપર મલિનતા ફરી વળે છે. છતાં તેણે એક વાર વિશુદ્ધિનો અનુભવ કરેલો હોવાથી તે વધારામાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન (કાળનું માપવિશેષ) કાળથી વિશેષ વખત સંસારમાં પર્યટન કરતો નથી. તેટલા વખતમાં ફરી પાછી પૂર્વની વિશુદ્ધિ મેળવીને તે નિર્વાણપદ અવશ્ય મેળવે છે.

આ ત્રણે સમ્યક્ત્વ ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત જેટલો વખત બન્યાં રહે છે ઉપશમ સમકિત એક જીવને પાંચ વાર આવે છે. ક્ષયોપશમ અસંખ્યાતી વાર આવે છે અને ક્ષાયિક સમ્યક્ત્વ એક વાર આવે છે અને તે પાછું કોઈ વખત જતું નથી.

ક્ષયોપશમ, ડોળાયેલા પાણી સરખું મલિન છે. ઉપશમ નીચે બેઠેલા મેલવાળું નિર્મળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે અને ક્ષાયિક કેવળ નિર્મળ છે.

પરિણામની વિશુદ્ધિથી નિર્મળ ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર પામી મારુદેવાજી નિર્વાણપદ પામ્યાં. તેવી જ રીતે સર્વ જીવોએ આત્મગુણ પ્રગટ કરવા માટે વિશુદ્ધિ મેળવવી જોઈએ.

મારુદેવાજી

આ ભારતભૂમિ ઉપર એક વખત એવો હતો કે, જ્યાં યુગલિક મનુષ્યોનું જ સામ્રાજ્ય હતું. તે લોકો ઘણાં ભોળાં અને સરલ સ્વભાવનાં હતાં. લોભ કે મમત્વ ભાવ ઘણો જ ઓછો હતો. અત્યારના વખતના મનુષ્યોમાં વિષય કષાયની જે હદ ઓળંગાઈ ગયેલી જોવામાં આવે છે તેના હજારમા ભાગે પણ તે વખતના જીવોમાં વિષય કષાયની તીવ્રતા જણાતી ન હતી. તે વખતનાં વૃક્ષો (કલ્પવૃક્ષો) એટલાં ફળદ્રુપ હતાં કે, તેમને ખેતીવાડીની ગરજ ન હતી. તે વૃક્ષોમાંથી જ પહેરવાનાં વસ્ત્રો, ખાવા માટેનાં વાસણો અને પ્રકાશ થઈ શકે તેવી વસ્તુઓ તેઓ મેળવી શકતા હતા. કલ્પવૃક્ષનાં ફળોથી શરીરનો નિર્વાહ ચાલતો હતો. લોભ વિશેષ ન હોવાથી હથિયાર બાંધવાની તેઓને જરૂર પડતી ન હતી. તેમજ સર્વે સંતોષી હોવાથી વ્યવહાર પ્રપંચની જાળવાળી લેખિનીની પણ તેઓને જરૂરિયાત ન હતી.

આવો વખત આ ભારતભૂમિ ઉપર ઘણા લાંબા કાળ પર્યંત ચાલ્યો, જેની એકંદરે સંખ્યા અઢાર કોડાકોડી સાગરોપમ જેટલી મોટી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ અરસામાં તેઓમાં પાપવૃત્તિ તેમજ ધર્મવૃત્તિ બન્ને નહિ જેવી જ હતી. આયુષ્યના છેલ્લા ભાગમાં તેમની સ્ત્રી એક પુત્ર, પુત્રીના યુગલને જન્મ આપતી હતી. તે યુગલનું અમુક ટૂંકા વખત સુધી પાલન–પોષણ કરી, બન્ને દંપતી મરણ પામી દેવભૂમિમાં જઈ વસતાં હતાં. યુગલપણે ઉત્પન્ન થયેલ પુત્ર, પુત્રી આપસમાં સ્ત્રી–પુરુષનો વ્યવહાર ચલાવતા હતા. વિવાહ સંબંધી નીતિ તેઓમાં બીલકુલ ન હતી. તેઓમાં અકાળ મરણ પણ થતાં ન હતાં અને એક જ સ્ત્રી–પુરુષ આપસમાં સંતોષથી સંસારનિર્વાહ કરતા હતા.

વખતના વહેવા સાથે તેઓમાં રાગ–દ્વેષની સ્થિતિ વૃદ્ધિ પામવા લાગી. તે વખતના લોકોના બુદ્ધિબળના પ્રમાણમાં કાંઈક અધિક બુદ્ધિવાળા તેઓના રાજા તરીકે મનાતા હતા. રાજાદિ અધિકારીપણું પણ તે યુગલિકોના ઘણા પાછલા વખતમાં જ ઉત્પન્ન થયું હતું તે પહેલાં તે લોકો તદ્દન સ્વતંત્ર હતા. તેમ તેઓને તેવી જરૂરિયાત પણ ન હતી.

જેમ જેમ રાગ–દ્વેષની અધિકતા થતી ચાલી તેમ તેમ કલ્પવૃક્ષોમાંથી મેળવી શકાતા આહારાદિ પણ ઓછાં નીપજવા કે મળવા લાગ્યાં. સાધનો ઓછાં થતાં લોભ વધ્યો અને લોભ વધતાં તેમાંથી ક્રોધનો જન્મ થયો. ક્રોધ થતાં આપસમાં લડવા લાગ્યાં. તેમના સમાધાન માટે તે વખતના બુદ્ધિમાન મનુષ્યે રાજા તરીકેનું પદ સ્વીકારી યોગ્ય વ્યવસ્થા કરવી શરૂ કરી. અપરાધીને દંડ આપવા માટે હા! અથવા અરે! શબ્દનો પ્રયોગ તે વખતના અપરાધીને સખત શિક્ષા માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગ્ય નીવડયો. 'હા! તેં આ શું કર્યું?' આટલા શબ્દોથી પોતાને મહાન્ શિક્ષા થઈ તેમ તેઓ સમજતા હતા. કેટલાક વખત જવા બાદ તે શિક્ષા ઓછી ગણાવા લાગી. તેનો અનાદર કરી લોકો અપરાધ વિશેષ કરવા લાગ્યા. ત્યારે મોટી શિક્ષા તરીકે મા! આ શબ્દ વાપરવો શરૂ કર્યો. 'ફરી આવું કદી ન કરશો' કાળક્રમે જ્યારે લોકો, આ નીતિને પણ ન ગણકારવા લાગ્યા ત્યારે ઉત્કૃષ્ટ શિક્ષા તરીકે 'ધિક્કાર' શબ્દ યોજાયો. આમ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અપરાધ માટે હા, મા અને ધિક્કાર આ દંડ નીતિ વપરાતી હતી.

આ અરસામાં તે યુગલિકોમાં નાભિ રાજા અને મરુદેવાજીનું યુગલ ઉત્પન્ન થયું. તેમના વખતમાં યુગલિકોની સ્થિતિમાં વિશેષ ફેરફાર થતો રહ્યો. તેમણે ઋષભદેવજી અને સુમંગલાના યુગ્મ(જોડલા)ને જન્મ આપ્યો. આ જન્મ યુગલિક રિવાજથી વિપરીત હતો, કેમકે યુગલિકો પોતાના મરણની છેલ્લી અવસ્થામાં પુત્ર પુત્રીના યુગ્મનો જન્મ આપતા હતાં ત્યારે આ ઋષભદેવજીના પ્રસંગમાં તેથી વિપરીત બન્યું હતું. અર્થાત્ યુવાવસ્થામાં જ મરુદેવાજીએ ઋષભદેવજીનો જન્મ આપ્યો હતો.

ઋષભદેવજી પાછલા જન્મના પૂર્ણ સંસ્કારી, મહાન્ યોગી હતા, તેથી પાછલા અનેક જન્મના જ્ઞાન સાથે [અવધિજ્ઞાન સહિત] તેમનો જન્મ થયો હતો. આ જ્ઞાનબળથી યુગલિકોની અજ્ઞાન દશામાં મોટો ફેરફાર કરી, તેઓને યોગ્ય યાને લાયક બનાવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતમાં કલ્પવૃક્ષોમાંથી મળતો ખોરાક વિગેરે પાક બંધ થયો હતો. લોકો ભૂખે મરતા હતા. સહજસાજ પાક થતો તે બળવાન લોકો લઈ જતા અને નબળા દુઃખી થતા હતા. આ યુગલિકોના દુઃખનો ઋષભદેવજીએ અંત આણ્યો.

આસપાસમાં વૃક્ષો ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો. આ અગ્નિ પાસેથી કેવી રીતે કામ લેવું? અનાજ કેમ પેદા કરવું? અને પકાવવું વિગેરે ક્રિયાઓમાં, ઋષભદેવજીએ લોકોને માહિતગાર કર્યા.

તે વખતના વિદ્યમાન લોકોમાં, જ્ઞાનબળે સર્વથી અધિક ઋષભદેવજીને જાણી, યુગલિકોએ તેમના પગના જમણા અંગૂઠા ઉપર પાણી રેડી, રાજ્યાભિષેક કરી પોતાના રાજાપણે સ્થાપન કર્યા. ઋષભદેવજીએ પોતાના બુદ્ધિબળથી નીતિનો માર્ગ સ્થાપન કર્યો. ભૂખે મરતા અને દુઃખી થતાં લોકોને તો તે જાતના યોગ્ય ઉપાયો બતાવી સુખી કર્યા, બહેન–ભાઈનો આપસમાં થતો વિવાહ તેમણે બંધ કર્યો. ટૂંકામાં કહીએ તો આ ભારતભૂમિ ઉપરથી અજ્ઞાનતા દૂર કરવાનો મજબૂત પાયો તેમણે નાંખ્યો.

આ વ્યવહારનીતિ સ્થાપવામાં અને તેને અમલમાં મૂકાવવાના પ્રયાસમાં તેમને ઘણો વખત વ્યતીત કરવો પડયો.

આ અરસામાં તેમને બે સ્ત્રીઓથી સો પુત્રો અને બે પુત્રીઓની સંતતિ થઈ હતી. તે

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સર્વને તેમણે અનેક કળામાં કુશળ કર્યા હતા. સ્ત્રીઓમાં જ્ઞાનનો ફેલાવો કરવા માટે પોતાની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને સ્ત્રીધર્મને યોગ્ય તમામ કળાઓમાં પ્રવીણ કરી.

આ પ્રમાણે નીતિથી ભરપૂર વ્યવહારમાર્ગ સ્થાપન કરી, આત્મજિંદગી ઉચ્ચ સ્થિતિમાં લાવવાની ઇચ્છાથી ભરતાદિ સો પુત્રોને રાજ્ય વહેંચી આપી પોતે શ્રમણપણું (ત્યાગમાર્ગ) અંગીકાર કર્યું.

વ્યવહાર માર્ગ ભલે સુખરૂપ થાઓ તથાપિ આત્માની ઉચ્ચસ્થિતિ માટે તો પરમાર્થ માર્ગની જરૂર છે જ. નીતિમાર્ગથી લોકો વ્યવહારમાર્ગમાં સુખી થાય છે પણ આત્મભાવમાં તે સુખી નથી જ. તેઓને જન્મ-મરણના ફેરાઓ કરવા પડે છે જ. સંયોગ-વિયોગ દુઃખરૂપ અનુભવાય છે અને શારીરિક કે માનસિક પીડાઓ ત્રાસ આપે છે જ.

આ સર્વ શાંતિ આત્માની ઉચ્ચદશામાં થાય છે. તે ઉચ્ચદશા વ્યવહારિક પ્રપંચોથી અલગ થયા વિના સંભવતી નથી. વ્યવહારમાર્ગમાં લોકોને સુખી કર્યા-કે લોકો સુખી થયા, પણ તે થોડા વખતને માટે જ-તેથી કાંઈ નિરંતરનું સુખ તો નથી જ.

આત્મજ્ઞાન તે જ સત્ય માર્ગ છે. ખરો પરમાર્થ તે જ છે. જન્મ મરણને શાંત કરનાર, આધિ-વ્યાધિઓને ફિટાડનાર અને નિરંતરની શાંતિ આપનાર તે સિવાય કોઈ અન્ય માર્ગ નથી.

આ શાંતિ યા આત્મિક માર્ગ પોતે અનુભવ્યો હોય તે જ બીજાને અનુભવાવી શકાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. કહેવત છે કે 'કૂવામાં હોય તો જ અવાડામાં આવે! પોતાને ઉચ્ચ ગતિમાં આવવા અને પારમાર્થિક કરુણાથી અન્યને તેવી સ્થિતિમાં લાવવા ઋષભદેવજીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો. ત્યાગી થઈ નિર્જન પ્રદેશમાં રહી આત્મધ્યાન કરવા લાગ્યા.

વિવિધ પ્રકારે આત્મવિચારણા, ઇંદ્રિયસંયમ, મનોનિગ્રહ, શુદ્ધ ધ્યેયનું ધ્યાન અને તેમાં જ લીનતા વિગેરે આત્મસાધન કરતાં તેમને એક હજાર વર્ષ વ્યતીત થયાં.

આત્મિકચર્યામાં રહેતા, દુષ્કર તપ કરતા, શરીરથી નિરપેક્ષ બની ઘોર પરિષહો સહન કરતા, જગત્ પ્રભુને દેખી, સરલ સ્વભાવવાળી પણ પુત્રપ્રેમથી ગાઢ બંધાયેલી સ્નેહાળ માતા (મરુદેવાજી) ઘણો ખેદ કરવા લાગી તે ચોધારાં આંસુએ રડવા લાગી. અરે! મારો પુત્ર ઇતર સામાન્ય લોકની માફક નિરંતર તાપ, શરદી, ક્ષુધા, તૃષાદિકનાં દુઃખનો અનુભવ કરે છે તે જંગલમાં એકલો ફરે છે. કોઈની સાથે બોલતો નથી થોડો પણ વખત સૂતો નથી. વિવિધ પ્રકારનાં આસને બેસી રાત્રિ-દિવસ કાંઈક વિચાર કરતો રહે છે. રસ્તે ચાલતાં તે થાકી જતો હશે પણ વાહન ઉપર બેસતો નથી. ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપમાં પણ તે શીતળ જળમાં સ્નાન કરતો નથી. પગમાં તે કાંઈ પહેરતો નથી. કાંટા અને કાંકરાવાળા માર્ગે પણ તે ખુલ્લે પગે ફરે છે. ત્રણ જગત્ને પૂજનીક, જગતમાં અગ્રગણ્ય મારા પુત્રને હું કયારે દેખીશ?

ઇત્યાદિ તેનાં દુઃખોને યાદ કરી, રૂદન કરતી ચાને ઝૂરતી પુત્રવિયોગી માતા, નવા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

જળધરની માફક આંસુનાં પાણીથી પૃથ્વીતળને સીંચતી હતી. જેમ વરસાદને અંતે ધરો ઉપર નીલી છાયા [સેવાલ] આવી જાય છે તેમ રૂદન કરતી માતાની આંખે નીલી [ઝાંખ] આવી ગઈ.

ભરતરાજા જ્યારે મરૂદેવાજીને નમસ્કાર કરવા આવતો હતો ત્યારે હાથથી તેને સ્પર્શી, તેઓ તેને ઓળંભો આપી કહેતા હતા કે-બેટા! તું તો દૈવિક વૈભવવાળા રાજ્યનો ઉપભોગ કરે છે પણ જરા આ તરફ નજર તો કર. આ મારો પુત્ર ઋષભ કેટલું દુઃખ સહન કરે છે? મારો પુત્ર છે એટલે મને તો મમતા આવે પણ તારો તો જન્મદાતા છે, એટલે પિતાના ઋણમાંથી મુક્ત થવું એ ખરેખર દુઃપ્રતિકાર છે; છતાં તું આટલો બધો નિશ્ચિંત કેમ દેખાય છે? અલ્પ યાને તુચ્છ રાજ્યવૈભવમાં તું મોહિત કેમ થઈ રહ્યો છે? ત્રૈલોકય બંધવ તુલ્ય તારા પિતાની તું ખબર કેમ લેતો નથી?

ઇત્યાદિ પિતામહી [બાપની માતા] તરફના ઓળંભા સાંભળી ભરત રાજાએ નમ્રતાથી કહ્યું : માતાજી! આપ જે કહો છો તે સત્ય છે, પણ આ બાબતનો પરમાર્થ આપ શ્રવણ કરશો?

માતાજીએ કહ્યું : તું શું કહેવા માગે છે તે બોલ.

ભરતે કહ્યું : મારા પિતાશ્રી પાસે જે ઋદ્ધિ અને સુખ છે તેવી ઋદ્ધિ કે સુખ બીજા કોઈ પાસે નથી. મારા પિતાશ્રી પાસે ત્રણ રત્નો છે (જ્ઞાન, દર્શન, ચારિત્ર.) એક એક રત્ન એવાં તો અમૂલ્ય છે કે આ લોકનું સુખ ઇચ્છનાર યાને પૌદ્ગલિક સુખની ઇચ્છા રાખનાર

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુનિયાના જીવો આગળ તેની કિંમત થઈ શકે તેમ નથી.

માતુશ્રી ! રાજરાજેશ્વર કે ઇંદ્ર પ્રમુખને પણ તે સુખ નથી કે જે સુખ, આ દુનિયામાં રહેલા રાગ-દ્વેષ વિનાના મુનિઓ-મહાત્માઓ અનુભવે છે. આ ઉત્તમ સુખ મારા પિતાશ્રી પાસે છે. માજી ! ખેદ નહિં કરો. મારા પિતાશ્રીના સુખની પરાકાષ્ઠાનો સૂર્ય જ્યારે પૂર્ણ પ્રગટ થશે ત્યારે હું આપશ્રીને બતાવીશ. ત્યારે જ આપ નિશ્ચય કરી શકશો કે—તેઓ દુઃખી હતા કે અમે (હું) દુઃખી (છું) છીએ.

ઇત્યાદિ વિવિધ પ્રકારે ભરતે માતાને દિલાસો આપ્યો પણ તેઓનો મોહ ઓછો ન થયો. તેઓના આક્રંદમાં કે શોકમાં વિશેષ ફેરફાર ન થયો. અહા ! શું મોહનું જોર ? તદ્ભવ-મોક્ષગામી જીવો પણ કેવાં મોહથી મુંઝાય છે ?

ભરત નમસ્કાર કરી પોતાને કામે લાગ્યો.

આ બાજુ ઋષભદેવજીએ એક હજાર વર્ષ જેટલા લાંબા વખત પર્યંત પૃથ્વીતળ પર વિહાર કરતાં જ્ઞાન, ધ્યાન, તપશ્ચરણ ઇત્યાદિ શુભ અને શુદ્ધ યોગે મહાકિલષ્ટ કર્મો ખપાવી દીધાં.

એક દિવસે તે મહાપ્રભુ વિનીતા નગરીના શાખાપુર વિશેષ પુરિમતાલ નગરના શકટ-મુખ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ન્યગ્રોધ વૃક્ષ નીચે ધ્યાનાવસ્થામાં રહ્યા. અટ્ઠમનો તપ કર્યો હતો, તે દિવસ ફાગણ વદ અગિયારસનો હતો. આ દિવસે ધ્યાનની છેવટની સ્થિતિમાં તે મહાપ્રભુને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

દેવોએ સમવસરણ બનાવ્યું. ભગવાન પૂર્વ સન્મુખ સમવસરણમાં બિરાજમાન થયા. ઉદ્યાનપાલકે ભરતરાજાને વધામણી આપી. ભરતરાજા ચતુરંગ સૈન્ય તૈયાર કરી, પટ્ટહસ્તી શણગારી, મરુદેવાજી પાસે આવ્યો અને આનંદથી કહેવા લાગ્યો–માતાજી! પધારો. આપના પુત્રની ઋદ્ધિ હવે હું આપને બતાવું. તેઓને કેવળજ્ઞાન થયું છે. દેવોએ સમવસરણ રચ્યું છે.

પુત્રદર્શનની વાતથી માને આનંદ થયો. જયકુંજર હાથી ઉપર બેસી માતાજી, પુત્ર દર્શનાર્થે ભરત સાથે સમવસરણ તરફ ચાલ્યાં. રસ્તામાં ભરતરાજા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી ત્રણ રત્નની સમજૂતી આપતો હતો. અનુક્રમે સમવસરણની નજીક આવી પહોંચ્યાં. ભરતે કહ્યું–અમ્મા! આ આકાશ તરફ નજર કરો. આ કિંકીણીઓના મધુર શબ્દો સંભળાય છે તે જગત્પ્રભુને નમસ્કાર કરવા આવતા દેવોનાં વિમાન સંબંધી છે. અમૃતથી પણ અધિક મીઠાશવાળો આ જે શબ્દ સંભળાય છે તે, યોજનગામી વાણી વડે ધર્મોપદેશ આપતા આપના પુત્રનો છે.

મરૂદેવાજી ધ્યાન આપી તે શબ્દો સાંભળવા લાગ્યા. એ અવસરે ભગવાન આ પ્રમાણે કહેતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

भयवं च साहइ तथा सव्वोवि जीओ ममत्तदोसेण ।
बंधेइ मोहणीयं कम्मं तो भमइ भवमभियं ॥१॥
सम्मत्तसंजुओ पुण जइ मुयइ ममत्तमखिलभावेसु ।
तो मुयइ जहन्नपए अंतमुहुत्तेण भवभावं ॥२॥

એ અવસરે ભગવાન કહેતા હતા કે–સર્વ જીવો મમત્વના દોષથી મોહનીય કર્મ બાંધે છે તેથી મહાન્ સંસારમાં પરિભ્રમણ કરે છે. પણ જો તે જ જીવો વસ્તુતત્ત્વના ગ્રહણ ત્યાગરૂપ યથાવસ્થિતતત્ત્વમાં પૂર્ણ શ્રદ્ધાન રાખી, સર્વ પદાર્થ ઉપરથી મમત્વનો ત્યાગ કરે તો ઓછામાં ઓછા અંતમુહૂર્ત્ત જેટલા સ્વલ્પ વખતમાં સંસારવાસથી મુક્ત થાય છે. ઈત્યાદિ દેવાદિ પર્ષદામાં ધર્મોપદેશ આપતા તે મહાપ્રભુનાં વચનો સાંભળી મરૂદેવાજી જેમ વરસાદ વરસી રહ્યા પછી વનસ્પતીનાં ઘરો મોટાં મોટાં પાણીનાં બિંદુઓ મૂકે છે તેમ, હર્ષના આવેશમાં નેત્રમાંથી આંસુનાં બિંદુઓ મૂકવા લાગ્યાં. ઉત્તમ ધ્યાનયોગથી જેમ કર્મ નિર્જરી જાય છે તેમ અશ્રુના વહેતા પ્રવાહથી તેમની આંખ આડે આવેલાં પડળો નીકળી ગયાં. પડળો દૂર થતાં દ્રવ્ય, ભાવ બન્ને પ્રકારે નિર્મળ નેત્રવાળી મરૂદેવા માતા, ભરતે કહેલી સર્વ બીના પ્રત્યક્ષ જોવા લાગ્યાં. તે દેખતાં તેમના આનંદનો પાર ન રહ્યો. પુત્રપ્રેમ દૈવિકપ્રેમમાં બદલાઈ ગયો. ઋષભદેવજીને દૃશ્યમૂર્તિ પુત્ર

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

તરીકે નહિ પણ એક મહાપ્રભુ તરીકે અનુભવવા લાગ્યાં. તેઓ ચિંતવવા લાગ્યાં. અહા! આ જ મહાપ્રભુ લોકમાં મંગળ છે. તે જ ઉત્તમ છે, અનાથોને નાથ તરીકે આ જ શરણ્ય છે. આ જ પરમાત્મા, પરમગુરુ અને પરમ તત્ત્વ છે. હા! હા! મારી કેટલી બધી અજ્ઞાનતા! આવા મહાપ્રભુ અશરણશરણ્યને હું આજ પર્યંત ન ઓળખી શકી. પામર જીવોની માફક કેવળ મેં તેમના ઉપર પુત્ર જેવો જ પ્રેમ કર્યો. આર્ત્તધ્યાન કરી કર્મ બંધન જ કર્યાં. આવા મહાન પ્રભુ ઉપર તારકબુદ્ધિનો જ પ્રેમ હોવો જોઈએ. અહા! તે પ્રભુ શું કહે છે? "મમત્વ દોષથી જ જીવો મોહનીય કર્મ બંધન કરી અપાર સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરે છે" બરોબર તે વાકય મને જ લાગુ પડે છે. મમત્વ ભાવથી મેં મહાન્ મોહનીય કર્મ બાંધ્યું છે. હવેથી તે પ્રભુ ઉપર પુત્રરાગ નહિં પણ તાર્યતારકભાવ રાખવો યોગ્ય છે.

વળી તેઓ કહે છે. "સમ્યક્ત્વ સહિત જે જીવ સર્વ પદાર્થ ઉપરથી મમત્વ ભાવનો ત્યાગ કરે તે અંતર્મુહૂર્ત્તમાં ભવપાશથી મુકાય છે" મારે પણ સંસાર કે કર્મબંધનથી મુકાવું છે, તો પ્રથમ સમ્યક્ત્વ આદરવું જોઈએ. સમ્યક્ત્વ એટલે શ્રદ્ધાન, કોના ઉપર શ્રદ્ધાન? તે મહાપ્રભુનાં વચનો ઉપર. તેના વચનો ઉપર તો મન શ્રદ્ધાન છે જ. તે જે કહે છે તે સત્ય જ છે. વ્યવહાર માર્ગમાં પણ તેણે લોકોને સુખી કર્યા છે અને પરમાર્થ માર્ગથી તાત્ત્વિક રીતે જીવોને સુખી કરવા નિમિત્તે તેમણે આ ઘોર કષ્ટ આદર્યું હતું. તેઓ પૂર્ણ જ્ઞાની થયા છે.

॥ ૩૯૪ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે આંતર કરુણાથી સુખી કરવા નિમિત્તે સર્વ જીવોને તે તાત્ત્વિક ઉપદેશ આપે છે, તો તેવા પરમ ઉપગારી મહાપુરુષનું વચન અસત્ય કે અનાદરણીય કેમ હોય? ન જ હોય.

આ પ્રમાણે વિચારદૃષ્ટિથી મરૂદેવાજીએ પુત્રસ્નેહને બદલાવી, સાચો ધર્મ સ્નેહ યાને તારક સ્નેહ તે પ્રભુ ઉપર કર્યો. તેમના વચન ઉપર ખરા અંતઃકરણથી પરમાર્થ દૃષ્ટિનું શ્રદ્ધાન ચોટયું, તેઓ કહે છે તે સત્ય જ છે કે જીવો મમત્વ ભાવથી જ મોહનીય કર્મ બાંધે છે અને પછી સંસારપરિભ્રમણ કરે છે એ વચનોનું સ્પર્શ જ્ઞાનથી તાત્ત્વિક ભાન થયું.

હવે તેઓ બીજા વાક્યનો વિચાર કરવા લાગ્યાં કે, "સર્વ ઉપરથી મમત્વનો ત્યાગ કરનાર અંતર્મુહૂર્તમાં ભવપાશથી મૂકાય છે. મારે પણ સર્વ પદાર્થ ઉપરથી મમત્વભાવ મૂકી દેવો જોઈએ. મને કયાં કયાં કોના કોના ઉપર મમત્વ ભાવ છે? તે મારે શોધી કાઢવું. આમ નિર્ણય કરી તેની ગવેષણામાં તેમણે પ્રવેશ કર્યો તપાસ કરતાં કરતાં પુત્રો ઉપર, કુટુંબ ઉપર, મહેલાદિ ઉપર, શરીર ઉપર અને શુભાશુભ કર્મો ઉપર જ્યાં જ્યાં મારાપણું માનેલું હતું તે સર્વ ઉપરથી મમત્વ ભાવ અને મારાપણું વિવેક જ્ઞાનથી કાઢી નાખ્યું.

મન વિશ્રાંતિ પામ્યું. અપૂર્વ આનંદ થયો. પરમશાંતિ અનુભવવાથી આત્મા કર્મ-બોજાથી હલકો થયો હોય તેમ જણાયું. આ શાંતિનો અખંડ પ્રવાહ આગળ લંબાયો. શરીરનું ભાન છૂટી ગયું. પ્રભુ ઉપરનો તારક સ્નેહ પણ ગયો. છેવટે તન્મય ભાવ પામતાં આત્મામાં

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

લય પામ્યાં ધ્યાતા ધ્યાન ધ્યેયની ત્રિપુટી છૂટી ગઈ. પરમ સમાધિવાળી ક્ષપકશ્રેણિમાં કર્મનું ચૂરણ કરી ધ્યેયસ્વરૂપ થઈ રહ્યાં અર્થાત્ કેવળજ્ઞાન પામ્યાં. આયુષ્ય પણ સાથે જ પૂર્ણ થયું. હાથીના સ્કંધ ઉપર રહ્યાં છતાં જ નિર્વાણ પદ પામ્યાં.

આ અવસર્પિણી કાળમાં મરુદેવાજી પ્રથમ સિદ્ધ થયાં. સમવસરણમાં રહેલા દેવો ત્યાં આવ્યા. તેમણે તેમના પવિત્ર દેહને ક્ષીર સમુદ્રમાં–જળશરણ (પ્રવાહિત) કર્યું.

છાયા, આતપની માફક હર્ષ વિષાદ કરતો ભરતરાજા સમવસરણમાં આવ્યો. પ્રભુને વંદન કરી યોગ્ય સ્થાનકે બેઠો.

પ્રભુએ ધર્મદેશના આપવી શરૂ કરી. આ સંસાર અટવીમાં મહાન્ અંધકારવાળી મોહ રાત્રિ વ્યાપી રહી છે. તેમાં આ સર્વ જીવલોક અજ્ઞાન નિદ્રામાં મુદ્રિત થઈ ગયું (સુઈ ગયું) છે. તે અટવીમાં ચાર બાજુ પ્રમાદરૂપ દાવાનળ સળગી ઉઠ્યો છે. ક્રોધ, માન, માયા, લોભાદિ પ્રચંડ વાયુ પૂર જોસમાં ફુંકાઈ રહ્યો છે. આ પ્રબળ વાયુથી વૃદ્ધિ પામતો પ્રમાદ અગ્નિ, આ ગાઢ નિદ્રામાં ઘોરતાં જીવોનાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અમૂલ્ય રત્નો બાળીને ભસ્તીભૂત કરે છે. હે માનવો! જાગૃત થાઓ, જાગૃત થાઓ. આ ભયંકર દાવાનળથી પોતાના બચાવ કરવા મારા કહેલા ઉપાયો તમે સાંભળો અને તરત કામે લગાડો, નિર્ભમતારૂપ સૂર્યના પ્રકાશને મેળવી જ્ઞાનભાવમાં જાગૃત થાઓ. સંયમયોગરૂપ અગાધ સમુદ્રમાંથી ઉપશમ ભાવરૂપ પાણી ખેંચો કાઢી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનાથી જ્ઞાન દર્શન, ચારિત્રને સીંચન કરો. બળતા પ્રમાદરૂપ અગ્નિને અપ્રમત્ત ભાવરૂપ ભગીરથ પ્રયત્ને બુઝાવી નાંખો. તેમ કરવાથી અવશ્ય તમને, શાશ્વત, નિરૂપદ્રવિત, સ્થિર અને સર્વથી ઉત્કૃષ્ટ આત્મસુખ પ્રાપ્ત થશે. ઇત્યાદિ આત્મસંયમસૂચક મહાપ્રભુની ધર્મદેશના સાંભળી ભરત રાજાનો પુત્ર ઋષભસેન જેનું બીજું નામ પુંડરીક છે તેણે સંસારવાસથી વિરક્ત થઈ તે પ્રભુ પાસે ચારિત્ર લીધું. બીજા પણ ભરતના પાંચસો પુત્રો અને સાતસો પુત્રના પુત્રો વિગેરેએ ચારિત્ર ગ્રહણ કર્યું. પુત્રી બ્રાહ્મી સાધ્વી થઈ. શ્રેયાંસકુમાર, ભરતાદિ શ્રાવક થયા અને સુંદરી પ્રમુખ શ્રાવિકાઓ થઈ તેમણે ગૃહસ્થ ધર્મને લાયક વ્રત, નિયમો ગ્રહણ કર્યાં. આ પ્રમણે શ્રી સંઘની સ્થાપના કરી, અન્ય જીવોને પ્રતિબોધ આપવા તે મહાપ્રભુ અન્ય સ્થળે વિહાર કરી ગયા. આ ભારતવર્ષમાં ધર્મનું બીજ રોપી, અનેક જીવોને પ્રતિબોધી તેઓ મોક્ષે ગયા.

મરુદેવાજીનું ચરિત્ર આશ્ચર્ય ઉત્પન્ન કરનાર છે. પૂર્વના કોઈ પણ જન્મમાં કોઈ પણ વખત ધર્મમાર્ગ નહિ પામવા છતાં તેઓ સહજ ઉપદેશથી નિર્મળ સમ્યક્ત્વ પામ્યાં. અને તત્કાળ ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત થતાં પૂર્ણજ્ઞાન નિર્વાણ પદ પામ્યાં. મરુદેવાજી થોડા વખતમાં પણ ત્રણે જાતનાં સમ્યક્ત્વ પામ્યાં હતાં. પ્રભુનાં વચનો ઉપર શ્રદ્ધાન થવારૂપ પરિણામો (વિશુદ્ધિ) થતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ, ઉપશાંત દશામાં ઉપશમ સમ્યક્ત્વ અને આત્માની લીન દશામાં ક્ષાયિક સમ્યક્ત્વ તેમને થયું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ મરુદેવાજીના ચરિત્રમાંથી, સુદર્શના તમને ઘણું શીખવાનું છે, તેમની વિશુદ્ધતાનું કારણ પ્રભુ ઉપરનો ધાર્મિક સ્નેહ હતો તેથી આગળ વધવામાં તેમના સદ્વિચારોની પ્રબળતા હતી. સદ્વિચારોની પ્રબળતાથી મનુષ્યો ઘણી ઝડપથી આગળ વધી શકે છે.

આ ત્રણ ભેદ સિવાય બીજા પણ સમકિતના અનેક ભેદ છે. સમકિતનો ત્યાગ કરતો હોય—સમ્યક્શ્રદ્ધાનથી ભ્રષ્ટ થતો હોય, તે અવસરે મિષ્ટ ભોજન કર્યા પછી તેનું વમન કરનાર મનુષ્યની માફક સહજ આનંદ થોડો વખત હોય તેને સાસ્વાદન સમકિત કહે છે.

ક્ષયોપશમ સમકિત પૂર્ણ કરી ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ પહેલાના સમયે અર્થાત્ ક્ષયોપશમની છેલ્લી હદ છેલ્લા પુદ્ગલે વેદવારૂપ, તે વેદક સમકિત કહેવાય છે.

તેમજ નિસર્ગરૂચી, ઉપદેશરૂચી, આજ્ઞારુચી, સૂત્રરૂચી, બીજરૂચી, અભિગમરૂચી, વિસ્તારરૂચી, ક્રિયારૂચી, સંક્ષેપરુચી, ધર્મરૂચી, તથા રોચક, દીપક, નિશ્ચય, દ્રવ્ય, ભાવ ઇત્યાદિ—આ સર્વ ભેદ અપેક્ષાએ સમકિતના છે. તથાપિ તે સર્વનો ભાવાર્થ, તત્ત્વોનું શ્રદ્ધાન થવું, તેનાથી જુદો પાડી શકતો નથી. ઉપાધિ ભેદથી તેના ભેદો કલ્પવામાં આવ્યા છે. જુદા જુદા રસ્તેથી પણ સત્ય શ્રદ્ધાન કે જ્ઞાન કરવું તે સર્વનો મુખ્ય ઉદ્દેશ છે.

આ શુદ્ધ શ્રદ્ધાનવાળા જીવો દેવલોકમાં જાય છે. કદાચ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. સમ્યક્ત્વ કાયમ ટકી રહે તો સાત આઠ ભવથી વધારે વખત તે સંસારમાં રહેતો નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેટલા વખતમાં નિર્વાણ પામે છે. વિષય કષાયની મંદતા અને અંતઃકરણની નિર્મળતા તે સમકિતનું કારણ છે. આ નિર્મળતાને અટકાવનાર યા નિર્મળતાનો નાશ કરનાર મિથ્યાત્વ છે.

પ્રકરણ ૩૩ મું

મિથ્યાત્વ—નરસુંદરરાજા

आभिग्गहियमणाभिग्गहं च तह अभिनिवेसियं चेव ।
संसइयमणाभोगं मिच्छत्तं पंचहा होइ ॥ १ ॥

અભિગ્રહિક, અણુભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક, અને અનાભોગિક.—આ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે.

તત્ત્વાતત્ત્વનો વિચાર કર્યા સિવાય પોતે જ ધર્મ માનતો હોય, વંશપરંપરાથી જે ધર્મ ચાલ્યો આવતો હોય તે જ ધર્મ સત્ય અને બીજા ધર્મ જૂઠા. આવી આધિક માન્યતાને અભિગ્રહિક મિથ્યાત્વ કહે છે.

સર્વ ધર્મ સાચા. સત્યાસત્યનો નિર્ણય કે વિચાર ન કરતાં સર્વ ધર્મને એક સરખા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(સત્યતામાં) ગણવા. અસત્યને પણ સત્ય ગણવા. સત્યના નિર્ણયમાં ઉદાસીન વૃત્તિ યા અજ્ઞાનતા તે અનભિગ્રહિક.

સત્ય ધર્મને જાણવા છતાં, કદાગ્રહના કારણથી પોતાની અસત્ય માન્યતાને વળગી રહેવું, સત્યનો અંગીકાર ન કરવો પણ જાણવા છતાં અસત્યને પોષિત કરવું તે અભિનિવેશિક મિથ્યાત્વ.

મોટે ભાગે સત્ય સમજાયું હોય તથાપિ બુદ્ધિની દુર્બળતાથી, ઓછાશથી કોઈ કોઈ સ્થળે શંકા રહે—તે સંશયિક મિથ્યાત્વ.

ધર્માધર્મનો વિચાર કરવાનું જેમાં સામર્થ્ય નથી, અથવા ધર્માધર્મ તરફ લક્ષ જ ન આપવું, ધર્મને માટે, કેવળ અજ્ઞાન દશામાં રહેવું અથવા તદ્દન અજ્ઞાનમય જિંદગી ગુજરનાર એકેંદ્રિયાદિ જીવોમાં અનાભોગિક મિથ્યાત્વ હોય છે.

આ પાંચ મિથ્યાત્વ આત્માની વિશુદ્ધતાને દબાવનાર છે. મિથ્યાત્વનો ત્યાગ કરી સત્યનો આદર કરવો. સત્યનો આદર નહિ કરનારા મિથ્યાદૃષ્ટિ જીવો નાના પ્રકારની ક્રિયાઓ કરે, તપશ્ચર્યા કરે અને સ્વજન, કુટુંબ, ગૃહાદિ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરે તથાપિ તે કદાપિ મોક્ષ મેળવી શકતા નથી.

મિથ્યાત્વ ઝેરથી પણ વધારે દુઃખરૂપ છે. તેમાં આસક્ત થયેલા જીવો, દુઃખની પરંપરા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામે છે તે મિથ્યાત્વનો ત્યાગ કરનાર નરસુંદર રાજાની માફક આત્માનંદ પણ મેળવી શકે છે.

પૂર્વે કાંતિપુરમાં નરસુંદર રાજા રાજ્ય કરતો હતો. તે કલિષ્ટ અધ્યવસાયવાળો, મિથ્યાત્વી નાસ્તિકવાદી હતો.

મિથ્યાત્વનું ઉન્મૂલન કરનાર જીવાજીવા તત્ત્વમાં પ્રવીણ બુદ્ધિનો નિધાન સુમતિ નામનો તેને પ્રધાન હતો.

ચંડપુર શહેરમાં ચંડસેન નામનો, નરસુંદર રાજાનો સામંત રાજા રહેતો હતો. નરસુંદર રાજાની સેવા કરવાથી તે વિશેષ કંટાળ્યો હતો. નાના પ્રકારની મંત્ર, તંત્રાદિ મલિન વિદ્યામાં કુશળ, પોતાના બાળમિત્ર યોગીને બોલાવી નરસુંદર રાજાને કોઈપણ પ્રયોગથી મારી નાખવાની તેણે પ્રાર્થના કરી. યોગીએ કહ્યું—તું શાંત થા. હું તારો મનોરથ બનતા પ્રયત્ને પૂર્ણ કરીશ. યોગીનાં વચનોથી ચંડસેન ઘણો ખુશી થયો. હર્ષાવેશમાં પોતાના શરીર પરનાં તમામ અલંકારો તેને આપી દીધાં. યોગી કાંઈક આડંબર કરી કાંતિપુરમાં આવ્યો. ગામ બહાર જાહેર સ્થળે ઉતારો કરી. મંત્ર, તંત્રાદિ પ્રયોગથી લોકોને ખુશી કરવા લાગ્યો. આ વાતની રાજાને ખબર પડતાં, યોગીને તેણે પોતાની પાસે બોલાવ્યો. યોગી રાજસભામાં આવ્યો. રાજાએ આસન અપાવ્યું. શાંત ચિત્તે તે આસન પર બેઠો.

રાજાએ વિનયથી કહ્યું : યોગીરાજ! તમારું આગમન કયાંથી થયું છે? યોગીએ કહ્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજન્ ! યોગી પુરુષો ઉપર તમારી વિશેષ ભક્તિ છે એમ સાંભળી. ગિરનારના પહાડ ઉપરથી હું ખાસ તમારા માટે આવ્યો છું.

રાજા—એવી કોઈ તાત્કાલિક દિવ્ય શક્તિ તમારી પાસે છે કે જે અમે અહીં જોઈ શકીએ ?

યોગી—રાજન્ ! મારી પાસે ઘણી દિવ્ય શક્તિઓ છે. કહે તો દિવસે રાત્રિ બનાવું. રાત્રિએ દિવસ બનાવું. પૃથ્વી પરથી પહાડો ઉપાડી લઉં. આકાશમાંથી ગ્રહ, નક્ષત્રોને નીચા પાડું. સમુદ્ર તરી જાઉં. પાણી સ્થંભી લઉં દુર્વાર પરચક્રને રોકું. એવું કોઈ સામર્થ્ય નથી કે જે મારાથી અસાધ્ય હોય.

નર્મદ નામના પ્રધાને કહ્યું : અહો ! યોગીરાજ તમે તો ઘણો ગર્જારવ કરો છો. અરે ! પહાડો ઉઠાવવાનું કે નક્ષત્રો નીચા પડવાનું કાંઈ કામ નથી. મારી સ્ત્રી રીસાઈને કોઈ સ્થળે ચાલી ગઈ છે. તેના સિવાય મારું ભુવન જ નહિં પણ આખું જગત હું શૂન્ય જોઉં છું. તેને જો તમે હમણાં જ અહીં લાવી આપો તો તમારી બીજી શક્તિ પણ માનવામાં આવે. અન્યથા ફોગટ ટાઢા પહોરના તડાકા મારવાથી શું ફાયદો ?

પ્રધાનના શબ્દો સાંભળતાં જ યોગીએ તે સ્ત્રી ઉપર આકર્ષણી વિદ્યા ચલાવી. થોડા જ વખતમાં સભાલોકોના દેખતાં, શરીરનું મંડન કરતી, સુગંધી તેલથી લેપાયેલા હાથવાળી તે સ્ત્રીને સભામાં લાવી મૂકી. તે દેખી આનંદથી પ્રધાન યોગીની શક્તિ પર નાચવા લાગ્યો. રાજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશેષ આશ્ચર્ય થયું.

રાજા—યોગિરાજ ! કાળને વંચી શકાય [મરણ ન થાય] તેવો કોઈ ઉપાય તમે જાણો છો?

યોગી—હા, ઘણી સારી રીતે જાણું છું પણ અમુક વખત પર્યંત મારી દીક્ષા ગ્રહણ કરો તો તે બતાવી શકાશે.

રાજાએ મરણથી બચવા માટે તેના કહેવા પ્રમાણે પ્રયોગ શરૂ કર્યો.

હા? હા! કેટલી બધી અજ્ઞાન દશા? દેવો, દાનવો, ઉપેંદ્રો, ચક્રવર્તીઓ અને તીર્થંકરો વિગેરે કોઈ પણ આ દેહમાં સ્થિર રહ્યા નથી. આ દેહમાં સ્થિર રહેવા પ્રયત્ન કર્યો નથી. પ્રયત્ન કરનાર મનુષ્યોએ વિજય મેળવ્યો નથી. છેવટમાં વિદેહ દશામાં જ શાશ્વત સ્થાન પામ્યા છે. ચયાપચય ધર્મવાળું સડન, વિધ્વંસન સ્વભાવવાળું અને અશુચિ પદાર્થથી ભરેલું આ શરીર શાશ્વત કેમ રહી શકે? તે આ મિથ્યાત્વથી મોહિત બુદ્ધિવાળા રાજાને ખબર ન પડી.

યોગીએ કહ્યું : રાજા! આ શરીરમાંથી બાર આંગુળ પ્રમાણે પવન બહાર નીકળે છે, અને દશ આંગુળ અંદર પેસે છે. તેને વિપરીત કરવામાં આવે તો કાળને વંચી શકાય છે, રાજાને તેના વચન પર વિશ્વાસ બેઠો, તે વિચારવા લાગ્યો. જરૂર આ પ્રયોગથી કાળ વંચો શકાશે. આ શરીરમાં કાયમ રહીશું અને ઇચ્છાનુસાર વિષયોપભોગ કરીશું.

જેનાં નેત્રો અજ્ઞાનતિમિરથી ઢંકાએલાં છે, જીવહિંસાદિ પાપના રસ્તાઓ જેને ખુલ્લા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. જેઓ પરલોકથી પરાઙ્મુખ થયા છે તેઓ આ દેહમાં તો કાયમ ન જ રહી શકે, પણ પરલોકમાં (પવિત્ર આચરણથી મેળવી શકાતી) ઉત્તમ ગતિને પણ ન જ પામી શકે.

વિશ્વાસુ રાજા તેના કહ્યા મુજબ ચાલવા લાગ્યો. અવસર દેખી રાજાને મદિરામાં તીવ્ર ઝેર આપી તે પાપી યોગી કોઈ સ્થળે નાસી ગયો. ઉગ્રવિષના આવેશથી રાજાની ચેતના થોડા વખતમાં જ નષ્ટપ્રાય થઈ. રાજ્યમાં હાહાકાર વર્ત્તાઈ રહ્યો. પ્રધાનાદિ રાજમંડળે વિષ વાળવા માટે પ્રતિતિવાળા અનેક મંત્રવાદિઓને બોલાવ્યા બનતા પ્રયત્ને તેઓએ વિષવાળા અન્નના પ્રયોગ ચલાવ્યા પણ તે સર્વ પ્રયોગ વિરાગી પુરુષો પર તરૂણીઓના કટાક્ષની માફક નિષ્ફલ નીવડયા. પ્રધાનો નિરાશ થયા, નગરના લોકો ખેદ પામ્યા. અંતેઉરમાં આક્રંદના શબ્દો ઊછળવા લાગ્યા રાજાને મરણ પામ્યો જાણી. તેના શબને શિબિકામાં મૂકી શ્મશાનમાં લાવ્યા.

ચંદનના ઇંધનોની ચિતા રચી. રાજાના શરીરને તેમાં મૂકવામાં આવ્યું. તેટલામાં સહસા રાજાના શરીરમાં ચેતના આવી. રાજાએ નેત્રો ઉઘાડયાં અને ચિતામાંથી બેઠો થઈ નીચો ઉતર્યો.

પ્રધાન આ શું! ચિતા શા માટે? અને આ લોકો કેમ એકઠા થયા છે? રાજાએ આશ્ચર્યથી પૂછયું.

મહારાજ! તે દુષ્ટ યોગી આપને ઝેર આપી નાશી ગયો. ઝેર ઉતારવાના પ્રયોગ સર્વ નિષ્ફળ નિવડયા. આપને મરણ પામ્યા જાણી શરીરને છેવટનો સંસ્કાર કરવા સ્મશાનમાં લાવ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. અને આ સર્વ પ્રયત્ન તે માટેનો જ છે, પ્રધાને સભ્યતાથી જવાબ આપ્યો.

કોઈ વનમાંથી આવતા ઉત્તમ પવનના પ્રયોગથી આપ નિર્વિષ થયા છો એમ મારું માનવું છે. બાકી આમાં સત્ય શું છે. તે તો જ્ઞાની પુરુષો જાણે. પહેલાં જ્ઞાની મુનિ પાસેથી મેં આ વાત સાંભળી હતી કે તપના પ્રભાવથી વિવિધ પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. તે લબ્ધિવાન્ મુનિના શરીરને સ્પર્શીને આવેલો પવન, વ્યાધિવાળા મનુષ્યને સ્પર્શે તો તે વ્યાધિ-રહિત થાય છે. અને ઝેરની અસરવાળો મનુષ્ય નિર્વિષ થાય છે. આપના સંબંધમાં કદાચ તેમ બન્યું હોય તો તે બનવા યોગ્ય છે. 'સુમતિ પ્રધાને પોતાની તર્કશક્તિ દોડાવી.'

રાજાએ નિર્ણય કરવા માટે સુભટોને હુકમ કર્યો કે ઉપરની બાજુ જઈને તપાસ કરો કે કોઈ સ્થળે ત્યાં કોઈ લબ્ધિવાન્ મહાત્મા છે?

સુભટો તપાસ કરી થોડી વારમાં જ પાછા ફર્યા અને રાજાને કહેવા લાગ્યા. આપના પુષ્પકરંડ ઉદ્યાનમાં અનેક લબ્ધિસંપન્ન, મુનિગણથી પરિવરેલા શશીપ્રભાચાર્ય કેવળજ્ઞાની આજે જ સમવસર્યા (આવી રહ્યા) છે, દેવો અને દાનવો તેમની સેવા કરી રહ્યા છે.

પ્રધાન! ખરેખર તો નિર્વિષ થવામાં તે મહાપુરુષનો જ પ્રભાવ છે. ચાલો આપણે ત્યાં જઈએ. રાજાએ હર્ષાવેશથી જણાવ્યું.

'જેવી આપની આજ્ઞા અને ઇચ્છા' પ્રધાને નમ્રતાથી સમ્મતિ જણાવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સપરિવાર રાજા મુનિ પાસે ગયો ગુરુને નમસ્કાર કરી તેમની સન્મુખ બેઠો. દુંદુભીની માફક ઉદ્ગમસ્વરે ગુરુશ્રીએ ધર્મદેશના આપવી શરુ કરી.

ઉત્તમ કર્મ સંબંધે દુર્લભ મનુષ્યજન્મ તમને મળ્યો છે. આ વિનાશી માનવદેહની મદદથી, ઉભયલોક હિતકર ધર્મ, તમારે શકત્યનુસાર કરી લેવો જોઈએ.

ગુરુશ્રીનું આ વચન પૂર્ણ થતાં જ રાજા બોલી ઉઠયો. મહારાજ ! પાંચ ભૂતથી અધિક આ દેહમાં કાંઈપણ દેખાતું નથી તો પછી પરલોકમાં જવાવાળો આત્મા કેમ સંભવે ? અને પરલોકમાં જવાવાળો જ કોઈ નથી. તો પછી ધર્મક્રિયા કોને માટે કરવી !

ગુરુશ્રીએ ઉત્તર આપ્યો. પાંચ ભૂતથી અધિક જુદો આત્મા ન હોય તો પછી હું સુખી છું. હું દુઃખી છું. આ અહિતકર છે, આ હિતકારી છે. એવું જાણનાર કોણ છે ! આ જ્ઞાન કોને થાય છે ?

વળી અમે દીઠું, સાંભળ્યું, સૂંઘ્યું ખાધું, અને સ્પશ્યું, અમે વિચાર્યું. ઇત્યાદિ સર્વે એક કર્ત્તાના કરેલા વિકલ્પો કેમ સંભવી શકે ?

પહેલાં આંખથી જોયું હતું, પછી આંખ ફૂટી ગઈ તે દેખેલ વિષયની સ્મૃતિ–સ્મરણ રાખનાર કોણ ! જરૂર ઇંદ્રિયથી ભિન્ન આત્મા માનવો જ પડશે ઇત્યાદિ યુક્તિયુક્ત વચનોથી જીવ, અજીવ, પુન્ય, પાપ, બંધ, મોક્ષ વગેરે તત્ત્વોનું રાજાને શ્રદ્ધાન થયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ કહ્યું અહા ! હે મુનિનાથ ! મિથ્યાત્વરૂપ મદિરાથી ઉંન્મત્ત થઈ આજ સુધીમાં મેં અનેક જીવોનો નાશ કર્યો છે. અસત્ય બોલવામાં, પરધન હરણ કરવામાં, પરસ્ત્રીગમનમાં અને પરિગ્રહ ઉપરના મમત્વમાં મેં કોઈપણ જાતની બાકી રાખી નથી. મદિરા માંસ વિગેરે અભક્ષ વસ્તુનું ભક્ષણ મેં અહોનિશ કર્યું છે હે કૃપાળુ મુનિ ! હું વધારે શું કહું ! દુનિયામાં એવું કોઈ પાપ નથી કે જે પાપ મેં નહિ કર્યું હોય. આપના વચનામૃતોથી મારું મિથ્યાત્વ વિષ નષ્ટ થયું છે. પણ મારા મનમાં એક જ વિચાર આવે છે કે કુળક્રમથી ચાલતા આવેલા નાસ્તિકવાદનો હું કેમ ત્યાગ કરું ?

ગુરુએ કહ્યું રાજન્ ! વિવેકી મનુષ્યોને તેનો ત્યાગ કરવો કાંઈ પણ મુશ્કેલ નથી. વંશપરંપરાથી ચાલતો આવેલો દરિદ્રપણાનો કે વ્યાધિનો શું મનુષ્યો ત્યાગ નથી કરતા ! અવશ્ય કરે છે જ.

હે રાજા ! જો તું આ નાસ્તિકવાદનો ત્યાગ જાણવા છતાં પણ નહિં કરે તો, પેલા કદાગ્રહી મૂર્ખ વણિકની માફક તું પણ દુઃખી જ થઈશ.

રાજા—પ્રભુ તે મૂર્ખ વણિક કેવી રીતે દુઃખી થયો ?

ગુરુએ કહ્યું : રાજા ! સાવધાન થઈને સાંભળ. કેટલાએક વણિકો ધન કમાવા નિમિત્તે પરદેશ જતા હતા. રસ્તે લોઢાની ખાણ તેમના દેખવામાં આવી. તેઓએ ઊપાડી શકાયું. તેટલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોઢું ઉપાડ્યું. આગળ ચાલતા રૂપાની ખાણ દેખી એટલે ઊપાડેલું લોઢું ફેંકી દઈ તે ખાણમાંથી રૂપું ઉપાડી લીધું. આગળ ચાલતાં સોનાની ખાણ તેમના દેખવામાં આવી. એટલે રૂપું ફેંકી દઈ ઊપાડાય તેટલું સોનું ઉપાડી લીધું છેવટે તેમને રત્નની ખાણ મળી આવી, ત્યારે સોનું મૂકી દઈ રત્નો ભરી લીધાં.

આ સમુદાયમાં એક મૂર્ખ અને કદાગ્રહી વણિક હતો. તેણે આ સર્વ પ્રસંગોમાં પ્રથમ ઊપાડેલ લોઢાનો ત્યાગ ન જ કર્યો. તેના મિત્રોએ તેને ઘણો સમજાવ્યો. પણ તે કદાગ્રહી ઉલટો તેઓને ઠપકો આપવા લાગ્યો કે તમે અનવસ્થિત પરિણામવાળા છો. અંગીકાર કરેલ વસ્તુનો નિર્વાહ બરોબર કરવો જોઈએ. સારૂં દેખી ઈતરનો ત્યાગ કરવો યોગ્ય નથી વિગેરે. આટલા દિવસ મહેનત કરી ઊપાડેલું લોઢું હું કેમ ફેંકી દઉં ! ઇત્યાદિ કહી તે લોઢું ઊપાડી બીજા વણિકો સાથે તે પોતાના શહેરમાં આવ્યો. અન્ય વણિકોએ રત્નો વેચો નાંખ્યા તેઓ ઘણા ધનાઢચ થયા. તે દ્રવ્યથી વિવિધ પ્રકારે ઇંદ્રિયજન્ય સુખનો ઉપભોગ કરવા લાગ્યા. પેલા કદાગ્રહી વણિકે લોઢું વેચ્યું તેની સ્વલ્પ કીંમત આવી. તે નિરંતરને માટે દુઃખી જ રહ્યો. પોતાના મિત્રોને આનંદ કરતા દેખી પોતાના કદાગ્રહ માટે તેને ઘણો પશ્ચાત્તાપ થયો પણ તે નિરર્થક જ હતો કેમકે તેથી તેને દ્રવ્ય ન મલ્યું તેમ હે રાજ ! આ નાસ્તિકવાદનો તું ત્યાગ નહિં કરે તો પૂર્વની માફક આ વખતે પણ દુઃસહ દુઃખની પરંપરા જ ભોગવીશ.

CC-0. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ કહ્યું. ગુરુરાજ! મેં પૂર્વે કેવી રીતે અને કયાં દુઃસહ દુઃખનો અનુભવ કર્યો છે. જેથી આપ એમ જણાવો છો?

ગુરુએ કહ્યું. રાજન્! સાવધાન થઈને સાંભળ. પૂર્વે નવાગામ નામના ગામમાં એક કુલપુત્ર રહેતો હતો. દૃઢ મિથ્યાત્વી હતો. અધમ હલકાં યા નીચ કાર્યમાં તેનું મન નિત્ય આસક્ત રહેતું હતું. તેમ તે મહાન્ કદાગ્રહી હતો. તેનું નામ અર્જુન હતું.

જીવાજીવાદિ તત્ત્વને જાણનાર દૃઢ સમ્યક્ત્વવાન અને મુનિઓની સેવા કરવામાં પ્રીતિવાળો સુહંકર નામનો તેને મિત્ર હતો.

અનેક સિદ્ધાંતના પારગામી સુધર્મ નામના આચાર્ય ગ્રામાનુગ્રામ વિહાર કરતા તે ગામ આવ્યા. સુહંકરે મધુર વચને અર્જુનને કહ્યું: મિત્ર! ચાલ ગુરુશ્રી પાસે જઈએ અને આગમનું (ધર્મનું) રહસ્ય સાંભળીએ યા સમજીએ. આલસ્યાદિ દોષથી આ અલભ્ય વસ્તુનો લાભ કેટલાએક મનુષ્યો લઈ શકતા નથી.

આલસ્ય, મોહ, અવજ્ઞા, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણુતા, ભય, શોક, અજ્ઞાન, વિક્ષેપ, કુતૂહલ અને ક્રીડા આ સર્વ કારણોને પરાધીન થઈ, દુર્લભ્ય મનુષ્યપણું મળવા છતાં, સંસારનો નિસ્તાર કરનાર ધર્મશ્રવણનો લાભ મનુષ્યો મેળવી કે પામી શકતા નથી.

મિત્ર! આ ધર્મશ્રવણ પાપના પુંજરૂપ પહાડને છેદવા માટે વજ્ર સમાન છે. ક્રોધરૂપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગ્નિને બુઝાવવામાં નિરદ (મેઘ) સમાન છે. જડતારૂપ અંધકારને હઠાવવાને સૂર્ય સદશ છે. કલ્યાણરૂપ વૃક્ષોને વૃદ્ધિ પમાડવામાં પાણીની નિક સમાન છે. અને મિથ્યાત્વરૂપ સર્પના સંહાર માટે ગરૂડ સમાન છે માટે અવશ્ય ધર્મ કરવું જ જોઈએ.

અર્જુને કહ્યું : મિત્ર આગમનું સ્વરૂપ મેં જાણ્યું. ધૂર્ત્ત પુરુષોએ કરેલાં કાવ્યો કાળાંતરે આગમરૂપ સિદ્ધાંતરૂપ ગણાય છે.

આ જવાબ સાંભળી સુહંકરે વિચાર કર્યો કે, આ માણસ આગમ શ્રવણ કરવાને અયોગ્ય છે. તેની ઉપેક્ષા કરી સુહંકર, સુધર્મ ગુરુ પાસે આવી ધર્મ શ્રવણ કરવા લાગ્યો. ધર્મદેશનાથી વૈરાગ્ય પામી પુત્રને ગૃહનો ભાર સોંપી ગુરુ પાસે તેણે ચારિત્ર લીધું. પ્રવ્રજ્યાનું પાલન કરી તે સદ્ગતિનું ભાજન થયો.

આગમની હીલના કરવાથી અર્જુને ઘણું અશુભ કર્મ બાંધ્યું. ધર્મ સિવાયની અજ્ઞાનમય જિંદગીમાં સાર કર્ત્તવ્યો કર્યા વિના અનેક પાપ ઉપાર્જન કરી, અર્જુન કાળાંતરે મરણ પામી એ જ ગામમાં બકરાપણે ઉત્પન્ન થયો. તેના પુત્રે જ તેને વેચાતો લીધો, અને વ્યવહારિક કાર્ય પ્રસંગે તેને મારવામાં આવ્યો. ત્યાં મહાન્ દુઃખ અનુભવી મરીને કુંભારને ઘેર ગર્દભ (ગધેડા પણે ઉત્પન્ન થયો. ત્યાં શીત, તાપ, ક્ષુધા, તૃષા આદિ નાના પ્રકારનાં દુઃખનો અનુભવ કરતાં કેટલોક કાળ ગયો. એક દિવસે તેના પર વિશેષ ભાર લાદવામાં આવ્યો હતો. આ ભાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉઠાવી ન શકવાથી તે પડી ગયેા અને વાસણેા ફુટી ગયાં. કુંભારે ક્રોધ કરી ગધેડાને પ્રહાર કર્યો. વિશેષ માારથી મરણ પામી, શુકર (ભુંડ) પણે ઉપજ્યેા. તે ભવમાં શીકારી કુતરાયે તેને મારી નાખ્યેા. મરણ પામી ઉંટપણે ઉત્પન્ન થયેા. નદીનેા કિનારેા ચડતાં બેાજા સહિત પડી ગયેા. હાડકાં ભાંગી ગયાં. વિરસ બૂમેા પાડતાં દુઃસહ પીડાએ મરણ પામી ગેાબર ગામમાં ધન વણિકને ઘેર મુંગા પુત્રપણે ઉત્પન્ન થયેા. અવિવેકી માણસેા તેને ચિડાવવા લાગ્યા પેાતાના મુંગા જીવિતવ્ય ઉપરથી ઉદ્વેગ પામી, કૂવામાં પડી તેણે આપઘાત કર્યો. ત્યાંથી મરણ પામી નંદિગામમાં એક ઠાકેારની દાસીને પેટે પુત્રપણે ઉત્પન્ન થયેા. એક દિવસ મદિરાપાન કરીને ઉન્મત્ત થયેા હતેા. સ્વપરના દરજ્જાને ભૂલી જઈ પેાતાના ઠાકેારને અસભ્ય વચનેા કહેવા લાગ્યેા. ઠાકેારે ક્રોધથી તેની જીભ કાપી નાખી. અત્યંત પીડા થવાથી વિરસ સ્વરે રેાવા લાગ્યેા. કેવળ દયાપાત્ર, ભૂમિ પર આમ તેમ આળેાટતેા અને રડતેા હતેા એ અવસરે એક અતિશાયિક જ્ઞાની મુનિ ત્યાં થઈને જતા હતા. તેમણે તેને મધુર શબ્દે કહ્યું. ભદ્ર! આ દુઃસહ દુઃખથી આક્રંદ શા માટે કરે છે? તેં પેાતે જ આ દુઃખ ઉત્પન્ન કર્યું છે. તેનું જ આ ફળ છે. તે ભેાગવ્યા સિવાય તારેા છૂટકેા થવાનેા નથી. યાદ કર. અર્જુનના ભવમાં આગમની નિંદા તેં કરી હતી, તેનાં ફળરૂપ બકરેા, ગધેડેા, શુકર, ઉંટ, મુંગેા અને દાસીના પુત્રપણે ઉત્પન્ન થઈ આ દુઃખનેા અનુભવ તું કરે છે. મિથ્યાત્વના મેાહથી મૂઢ બની તે તે ગહન ભવમાં તું ભમ્યેા છે અને છેદન, ભેદન આદિ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દુઃખ તું પામ્યો છે.

આ પ્રમાણે તે મહાત્માના મુખથી પૂર્વભવ સાંભળી તેની વિચારણામાં લીન થતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. આગમની નિંદા કરવાનો અને ધર્મનો અનાદર કરવાનો તેને ઘણો પશ્ચાત્તાપ થયો. મુનિને પગે પડી તે પોતાની નિંદા કરવા લાગ્યો. છેવટની આ સ્થિતિમાં મુનિનાં દર્શનથી પરિણામની કાંઈક શુદ્ધિ અને પાપનો પશ્ચાત્તાપ થવાથી. તેણે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. શુભ પરિણામે મરણ પામી તે અર્જુનનો જીવ હે નરસુંદર રાજા! તું પોતે અહીં ઉત્પન્ન થયો છે.

પૂર્વ ભવના અભ્યાસથી નાસ્તિકવાદમાં તને વિશેષ પ્રીતિ છે.

નરસુંદર રાજા પોતાના પૂર્વ ભવો સાંભળી જાતિસ્મરણ પામ્યો. તરત જ કદાગ્રહ મૂકી દઈ, નાસ્તિકપણાનો ત્યાગ કરી, સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થધર્મ બતાવવા માટે ગુરુશ્રીને આગ્રહ કર્યો.

ગુરુએ કહ્યું. રાજન્! દુર્વાર રાગાદિ શત્રુઓનો સદા સર્વથા વિજય કરનાર દેવને દેવપણે અંગીકાર કર. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણને ધારણ કરનાર, મોક્ષપંથના સાધક ગુરુને ગુરુપણે માન. અને કરુણારસથી ભરપૂર, સર્વ જીવોનું આત્મહિત ઇચ્છનાર ધર્મને ધર્મપણે ગ્રહણ કર. જીવાદિ નવ તત્ત્વોને જાણી ભાવથી સદ્દહતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. દેવનું શુદ્ધ આલંબન, ગુરુનો સદુપદેશ અને ધર્મથી થતું શુદ્ધ આચરણ આ ત્રણે આત્મગુણ પ્રગટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવામાં મહાન્ નિમિત્ત હોવાથી એ ત્રણે ઉપરના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યક્ત્વ તો કષાયની મંદ પરિણતિ અને કર્મોની ક્ષયોપશમતા થવી તે જ છે. એટલે દરજ્જે આત્મગુણ પ્રગટ થવો તે જ છે. તથાપિ તેમાં દેવ, ગુરુ, ધર્મનું આલંબન નિમિત્તકારણ છે તેવી જ રીતે જીવ, અજીવાદિ નવ તત્ત્વને સદ્દહવાતે સમ્યક્ત્વ છે. તે પણ નિમિત્તકારણ છે. આ નવ તત્ત્વનું શ્રદ્ધાન કષાયાદિની પરિણતિ મંદ થતાં તેવી યોગ્યતા આવતાં થઈ શકે છે. 'આતમ ગુણ અકષાયતા' આ જ ધર્મ છે. અને એ જ આત્મગુણ છે. આ અકષાયતા થવામાં તત્ત્વોનો વિચાર, તત્ત્વનું જ્ઞાન, તત્ત્વોનું શ્રદ્ધાન વિગેરે નિમિત્તો છે.

હે રાજન્! જેના મનરૂપ આકાશમાં સમ્યક્ત્વનો સૂર્યોદય સ્ફુરી રહ્યો છે, તેઓની પાસે કુમતિ–યા–મિથ્યાત્વરૂપ ઘુવડો બીલકુલ આવી શકતાં નથી. મિથ્યાત્વરૂપ પ્રબલ અગ્નિને બુઝાવવા માટે જેઓની પાસે સમ્યકત્વરૂપ જલધર (મેઘ) છે, તેઓને આત્મશાંતિવાળું નિર્વાણપદ પામવું દુર્લભ નથી.

આ પ્રમાણે ગુરુ તરફથી ઉત્તમ બોધ સાંભળી રાજાએ સમ્યક્ત્વ સહિત ગૃહસ્થનાં વ્રતો અંગીકાર કર્યાં.

રાજાને ધર્મમાં દૃઢ કરવા નિમિત્તે ગુરુશ્રીએ ફરી કહ્યું. રાજન્! તમને ખબર જ હશે કે–જ્યાં સુધી મૂલમાંથી વ્યાધિ ન જાય ત્યાં સુધી એકનું એક ઔષધ અનેકવાર લેવામાં આવે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. તેમજ ધર્મશિક્ષા પણ વારંવાર લેવા યોગ્ય છે. તેથી કંટાળો લાવવાનો નથી. હું તમને ફરી પણ કહું છું કે—માતા, પિતા, ધન, સ્વજન, બંધુવર્ગ અને સેવકોનો સમુદાય તે તાત્ત્વિક સુખ આપવાને સમર્થ નથી કે જે સુખ સમ્યક્ત્વમાં દૃઢ થવાથી મળે છે. નજર ફેરવતાં હજારો મુગટબંધ રાજાઓ હાથ જોડે છે. તેવું ચક્રવર્તિ પદ મેળવવું સુલભ છે પણ આ સમ્યક્ત્વ તેથી પણ વિશેષ દુર્લભ છે. મનમાં વિચાર કરવાની સાથે જ સમગ્ર ઇષ્ટ પદાર્થો આવીને હાજર થાય છે. એવું અમર [દેવ] પદ મેળવવું સુલભ છે તેવા અમરના સમુદાય જેના ચરણારવિંદમાં નમે છે તેવું ઇંદ્રપદ મેળવવું તે પણ સુલભ છે પણ સમ્યક્ત્વરત્ન મેળવવું તે દુર્લભ છે. ધન્ય પુરુષો જ આ સમ્યક્ત્વ પામે છે અને નિરતિચારપણે પાળનાર તેનાથી પણ વિશેષ ધન્યતમ છે. ઉપસર્ગ જેવા પ્રસંગે ધર્મમાં અડગ રહેનાર વીરપુરુષો જ હોય છે, માટે હે રાજન્! કલ્પવૃક્ષ અને ચિંતામણિના માહાત્મ્યને હઠાવનાર આ સમ્યક્ત્વરત્નને પામીને તું પ્રમાદી ન થતાં, નિરંતર નિશ્ચલપણે તેનું પાલન કરજે.

રાજાએ કહ્યું : ગુરુરાજ! આપની આજ્ઞા મસ્તક પર ચડાવું છું. આ પ્રમાણે કહી ગુરુને નમસ્કાર કરી, પોતાને કૃતાર્થ માનતો મિત્રમંડળસહિત રાજા શહેર તરફ પાછો ફર્યો. ગુરુરાજ પણ ત્યાંથી અન્ય સ્થળે વિહાર કરી ગયા.

આ વાત તો નિર્વિવાદ છે કે, ઉત્તમ નિમિત્તોથી જીવો ગુણવાન્ બને છે. હજારો જીવોનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાન લેનાર નાસ્તિકવાદી રાજા પણ આજે ગુરુના ઉત્તમ સમાગમથી ગુણવાન થયો. તે નિરંતર અપૂર્વ જ્ઞાનમાં વધારો કરે છે. જ્ઞાનીઓને ઉપષ્ટંભ (મદદ) આપે છે. દીન, અનાથ જીવોનો ઉદ્ધાર કરે છે. સાત ક્ષેત્રોમાં જરૂરીયાતવાળા પ્રસંગોમાં દ્રવ્ય ખરચે છે. પોતાના દેશમાં અમારી પડહ ફેરવે છે. ઉચિતતા પ્રમાણે શીયળ પાળે છે. યથાશક્તિ તપશ્ચરણ કરે છે. અને નાના પ્રકારના ઉત્તમ મનોરથોવાળી સદ્ભાવનાઓ છે. આ પ્રમાણે નાસ્તિક સ્વભાવનો પણ ધર્માત્મા બનેલો રાજા આત્મ-ઉજ્જવળતા કરવામાં આગળ વધતો જાય છે. એક વખત વનપાલકે, નરસુંદર રાજાને વધામણી આપી કે–મહારાજા ! આપણા ઉદ્યાનમાં શશીપ્રભાચાર્ય આવીને ઉતર્યા છે. વધામણી લાવનારને પ્રીતિદાન આપી, હર્ષાવેશથી પુલકિત અંગવાળો રાજા, ઘણા પરિવાર સાથે ગુરુને વંદન કરવા ગયો. ભક્તિથી નમસ્કાર કરી, રાજા પોતાને ઉચિત સ્થાનકે ગુરુસન્મુખ ધર્મશ્રવણ નિમિત્તે બેઠો. ગુરુશ્રીએ પણ ગંભીર સ્વરે ધર્મોપદેશ આપવો શરૂ કર્યો.

આ સંસાર સમુદ્રના સરખો છે. તેમાં જન્મ, મરણરૂપ અગાધ પાણી ભર્યું છે. ઇર્ષા, દ્વેષ, મત્સરરૂપ અનેક મચ્છ, કચ્છપાદિ જલચર જીવો ઉછળી રહ્યા છે. ક્રોધરૂપ વડવાનળઅગ્નિની જ્વાળાઓ સળગી રહી છે. માનરૂપ દુર્ગમ પહાડો–મોટા ખડકો સમુદ્રના વચમાં આવી રહ્યાં છે. માયારૂપ વેલીઓના વિતાનો (સમૂહો) જળરૂપે પથરાઈ રહ્યા છે. ચારે બાજુ ઊંડા મૂળ ઘાલી લોભરૂપ પાતાળકળશાઓ વ્યાપી રહ્યા છે મોહરૂપ આવર્તો (ભમરીઓ–વમળો) પોતાના સપાટામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવેલી વસ્તુઓનો (જીવોનો) સંહાર (આત્મગુણનો નાશ) કરી રહી છે. અજ્ઞાનરૂપ પવનથી પ્રેરાયેલા સંયોગ વિયોગરૂપ તરંગો ઉછળી રહ્યા છે. હે ભવ્ય જીવો! આ દુસ્તર સંસારસમુદ્ર તરવાની તમારી ઇચ્છા હોય તો ચારિત્રરૂપ પ્રવહણ (વહાણ) નો તમે આશ્રય કરો.

આ ચારિત્રરૂપ વહાણ શુદ્ધભાવરૂપ મોટાં પાટીયાંનું બનેલું છે. સદ્દર્શન (સમ્યક્ત્વ) રૂપ મજબૂત બંધનોથી (પટ્ટાઓથી) જડાયેલું છે. સંવરરૂપ પુરણીથી (છિદ્રબંધ કરવાની વસ્તુઓથી) આસ્રવરૂપ છિદ્રો મજબૂતાઈથી પૂરેલા છે. વૈરાગ્યરૂપ સીધા સરલ રસ્તા ઉપર, તપરૂપ પવનના ઝપાટાથી ઘણી ઝડપથી ચાલી રહ્યું છે. જ્ઞાનરૂપ કપ્તાનો ઘણી બારીકાઈથી તેનું રક્ષણ કરે છે. આ વહાણનો આશ્રય કરનાર, ભવ્ય જીવરૂપ મુસાફરો, ઘણા થોડા વખતમાં સંસારસમુદ્રનો પાર પામી મોક્ષરૂપ ઇચ્છિત બંદરે જઈ પહોંચે છે.

ઇત્યાદિ ગુરુમુખથી સંસારસમુદ્ર તરવાનો બોધ પામી, સંસારનો પાર પામવાની ઇચ્છાવાળો રાજા, સંવેરંગથી રંગાઈ ગુરુશ્રીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો. મહારાજા! આપનુ કહેવું સત્ય છે. સંસાર દુસ્તર છે છતાં ઉદ્યમ સાધ્ય છે, રાજ્યને સ્વસ્થ કરી હું આપની પાસે ચારિત્રરૂપ જહાજ (વહાણ) અંગીકાર કરીશ. ॥ ૪૧૬ ॥

ગુરુએ ઉત્તર આપ્યો. રાજન્! થોડો પણ વખત પ્રતિબંધ ન કરીશ.

ગુરુની આજ્ઞા શીર પર ચડાવી રાજા સહર્ષ શહેરમાં આવ્યો. મંત્રી, સામંતાદિ સર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજમંડળને બોલાવી, તેઓને પોતાનો ચારિત્ર લેવાનો અભિપ્રાય જણાવી, અમરસેન કુમારને રાજ્યાભિષેક કર્યો. પછી તરત જ આડંબર સહિત નરસુંદર રાજાએ અનેક સામંત, મંત્રી, પ્રમુખ સંગાથે શશીપ્રભાચાર્ય સમીપે ચારિત્ર લીધું. ગુરુમહારાજે ચારિત્ર માર્ગમાં કેમ ચાલવું, કેમ બેસવું, કેમ બોલવું, વિગેરે શિક્ષા આપી.

जयं चरे जयं चिट्ठे जयं आसे जयं सये ।
जयं मुंजंतो मासंतो पावकम्मं न बंधइ ॥ १ ॥

હે મહાનુભાવો ! યતનાપૂર્વક ચાલો, યતનાપૂર્વક ઉભા રહો, યતનાપૂર્વક બેસો, યતનાપૂર્વક સૂવો, યતના–પૂર્વક આહાર કરો. અને યતનાપૂર્વક બોલો. આ સર્વ સ્થળે યતના (સાવધાનતા) પૂર્વક પ્રવૃત્તિ કરતાં જીવ પાપકર્મ બાંધતો નથી. વિગેરે.

ગુરુશ્રી તરફથી ઉપદેશ પામી, તે પ્રમાણે સર્વ ક્રિયાઓ કરતાં વળી ગુરુ, ગ્લાન, બાળ, વૃદ્ધ પ્રમુખ મુનિઓની વૈયાવૃત્ય કરતાં તે નરસુંદર મુનિએ, જ્ઞાનમાં તેમજ આત્મગુણમાં મહાન્ વૃદ્ધિ કરી. ગુરુકૃપા અને આત્મવીર્યથી તે મહામુનિ શ્રુતજ્ઞાનરૂપ સમુદ્રનો પારગામી થયો. ગુરુશ્રીએ આચાર્યપદને યોગ્ય જાણી પોતાના પદ પર (આચાર્યસ્થાને) સ્થાપિત કર્યા.

મિથ્યાત્વ તિમિર મંડળના સંહાર માટે દિનમણિ (સૂર્ય) તુલ્ય થઈ, અનેક ભવ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવોને પ્રતિબોધિત કર્યા. અનેક શિષ્યોનો સમુદાય ઉત્પન્ન કરી, યોગ્ય શિષ્યને પોતાના પદ પર સ્થાપિત કરી છેવટે અણુસણ કરી આ નરસુંદર આચાર્ય સર્વાર્થસિદ્ધિ વિમાનમાં એકાવતારી દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં સર્વ કર્મનો ક્ષય કરી નિર્વાણપદ પામશે–મોક્ષે જશે.

સુદર્શના ! મિથ્યાત્વફળના અન્વય વ્યતિરેકી દૃષ્ટાંત રૂપે નદસુંદર રાજાનું દૃષ્ટાંત તમને સમ્યકત્વની દૃઢતા માટે સંભળાવવામાં આવ્યું છે. આ દૃષ્ટાંતમાંથી વિવેકી મનુષ્યોએ પોતાની યોગ્યતાનુસાર ઉત્તમ ગુણો અંગીકાર કરવા વિશેષમાં એટલું કહેવાનું છે કે કદાચ પ્રબળ મોહોદયથી ચારિત્ર ન લઈ શકાય કે ન પાળી શકે તો પણ સમ્યકત્વ તો દૃઢ પાળવું જ કહ્યું છે કે—

भट्ठेण चरित्ताओ सुट्ठुयरं दंसणं गहेयव्वं ।
सिज्जंति चरणरहिया दंसणरहिया न सिज्जंति ॥ १ ॥

॥ ૪૧૮ ॥

ચારિત્રથી ભ્રષ્ટ થતાં, સમ્યકૃત્વને સારી રીતે ગ્રહણ કરી રાખવું. ચારિત્ર વિના (દ્રવ્ય-ચરિત્રવિના પરિણામની વિશુદ્ધિરૂપ ભાવચારિત્રથી) જીવો સિદ્ધ થાય છે પણ સમ્યકત્વ વિનાના સિદ્ધ થતા નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમ્યગ્દર્શનરૂપ બીજ રત્નનું સ્વરૂપ પૂર્ણ થતાં ગુરુમહારાજે ધર્મોપદેશનો ઉપસંહાર કર્યો. એટલે સુદર્શના વિગેરે ગુરુમહારાજને નમસ્કાર કરી પોતાના મહેલમાં આવ્યાં અન્ય લોકો પોતપોતાને સ્થાને ગયાં. સુદર્શનાના આનંદનો પાર ન રહ્યો. દેવપૂજન આદિ પોતાના કર્તવ્ય-કર્મ કરી ભોજન કર્યા બાદ સુદર્શનાએ પોતાની ધાવમાતા કમળાને બોલાવી કહ્યું–ધાવમાતા! તમે હવે સીંહલદ્વીપ જલદી જાઓ. ત્યાં જઈ મારાં વહાલાં સ્નેહી માતા, પિતા, બંધુઓને મારી કુશળપ્રવૃત્તિના સમાચાર તરત આપો. સ્નેહી માતા, પિતા મારા વિરહથી ઝુરતાં હશે. અગર ચિંતા કરતા હશે તેને તમે ધીરજ આપજો અને સમ્યકત્વને સ્થિર કરનાર મુનિઓના દર્શન અને તેમનો કહેલો બોધ વિશેષ પ્રકારે તેમને સંભળાવજો, તે સાથે અહીંના મહારાજા જિત-શત્રુએ મારી કરેલી ખાત્રી ભક્તિ વિષે સવિસ્તર જણાવશો. મારી અમ્મા! શીળવતીની મારા તરફની અખંડ લાગણી વિષે કહેવું ભૂલશો નહિં. અને તેઓ મારા તરફની કાંઈ પણ ચિંતા ન કરે તે વિષે તમને કાંઈ પણ ભલામણ કરવાની જરૂર હું જોતી નથી, કારણ તમે પોતે વિચક્ષણ અને અવસરને ઓળખનાર છો, ઇત્યાદિ ભલામણ સાથે રાજકુમારીનો આદેશ થતાં જ કમળા, કુમારીને નમસ્કાર કરી એક જહાજ ઉપર ચડી બેઠી અને સીંહલદ્વીપ તરફ રવાના થઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૪ મું

સમ્યક્ચારિત્ર ત્રીજું રત્ન.

સદ્ગુરુના સમાગમનો લાભ લઈ સુદર્શનાએ ધર્મોપદેશ સાંભળવાનું ચાલુ રાખ્યું. ગુરુશ્રીએ પણ યોગ્ય જીવ જાણી પરોપકાર બુદ્ધિએ ધર્મોપદેશ આપવાની કૃપા કરી.

चिरसंचियकम्मचयस्स रित्तकरणाओहोइचारित्तं
तं अत्तनाणमइयं तं नाणं दंसणं चरणं

ઘણા લાંબા વખતનાં સંચિતકર્મસમૂહને ખાલી કરતું હોવાથી તે ચારિત્ર કહેવાય છે. અર્થાત્ જેનાથી કર્મસમૂહનો નાશ થાય છે. તેવી પ્રવૃત્તિ યા નિવૃત્તિને ચારિત્ર કહેવામાં આવે છે. આત્મજ્ઞાનમય થવું તે ચારિત્ર છે. આત્મા જ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે. સુદર્શના સાવદ્ય સપાપ યોગથી (મન, વચન, કાયા વડે) ત્રિવિધ ત્રિવિધે (કરવા કરાવવા અનુમોદવા રૂપે) યાવત્ જીવનપર્યંત પાછા હઠવું વિરમવું તે સામાન્ય રીતે એક પ્રકારનું ચારિત્ર કહેવાય છે. વિશેષ પ્રકારે તે ચારિત્રના પાંચ ભેદો છે તે આ પ્રમાણે છે.

॥ ૪૨૦ ॥

સામાયિક ૧. છેદોપસ્થાપના, ૨. પરિહરીવિશુદ્ધિ, ૩. સૂક્ષ્મસંપરાય, ૪ યથાખ્યાત, ૫.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામાયિક ચારિત્રના બે ભેદ છે એક થોડા વખતનું અને બીજું યાવત્ જીવનપર્યંતનું જેને ઈત્વરિક અને યાવત્કથિત નામથી ઓળખાવવામાં આવે છે. પહેલા છેલ્લા તીર્થંકરના મુનિઓને ઈત્વરિક સામાયિક જઘન્યથી સાત દિવસનું હોય અને ઉત્કૃષ્ટ છ માસનું હોય છે. મધ્યમ તીર્થંકરના તથા મહાવિદેહક્ષેત્રના મુનિઓને એક યાવત્કથિત સામાયિક હોય છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણે અને ઉત્કૃષ્ટથી દેશે ઊણાં પૂર્વ કોડી વર્ષપર્યંત હોય છે.

છેદોપસ્થાનિક ચારિત્ર બે પ્રકારનું હોય છે. અતિચારવાળું અને અતિચાર વિનાનું. અતિચાર ન લાગ્યો હોય છતાં પણ છ માસ પછી જે ઉપસ્થાપના કરવામાં (મૂળ વ્રત ઉચ્ચરાવવામાં) આવે છે તેને અને ત્યાર પછીના અતિચાર વિનાના ચારિત્રને નિરતિચાર ચારિત્ર કહે છે. મૂળ ગુણમાં અતિચાર લગાડનારનું ચારિત્ર સાતિચાર ગણાય છે. વળી નિરતિચાર ચારિત્રવાળા પણ ઋષભદેવજીના તથા પાર્શ્વનાથ પ્રભુના સાધુઓને, અન્ય તીર્થમાં અજિતનાથ અને વીરપ્રભુના તીર્થમાં સંક્રમણ કરતાં છેદોપસ્થાપનિક ચારિત્ર હોય છે.

ત્રીજું ચારિત્ર પરિહારવિશુદ્ધ નામનું છે. તેના બે ભેદ છે. એક નિર્વિશ્યમાન અને બીજું નિર્વિષ્ટકાય. તે ચારિત્રની ક્રિયામાં પ્રવેશ કરનારા નિર્વિશ્યમાન કહેવાય છે. અને તે ક્રિયાનો પાર પામેલા નિર્વિષ્ટકાય કહેવાય છે. આ બાબતમાં આવો સંપ્રદાય છે કે નવ સાધુઓ આ ચારિત્રની ક્રિયામાં પ્રવેશ કરે છે. ચાર સાધુઓ તે તપશ્ચરણાદિ ક્રિયા કરે છે. ચાર સાધુઓ તેઓની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સેવા ભક્તિમાં રહે છે. અને એક કલ્પસ્થિત વાચનાચાર્ય થાય છે. ક્રિયા કરનારા જઘન્યમાં એક ઉપવાસ, મધ્યમ તપમાં બે ઉપવાસ અને ઉત્કૃષ્ટ તપમાં અઠમ (ત્રણ ઉપવાસ) ઉનાળામાં કરે છે તે જ રીતે શિયાળામાં જઘન્યમાં બે, મધ્યમમાં ત્રણ તથા ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ કરે છે તથા ચોમાસામાં જઘન્યમાં ત્રણ, મધ્યમમાં ચાર તથા ઉત્કૃષ્ટ તપમાં પાંચ ઉપવાસ અનુક્રમે કરે છે. પારણે આંબિલનો તપ કરે છે. અન્ય પાંચ સાધુઓ નિરંતર આંબિલ તપ કરે છે. તે ક્રિયા પૂર્ણ થતાં સેવા કરવાવાળા ક્રિયામાં પ્રવેશ કરે છે. ક્રિયા કરવાવાળા તેઓની સેવા કરે છે. તેઓની ક્રિયા પૂર્ણ થતાં એક વાચનચાર્ય થાય છે. વાચનાચાર્ય ક્રિયા કરે છે. બીજાઓ સેવા કરે છે આ પ્રમાણે ક્રિયા, તપશ્ચરણ શ્રુતનું અધ્યયન વિગેરે અપ્રમત્તપણે અઢાર માસપર્યંત કરવામાં આવે છે. આ ચારિત્રને પરિહારવિશુદ્ધિ કહે છે.

ચોથું સૂક્ષ્મસંપરાયચારિત્ર તે બે પ્રકારનું છે. વિશુદ્ધમાન અને સંકિલશ્યમાન ઉપશમ યા ક્ષપકશ્રેણિપર (વિશુદ્ધ પરિણામ વિશેષ) આરૂઢ થતાં વિશુદ્ધમાન સૂક્ષ્મસંપરાય હોય છે. અને ઉપશમશ્રેણિથી પડતાં સંકિલશ્યમાન હોય છે. સર્વ કષાયનો ઉપશમ કરતાં–યા ક્ષય કરતાં દશમે ગુણસ્થાને સૂક્ષ્મ લોભનો ઉદય હોય તે સિવાયના કષાયનો ઉદય ન હોય તેવી વિશુદ્ધ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કાળની હોય છે. તેને સૂક્ષ્મસંપરાયચારિત્ર કહે છે.

પાંચમું યથાખ્યાતચારિત્ર તે બે પ્રકારે છે. (૧) કષાયના ઉપશમવાળું તે અંતર્મુહૂર્ત રહે છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી તે પરિણામથી પતિત થવાય છે. (૨) કષાયના ક્ષયવાળું યથાખ્યાત ઉત્કૃષ્ટથી તે દેશેઊણાં (કાંઈક ઓછા) પૂર્વ ક્રોડ વર્ષપર્યંત હોય છે. સામાયિક અને દેશવિરતિચારિત્ર અસંખ્યાતવાર આવે છે. ખરૂં ચારિત્ર જેને સ્પર્શ્યું હોય તે આઠ ભવમાં સંસારનો પાર પામે છે. દ્રવ્ય શ્રુત અનંતવાર આવે છે. શ્રુત, સામાયિક, સમકિત સામાયિક અને દેશવિરતિસામાયિક. આ ત્રણેને એક ભવમાં બે હજારથી નવ હજારવાર આકર્ષ આવે જાય છે. સર્વવિરતિચારિત્રમાં આકર્ષણ વિકર્ષણ —એક ભવમાં બસોથી નવસોવાર થાય છે.

અથવા મૂલગુણ અને ઉત્તર ગુણરૂપ ચારિત્ર બે પ્રકારે છે. પાંચ મહાવ્રત અહિંસા–સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ આ મૂલગુણો કહેવાય છે અને પડિલેહણા, પ્રમાર્જનાદિ ઉત્તરગુણો કહેવાય છે. અથવા ચરણ સિત્તરી કરણસિત્તરી (ક્રિયા) રૂપ ચારિત્ર બે પ્રકારે કહેવાય છે.

वयसमणधम्मसंजमवेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइतियं तवकोहनिग्गहाई चरणमेयं ॥१॥

વ્રત ૫. યતિધર્મ ૧૦. વૈયાવચ્ચ ૧૦. સંયમ ૧૭. બ્રહ્મચર્ય ૯, મનોગુપ્તિ ૧. વચનગુપ્તિ ૧. કાયગુપ્તિ ૧. જ્ઞાન ૧. દર્શન ૧. ચારિત્ર ૧. તપ ૧૨. ક્રોધનો નિગ્રહ ૧. આ ચરણસિત્તરી કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पिंडविसोही समिई भावणापडिमाइय इंदियनिरोहो ।
पडिलेहणगुत्तीउण अभिग्गहे चेव करणं तु ?

પિંડવિશુદ્ધિ ૪, સમિતિ ૫, ભાવના ૧૨, પ્રતિમા ૧૨, ઇંદ્રિયનો નિરોધ ૫, પડિલેહણા ૨૫, ગુપ્તિ ૩, અભિગ્રહ ૪ આ કરણ સિત્તરી ક્રિયાના સિત્તેર ભેદ કહેવાય છે. આ બંને ચારિત્રના ભેદ છે અથવા પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિ તે ચારિત્ર કહેવાય છે. રસ્તે જોઈને ચાલવું. કોઈ જીવની પોતાના શરીરવડે હિંસા ન થાય, ૧ સાવદ્ય સદોષ ભાષા ન બોલવી, ૨ શરીરના નિર્વાહ અર્થે આહારાદિ નિર્દોષ લેવા, ૩ લેવું મૂકવું હોય તો પૂંજી પ્રમાર્જીને કરવું, ૪ ત્યાગ કરવા લાયક વસ્તુનો, જીવાકુળભૂમિ ન હોય તેવી નિર્દોષ જગ્યાએ ત્યાગ કરવો. ૫ આ પાંચ સમિતિ કહેવાય છે. મનથી ખરાબ સદોષ સપાપ વિચારો ન કરવા, પણ ઉત્તમ આલંબનોમાં મનને નિયોજિત કરવું ૧. પ્રિય પથ્ય. હિતકારી અને ઉપયોગ જેટલું જ બોલવું અથવા અમુક વખત માટે સર્વથા બોલવું બંધ કરવું ૨. આત્મધ્યાનાદિ સત્કાર્યમાં શરીરને યોજવું અથવા હલન-ચલનાદિ બંધ કરવું ૩. આ મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ છે.

॥ ૪૨૪ ॥

આ પ્રમાણે ભિન્ન ભિન્ન બતાવેલા ચારિત્રના સર્વ ભેદોનો મુખ્ય ઉદ્દેશ–સપાપ–સાવદ્ય યોગોનો ત્યાગ કરવો અને આત્મભાવમાં લીન થવું તે જ છે. તે પ્રમાણે સર્વથા વર્તન કરવાનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાર્ય સમભાવમાં ભાવિતાત્મા મુનિઓ-ત્યાગીઓ કરી શકે છે. ગૃહસ્થધર્મમાં રહેલા મનુષ્યો અમુક અંશથી (દેશથી) તે પ્રમાણે વર્તન કરી શકે છે. એટલે ગૃહસ્થોને દેશવિરતિ–દેશચારિત્ર કહેવાય છે.

જ્ઞાન અને શ્રદ્ધાન્ બન્ને હોય તથાપિ ચારિત્ર (ચરણ આચરણ) સિવાય કર્મનો ક્ષય થઈ શકતો નથી. વૈદ ગમે તેટલો દવા ઔષધાદિકનો જાણકાર હોય પણ ઔષધરૂપ ક્રિયાનું સેવન કર્યા વિના તે શું એકલા જાણપણાથી નિરોગી બની શકશે? નહિ જ. કેવળજ્ઞાન હોય અને ક્ષાયક દર્શન હોય તથાપિ સર્વ સંવર આવ્યા સિવાય કેવલી પણ નિર્વાણ પામતા નથી. યોગ-નિરોધરૂપ સર્વ સંવરની છેવટે તેમને પણ જરૂરિયાત પડે છે, માટે એકલા જ્ઞાન, શ્રદ્ધાનથી સંતોષ ન પામતાં સાથે ચારિત્રની પણ આવશ્યકતા છે એ ચોક્કસ સમજવું.

જન્મથી લઈ ધર્મશ્રદ્ધાન વિનાનો અને સાવદ્ય કાર્યમાં આસક્ત થયેલો મહાબલ રાજા, છેવટની થોડા વખતની પણ સ્થિતિમાં વિશુદ્ધ ચારિત્રની મદદથી સદ્ગતિને પામ્યો.

મહાબલ રાજા

આ જંબૂદ્વીપના અવર વિદેહક્ષેત્રમાં વક્ષકાર અને ગંધમાદન પર્વતની પાસે ગંધિલાવતી નામની વિજય (મોટો દેશ) છે. તે વિજયમાં દેવોને ક્રીડા કરવાને સ્વર્ગ સરખો વૈતાઢ્ય પહાડ શોભી રહ્યો છે. તે વિજયમાં ગંધાર નામનો વિશાળ દેશ છે. આ દેશ રિદ્ધિસમૃદ્ધિથી ભરપૂર છે. તેમાં ગંધસમૃદ્ધ નામનું શહેર હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે શહેરમાં શતબળ રાજાનો પુત્ર અતિબળ રાજા રાજ્ય કરતો હતો. તેને મહાબળ નામનો કુમાર હતો. પિતાના મરણ પછી મહાબળ રાજા રાજ્યાસન પર બેઠો. તે મહાપરાક્રમી હતો. વિદ્યાધર રાજાઓ પણ તેની સેવા કરતા હતા. રાજ્યનું પાલન કરતાં ઘણાં વર્ષો વહી ગયાં, તેટલા લાંબા વખતમાં તેના તરફથી કરાયેલાં કર્તવ્યો બીલકુલ પ્રશંસાપાત્ર ન હતાં ઇચ્છાનુસાર પાંચ ઇંદ્રિયનાં સુખનો વૈભવ તે ભોગવતો હતો. તે ઇંદ્રિયોને પરાધીન હતો. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક તેને બિલકુલ ન હતો. પાંચ પ્રકારના પ્રમાદમાં તે ડૂબ્યો હતો. પરિગ્રહ એકઠો કરવો અને વિવિધ પ્રકારના આરંભો કરવા તે ઇચ્છા તેની પ્રબળ હતી, નિરંતર તે અકાર્યમાં પ્રવૃત્તિ કરનાર હતો.

સત્યાસત્યનો–કર્ત્તવ્યાકર્ત્તવ્યનો નિર્ણય કરવો, સદાચરણ રાખવાં, પરોપકાર કરવો, આત્માને ઉચ્ચ સ્થિતિમાં સ્થાપન કરવો તથા મનુષ્યો સુખ–દુઃખનો અનુભવ શા કારણને લઈને કરે છે? દરેક સુખી શા માટે થતા નથી? આ વિષમ વિચિત્રતાનું કારણ શું? મનોવાંછિત પ્રાપ્તિ સર્વને શા માટે થતી નથી? વિગેરેનો વિચાર કરવાનું ભાન તેને બિલકુલ ન હતું. કેવળ, વિષય, કષાયને આધીન થઈ તે આ જિંદગી પૂરી કરતો હતો. દુનિયામાં ધર્મ શી ચોજ છે તે વાતની તેને પરવા ન હતી.

આ રાજાનો બાલમિત્ર સ્વયંબુદ્ધ નામનો પ્રધાન છે. તેનું અંતઃકરણ જિનેશ્વરના વચનામૃતોથી સિંચાયેલું હતું. રાજાનું હિત કરવામાં તેની પ્રબળ ઇચ્છા જાગૃત રહેતી હતી. રાજ્યનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક કાર્યમાં પૂછવા યોગ્ય બીજો પણ સંભિન્નશ્રોત નામનો પ્રધાન હતો.

એક દિવસ મહાબળ રાજા સભા ભરીને બેઠો હતો. સન્મુખ દિવ્ય નાટક સરખું નાટક થઈ રહ્યું હતું. આજુ-બાજુ તેનો પરિવાર બેઠો હતો. નૃત્ય દેખવામાં રાજા લીન થઈ ગયો હતો. એ અવસરે અકસ્માત સ્વયંબુદ્ધ પ્રધાન રાજાની પાસે આવી, હાથ જોડીને આ પ્રમાણે વિનવવા લાગ્યો. મહારાજ! આ ગીત સર્વ વિલાપ સરખાં છે. આ નૃત્ય એક વિડંબના માત્ર છે. આ આભરણો કેવળ ભારભૂત છે અને આ કામવાસના, કેવળ દુઃખનું જ કારણ છે.

આ બાળમિત્ર પ્રધાન ઉપર રાજાને ઘણો સ્નેહ હતો, પણ આનંદમાં લીન થયેલા રાજાના આનંદનો ભંગ કરનાર આ પ્રધાનનાં વચનો સાંભળી રાજા કોપાયમાન થઈ ગયો. રાજાએ કહ્યું અરે મિત્ર! આ તું શું બોલ્યો? આવાં વિતથમિથ્યા વચનો બોલવાની તને અત્યારે જરૂર શી પડી? તું નિરંતર પ્રિય બોલનાર છે ત્યારે શું અજાણતાં આ અપ્રિય વચનો તારાથી બોલાયાં છે? આ ગીત, શ્રવણેંદ્રિયને અમૃત સમાન છે. આ નૃત્ય નેત્રને મહોચ્છવરૂપ છે. આભરણો શરીરની શોભા છે અને કામવાસના સર્વદા સુખદાયી છે.

પ્રધાને નમ્રતાથી પણ મજબૂતાઈથી કહ્યું : મહારાજ! હું જરા માત્ર અસત્ય બોલતો નથી અને આપને અપ્રિય પણ કહેતો નથી. મારું કહેવું કેવી રીતે સત્ય છે તે, હું આપશ્રીને નિવેદિત કરું છું. આપ સાંભળશો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક ચતુર યુવાન સ્ત્રીનો પતિ પરદેશ ગયો હતો. આ સ્ત્રી પતિપ્રેમમાં આસક્ત થયેલી હતી. પતિના વિયોગે વિરહાનળથી યા કામદાવાનળથી દગ્ધ થઈ બીચારી કરૂણ સ્વરે ગાયન કરતી હતી. આ સ્ત્રીનું ગાયન વિચારવાન્ વિવેકી પુરુષોને વિલાપપક્ષમાં અનુભવાશે કે નહિં? કેમકે ગીતનું ઉત્પત્તિસ્થાન કે માર્મિક સૂચન રુદનથી જ ભરપૂર છે. તેમ હે રાજન્! જેનું પહેલું કે છેલ્લું પરિણામ દુઃખરૂપ હોય તે સુખરૂપ કેમ ગણાય?

એક મનુષ્ય ઘેલો થઈ ગયો છે. તે પોતાની વિસંસ્થૂલ સ્થિતિમાં નાચતો કૂદતો આમતેમ ફર્યા કરે છે. આ તેનું નાચવું, કૂદવું વિવેકી મનુષ્યને વિડંબના સમાન અનિષ્ટ નહિં લાગે? લાગશે જ. તેમ મોહથી ઘેલા થઈ નૃત્ય કેવળ વિડંબનાતુલ્ય જ છે.

ભૂષણની ભ્રાંતિથી કોઈએ ગળામાં પથ્થર લટકાવ્યો હોય તે જેમ બોજારૂપ છે તેમ પરમાર્થદૃષ્ટિએ વિચાર કરતાં આ સર્વ આભરણો ભારમાં પથ્થર સરખા બોજા કરનારા જ છે.

કિંપાકનાં ફલો દેખાતાં સુંદર, સ્વાદે મધુર છે પણ તેનો વિપાક ભયંકર પરિણામવાળો છે. તેમ સર્વ કામભોગો દેખાતાં અને ઉપભોગો કરવામાં સુખરૂપ અનુભવાય છે પણ પરિણામે દુઃખરૂપ છે.

હે રાજા! કામ શલ્યતુલ્ય છે, કામ વિષતુલ્ય છે અને કામ ઝેરી સર્પસમાન છે. કામની પ્રાર્થના–ઇચ્છા કરવાવાળા વિના પ્રયોજને દુર્ગતિમાં જાય છે. શુભાશુભ પાંચ ઇંદ્રિયના વિષયોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાચનારા અને દ્વેષ કરનારાઓ, સંયોગ વિયોગથી ઉત્પન્ન થતાં અનંત દુઃખ પામે છે, માટે રાજન્! પરમાર્થથી દુઃખરૂપ અને દુઃખના કારણભૂત વિષયસુખનો ત્યાગ કરી, પરલોકહિતકારી ધર્મમાં ઉદ્યમવાન્ થાઓ.

રાજાએ કહ્યું : મિત્ર પ્રધાન! આટલા દિવસ તું મારો હિતસ્વી થઈને આજે તું શા માટે મારું અહિત કરે છે? અનાગત–નહિ દીઠેલા સુખને માટે વર્તમાનકાળમાં મળેલા સુખનો ત્યાગ કરાવવો તે જ મારું અહિત છે.

પોતાને અવસર મળ્યો જાણી, રાજાની ઇચ્છાનુસાર ચાલનાર સંભિન્નશ્રોત નામનો પ્રધાન રાજાની તરફેણ કરી બોલવા લાગ્યો.

મહારાજા! આ સ્વયંબુદ્ધ માયાવી છે. તે આપને મળેલા સુખનો ત્યાગ કરાવી શિયાળની માફક નહિં મળેલા સુખનો પ્રયત્ન કરાવી પાછળથી પશ્ચાત્તાપ કરાવશે.

રાજાએ કહ્યું : શિયાળને પાછળથી કેવી રીતે પશ્ચાત્તાપ થયો?

પ્રધાને કહ્યું : એક શિયાળ પાસે, ખાવા સારૂ તેના મોઢામાં માસની પેસી હતી. નદીકિનારે ફરતા એક મચ્છ તેના દેખવામાં આવ્યો. તે મેળવવા માટે માંસનો પીંડ જમીન પર મૂકી તેની તરફ દોડયો. તેને આવતો દેખી મચ્છ જલ્દી દોડી નદીમાં જઈ પડયો. પેલો માંસનો પિંડ સમળી ઉપાડી ગઈ. શિયાળ બન્નેથી ભ્રષ્ટ થયો. પાસે મળેલું મૂકી બીજું લેવાની આશાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉભયથી ભ્રષ્ટ થતાં તેને ઘણો પશ્ચાત્તાપ થયો, તેમ હે ભદ્ર સ્વયંબુદ્ધ! શિયાળની માફક રાજાને તમે ઉભય ભ્રષ્ટ કરી મહાન્ પશ્ચાતાપ કરાવશો.

સ્વયંબુદ્ધે કહ્યું : પ્રધાન! તમારૂં કહેવું સ્વાર્થ સાધવામાં તત્પર વેશ્યાના હાવભાવ સરખું છે, તે કયો બુદ્ધિમાન મનુષ્ય માન્ય કરશે? પૂર્વે અનેક વીર પુરુષોએ આ ધન, સ્વજન, રાજ્યાદિકને અનિત્ય જાણી ભોગનો ત્યાગ કરી, પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. સ્વામીનું હિત કરવું તે સેવકની ફરજ છે, નહિ કે પોતાના સ્વાર્થ માટે તેનો ભવ બગાડવો.

સંભિન્નશ્રોત જરા ક્રોધ કરી બોલી ઉઠયો. સ્વયંબુદ્ધ! ખરેખર તમે મૂર્ખ છો, કેમકે અવસર વિનાનો રાજાને બોધ આપો છો. બધાં મનુષ્યો જાણે છે કે મરવું અવશ્ય છે જ. શું મરણ આવ્યા પહેલાં શ્મશાનમાં જઈને સૂવું જોઈએ? આકાશ પડી જવાના ભયથી (પડતા આકાશને અટકાવવાના ઈરાદાથી જેમ ટીટોડી પગ ઊંચા રાખીને સૂવે છે તેમ) તમે પણ સ્વામીના હિતનો ડોળ ધાલો છો, વૃદ્ધાવસ્થા આવી હોય અને ક્રમે મરણ પણ નજીક આવ્યું હોય ત્યારે ધર્મક્રિયા કરી પરલોકનું હિત કરવું તે તો શોભતું ગણાય. તમે તો આવી યુવાવસ્થામાં ધર્મ કરો તેવી બૂમો પાડી રહ્યા છો, તે તમારું કહેવું કોણ માન્ય કરશે?

સ્વયંબુદ્ધે કરુણાદૃષ્ટિથી કહ્યું–સંભિન્નશ્રોત! જરા વિચાર તો કરો તમે બુદ્ધિમાન છો. આપસમાં યુદ્ધ લાગ્યું હોય, ખણખણાટ અને છણછણાટની સુસવાટીયું કરતાં સામા તરફથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાલા બાણ અને તીરનો વરસાદ વરસતો હોય તે અવસરે, બુદ્ધિમાન અને નિપુણ શિક્ષક હોય તથાપિ નવીન હાથી, ઘોડા અને સુભટોને દામીને કે કેળવીને, યુદ્ધને લાયક ઉપયોગી કેવી રીતે બનાવી શકશે? અર્થાત્ ન જ બનાવી શકે

ઘરમાં અગ્નિ લાગ્યો હોય અને ઘરનું સર્વસ્વ માલમિલ્કત આગમાં બળતું હોય એ અવસરે નવીન કૂવો ખોદી, પાણી કાઢી ઘર બુઝાવી મિલ્કતનું રક્ષણ કરવાનું કામ બુદ્ધિમાન્ મનુષ્ય પણ કરી શકશે કે? નહિં જ.

પરબળ આવી ચડયું હોય, ચારે બાજુથી નગરના કિલ્લાનો રોધ થઈ ગયો એ અવસરે હોંશિયાર મનુષ્ય હોય તોપણ તત્કાળ પૂરતા જથ્થામાં અનાજ, ઈંધણ, પાણી વિગેરેનો સંગ્રહ કરી શકાશે કે! નહીં જ. પણ આ સર્વ વાતની ખબર પહેલાંથી જ માલૂમ હોય અને પહેલાંથી જ સર્વ સામગ્રી તૈયાર કરી રાખી હોય તો તેવા અણીના પ્રસંગે તે પોતાનું કાર્ય સાધવાને સમર્થ થઈ શકશે. તેવી જ રીતે પારલૌકિક કાર્ય માટે, મરણ અવસર આવ્યા પહેલા જે મનુષ્ય સર્વ તૈયારીઓ નથી કરી રાખતો, તે મનુષ્ય છેલ્લી ઘડીના અવસરે ધન, સ્વજન, રાજ્ય, ગૃહ, દેહાદિકના મોહમાં મુંઝાઈ તેનાથી અલગ થઈ શકતો નથી. તેનો મમત્વભાવ ઓછો થતો નથી. એટલું જ નહિ પણ પહેલાથી જ મમત્વભાવ કે સ્નેહભાવ ઓછો કરેલ ન હોવાથી છેવટની સ્થિતિમાં મોહભાવ વૃદ્ધિ પામે છે. વ્હાલાનો વિયોગ વિશેષ સાલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. વિષયતૃષ્ણા છેદાતી નથી. વિવિધ મનોરથો મનમાં ખડા થાય છે. છેવટની વિયોગથી વળવળતી સ્થિતિમાં તપાવેલા લોઢાના ગોળા ઉપર નાખવામાં આવેલા પાણીના બિંદુની માફક ધર્મનું કે આત્મસાધનાનું નામનિશાન પણ યાદ રહેતું નથી. કોઈ યાદ કરાવે તોપણ મોહ તથા અજ્ઞાનની પ્રબળતા આગળ તે ઊભું રહેવા પણ પામતું નથી. તેને બદલે દૂર રહેલા અને નહિં યાદ કરાવેલા પણ, સ્ત્રી, પુત્ર, ધન, કુટુંબ વિગેરે જ યાદ આવે છે. આવા અનેક મોહ કે દુઃખથી તપેલા મનુષ્યો છેવટની સ્થિતિએ ધર્મસાધન કેવી રીતે કરી શકશે. મરણ જીવનના કટોકટીના યુદ્ધપ્રસંગે તપ તપવાને, શિયળ પાળવાને, ધ્યાન કરવાને, સમાધિ રાખવાને શું તે સમર્થ થશે? નહિં જ.

મન, વચન, શરીરના વ્યાપારો મંદ પડ્યા પછી જીવો પરલોકહિત કેવી રીતે કરી શકશે? વિષયમાં આસક્ત થયેલા જીવ, હાથીના કલેવરમાં ગૃદ્ધિ (આસક્તિ) પામેલા કાગડાની માફક સંસારસમુદ્રમાં ડૂબી મરે છે.

ગ્રીષ્મ ઋતુના વખતમાં પહાડની વિષમ નદી ઉતરતાં એક હાથી કિનારા ઉપર ઘણી જ ખરાબ રીતે પડી ગયો. તેનું શરીર જીર્ણ હોવાથી તેમજ વિષમ રીતે પડવાથી ભાંગી ગયું અને તે ત્યાં જ મરણ પામ્યો. તેનું માંસ ખાવા માટે એક શિયાળીઆએ તેનાં અપાન (ગુદા) દ્વારમાં છિદ્ર પાડયું માંસના અર્થી કાગડાઓ ત્યાં આવ્યા અને અપાનપ્રદેશમાં પેસી માંસ ખાવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યા. તાપના કારણથી તે અપાનદ્વાર સંકોચાઈ ગયું કેટલાએક કાગડાઓ અંદર રહી ગયા. થોડા વખતમાં વરસાદ થયો અને તે કલેવર નદીમાં તણાઈને નજીકમાં રહેલા સમુદ્રમાં જઈ મળ્યું. પાણીથી ભીંજાયેલ હાથીના કલેવરનું અપાનદ્વાર ખુલ્લું થયું. કાગડાઓ બહાર નીકળ્યા. ચારે બાજુ નજર કરે છે તો કિનારો દેખાયો નહિ. ઊડી ઊડીને થાકતાં પાછા તે કલેવર પર બેસવા લાગ્યા તેટલામાં તે કલેવરને એક જોરાવર મચ્છ સમુદ્રમાં ખેંચી ગયો. તે સાથે કાગડાઓ પણ ડૂબીને મરણને શરણ થયા.

આ દૃષ્ટાંતનો ઉપનય–ભાવાર્થ સાંભળીને વિચાર કરશો. કાગડાને ઠેકાણે આ સંસારી જીવો, હાથીના શરીરમાં પ્રવેશ કરવો તે, સંસારી જીવોનું મનુષ્યના ભવમાં આવવું, કાગડાઓને હાથીના માંસનો ઉપયોગ કરવો તે જીવોને વિષયસુખનો ઉપભોગ, જેમ તે અપાનદ્વારનો નિરોધ થયો તેમ જીવોને વિષયસુખનો પ્રતિબંધ થયો. (તેના સિવાય ન ચાલે તેવો આગ્રહ થવો તે) જેમ વર્ષાઋતુ તેમ જીવોનો મરણકાળ. જેમ કાગડાઓનું હાથીના કલેવરથી બહાર નીકળવું તેમ જીવોનું પરલોકમાં જવું–જેમ તે કલેવરમાં આસક્ત થયેલા કાગડાઓ અશરણપણે સમુદ્રમાં ડૂબી મરણ પામ્યા તેમ મનુષ્યદેહ સંબંધી વિષયના ઉપભોગમાં આસક્ત થયેલા સંસારી જીવો અશરણપણે ધર્મના આલંબન વિના–ભવસમુદ્રમાં ડૂબી મરણ પામે છે. અર્થાત્ વારંવાર વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સંસારી જીવોમાં કોઈ વિવેકી, બુદ્ધિમાન જીવ, તુચ્છ અને અસાર વિષયસુખનો ત્યાગ કરી તપ–સંયમ આદિ આત્મધર્મમાં પ્રયત્ન કરે તો તે વારંવાર જન્મ, મરણ કરતો નથી; પણ સંસારનો પાર પામી શાશ્વત સુખ પામે છે.

જે મનુષ્ય પોતે વિષયસુખમાં આસક્ત થઈ, બીજાને પણ ઉદીરણા કરાવી મોહની વૃદ્ધિ કરાવે છે. તે મનુષ્ય લાંબે રસ્તે પાથેય (ખાવાનું ભોજન) વિનાના પથિક(વટેમાર્ગુ)ની માફક પુન્યરૂપ પાથેય સિવાય દુઃખી થાય છે.

હે રાજન્! આપ પણ તુચ્છ વિષયસુખની લાલસામાં ઘણા વખતના લાંબા સુખથી જંબુક [શિયાળ]ની માફક ન ચૂકશો। ભ્રષ્ટ ન થશો, એવી આપ પ્રત્યે મારી પ્રાર્થના છે.

રાજાએ કહ્યું. સ્વલ્પ સુખ માટે, લાંબા સુખથી જંબુક કેવી રીતે ભ્રષ્ટ થયો? પ્રધાને કહ્યું. એક અટવીના મધ્ય ભાગમાં વૃક્ષોની ગીચ ઝાડી હતી. તે ઝાડીમાં હથિયાર સહિત એક ભિલ્લ ફરતો હતો. દૂરથી આવતો એક હાથી તેના દેખવામાં આવ્યો. ભિલ્લ હાથીને દેખી તરત પાછો ફર્યો અને એક વિષમ ઢોળાવવાળા પ્રદેશ પર ચડી ગયો. ઊંચો ભૂમિ ઉપર ઊભા રહી એક તીક્ષ્ણ બાણ હાથીના ઉપર છોડ્યું. આ બાણ હાથીના મર્મસ્થાનમાં લાગવાથી એક જ પ્રહારે તે હાથી તૂટેલા ગિરિના શિખરની માફક જમીન પર તૂટી પડ્યો. હજી પણ તે હાથી જીવતો છે એમ ધારી તેનાં દાંત અને મોતી લેવાની ઇચ્છાથી, ધનુષ્ય નીચું મૂકી હાથમાં પરશુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લઈ હાથીને કાપવા લાગ્યો. તે સ્થળે એક સર્પનું દર હતું. હાથીના પડવાથી સર્પ થોડો દબાયો હતો. તેને સખત પીડા થયેલી ન હોવાથી તે હજી જીવતો હતો. ક્રોધ અને પીડાથી ચોડાયેલા સર્પે, તે ભિલ્લને એવા જોસથી ડંખ માર્યો કે તેના ઝેરની પ્રબળ અસરથી ભિલ્લ ત્યાં જ મરણ પામ્યો અને સર્પ પણ થોડીવારે મરણને શરણ થયો.

એ અવસરે એક શિયાળ ત્યાં થઈને જતો હતો. માંસરસની લોલુપતાથી તે ખુશી થતો થતો ત્યાં આવ્યો. તે જીવતો છે કે મરી ગયો છે તેનો નિશ્ચય કરવા માટે બે ત્રણ વાર નજીક આવી પાછો ફર્યો. છેવટે તે ત્રણે મરી ગયેલ છે તેનો તેણે નિર્ણય કર્યો. પણ લોભની ગતિ વિચિત્ર છે તેથી તે ચિંતવવા લાગ્યો કે—આ મનુષ્ય અને હાથી મારા જીવિત પર્યંત પહોંચે તેટલો ખોરાક મારા માટે છે. તે તો મારે જ ખાવનો છે ને? આ ધનુષ્ય ઉપર બાંધેલી ચામડાની દોરી છે તે હમણા ખાઈ લઉં ઇત્યાદિ વિચાર કરી ધનુષ્યની કોટી ઉપર બાંધેલી ચામડાની દોરી તે ખાવા લાગ્યો. તે દોરી તૂટતાં જ ધનુષ્ય ઉપર ચડાવેલી જીવા [દોરી] એકદમ તૂટી, અને તેથી ધનુષ્યનો ભાગ તાળુપ્રદેશમાં એવા જોરથી વાગ્યો કે તે શિયાળ તત્કાળ ત્યાં જ મરણ પામ્યો.

હા! હા! અજ્ઞાનથી અંધ થયેલા અને આર્ત્ત, રૌદ્ર ધ્યાનને પરાધીન થયેલા જીવો કાંઈ જુદું જ ચિંતવે છે અને વિધિનું વિલસિત [પૂર્વજન્મકર્મ] કાંઈ જુદું જ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अन्नं गयस्स हियए अन्नं वाहस्य संधियसरस्स ।
अन्नं कुल्हय हियए अन्नं हियए कयंतस्स ॥ १ ॥

હાથીના હૃદયમાં કાંઈ જુદા જ વિચાર હતા. બાણ સાંધવાવાળા વ્યાધ [ભિલ્લ] ના મનોરથો જુદા જ હતા. શિયાળના હૃદયમાં તેથી જુદું જ હતું. ત્યારે કૃતાંતના હૃદયમાં તેથી પણ જુદું જ હતું અર્થાત્ કૃતાંતે તેનાથી જુદું જ કર્યું.

હે રાજન્ ! તે નિર્બુદ્ધિ લુબ્ધ જંબુકે થોડા ખોરાકને માટે–ઘણા લાંબા વખત ચાલે તેટલા ખોરાકનો ત્યાગ કર્યો તો ઉભયથી ભ્રષ્ટ થઈ મરણ પામ્યો. તેવી જ રીતે આ અતિમૂર્ખ જીવ, અલ્પ વિષયસુખની ઇચ્છા કરતા પરલોક સંબંધી મહાન્ સુખ આ શિયાળની માફક હારી જાય છે.

વળી હે મહારાજ ! આપે કહ્યું કે પરલોકનું સુખ અદૃષ્ટ છે. કોણે દીઠું છે ? વિગેરે ! તે સંબંધમાં આપ શ્રવણ કરશો. તે આપણે જોયેલું છે. આપને યાદ હશે કે કુમાર અવસ્થામાં આપણે આકાશમાર્ગે, નંદનવન નામના દેવ ઉદ્યાનમાં રમવા માટે ગયા હતા ત્યાં એક મહર્દ્ધિક દેવ આપણા દેખવામાં આવ્યો હતો. તેને દેખી મરણના ભયથી આપણે પાછા હઠ્યા હતા તેટલામાં તે દેવ સૌમ્ય આકૃતિ ધારણ કરી આપણી પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યો. મહાબળ ! હું તારો શતબળ નામનો પિતામહ (પિતાનો પિતા) છું. ઉત્તમ ચારિત્ર પાળીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun-Gun Aaradhak Trust

લાંતક નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છું. પુત્ર! તું પણ સંયમનિયમમાં ઉજમાળ થજે, અમૃતતુલ્ય જિનવચનોથી તારા આત્માને ભાવિત કરજે. શ્રદ્ધાળુ હૃદયના, પ્રમાદવિનાના અને સંયમ માર્ગમાં ઉદ્યમ કરનારા આ પદને પામી શકે છે. પ્રયત્નથી તું પણ આ પદ પામી શકીશ" આ પ્રમાણે કહીને તમાલદલની માફક શ્યામલ આકાશતળને પ્રદ્યોતિત કરતો તે દેવ ત્યાંથી આકાશમાર્ગે ચાલ્યો ગયો.

મહારાજ! આ વાત તમે દીઠી છે, સાંભળી છે અને અનુભવી છે. તે વાત જો તમને યાદ હોય તો પરલોક છે, તેની શ્રદ્ધા તમે શા માટે નથી કરતા?

રાજાએ કહ્યું : ભદ્ર સ્વયંબુદ્ધ! તે વાત મને યાદ આવે છે. પરલોક છે. હમણાં તે વાતનું દૃઢ શ્રદ્ધાન કરું છું, તેમાં મને બિલકુલ શંકા નથી.

રાજાના આ શબ્દોથી તે પરોપકારી સ્વામીભક્ત પ્રધાનને ઘણો આનંદ થયો. તે અવસરનો જાણુ હોવાથી અવસર આવ્યો જાણી તેણે ફરી રાજાને કહ્યું—રાજન્! વંશપરંપરાથી સાંભળેલું અને ધર્માધર્મના ફળને પ્રગટ કરનારું, તમારા પૂર્વજોનું વિવેકવાળું કર્ત્તવ્ય હું આપને સંભળાવું છું. આમાંથી આપને જાણવાનું કે શીખવાનું ઘણું મળી આવશે.

આ જ નગરમાં રાજ્ય કરનારા તમારા પૂર્વજોમાં પૂર્વે કુરુચંદ્ર નામનો રાજા થયો હતો. તેને કુરૂમતિ નામની રાણી હતી. માતા, પિતાનો પૂર્ણ ભક્ત હરિશ્ચંદ્ર નામનો તેમને એક પુત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો. રાજા તર્કવાદના શાસ્ત્રમાં પ્રવીણ હતો.

નાસ્તિકવાદ

તે લોકોને કહેતો હતો કે, "જીવ નથી, પુન્ય નથી, પાપ નથી અને પરલોક પણ નથી. ખરવિષાણ (ગધેડાના શીંગડાં)ની માફક, જીવ આદિ પ્રત્યક્ષ દેખાતાં નથી. જે આ જગતમાં પ્રત્યક્ષગોચર થઈ શકે છે તે ચાર ભૂત જ છે અને તે ઇંદ્રિયોથી ગ્રાહ્ય થઈ શકે છે. ચેતના એ જીવનો ધર્મ નથી. તે તો પૃથ્વી, પાણી, વાયુ અને આકાશ આ ચાર ભૂતોનો ધર્મ છે. મદ્યના અંગોથી (જુદી જુદી વસ્તુ એકત્ર કરવાથી) જેમ મદિરાની શક્તિ પ્રગટ થાય છે તેમ આ ભૂતોના સમુદાયથી ચેતનાશક્તિ પ્રગટ થાય છે, માટે પ્રત્યક્ષ ગોચર ન હોવાથી જીવ, પુન્ય-પાપાદિ છે જ નહિ. પ્રત્યક્ષનો વિષય ન હોવાથી તે જીવાદિ અનુમાનથી પણ સાધ્ય કરી શકાય નહિ કેમકે કોઈપણવાર વસ્તુ પ્રત્યક્ષ દેખાયેલી હોય તો તે વસ્તુના સંબંધમાં અનુમાન થઈ શકે. તેમજ સુકૃતનું ફળ દેવલોક અને પાપના ફળરૂપ નરકગતિ પણ નથી. વળી જીવનો જ અભાવ હોવાથી કર્તાપણું અને ભોક્તાપણું પણ ન જ સંભવે.

॥ ૪૩૮ ॥

ઇંદ્રિયોના સમુદાય તે જીવ યા જીવવું અને તે ભૂતોનું વીખરાઈ જવું તે મરણ. જીવિત મરણની કલ્પનાઓ મૂઢ માણસોની કરેલી છે. એક તલતલ જેટલું શરીરને છેદવા છતાં પણ જીવ દેખાતો નથી, શરીરનો જ છેદ થાય છે, માટે હિંસ્ય હિંસક (હિંસા કરવા લાયક અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિંસા કરનાર) કોઈ ન હોવાથી હિંસા પણ છે જ નહિ. લોકોને ઠગવા માટે મૂઢ પુરુષોએ નાના પ્રકારની ક્રિયાઓની કલ્પનાઓ કરી છે. જો જીવ વિદ્યમાન હોય તો આ સર્વ કલ્પનાઓ સંભવી શકે પણ જીવ જ નથી તો પછી આ સર્વ કલ્પના ગામ વિના સીમની કલ્પના કરવાની માફક હાંસીને પાત્ર છે.

તપશ્ચર્યા કરવી તે શરીરને શોસાવવાનું છે અને સંયમ કરવો તે ભોગથી વંચાવાનું છે. સર્વક્રિયાઓ નિરર્થક છે. માટે હે બુદ્ધિમાન લોકો ! વિષયાદિનો ત્યાગ કરવો અને વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવી તે એક જાતનો કદાગ્રહ છે. સારૂં સારૂં ખાઓ, ઇષ્ટપાન કરો અને સ્વેચ્છાએ આચરણ કરો. જળબિંદુની માફક ચંચળ સંસારમાં ભક્ષ્યા-ભક્ષ્યના વિવેકની કાંઈ જરૂર નથી.

આ પ્રમાણે લોકોને કહી પોતે પોતાને તેમજ લોકોને સાવદ્ય સપાપ કાર્યમાં પ્રેરણા કરતો કુરુચંદ્ર રાજા રાજ્યનું પાલન કરતો હતો. અનેક જીવનાં વધ કરવામાં પ્રવૃત્તિ કરતાં તે નિર્દય રાજાએ ભારે કરો નાંખી રાંક પ્રજાને ઘણી રિબાવી. ઉગ્ર પુન્ય પાપનાં ફળ તત્કાળ મળે છે. આ ન્યાયથી તેની છેવટની સ્થિતિમાં તેને મહાન અસાતાનો ઉદય થયો. પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રતિકૂળ થયા શ્રુતિને મધુરતા આપનાર ગીતો ખર અને ઊંટના શબ્દ સરખાં વિરસ સંભળાવા લાગ્યાં. સુંદર રૂપ વિકરાળ અને બીભત્સ દેખાવા લાગ્યા. કર્પૂર, અગુરુ આદિ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સુગંધી પદાર્થો અત્યંત પુતિગંધ જેવાં લાગતા. સ્વાદિષ્ટ ચોજ્ય લાંબડાથી પણ અધિક કટુક અનુભવાતી. પટકૂલ હંસતુલી. પ્રમુખ કોમળ સ્પર્શો કાંટાની સેજ સમાન તેને લાગતા. ગોશીર્ષ-ચંદનનો રસ અગ્નિના કણીયાની માફક તે વેદતો હતો. ટૂંકામાં કહીએ તો આવી રીતે પ્રતિકૂળ ઇન્દ્રિયવિષયોને અનુભવતો રાત્રિ દિવસ પાડાની માફક આરડતાં તે દિવસો પસાર કરવા લાગ્યો. તે ઊછળી ઊછળીને વેદનાની અધિકતાથી પૃથ્વી પર પડતો. પોતાને હાથે મસ્તક કૂટતો તથા પાસે બેસવાવાળા મનુષ્યોને પણ ભય કરુણા ઉત્પન્ન કરાવતો હતો.

તેનાં આવા દુઃખમય જીવનથી લજ્જા પામી, કુરુમતિ દેવી અને હરિશ્ચંદ્રકુમાર તેને ગુપ્ત સ્થળે રાખી તેની પ્રતિચર્યા કરતા હતા. મહાન્ દુઃખથી પરાભવ પામેલો કુરુચંદ્ર રાજા આ જિંદગીમાં જ નરક સરખાં દુઃખનો અનુભવ કરી મરણ પામ્યો. હરિશ્ચંદ્ર કુમારે તેનાં ઉત્તરકાર્ય કર્યાં. પિતાની આવી ભયંકર અને વલવલતી સ્થિતિ દેખી કુમાર ઘણો ઉદાસીન થયો. લોકોના વિશેષ આગ્રહથી જ તે રાજ્યાસન પર બેઠો. પિતાનું મરણ સાંભળતાં તે વિચાર કરવા લાગ્યો કે, અરેખર પુન્યપાપના ફળો છે જ. આ પ્રત્યય મેં પ્રત્યક્ષ દીઠો છે. હું બિલકુલ પાપ નહિ કરું. તે દિવસથી તે રાજા આખા ગંધારદેશનું રાજ્ય ન્યાયપૂર્વક પાલન કરવા લાગ્યો. અન્યાય ભરેલા કરો પ્રજા ઉપરથી કાઢી નાંખ્યા અને જેમ બને તેમ પ્રજાને સુખી કરવા લાગ્યો.

॥ ૪૪૦ ॥

હરિશ્ચંદ્ર રાજાએ, ધર્મશ્રદ્ધાળુ બાળમિત્ર સુબુદ્ધિ નામના ક્ષત્રિય પુત્રને બોલાવીને કહ્યું–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિત્ર! આજથી હું તને એક જ કામ ઉપર ખબર રાખવાની તારી નિમણુંક કરૂં છું. અને તે એ જ છે કે કોઈ પણ ઠેકાણે કાંઈ પણ ધર્મ સંબંધી વાત તારા સાંભળવામાં આવે અથવા કોઈ ધર્મકથન કરનાર તારા દેખવામાં આવે તો તે વાત તરત આવીને મને નિવેદિત કરવી.

પાપનાં પ્રત્યક્ષ ફળ દેખનાર હરિશ્ચંદ્ર રાજા જાગૃતિમાં આવ્યો. તેનું વલણ ધર્મને રસ્તે જ દોરાયેલું હતું. તે પોતાનું જીવન ધર્મમય કરવાને ઇચ્છતો હતો. તેને માટે તે કામ ઉપર અર્થાત્ ધર્મમાં જાગૃતિ આણવા માટે પોતાના મિત્રને તેણે રોકયો હતો. આત્મ ઉન્નતિની ઇચ્છા રાખનારા વ્યવસાયી–યા–પ્રમાદી મનુષ્યોએ આ પ્રમાણે કરવું તે સર્વ પ્રકારે યોગ્ય છે.

સુબુદ્ધિએ રાજાનું કહેવું વિનયપૂર્વક અંગીકાર કર્યું. તે દિવસથી ધર્મ સંબંધી કાંઈપણ વાત સાંભળતો કે તરત જ રાજાને કહી આપતો. એટલું જ નહિ પણ તેવા શુદ્ધ ધર્મોપદેશક મહાત્માઓની તપાસમાં પણ તે ફરતો હતો. સુબુદ્ધિનાં વચનો, પરમશ્રદ્ધાળુ થઈને રાજા સદ્દહતો હતો.

એક દિવસ શહેરની બહાર દેવોએ કરેલો પ્રકાશ અને મહિમા દેખી રાજાએ પૂછ્યું. મિત્ર! આ પ્રકાશ અને મહોચ્છવ શા માટે કરાય છે?

સુબુદ્ધિએ તપાસ કરી કહ્યું. શહેરની બહાર એક મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે દેવો તેમનો મહિમા–મહોચ્છવ કરે છે. તે સાંભળી રાજાનું મન હર્ષથી પ્રફુલ્લિત થયું. મિત્રને સાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Aradhak Trust

લઈ રાજા કેવળી ભગવંતને વંદન કરવા માટે ગયો. ભક્તિથી નમસ્કાર કરી. રાજા ગુરુ સન્મુખ ધર્મશ્રવણ નિમિત્તે બેઠો. યોગ્ય જીવ જાણી જ્ઞાનીએ ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો.

હે ભવ્ય જીવો! આ આત્મા યા જીવ અનાદિ અનંત છે. અનાદિ કાળથી કર્મ સંયુત છે. વિવિધ પ્રકારના દુઃખદવથી સંતપ્ત થઈ, ચાર ગતિરૂપ ભવમાં પરિભ્રમણ કરે છે. તે પરિભ્રમણની શાંતિ માટે જ્ઞાનાદિ સામગ્રી મેળવી, સમ્યક્ પ્રકારે જ્ઞાન, શ્રદ્ધાન, અને આચરણ કરતાં કર્મનો સર્વથા ક્ષય કરી શકે છે. અને તેથી અક્ષય, શાશ્વત સુખવાળું મોક્ષ મેળવી શકે છે વિગેરે, ધર્મદેશના સાંભળી તત્ત્વજ્ઞાનના પરમાર્થને જાણી, શ્રદ્ધા, સંવેગમાં તત્પર થયેલા રાજાએ ગુરુશ્રીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી.

ગુરુરાજ? દેવોનાં પ્રત્યક્ષ દર્શનથી અને આપની અમોઘ દેશનાથી મને ચોકકસ નિર્ણય થાય છે કે પરલોક છે તો મારા પિતા નાસ્તિકવાદનો સ્વીકાર કરનાર મરીને કયાં ઉત્પન્ન થયા, તે આપ કૃપા કરીને મને જણાવશો કેમકે તેની પરલોકમાં હયાતિ તે જ નાસ્તિકવાદનો નાશ કરનારી છે.

ગુરુશ્રીએ કહ્યું: તમારા પિતા છેવટનીસ્થિતિમાં આક્રંદ કરતો કૃષ્ણલેશ્યામાં–રૌદ્ર-પરિણામે મરણ પામી સાતમી નરકમાં ઉત્પન્ન થયો છે.

આસ્તિક વાદ

હે રાજન્! તેની માન્યતા એ હતી કે જીવ નથી, પુન્ય નથી, પાપ નથી, પરલોક નથી

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરે ભૂલભરેલી હતી. જીવ અવશ્ય છે જ. જેમ શેષ પદાર્થ પોતપોતાના સ્વરૂપે રહેલા છે તેમ જીવ, જીવના સ્વરૂપે રહેલો છે. તે ચેતના લક્ષણવાન્ જીવ, અરૂપી હોવાથી જ્ઞાનદૃષ્ટિવાળાને પ્રત્યક્ષ છે. જ્ઞાનદૃષ્ટિ સિવાયના જીવો, જ્ઞાન, દર્શનાદિ ગુણોથી તે અમૂર્ત્ત જીવને, જાણી શકે છે. ભાવ પ્રત્યય અને અનુમાનથી, છદ્મસ્થ જીવો તે જીવને જાણવાને સમર્થ થાય છે. જેમકે, હું છું, હું સુખી છું, હું દુઃખી છું, આ અહં પ્રત્યય હું એવી પ્રતીતિ દરેક આત્માને જીવના અસ્તિત્વ સંબંધમાં સ્વાનુભવ સિદ્ધ છે.

મેં સાંભળ્યું. મેં દેખ્યું. મેં સૂઘ્યું. મેં ખાધું. મેં સ્પર્શ્યું, મેં સંભાર્યું. ઇત્યાદિ ભાવ પ્રત્યયો–પ્રતીતિઓ જેને થાય તે પોતે જ જીવ છે.

શ્રવણ (કાન) આદિ ઇંદ્રિયો કાંઈ જાણકાર નથી કે તે જાણી શકે? જીવના જવા પછી પણ તે ઇંદ્રિયો બની રહે છે, છતાં તે અવસરે તેવો અહં પ્રત્યય–હું છું વિગેરે કાંઈ પણ થતો નથી અથવા શરીરમાં જીવ વિદ્યમાન્ હોય ત્યારે પણ જીવની ઉપયોગ વિનાની સ્થિતિમાં ઇંદ્રિયો વિદ્યમાન છે છતાં, તેઓ કાંઈ સાંભળી કે દેખીને અહં પ્રત્યય કરી શકતી નથી. આથી ચોક્કસ નિર્ણય થાય છે કે, સાંભળવાનું કે દેખાવા વિગેરેનું જ્ઞાન જેને થાય છે તે જ્ઞાતા—જીવ આ ઇંદ્રિયો કરતાં કોઈ જુદો જ છે.

વળી ચૈતન્ય ભૂતોનો ધર્મ નથી પણ જીવનો ધર્મ છે. કેમકે ભૂતો અવેદક છે. જ્ઞાનશક્તિ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ધરાવનાર નથી. અર્થાત્ જડ છે, જેના એક અંશમાં વેદક (જ્ઞાયક) સ્વભાવ નથી તેના સમુદાયમાંથી પણ તે સ્વભાવ કયાંથી પ્રગટ થશે ? જેમ તલના દાણામાં તેલનો અંશ છે તો તલનો સમુદાય એકઠો કરતાં તેમાંથી તેલ બહાર આવે છે–(કઢાય છે) પણ રેતીના કણિયામાં તેમનો અંશ નથી તો લાખો રેતીના કણ એકઠા કરતાં પણ તેમાંથી એક પણ તેલનું બિંદુ નહિ જ નીકળે. તેમ ભૂતના અંશોમાં (પૃથ્વી, પાણી, વાયુ, આકાશમાં) જ્ઞાન શક્તિ નથી તો તેના સમુદાયમાંથી તે શક્તિ કેવી રીતે પેદા થશે ? મદિરાના એક એક અંગમાં તેવી થોડી માદક શક્તિ રહેલી છે તો તે અંગો વિશેષ એકઠાં થતાં તેમાંથી વિશેષ માદકરૂપે શક્તિ બહાર આવે છે તેમ ભૂતોમાં તેવી જ્ઞાતૃત્વશક્તિ નથી માટે તે સમુદાય એકઠો મળતાં પણ તેમાંથી જીવરૂપે તે શક્તિ બહાર આવતી નથી. આથી કહેવાનો આશય એવો છે કે આત્મા, ભૂતોથી વ્યતિરિક્ત સ્વતંત્રપણે જુદો છે પણ તે ભૂતોનો ધર્મ નથી.

આ પ્રમાણે આ દેહમાં જીવ અનુભવસિદ્ધ જણાય છે. તેમજ બીજાના દેહમાં અનુમાનથી જાણી શકાય છે કેમકે સુખ, દુઃખ, જ્ઞાનાદિ સર્વમાં સાધારણ છે. અર્થાત્ સુખ, દુઃખ જ્ઞાન આ સર્વને એક સરખું થઈ શકે છે. એટલે દેહમાં ચૈતન્ય હોય ત્યાં સુધી સર્વે સુખ, દુઃખનો અનુભવ કરી શકે છે.

વળી દુનિયાના જીવોનું વિચિત્રપણું જેમકે, કેટલાક સુખી; દુઃખી, કુલીન, રાજા, શ્રેષ્ઠી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાર્થવાહ, સેનાપતિ, ઐશ્વર્યવાન્, વિનીત, રૂપવાન, સુભગ, ધીર, સુસ્વર, વિચક્ષણ વિગેરે જણાય છે. ત્યારે કેટલાએક તેનાથી વિપરીત દુઃખથી સંતપ્ત થયેલા જીવો દેખાય છે. જેમકે, કાણા, આંધળા, બ્હેરા, મૂંગા, પાંગળા, કુરૂપા, દાસ, પ્રેષ્ય, દ્રમક, દરિદ્ર, દુર્ભગ, ખળ, નીચ, મૂર્ખ, ક્રૂર, કુષ્ઠી અને વિરહાદિ દુઃખથી વિધુરિત વિગેરે. આવા સુખ, દુઃખમય તારતમ્ય યોગના ભેદથી અનંત ભેદમય જીવોનું વિચિત્રપણું નિર્નિમિત્ત (નિમિત્ત વિનાનું) કોઈ પણ વખત ન જ હોઈ શકે.

અંકુરાનો ઉદ્‌ગમ–ઉત્પત્તિ પાણી, પૃથ્વી વિગેરે કારણો સિવાય સંભવતો નથી તેમ કારણ સિવાય કોઈ પણ વખત કાર્યની નિષ્પત્તિ હોય જ નહિ. તે કારણ આ જ ભવ સંબંધી હોય તેવો કાંઈ નિયમ નથી, વૃક્ષના મૂળમાં પાણી સીંચતાં–તેના કાર્યરૂપ પત્ર અને ફળો વૃક્ષના અગ્રભાગ ઉપર જણાય છે. તેવી જ રીતે પરલોકમાં કરાયેલું કર્મ આ જન્મમાં પણ ફળ આપે છે.

પહેલું કારણ અને પછી કાર્ય. કારણ પછી કાર્ય બનતાં થોડું ઘણું પણ વચમાં અંતર હોવું જોઈએ. આ ન્યાયથી ગર્ભાવાસમાં આવવારૂપ કાર્યનું કોઈપણ કારણ હોવું જોઈએ. અને તે કારણ ગર્ભાવાસમાં આવ્યા પહેલાના વખતમાં બનેલું હોવું જોઈએ. આ રીતે અન્ય જન્મ–પુનર્જન્મ હોવાનો નિર્ણય થાય છે.

જે નિમિત્તને પામી આ જીવે પૂર્વજન્મમાં સુકૃત કે દુષ્કૃત કર્યું છે તે જીવનું જ કરેલું

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, કેમકે કર્તાના અભાવે કર્મ બની શકે જ નહિ. આ હેતુથી કર્ત્તા તરીકે જીવ જ સિદ્ધ થાય છે.

જીવોને દયાથી પુન્ય થાય છે અને જીવોનો ઘાત કરવાથી પાપ થાય છે. કેમકે જેવું વાવ્યું હોય તેવું જ લણાય છે; માટે જીવ છે, પુન્ય છે, પાપ છે અને પરલોક પણ છે, તે સર્વ હોવાથી તપ, સંયમાદિ ક્રિયાઓ નિરર્થક નથી. અશેષ કર્મ ક્ષયરૂપ મોક્ષ પણ છે અને તે મોક્ષ વિશિષ્ટ તપ, સંયમથી સાધ્ય થઈ શકે છે.

રાજા હરિશ્ચંદ્ર ! જીવ અપૌદ્ગલિક છે. કર્મો સર્વે પુદ્ગલરૂપ છે. જીવ અને કર્મ, દૂધ અને પાણીની માફક એકમેક થઈ રહ્યા છે. શરીરમાં રહેલો જીવ શરીર પ્રમાણ છે.બલિ કાગતિએ અન્ય જન્મમાં જતો જીવ લોકને અસંખ્યાતમે ભાગે ગણાય છે. શરીરને ત્યાગ કરી સિદ્ધમાં ગયેલા જીવો છેલ્લા ભવના શરીરના ત્રીજા ભાગની આત્મપ્રદેશની અવગાહનાવાળા હોય છે તે લોકના અગ્રભાગે રહે છે. તેઓને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય આ અનંત ચતુષ્ક હોય છે. આ અશરીરી સિદ્ધ જીવોને કોઈ પણ પ્રકારની ક્રિયા નથી. તેઓ શાશ્વતભાવ આત્માનંદમય ત્યાં રહે છે.

સંસારી જીવો, કષાય, યોગાદિ નિમિત્તે સુખ, દુઃખ ઉત્પન્ન કરે છે. જેમ કુંભાર માટી, દંડ, ચક્ર, ચિવર આદિ સામગ્રીથી ઘટરૂપ કાર્ય બનાવે છે, તેમ સંસારી જીવોને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગાદિ નિમિત્તો કાયમ હોવાથી સુખ, દુઃખરૂપ કાર્યો ઉત્પન્ન કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંસારી જીવો તે કર્મનો અનુભવ કરે છે કરેલ કર્મનો ભોગવ્યા સિવાય નાશ નથી. નહિ કરેલ કર્મનો ઉપભોગ કરવો પડતો નથી. જો કરવો પડતો હોય તો પછી મોક્ષના જીવોને પણ સુખ, દુઃખ વેદવાં જ પડે અને જો તેમ થતું હોય તો અનવસ્થાદોષ આવે અર્થાત ધર્માધર્મ–વ્યવસ્થા વિસંસ્થૂલ થઈ પડે. પણ તેમ નથી. કરેલ કર્મ જ ભોગવવાં પડે છે.

દુનિયાના સર્વ પદાર્થો નિત્યાનિત્યરૂપ છે અને તેમ કહેવામાં અપેક્ષા રાખવામાં આવી છે. દરેક પદાર્થમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ આ ત્રિપુટી (ત્રણ ભાગ) લાગુ પડે છે. તે આ પ્રમાણે છે—

એક સોનાનું કુંડલ હતું તેને ભાંગી નાંખી તેનો મુગટ બનાવ્યો. પૂર્વે કહેલી અપેક્ષા અહીં પ્રગટ સમજાશે. આ ઠેકાણે કુંડળનો નાશ થયો, મુગટની ઉત્પત્તિ થઈ–આ બન્ને સ્થળે સોનું દ્રવ્ય કાયમ રહ્યું. આ જ પ્રમાણે દરેક પદાર્થમાં આ ઉત્પત્તિ સ્થિતિ અને વ્યયની અપેક્ષાએ સમજી લેવી.

જીવદ્રવ્ય માટે ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય (નાશ)ની સમજણ આ પ્રમાણે છે. પૂર્વ–જન્મના મનુષ્યાદિ પર્યાયનો નાશ. આ ભવના પર્યાયની ઉત્પત્તિ અને જીવદ્રવ્યની બન્ને સ્થળે કાયમ સ્થિતિ–હયાતી રહેવી, આ પ્રમાણે સર્વ દ્રવ્યોમાં નિત્યાનિત્યની અપેક્ષા સમજવા યોગ્ય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક વસ્તુ, દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. (કાયમ છે). પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. દ્રવ્યમાંથી પર્યાયોનો આવિર્ભાવ તિરોભાવ થયા કરે છે. આ અપેક્ષાએ દરેક પદાર્થોમાં નિત્યા-નિત્યપણું રહેલું છે. જીવોમાં મોટા-નાનાપણું કાંઈ નથી, સર્વ સરખા છે. મોટા શરીરવાળા યા નાના શરીરવાળા જીવોના આત્મપ્રદેશ એક સરખા (અસંખ્યાતા) છે. તેમાં સંકોચવિકોચ ધર્મ રહેલો હોવાથી દીવાની પ્રભાની માફક સ્થાન યા ભાજનના પ્રમાણમાં પ્રકાશ (વેદન) કરે છે. જેમ એક દીવો ઘરમાં ખુલ્લો મૂકયો હોય તો ઘરના પ્રમાણ જેટલા વિસ્તારમાં પ્રકાશ આપશે. તે જ દીપક ઉપર એક ભાજન ઢાંકવામાં આવે તો તે વિસ્તારવાળો પ્રકાશ એક નાના ભાજનમાં પણ ગોઠવાઈને રહે છે. તેમજ હાથી જેવું મોટું શરીર પામતાં આત્મપ્રદેશો તે શરીરના સર્વ ભાગમાં પ્રસરી રહે છે. અને તે જ જીવને કુંથુવા જેવડું નાનું શરીર મળે છે તો તેટલા શરીરમાં પણ સમાવેશ કરીને રહે છે. દૃષ્ટાંત એકદેશી હોય છે તેથી દૃષ્ટાંતના દરેક ધર્મો દાર્ષ્ટાંતિકને લાગુ પાડવાનો પ્રયાસ ન કરવો.

અશરીરી સિદ્ધના જીવો કરતાં શરીરવાળા સંસારી જીવો અનંતગુણા છે. સ્વ—પરપર્યાયની અપેક્ષાએ દરેક પદાર્થો અનંત ધર્મવાળા છે. પ્રમાદવડે કે કષાયિત પરિણામે પાંચ ઇંદ્રિયો, શક્તિ અને આયુષ્યાદિ પ્રાણનો નાશ કરવો કે વર્તમાન શરીરથી જીવને જુદો કરવો તેનું નામ હિંસા છે. અને તે જીવનું મરણ કહેવાય છે. આ પ્રમાણે સંક્ષેપમાં જીવનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે રાજન્ ! આ પ્રમાણે વિચાર કરતાં નાસ્તિકવાદ સર્વથા અયોગ્ય અને અહિતકારી છે. તેનો ત્યાગ કરી વિવેકપૂર્વક સત્ક્રિયામાં આદર કરવો એ નિરંતરને માટે સુખનો માર્ગ છે.

કેવળી ભગવાનના મુખથી પોતાના પિતાનું દારુણ દુર્ગતિમાં જવાપણું સાંભળી, તેમજ નાસ્તિકવાદનાં કડવા ફલ જાણી હરિચંદ્ર રાજા સંસારમાંથી વિરક્ત થયો. ગુરુને નમસ્કાર કરી પોતાને મંદિરે આવી પુત્રને રાજ્યાભિષેક કર્યો. સુબુદ્ધિને કહ્યું—હું હમણાં ગુરુમહારાજ પાસે ચારિત્ર ગ્રહણ કરીશ. તમે મારા પુત્રને મારી માફક ધર્મોપદેશ આપજો.

સુબુદ્ધિએ કહ્યું : મહારાજ ! હું આપની સાથે જ ચારિત્ર લઈશ. ધર્મ સાંભળ્યાનું ફળ વિરતિ જ છે. મારામાં કેવળ "પરોપદેશે પાંડિત્ય" નથી. આપના કુમારને મારો પુત્ર ધર્મોપદેશ આપી જાગૃત રાખશે. રાજાએ તે વાત માન્ય રાખી, રાજા અને પ્રધાને બળતા ગૃહની માફક રાજ્યવાસનો ત્યાગ કરી, વૈરાગ્યથી ચારિત્ર લીધું.

ગુરુરાજની સેવામાં તત્પર રહી, ચિરકાલ સંયમ સામ્રાજ્ય પાલન કરતાં અષ્ટકર્મનો ક્ષય કરી બન્ને મહાત્માઓ નિર્વાણપદ પામ્યા.

મહારાજા મહાબળ ! આ રાજા પછી તમારા વંશમાં પ્રચંડ પરાક્રમી દંડ રાજા થયો. તેને સૂર્યની માફક પ્રતાપી મણિમાલી પુત્ર થયો. આ દંડ રાજા પુત્ર, સ્ત્રી, ધનાદિકમાં ઘણી મૂર્ચ્છા રાખતો હતો. ધર્મથી પરાઙ્મુખ રહી તેણે પોતાનું જીવન મમત્વભાવમાં પૂર્ણ કર્યું. મરણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી તે પોતાના શ્રીગૃહમાં [ખજાના ઉપર] અજગરપણે ઉત્પન્ન થયો. તે શ્રીગૃહમાં જે કોઈ પ્રવેશ કરતું તેને તે અજગર મારી નાંખતો હતો. એક દિવસે તે શ્રીગૃહમાં મણિમાલીએ પ્રવેશ કર્યો. અજગરે તેને દીઠો. દેખતાં જ તે અજગર સ્તબ્ધ થઈ ગયો. પૂર્વભવના પુત્રને દેખી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. શાંત દૃષ્ટિ કરી પુત્ર તરફ સ્નેહાળ દૃષ્ટિથી તે અજગર દેખવા લાગ્યો.

અજગરની આવી સ્થિતિ દેખી મણિમાલી વિચારવા લાગ્યો. નિશ્ચે આ અજગર અમારો પૂર્વ જન્મનો કોઈ સ્નેહી મરીને ઉત્પન્ન થયો છે. એ અવસરે કોઈ અતિશય જ્ઞાની મુનિ ત્યાં આવ્યાં. તેમને પૂછી પોતાનો સંશય દૂર કર્યો. અજગર તે જ પોતાના પિતા છે. એમ જાણી પિતૃવત્સલતાથી ગુરુશ્રીના કહેવા મુજબ તેને ધર્મ સંભળાવ્યો. તે અજગર અણસણ વિધિએ મરણ પામી સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થયો. તે દેવે સ્વર્ગમાંથી અહીં આવી માણિમાલીને એક સુંદર હાર આપ્યો. વંશપરંપરાથી ચાલતો આવેલો તે હાર આપના કંઠસ્થળમાં રહી દિશાઓને પ્રકાશિત કરી રહ્યો છે, તે જ છે.

હરિશ્ચંદ્રના વંશમાં અનેક રાજાઓ થઈ ગયાં છે. તેના વંશમાં અત્યારે આપ વિદ્યમાન રાજા છો. ધર્મોપદેશક સુબુદ્ધિમંત્રીના વંશપરંપરામાં હું [સ્વયંબુદ્ધ] ઉત્પન્ન થયો છું આટલા કાળપર્યંત અનવચ્છિન્ન વંશપરંપરાએ ધર્મોપદેશકનો વ્યાપાર અમારો અને ધર્મશ્રવણ કરવાનો વ્યાપાર આપનો ચાલ્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજન્! આજે વગર પ્રસ્તાવે ધર્મોપદેશ સંબંધી જાગૃતિ કરવાનું જે મેં એકદમ સાહસ કર્યું છે તેમાં વિલંબ ન કરી શકાય તેવું પ્રબળ કારણ છે. તે કારણ આપ સાવધાન થઈને સાંભળજો.

મહારાજ! આજે હું આકાશમાર્ગે નંદનવનમાં ગયો હતો. એક સુંદર વૃક્ષ નીચે બેઠેલા બે ચારણશ્રમણ મુનિઓ ત્યાં મારા દેખવામાં આવ્યા. તેમનાં નામો આદિત્યયશા અને અમિત-તેજ હતા. સાક્ષાત્ મૂર્તિમાન ધર્મ જ હોય નહિ તેમ અતિશાયિક જ્ઞાનસંપન્ન તેઓ હતા. ભક્તિભાવથી વંદન કરી મેં તેઓશ્રીને પ્રશ્ન કર્યો કે, ભગવન્! મહાબળ રાજાનું આયુષ્ય કેટલું બાકી છે? તેઓએ ઉપયોગ મૂકી નિર્ણય કરી કહ્યું. ભદ્ર સ્વયંબુદ્ધ! તારા રાજાનું આયુષ્ય એક મહિનાનું બાકી રહ્યું છે: આ સાંભળતાં જ ત્યાં ન રોકાતાં સંભ્રાંત થઈ હું તરત જ આપની પાસે આવ્યો છું. હકીકત આ પ્રમાણે છે. તો હે રાજા! જેમ બને તેમ પારલૌકિક હિત જલ્દી કરી લ્યો. "એક મહિનાનું આયુષ્ય બાકી છે." આ શબ્દો સ્વયંબુદ્ધના મુખથી સાંભળતાં જ રાજા શૂન્ય થઈ ગયો. તેના મુખની લાવણ્યતા ઊડી ગઈ, વિષાદથી શરીરની કાંતિ વિચ્છાદિત થઈ ગઈ. તેનાં નેત્રો આંસુથી ભરાઈ આવ્યાં હૃદય શોકાનળથી બળવા લાગ્યું. પાણીથી ભરેલા માટીના કાચા ઘડાની માફક તેનું શરીર ગળવા લાગ્યું. મરણભયથી તેનું શરીર કંપવા માંડ્યું, આત્માને તે અધન્ય માનવા લાગ્યો. આવી સ્થિતિમાં રાજા સિંહાસનથી બેઠો થયો અને હાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોડી સ્વયંબુદ્ધના ચરણમાં તેણે પોતાનું શરીર નમાવી દીધું. ગદ્‌ગદ્‌ સ્વરે રાજા બોલવા લાગ્યો.

હા! હા! સ્વયંબુદ્ધ મારું શું થશે? વિષયકષાયાદિ પાપપ્રવૃત્તિમાં મારું બધું આયુષ્ય નિરર્થક ગયું. ચાર પ્રકારનો ધર્મ મેં ન કર્યો. અરિહંતાદિ ચાર શરણાં મેં ન લીધાં અને ચાર ગતિનો અંત મેં ન કર્યો હા! હા! હું મનુષ્યજન્મ હારી ગયો. સ્વયંબુદ્ધ! આટલા થોડા આયુષ્યમાં હવે હું ધર્મ કેવી રીતે કરી શકું? હે પરોપકારી! તું મને રસ્તો બતાવ. આ પાપીનો ઉદ્ધાર થાય તેવો રસ્તો બતાવ.

સ્વયંબુદ્ધે ધીરજ આપતાં કહ્યું, મહારાજ! નિર્ભય થાઓ. ધૈર્ય ધારણ કરો ધન્ય છે આપને કે આ વખતે પણ આપની ધર્મ તરફ આટલી બધી લાગણી છે. ઘણાં ભવના સંચિત કર્મો પણ ચારિત્ર ગ્રહણ કરવાથી થોડા વખતમાં ખપાવી શકાય છે. ઘણા લાંબા વખતથી સંચય કરાએલા લાકડાંઓને શું અગ્નિ થોડા વખતમાં નથી બાળી શકતો? બાળી શકે જ છે. એક દિવસ પણ જો આ જીવ ચારિત્ર ગ્રહણ કરી તેમાં તન્મય થઈ રહે તો મોક્ષ પણ મેળવી શકે છે. કદાચ તેવી તીવ્ર ભાવનાના અભાવે મોક્ષ ન પામી શકે તથાપિ વૈમાનિક દેવ સિવાય અન્ય ગતિનું આયુષ્ય બાંધતો નથી. અરે! એક દિવસ તો દૂર રહો પણ એક મુહૂર્ત જેટલા વખતના ચારિત્રમાં પણ અનેક ભવોનાં પાપો ખપાવી શકાય છે. દ્રવ્યચારિત્ર સિવાય પરિણામની વિશુદ્ધતાથી ભાવ ચારિત્ર પણ પામી શકાય છે. અને અંતર્મુહૂર્તમાં અનેક ભવોનાં કર્મો ખપાવવાં તે ભાવ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચારિત્રથી જ ખપાવાય છે. ભાવચારિત્રનું એટલું બધું બળ છે કે–શ્રેણી આરૂઢ થયેલાની વિશુદ્ધિમાં આ દુનિયાના જીવોનાં કર્મ નાખવામાં આવે તો પણ તે બળીને ભસ્મીભૂત થાય છે. જુઓ કે તેમ બનતું નથી કારણ કે જીવો પોતાનાં કર્મ પોતે જ ભોગવે છે. છતાં આત્મબળની વિશુદ્ધિનું સામર્થ્ય હું આપને કહું છું કે તે હદથી વધારે છે.

ચારિત્ર સિવાય એકલાં જ્ઞાન, દર્શન ક્ષણમાત્રમાં મોક્ષપદ આપતાં નથી. અને ચારિત્ર સહિત જ્ઞાન, દર્શન ક્ષણ માત્રમાં મોક્ષપદ આપે છે. જ્ઞાન, દર્શનની સાથે ચારિત્ર હોય અગર ન પણ હોય, પણ જો ચારિત્ર હોય તો જ્ઞાન, દર્શન અવશ્ય હોય છે.

હે રાજન્! તમે ધન્યભાગ્ય છો કે હજી એક મહિના જેટલું લાંબું આયુષ્ય ધરાવો છો, માટે હવે તો નિર્વિઘ્નપણે જેમ બને તેમ ઝડપથી આત્મસાધનમાં ઉજમાળ થાઓ.

પ્રધાને વિવિધ પ્રકારે હિમ્મત આપવાથી રાજાને સંતોષ થયો. પુત્રને રાજ્યાભિષેક કરી રાજ્ય સ્વાધીન કર્યું. જિનભુવનોમાં અષ્ટાહ્નિક મહોચ્છવ શરૂ કરાવ્યો.

રાજાએ છેવટની સંથારાપ્રવજ્યા અંગીકાર કરી એટલે એક સ્થળે બેસી પાંચ મહાવ્રત અંગીકાર કર્યા, યાવત્ જીવનપર્યંત આહારનો ત્યાગ કર્યો, તે સ્થાનથી અમુક કારણ કે હદ સિવાય ઊઠવું, બેસવું કે હરવું ફરવું બંધ કર્યું. સર્વ મમત્વનો ત્યાગ કર્યો. અનેક પ્રકારની આશાઓને વિસારી મૂકી. અહંકારને પણ મૂકી દીધો કેવળ ધર્મધ્યાનમાં જ લીન રહેવાનો દૃઢ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિશ્ચય કર્યો. સિદ્ધાંતનું શ્રવણ કરતાં તેના સંવેગમાં વધારો થયો. પૂર્વ મહર્ષિઓનાં જીવનચરિત્રના સ્મરણથી તે વધારે ઉત્તેજિત થયો.

શત્રુ, મિત્ર પર સમભાવ આવ્યો. સંસારની અસારતા ભાવતાં અમૃતરસથી સિંચાયાની માફક શાંતિમાં વધારો થયો. પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં એક મહિનાને અંતે આ ફાની દેહ અને દુનિયાનો ત્યાગ કરી, ઇશાન દેવલોકની રમણિક દેવભૂમિમાં લલિતાંગદેવ નામના દેવપણે તે ઉત્પન્ન થયો.

આ માનવજિંદગીમાં એક મહિનાપર્યંત આચરણ કરેલા ધર્મના પ્રસાદથી તે દિવ્ય સુખ પામ્યો. નર, સુરનાં દિવ્ય સુખનો અનુભવ કરતાં તે મહાબળ આઠમે ભવે નાભી રાજાને ઘેર ઋષભદેવપણે જન્મ પામ્યો. તીર્થંકર પદ ભોગવી, અનેક જીવોનો ઉદ્ધાર કરી છેવટે શાશ્વત સ્થાન પામ્યો.

જન્મથી માંડી સુકૃતના લેશને પણ નહિ કરનાર મહાબળ રાજા, છેવટના સ્વલ્પ કાળના ચારિત્ર આચરણથી સદ્ગતિને પામ્યો.

॥ ૪૫૪ ॥

સુદર્શના! આ દૃષ્ટાંત પરથી એ સમજવાનું છે કે– વસ્તુતત્ત્વને જાણીને, તેના પર દૃઢ શ્રદ્ધાન કરીને પણ યથાશક્તિ તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. વર્તન કરવાથી જ થોડા વખતમાં પણ ઉત્તમ લાભ મેળવી શકાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૫ મું

જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે સાથે જોઈએ

जा तित्थेसरसासणे कुशलया नाणंति तं वुच्चए ।
जा तत्थेव रुई अईव विमला सद्दसणं तं पुणो ॥
चारित्तं तु हविज्जतं विरमणं सावज्जजोगेहिं जं ।
एअं भो रयणतिगं सिवफलं गिन्हेह सच्चेअणा ॥ १ ॥

તીર્થંકરપ્રણીત સિદ્ધાંતમાં કુશળતા, તેને જ્ઞાન કહે છે. તે જ વીતરાગના વચનમાં અતિશય નિર્મળ રુચિ (શ્રદ્ધા-ઇચ્છા) તે સદ્દર્શન કહેવાય છે. સાવદ્ય (સપાપ) યોગોથી વિરમવું તે ચારિત્ર છે. હે ભવ્યો ! સચેતનો ! મોક્ષફળ આપનાર આ ત્રણ રત્નોનું તમે ગ્રહણ કરો.

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किआ ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥ १ ॥

ક્રિયા વિનાનું જ્ઞાન હણાયેલું છે અને અજ્ઞાનીઓની (જ્ઞાન વિનાની) ક્રિયા હણાયેલી

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

છે. દેખતાં છતાં પાંગલો બળી મુઓ ત્યારે આંધળો દોડવાથી મરણ પામ્યો.

જાણવા પ્રમાણે વર્ત્તન નહિ કરનાર જ્ઞાનીઓને પણ સદ્ગતિની પ્રાપ્તિ દુર્લભ છે. દાવાનળ નજીક આવ્યો છે. તેનામાં બાળવાનો ગુણ છે તે બાળી નાખશે. ઇત્યાદિ જાણવા છતાં અને નજરે દેખવા છતાં પણ પાંગળો માણસ દાવાનળમાં બળીને મરણ પામે છે. પાંગળા સમાન ચાલવાની ક્રિયા ન કરનારા (ઉત્તમ આચરણરૂપ ચારિત્ર ક્રિયા ન પાળનારાઓ) એકલા જાણપણાથી ફાયદો મેળવી શકતા નથી. તેવી જ રીતે વનમાં લાગેલા દાવાનળથી બચવા માટે એક આંધળો માણસ આમ તેમ દોડવારૂપ ક્રિયા કરી રહ્યો છે. પણ આંખે દેખતો ન હોવાથી દાવાનળ કઈ બાજુ છે અને મારે તેમાંથી બચવા માટે કયા રસ્તા તરફ થઈને જવું? તે ન જાણતો હોવાથી તે પણ દાવાનળથી બચી શકતો નથી. આ દૃષ્ટાંતે તત્ત્વાતત્ત્વને જાણવારૂપ અને આસ્રવને રોકવાના તથા કર્મને નિર્જરવાના જ્ઞાનને નહિ જાણતાં એટલે જ્ઞાન વિનાના આંધળાઓ એકલી ક્રિયા કરવારૂપ પ્રવૃત્તિ કરનારાઓ તે પણ ભવદાવાનળનો પાર પામી શકતા નથી.

જેમ આંધળો મનુષ્ય દેખતા પાંગળા મનુષ્યના ખંભા ઉપર બેસી વન દાવાનળનો પાર પામી શકે છે તેમ આંધળી ક્રિયા પાંગળારૂપ દેખતા જ્ઞાનની મદદથી, ભવ વનદાહનો પાર પામે છે.

જ્ઞાન પ્રકાશક છે, સંયમ આવતાં કર્મને રોકનાર છે અને ધ્યાનાદિ તપ પૂર્વ કર્મને કાઢી નાખનાર છે. આ ત્રણેના એક સાથેના યોગથી વીતરાગ દેવોએ મોક્ષ થવાનું કહ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચારિત્ર વિનાનું જ્ઞાન, શ્રદ્ધા વિના મુનિવેશનું ગ્રહણ અને સંયમ વિનાનો તપ એ નિર્વાણ કાર્યમાં નિષ્ફળતા પામે છે. સદાચરણની મુખ્યતાવાળું જ્ઞાન, શ્રદ્ધાન સહિત મુનિવેશનું ગ્રહણ અને સંયમ સહિત કરાતો તપ, આ ત્રણથી ભવનો ક્ષય થાય છે.

જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રણ રત્નોને એકીસાથે ધારણ કરનાર મનુષ્યો દુર્લભ છે. આ ત્રણે રત્નનું સાથે આરાધન કરનાર જીર્ણવૃષભની માફક, ક્રમે, મનુષ્ય, દેવ અને મોક્ષનાં સુખ પામે છે.

જીર્ણવૃષભ

આ ભારતવર્ષમાં ક્ષેમ-કુશળના પ્રચુર કારણોથી ભરપૂર ક્ષેમપુરી નામની નગરી હતી. તે નગરીમાં ન્યાય અને વિનયાદિ ગુણોમાં પ્રવીણ નયદત્ત નામનો શ્રેષ્ઠી રહેતો હતો.

શિયલ આદિ ગુણોથી પતિને આનંદ આપનાર વસુનંદા નામની તેને પત્ની હતી. ધનદત્ત અને વસુદત્ત નામના તેમને બે પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્ર ગુણવાન હતો, નાનો પુત્ર વિદ્વાનોમાં માન પામવા યોગ્ય હતો છતાં તેમાં માનપણાનો કાંઇક અવગુણ હતો.

વક્રસ્વભાવવાળો વામદેવ નામનો વિપ્ર, તે શ્રેષ્ઠી-પુત્રોનો બાલમિત્ર હતો. તે શહેરમાં સમુદ્રદત્ત નામનો ધનાઢય શ્રેષ્ઠી રહેતો હતો. તેને ગુણવતી નામની ગુણવાન પુત્રી હતી. આ પુત્રીનો વિવાહ નયદત્ત શેઠના પુત્ર ધનદત્તની સાથે, ગુણવતીના પિતાએ અનેક જન સમક્ષ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

મહાન ગૌરવથી કર્યો હતો.

તે શહેરમાં લક્ષ્મીવાન્, ગુણવાન અને રૂપવાન **શ્રીકાંત** નામનો શ્રેષ્ઠી પુત્ર રહેતો હતો. તેના ઉત્તમ ગુણોથી રંજિત થઈ સમુદ્રદત્તે, ધનદત્ત સાથેનો વિવાહ તોડીને **શ્રીકાંત** સાથે ગુણવતીને પરણાવી દીધી.

આ વાતની ખબર વિપ્ર વામદેવને મળી. તેણે પોતાના બાળમિત્ર વસુદત્તને કહ્યું, હા ! હા ! મિત્ર. જો તો ખરો. સમુદ્રદત્તે કેટલું બધું અકાર્ય કર્યું છે? તેણે પોતાની પુત્રી, ઘણી પ્રાર્થનાથી તારા મોટાભાઈને આપી હતી; વચનથી ભ્રષ્ટ થયેલા તે ધીઠ મનુષ્યે હમણાં તે પુત્રીને શ્રીકાંત સાથે પરણાવી દીધી છે. ઇત્યાદિ વચનરૂપ ઇંધણાંઓથી વસુદત્તનો કોપાગ્નિ પ્રજ્વલિત થયો. સ્વાભાવિક રીતે પણ તે અભિમાની તો હતો જ, તેમાં આ વિપ્ર ઉશ્કેરનાર મળ્યો.

તેણે વામદેવને કહ્યું : મિત્ર ! હું શ્રીકાંતની ખબર લઈશ. દુનિયામાં અવજ્ઞા થવી તેના સમાન મનુષ્યોને જીવતા બાળનાર બીજું કયું દુઃખ ? તેનું જીવવું તે ન જીવવા બરોબર છે. જનનીને કલેશ આપનાર તેવાં મનુષ્યોનો જન્મ દુનિયા ઉપર બોજા સમાન છે. આ અપમાન હું સહન નહિ કરું. જરૂર તેનું વેર લઈશ.

ક્રોધથી અંધ થયેલા વસુદત્તે, અવસર મળતાં જ શ્રીકાંત ઉપર જોરથી ખડ્ગનો પ્રહાર કર્યો. શ્રીકાંતે પણ તરત જ તેના ઉપર તરવારનો પ્રહાર કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે તે ગુણવતીને માટે અત્યારથી વેરનો અંકુરો ફુટયો, તે અંકુરાએ આગળ વધતાં, સીતાજી માટે રાવણ અને રામચંદ્રના યુદ્ધો કરાવવારૂપ ભયંકર વૃક્ષનું રૂપ પકડયું.

ખડ્ગના તીવ્ર પ્રહારથી અન્યોઅન્ય બન્ને જણાં ઘાયલ થઈ આર્ત્ત ધ્યાને મરણ પામી વનમાં મૃગપણે ઉત્પન્ન થયા.

પતિના મરણથી ગુણવતીને ઘણો શોક થયો. શોક કરતી પુત્રીને તેના પિતાએ દિલાસો આપી સમજાવી કે, પુત્રી! તું ખેદ નહિ કર. આ સર્વ પાપનાં ફળ છે. તું ધર્મ કર. થયું તે ન થવાનું નથી. કર્મની અધિકતાથી યા વિષમતાથી તે ધર્મમાં ઉજમાળ ન થઈ એટલું જ નહિ પણ ગુણવાન ઉપર દ્વેષ ધારણ કરતી ધર્મની નિંદા કરવા લાગી. વૈધવ્યદુઃખથી દગ્ધ થઈ, થોડા જ વખતમાં આર્ત્તધ્યાને મરણ પામી, ભવિતવ્યતાના નિયોગે તે જ વનમાં હરિણીપણે ઉત્પન્ન થઈ. તે હરિણીને દેખી તેને મેળવવા માટે પેલા બે મૃગો આપસમાં લડવા લાગ્યાં. લડતાં લડતાં બન્ને મૃગો મરણ પામી એક ગામમાં પાડાપણે ઉત્પન્ન થયા. હરિણી પણ તેના ધ્યાનમાં–વિચારમાં મરણ પામી તે જ ગામમાં મહિષી(ભેંસ)પણે ઉત્પન્ન થઈ. અહો! કર્મની ગતિ! આ જ મહિષી માટે આપસમાં યુદ્ધ કરતા બન્ને પાડાઓ મરણ પામી, વનમાં મદોન્મત્ત હાથીપણે બન્ને ઉત્પન્ન થયા. મહિષી પણ મરણ પામી કર્મયોગે તે જ વનમાં હાથણીપણે ઉત્પન્ન થઈ. વૈરના કારણથી આ પ્રમાણે ત્રણે જણાઓ તિર્યંચના ભવમાં નાના પ્રકારનાં દુઃખો સહન કરતાં હતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun.Aaradhak Trust

આ તરફ ધનદત્તને પોતાનો ભાઈ અને શ્રીકાંતને મરણ પામ્યા જાણી મહાન્ વૈરાગ્ય ઉત્પન્ન થયો. વૈરાગ્ય અને ઉદાસીનતાની ધૂનમાં એકદમ ગામ છોડી દઈ તે દેશાંતરમાં ચાલ્યો ગયો.

પૃથ્વીતળ પર પરિભ્રમણ કરતાં તે રાજપુર પાટણમાં આવી પહોંચ્યો. રાત્રિએ એક સ્થળે કેટલાએક મુનિઓ તેના દેખવામાં આવ્યા.

ધનદત્ત ક્ષુધા, તૃષાથી પીડાતો હતો. તેની પાસે આજીવિકાનું સાધન કાંઈ પણ ન હતું મુનિના આચારને નહિ જાણનારા ધનદત્તે મુનિ પાસે ભોજનની પ્રાર્થના કરી. મુનિઓએ દયાર્દ્ર ચિત્તે જણાવ્યું. મહાભાગ્ય! સાધુઓ નિઃસંગ વૃત્તિવાળા હોવાથી, અને નિર્દોષ ભિક્ષાવૃત્તિ કરતા હોવાથી, તેમની પાસે દિવસે પણ આહારાદિ વધારે હોતો નથી તો રાત્રિએ તેમની પાસે ભોજન કયાંથી જ હોય? રાત્રિએ ભોજન કરવું તે સર્વ મનુષ્યો માટે અયોગ્ય છે. અમે પણ રાત્રિએ ભોજન કરતા નથી. ચર્મચક્ષુવાળા જીવોને નહિ દેખી શકાય તેવા સૂક્ષ્મ જીવો, રાત્રિએ વિશેષ હોવાથી તેના રક્ષણને માટે તેમ જ પોતાના બચાવ માટે મનુષ્યોએ રાત્રિ ભોજન ન કરવું જોઈએ. રાત્રે ભોજનમાં માંખી, જૂ, કીડીયો, કરોળીયાની લાળ પ્રમુખ આવી જાય તો વમન, જળોદર, બુદ્ધિનો નાશ અને કોઢ પ્રમુખ રોગો ઉત્પન્ન થાય છે.

દુઃખી કે સુખી મનુષ્યોએ ધર્મ અર્થે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. ધર્મથી મનુષ્યો સુખી થાય છે. ધનથી ધર્મ થાય તેમ કાંઈ નથી. ધર્મનાં સાધનો મન, વચન અને શરીર, આ

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણ મુખ્ય છે, માટે હે મહાનુભાવ! તું ધર્મ સાધન કર. તારું સર્વ દુઃખ દૂર થશે. તારા આત્માને શાંતિ મળશે.

ઇત્યાદિ કહીને મુનિએાએ તેને ગૃહસ્થોને લાયક ધર્મ સંભળાવ્યો. ધર્મ સાંભળી, ભવિષ્યની સારી આશા માટે ધનદત્તે ગૃહસ્થના બાર વ્રત અંગીકાર કર્યાં.

ગૃહસ્થધર્મનું સારી રીતે પાલન કરીને, ધનદત્ત સમાધિપૂર્વક મરણ પામી સૌધર્મ નામના પહેલા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

આ ભારતવર્ષના રત્નપુર શહેરમાં મેરૂપ્રભ નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તે ધનદત્તનો જીવ, સૌધર્મદેવલોકનું બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, મેરૂપ્રભ શ્રેષ્ઠીને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ પંકજમુખ રાખવામાં આવ્યું. થોડા જ વખતમાં તે અનેક કળાઓમાં પ્રવિણ થયો. બાલ્યાવસ્થામાં જ સદ્‌ગુરુના સંયોગે જીવાદિ તત્ત્વનું જ્ઞાન તેણે મેળવ્યું હતું. બાલ્યાવસ્થામાં દૃઢ સંસ્કારથી તે વિશેષ પ્રકારે પરોપકારી અને દયાળુ થયો. વખતના વહેવા સાથે ઉદય, સૌભાગ્ય અને રૂપલાવણ્યતાવાળી યુવાન વય પામ્યો. એક દિવસ કેટલાએક મિત્રોને સાથે લઈ, અશ્વ ખેલાવવા નિમિત્તે શહેરની બહાર આવેલા નંદનવન તરફ ગયો. અશ્વ ખેલાવતાં નજીક પ્રદેશમાં જરાથી જર્જરિત દેહવાળો એક જીર્ણવૃષભ તેનાં દેખવામાં આવ્યો.

એ અતિ દુર્બળ હતો. તેનાં શરીરની ધાતુ ક્ષીણ થયેલી હતી. શરીરમાં હાડકાં અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચામડી બે વિશેષ દેખાતા હતા. તેનું મુખ વિકૃતિવાળું–વિરૂપ લાગતું હતું. નેત્રમાંથી પાણી અને પીહા વહન થતા હતા. મૂત્રથી તેનું શરીર લેપાયેલું હતું. અનિચ્છાએ પણ ગુદાદ્વારથી છાણ નીકળી જતું હતું. જમીન ઉપર તે પગ તડફડાવતો હતો. શરીર તદ્દન નિસ્તેજ થઈ ગયું હતું. શ્વાસ મુખમાંથી ઉછળતો હતો. શરીર તૂટતું હતું. દાંત પડી ગયા હતા અને હોઠ લટકતા હતા. આવી સ્થિતિવાળા બળદને દેખી પંકજમુખ વૈરાગ્ય પામી ચિંતવવા લાગ્યો.

અરે! આ બળદનું બલ કયાં ગયું? તેનું રૂપ, તેનું લાવણ્ય તેનો ઘોર ગર્જારવ વિગેરે નાશ પામ્યાં? હા! હા! કેવી ક્ષણભંગુરતા? દરેક દેહધારીની આવી સ્થિતિ થવાની જ. આવી સ્થિતિ ન થાય તે પહેલાં દરેક મનુષ્યોએ જાગૃત થવું જ જોઈએ. તે વાત પછી, પણ આ બળદ અત્યારે મરવા પડયો છે, તે મરણ ન પામે તે પહેલાં હું તેને કાંઈ પણ ઉપકાર કરૂં, ઇત્યાદિ વિચાર કરતો તે બુદ્ધિમાન તરત જ અશ્વ પરથી નીચો ઉતર્યો. કંઠગત પ્રાણવાળા તે બળદના કાન પાસે મુખ રાખી મધુર સ્વરે શુદ્ધ વર્ણવાળા નમસ્કાર મંત્રનો ઉચ્ચાર કરવા લાગ્યો. જ્યાં સુધી બળદના શરીરમાં જીવ હતો ત્યાં સુધી તે તેને નમસ્કારમંત્ર સંભળાવતો જ રહ્યો. શાંતપણે તે સાંભળતાં, અશુભ ધ્યાનથી તે બળદનું મન દૂર રહ્યું, અમૃતની માફક તેના મધુર શબ્દોનું કર્ણાંજલીથી પાન કરતો હોય તેમ તે જણાતો હતો, સમગ્ર શ્રુતજ્ઞાનના સારભૂત નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં તે બળદ મરણ પામ્યો. શુભ ધ્યાને તે જ શહેરના સપ્તચ્છદ

॥ ૪૬૨ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજની શ્રીમતી રાણીની કુક્ષીએ તે બળદનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો.

રાણીને વૃષભનું સ્વપ્ન આવ્યું. અનેક ઉત્તમ દોહદો ઉત્પન્ન થયા. છેવટે રાજા, રાણીના ઉત્તમ મનોરથો વચ્ચે પુત્રનો જન્મ થયો. મોટા મહોચ્છવપૂર્વક જન્મોત્સવ થયો. સ્વપ્નાનુસાર તેનું વૃષભધ્વજ નામ સ્થાપન કરવામાં આવ્યું. ધાવમાતાઓથી પાલન કરાતો શરદઋતુના ચંદ્રની માફક નવીન રૂપ, લાવણ્ય, કાંતિએ વૃદ્ધિ પામવા લાગ્યો.

કુમારની આઠ વર્ષની ઉંમર થતાં, રાજાએ વિદ્યા, કળા વિગેરેનું પઠન કરાવવું શરૂ કરાવ્યું. પુન્યોદયથી થોડા વખતમાં સમગ્ર કળાનો પારગામી થયો. અનુક્રમે તરુણીઓના નેત્રરૂપ ભ્રમરોને કૈરવ તુલ્ય લાવણ્યતાની લક્ષ્મીવાળું યૌવનવય પામ્યો. એક દિવસે અનેક પુરુષોને સાથે લઈ રાજકુમાર અશ્વારૂઢ થઈ નંદનવન તરફ ફરવા નીકળ્યો. વનમાં સ્વેચ્છાએ આમતેમ ફરતાં અને ક્રીડા કરતાં જે સ્થળે પેલો જીર્ણ વૃષભ રહેતો હતો. તે સ્થળે રાજકુમાર આવ્યો. તે સ્થળ ઘણા વખતનું પરિચિત હોય તેમ લાગવાથી તે ચિંતવવા લાગ્યો કે આ પ્રદેશ કોઈ પણ વખત મારો જોયેલો હોય તેમ મને લાગે છે. ઇહાપોહ = વિચારણા કરતાં તે કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું.

આ ઠેકાણે હું રહેતો હતો, આ ઠેકાણે પાણી પીતો હતો, આ સ્થળે ખાતો, આ સ્થળે સૂતો, આ ઠેકાણે હું ફરતો હતો. આ સર્વ મારૂં ચારિત્ર મને સાંભરે છે. પણ મારા પરમ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

બાંધવતુલ્ય, મરણ અવસરે જેણે મને નમસ્કારમંત્ર સંભળાવ્યો હતો તે કેમ યાદ નથી આવતો! જેના પ્રભાવથી જન્મભરમાં કાંઈ પણ સુકૃતનો લેશ પણ નહિ કરનાર હું, જેમ શેર (દરિદ્ર પુરુષ) નિધાન પામે તેમ આ રાજ્યલક્ષ્મી પામ્યો છું. તે મારો પરમ ઉપગારી, મારો પરમ ગુરુ કોણ હતો? તે મારે સર્વથા પૂજવા યોગ્ય છે, માનવા યોગ્ય છે. તેના જાણ્યા સિવાય, તેનું પૂજન કર્યા સિવાય હું કેવી રીતે ઋણરહિત થઈ શકીશ (દેવામાંથી છૂટીશ?)

અહા! તે જ ઉત્તમ પુરુષો છે કે વગર પ્રયોજને અને વિના ઉપગાર કરે ઉપકાર કરે છે. ઉપગાર કર્યા છતાં પણ ઉપકારીઓના બદલામાં જે પ્રત્યુપકાર કરતા નથી તેવાં મારા જેવાની શી ગતિ થશે?

કોઈ પણ પ્રકારે પૂર્વજન્મના મારા ગુરુને ઓળખીને આ રાજ્યલક્ષ્મી તેને આપું તો જ મારા મનને શાંતિ થાય. આ પ્રમાણે વિચાર કરતો રાજકુમાર પોતાને મંદિર આવ્યો અને પિતાને પૂર્વજન્મના વૃતાંતથી વાકેફ કર્યો. રાજાએ તેને ધીરજ આપી. પુત્ર! ઉત્સુકતયા તારા ચારિત્રને ચિત્રમાં આળેખવાથી તારો ધર્મગુરુ જલ્દી ઓળખી કઢાશે યા શોધી શકાશે.

રાજાના આદેશ પ્રમાણે નંદનવનમાં એક મહાન્ જૈનમંદિર બાંધવામાં આવ્યું. તે મંદિરમાં ઓળખાતાં ચિત્રામણને સ્થાને છેવટની સ્થિતિમાં પડેલા જીર્ણ વૃષભનું ચિત્ર દોરવામાં [આળેખવામાં] આવ્યું. તેની પાસે ઉભેલો એક મનુષ્ય નમસ્કાર મંત્ર તેને સંભળાવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇત્યાદિ પૂર્વજન્મના સંપૂર્ણ ઇતિહાસનું સૂચક સુંદર ચિત્ર તે મંદિરમાં ચિતરવામાં આવ્યું.

રાજકુમારે પોતાના માણસોને હુકમ કર્યો કે—આ ચિત્ર દેખીને કોઈપણ માણસ કોઈને પ્રશ્ન કરે કે, આ ચિત્ર કોણે બનાવરાવ્યું છે? શા ઉપરથી બનાવ્યું છે? વિગેરે. તો તે મનુષ્યને ત્યાં રોકી તેના સમાચાર તરત જ મને આપવા. ઇત્યાદિ સૂચના કરી રાજકુમાર પોતાના કાર્યમાં લાગ્યો.

એક વખત શ્રેષ્ઠીપુત્ર પંકજમુખ તે જિનભુવનમાં ભગવાનના દર્શન કરવા નિમિત્તે આવ્યો. દર્શન કર્યા બાદ આ ચિત્ર નિહાળતાં તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. તેણે ત્યાં રહેલા રાજપુરુષોને પૂછ્યું. ભાઈઓ! આ ચિત્ર કોના કહેવાથી અને શા ઉપરથી આલેખવામાં આવ્યું છે?

આ પ્રશ્નનો ઉત્તર ન આપતાં તેને ત્યાં જ રોકી, રાજપુરુષોએ કુમારને સમાચાર આપ્યાં. કુમાર તરત જ ત્યાં આવ્યો. શ્રેષ્ઠીપુત્રને સ્નેહથી આલિંગન આપી, રાજકુમારે પોતાનો સર્વ વૃત્તાંત તેની આગળ નિવેદિત કર્યો. છેવટે જણાવ્યું—હે પરમગુરુ! તમારા પ્રસાદથી જ આ સર્વ સંપદા મને મળી છે. આ રાજ્ય, આ પરિજન, દેશ, ભંડાર વિગેરે તમારે આધીન છે. મને જે કરવાલાયક હોય તે કરવાનો આદેશ આપો.

પંકજમુખે કહ્યું, રાજકુમાર! મને તે વસ્તુની કાંઈ જરૂર નથી. તને જે ફાયદો થયો છે તેમાં હું નિમિત્તકારણ છું. અને તેટલા પૂરતા મારા પરોપગારી જીવનને કૃતાર્થ માનું છું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું સદાચારમાં રહી, ધર્મપરાયણ થા. તે જ જોવાને હું ઇચ્છું છું, અને એ જ મારો આદેશ છે.

આ અવસરે ધર્મરુચિ નામના અણગાર ત્યાં દેવવંદન નિમિત્તે આવ્યા તેમને દેખી બન્ને જણાના આનંદનો પાર ન રહ્યો. ગુરુશ્રીને નમસ્કાર કરી તેઓશ્રી પાસે ધર્મશ્રવણ કરવા નિમિત્તે બન્ને જણ બેઠા. ગુરુશ્રીએ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ મોક્ષનું કારણ છે. તે વિષે ધર્મદેશના આપતાં જણાવ્યું. સંપૂર્ણ શ્રુતજ્ઞાન તે જ્ઞાન છે. તત્ત્વોનું શ્રદ્ધાન તે સદ્દર્શન છે. સર્વ સાવદ્ય વ્યાપારનો (ક્રિયાનો) ત્યાગ કરવો તે ચારિત્ર છે. નિર્વાણસાધનમાં ત્રણેની સાથે જરૂર છે. એકલા જ્ઞાનથી, એકલા શ્રદ્ધાનથી કે એકલા ચારિત્રથી કાર્યની પૂર્ણાહુતી થતી નથી. જેઓ નિર્વાણપદ પામ્યા છે તેઓ આ ત્રણે રત્નને સંવેદન કરીને–અનુભવીને જ પામ્યા છે. ઇત્યાદિ દેશના સાંભળી તેઓ એ સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થધર્મનાં દ્વાદશ વ્રતો અંગીકાર કર્યા. ગુરુશ્રીને નમસ્કાર કરી આનંદ પામતાં બન્ને જણ પોતાને મંદિરે ગયા.

કુમારને રાજ્ય લાયક જાણી રાજાએ રાજ્યાભિષેક કર્યો અને પોતે આત્મપરાયણ થયો.

વૃષભધ્વજ કુમાર રાજા થયો એટલે પંકજમુખને બહુમાનપૂર્વક યુવરાજ પદવી આપી પરસ્પર પ્રીતિપૂર્વક બન્નેજણ રાજ્યપાલન કરવા લાગ્યા.

રાજ્યપ્રપંચમાં પણ તેઓ ધર્મધ્યાનમાં જાગૃત રહેતા હતા. આયુષ્યનો ભરોસો નથી

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમ ધારી દિવસનો અમુક ભાગ ધર્મધ્યાન નિમિત્તે નિર્ણીત કર્યો હતો અને તે પ્રમાણે બન્ને જણાએ વર્તન કરતાં હતાં.

જ્ઞાનકાળે ભણવું વિનયપૂર્વક, બહુમાન સહિત, તપશ્ચરણ સાથે ઇત્યાદિ આઠ ગુણપૂર્વક, આઠ અતિચાર રહિત તેઓ અપૂર્વ જ્ઞાન ભણતાં હતાં. બીજાને ભણાવતા યા ભણવાને પ્રેરતા હતાં અને ભણનારાઓને મદદ આપતા હતાં.

પ્રાતઃ, મધ્યાહ્ન અને સંધ્યા વખતે ત્રિકાળ જિનેશ્વરનું પૂજન કરતાં હતાં. અને નિઃશંકિતાદિ ગુણ સહિત–મેરૂની માફક નિષ્પ્રકંપપણે સમ્યક્ત્વ રત્નનું તેઓ પાલન કરતાં હતાં. અન્યને પણ ધર્મમાં દૃઢ કરતાં હતાં.

નિરતિચારપણે બાર વ્રતોરૂપ શ્રાવક યા ગૃહસ્થધર્મનું પાલન કરતા તેમજ બળ, વીર્યને ગોપવ્યા સિવાય નિરંતર તપશ્ચરણ કરતા હતા. ત્રણ પ્રકારનું દાન, ત્રિકરણ શુદ્ધે શીયળ અને સંવેગ, નિર્વેદ પ્રગટ થાય તેવી વિશુદ્ધ ભાવનાઓ ભાવતા હતા.

આ પ્રમાણે દેશથી પણ સમ્યક્ પ્રકારે રત્નત્રયનું પાલન કરતાં અવસાન (મરણ) વખત આવતાં બન્ને જણાએ અણસણ લીધું. એક માસપર્યંત અણસણ આરાધી, શુભ ભાવે માનવ દેહનો ત્યાગ કરી ઈશાન દેવલોકમાં ઇન્દ્રની સામાન્ય ઋદ્ધિવાળા દેવપણે બન્ને ઉત્પન્ન થયા. પૂર્વભવોપાર્જિત સુકૃતાનુસાર બે સાગરોપમ જેટલાં લાંબા આયુષ્યમાં અવિયોગી પણે

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દૈવિક વૈભવનો તેઓએ અનુભવ કર્યો.

વૃષભધ્વજનો જીવ તે દેવ ભવથી ચ્યવી, આ ભારતવર્ષમાં આવેલી કિષ્કિંધપુરીમાં સુગ્રીવ વિદ્યાધરાધિપતિપણે ઉત્પન્ન થયો.

એ અવસરે મધ્યમ ખંડમાં અયોધ્યા નગરી હતી. તેમાં ઇક્ષ્વાકુ વંશનો દશરથ રાજા રાજ્ય કરતો હતો. તેને અપરાજિતા નામે રાણી હતી. પંકજમુખ દેવનો જીવ બીજા દેવલોકથી નીકળી તે રાણીની કુક્ષીમાં ચાર ઉત્તમ સ્વપ્નસુચિત પુત્રપણે ઉત્પન્ન થયો. શુભ લગ્ને તેનો જન્મ થયો. જનપદવાસી લોકોને તેના જન્મથી ઘણો આનંદ થયો. તેનું પદ્મ (રામચંદ્ર) નામ રાખવામાં આવ્યું તે આઠમા બળભદ્રપણે પ્રગટ થયો.

પૂર્વ વર્ણન કરવામાં આવેલો ધનદત્તનો જીવ અનેક તિર્યંચોના ભવમાં ભ્રમણ કરી સુકૃતના ઉદયે તે પદ્મના લઘુ બાંધવ લક્ષ્મણ પણે જન્મ પામ્યો.

શ્રીકાંતાનો જીવ, તે પણ અનેક તિર્યંચાદિ ભવોમાં ભમી સુકૃતના કારણથી સ્ત્રી–લોલુપી રાવણપણે ઉત્પન્ન થયો.

॥ ૪૬૮ ॥

ગુણવતીનો જીવ પણ અનેક ભવોમાં ભ્રમણ કરી જનક રાજાને ઘેર જાનકી (સીતા) નામે પુત્રીપણે ઉત્પન્ન થઈ. તેનું પાણિગ્રહણ પદ્મ (રામચંદ્રજી) સાથે થયું. રાવણે જાનકીનું (સીતાનું) હરણ કર્યું. તેને માટે જગત્પ્રસિદ્ધ ભયંકર યુદ્ધ થયું. તેમાં લક્ષ્મણને હાથે રાવણ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

માર્યો ગયો. સુગ્રીવ વિદ્યાધર સાથે પદ્મને વિશેષ પ્રીતિ થઈ. આ રાવણ સાથેના યુદ્ધમાં રામચંદ્રને તેના તરફથી અમૂલ્ય મદદ મળી હતી. પૂર્વ જન્મના સ્નેહી ગુરુ શિષ્યો. ત્યાર પછી જુદા ન પડતાં સાથે રહી ઘણા વખત પર્યંત રાજ્યલક્ષ્મીનું પાલન કર્યું. વખતના વહેવા સાથે ભવવાસથી વિરક્ત થઈ સુગ્રીવે સદ્‌ગુરુ સમીપે ચારિત્ર લીધું રામચંદ્રે પણ પોતાના લઘુ બંધવ લક્ષ્મણના વિયોગે ચારિત્ર લીધું. તે બન્ને જણાએ તે ભવમાં જ્ઞાન દર્શન, ચારિત્રનું એવી રીતે પાલન કર્યું, આરાધન કર્યું કે સર્વ કર્મનો ક્ષય કરી તે જ ભવમાં નિર્વાણપદ પામ્યા. (આ ઠેકાણે સુગ્રીવ અને રામચંદ્રનું ચરિત્ર ઘણું જ ટુંકાણમાં આપવામાં આવ્યું છે તેનો વિસ્તાર લખતાં એક જુદું પુસ્તક થઈ શકે, માટે વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ પદ્મચરિત્ર વાંચો લેવું)

રત્નત્રયના આરાધન ઉપર જીર્ણવૃષભનું દૃષ્ટાંત સાંભળી, તે ત્રણના આરાધન માટે, આત્મહિતચિંતકોએ ઉજમાળ થવું, જેથી જન્મ, મરણના દુઃખથી છૂટીને પરમ શાંતિ અનુભવાશે.

રત્નત્રનું આરાધન કરનાર યા કરવા ઈચ્છા કરનાર જીવોએ ગુણાનુરાગી થવું. ગુણ જોવાની ટેવ કે ગુણ લેવાની ટેવ પાડવી. જે ગુણ મેળવવાની ઇચ્છા હોય તે ગુણને ધારણ કરવાવાળા મહાપુરુષોની સેવા કરવી. તેમની આજ્ઞા માન્ય કરવી. તેમનું બહુમાન કરવું. ત્યાગી વર્ગને દાન આપવું, તેમના સહવાસમાં–સોબતમાં આવવું. ગુણ અને ગુણીઓનું સ્મરણ કરવું. આ પ્રમાણે તેમાં તન્મયતા – તત્ત્વપરાયણ થતાં તે જ ગુણવાન પોતે થઈ શકાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીર્થનું મૂળ મુનિઓ છે. તેઓને અશન–પાન–વસ્ત્રાદિ આપતાં ચારિત્ર પાળવામાં કે શરીર ટકાવી રાખવામાં અવષ્ટંભ (આધાર) ભૂત થવાય છે. તેઓ જ્ઞાન–ધ્યાનમાં વધારો કરે છે. અન્યને ઉપદેશ આપે છે. આવી રીતે તીર્થની ઉન્નતિ કરે છે. તેમને આપેલું દાન તીર્થઉન્નતિમાં કારણભૂત છે. કેવળ જ્ઞાનીઓના વિરહ કાળમાં પરમ ઉપકાર કરનાર મુનિઓ છે. આર્ય ક્ષેત્રમાં ધર્મની ધુરા તેઓએ ટકાવી રાખી છે. ધર્મનું રક્ષણ તેઓએ જ કર્યું છે. વિષમ કાળમાં શુભગતિનો માર્ગ તેઓને આધારે જ ખુલ્લો રહેલો છે.

ચરમ તીર્થંકર મહાવીર દેવે પણ, પાછલા ભવમાં મુનિઓને દાન આપવાથી અને તેમની પાસેથી ધર્મ શ્રવણ કરવાથી જ સમકિત પ્રાપ્ત કર્યું હતું.

મહાનુભાવો ! ધર્મનાં ચાર અંગ મેળવવાં ઘણાં મુશ્કેલ છે. મનુષ્યપણું, ધર્મનું શ્રવણ, ધર્મશ્રદ્ધાન અને તે પ્રમાણે ઉત્તમ વર્ત્તન. આ દુર્લભ અંગો પણ પ્રયત્નથી સુલભ યાને સુસિદ્ધ થઈ શકે છે. ચુલ્લગ, પાસા વિગેરે દશ દૃષ્ટાંતે દુર્લભ માનવ જિંદગી પામીને, સુકૃત કરી તેને અવશ્ય સફળ કરવી જોઈએ.

સુદર્શના ! નલીની પત્ર પર રહેલા જલબિંદુની માફક, જ્યાં સુધી આ જીવિતવ્ય ઊડી ગયું નથી, કરીકર્ણની માફક ચંચળ લક્ષ્મી ચપળતા પામી નથી અને ગિરિસરિતાના ચપળ પ્રવાહની માફક તારૂણ્ય અવસ્થા વિલય નથી પામી તે પહેલાં આ શરીર અને દ્રવ્યથી ઉત્તમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્ત્તવ્યો કરી લેવાં જોઈએ.

જિનભુવન બનાવવાં, જિનપ્રતિમા ભરાવવાં, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા–ચતુર્વિધ સંઘની પૂજા (યોગ્યતાનુસાર) કરવી અને જ્ઞાન તથા જ્ઞાનીની ભક્તિ કરવી. આ સાત સુક્ષેત્રો છે. આ સાત ક્ષેત્રોમાં ભાવપૂર્વક થોડું પણ ધનરૂપ બીજ વાવવામાં આવ્યું હોય તો તે મહાન્ ફળ આપે છે. પરંપરાએ મોક્ષ પણ મેળવી શકાય છે.

જિનભુવન, જિનબિંબ, પુસ્તક, યાત્રા, સ્નાત્ર, મહોચ્છવ, જ્ઞાન અને દાનાદિ આપવા કરવાં વિગેરે ગૃહસ્થનો ધર્મ છે, ભવ્ય જીવોને તે કાર્યોનો આદર કરવા યોગ્ય છે. તેમાં વળી કેવળ ધર્માર્થી ગૃહસ્થોએ તો વિશેષ પ્રકારે આદરવા યોગ્ય છે. આ અશ્વાવબોધ તીર્થ છે. અહીં મુનિસુવ્રતસ્વામીનું સમવસરણ થયેલું છે. આ સમવસરણની જગ્યાએ એક જિનભુવન હોય તો તે તીર્થની શોભામાં વિશેષ વધારો થાય.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૩૬મું

અશ્વાવબોધ તીર્થ

સુદર્શનાએ ગુરુશ્રીને પ્રશ્ન કર્યો–પ્રભુ ! અશ્વાવબોધ તીર્થની ઉત્પત્તિ આપ સમજાવશો.

ગુરુશ્રીએ કહ્યું : સુદર્શના ! અશ્વાવબોધ તીર્થની ઉત્પત્તિ હું તને સંભળાવું છું. "જિનમંદિર બંધાવવાથી બોધી (સમકિત) સુલભ થાય છે." આ સંબંધ તેવા જ સંયોગોવાળો છે. તું સાવધાન થઈને શ્રવણ કર.

ભારતવર્ષના મધ્ય ખંડમાં પૂર્વ દિશા તરફ સર્વ દેશોમાં તિલક સમાન મગધદેશ શોભી રહ્યો છે. ગંગા નદીના શીતળ પ્રવાહવાળા કિનારાની અપૂર્વ શોભા મનુષ્યોને આલ્હાદિત કરી રહી હતી. સ્થળે સ્થળે આવેલાં અનેક તળાવો અને પુષ્કરણીઓ (વાવો) પથિકોને વિશ્રાંતિ આપી રહ્યાં હતાં. દૈવિક ઋદ્ધિથી ભરપૂર તે દેશને જોતાં, તેના વૈભવ માટે, ધર્મમાં આળસુ મનુષ્યો પણ પ્રયત્ન કરતાં હતાં.

તે દેશમાં રાજગૃહી નામની નગરી હતી. તેમાં આવેલાં ઊંચા શિખરોવાળા જિનભુવનો પર સ્ફુરાયમાન થતી વૈજયંતિ (ધ્વજ)ઓ ધ્વજના છેડારૂપ હાથથી, મનુષ્યોને સત્ય સુખ માટે આગ્રહ કરીને બોલાવતી હોય તેમ આંદોલિત થઈ રહી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે નગરીમાં શત્રુઓનો પરાભવ કરનાર અને સદાચરણીઓનો આશ્રય આપનાર પ્રચંડ ભુજવાળો સુમિત્ર રાજા રાજ્ય કરતો હતો.

સ્વજનોને સંતોષ આપનારી અને જેના નામસ્મરણથી પણ ઉપસર્ગ, મારી, ચૌરાદિ ઉપદ્રવો શાંત થાય તેવી મહાસતી પદ્માવતી નામની તે રાજાને રાણી હતી.

ભવ્ય જીવોના ભવદુઃખને હરનાર મુનિસુવ્રત તીર્થાધિપતિનો જીવ પ્રાણાંત કલ્પથી દેવ-આયુષ્ય પૂર્ણ કરી, શ્રાવણ શુકલ પૂર્ણિમાને દિવસે, પદ્માવતી રાણીની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. કલ્યાણના નિધાન સરખા તે પ્રભુનો જેઠ કૃષ્ણ અષ્ટમીને દિવસે જન્મ થયો. દિક્કુમારીઓ વડે જન્મકર્મ કરાયા પછી, ઇન્દ્રાદિ દેવોએ મેરુપર્વત ઉપર પ્રભુને લઈ જઈ સ્નાત્રાદિ જન્મ મહોચ્છવ કર્યો. સાડાસાત હજાર વર્ષ બાળ અવસ્થામાં પસાર કરી, રાજ્ય પામી પંદર હજાર વર્ષ પર્યંત ન્યાયથી પ્રજાનું પાલન કર્યું. અવધિજ્ઞાનથી દીક્ષાનો અવસર જાણી, તૃણની માફક રાજ્યસુખનો ત્યાગ કરી, ફાલ્ગુન શુકલ દ્વાદશીને દિવસે નીલગુફા નામના ઉદ્યાનમાં, ઇન્દ્રાદિ દેવોના હર્ષનાદ વચ્ચે તે મહાપ્રભુએ ચારિત્ર ગ્રહણ કર્યું. ચારિત્ર લીધા બાદ અગિયાર માસપર્યંત આત્મધ્યાનમાં નિમગ્ન રહી, ઘાતીકર્મનો નાશ કર્યો. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં દેવોએ કેવળજ્ઞાનનો મહિમા કર્યો. અનુક્રમે વિહાર કરતાં તે મહાપ્રભુ પ્રતિષ્ઠાનપુરમાં આવ્યા. ત્યાં અનેક જીવોને ધર્મના માર્ગમાં ચાલનારા પથિકો બનાવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ અવસરે પોતાનો પૂર્વભવનો મિત્ર, ભરૂઅચ્ચ શહેરમાં અશ્વપણે ઉત્પન્ન થયેલો દિવ્ય જ્ઞાનથી તેમના દેખવામાં આવ્યો. તેનું આયુષ્ય અલ્પ જાણી, તેને પ્રતિબોધવાનો સમય નિકટ જણાતાં તે કૃપાળુદેવ એક રાત્રીમાં સાઠ યોજન ચાલી ભરૂચમાં આવ્યા. દેવોએ સમવસરણ બનાવ્યું. મળેલી પર્ષદાની આગળ, સમવસરણમાં બેસી તે પ્રભુએ ધર્મદેશના આપવી શરૂ કરી.

આ અવસરે તે પ્રભુથી પ્રતિબોધ પામેલા ત્રીશ હજાર સાધુઓ અને પચાશ હજાર સાધ્વીઓ તેમના શિષ્યવર્ગમાં હતા.

મુનિસુવ્રતસ્વામી તીર્થંકરને સમવસરેલા (આવ્યા) જાણી તે શહેરનો જીતશત્રુરાજા, પ્રભુને વંદન કરવા નિમિત્તે તે જ અશ્વ ઉપર બેસીને (જેને પ્રતિબોધ આપવા તે પ્રભુ પધાર્યા છે તે જ અશ્વ ઉપર બેસીને) આવ્યો. અશ્વથી ઉતરી, સચિત્ત વસ્તુ—ત્યાગાદિ વિધિપૂર્વક સમવસરણમાં પ્રવેશ કરી, ત્રણ પ્રદક્ષિણા આપી, ભક્તિપૂર્વક વંદન કરી, ઉચિત સ્થળે ધર્મશ્રવણ કરવા નિમિત્તે રાજા બેઠો.

એ અવસરે ચાલતા ધર્મોપદેશમાં તે મહાપ્રભુએ જણાવ્યું કે—

जो कारिज्जइ जिणहरं जिणाणं जियरागदोसमोहाणं ॥
सो पावेइ अन्नभवे सुलहं धम्मवररयणं ॥ १ ॥

રાગ, દ્વેષ, મોહનો વિજય કરનાર જિનેશ્વરોનું જે મનુષ્ય જિનગૃહ (મંદિર) કરાવે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. તે અન્ય જન્મમાં ઘણી સુલભતાથી ઉત્તમ ધર્મરત્ન પામે છે.

"તીર્થંકરની દેશનાશક્તિનું સામર્થ્ય અદ્‌ભુત હોય છે. તે અલૌકિક શક્તિ યા અતિશયના માહાત્મ્યથી આજુ—બાજુ એક યોજન જેટલા વિસ્તારમાં રહેલા જીવો સાંભળી શકે છે. પશુઓ પણ પોતપોતાની ભાષામાં તીર્થંકરના કહેવાનો આશય સમજી શકે છે."

"જિનમંદિર બનાવવાથી અન્ય જન્મમાં ધર્મપ્રાપ્તિ સુલભતાથી થાય છે." તીર્થંકરના મુખથી નીકળેલું આ વચન સાંભળતાં જ તે અશ્વ (ઘોડો) ઇહાપોહ—વિચારણા કરવા લાગ્યો. વિચારણાની તીક્ષ્ણ પ્રણાલિકામાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ થતાં જ તેનાં અવયવો-શરીરનો ભાગ હર્ષથી ઉલ્લાસ પામ્યા. નેત્રો વિકસિત થયાં. તે પોતાનો હર્ષ બીજાને જણાવતો હોય તેમ ખુરના અગ્રભાગથી વારંવાર જમીન ખણતો, ગંભીર સ્વરે હેષારવ કરવા લાગ્યો. તીર્થંકર પાસેની ભૂમિકા મનુષ્યાદિથી સંકુલ (વ્યાપ્ત) હતી, તથાપિ તે અશ્વ નિઃશંક અને નિર્ભયપણે મુનિસુવ્રતસ્વામી પાસે આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરી વારંવાર નમસ્કાર કરવા લાગ્યો.

આ પ્રમાણે અશ્વનો હર્ષ અને તેની ક્રિયા—પ્રવૃત્તિ દેખી જિતશત્રુ રાજા હર્ષ, વિસ્મયથી તે મહાપ્રભુને નમસ્કાર કરી પૂછવા લાગ્યો.

હે પ્રભુ! તીર્થંકરોના વચનોથી તિર્યંચો બોધ પામે તે વિષે મને કાંઈ આશ્ચર્ય થતું નથી, પણ આ અશ્વને આટલો બધો હર્ષ થાય છે એ જ મને આશ્ચર્ય થાય છે. આપ તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હર્ષનું કારણ અમોને જણાવશો.

મુનિસુવ્રતસ્વામીએ કહ્યું : રાજન્! આ અશ્વનો હર્ષ, સકારણ છે. તે હું સંભળાવું છું.

આ ભારતવર્ષમાં પદ્મિનીખંડ નામનું પ્રસિદ્ધ શહેર હતું. તેમાં જિનધર્મમાં કુશળ જિનધર્મ નામનો શ્રેષ્ઠી રહેતો હતો.

તે જ શહેરમાં વિખ્યાતિ પામેલો સાગરદત્ત નામનો અનેક કુટુંબનો માલિક ધનાઢ્ય રહેતો હતો. સાગરદત્તમાં દાક્ષિણ્યતા અને દયાળુતાના ગુણો વિશેષ દેખવામાં આવતા હતા. જિનધર્મની સાથે તેને મિત્રતા હતી. તેની સોબતથી વીતરાગ ધર્મ ઉપર તેની સહેજે લાગણી થઈ હતી. દાન અને વિનયની લાગણી તેનામાં વિશેષ પ્રગટી નીકળી હતી. તે સાગરદત્તે તે જ શહેરમાં પૂર્વે એક શિવાયતન (શિવનું મંદિર) બંધાવ્યું હતું. તેની પૂજા નિમિત્તે કેટલુંક દ્રવ્ય આપી શૈવભક્તોને રાખ્યા હતા.

એક દિવસે તે શ્રેષ્ઠી પોતાના મિત્ર જિનધર્મ સાથે મુનિઓની પાસે ગયો. તેમને વંદન કરી ઉચિત સ્થાને બેઠો. એ અવસરે ગુરુશ્રી ધર્મોપદેશ આપતા હતા. તેમાં ગૃહસ્થોને લાયક દાનાદિ ધર્મનું વર્ણન કર્યા પછી, '**जो कारिज्जइ जिणहरं**' જે માણસ રાગ, દ્વેષ, મોહાદિરહિત વીતરાગદેવનું મંદિર બંધાવે છે. તે મનુષ્યને અન્ય જન્મમાં પણ ધર્મપ્રાપ્તિ સુલભ થાય છે. વિગેરે ગૃહસ્થધર્મ સંબંધી વર્ણન કર્યું. તે સાંભળી, તે વચનોની વારંવાર રટના કરતો સાગરદત્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રેષ્ઠી વિચાર કરવા લાગ્યો કે—આ મંદિર બાંધવાનું કામ તો હું કરી શકું તેમ છું. તે સામર્થ્ય મારામાં છે. મંદિરમાં દર્શન કરી, શુભભાવના ભાવી કે સ્તવના કરી અનેક જીવો પોતાના આત્માને શુભ માર્ગમાં જોડે તો તેનું નિમિત્તકારણ તો હું જ થાઉં ને? તેમાંથી મને ફાયદો કે લાભ તો મળે જ, કારણ કે કરેલું કાર્ય નિષ્ફળ હોતું નથી. વળી મહાપુરુષો ઉપર ગુણાનુરાગ પણ કર્યો કહેવાય અને આ ગુણાનુરાગીપણાથી તે તે ધાર્મિક ગુણોની પ્રાપ્તિ પણ સુલભ જ થાય ઇત્યાદિ વિચાર કરતો અને પોતાને ધન્ય માનતો શ્રેષ્ઠી ઘેર આવ્યો. પોતાના મિત્રની સલાહ લઈ તેના કહેવા પ્રમાણે તેણે એક રમણિય જિનમંદિર બંધાવ્યું. અને તે મંદિરમાં જિનબિંબનું પ્રતિષ્ઠાન કરાવ્યું.

થોડા વખત પછી સમસ્ત કુસ્થિત જનોને કદર્થના કરનાર શિશિર ઋતુની (શિયાળાની) શરૂઆત થઈ જેમાં મચકુંદના પુષ્પો પ્રફુલ્લિત થઈ રહ્યા હતાં. હિમાલયને સ્પર્શીને આવતો ઠંડો પવન વહન થઈ રહ્યો હતો. ઘણી ટાઢથી ઠરી ગયેલાં ગરીબ મનુષ્યોના બાળકો કડકડાટ કરતાં દાંતવીણા વગાડી રહ્યાં હતાં. શીતની અધિકતાથી કમલીનીનાં વનો મ્લાનિ પામ્યાં હતાં. હેમંત ઋતુમાં પડતાં તુસારના કણોની મદદથી પાણી પણ જમી ગયાં હતાં. આ અવસરે તે તે શિવાલયના પૂજક શૈવોએ, સાગરદત્ત શ્રેષ્ઠીને શિવલિંગના પૂજન માટે બોલાવ્યો. શ્રેષ્ઠી ત્યાં આવ્યો. શિવપૂજનની તૈયારી કરતો હતો તેવામાં શિવાયતનમાં રહેલા ઘી ઉપર કેટલીક ધીમેલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચડી ગયેલી અને કેટલીક આજુબાજુ ભમતી તે પૂજારીના દેખવામાં આવી તે સર્વ ધીમેલોને તે શૈવભક્ત પૂજકોએ પગેથી મસળીને મારી નાખી. તે ધીમેલોને મારતાં દેખી સાગરદત્ત શ્રેષ્ઠી બોલી ઊઠયો. હા! હા! તમે મહાત્માઓની ગણનામાં ગણાઓ છો, છતાં આવા નિર્દોષ જીવોને મારી નાખવા એ શું તમને યોગ્ય છે? તમારામાં જીવદયા કયાં છે?

શ્રેષ્ઠીનાં આ વચનો સાંભળી તેઓ શ્રેષ્ઠી સન્મુખ હોઠ કકડાવતા નિષ્ઠુર વચનો બોલવા લાગ્યા. હા! હા! જરૂર અમે તેને મારી નાંખીશું. તમારા જેવો કોઈ ધર્મી દીઠો નથી. ઘડીકમાં અહીં અને ઘડીકમાં તહીં માથું મારયા કરો છો. એક ધર્મ ઉપર આસ્થા તો છે નહિ ઊઠ અહીંથી, ફોગટ કષ્ટ કરવા અહીં શા માટે આવે છે? આ પ્રમાણે તે શૈવભક્તોના અસમંજસ વચનોથી શેઠનું મન ઘણું દુખાયું. પરાભવથી વિધુર ચિત્તવાળો શ્રેષ્ઠી ત્યાંથી ઊઠી ઘેર આવ્યો. તે વિચારવા લાગ્યો કે, મારે હવે શું કરવું? આ ધર્મ સત્ય હશે કે તે ધર્મ સત્ય હશે? આમ વિચારનાં વમળમાં અથડાતો શ્રેષ્ઠી એકે વાતનો નિશ્ચય ન કરી શકયો. સંશયિત મિથ્યાત્વી થઈ પોતાના થયેલા અપમાનથી આર્ત્તધ્યાન કરતાં તે મરણ પામ્યો. મરણ પામી તિર્યંચની યોનિમાં તિર્યંચપણે ઉત્પન્ન થયો. કહ્યું છે કે—

अट्टेण तिरियजोणी रुद्दज्झाणेण गम्मए नरयं ॥
धम्मेण देवलोयं शुक्कज्झाणेण निव्वाणं ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આર્ત્ત ધ્યાનથી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થવાય છે. રૌદ્ર ધ્યાનવડે નરકમાં જવાય છે. ધર્મધ્યાનવડે દેવલોકની પ્રાપ્તિ અને શુકલ ધ્યાનવડે નિર્વાણ પ્રાપ્ત થાય છે આર્ત્ત ધ્યાનમાં મરણ પામેલો સાગરદત્ત, ભયંકર ભવસમુદ્રમાં અનેક ભવો ભમીને હે રાજન્ ! હમણાં તે તમારા પટ્ટઅશ્વપણે ઉત્પન્ન થયો છે. તેના મિત્ર જિનધર્મનો જીવ હું છું. તે અમુક ભવમાં મારો મિત્ર હતો. તેનું આયુષ્ય અત્યારે થોડું બાકી છે એમ ધારી તેને પ્રતિબોધવાનો અવસર જાણી, અહીં મારું આગમન થયું છે.

'જે જિનેશ્વરનું મંદિર કરાવે' ઇત્યાદિ વચનો સાંભળી પૂર્વભવના અભ્યાસવાળાં તે વચનોથી તેને જાતિસ્મરણ થયું છે. પૂર્વના ભવોનું સ્મરણ થતાં તે ભવવાસથી વિરક્ત થયો છે. તેને સમ્યકત્વ પરિણમ્યું છે. તત્ત્વનું જ્ઞાન થયું છે. મારા વચનરૂપ અમૃતથી સિંચાયેલો આ અશ્વ આટલો બધો પ્રમોદ પામે છે.

તે મહાપ્રભુનાં વચનો સાંભળી રાજાને ઘણો હર્ષ થયો. અશ્વે પણ તે પ્રભુ પાસે અણુસણ અંગીકાર કર્યું. રાજા પણ પરિવાર સહિત ઘણા હર્ષથી નિરંતર તેનો મહોચ્છવ કરવા લાગ્યો.

॥૪૭૯॥

અશ્વ પણ આત્મભાવમાં સાવધાન થયો, વારંવાર તે મહાપ્રભુનું મુખ જોવા લાગ્યો. ઉલ્લસિત કર્ણપુટથી પ્રભુનાં વચનામૃતો સાંભળવા લાગ્યો, ઇત્યાદિ શુભ ભવમાં અવશેષ પન્દર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસનું આયુષ્ય પૂર્ણ, કરી પંચ પરમેષ્ઠી મહામંત્રનું સ્મરણ કરતાં તે અશ્વ મરણ પામી સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

દેવ થયા પછી તરત જ અવધિજ્ઞાનના પ્રયોગથી તેણે પોતાનો અશ્વનો પાછલો ભવ દીઠો. જિનેશ્વરનો કરેલો મહાન ઉપકાર સ્મરણ થતાં તે તત્કાળ મહાપ્રભુ પાસે આવ્યો. આવતાં જ નાના પ્રકારના મણિ, રત્ન, કનક, પુષ્પાદિની વૃષ્ટિ કરી તે પ્રભુના ચરણારવિંદમાં નમી પડયો. ભક્તિભાવની લાગણીપૂર્વક, વીણા, વેણુ, મૃદંગ વિગેરે દિવ્ય વાજીંત્રોવડે, ઉત્તમ ગીત, નૃત્ય કરી તે પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—હે ભગવાન્! સંસારસમુદ્ર તરવા માટે આપ યાનપાત્ર (વહાણ) સમાન છો. સંસારદુઃખથી ત્રાસ પામેલા જીવોને તમે શરણાગતવત્સલ છો. હે પ્રભુ! તમારા જેવા આંતરરોગને દૂર કરનાર મહાન્ વૈદ્યો દુનિયામાં છતાં, આ જન્માંધ–અજ્ઞાનાંધ મનુષ્યો દુનિયામાં શા માટે અથડાયા કરે છે? હે મહાપ્રભુ! આપના બોધ વચનોનું પાન કરતાં અશ્વ જેવું તિર્યંચપણું મૂકી હું હમણાં દેવપણે ઉત્પન્ન થયો છું. હે નાથ! જેમ દેવપણું આપ્યું તેમ અપવર્ગ (મોક્ષ) પણ આપવાની મારા પર કૃપા કરો. ઇત્યાદિ વિવિધપ્રકારે પ્રભુની સ્તુતિ કરી પોતાના આત્માને કૃતાર્થ માનતો તે દેવ પોતાને સ્થાને ગયો.

ભગવાન મુનિસુવ્રતસ્વામી પણ ભરૂયચ્ચમાં કેટલાક દિવસો રહીં, અનેક જીવોને પ્રતિબોધ આપી અન્ય સ્થળે વિહાર કરી ગયા. સાડા સાત હજાર વર્ષપર્યંત પૃથ્વીતળ પર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચરી અનેક જીવોનો ઉદ્ધાર કરી, જેઠ માસની કૃષ્ણ નવમીને દિવસે સમ્મેતશિખરના પહાડ પર નિર્વાણ પામ્યા.

આ મુનિસુવ્રતસ્વામીના પાંચ કલ્યાણકોને દિવસે જે મનુષ્ય ઉપવાસ, આંબિલ, નિવી અને એકાસણા પ્રમુખ તપ કરીને, મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાનું પૂજન કરી આત્માને ધર્મ-ધ્યાનથી વાસિત કરતો વિચરે છે, તેનાં વિવિધ પ્રકારનાં સેંકડો વિઘ્નો દૂર થાય છે. અનુક્રમે નર, સુરસુખ પામી આત્મિકસુખ પામે છે.

મુનિસુવ્રતસ્વામીએ અહીં અશ્વને પ્રતિબોધ આપ્યો તે દિવસથી ભરૂયચ્ચનું **અશ્વાવબોધ** તીર્થ પ્રખ્યાતિ પામ્યું છે.

સુદર્શના ! જિનેશ્વરનાં ચરણકમળોથી અલંકૃત થયેલું હોવાથી આ શહેર પવિત્ર ગણાય છે. અહીં આવેલા અધર્મી જીવો પણ નિમિત્ત યોગે સહેલાઈથી સમ્યક્ત્વ પામી શકે છે.

કમળ, ધ્વજ, કલશ અને ચક્રાદિકથી અલંકૃત જિનેશ્વરના ચરણો જે ભૂમિ ઉપર સ્થાપન થયેલા હોય અથવા સ્થાપન કરાવામાં આવ્યાં હોય તે ભૂમિ પણ વિચારવાનોને ઉત્તમ પ્રવૃત્તિમાં નિમિત્તભૂત થાય છે. આ જ કારણથી ભરત રાજાએ અષ્ટાપદ અને શત્રુંજયાદિ પર્વતો પર જિનમંદિરો બંધાવ્યાં હતાં. જિનભવન, બિંબપૂજા, યાત્રા, બધી અને સ્નાત્ર મહોચ્છવાદિક, તે ભાવસ્તવનું કારણ છે. સૌમ્ય, શાંત વીતરાગ મુદ્રાસૂચક નિજબિંબને દેખતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધર્મી જીવો પણ વિચારદૃષ્ટિએ બોધિબીજ પામે છે. સુદર્શના ! વૈતાઢ્ય પહાડ પર જિનમુદ્રાના દર્શન અને પૂજનથી તેં પોતે પણ બોધિબીજ પ્રાપ્ત કર્યું હતું. આ પ્રમાણે પરલોકના સાધનભૂત કર્ત્તવ્યોનો ઉપદેશ સંક્ષેપમાં મેં તને કહી સંભળાવ્યો છે. હવે છેલ્લો ઉપદેશ જિનભુવન અને બિંબપૂજન વિધિનો તને સંભળાવું છું, તેનું શ્રવણ કર.

પ્રકરણ ૩૭ મું.

જિનમંદિર બનાવવાની અને પૂજન કરવાની વિધિ

આ આઠ ગુણ સહિત જે મનુષ્ય હોય તેમને જિનભુવન અને જિનબિંબ બનાવવાનો અધિકાર છે. જાતિવાન. ૧, કુલવાન. ૨, દ્રવ્યવાન. ૩, ગુરુનો વિનય કરનાર. ૪, સ્વજનોને માનનીય. ૫, ભક્તિવાન. ૬, રાગાદિ દોષોનો ત્યાગ કરનાર. ૭, અને ઉદારદીલ ઉદારતાવાન. ૮— આ આઠ ગુણમાંથી કદાચ મધ્યમ ગુણવાન ન હોય તોપણ કદાચિત ચાલી શકે. પણ જઘન્ય ગુણવાળા મનુષ્યો પ્રતિમાજી કે મંદિર બંધાવવાને લાયક યા યોગ્ય નથી કેમકે તેથી તે પ્રતિમાજી કે મંદિર ઉપર બીજા મનુષ્યોને આદરભાવ થતો નથી. એટલે અનાદરણીયતાદિ અનેક દોષ ઉત્પન્ન થવા સંભવ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુદર્શના ! તું આ સર્વ ગુણસંપન્ન છે, માટે જિનમંદિર બાંધવાનો તને અધિકાર છે. આ સમવસરણની ભૂમિને સ્થાને તે મંદિર બંધાવવું તને યોગ્ય છે. જિનેશ્વરનાં ચરણકમળનાં સ્પર્શથી આ સમવસરણની ભૂમિકા પવિત્ર છે તોપણ જ્ઞાનીઓએ કહેલું છે કે મંદિર બંધાવતાં પ્રથમ વિધિપૂર્વક મંગળ કરવું જોઈએ. ઉત્તમ કાર્યો વિધિપૂર્વક કરવાથી મહાન્ ફળ આપે છે. વિધિ વિનાના ઉત્તમ કાર્યો તાદૃશ ફળ આપતાં નથી. તીર્થંકરો કૃતકૃત્ય થાય છે. તેમને કરવાનું કાંઈ પણ બાકી હોતું નથી કારણ દેવો પણ જેમની આજ્ઞા માન્ય કરે છે અને પૂજન કરે છે એટલે વિધિ ન કરવાથી તેમને કાંઈ લાભ કે નુકસાન નથી. તથાપિ તીર્થની ઉન્નત્તિ કરવા માટે જિનભુવન બંધાવવામાં વિધિ કરવી જોઇએ.

પ્રથમ જિનમંદિરના પ્રારંભમાં દિશિ દેવતાઓ (દિક્પાળો)ની પૂજા કરવી, યાચકોને દાન આપવું, સ્વજનોનું સન્માન કરવું અને નગરના લોકોને ખુશી કરવા. જિનમંદિર બંધાવવા માટે જોઈતા પથ્થર આદિ નિમિત્ત જ્ઞાનપૂર્વક અને વિશેષ મૂલ્ય આપીને લાવવા. સામા વેચનારનું દિલ દુખાવી ઓછી કિંમત આપી ન લાવવા. તે પણ ત્રસ જીવોની વિરાધના ન થાય તેમ યતનાપૂર્વક લાવવા લેવા જોઈએ; કેમકે આ ધર્મ અર્થે આરંભ છે તેથી દરેક કાર્ય યતનાપૂર્વક કરવું જોઇએ. ભૂમિમાં રહેલા શલ્યાદિ દોષ (વાસ્તુશાસ્ત્રાદિકમાં કહેલા દોષ) દૂર કરવા ત્યાર પછી જ તે ભૂમિ ઉપર મંદિર બંધાવવું. આ પ્રમાણે કરવાથી તે મંદિર સદાને માટે ઘણું પ્રભાવિક થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

વિજ્ઞાની (શલાટ–કડીયાદિ) તથા કામ કરવાવાળો મજૂર, નોકર ચાકરાદિકને અવસરે દાન આપી સંતોષિત રાખવા તેથી તેઓ મંદિર બંધાવનારનું ભલું ઇચ્છતા લાગણીથી અને સંતોષથી કામ કરે છે, તે મંદિરમાં મુનિસુવ્રતસ્વામીનું બિંબ વીશ ધનુષ્ય પ્રમાણનું મસ્કત મણિમય બનાવવું. તેમનાં પ્રમાણ પ્રમાણે બનાવતાં તે બિંબ સાક્ષાત જાણે તે પ્રભુને જોતા હોઈએ તેમ જોનાર મનુષ્યને આનંદ ઉત્પન્ન કરી તેમના ગુણગણને સ્મરણ કરવાનું નિમિત્તભૂત થાય છે.

શાસનની પ્રભાવના માટે, ઉન્નતિ માટે જે મનુષ્યો જિનમંદિર બંધાવે છે તે મનુષ્યો દેવવિમાનમાં ઉત્પન્ન થાય છે.

સૌમ્ય, સ્થિર, વિશાળ અને પાપહર જિનબિંબ બનાવનાર અમર અપ્સરાઓથી પરવર્યો છતો દૈવિક વૈભવો ભોગવે છે.

પવિત્ર થઈ મનને નિર્મળ કરી જે મનુષ્યો સુગંધી પુષ્પોથી ભક્તિપૂર્વક જિનેશ્વર દેવની પૂજા કરે છે તે દિવ્ય પુષ્પમાલાથી અલંકૃત થઈ દેવલોકમાં વસે છે.

જિનેશ્વરનાં દર્શન–યાત્રા અને તેમની આગળ શુભ ભાવથી નૃત્યાદિ પોતે કરે, બીજાને ઉપદેશ આપી કરાવે અથવા તેમ કરનારની અનુમોદના કરે–પ્રશંસા કરે તથા પોતે પણ તે મહાપ્રભુની–પ્રભુના ગુણની સ્તુતિ કરે તો તે પોતે પણ અમર રમણીઓથી પૂજાય છે–સ્તવના કરાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભૃંગાર, આરતિ, કળશ, ધૂપધાણું, શંખ અને જયઘંટાદિ જિનમંદિરમાં આપવાથી તે મહર્દ્ધિક દેવ થાય છે.

નિર્ધન મનુષ્યો પણ પરિણામની નિર્મળતા યા પવિત્રતાપૂર્વક જિનબિંબનું પ્રમાર્જન કરી, જિનેશ્વરની સ્તવના કરે, ગાયન કરે, નૃત્ય કરે, કરનારાઓની અનુમોદના કરે, તો તે મનુષ્યો પણ પરમ બોધિને (સમ્યકત્વને) પામી, અમર, નર સંબંધી વૈભવ ભોગવી નિયમથી સાત, આઠ ભવમાં નિર્વાણ પામે છે, માટે આ સર્વ કર્ત્તવ્યો ભક્તિપૂર્વક શક્ત્યનુસાર યતનાથી વિશુદ્ધ પરિણામે કરવાં.

સુદર્શના ! આ સર્વ કર્ત્તવ્યો તારે સ્વાધીન છે કે જે કર્ત્તવ્યો મેં તને અનુક્રમે બતાવ્યાં છે. તે સર્વ કર્ત્તવ્યો વિધિપૂર્વક જો તું કરીશ તો તેનાં ફળો પરંપરાએ તને મોક્ષપર્યંત પ્રાપ્ત થશે.

જ્ઞાનભાનુ ગુરુનો ઉપદેશ સાંભળી સુદર્શનાના આનંદનો પાર ન રહ્યો. 'હું ભરૂચ જઈશ. અને ત્યાં એક સુંદર જિનમંદિર બંધાવીશ.' એવી પોતાની પ્રથમ જ ભાવના હતી. તેમાં ગુરુશ્રીના ઉપદેશનું પોષણ મળ્યું. સમવસરણની ભૂમિ ઉપર ગુરુશ્રીએ કહેલ વિધિપૂર્વક એક વિશાળ મંદિર બંધાવવું, એવો પોતાનો વિચાર નક્કી કરી, ગુરુશ્રીને નમસ્કાર કરી, સુદર્શના શીળવતી વિગેરે ત્યાંથી ઊઠ્યા. રસ્તામાં ગુરુશ્રીના ઉપદેશનું મનન કરતાં તેઓ જિતશત્રુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ આપેલા મહેલમાં આવ્યાં. ભોજનાદિ કરી, ધર્મધ્યાન કરવાપૂર્વક આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યા. ગુરુશ્રી પણ પોતાનો કલ્પ (માસકલ્પ વિહાર મર્યાદા) પૂર્ણ થતાં અન્ય સ્થળે વિહાર કરી ગયા.

પ્રકરણ ૩૮ મું.

સમળીવિહાર અને આજ્ઞાપત્ર

રાજકુમારીના હૃદયમાં ગુરુશ્રીનો ઉપદેશ રમણ કરી રહ્યો હતો. ધર્મગુરુનો અપૂર્વ ઉપગાર કોઈ પણ ભવમાં તેનાથી ભુલાય તેમ ન હતો. સમળી જેવા તિર્યંચના ભવમાંથી રાજકુમારી જેવા મનુષ્ય ભવમાં આવવાનું કોઈ પણ ઉત્તમ નિમિત્ત હોય તો તે કૃપાળુ ગુરુશ્રી જ હતા. સુદર્શનાએ આ આખી માનવ જિંદગી જ ધર્મ પાછળ અર્પણ કરી હતી તો ક્ષણભંગુર દ્રવ્યની અપેક્ષા તેને કયાંથી હોય? ગુરુશ્રીનો ઉપદેશ મસ્તક પર ચડાવી શુભ દિવસે જિનમંદિર બાંધવાનો તેણે નિશ્ચય કર્યો.

શુભ દિવસે શ્રીસંઘને પોતાને ત્યાં બોલાવી, આદરસત્કાર કરવારૂપ તેમનું પૂજન કર્યું

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શહેરના લોકોનો સત્કાર કર્યો. સૂત્રધાર (કારીગર)ની દ્રવ્ય અપર્ણરૂપ દ્રવ્યપૂજા કરી. વિનયથી તે કારીગરોને રાજકુમારીએ અભ્યર્થના કરી કે–આ મારી લક્ષ્મી તમને સ્વાધીન કરૂં છું. તમારી ઉત્તમ કારીગરીનો અને તમારા ડહાપણનો ઉપયોગ કરી તમારે એવું સુંદર જિનમંદિર બાંધવું, બનાવવું કે તેને દેખીને દેવો પણ તેના ગુણકીર્તન કરવામાં તત્પર થાય. જૈન વિધિમાં નિપુણ આ ઋષભદત્ત શ્રાવક તને સહાયક તરીકે સોંપું છું કેમકે સહાયક સિવાય સમીહિત કાર્ય થતું નથી.

શ્રેષ્ઠી ઋષભદત્તને સુદર્શનાએ જણાવ્યું. ભદ્ર! તમે જૈનધર્મમાં નિપુણ છો, તો પણ અંતઃકરણની લાગણીથી ફરીને હું તમને કહું છું કે–જે પ્રમાણે જે વિધિએ ગુરુશ્રીએ જિનમંદિર બંધાવવાનું કહ્યું હતું તે જ વિધિ પ્રમાણે યતનાપૂર્વક આ મંદિર બંધાવજો. તેમાં જરા પણ ફેરફાર ન થાય તેને માટે જોઈતા દ્રવ્યની આપણી પાસે કાંઈ ઓછાશ નથી.

ઋષભદત્તે તથા સૂત્રધારે વિનયપૂર્વક તેનાં વચનો અંગીકાર કર્યા.

સુદર્શનાનો આદેશ મળતાં જ ઋષભદત્ત કારીગરોને સાથે લઈ સમવસરણની ભૂમિ તરફ ગયો. મંદિર બંધાવવાની ભૂમિનો નિર્ણય કરી નિમિત્ત અને પરીક્ષાપૂર્વક, ઉત્તમ મુહૂર્તે શુદ્ધ ભૂમિ ઉપર સૂત્રધારે જિનમંદિરનો પ્રારંભ કર્યો. ॥૪૮૭॥

જિનમંદિર બાંધવાની શરૂઆત થઈ તે દિવસથી સુદર્શનાએ ત્યાં રહેલા જિનમંદિરમાં વિશેષ પ્રકારે સ્નાત્ર, પૂજા વિગેરે માંગલિક કર્ત્તવ્યો કરવાં–કરાવવાં શરૂ કર્યા. દીન દુઃખિયા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવોને દાન આપવા માંડયું. સંઘની પૂજા કરવા માંડી. વ્યાધિથી વિધુર મનુષ્યોને ઔષધ આપવા માંડયા. પોતાની માલિકીવાળાં ગામોમાં અમારી પડહ વગડાવ્યો અને ધર્મને યોગ્ય જીવોને જોઈતી મદદ આપવી શરૂ કરી.

કારીગરોને વિવિધ પ્રકારના ભક્ષ્ય, તંબોળ, પુષ્પ અને વસ્ત્રાદિ આપવા લાગી અને તેના ઉત્સાહમાં વધારો થાય તે માટે તેમના યોગ્ય કાર્યની પ્રશંસા કરી શાસ્ત્રમાં કહ્યું છે કે—

धम्मकज्जे निबद्धमुल्लस्स तह विसेसेण।
अहिययरं दायव्वं जेण पसंसेइ सव्वोवि ॥ १ ॥

ધર્મકાર્યમાં કામ કરનારાઓને જે મૂલ્ય આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હોય તે મૂલ્યથી પણ વિશેષ પ્રકારે વધારે ધન તેઓને આપવું તેમ કરવાથી તેઓ સર્વે પણ અથવા અન્ય સર્વ મનુષ્યો તે કાર્યની પ્રશંસા કરે.

ધર્મની પ્રશંસા કરાવવી તે પણ એક જાતનો ધર્મ છે યા ધર્મનું કારણ છે. પ્રશંસા ધર્મ કોઈએ કયારે પણ કોઈ પ્રકારે દૂષિત ન કરવો. જ્યાં આવી ભાવદયા છે ત્યાં શાશ્વત સુખ રહેલું છે. ॥ ४८८ ॥

આ પ્રમાણે અનેક કારીગરોથી તૈયાર થતું મંદિર મહાન્ ઊંચાશિખરો સહિત છ માસમાં તૈયાર થયું. આ મંદિરનાં તળિયાનો ભાગ સ્ફટિકની શિલાઓથી બાંધવામાં આવ્યો હતો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમારીના સમ્યક્ત્વની માફક તે તળિયાંનો ભાગ મજબૂત અને સ્થિર હતો. તે તળિયાંની જમીન એક ગાઉ જેટલાં વિસ્તારમાં રોકવામાં તથા બાંધવામાં આવી હતી, તે મંદિર સાત મજલાનું બાંધવામાં આવ્યું હતું. મંદિરની ચારે બાજુ ફરતો કિલ્લો બાંધી લેવામાં આવ્યો હતો, આ કિલ્લામાં રફાટિકની શિલાઓ નાખવામાં આવી હતી. ઉત્તરના સન્મુખ સુવર્ણનું તોરણ કરવામાં આવ્યું હતું. સોનાના પાટા (ચોપો) અને મણિ રત્ન જડેલાં તે મંદિરનાં દ્વારો બનાવવામાં આવ્યાં હતાં. તે દ્વારો લોઢાની મજબૂત અર્ગલાઓ (ભોગળો)થી સંયમિત કરવામાં આવ્યાં હતાં. મંદિરના પગથીઆઓમાં પણ સુવર્ણ, મણિ અને રત્નો જડવામાં આવ્યાં હતાં. રત્નજડિત સુવર્ણમય સંખ્યાબંધ સ્થંભો તે મંદિર ટેકાવવા માટે મૂકવામાં આવ્યાં હતાં. રૂપ, સૌભાગ્યના ગર્વને ધારણ કરતી સાલભંજીકાઓ (પૂતલીઓ) તે સ્થંભો ઉપર ગોઠવવામાં આવી હતી. આકાશના માર્ગમાં આવી ઊભેલાં તે મંદિરના શિખરોમાં ચંદ્રકાંત અને સૂર્યકાંત મણિરત્નો જડવામાં આવ્યાં હતાં. તેની પ્રભાથી સૂર્ય–ચંદ્રની પ્રભાનો પરાભવ થતો હોય તેમ જણાતું હતું. શિખરના અગ્ર ભાગ ઉપર રત્નજડિત સુવર્ણનો કળશ સ્થાપવામાં આવ્યો હતો. સુવર્ણના દંડવાળો શ્વેત ધ્વજપટ્ટ (ધ્વજદંડ) શિખર ઉપર ફરકતો, ઉલ્લાસ પામતો–દુનિયાંની બીજી-અન્ય મનહરતાનો નિષેધ કરતો હોય નહિ તેમ ભાસ આપતો. ટૂંકામાં કહીએ તો શાક્ષાત્ દેવવિમાન હોય નહિ તેવું જિનમંદિર તૈયાર થયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે મંદિરમાં બિરાજમાન કરવા માટે વીશ ધનુષ્ય પ્રમાણની (આ ધનુષ્ય માપની સંજ્ઞા અત્યારના મનુષ્યોના શરીર પ્રમાણે ગણવામાં આવી છે. નહિતર પોતાની અપેક્ષાએ તો સાડા ત્રણ હાથ જેટલું શરીર ગણી શકાય) મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા મરકત રત્નમય બનાવવામાં આવી હતી. તે પ્રતિમાનાં નેત્રો કમલદલ જેવાં મનોહર શોભતાં હતાં. અષ્ટમીના ચંદ્રની માફક વિશાળ ભાળસ્થળ શોભી રહ્યું હતું. પકવ બિંબ જેવા ઓષ્ઠ પુટ, સરલ નાસિકા, સૌમ્ય મુદ્રા અને પૂર્ણચંદ્ર જેવું મુખકમળ શોભા આપતું હતું. પ્રતિમાજીના અંગની કાંતિ અદ્‌ભુત હતી. પદ્મમાસને બેઠેલ સ્થિતિમાં તે આકૃતિ હતી. દૃષ્ટિયુગ્મ નાસિકાના અગ્રભાગ પર સ્થાપિત હતું જગત્‌જીવોના સંતાપને નાશ કરનાર, વીતરાગમુદ્રાસૂચક, શુદ્ધ આત્મસ્થિતિનું ભાન કરાવનારી તે મૂર્ત્તિ હતી.

મુખ્ય મંદિરની ચારે બાજુ ચોવીશ તીર્થંકરોના ચોવીશ મંદિર બાંધવામાં આવ્યાં હતાં. ઉચિત પ્રમાણવાળી, તીર્થંકરોના જુદા જુદા વર્ણ અનુસાર તેમાં પ્રતિમાજીઓ સ્થાપન કરવામાં આવી હતી.

તે મંદિરની પ્રતિષ્ઠા કરવાના અવસરે ચતુર્વિધ સંઘને નિમંત્રણા કરવામાં આવી હતી. દશ દિવસપર્યંત જિતશત્રુ રાજાએ પોતાના સર્વ દેશમાં અમારીપહડ વજાવ્યો હતો. નાના પ્રકારનાં ભક્ષ્યભોજન ખાદ્ય, બલી, પુષ્પ, ફળ, અક્ષત અને જવ આદિ પ્રતિષ્ઠાપન વિધિમાં

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપયોગી વસ્તુઓ ત્યાં મૂકવામાં આવી હતી. તેમજ સર્વ ઔષધ્યાદિ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

પ્રતિષ્ટાપન મહોચ્છવ પ્રસંગે શુદ્ધ જાતિ કુળમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મચારી, સંપૂર્ણ અંગવાળા અને શ્વેત વસ્ત્ર ધારણ કરવાવાળા જિનદર્શનમાં કુશળ ઉત્તમ બત્રીશ શ્રાવકોને ઇન્દ્ર બનાવવામાં આવ્યાં હતાં. ઉત્તમ શણગારવાળી કુલીન સુવાસણ આઠ સ્ત્રીઓના મસ્તક ઉપર સુવર્ણ કલશો સ્થાપન કરી મંગલિક શબ્દો બોલતી ઊભી રાખવામાં આવી હતી.

સ્તુતિપ્રદાન (સ્તુતિ કરવી) મંત્રન્યાસ જિનાદિનું આહ્વાહન દિગ્બંધન નેત્રઉન્મિલન (અંજન સલાકા) અને દેશના આ અધિકાર ગુરુવર્ગનો છે તે પ્રમાણે ઉત્તમ લગ્ન આવતાં જ ગુરુશ્રીએ પોતાનું કાર્ય શરૂ કર્યું.

આ પ્રતિષ્ઠાના અવસરે ગાંધર્વો મધુર સ્વરે જિનગુણનું ગાન કરી રહ્યા હતા. વિવિધ પ્રકારનાં વાજીંત્ર વાગી રહ્યાં હતાં. સુરવધુની માફક સુંદર રમણીઓ નૃત્ય કરી રહી હતી. જય જય શબ્દોનો ગંભીર ઘોષ થઈ રહ્યો હતો અનેક પ્રકારે દાન અપાતું હતું. આવા મહાન્ મહોત્સવપૂર્વક રાજકુમારી સુદર્શનાએ સદ્‌ગુરુ પાસે મુનિસુવ્રતસ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થતાં. વિધિપૂર્વક સ્નાન કરી સુદર્શનાએ મુનિસુવ્રતસ્વામીની પુષ્પ, આભરણ, વસ્ત્ર, બળી (નૈવેદ) અને સ્તુતિ આદિ પાંચ પ્રકારે પૂજા કરી. સુગંધી ભાવનાચંદન, કેશર,

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

કસ્તૂરી એ આદિના દ્રવે (રસે) કરી તે પ્રભુના શરીરે વિલેપન કર્યું. રાજપુત્રી એ ઇન્દ્રનીલ, વૈડુર્ય અને મરકત રત્નની માફક નીલો, ઉજ્જવળ ચંદ્રની માફક દીપતો સુંદર મુગટ મુનિસુવ્રત-સ્વામીના મસ્તક પર ચડાવ્યો. અંધકારને દૂર કરનાર વિવિધ પ્રકારના રત્નોના કિરણવાળું તિલક ભગવાનના ભાલસ્થળ પર સ્થાપિત કર્યું. મેરુપર્વતના પૂર્વ, પશ્ચિમ ભાગ પર રહેલા ચંદ્ર–સૂર્યની માફક પ્રકાશ કરતાં માણિક્ય જડેલાં કુંડળો જિનેશ્વરના કપોલ મૂલ આગળ સ્થાપવામાં આવ્યાં. જગત્ગુરુની નિર્મળ કીર્તિના કંદની માફક ઉજ્જવળ મોતીઓનો હાર વિશાળ હૃદયપટ્ટ પર પહેરાવવામાં આવ્યો. સકળ જગજંતુઓનું હિત કરનાર જિનેશ્વરના વક્ષસ્થળમાં રાજપુત્રીએ સ્થાપન કરેલું **શ્રીવચ્છ** પુન્યના પુંજની માફક શોભતું હતું. ત્રણ ભુવનના રૂપને જીતનાર ભુવનનાથના બાહુ યુગલ ઉપર રાજકુમારીએ સ્થાપન કરેલ કેયૂર યુગલ સુર, નરના પ્રત્યક્ષ સુખની માફક શોભતું હતું. મંદાર, બકુલ, ચંપક, પાડળ, મચકુંદ, સતપત્ર, કુંદ, માલતી, ગુલાબ, મોગરો, જાઈ. જુઈ, કેતકી, પ્રમુખનાં સુગંધી પુષ્પોની માલા, પ્રભુના કંઠસ્થળમાં આરોપણ કરી. આ પ્રમાણે રાજકુમારી તે પ્રભુની ત્રિકાળ પૂજા કરવા લાગી. જિનેશ્વરની આગળ ધૂપ નિમિત્તે બળતા અગર, કર્પૂરાદિ, તેમાંથી નીકળતો ધૂમ તે જાણે રાજપુત્રીનો પાપ પુંજ બાળતો હોય તેમ જણાતો હતો.

કંસાલ, કાહલ, મૃદંગ, ઝાલર, ભંભા, માદળ, પણવ, શંખ, નંદી વગેરે જિનેશ્વર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ વગાડાતા વાજિંત્રના શબ્દો જાણે રાજકુમારીના જયનો પડહ દુનિયામાં વાગતો હોય તેમ કવિઓ અનુમાન કરતાં હતાં.

સુદર્શનાએ જિનેશ્વરની આગળ ગીત, નૃત્યાદિ ભક્તિ કરવા માટે, રતિના રૂપને જીતે તેવી સ્વરૂપમાન સ્ત્રીઓની ચોસઠ કળાને જાણનારી, નવ પ્રકારના રસથી પુલકિત અંગવાળી અને ધન, કનકાદિ સમૃદ્ધિ પાત્ર અનેક વિલાસણીઓ પોતાની પાસે રાખી.

રાજકુમારીએ, દુઃખિયાં, દુઃસ્થિત મનુષ્યો માટે અનેક પ્રકારનાં ભોજનોની સામગ્રીવાળી અનેક દાનશાળાઓ ચાલુ કરી.

સ્વધર્મીઓ માટે દાનશાળા, ઔષધશાળા અને ધર્મશાળાઓ બંધાવી. મુનિઓને ભક્તિપૂર્વક નિર્દોષ આહાર, સુપાત્ર બુદ્ધિથી પોતાને હાથે આપવા લાગી.

ત્રણ જગત્માં સારભૂત અંગોપાંગાદિ તત્ત્વનાં અનેક પુસ્તકો ભક્તિથી લખાવ્યાં.

આ પ્રમાણે વિવેકવાળી સુદર્શનાએ પોતાના દ્રવ્યનો સાતે ક્ષેત્રોમાં અખંડ પરિણામે છૂટથી વ્યય કર્યો.

અશોક, બકુલ, ચંપક, પાડલ અને મંદારાદિ વૃક્ષોની ઘટાવાળું અને સર્વ ઋતુઓનાં પુષ્પોવાળું એક સુંદર ઉદ્યાન જિનાયતનને માટે આપ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇત્યાદિ કર્ત્તવ્યોથી સંપૂર્ણ જિનમંદિર બંધાવી-બનાવી તેમાં નીચે પ્રમાણે પ્રશસ્તિ લખવામાં આવી.

પરમ ભક્તિથી નમન કરતાં ઇન્દ્રાદિ દેવોના મુગટના મણિઓથી જેના ચરણો સંઘટ્ટિત થઈ રહ્યા છે તથા ભક્તિરસના આવેશમાં દેવેંદ્રો જેઓની વિવિધ ભંગીથી સ્તુતિ કરી રહ્યા છે તે શ્રીમાન્ મુનિસુવ્રતસ્વામી તીર્થાધિપતિ તમારું રક્ષણ કરો. મોક્ષનગરના દ્વાર ખોલવામાં મદદ કરનાર આ શકુનિકાવિહાર (સમળી મંદિર) સર્વ સ્થળે પ્રસિદ્ધિ પામેલુ અને વંદનીય છે. જિનેશ્વરના વચનામૃતોની દેવોએ પણ અનેકવાર સ્તુતિ કરી છે. તે મહાપ્રભુની વાણી અમને શ્રુતજ્ઞાનરૂપ દિવ્ય નેત્રો આપો. એક, બે, ત્રણ, ચાર. પાંચ કે છ ખંડના અધિપતિ રાજા, મહારાજાઓ અથવા એકાદિ ગામના અધિપતિ ઠાકોરો તમે મારું વચન સાંભળો. હે કૃતપુન્યો! પરોપકાર પ્રવીણો! કુલીનો! ભવભયથી ભય પામેલાઓ! હું તમને એક વિજ્ઞપ્તિ કરું છું કે, કમળિનીના પત્ર ઉપર રહેલા જળબિંદુની માફક જીવિતવ્યને ચપળ જાણી અથવા શરદ ઋતુના અભ્રપટળોની માફક સંપત્તિને ક્ષણભંગુર જાણી તમે જિનધર્મ કરવામાં સાવધાન થાઓ.

હું સિંહલદ્વીપના અધિપતિ શ્રીમાન્ શિલામેઘ નરાધિપતિની પુત્રી કુમારી સુદર્શના છું. મને પૂર્વ પાછલા જન્મનું જ્ઞાન થયું છે. તેનાથી પૂર્વજન્મમાં વિવિધ પ્રકારના અનુભવેલાં દુઃખોનું સ્મરણ મને થયું છે. તે જોઈને હું સંસારવાસથી વિરકત બની છું. મારા પૂજ્ય પિતાની

॥ ૪૯૪ ॥

P.P. Ac Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજ્ઞા લઈને મારા પૂર્વ જન્મના નિવાસવાળા ભરૂયચ્ચ શહેરમાં આવીને આ જિનાયતન-જિનમંદિર મેં બંધાવ્યું છે.

શ્રીમાન્ લાટદેશાધિપતિ સમુદ્રના કિનારાપર્યંત અને નર્મદા નદીના તટ ઉપર જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. તેના કલ્યાણકારી વિજયવાન્ રાજ્યમાં મેં આ મંદિર બંધાવ્યું છે. તે રાજાએ જ મને સ્વધર્મી જાણીને એક દિવસમાં અશ્વ અને હાથી જેટલી જમીન ઉપર દોડીને જઈ શકે તેટલી જમીન બક્ષીશ તરીકે આપી છે. તે ગ્રામાદિકનો ઉપયોગ હું આ પ્રમાણે કરું છું.

શ્રીમાન્ મુનિસુવ્રતસ્વામી અધિષ્ટિત આ શકુનિકાવિહારના નિભાવ અને રક્ષણ અર્થે, તેમજ મારા બનાવેલાં દરેક દાનશાળાદિ ખાતાઓના નિભાવ અને રક્ષણાર્થે આઠસો ગ્રામ, આઠ બંદર અને આઠ કિલ્લાવાળા ગામોની ઉપજ હું સોપું છું. તેની મર્યાદા પૂર્વદિશા તરફ ઘોટકગંધપુર પર્યંત છે. અને દક્ષિણ દિશા તરફ હસ્તીમુંડકપુર સુધી છે. આ સર્વ હું અર્પણ કરી દઉં છું તે પ્રમાણે પાલન કરજો.

આ પૃથ્વી પર અનેક રાજાઓ થઈ ગયા છે અને હજી પણ થશે. આ પૃથ્વી કોઈની સાથે ગઈ નથી અને જવાની પણ નથી. આ ધરાધીશપણું લક્ષ્મી અને જીવિતવ્ય સર્વ ચપળ છે. કીર્ત્તિ અમર છે. આ અસાર શરીરથી પરોપકાર કરવો તે જ શ્રેષ્ઠ છે.

આ પ્રમાણે ભક્તિથી બનાવેલા શકુનિકાવિહારમાં સુદર્શનાએ શિલાલેખ બનાવરાવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે મંદિરમાં પથ્થર ઉપર મજબૂત બેસાડવામાં આવ્યો.

(છેવટે લખવામાં આવ્યું કે) જિનધર્મી મહારાજાઓ જ્યાં સુધી આ પૃથ્વીનો ઉપભોગ કરે (તે પૃથ્વી પર રાજ્ય કરે) ત્યાં સુધી સંસારનો ઉચ્છેદ કરનાર અર્થાત્ સંસારનો પાર પમાડનાર આ તીર્થ વિજયમાન્ રહો.

પ્રકરણ ૩૯ મું.

સુદર્શનાનું ધર્મમય જીવન અને દેવભૂમિમાં ગમન

મંદિર પૂર્ણ થયા પછી સુદર્શના નિરંતર ભક્તિથી આદર પૂર્વક પ્રભુનું પૂજન કરતી હતી. ત્રિકાળ સ્નાત્ર અને અર્ચનમાં દિવસનો મોટો ભાગ પસાર કરતી હતી. તેમ જ સુપાત્રમાં દાન આપતાં દિવસો પસાર કરતી હતી.

બીજાં ધર્મકાર્યોમાં શિથિલ આદરવાળી અને મંદિરમાં જ લીન થયેલી સુદર્શનાને દેખી શીલવતીએ આદરથી સુદર્શનાને કહ્યું : પુત્રી! જુઓ કે જિનમંદિર ઉપયોગી છે, છતાં મંદિર કરતા જિનેશ્વરોએ તપ સંયમને અધિક કહ્યો છે. આ દેહ ક્ષણભંગુર છે તેમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાશ્વતસુખના કારણરૂપ, આ દેહથી તપ, સંયમાદિ કરી લેવાં એટલું જ સારભૂત છે. ધર્મનું મૂલ દયા છે. દયાનું મૂલ તપ છે. તપનું મૂલ જ્ઞાન છે. અર્થાત્ દયાથી તપ અધિક છે. તપથી જ્ઞાન અધિક છે, જ્ઞાનથી નિર્વાણ પ્રાપ્ત થાય છે. આ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવી જોઈએ. માટે સુદર્શના ! આપણને હવે તપ કરવો તે યોગ્ય છે. જ્ઞાનીઓ પણ આ પ્રમાણે જ કહે છે.

कंचणमणिसोवाणं थंभसहस्सूसियं सुवन्नतलं ।
जो कारिज्जइ जिणहरं तओ वि तवसंजमो अहिओ ॥१॥

સોના અને મણિના પગથિયાવાળું, સુવર્ણના તળીયાવાળું અને હજારો થંભોની ઊંચાઈવાળું જે મનુષ્ય જિનમંદિર બંધાવે તેના કરતાં પણ તપ, સંયમનું ફળ અધિક છે.

સુદર્શનાએ વિનયથી કહ્યું : અંબા ! જો એમ જ છે તો આપણે ગુરુશ્રીએ બતાવેલ તપ શરૂ કરીએ. આપનું કહેવું સત્ય છે. જીવિતવ્ય અને યૌવન ચંચળ યાને અનિત્ય છે. આપણે કયો તપ કરીશું ?

શીળવતીએ કહ્યું પુત્રી ! સર્વાંગસુંદર તપ કરવાનો મારો વિચાર છે. સુદર્શનાએ કહ્યું તે તપ કેવી રીતે થાય ?

॥ ૪૯૭ ॥

શીળવતીએ કહ્યું : અજવાળા પક્ષમાં એકાંતરે ઉપવાસ કરવા. પારણે આંબિલ કરવું. નિરંતર જિનેશ્વરનું પૂજન કરવું. આ તપ ચૈત્ર માસમાં શરૂ કરવો જોઈએ. છેવટે તપ પૂર્ણ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

થતાં એક મોટી પૂજા કરી, મુનિઓને દાન આપવું. દુઃખિયાઓને મદદ આપવી વિગેરે વિધિ છે. સુદર્શના અને શીળવતી બન્ને જણાંએ તે તપ શરૂ કર્યો. જિનપૂજન, સુપાત્રદાન, પરોપકાર, અને તપશ્ચરણાદિ શુભ ભાવમાં તે તપ પૂર્ણ થયો, તરત જ અંધારા પક્ષમાં નિરૂજસીંહ તપ શરૂ કર્યો. જેમાં પૂર્વોક્ત તપશ્ચર્યા સહિત, ગ્લાનમુનિ શ્રાવકો અને કોઈ પણ રોગી મનુષ્યને–જીવોને ઔષધાદિ આપી નિરોગી કરવાનું પણ કામ કરવાનું હતું. તે તપ પણ પૂર્ણ થયો. ત્યાર પછી પરમભૂષણ તપ શરૂ કર્યો. આ તપમાં એકાંતરે ઉપવાસ, પારણે આંબિલ–આવાં બત્રીશ આંબિલ જેમાં આવે છે તે તપ, વિધિપૂર્વક પૂર્ણ થયો. ત્યાર પછી બીજા પણ દીક્ષા કલ્યાણક તપ, નિર્વાણ તપ, કર્મસૂડન તપ. રત્નાવલી તપ, મુક્તાવલી તપ, ભદ્ર, મહાભદ્ર–સર્વતોભદ્ર, ઇત્યાદિ વિવિધ પ્રકારના તપ કરતાં સુદર્શના અને શીળવતીને આઠ વર્ષ નીકળી ગયા.

એક દિવસે સુદર્શના પોતાના ભુવનમાં સિંહાસન ઉપર શાંતપણે વિચારમાં નિમગ્ન થઇ હતી, તેવામાં તેની એક બહેનપણી ઉતાવળી ઉતાવળી તેની પાસે આવી આદરપૂર્વક કહેવા લાગી. સ્વામિની! વધામણી આપું છું. આપના માતા, પિતાની કુશળ પ્રવૃત્તિ કહેનારી સિંહલદ્વીપથી ધાવમાતા કમળા આવી પહોંચી છે. તે વાત કરે છે તેવામાં કમળા પણ ત્યાં આવી પહોંચી. રાજકુમારીના ચરણમાં નમીને સિંહલદ્વીપ સંબંધી કુશળ સમાચારાદિ સર્વે કહેવા લાગી.

સ્વામિની! આપના પૂજ્ય પિતાશ્રીએ, આપની કુશળ પ્રવૃત્તિ પૂછી છે અને ઇચ્છે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિઓની કુશળતા ચાહી છે અને આપના સમ્યક્ શ્રદ્ધાનની પણ કુશળતા પૂછી છે. આપના વિયોગથી અને ધર્મના સુંદર બોધથી આત્મકલ્યાણ માટે આપના જ્યેષ્ઠબંધુ વસંતસેનને રાજ્ય સોંપી આપના માતુશ્રી તથા પિતાશ્રીએ ચારિત્ર અંગીકાર કર્યું છે. તેમજ તેઓની સાથે તમારા સર્વ બંધુઓએ (વસંતસેન વિના) ચારિત્ર લીધું છે.

'પોતાના માતા, પિતા અને બંધુઓને ધર્મમાર્ગે યોજાયેલાં અને ચારિત્ર લીધેલાં જાણી, સુદર્શનાના આનંદનો પાર ન રહ્યો. સિંહલદ્વીપ તરફ નજર કરી સુદર્શનાએ તેઓ સર્વને પંચાંગ નમસ્કાર કર્યો.'

કમલાએ આગળ ચલાવ્યું. આપના જ્યેષ્ઠ બંધુએ મારી સાથે કહેવરાવ્યું છે કે મારાં લઘુ બહેનને કહેશો કે, ભવાંતરમાં પણ મને ધર્મબોધ આપી જાગૃત કરે. તેવી જ રીતે ધર્મસંબંધી બોધ આપવા માટે પદ્મા નામની તમારી ધાવમાતા અને વાસવદત્ત નામના તેના પુત્રે પણ વિજ્ઞપ્તિ કરી છે.

ચતુર રાજકુમારી કમલાના મુખથી આનંદના સંદેશા સાથે આ સંદેશો સાંભળી (નિમિત્તજ્ઞાનથી) ચેતી ગઈ કે પોતાનો દેહાંત (મરણ) હવે નજીક સંભવે છે. કેમકે જિન વચનનાં સારભૂત રહસ્યો તેના હૃદયમાં રમી રહ્યાં હતાં. ઉપશ્રુત્યાદિ ભાવિ સૂચક નિમિત્તોને તે જિનવચનોથી જાણતી હતી, 'ભવાંતરમાં અમને પ્રતિબોધ કરજો' વ્હાલા મનુષ્યોના ભલે આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વાભાવિક શબ્દો હોય તથાપિ તે શબ્દો ભવાંતર જવાના તરતના પ્રયાણને સૂચક છે. નહિતર પહેલું કોણ જશે? તે નિર્ણય સિવાય આ વાકયો સ્નેહીઓના મુખમાંથી કેમ નીકળે?

તેમજ સિદ્ધાંતના વચનોથી પણ તેણે પોતાના આયુષ્યનો નિર્ણય કર્યો. સિદ્ધાંતમાં કહ્યું છે. (વ્યવહારસૂત્ર સંબંધી ગાથા.)

भूकन्नघोसनासाताराजीहाण अणुवलंभंमि ।
नवपंचसत्ततिण्णि य एगं च दिणं भवे जोयं ॥ १ ॥
धुवचक्कं तह तिपयं अरुंधई जो न नियइ पुणो ।
विवरीयं माइहरं छम्मासे होइ जीयं से ॥ २ ॥

ભમ્મર [ભૃકુટી] ૧ કાનમાં અંગુઠો કે આંગળી નાખવાથી જે શબ્દો અંદર સંભળાય છે તે ૨. નાસિકાનો અગ્ર ભાગ. ૩. આંખની કીકી–તારા બીજાની આંખમાં જોતાં પોતાની આંખ ન દેખાય તે–અથવા પાણી–આરસી વિગેરેમાં મુખ જોતાં આંખની કીકીઓ ન દેખાય તે ૪. અને બહાર કાઢતાં પોતાની જીભ (જીભનું ટેરવું) ન દેખાય ૫. તો નવ. ૧ પાંચ ૨ સાત ૩ ત્રણ. ૪ અને એક દિવસે. ૫ અનુક્રમે તે મનુષ્યનું મરણ થાય. એટલે ભૃકુટી ન દેખાય તો નવ દિવસે. ૧. કાનના શબ્દો ન સંભળાય તો પાંચ દિવસે, ૨. નાકની ડાંડી અગ્ર ન ભાગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેખાય તો સાત દિવસે. ૩. આંખની કીકી ન દેખાય તો ત્રણ દિવસે. ૪ અને જીભ ન દેખાય તો એક દિવસે તે મનુષ્યનું મરણ થાય ૧

તેમજ ધ્રુવ ચક્ર ૧. ત્રિપદ ૨. અરુંધતિ ૩. અને માતૃપદ ૪. આ ચાર વિપરીત દેખાવામાં આવે તો તેનું આયુષ્ય છ માસનું બાકી રહ્યું સમજવું ૨ 'સ્વરોદય શાસ્ત્ર'માં ધ્રુવને નાસિકાનો અગ્ર ભાગ. (કેટલાક ધ્રુવના તારાને પણ ગણે છે–કહે છે કે–ધ્રુવનો તારો જે ઉત્તર દિશામાં ઊગે છે તે ન દેખાય તો છ મહિને મરણ થાય) ત્રિપદને બદલે વિશ્નુપદ વિશ્નુપદ એટલે આંખની કીકી, અથવા ત્રિપદને બદલે ત્રિપથા હોય તો આકાશગંગા એવો અર્થ થવા સંભવ છે. આકાશમાં ધોળા પ્રકાશવાળી ઝાંખી લાંબી જે વાંકીચૂંકી પંક્તિ–હાર જોવામાં આવે તેમને ત્રિપથા કહેતા હોય તેમ સમજવામાં આવે છે. અરુંધતી એટલે જીભ–અને માતૃપદ યા–માતૃમંડળ એટલે ભ્રૂકુટી કહે છે તે પાઠ આ પ્રમાણે છે—

अरुंधतीं ध्रुवं चैव विष्णोस्त्रीणि पदानि च।
क्षीणायुषो न पश्यंति चतुर्थमातृमंडलं ॥ १ ॥
अरुंधती भवेज्जिह्वा ध्रुवं नाशाग्रमुच्यते।
तारा बिष्णुपदं प्रोक्तं भ्रुवः स्यान्मातृमंडलम् ॥ २ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આનો ભાવાર્થ ઉપર લખવામાં આવ્યો છે તે જ છે.

ઇત્યાદિ પૂર્વોક્ત શાસ્ત્ર અને નિમિત્તોથી પોતાનું આયુષ્ય નજીકમાં જ પૂર્ણ થતું જાણી, રાજકુમારીએ શહેરના લોકોને તેમજ પોતાના પરિવારના મનુષ્યોને પોતાની પાસે બોલાવી સર્વજીવોને ખમાવ્યા. પોતાથી જાણતાં કે અજાણતાં કોઈ પણ જીવોને દુઃખ થયું હોય, અપરાધ કર્યો હોય તે સર્વ જીવોની પાસે પોતાના અપરાધની માફી માગી ક્ષમા માગી, મુનિસુવ્રતસ્વામીના મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરાવ્યો. મુનિઓને તથા અનાથોને વિશેષ પ્રકારે દાન આપવું શરૂ કર્યું, મંદિરમાં આવી, જિનેશ્વરને નમસ્કાર કરી, એકત્વ ભાવનાની પ્રબળતાથી પોતાના આત્માને નિઃસંગ બનાવ્યો. હાથ જોડી મુનિસુવ્રતસ્વામીની તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી– હે ત્રિભુવન પ્રદીપ! સુરેંદ્રનતચરણ! ભવજલધિયાનપાત્ર! નિષ્કારણબંધુ! અનાથનાનાથ! દેવાધિદેવ! મુનિસુવ્રતસ્વામી! તું જયવાન રહે, જયવાન રહે. હે દેવ! હું તારી આગળ છેલ્લી વિજ્ઞપ્તિ કરું છું, જન્મ, જરા, મરણોરૂપ મહાન્ કલ્લોલોથી ભીષણ, આ ભવ સમુદ્રમાં ઉત્તમ મનુષ્ય જન્મ મેળવવો તે તારી પ્રસન્નતા કે કૃપાનું જ પરિણામ છે. ઓગણોતેર કોડાકોડી સાગરોપમથી અધિક પ્રમાણ મોહનીય કર્મની સ્થિતિ ખપાવીએ ત્યારે જ તારી સેવા કરવાનો વખત મળે છે, તે પણ તારી પ્રસન્નતાથી જ. હે નાથ જ્યાં સુધી હું નિર્વાણ ન પામું ત્યાં સુધી દરેક જન્મમાં તારું દર્શન, તારું શ્રદ્ધાન અને તારી આજ્ઞાનું પાલન કરવાનું સામર્થ્ય

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને પ્રાપ્ત થવું જ જોઈએ. હે શરણાગતવત્સલ! નિરંતર તારે મારા હૃદયમાં નિવાસ કરવો જ જોઈએ. તને હૃદયથી એક ક્ષણ પણ ન વિસારું તેવો અખંડ આત્મઉપયોગ મારો થવો જ જોઈએ. હે કૃપાળુ દેવ! ફરીને જન્મ, મરણ કરવાં ન પડે તેવી યોગ્યતા–યા સામર્થ્ય–યા–મદદ તું મને આપ. આપ પ્રત્યે મારી આ છેવટની અંતિમ યાચના છે.

ઇત્યાદિ અરિહંતદેવને નમસ્કાર કરી રાજકુમારીએ સિદ્ધભગવાન, આચાર્યશ્રી, ઉપાધ્યાયજી અને કૃપાળુ મુનિઓને ભાવથી નમસ્કાર કર્યો.

આ જિંદગીમાં મન, વચન અને શરીરથી કાંઈ દુષ્કૃત્ય થયું હોય તે સર્વે રાજકુમારીએ આલોવ્યું. તેની ક્ષમા માગી, કષાયનો વિજય કર્યો. ઇચ્છાઓનો નિરોધ કર્યો, એવી રીતે આ જન્મ સંબંધી પાપસ્થાનકો આલોવી, અન્ય જન્મના કરેલાં પાપોનો પશ્ચાત્તાપ કરતી રાજકુમારી આ પ્રમાણે બોલવા લાગી. અનંત સંસારમાં અનેક યોનિઓમાં અને અનેક જીવોના સમાગમમાં–સંબંધમાં કે સહવાસમાં આવતાં મારા તરફથી, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને નાના–મોટા ત્રસ જીવોની કોઈ પણ યોગે, કરવા કરાવવા અને અનુમોદન કરવા રૂપે વિરાધના થઈ હોય તે સર્વ જીવો કૃપા કરી મારો અપરાધ ક્ષમા કરો. તેમજ હું પણ સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મારા મિત્ર છે. મારે કોઈ પણ જીવ સાથે વૈરભાવ નથી.

॥ ૫૦૩ ॥

રાગ–દ્વેષાદિ અભ્યંતર ગ્રંથિનો. અને સજીવ, નિર્જીવ આદિ બાહ્ય ગ્રંથિનો સર્વથા આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શરીરરૂપે અત્યારે હું ત્યાગ કરું છું. આ શરીર હવે થોડા વખતમાં પડવાનું છે. એટલે આ દેહમાં જીવ રહે ત્યાં સુધી ચારે પ્રકારના આહારાદિનો ત્યાગ કરું છું. અર્થાત્ તે તરફથી મારું મન ખેંચી લઉં છું. તેમજ જીવનના આધારભૂત આ દેહની શુશ્રુષાદિ કરવારૂપ મારા ઉપયોગને નિવર્ત્તાવું છું.

જ્ઞાન, દર્શન, ચારિત્રમય એક મારો આત્મા તે જ નિરંતરનો સાથી છે. સંસારનાં કે દુઃખનાં કારણ રૂપ તે સિવાયના સર્વ સંયોગો, સંબંધો કે બંધનોનો વિરાગ ભાવે હું ત્યાગ કરું છું. સમ્યક્ત્વ, શ્રુત અને સર્વ વિરતિરૂપ ત્રણે પ્રકારનાં સામાયિકો હું અંગીકાર કરું છું. અરિહંતાદિ ચાર પ્રકારનાં શરણો ગ્રહણ કરું છું.

અરિહંતનું શરણ. ૧

રાગ, દ્વેષ, કષાય અને દુર્જય વિષયાદિ શત્રુઓનો જેણે નાશ કર્યો છે, તે અરિહંતનું મને શરણ હો. ભવરૂપ માળીવડે, રાગ દ્વેષરૂપ પાણીથી સીંચાઈ (પોષણ પામી) જેને કર્મરૂપ બીજો પ્રરોહિત થતાં (ઊગતાં) નથી. તે અરૂહંતા મને શણભૂત થાઓ, દેવેંદ્ર, નાગેંદ્ર, નરેંદ્ર, ચંદ્ર, ખેચરેંદ્રો વડે કરાતી પૂજાને જેઓ લાયક છે. મોક્ષગમન કરવાને જેઓ [યોગ્ય] તૈયાર છે તે અર્હંતનું મને શરણ હો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સિદ્ધ ભગવાનનું શરણ. ૨

પુન્ય, પાપાદિ સર્વને અનિત્ય જાણી, તેઓનો ક્ષય કરી જેઓએ અનંતજ્ઞાનમય પરમપદ પ્રાપ્ત કર્યું છે તે સિદ્ધ પરમાત્માઓ મને શરણભૂત થાઓ.

સાધુઓનું શરણ. ૩.

ઉત્તમ જ્ઞાનનો અભ્યાસ કરનાર, પવિત્ર ક્રિયાનું પાલન કરનાર, સમિતિ–ગુપ્તિરૂપ સંયમમાં પ્રયત્ન કરનાર અને શત્રુ–મિત્રોમાં સમદૃષ્ટિ રાખનાર મહામુનિઓનું મને શરણ હો.

ધર્મનું શરણ. ૪.

પાંચ આસ્રવ (પાપને આવવાના રસ્તાઓ)નો નિરોધ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ અને ચાર પ્રકારના કષાયનો વિજય કરવાની આજ્ઞાવાળા કેવળજ્ઞાની કથિત ધર્મનું મને શરણ થાઓ.

રાજકુમારી સુદર્શના આ પ્રમાણે ચાર શરણ ગ્રહણ કરી, ઉત્તમ કર્ત્તવ્યોનું અનુમોદન કરવા લાગી. પ્રથમ તેણે આ જિંદગીની અંદર પોતાથી બનેલા અનેક ધાર્મિક કર્ત્તવ્યનું સ્મરણ કર્યું. પછી તે તે ઉત્તમ કાર્યમાં વ્યતીત થયેલા પોતાના વખતનો, મનનો, વચનનો, શરીરનો અને દ્રવ્યનો સદ્‌ઉપયોગ થયો છે તેમ માની, પોતાને કૃતાર્થ માનતી તેની અનુમોદના કરવા લાગી. તેમજ આ જિંદગીની અંદર પોતાનું કાંઈપણ અકાર્ય–કે કોઈ જીવને નુકસાન કે દુઃખી કરવા રૂપ કાંઈપણ પાપ બન્યું હતું તેને યાદ કરી તેનો પ્રશ્ચાત્તાપ કર્યો. અઢાર પાપસ્થાનકનો

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ત્યાગ કર્યો. ટૂંકામાં કહીએ તો જાણતાં કે અજાણતાં બનેલાં પાપનો પશ્ચાત્તાપ, નિંદા, ગર્હા વિગેરે કરી, ફરી ન થાય તે માટે દૃઢતા કરી, આત્માને સમભાવમાં સ્થાપિત કર્યો.

આ પ્રમાણે આત્મભાવમાં જાગૃત થયેલી રાજપુત્રી સુદર્શનાએ. ફાગણ સુદ પૂર્ણિમાને દિવસે અણસણ અંગીકાર કર્યું. ઉનાળાની શરૂઆત તે વખતથી જ થઈ ચૂકી હતી. દુર્જનની માફક સૂર્યનાં કિરણો અધિક તાપ આપતાં હતાં. ક્રૂર સ્વભાવના રાજાની માફક સૂર્યનો સ્વભાવ આ વખતે વિશેષ દુઃસહ હતો. ભઠ્ઠીના અગ્નિની માફક લૂની ગરમ જ્વાળાઓ દુનિયા પર ફેલાતી હતી. છતાં જિનવચનરૂપ શીતળ ગોશીર્ષ ચંદનથી સિંચન કરતી સુદર્શના, અણસણને અમૃતના પાન સમાન માનતી હતી.

સુદર્શના પર અધિક સ્નેહવાળી, તેની માતાને ઠેકાણે ગણાતી શીળવતી પણ નિરંતર તેની પાસે જ બેસીને મધુર સ્વરે અમૃતની માફક સિદ્ધાંત શ્રવણ કરાવતી હતી. અને વારંવાર આત્મભાવમાં તથા ધર્મધ્યાનમાં જાગૃત રહેવાને પ્રેરણા કરતી હતી. સુદર્શના પણ વૃદ્ધિ પામતા સંવેગે પંચપરમેષ્ટિ મહામંત્રનું સ્મરણ કરતાં વૈશાખ શુકલ પંચમીને દિવસે આ માનવ દેહનો ત્યાગ કરી, નિત્ય ઓચ્છવ સરખા ઈશાન દેવલોકમાં, મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થઈ જ્યાં અમર અપ્સરાઓથી ઘેરાયેલી તેની દેવ-દેવીઓ સ્તુતિ કરતાં હતાં.

॥ ૫૦૬ ॥

સુદર્શનાના મરણ પછી શીળવતીને ઘણું લાગ્યું. લાંબા વખતના ધાર્મિક સહવાસીના

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિયોગે તેનું શરીર બળવા લાગ્યું. રાજવૈભવો આકરા થઈ પડ્યા. એક ઘડી પણ તે સ્થળે રહેવું તે તેને અસહ્ય દુઃખ સમાન લાગતું હતું. શાણી શીલવતીએ તરત જ સર્વ સંગનો ત્યાગ કરી ગુરુશ્રી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. ગુરુશ્રીએ દીક્ષિત કરી પ્રવર્ત્તની સાધ્વીને સોંપી. તેમની સાથે વિહાર કરતાં સિદ્ધાંતનું પઠન અને વિવિધ પ્રકારે તપશ્ચરણ કરવા લાગી. સમળી વિહાર ઉપરના મહાન્ ભક્તિરાગથી પ્રાયે તે ભરૂયચ્ચ શહેરની આજુબાજુના વિભાગોમાંજ વિહાર કરતી હતી. કેટલાક વખત પર્યંત નિર્દોષ ચારિત્રવાળી, વિવિધ પ્રકારના તપ તપી છેવટે તેણે સુદર્શનાનો માર્ગ લીધો. અર્થાત્ અણસણ ગ્રહણ કર્યું, શુભભાવે અણસણ પાળી, સમાધિ-પૂર્વક કાળ કરી, ઈશાન દેવલોકમાં સુદર્શના દેવીની પાસે અનેક દેવ, દેવીઓના પરિવારવાળી મહર્ધિક દેવીપણે ઉત્પન્ન થઈ. પૂર્વ સંગતવાળાં તેઓ બન્ને ત્યાં, અવિયોગીપણે દેવસુખનો અનુભવ કરવા લાગ્યાં.

મોક્ષાર્થી મનુષ્યોને દેવભૂમિમાં જઈ વસવું તે, લાંબે રસ્તે પંથ કરનાર મનુષ્યને રસ્તે ચાલતાં ધર્મશાળામાં વિશ્રાંતિ લેવા બેસવા બરોબર છે. દેવભવને, કાર્યસિદ્ધિરૂપે તેઓ માનતા નથી. જેને આત્મિક સુખનો અનુભવ મેળવવો છે, સત્ય સુખ જ જોઈએ છે. જન્મ મરણને દૂર કરવાં છે તે મહાનુભાવો, દેવલોકમાં પણ તદ્દન પ્રમાદી, આળસુ કે વિષય સુખના લાલચુ બનતા નથી. તે સુખમાં આસક્ત થવાથી તેઓનો અધઃપાત થાય છે. સમ્યગ્જ્ઞાન નષ્ટ થાય છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ચાર ગતિનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આજ કારણથી જાગૃત સ્થિતિવાળી અને સંસાર સુખની વિષમતાના અનુભવવાળી તે બન્ને દેવીઓએ, દેવભવમાં પણ પોતાનું અગ્રગમનવાળું પ્રયાણ યથાયોગ્ય ચાલુ જ રાખ્યું હતું. અવિરતિના ઉદયથી અને દેવગતિના સ્વભાવથી તેઓ ત્યાં ચારિત્ર લઈ શકે તેમ તો ન હતું તથાપિ શુભક્રિયાઓ કે, જેનાથી આગામીકાળે જે રસ્તામાં પ્રવેશ કરવાનો છે તે રસ્તો નિષ્કંટક થઈ સુખાળો થાય તે તેઓને સ્વાધીન હતી. એટલે તે રસ્તો તે બન્ને દેવીઓએ તરત જ સ્વીકારી લીધો હતો.

દેવભવમાં તેઓએ પોતાનો ચાલુ ક્રમ આ પ્રમાણે રાખ્યો હતો. કદાચિત્ તેઓ સપરિવાર નંદીશ્વરદ્વીપે જતાં હતાં. જ્યાં અનેક શાશ્વત જિનમંદિરો છે ત્યાં જઈ અષ્ટાહ્નિકા મહોચ્છવ કરતાં હતાં કોઈ વખત વિદેહમાં વિચરતા શ્રીમાન્ સીમંધરસ્વામી પાસે ધર્મદેશના સાંભળવા જતાં હતાં. કોઈ વખત તીર્થંકરોનાં જન્મ કલ્યાણક, કેવળ જ્ઞાનકલ્યાણક કે નિર્વાણકલ્યાણક વિગેરે સ્થળે જતાં હતાં. અને ભરૂયચ્છમાં તો અનેક વખત સમળીવિહારમાં મુનિસુવ્રતસ્વામીને વંદના કરવા આવતાં હતાં. ત્યાં આવી સર્વ ઋદ્ધિથી ભરપૂર, કલ્પવૃક્ષાદિનાં ઉત્તમ પુષ્પોની માલાદિકથી જિનેશ્વરની પૂજા કરી, ભક્તિભાવથી નૃત્ય કરતા મધુર અને મનહર શબ્દોવડે ગાયન–સ્તુતિપૂર્વક ગુણગ્રામ કરતાં હતાં. ઇત્યાદિ દેવ, ગુરુનું પૂજન, ભક્તિ, ધર્મશ્રવણ અને પરોપકારાદિ કર્ત્તવ્યમાં તત્પર થયેલી બન્ને દેવીઓ આનંદમાં દિવસો પસાર કરતી હતી. —*—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૪૦ મું.

આપનું આગમન અહીં કયાંથી થયું છે!

સુદર્શનાની કથા ઘણી લાંબી લંબાયેલી હોવાથી ચાલતો પ્રસંગ ભુલાઈ ન જવાય તે માટે અહીં ફરી સ્મૃતિમાં લાવવામાં આવે છે. ધનપાળ પોતાનાં પત્ની આગળ આ વૃત્તાંત કહે છે. કિન્નરીએ ગિરનાર પહાડ ઉપર આ સર્વ પ્રબંધ ધનપાળને સંભળાવ્યો છે. વિમળપર્વત ઉપર ચંડવેગ વિદ્યાધર મુનિ, ચંપકલતાની આગળ આ સર્વ વૃત્તાંત કહે છે. ચંપકલતા અને ચંપકલતા ઉપર મોહિત થયેલો મહસેન રાજા, લતાના અંતરે (પછવાડે છુપાઈ) રહીને આ સર્વ વૃત્તાંત સાંભળે છે.

'આ મંદિર આ પર્વત પર કોણે અને કેવા પ્રસંગમાં બંધાવ્યું! આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સુદર્શના અને શીળવતીનું જીવનચરિત્ર કહેવામાં આવ્યું. હવે ચંપકલતાના બીજા પ્રશ્નનો પ્રત્યુત્તર ચંડવેગ મુનિ આપે છે.

'આપનું આગમન અહીં કયાંથી થયું છે?' મારું આગમન આ પર્વત ઉપર કયાંથી થયું છે તે પ્રશ્નનો ઉત્તર હું આપું છું. ચંપકલતા! તું સાવધાન થઈને સાંભળ.

મુનિસુવ્રતસ્વામી તીર્થંકરના નિર્વાણ પછી, ગણધરો અને મુનિઓએ ધર્મોપદેશ આપી, જૈનદર્શન પ્રકાશિત કરતાં, ક્રમે છ લાખ વર્ષ વ્યતીત થયાં, એ અવસરે નમિનાથ તીર્થંકર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન થયા તેઓ દસ હજાર વર્ષપર્યંત આ દુનિયા ઉપર ધર્મબોધ આપી નિર્વાણ પામ્યા. તેમનું તીર્થ પાંચ લાખ વર્ષપર્યંત ચાલ્યું. એ અવસરે આ ભારત ભૂમિ ઉપર નેમનાથ બાવીશમા તીર્થાધિપતિ થયા. તેઓ એક હજાર વર્ષપર્યંત ધર્મનું પ્રગટીકરણ કરી નિર્વાણ પામ્યા. તેમનું તીર્થ યા શાસન ત્યાસી હજાર અને સાડાસાતસો વર્ષપર્યંત ચાલ્યું. તે અવસરે આ ભૂમિ ઉપર પાર્શ્વનાથ તેવીશમા તીર્થંકરનો જન્મ થયો. તેઓએ સો વર્ષપર્યંત આ ભૂમિ પર રહી અનેક જીવોને પ્રતિબોધી મોક્ષગમન કર્યું. તેમનું શાસન અઢીસો વર્ષપર્યંત ચાલ્યું. ત્યાર પછી બહોંતેર વર્ષના આયુષ્ય પ્રમાણવાળા મહાવીરદેવનો જન્મ થયો. જેઓ હમણા ભવ્ય જીવોને ધર્મોપદેશ આપી નિર્વાણ પામ્યા છે. તે સમળીવિહારને બનાવ્યા હમણાં કાંઈક ઊણા બાર લાખ વર્ષ થવા આવ્યાં છે અર્થાત્ (૧૧,૯૪,૯૭૨) વર્ષ થયાં છે. આજે પણ તે પવિત્ર તીર્થમાં મુનિઓ નિર્વાણપદનું સાધન કરે છે. આ અવસર્પિણીકાળમાં પણ તીર્થનો મહિમા દેવો કરી રહ્યા છે. સાંપ્રતકાળમાં શ્રીમાન્ મહાવીરદેવ હમણાં નિર્વાણ પામ્યા છે. છેલ્લા તીર્થાધિપતિનું શાસન અત્યારે પ્રવર્તી રહ્યું છે. પ્રસંગોપાત આટલી હકીકત જણાવ્યા યકી, અહીં મારું આગમન કયાંથી થયું છે? તે વિશે હવે હું તમને જણાવું છું.

ભદ્રે ! રાજકુમારી સુદર્શના માત-પિતાને નમસ્કાર કરી; સિંહલદ્વીપથી જ્યારે ભરૂયચ્ચમાં આવી, ત્યાર પછી તેની ધાવમાતા કમલા ભરૂયચ્ચથી પાછી સિંહલદ્વીપમાં આવી ત્યારે સુદર્શના

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ મુનિશ્રીએ જે ધર્મોપદેશ આપ્યો હતો તે તેમને કહી સંભળાવતાં તથા સુદર્શનાના પૂર્વભવ સંબંધી ચરિત્રનું સ્મરણ કરતાં આખા રાજકુટુંબમાં વિશેષ પ્રકારે વિરક્તભાવ ઉત્પન્ન થયો. આત્મસાધન કરવાને તૈયાર થયેલા સિંહલેશ્વરે ઘણી આજીજી કરી વસંતસેન નામના સર્વથી લઘુ પુત્રનો રાજ્યાભિષેક કર્યો, કારણ કે તે પણ પોતાની લઘુ બેનનું ચરિત્ર સાંભળી વિરક્ત દશા પામ્યો હતો. પદ્મા નામની બીજી ધાવમાતાના પુત્રને સહાયક તરીકે સાંપ્યો અને માતાની માફક પદ્મા ધાવમાતાને તે કુમારની પાસે મૂકીને ચંદ્રગુપ્ત (સિંહલદ્વીપના) રાજાએ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી, કુટુંબસહિત સુદર્શનાના નિમિત્તથી વૈરાગ્ય પામી ચારિત્ર લીધું. તેઓ સર્વે ઉગ્ર તપશ્ચરણ કરતાં આ માનવદેહનો ત્યાગ કરી દેવભૂમિમાં દેવપણે ઉત્પન્ન થયા.

વસંતસેન સિંહલદ્વીપમાં રાજ્ય કરતો હતો. તેણે પણ અવસરે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી ચારિત્ર લીધું; પણ ચારિત્રમાં દૂષણ લગાડી કાંઈક વિરાધના કરી, મરણ પામી ભુવનપતિદેવની નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો. તે ભુવનપતિદેવનું આયુષ્ય પૂર્ણ કરી, આ જન્મમાં વૈતાઢ્ય પહાડની દક્ષિણશ્રેણિ ઉપર આવેલા ચંદ્રરથનગરમાં ચંડવેગ નામના વિદ્યાધર રાજપણે ઉત્પન્ન થયો. ઉત્તમ રૂપ, લક્ષણાદિ ધારણ કરતો અનુક્રમે યૌવન-અવસ્થા પામ્યો. ॥ ૫૨૨ ॥

એક દિવસ ક્રીડા કરતાં કરતાં તે ભરૂયચ્ચનગર તરફ જઈ ચડ્યો. ત્યાં રહેલા સમળીવિહાર ચૈત્યમાં કિન્નર, ગંધર્વ અને યક્ષ પ્રમુખની દેવીઓનું મધુર ગાયન સાંભળી તે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે મંદિરમાં ગયો. એ અવસરે મંગળાચરણ બોલી, પુષ્પવૃષ્ટિ કરતાં દેવાંગનાઓએ દેવાધિદેવ આગળ ગંભીર અર્થની સ્તુતિવાળું ગાયન શરૂ કર્યું હતું. સાથે સાથે ભક્તિભાવની અધિકતાથી અમર વધુઓ નૃત્ય પણ કરતી હતી. તે પ્રસંગની પૂર્ણાહુતિ થવાના અવસરે તે સમુદાયમાંથી એક તરુણી ઊચ્ચ સ્વરે આ પ્રમાણે બોલવા લાગી.

जा सुरसेलसहियकुलपव्वय गयणि तवेइ दिणवरो सूर,
गहनखत्ततारागणसोहीओ नहि परिभमइ ससहरो ॥
ता सरयमियंकमुत्ताहलखीरोदहिजलुज्जल्ला,
देवीसुदरिसणाइ सुरनारीहिं गिज्जउ कित्तिनिम्मला ॥ १ ॥

કુલપર્વતોની સાથે મેરૂપર્વત જ્યાં સુધી આ દુનિયા પર કાયમ છે, સૂર્ય આકાશતળમાં તપી રહ્યો છે. ગ્રહ, નક્ષત્ર અને તારાગણોથી સુશોભિત ચંદ્ર આકાશમાં પરિભ્રમણ કરે છે ત્યાં સુધી. શરદ ઋતુના ચંદ્ર સમાન, મુક્તાફળ (મોતી) સમાન, અથવા ક્ષીરસમુદ્રના જળસમાન દેવી સુદર્શનાની ઉજ્જવળ અને નિર્મળ કીર્ત્તિનું સુરનારીઓ ગાન કરો.

એ અવસરે પરના મનોભાવ જાણવામાં પ્રવીણતા ધરાવનારી, દેવી સુદર્શનાના સંકેત કરવાથી, અન્ય દેવી આ પ્રમાણે બોલવા લાગી—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ससुरासुरंमि लोए पिच्छइ मोहस्स विलसियं जम्हा ।
विसयसुहलालसामिच्छतिमिरपडलंतरियनयणा ! ॥ १ ॥
पिच्छंता वि न पिच्छंति के वि हियमप्पणो महामूढा ।
अहवा कित्तियमेयं पमायमइरापरवसाणं ॥ २ ॥

અહો ! સુર, અસુર સહિત આ લોકમાં મોહનું (કેવું) વિલસિત દેખાય છે ? કેટલાએક મહામૂઢ, વિષય-સુખની લાલસાવાળા અને મિથ્યાત્વ અંધકારના પડલથી આચ્છાદિત નેત્રવાળા જીવો, દેખતા છતાં પણ પોતાનું હિત દેખતા નથી. અથવા પ્રમાદરૂપ મદિરાપાનથી પરવશ થયેલા જીવોનું આ અજ્ઞાન કેટલા માત્ર છે? અર્થાત્ થોડું જ છે.

સુદર્શના દેવીના સંકેતથી બીજી દેવી આ પ્રમાણે બોલવા લાગી—

किंपि न चुज्जं जं इह घणरागदोसवसगजिया ॥
पुण पुण वि भणिज्जंता वि केइ हियमत्तणो नहि मुणंति ।
अहवा कित्तियमेयं घणचिक्कणनिबिडकम्माणं ॥

બહેનો ! નિવિડ રાગ-દ્વેષને આધીન થયેલા કેટલાએક જીવો, વારંવાર કહેવા છતાં પણ આત્માનું હિત જાણતા કે સમજતા નથી. તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અથવા ગાઢ, નિબિડ,

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ચિકણા કર્મવાળા જીવોનું આ અજ્ઞાન કેટલામાત્ર છે અર્થાત ભારેકર્મી જીવોમાં બધું સંભવે છે.

ઇત્યાદિ વિવિધ પ્રકારના ઓળંભાવાળાં તે અપ્સરાઓનાં વચનો સાંભળી તે ચંડવેગ વિદ્યાધર વિચારમાં પડયો કે શું? આ મહાપ્રભુ અરિહંત દેવ અને આ દેવીઓ, અપ્સરાઓ પૂર્વે કોઇપણ સ્થળે મેં જોયા છે? અથવા કોઇપણ સ્થળે સાંભળ્યાં છે? વળી આ અપ્સરાઓએ આ પ્રમાણે શા માટે કહ્યું કે "મિથ્યાત્વ મોહથી મોહિત થયેલા નિબિડ કર્મવાળા કેટલાએક જીવો પોતાનું હિત જાણતા નથી વિગેરે" ઇત્યાદિ વિચાર કરતા ચંડવેગને પ્રતિબોધ કરવા માટે સુદર્શનાએ કહ્યું. હે ભાઈ! આત્મહિતકારી મારાં વચનો તરફ તું ધ્યાન આપ. "બહેન, મને પ્રતિબોધ આપજો" આ તારાં વચનો તું યાદ કરી હમણાં જાગૃત થા, બોધ પામ. પૂર્વજન્મમાં તું સિંહલદ્વીપના રાજાનો પુત્ર હતો. તારું નામ વસંતસેન હતું. તેં કમળા ધાવમાતા સાથે કહેવરાવ્યું હતું કે અવસરે મને પ્રતિબોધ આપજો. તારો ભુવનપતિ દેવનો એક (વૈમાનિક દેવોની અપેક્ષાએ) નાનો ભવ પૂર્ણ થતાં તું અહીં વિદ્યાધરપણે ઉત્પન્ન થયો છે. હું તારી નાની બહેન સુદર્શના–ઇશાન દેવલોકની મહર્દ્ધિક દેવી છું.

॥ ૫૧૪ ॥

સુદર્શના દેવીનાં વચનો સંબંધી ઈહાપોહ કરતાં ચંડવેગને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. પૂર્વના ભવો દેખતાં જ તે બોલી ઊઠ્યો. હું કૃતાર્થ થયો, હું કૃતાર્થ થયો. બહેન! સંસારરૂપ કૂવામાં પડતાં તે મારો ઉદ્ધાર કર્યો. બહેનો હો તો તારા જેવી જ હોજો સ્નેહીઓ હો તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તારાં જેવાં જ હોજો. વ્હાલાંઓનો મેળાપ હો તો તારા જેવાંઓનો જ હોજો. સ્નેહીંઓ, વ્હાલાંઓ કે બહેનો તે જ કે જે ત્રિવિધ તાપથી તપેલાં સ્નેહીંઓનો ઉદ્ધાર કરે. શું વિષયના ખાડમાં નાખનારાં સ્નેહીંઓ કહેવાય કે ? નહિ જ. તેઓ ખરેખર અહિત કરનારાં, ભવોભવમાં રોળાવનાર ગુપ્ત શત્રુઓ છે.

બહેન ! જેમ તેં મને જાગૃત કર્યો, તેમ ધર્મ પણ તું જ બતાવ–સંભળાવ.

આ અવસરે ભવ્ય જીવોને પ્રતિબોધ આપતા વીરપ્રભુ શત્રુંજય પર્વત પર આવી સમવસર્યા હતા. વીરપ્રભુનો વિહાર અવધિજ્ઞાનથી જાણી ચંડવેગને સાથે લઈ સુદર્શનાદેવી પરિવારસહિત ત્યાં ગઈ. ત્રણ પ્રદક્ષિણા કરી ભક્તિપૂર્વક તેઓ વીરપ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં.

હે નાથ ! શરણાગતવત્સલ ! કૃપાળુ દેવ ! ભવભયથી ત્રાસ પામતા ભવ્ય જીવોનો ઉદ્ધાર કરનાર ! તું આ જગતમાં જયવંત રહે. દુર્ગતિનાં દ્વારો બંધ કરનાર અને મોક્ષનાં દ્વારો ખુલ્લાં કરનાર, નિર્વાણ નગરના માર્ગમાં પ્રદીપ તુલ્ય તું જ છે. હે પ્રભુ ! અમારા પર તું એવો અનુગ્રહ કર કે, સંસારપરિભ્રમણ બંધ કરી અમે સદાને માટે પરમ શાંતિમાં રહીએ.

ઇત્યાદિ સ્તુતિ કરી, સર્વે યથાયોગ્ય સ્થાને બેસી, તે મહાપ્રભુના મુખથી નીકળતી ધર્મદેશના સાંભળવા લાગ્યા.

વીરભગવાને તેઓને કહ્યું : મહાનુભાવો ! આ માનવજિંદગી ચુલા અને પાસા પ્રમુખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દશ દૃષ્ટાંતે પ્રાપ્ત થવી દુર્લભ છે. તે તમારામાંથી ચંડવેગને મળી ચૂકી છે. જ્ઞાનમય યાને વિવેકવાળી જિંદગી વિશેષ દુર્લભ છે. તે મેળવીને સમ્યગ્દર્શનાદિ આત્મગુણ પ્રગટ કરી, નિરંતરના માટે જન્મ, મરણને જલાંજલી આપવી જોઈએ. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા છતાં, પ્રમાદી જીવો તેનો અનાદર કરી વિષયાદિકમાં આસક્ત બને છે તેનું પરિણામ અનંતકાળપર્યંત સંસારચક્રમાં પર્યટન કરવારૂપ અત્યંત દુઃખમય આવે છે. આત્મા જ પોતાનો મિત્ર અને શત્રુ છે. સન્માર્ગ તરફ પ્રવૃત્તિ કરતાં મિત્રની માફક સુખરૂપ નિવડે છે અને અસત્માર્ગ તરફ ગમન કરતાં શત્રુની માફક દુઃખદાયી નિવડે છે. દુર્ગુણોનો ત્યાગ કરી આત્મગુણમાં આદર કરો. તમારે સુખી થવું જ છે તો પછી સત્ય કાર્ય કરવા માટે ભાવિકાળની વાટ શા માટે જુવો છો? આત્માને ઊંચો સ્થિતિમાં લાવી સુખી થવું હોય તો આ ગુણો અવશ્ય તમે મેળવો.

જિનેશ્વરોએ કહેલા જીવાજીવાદિ પદાર્થોના નિત્યા–નિત્યપણાનો નિશ્ચય કરી, આત્માની અસ્તિતા (હયાતિ) માટે નિઃશંક બનો અર્થાત્ આત્મા અવશ્ય છે તે બાબતમાં શંકા ન કરો. ૧. વિવિધ રીતે દુઃખી થતાં પ્રાણીઓને દેખી, દ્રવ્ય ભાવ કરુણાદૃષ્ટિ વડે તેઓને ઉપકાર કરો. તેઓનાં દુઃખ ઓછાં થાય તેમ તેઓને યથાશક્તિ મદદ આપો. ૨. દેવ, માનવ, તિર્યંચ અને નરક, આ ચારે ગતિઓમાં ઓછું કે વધારે પણ દુઃખ છે જ, તે દુઃખથી ઉદ્વેજીત થાઓ અને તે દુઃખ શાંત કરવા માટે ધર્મકાર્યમાં ઉદ્યમ કરો. ૩. દેવ, મનુષ્યનાં ઉત્તમ સુખ પણ અનિત્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને વિયોગશીલ છે, પરિણામે દુઃખરૂપ છે તેમ જાણી તે સુખની ઉપેક્ષા કરી, નિત્ય, શાશ્વત, આનંદમય નિર્વાણસુખની અભિલાષા રાખો. ૪. રાગ–દ્વેષની વિભાવ પરિણતિથી ઉત્પન્ન થતા કર્મવિપાક દુઃખમય છે, તેનાથી મહાન્ અનિષ્ટ દુઃખ વેદવાં પડે છે. એમ જાણી કોઈ વખત અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગમાં રાગ, દ્વેષ યા હર્ષ, શોક ન કરો. દોષપાત્ર જીવો પર પણ દયા–અનુકંપા કરો. તેમ ન રહે તો ઉપેક્ષા કરો. ૫. ગુણી મનુષ્યોને દેખી ગુણાનુરાગથી તમારે આનંદિત થવું. સ્વધર્મીઓનું વિશેષ પ્રકારે હિત કરવું. સર્વ જીવો ઉપર કરુણા–બુદ્ધિ રાખવી. અરિહંત, સિદ્ધ, પ્રવચન ગુરુ, સ્થવિર અને બહુશ્રુતાદિક સાથે વિનયપૂર્વક બહુમાનની લાગણીથી જોવું અને વર્તવું. યૌવન, લક્ષ્મી આદિને ક્ષણભંગુર જાણી બનતા પ્રયત્ને તેનો સદુપયોગ કરવો.

સમ્યક્ શ્રદ્ધાનના રક્ષણાર્થે આ અતિચાર દૂર કરી આઠ ગુણ ધારણ કરવા. જીવાદિ પદાર્થોને હેય. જ્ઞેય ઉપાદેયબુદ્ધિથી યથાયોગ્ય જે સદહે તે, માતાના દૂધની માફક નિઃશંકપણે આત્મગુણરૂપ શરીરનું પોષણ કરે છે, મિથ્યા આડંબરીઓના કષ્ટકર્માદિ બાહ્ય આડંબરોને દેખી તેમની પાસે સત્ય છે તેમ ધારી દોડી જવું ન જોઈએ. પણ તેમનાં વર્તન અને વચનોને બુદ્ધિ કસોટી ઉપર ચડાવી પરીક્ષા કરવી જોઈએ. ધર્મનું ફળ મળશે કે કેમ? આ સંદેહ કરવો યોગ્ય નથી. વ્યવહારનાં નાનામોટાં દરેક કાર્યનાં ફળ મળે છે તો પછી નિઃસ્પૃહભાવે કરતા ધર્મનું ફળ કેમ નહિ મળે? જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્મધર્મમાં પ્રયત્ન કરનાર યોગ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવને દેખી તેની પ્રશંસા કરવી. બનતા પ્રયત્ને તેમની અગવડતા દૂર કરી તેમના ધાર્મિક જીવનમાં સરલતા કરી આપવી. આમ કરીને તે તે ધાર્મિક કાર્યના ઉત્સાહમાં અન્યને વૃદ્ધિ કરી આપવી. આત્મધર્મથી પતિત થતાં જીવોને હિતોપદેશ આપી પાછા તેમને ધર્મમાર્ગમાં સ્થિર કરવા. નહિ કે તેનાં છિદ્રો દેખી તેને ધર્મથી ભ્રષ્ટ કરવા કે પોતે ધર્મથી ભ્રષ્ટ થવું. રાજીમતી જેવી સુશીલ અબળાએ ચારિત્રથી ભ્રષ્ટ થતા-પતિત થતા રથનેમીને હિતોપદેશ આપી સ્થિર કર્યો હતો. આ પ્રમાણે ધર્મથી પતિત થતાનું રક્ષણ કરવું. વ્યવહારમાર્ગમાં સીદાતા, દુઃખી થતા એક ધર્મ પાળનાર સ્વધર્મી બંધુઓને યોગ્ય રીતે આશ્રય આપી આગળ વધારવા. ભરત રાજાએ શ્રાવકોને મદદ આપી હતી. બાહુબલીએ પૂર્વજન્મમાં મુનિઓને મદદ કરી હતી. આ મદદ આપવાથી તેઓ, સ્વપરકલ્યાણ કરી સુખી થયા હતા. આનું નામ સ્વામિવત્સલ કહેવાય છે. શિયળના ઉત્કટ પ્રભાવથી સુભદ્રાએ શાસનની ઉન્નત્તિરૂપ પ્રભાવના કરી હતી. તેવી રીતે અન્ય કોઈપણ જ્ઞાનાદિ અદ્‌ભુત ગુણથી ધર્મનો પ્રભાવ વિસ્તરિત કરવો, તેથી અનેક જીવોને ધર્મની પ્રાપ્તિ થાય છે, પ્રભાવના ધર્મપ્રાપ્તિનું નિમિત્તકારણ છે.

આ ગુણથી વિભૂષિત આત્માઓ સ્વલ્પ વખતમાં સંસારનો પાર પામે છે. સમ્યક્‌શ્રદ્ધાન નિશ્ચય કરવા માટે મિથ્યાત્વ પણ જાણવું જોઈએ. દોષ જાણ્યા સિવાય ગુણનો સંગ્રહ કેવી રીતે કરી શકાય? લાખો ભવો ભમતાં પણ જે દુઃખે મેળવી શકાય તેવું નિર્મળ સમ્યક્‌ત્વ પામીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાએક મૂઢ પ્રાણીઓ વ્યંતર, ગ્રહ, ગોત્ર દેવતા અને પિતૃઓ વિગેરેનું તાર્ય, તાર્યક બુદ્ધિથી કે સુખાદિ પ્રાપ્તિની આશાથી, પૂજન વિગેરે કરી સમ્યક્ત્વરત્ન હારી જાય છે. પોતાની શક્તિ છતાં શ્રી શ્રમણ સંઘને માથે આવેલાં દુઃખની ઉપેક્ષા કરવી નહિ. તેમ કરવાથી–ગુણીઓને મદદ કરવામાં શક્તિ ગોપવવાથી–સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે અથવા નવીન ગુણ મેળવી શકાતો નથી. જે કુટુંબનો માલિક મિથ્યાત્વ અંગીકાર કરે છે યા દુરાચરણમાં પ્રવૃત્તિ કરે છે. તે પોતાની નિશ્રાએ રહેલા પોતાના આખા વંશને સંસારસમુદ્રમાં ફેંકી દેવાનું કરે છે. કારણ કે તેના વંશમાં ઉત્પન્ન થનારા મનુષ્યોનો મોટો ભાગ તેને પગલે પ્રાયે ચાલે છે. અગ્નિ, ઝેર અને સર્પાદિ ક્રૂર પ્રાણીઓ પણ તેવા દોષો કે તેવું નુકશાન નથી કરતાં કે જેવા દોષો નુકશાન કે દુઃખ, મિથ્યાત્વના આદરવાથી મનુષ્યોને અનુભવવાં પડે છે. મિથ્યાત્વથી મૂઢ થયેલા લોકો ચાર ગતિમાં છેદન, ભેદન, તાડન, તર્જનાદિ વિવિધ પ્રકારનાં દુઃખનો અનુભવ કરે છે. આ જ કારણે સમ્યક્ત્વરત્નની શુદ્ધિ માટે, સુગતિમાં પ્રતિકૂળ મિથ્યાત્વનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો.

સમ્યક્ત્વ મોક્ષનું એક અંગ છે, એક અંગથી સંપૂર્ણ કાર્યસિદ્ધિ થતી નથી, માટે સમ્યક્ત્વ મેળવ્યા પછી સર્વ સંગના ત્યાગરૂપ ચારિત્ર યાને સર્વવિરતિ અંગીકાર કરવી જોઈએ. સર્વસંગ–ત્યાગ કરવાથી જ સંપૂર્ણ કર્મનો ત્યાગ બની શકે છે. સર્વસંગ–ત્યાગ મહાસત્વવાન્ જીવો જ કરી શકે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંડવેગ ! તું ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થયેલો છે. મહાસત્વવાન્ છે. પુન્ય પાપને જાણનાર છે સંસારના સ્વભાવનો તને અનુભવ છે. જાતિસ્મરણજ્ઞાન તને થએલું છે. પૂર્વ જન્મ સંબંધી સુખ–દુઃખનો તને અનુભવ છે, માટે કડવા વિપાક આપનાર ભવવાસનો ત્યાગ કરી ઉત્તમ યા પ્રબળ સત્વવાન્ મનુષ્યને લાયક ચારિત્ર ગ્રહણ કરવું તે તને યોગ્ય છે. તેમ કરવાથી જ આ તારી માનવજિંદગી સફળ થશે.

ભગવાન મહાવીરદેવના ઉપદેશથી ચંડવેગ પ્રતિબોધ પામ્યો અને તરત જ વીર પરમાત્મા પાસે તેણે ચારિત્રનો સ્વીકાર કર્યો.

દેવી સુદર્શના, પોતાના ભાઈને ચારિત્ર ગ્રહણ કરાવવારૂપ ઉત્તમ રીતે પ્રતિબોધ અપાવી, હર્ષ પામતી સપરિવાર ઈશાન દેવલોકમાં ગઈ. ચંડવેગ મુનિને વીર પરમાત્માએ ઉત્તમ શિક્ષા આપી. મહાનુભાવ ! તમારે નિરંતર અપ્રમત્તપણે રહેવું. છ જીવનિકાયના સર્વ જીવોનું સર્વ પ્રકારે રક્ષણ કરવું. ઉપયોગપૂર્વક સમિતિ, ગુપ્તિનું પાલન કરવું ખડ્ગની ધારની માફક તીક્ષ્ણ પાંચ મહાવ્રતોનું પાલન કરવું. નિરંતર જ્ઞાન, દર્શન, ચારિત્રમાં વૃદ્ધિ કરવી. સૂત્ર અર્થમાંથી સાર–તત્ત્વ ગ્રહણ કરવું. ધર્મમાર્ગમાં આત્મશક્તિ બિલકુલ ન છુપાવવી સત્તર પ્રકારે સંયમનું પાલન કરવું. અઢાર પ્રકારે સુવિશુદ્ધ બ્રહ્મચર્યગુપ્તિ ધારણ કરવી, દુઃસહ પરિષહો સહન કરવા, શરીરના નિર્વાહ અર્થે બેંતાલીશ દોષરહિત આહાર લેવો. ગુરુકુળવાસમાં નિત્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસવું. ઇંદ્રિયરૂપ ઘોડાઓને સારી રીતે દમીને વશ રાખવા. રાગ, દ્વેષાદિ સુભટોનો વિજય કરવો, પરિણામની વિશુદ્ધિરૂપ શ્રેણિ પર આરૂઢ થઈ યથાખ્યાતચારિત્ર મેળવવું. અપ્રશસ્ત કૃષ્ણાદિ લેશ્યાઓનો ત્યાગ કરવો. શુકલાદિ પ્રશસ્ત લેશ્યામાં વૃદ્ધિ કરવી. મોહનો ત્યાગ કરવો. આર્ત્ત, રૌદ્ર ધ્યાન પાસે પણ આવવા ન દેવા. ધર્મધ્યાન તથા શુકલધ્યાનમાં પ્રવેશ કરવો, અપ્રતિબદ્ધ થવું. શરીર ઉપર પણ મમત્વભાવ ન રાખવો. છેવટે પંડિત મરણે મરણ પામી જન્મમરણના ફેરાથી નિત્યને માટે મુક્ત થવું.

ઇત્યાદિ મહાવીર પ્રભુના મુખથી હિતશિક્ષા પામી તે મુનિ પોતાના આત્માને કૃતાર્થ માનતા પ્રભુ સાથે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે વિશુદ્ધ પરિણામે તે મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તપ, સત્વાદિ પાંચ પ્રકારની તુલનાએ પોતાના આત્માની તુલના કરી, પ્રભુની આજ્ઞાથી અનુક્રમે એકલવિહારીપણું અંગીકાર કર્યું.

પ્રકરણ ૪૧ મું.

હું અહીં શા માટે આવ્યો છું ?

ચંડવેગ મુનિએ ચંપકલતાને ઉદ્દેશી કહ્યું: ચંપકલતા ! હું અહીં શા માટે આવ્યો છું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ તારા મનના પ્રશ્નનો પ્રત્યુત્તર આપવો યોગ્ય ધારી હું તને કહું છું કે—અવધિજ્ઞાનથી તને વિમળ પર્વત પર આવેલી જાણી તને પ્રતિબોધ આપવા માટે અહીં મારું આગમન થયું છે.

સિંહલદ્વીપના રાજાએ જ્યારે ચારિત્ર લીધું તે અવસરે જે મારી પદ્મા ધાવમાતાને મારી (વસંતસેન) પાસે મૂકી ગયા હતા, તે પદ્મા ધાવમાતા મરણ પામીને, આટલો વખત સંસારમાં પરિભ્રમણ કરી હમણાં પાટલીપુત્ર નગરના જયરાજાની જયશ્રી પટ્ટરાણીની કુક્ષીએ ચંપકલતા નામની પુત્રીપણે ઉત્પન્ન થઈ છે, જે તું પોતે જ છે.

ચંદ્રની માફક પૂર્ણ કળાવાળી તારા વિવાહ માટે તારા પિતાએ અનેક વરની ગવેષણા કરી. પણ છેવટે મહસેન રાજાનું ચિત્રપટ્ટ દેખી તને વિશેષ પ્રેમ ઉત્પન્ન થયો. તેથી પ્રધાનદ્વારા તારા પિતાએ, મહસેન રાજાને તારું પાણીગ્રહણ કરવાનું આમંત્રણ કરાવ્યું. તે રાજા તારા પિતાના આમંત્રણને માન આપી, પાંચ વહાણ લઈને વિવાહ માટે આવતો હતો. રસ્તામાં દૈવની પ્રતિકૂળતાથી વહાણ ભાંગી ગયું. એક દૂતના મુખથી આ વૃતાંત તારા પિતાએ સાંભળ્યું. તેને બહુ ખેદ થયો. તેથી વિશેષ ખેદ તને થયો. ભવિષ્યના વ્હાલા પતિની આવી દશા થયેલી જાણી તું વિષયથી વિરક્ત થઈ પણ તારો અંતરનો ખેદ શાંત ન થયો. આ અવસરે વિમાનમાં બેસી દેવી સુદર્શના આકાશમાર્ગે તારા મહેલ પાસે થઈ પસાર થતી હતી. તેટલામાં અગાશીમાં ઝૂરતી અને શોક કરતી તારા ઉપર તેની દૃષ્ટિ પડી. જ્ઞાનદૃષ્ટિથી તેણે તારો પૂર્વજન્મ જાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધો. ધાવમાતાને પ્રતિબોધ આપવો એમ ચિંતવી તેણે તને તીર્થાટન–તીર્થનમન કરવા નિમિત્તે આકાશગમન થઈ શકે તેવી એક પાદુકાની જોડી આપી, જેનો મહિમા તને સમજાવવામાં આવ્યો છે. હમણાં તું અહીં મુનિસુવ્રતસ્વામીને (પ્રતિમાજીને) વંદન કરવા આવી છે.

સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલાં મનુષ્યો ભયંકર ભવસમુદ્રમાં પરિભ્રમણ કરે છે. ચંપકલતા! તું પણ ધર્મશ્રદ્ધાન અને ઉત્તમ આચરણ વિના આમ અનવસ્થિત સ્થિતિમાં પરિભ્રમણ કરે છે કાંઈક સુકૃતના કારણથી તને ફરી પણ માનવજિંદગી મળી છે. પ્રમાદ કરી તેને નિષ્ફળ કરવી તે કોઈ પણ રીતે યોગ્ય નથી.

પૂર્વ જન્મને સ્મરણ કરાવી આપનાર મુનિરાજનાં વચનોની મદદથી વિચારશક્તિવાળી ચંપકલતાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના ભવો દીઠા. સંસારની વિષમતા દેખતાં મોહ ઓછો થયો વૈરાગ્યને અવકાશ મળ્યો.

ચંપકલતાએ ગુરુશ્રીને પ્રશ્ન કર્યો કૃપાનાથ! પૂર્વજન્મનો મારો પુત્ર વાસવદત્ત હમણાં કયાં ઉત્પન્ન થયો છે? અને હાલ કયાં છે?

ગુરુશ્રીએ કહ્યું: ચંપકલતા! ધર્માદિ શુભ કર્તવ્યો કર્યા સિવાય મરણ પામી આટલો વખત તિર્યંચ, મનુષ્યાદિ હલકા ભવોમાં તેણે પરિભ્રમણ કર્યું છે. ગયા જન્મમાં કાંઈક વિશેષ સુકૃત કરી હમણાં તે મલયાચલના ધરસમાન મલયનગરીમાં મહસેન રાજાપણે ઉત્પન્ન થયો છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેની છબીને (ચિત્રપટ્ટને) દેખી તને સ્નેહ ઉત્પન્ન થયો હતો. અને જેની સાથે તારું લગ્ન થનાર હતું તે મહસેન તારો પૂર્વ જન્મનો પુત્ર છે. તારું પાણિગ્રહણ કરવા આવતાં દૈવયોગે તેનું વહાણ ભાંગી ગયું છે અને તેથી હમણાં તે આ પહાડ ઉપર આવ્યો છે.

તૃષાથી તેનું મુખ શોષાતું હતું. આ વાવમાંથી તેણે પાણી પીધું. તે અવસરે મંદિરની બહાર રહેલી તારી પાદુકા દેખી તેને વિચાર આવ્યો કે–આ પાદુકાનો માલિક કોણ હશે? તેની શોધ કરવા માટે તે મંદિર પાસે આવ્યો. ત્યાં તારું રૂપ દેખી તે તારા પર વિશેષ મોહિત થયો છે. હમણાં તે આપણો સંવાદ સાંભળતો અને તારું રૂપ જોતો આ કિંકિલ્લી વૃક્ષાદિ લતાઓના આંતરે ગુપ્તપણે ઊભો રહ્યો છે, તારી ઇચ્છા હોય તો તે તારા પૂર્વજન્મના પુત્રને જઈને દેખ યા મળીને શાંતિ પામ.

ચંડવેગ ગુરુશ્રીએ કહેલું પોતાનું ચરિત્ર સાંભળી મેઘની ધારાથી હણાયેલ એળ (એક જાતનો કીડો)ની માફક મહાન્ લજ્જાથી પોતાનું મુખ નીચું રાખી, મહસેન ગુરુશ્રી પાસે આવ્યો અને ગુરુરાજના ચરણારવિંદમાં પડ્યો. ગુરુએ કહેલા પાછલા જન્મ સંબંધી ઉહાપોહ કરતાં તેને પૂર્વજન્મનું જ્ઞાન થયું. રાજા ઘણી નમ્રતાથી ગુરુને કહેવા લાગ્યો. હે પરમઉપગારી! જ્ઞાનદિવાકર! નિંદનિક કાર્ય સન્મુખ થયેલો, અને તેથી જ ભાવી દુર્ગતિમાં જઈ પડવાનો હતો પણ તેવા પાપથી, આ પાપી જીવનો આપે ઉદ્ધાર કર્યો છે. તો ફરી પણ વિશેષ ઉપગાર કરી,

P.P. Ac. Gunratnasuri.M.S. Jun Gun Aaradhak Trust

સંસારચક્રમાં પરિભ્રમણ કરવું ન પડે તેવી રીતે આપ મારો ઉદ્ધાર કરો. નિષ્કારણ પરોપકારી મહાત્માઓ, આ દુનિયાના સર્વ જીવોના પરમ બંધ તુલ્ય છે.

ગુરુશ્રીએ કહ્યું ભદ્ર! મોહાંધકારથી વ્યાકુળ નેત્રવાળા, કામાંધ મનુષ્યો માટે 'એવું કયું અકાર્ય દુનિયામાં નથી કે તેઓ ન કરે? તેવા જીવો ખરેખર દયાપાત્ર છે. ઘન, નિબિડ, કઠિણ કર્મદોષરૂપ મજબૂત રજ્જુના પાશથી બંધાયેલા મનુષ્યો કોઈ વખત પુત્રના પણ પુત્રપણે ઉત્પન્ન થાય છે. પિતા પુત્ર થાય છે. પુત્ર પિતા થાય છે. માતા સ્ત્રી થાય છે. સ્ત્રી માતા થાય છે. સ્ત્રી બેન થાય છે. પુત્રી થાય છે. પુત્રી સ્ત્રી થાય છે. મિત્ર શત્રુ થાય છે. શત્રુ મિત્ર થાય છે. વૈરી બંધુ થાય છે. બંધવ વૈરી થાય છે. નોકર રાજા થાય છે. રાજા નોકર થાય છે માટે હે રાજા! વિષાદ નહિ કર.

અજ્ઞાનદોષથી આવું અકાર્ય મનુષ્યોથી થઈ જાય છે તેમાં કાંઈ નવાઈ નથી. હમણાં વળી કલિકાળની શરૂઆત થઈ ચૂકી છે. મનુષ્યોના હૃદયો કલિકાળના કલંકપંકથી કલુષિત થયાં છે. અજ્ઞાન અંધકારથી વિવેકનેત્રો આચ્છાદિત થયાં છે. જીવો મોહથી મોહિત થયા છે. દર્પરૂપ સર્પથી ડસાયેલા છે. મિથ્યાત્વરૂપ વિષમ વિષથી ઘેરાયેલા છે. ક્રોધાગ્નિથી બળી રહ્યા છે. માનગિરિથી દબાયેલા છે. માયારૂપ વિષવલ્લીના પવનથી વિધુરિત થયા છે. ધનમાં આસક્તિરૂપ અતુચ્છ મૂર્ચ્છામાં મુદ્રિત થયા છે. લોભ સમુદ્રમાં ડૂબ્યા છે. ક્રૂર કુગ્રહરૂપ ગ્રાહથી ગ્રસિત થયેલા છે. આપાતરમણીય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિષયાભિલાષના આવર્તમાં પરિભ્રમણ કરે છે. દુષ્ટ અભિનિવેશ અને ક્લિષ્ટ પરિણામમાં ખુંચ્યા છે. આવા રૌદ્ર કલિકાળમાં પ્રાણીઓ અકાર્ય તરફ પ્રવૃત્તિ કરે તે શું આશ્ચર્યજનક છે ? અર્થાત્ નથી જ.

સન્નિપાત જ્વરવાળાને દહીં, દૂધનું પાન અહિતકર છે પિત્ત જ્વરવાળાને અગ્નિ કે તાપનું સેવન અહિતકારી છે તેમ ઇન્દ્રિયજન્ય વિષયો આત્મહિતના ઇચ્છકને અહિતકારી છે. વિષયસુખ અતિવિરસ છે. પામાની ખરજ માફક વર્તમાનકાળે સુખ આપે છે પણ તેનું પરિણામ દારુણ છે. કિંપાક તરુનાં ફળોની માફક વિષયસંગનું પરિણામ દુઃખમય જ આવે છે. સેંકડોગમે ભવોની પરંપરામાં દુઃખના હેતુરૂપ થાય છે માટે તેનો ત્યાગ કરી આત્મગુણ પ્રગટ કરવો જોઈએ.

મહસેન ! વસા, માંસ, રુધિર, મૂત્ર, વિષ્ટા, શુક્ર અને દુર્ગંધી મળોના સમુદાયથી આ શરીર ભરપૂર છે. ચર્મ અને હાડથી ભરેલું છે. સ્નાયુથી વીંટાયેલું છે. પ્રતિદિન શુશ્રુષા કરવાથી જ શોભા આપે છે. ચમારના કુંડ સરખા આ દેહમાંથી મેળ અને રુધિરાદિ વહન થઈ રહ્યાં છે. આ જુગુપ્સનીય દેહમાં પણ મૂઢ મનુષ્યો રતિ પામે છે. એ કેટલું બધું શોચનીય છે ? મનુષ્યો જેમાં ઉત્પન્ન થયા છે, જેનું પાન કરીને વૃદ્ધિ પામ્યા છે તેમાં જ પાછા આસક્ત બની રતિ કરે છે. અહો ! કેટલું બધું શોચનીય ! જીવોની આવી પ્રવૃત્તિ તે સાથે અવસર્પિણી કાળની શરૂઆત તે વિશેષ દુઃખનું કારણ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવસર્પિણી કલિકાળ

હમણાં અવસર્પિણી કાળ પ્રવર્તે છે. તે દુષમ કાળના નિમિત્ત દોષથી પ્રાયે કરી ઘણાં મનુષ્યો મૂઢ અજ્ઞાની છે. પ્રમાદમદિરાથી અત્યંત ઉન્મત્ત થઈ રહ્યા છે. કૂડકપટથી ભરપૂર છે. અકાર્યમાં આસક્ત છે. કુશીલોની સોબત કરવાવાળા જીવો છે. કર્યા ગુણને ઓળવીને કૃતઘ્નો બને છે. ચપળ ચિત્ત વિશેષ ધરાવે છે. પ્રબળતર ક્ષમાપ્રધાન મુનિઓ પણ મીજમાત્ર રહેલા છે. ઘણા થોડા જ મનુષ્યો દઢ સમ્યકૂત્વવાન હશે. વિરતિ દુઃખે આદરવા કે પાળવા યોગ્ય છે. ગુરુવિનય ઘણો થોડો જ દેખાય છે. લોકોમાં મૈત્રીભાવ કારણ પૂરતો જ છે. સ્વજનોનો વ્યવહાર પણ લોભગ્રસ્ત છે. ધન સાધનના ઉપાયો પણ ઘણાં સાવદ્ય, કપટ અને કલેશથી ભરપૂર છે. પિતા પુત્રાદિ સ્વજનો પણ આપસમાં અવિશ્વાસની નજરથી જુવે છે. રાજાઓ અન્યાય કરી ક્રૂર સ્વભાવના, કુટિલતાથી ભરપૂર અને પિશાચની માફક છિદ્ર જોનારા રહ્યા છે. ધૂર્તો, વિશ્વાસઘાતીઓ અને ગ્રંથિ ભેદવાવાળા–કાપવાવાળાનું જોર વૃદ્ધિ પામ્યું છે. ઉચ્ચાટન, સ્થંભન, મોહનાદિ કરવાવાળા પાપી જીવો વિશેષ જોવામાં આવે છે. લૂંટારા, ચોરો અને વિશેષ કર–(રાજવેરા)ના ભારથી લોકો દુઃખી અવસ્થામાં આવી પડ્યા છે. ઔષધીઓ, સેલડી અને ગાયોમાંથી મળતો રસ (દૂધ) વિગેરે ઓછો થઈ ગયો છે. બુદ્ધિની પ્રબળતા ઓછી થઈ છે. મંત્રવિદ્યાઓનો પ્રભાવ હતબળ થયો છે. મનુષ્યનાં આયુષ્યો સ્વલ્પ થયાં છે. શારીરિક બળની હાનિ થતી જાય છે. સ્નેહમાં સ્વાર્થ અને

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ચંચળતાએ પ્રવેશ કર્યો છે, કુલીનોમાં પણ કુશીલતાનો પ્રવેશ થયો છે. સારભૂત ફૂલ, ફળ, પલ્લવોવાળી વનસ્પતિ સ્વલ્પ દેખાય છે. વરસાદ જોઈએ તેવો વરસતો નથી. અનાજ થોડું પાકે છે, વારંવાર દુષ્કાળો આવી પડે છે. લોકોમાં રોગોનો વધારો થયો છે. આવો ભયંકર કલિકાળ આજકાલ વર્તાઈ રહ્યો છે.

આ કલિકાળને, અતિ જડતાવાળા વર્ષાકાળની શોભા દૂર કરનાર અને જડતાની વૃદ્ધિ કરનાર શિશિર ઋતુની, કે પ્રચંડકર કિરણોથી પ્રજાને સંતાપ કરનાર ગ્રીષ્મ ઋતુની, જેટલી ઉપમા આપીએ તેટલી ઓછી છે, કેમકે વિનયહીન, નિર્લજ્જ, દુઃશીલ, ગુરુવર્ગનો પ્રતિપક્ષી અને અન્યાયમાં તત્પર મનુષ્યોનો મોટો ભાગ આ કલિકાળમાં જણાય છે.

આવા ભયંકર કલિકાળમાં ગુણોને સમુદાય ગળી જાય છે અને ધર્મબુદ્ધિને દૂર કરી લોકો પાપકાર્યમાં પ્રવૃત્તિ કરે છે. મહાવીર દેવના નિર્વાણને હજી થોડાં જ વર્ષો થયાં છે. તેટલા વખતમાં આ વિષમ કાળની સ્થિતિમાં મહાન્ ફેરફાર થઈ ગયો છે. એટલું છતાં કેટલાએક યોગ્ય જીવો, ન્યાયથી ઉત્પન્ન કરેલા દ્રવ્યનો સદ્વ્યય કરનાર જોવામાં આવે છે. ન્યાયોપાર્જિત દ્રવ્યમાંથી ભક્તિપૂર્વક જિનમંદિરો બંધાવે છે. સંસારથી ભય પામનારા જીવો શ્રેયાર્થે આજ પણ જિનબિંબ ભરાવે છે. વિવિધ પ્રકારે પૂજા, સ્નાત્ર, યાત્રા, મહોચ્છવાદિ તીર્થોન્નતિ કરે છે. મુનિઓને અનેક પ્રકારે દાન આપે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળનો દોષ કેટલેક પ્રકારે દેખાય પણ છે. તથા સર્વથા આ કાળમાં લોકો ભ્રષ્ટ થયા છે, આ ધર્માદિ નથી જ તેમ તો ન જ કહીં શકાય, કેમકે ભવભયથી ભય પામનાર કેટલાએક જીવો આજ પણ પુત્ર, કલત્ર અને રાજ્યાદિ ઋદ્ધિનો ત્યાગ કરી ચારિત્ર લે છે. કદાગ્રહને મૂકી યથાશક્તિ આગમ પ્રમાણે શ્રુત, ચારિત્રમાં પ્રયત્ન કરી રહ્યા છે. આજ પણ અંગીકાર કરેલ પ્રતિજ્ઞાનો પાર પામનાર અનેક મહાપુરુષો જોવામાં આવે છે. તપથી શરીરને શોષવનાર, સ્વલ્પ કષાયવાળા અને જિતેન્દ્રિય મુનિઓ આજ પણ જોવામાં આવે છે. વ્રતસંપન્ન, છ જીવનિકાયનું રક્ષણ કરનાર, દયાળુ, ક્ષમાવાન, તપસ્વી, શિયળવાન, નિયમધારી, ઇત્યાદિ અનેક સદ્ગુણસંપન્ન મહાત્માઓ દેખાય છે. કેવળ દુષમકાળનો દોષ આપી, ધર્મમાં શિથિલ થવું ન જોઈએ આજ પણ ધર્મ જગત્માં વિજયવંત છે.

વિશેષ એટલો છે કે મનુષ્યોએ પ્રથમ પોતાના આત્માની તુલના કરીને કોઈપણ સાહસ કરવું જોઈએ. બાકી ધર્મક્રિયાઓ તો છેવટમાં પાંચમા આરાને અંતે થનાર દુષ્પસહસૂરિ પર્યંત અનવચ્છિન્ન ચાલનાર છે.

દુષમકાળમાં પણ સારી રીતે આચરણ કરેલા તપ, સંયમાદિથી એકાવતારીપણું પણ મેળવી શકાય છે.

મહસેન! જો સારી રીતે વિચાર કરીશ તો જરૂર આ મનુષ્યોનું બળ અને જીવિતવ્ય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રીષ્મઋતુના ઉષ્ણ તાપથી આક્રમિત થયેલાં કોમળ દેહવાળાં પંખીઓની સમાન જલદી નાશ પામે તેવું જણાશે. વિદ્યુત્લતાની માફક ચપળ અને ક્ષણવારમાં દૃષ્ટનષ્ટ સરખી સંપત્તિ યા લક્ષ્મી લાગશે. કદલીગર્ભ સમાન આ અસાર દેહ અનેક પ્રકારના વ્યાધિના ઘરસમાન જણાશે. પહાડ પરથી વહન થતી સરિતાના (નદીના) પ્રવાહતુલ્ય અતિશય તરલ યૌવન અવસ્થા, શરદઋતુના અભ્રપટલતુલ્ય સંપત્તિ, ઇંદ્રધનુષ્યની માફક થોડો વખત ટકી રહેનારી લાવણ્યતા, પ્રિયસમાગમનું સ્વપ્ન સમાન સુખ, હાથીના કાન સમાન બળની ચપળતા, કુશાગ્ર પર રહેલા જળબિંદુ સમાન ઐશ્વર્યની સાહ્યબી, પવનથી આંદોલિત કરાતા ધ્વજપટ્ટની માફક શરીરની ક્ષણ ભંગુરતા, વૃક્ષ પર આવી વસેલા પક્ષીઓના નિવાસતુલ્ય કુટુંબવાસની સહજ વિયોગશીલતા, અને વ્યવહારીના ઋણસમાન કુટુંબનું પોષણ ઇત્યાદિ સર્વ વસ્તુઓનો અનુભવ (વિચારદૃષ્ટિથી જોતાં) તને અસાર અને અશાશ્વત અનુભવાશે તેમજ પ્રારંભે મધુર હોઈ પરિણામે દારુણ જણાશે. અને છે પણ તેમજ, તો આ દુઃખદાયી વિષયસુખનો ત્યાગ કરવો તે તમને આત્મશ્રેય માટે યોગ્ય છે.

સમુદ્ર અનેક સરિતાઓના નીરથી પૂર્ણ થતો નથી. ગમે તેટલાં ઈંધણાંઓ હોમવામાં આવે તથાપિ અગ્નિ શાંત થતો નથી. તેમ આ વિષયોનો અનેક વાર ઉપભોગ લીધો હોય તથાપિ આ જીવની તેનાથી તૃપ્ત થતી નથી. તેનાથી શાંતિ મળતી નથી, પણ કોઈ વખત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણે તે વિષયો ન મળ્યા હોય તેમ અતિ અભિલાષાથી નિર્લજ્જ થઈને વારંવાર તે તરફ મનુષ્યો પ્રવૃત્તિ કરે છે. હિતકારી વચનો નહિ સાંભળનાર બહેરો જ છે, અકાર્યમાં આસક્ત પુરુષ દેખતાં છતાં જન્માંધ છે. જરૂરિયાતી પ્રસંગે મૌન પકડનાર મૂંગો છે. તેમજ ધર્મમાં ઉદ્યમ નહિ કરનાર પગે ચાલવા છતાં પાંગળો જ છે. કેમકે તે પોતાના ઈષ્ટ–સુખ દાયક સ્થળે પહોંચી શકવાનો નથી.

મહસેન! દુનિયાના વિષયોની અસારતા તને બરોબર સમજાઈ હોય અને દુર્લભ માનવજિંદગીને સફળ કરી નિરંતરને માટે સુખી થવાની તારી પ્રબળ ઇચ્છા હોય તો, તારે ચારિત્ર ગ્રહણ કરવું યોગ્ય છે.

ઇત્યાદિ વિવિધ પ્રકારે ચંડસેન મુનિની ધર્મદેશના સાંભળી જાતિસ્મરણધારણક મહસેન રાજા સંસારવાસથી વિરક્ત થયો. અને તે જ સદ્‌ગુરુની સમીપે, તત્કાળ તેણે ચારિત્રનો સ્વીકાર કર્યો.

નવીન મુનિને ઉત્સાહ પમાડવા અને ધર્મશિક્ષા આપવા ગુરુએ કહ્યું : મહાભાગ્ય ધન્ય છે તમને, મનુષ્યભવનું ઉત્તમ ફળ તમે ગ્રહણ કર્યું છે. આ શ્રમણધર્મમાં સાવધાનતાથી વર્તન કરવાનું છે. તેથી જ આત્મધર્મ પ્રગટ થશે. આ શ્રમણ ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે છે. અર્થાત્ આ ધર્મમાં આ પ્રમાણે તમારે વિશેષ પ્રકારે વર્ત્તન કરવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષમા–દુઃખ આપનાર કે નિંદા કરનાર પાપી મનુષ્યોથી પોતાનો પરાભવ થતો દેખી તમારે આ પ્રમાણે વિચારવું કે 'આ મારાં કરેલ કર્મનું જ ફળ છે! સમપરિણામે સહન કરતા મારાં કર્મની નિર્જરા થશે.' ઇત્યાદિ વિચાર કરી, ક્રોધ ન કરતાં કે શિક્ષા આપવાનું સામર્થ્ય છતાં તેને કોઈ પણ રીતે નુકસાન ન પહોંચાડતાં, શાંત પરિણામે સહન કરવું તે ઉત્તમ ક્ષમા ધર્મ છે.

માર્દવતા–પોતે ગુણવાન છતાં, તે ગુણોનો મદ ન કરવો, અહંકાર કે ગર્વ કરવાથી તે ગુણો ચાલ્યા જાય છે. તેનું ફળ મળતું નથી તેમ અન્યનું અપમાન કે અવિનય ન કરવો. પણ ગુણાનુરાગી થઈ ગુણવાનોનું બહુમાન કરવું.

સરલતા–સર્વ કર્ત્તવ્યમાં–કાર્યમાં કુશળ છતાં સર્વ ઠેકાણે બાળકની માફક સરલતાથી વર્ત્તન કરવું. પણ કાર્ય કુશળતા ગુણનો માયા, કપટ, છળ કે પ્રપંચાદિ કાર્યમાં દુરુપયોગ ન કરવો.

નિર્લોભતા–ગરીબ કે ધનાઢ્ય સર્વના ઉપર સરખી દૃષ્ટિ રાખવી. આત્મામાં સર્વશક્તિ કે સર્વ વસ્તુપ્રાપ્તિનું સામર્થ્ય છે. ખરૂં સુખ આત્મગુણથી જ મળે છે, એમ ધારી આત્મગુણમાં જ સંતુષ્ટ થઈ, દુનિયાની કોઈ પણ પૌદ્ગલિક વસ્તુની અપેક્ષા ન રાખવી.

તપ–છ પ્રકારનો બાહ્ય તથા છ પ્રકારનો અભ્યંતર એમ બાર પ્રકારના તપ કરવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિરંતર પ્રયત્ન રાખવો. તે તપ ગ્લાનિપણે એટલે વેઠરૂપે નહિ તેમજ કોઈ વસ્તુની અપેક્ષા માટે નહિ પણ કેવળ કર્મ ક્ષય કરવાની લાગણીથી જ કરવો.

સંયમ–સર્વ જીવોને આત્મસમાન ગણી, પોતાની માફક સર્વ જીવોનું રક્ષણ કરવું. 'મારશો તો મરાશો' આ મહાવાકયને યાદ રાખી વર્ત્તન કરવું તેમજ ઇષ્ટાનિષ્ટ વસ્તુને પામી તેમાં રાગ, દ્વેષ કે હર્ષ, શોક કરવારૂપ ઇંદ્રિયોને છૂટી ન મૂકતા યથાયોગ્ય ઇંદ્રિયોને દમન કરવી.

સત્ય–સર્વ સ્થળે પ્રિય, પથ્ય અને સત્ય વચન બોલવું. કોઈ વિકટ પ્રસંગમાં મૌનપણું ધારણ કરવું અને વિકથાદિ કથાઓનો ત્યાગ કરવો.

શૌચ–મન, વચન, શરીરથી કોઈપણ અકાર્યનો વિચાર, ઉચ્ચાર કે વર્ત્તન ન થાય તે માટે વિશેષ ઉપયોગ રાખવો. બાહ્ય પવિત્રતાથી અંતરપવિત્રતા ઉત્તમ અને ત્યાગના ભૂષણરૂપ છે. તેમજ આહાર, વસ્ત્ર, પાત્ર અને શય્યા–મુકામ એ ચારે શાસ્ત્રોક્ત વિધિએ નિર્દોષ હોય તેનું આસેવન કરવું.

અકિંચન–વિવિધ પ્રકારનો જે પરિગ્રહ કહેવાય છે તે સર્વનો ત્યાગ કરવો. ધર્મોપકરણો તે પણ મમત્વ ભાવ વિના ધર્મના ઉપષ્ટંભ (આધાર) માટે જરૂર જેટલાં જ અર્થાત્ મર્યાદા પ્રમાણે રાખવાં.

બ્રહ્મચર્ય–ઔદારિક મનુષ્ય અને તિર્યંચ સંબંધી, વૈક્રિય દેવ સંબંધી આ બન્ને પ્રકારના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિષયનો મન, વચન, શરીરથી કરવા, કરાવવા અને અનુમોદન કરવારૂપે ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે.

મહસેન મુનિ! પ્રમોદનો ત્યાગ કરી, આ દશ પ્રકારનો શ્રમણ ધર્મ તમે યાવત્ જીવપર્યંત પાળજો. શાશ્વત સુખ-પ્રાપ્તિની તમારી અભિલાષા આ અનુક્રમે વર્ત્તન કરવાથી પૂર્ણ થશે.

ગુરુમુખથી ધર્મશિક્ષા સાંભળી, મહસેન મુનિએ હાથ જોડી નમ્રતાથી તે શિક્ષાનો સ્વીકાર કરી, પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો.

ગુરુશ્રીના મુખથી સુદર્શના, વિજયકુમાર, શીળવતી, ચંડવેગ અને મહસેન આદિ ઉત્તમ મનુષ્યોનાં સંવેગ ઉત્પન્ન કરનાર અનેક ચરિત્રો સાંભળી ચંપકલતા સંવેગ પામી, પૂર્વજન્મના પોતાના પુત્ર અથવા આ જન્મના વચનથી અંગીકાર કરેલ પતિના મેળાપથી અને તેના ચારિત્ર આદરવાથી વિશેષ પ્રકારે ચંપકલતાને આનંદ અને વૈરાગ્ય થયો પણ ધાત્રીસ્નેહ દુઃખે મૂકી શકાય તેવો તેને ભાસ્યો. સુદર્શના દેવી ઉપરનો મોહ તેનાથી મૂકાયો નહિ અને તેથી ચારિત્ર લેવામાં તેનો ઉત્સાહ ન વધ્યો. ખરી વાત છે. મોહનો પડદો ભેદાયા સિવાય આત્મપ્રકાશનાં દર્શન ન જ થાય. પોતાને કૃતાર્થ માનતી ચંપકલતા ગુરુવર્યને તથા મહસેન મુનિને નમસ્કાર કરી પૂર્વજન્મના સુદર્શનાના બનાવરાવેલા સમળીવિહાર નામના મુનિસુવ્રતસ્વામિના મંદિરમાં દર્શન કરવા અર્થે પાદુકા પર આરૂઢ થઈ વિમળ પર્વતથી આકાશમાર્ગે ભરૂયચ્ચ તરફ ચાલી ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંડવેગ અને મહસેન બન્ને શ્રમણસિંહો ત્યાંથી અન્ય સ્થળે ચાલ્યા ગયા. ચંડવેગ તો વિદ્યાધર જ હતા. મહસેન મુનિને આકાશગમન વિદ્યા આપવાથી સમુદ્ર ઉલ્લંઘન તેઓને વિષમ ન થયું. ખરી વાત છે જેઓને ભીષણ સંસારસમુદ્ર તરવો દુસ્તર ન થયો, તેઓને આ સમુદ્ર તરવો અશકય કયાંથી હોય?

મહસેન મુનિ અનુક્રમે શ્રુતસાગરના પારગામી થયા. છઠ્ઠ અઠ્ઠમાદિ વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરતાં ઘણા વખત પર્યંત પૃથ્વીતલ પર વિચરી છેવટની સ્થિતિમાં સિદ્ધાંતાનુસાર તેમણે સંલેખણા અંગીકાર કરી, બે માસનું અણશણ આરાધી, શુકલલેશ્યાએ આત્મધ્યાનમાં રમણ કરતા તે બન્ને મુનિઓએ આ ક્ષણભંગુર માનવદેહનો ત્યાગ કર્યો અને સર્વ દેવભુવનોથી ઉચ્ચતમ અનુત્તર વિમાનની દેવભૂમિ અલંકૃત કરી.

પ્રકરણ ૪૨ મું.

કિન્નરીનો પશ્ચાત્તાપ.

સુદર્શના દેવીને યાદ કરતી અને શ્રીમુનિસુવ્રતસ્વામિનું પૂજન કરતી ચંપકમાલા પોતાના દિવસો આનંદમાં પસાર કરવા માગી. ભરૂયચ્ચમાં સુદર્શના દેવીનું આગમન વારંવાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થતું હતું. તેના મેળાપથી અને પૂર્વજન્મના ધાત્રીસ્નેહથી સુદર્શના પર તે એટલી બધી પ્રીતિ રાખતી હતી કે તેના સ્નેહને લઈ પોતાનું આત્મસાધન કરવું પણ તે (ચંપકમાલા) ભૂલી ગઈ. દેવદર્શન, પૂજન જેટલી શુભ ક્રિયા તો ચાલુ રાખી હતી, તથાપિ શીળવતીની માફક સંયમમાર્ગ તે ગ્રહણ ન કરી શકી.

અહા! મોહનું કેટલું બધું જોર? જેને લઈને સંસારથી વિરક્તતા ભોગવનાર જાતિસ્મરણ જ્ઞાનધારક પણ આ પ્રમાણે મુંઝાય છે તો અન્ય અજ્ઞાની જનો માટે તો કહેવું જ શું?

કેટલાએક નિમિત્ત કારણોથી પોતાનું આયુષ્ય અલ્પ જાણી (મરણ નજીક આવેલું જાણી) ચંપકલતા આ પ્રમાણે ચિંતવવા લાગી. "આ જિનપૂજારૂપ ધર્મક્રિયાનું ભવાંતરમાં બદલો આપનાર કાંઈ પણ ફળ મળતું હોય તો તે પુન્યના પ્રભાવથી આ સમળીવિહાર તીર્થમાં દેવીપણે મારું ઉત્પન્ન થવાપણું થજો, જેથી સુદર્શના દેવીનો મને વારંવાર મેળાપ થાય."

અહો! અવિવેકીતા? મોહનું કેટલું બધું પ્રબળ જોર! ઇચ્છિત ફળ આપનાર જિન-પૂજન અને માનવ જિંદગી તેનો આવો ઉપયોગ? કરેલ કર્તવ્ય અવશ્ય ફળ આપવાનાં જ છે તો પછી આવું નિયાણું કરવાની શી જરૂર! ધર્મક્રિયા કરીને ફળ માંગવારૂપ નિયાણું કરવાની વારંવાર જ્ઞાની પુરુષો મના કરે છે. એટલું જ નહિ પણ આશંસાપૂર્વક ધર્મક્રિયા કરવાની મનાઈ પણ કરે છે. નિરીહભાવે ક્રિયા કરો, જેવું જોઈશે તેવું મળી આવશે. પણ લાખોની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહેનત કરી કોડીની માંગણી શા માટે કરવી? ખેડૂતો અનાજ માટે જ બી વાવે છે તથાપિ ઘાસ, ચારો વિગેરે સ્વાભાવિક જ થાય છે. તેને માટે પ્રાર્થના કરવાની જરૂર રહેતી નથી. તેવી જ રીતે કર્મક્ષય કરવાના મુખ્ય ઉદ્દેશથી જ ક્રિયા કરવી જોઈએ. તો પછી ઘાસ–ચારાની માફક દુનિયાના ઇચ્છિત સંયોગો સ્વાભાવિક જ મળી આવશે. મહાપુરુષો કહે છે કે–સત્તામાં રહેલું કર્મ વિપાકે ભોગવવા લાયક જ્યાં સુધી રહેલું છે ત્યાં સુધી તે ભોગવ્યા સિવાય તમને જોર કરીને કોઈ પણ મોક્ષમાં લઈ જનાર કે સ્વાભાવિક મોક્ષમાં જઈ પડો તેમ નથી જ તો પછી દુનિયાના સ્વલ્પ સુખના ઉપભોગ માટે મોક્ષસુખથી તમે શા માટે ડરો છો? કે તેવી ઉત્તમ ધાર્મિક ક્રિયા કરીને પૌદ્ગલિક સુખની કે અનુકૂળ સંયોગોની કાં માંગણી કરો છો? જ્યારે તમે આ દુનિયાના સર્વ સુખથી નિરપેક્ષ બનશો, તેનાથી તમને કંટાળો આવશે, પાસે આવ્યા છતાં તે સંયોગોને ફેંકી દેવાને ઇચ્છશો અને કોઈ પણ કાળમાં તે સુખ વૈભવની તમને ઇચ્છા નહિ જ થાય એવી જ્યારે તમારી દશા પ્રગટ થશે ત્યારે જ તમને મહાન્ આત્મિક સુખવાળો મોક્ષ મળશે. આ પ્રમાણે નિર્ણિત છે તો પછી આ માયિક પ્રપંચથી ભરેલા, સંયોગ વિયોગવાળા સંબંધોની કે આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરપૂર દુનિયાના સુખની ઇચ્છા ન કરો. તે તો સ્વાભાવિક જ મળી આવશે. મૂળ ઉદ્દેશ કર્મક્ષયનો જ લક્ષમાં રાખી કાંઈ પણ શુભ ક્રિયા કરો. પરિણામ સારું જ આવશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજપુત્રી ચંપકલતાએ નિયાણું કરી આયુષ્ય પૂર્ણ થતાં આ દેહનો ત્યાગ કર્યો. જિનપૂજાદિ પુન્ય કર્મના સંયોગે અને કરેલ નિયાણાના હેતુથી કિન્નર જાતિના વ્યંતર દેવનિકાયમાં કિન્નરી-પણે ઉત્પન્ન થઈ, અંતર્મુહૂર્તમાં પર્યાપ્તિભાવને પામી અહીં ઉત્પન્ન થવાનું કારણ તપાસતાં અવધિજ્ઞાનના બળથી પોતાનો પાછલો જન્મ દીઠો. તીર્થ પરના સ્નેહથી તે ભરૂયચ્ચમાં આવી, મુનિસુવ્રતસ્વામિની મહાન્ વિભૂતિએ પુષ્પાદિકથી વિવિધ પ્રકારે પૂજા કરવા લાગી. તીર્થ ઉપરના મોહથી ભારતવર્ષમાં તીર્થાધિષ્ઠાતૃપણું ભોગવવા લાગી. આજે ગિરનારના પહાડ ઉપર નેમનાથ પ્રભુને વંદન કરવા નિમિત્તે મારું અહીં આગમન થયું છે. તે ચંપકલતા અને તેનાથી પાછલા ભવની ધાવમાતાનો જીવ તે હું જ કિન્નરી છું.

સ્વધર્મી બંધુ! પદ્મા ધાત્રીના ભવથી મારું સવિસ્તર કથાનક મેં તને (મિત્ર સહિતને) સંભળાવી આપ્યું છે. તેં તો મારું ચરિત્ર પૂછયું હતું, પણ સુદર્શનાના સંબંધ સાથે મારું ચરિત્ર ગૂથાએલું હોવાથી પ્રસંગોપાત રાજપુત્રી સુદર્શના દેવીનું ચરિત્ર પણ મેં તમને જણાવ્યું છે, મને ખેદ માત્ર એટલો જ છે કે,–સુદર્શના દેવીના મોહથી હું મારા મનુષ્યપણાથી ભ્રષ્ટ થઈ છું. જે મનુષ્ય જિંદગીમાં મોક્ષ પર્યંતનાં સાધનો મનુષ્યો કરી શકે છે તેવા ઉત્તમ માનવભવમાં હું કાંઈ કરી શકી નથી. હા! હા! મોહની પણ હદ હોવી જોઈએ. તીર્થમાં મોહ રાખવો તેની હદ છે. હું ધારત તો માનવ જિંદગીમાં ઘણું કરી શકત, કારણ કે મને ત્યાં પૂર્વજન્મનું જ્ઞાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયું હતું. સંસાર પરથી વિરક્તતા આવેલી હતી. જોઈએ તેવો ગુર્વાદિકનો સમાગમ મળ્યો હતો. કોઈ પ્રકારનો પ્રપંચ કે વ્યવસાય પણ મને ન હતો. શરીર પણ નિરોગી હતું. આવી વિવિધ પ્રકારની પૂર્ણ સામગ્રી હોવા છતાં હું મારું આત્મસાધન ન કરી શકી અને આ દેવની હલકી કિન્નરની જાતિમાં આમ તેમ ફરું છું.

આ ઠેકાણે મારા મનને દિલાસો આપવાનું કે શાંતિ માનવાનું કારણ એક જ છે કે તીર્થનાં દર્શન કરી, તેનું રક્ષણ કરી, ધર્મી મનુષ્યોનાં વિઘ્નો દૂર કરી આ જિંદગી સફળ કરવી. તેના પ્રભાવથી ઉત્તરોત્તર મારી આત્મિક સ્થિતિમાં યા નિર્મળતામાં વધારો થશે અને એક વખત એવો પણ આવશે કે હું મારા આત્માનું સામ્રાજ્ય પણ મેળવી શકીશ.

ભાઈ ધનપાળ ! તું ધર્માર્થી છે. ધર્મનું ફળ પ્રત્યક્ષ છે. જિનેશ્વરના કહેલ ધર્મમાં તારે આદર કરવો જેથી મારી માફક પશ્ચાતાપ કરવાનો વખત તને ન આવે. ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે. મનોવાંછિત સુખ પણ ધર્મથી જ મળે છે. ધર્મ કરનાર મનુષ્ય છૂપી રીતે કદાચ પહાડની ગુફામાં જઈ બેસે તો ત્યાં પણ તેને મનોભિષ્ટ પ્રાપ્તિ થાય છે. મનુષ્યપણું સરખું છતાં ધર્માધર્મનું ફળ (સુખ દુઃખ) પ્રાણીઓ પ્રત્યક્ષ અનુભવતાં નજરે પડે છે.

ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ પુરુષોને ઘેર કેટલાએક રૂપ, ગુણ સહિત જન્મ પામે છે ત્યારે બીજાઓ દુર્ભાગ્યતાથી કલંકિત દુઃખીયા પાપી કુળમાં ઉત્પન્ન થાય છે. કેટલાએક કર્પૂર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કસ્તુરિકાદિ પરિમળથી મઘમઘતા સુંદર રાજમંદિરોમાં રહે છે ત્યારે બીજાઓ માટીથી ભરપૂર જર્જરિત ભીંતોવાળાં દુર્ગંધિત ઝુંપડાઓમાં રહે છે. કેટલાએક વિવિધ પ્રકારે દાન આપી પછી ભોજન કરે છે ત્યારે કેટલાએક જીવો અન્યની આગળ પ્રાર્થના કરવા છતાં પણ પેટ પૂરતું અનાજ પામતા નથી, દુષ્પૂર ઉદર–પૂરણાર્થે રાત્રિ–દિવસ કાર્ય કરવાં પડે છે અને ધનેશ્વરોના ચરણ પણ મર્દન કરવા તથા ધોવા પડે છે. આ અધર્મનું કારણ નથી? છે જ. ભિક્ષાવૃત્તિ અર્થે ફરતા મનુષ્યો પોતાના **અદાન** (કૃપણ) ગુણને અને ધનાઢ્યો નાદાન ગુણને પ્રગટપણે જણાવે છે તેઓ પોતાના આ ચરિત્ર ઉપરથી બીજાઓને એમ સૂચવે છે કે,–આ અમારા અન્ય જન્મના અદાન યા લોભી–કૃપણ ગુણને સમજીને તમે દાન આપવાનું ચાલુ કરો. પુન્યવાન જીવો આ જન્મ પર્યંત દેવ, ગુરુનું સ્મરણ અને પૂજન કરે છે ત્યારે નિર્ભાગ્ય મનુષ્યો સેવાવૃત્તિ કરવાવડે આ જિંદગી પર્યંત માલિકની ધનાઢ્યની સેવા ઉઠાવે છે. ખરેખર ભૃત્યવૃત્તિ એ શ્વાન વૃત્તિ સરખી છે.

કેટલાએક મનુષ્યો દશાંગ કે અષ્ટાંગ ધૂપાદિની સુગંધવાળી ચિત્રશાળાઓમાં નિવાસ કરે છે ત્યારે કેટલાએક પરના દ્વાર ઉપર કોપધૂમ્રથી અંધ થઈ પરાણે નિવાસ પામે છે. અમુક મનુષ્યો ચંદન કુંકુમાદિકથી શરીરની શોભામાં વધારો કરતા લીલામાં દિવસો પસાર કરે છે ત્યારે અન્ય અશુચિથી ખરડાયેલા મલિન શરીર ધારણ કરતા વસ્ત્ર વિનાની જિંદગી ગુજરે છે. કેટલાએક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શતપત્રાદિ પુષ્પોના પરિમળવાળી સુખશય્યામાં શયન કરે છે ત્યારે અન્ય પરાળના ઘાસમાં અથવા અનેક વસ્ત્રના કકડાઓથી બનાવેલી દુર્ગંધિત કંથાઓમાં દુઃખે નિદ્રા લે છે. કેટલાએક શિશિર ઋતુમાં ઊનનાં અનેક ગરમ પ્રાવરણો ઓઢી સુખે રાત્રિ પસાર કરે છે, ત્યારે બીજા હાથરૂપ પ્રાવરણથી શરીર ભીડીને (બાંધીને) દાંત–વીણા વગાડતા દુઃખે રાત્રિ પસાર કરે છે. કેટલાએક ગ્રીષ્મઋતુમાં જલાદ્ર ચંદનનું શરીરે વિલેપન કરી શાંતિ અનુભવે છે ત્યારે અન્ય મોટો બોજો (ભાર) ઉપાડી ઉઘાડે પગે ગ્રીષ્મઋતુના પ્રખર તાપમાં આમ તેમ ફર્યા કરે છે. કેટલાએક મહેલના ઝરૂખામાં બેસી સ્નેહી મનુષ્યો સાથે વર્ષાઋતુની અલૌકિક લીલાનું નિરીક્ષણ કરે છે અન્ય કાદવથી ખરડાયેલા પગે છત્ર વિના વર્ષાદમાં ભિંજાતા આમતેમ આથડયા કરે છે. કેટલાએક યુવાન યુવતિઓના હાવભાવ સાથે પ્રફુલ્લિત મને આનંદની ક્રીડા કરે છે ત્યારે અન્ય કંકાસ કરનારી સ્ત્રીના દુર્વચનોથી કલેશિત થઈ તેનાથી છૂટો થવા માટે આર્ત્તધ્યાન કરે છે.

કેટલાએક માથે છત્રને ધારણ કરાવતા નોકરોથી નેકી પોકારાવાતા યથેચ્છાએ ફરે છે ત્યારે અન્ય મનુષ્યો તેના જ ઉપાડેલા બોજાના ભારથી ગાત્ર (શરીર) સંકુચિત કરી તેની પાછળ દોડયા જાય છે. કેટલાએક કર્પૂર, કુંકુમ, કસ્તૂરી, અગર આદિનો ક્રયવિક્રય કરે છે ત્યારે અન્ય ધૂળ ધોવાનો વ્યાપાર કરે છે. કેટલાંએક મણિ, રત્નાદિનો સહજ હાથની સંજ્ઞાએ વ્યાપાર કરે છે ત્યારે અન્ય લોઢાં પ્રમુખને કાપવા કૂપવાનો વ્યાપાર કરે છે. કેટલાએક સત્યમાં તત્પર રહી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિર્દોષ વસ્ત્રાદિનો વ્યાપાર કરે છે, ત્યારે કેટલાએક ક્રૂરતર પરિણામના કારણભૂત ખર કર્માદિકનો વ્યાપાર કરી દિવસો પૂરા કરે છે. કેટલાએક નિત્ય નવીન વસ્ત્રો પહેરી ઊતરેલાં જૂનાં વસ્ત્રો દાનમાં આપે છે ત્યારે અન્ય રસ્તામાં પડેલા લોકોએ ફેંકી દીધેલા કકડાઓ એકઠા કરી તેનાં વસ્ત્ર પહેરે છે, કેટલાએક આભૂષણથી શરીરની શોભા કરે છે ત્યારે અન્ય શરીરમાં પડેલાં વ્રણો (છિદ્રો) ઢાંકવા પાટા બાંધે છે. કેટલાએક સ્વેચ્છાનુસાર વન, ઉદ્યાન, કાનનાદિકમાં ફરે છે ત્યારે અન્ય પગમાં લોઢાની બેડી પહેરી બંધીખાનામાં સંડોવાઈ રહે છે. કેટલાએક અનેક મનુષ્યોને વલ્લભ થઈ તેઓ તરફથી માન પામે છે ત્યારે કેટલાએક પોતાના જ દુર્ગુણોથી લોકો તરફથી પગલે પગલે અપમાન પામે છે કેટલાએક સુવિનીત, સ્વજનાદિ પરિવાર સંયુક્ત સુખી દેખાય છે ત્યારે અન્ય ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગથી નિરંતર દુઃખ અનુભવે છે. પુન્યાનુબંધી પુન્યના ઉદયથી કેટલાએક બન્ને ભવમાં સુખી હોય છે ત્યારે પાપાનુબંધી પાપના ઉદયથી કેટલાએકના બન્ને ભવો અથવા અનેક ભવો દુઃખમય જ હોય છે. પુન્યવાન અને ભવિષ્યમાં તેને માટે પ્રયત્ન કરનારા નિરંતર સુખમાં જ રહે છે ત્યારે પાપ કરનારા અને ભવિષ્યમાં પણ તેવા જ મલિન પરિણામવાળા નિરંતર દુઃખિયા જ રહે છે. કેટલાએક તૃણની માફક રાજ્યાદિકનો ત્યાગ કરી સંયમ ગ્રહણ કરે છે ત્યારે વિશેષ મોહથી મોહિત બુદ્ધિવાળા એક ભાંગ્યા તૂટયા ભિક્ષાપાત્રનો પણ ત્યાગ કરી શકતા નથી. કેટલાએક અન્ય જીવોને પ્રતિબોધ આપી ધર્મની સન્મુખ કરે છે ત્યારે

॥ ૫૪૨ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાએક પાપમાં આસક્ત પોતાના આત્માને પણ વારી શકતા નથી.

ધનપાળ! આ સર્વ શું સૂચવે છે? હું તો ચોક્કસ કહું છું કે આ સર્વ ધર્માધર્મનું ફળ પ્રત્યક્ષ દેખાવ આપે છે. જેમ આ પુન્ય, પાપનું ફળ મનુષ્યભવમાં અનુભવાય છે તેમજ દેવ, તિર્યંચ અને નારક ભૂમિમાં પણ વિવિધ પ્રકારે તે ફળ રહેલું છે. વિશેષ એટલો છે કે-દેવો વિષયમાં આસકત છે, નારકીઓ વિવિધ દુઃખથી સંતપ્ત છે. તિર્યંચોમાં પ્રાયે કર્ત્તવ્યોનો વિવેક નથી ત્યારે વિચાર કરતાં એકલા મનુષ્યોમાં જ જોઈએ તેવી સાનુકૂળ ધર્મ–સામગ્રીનો સદ્ભાવ અને કર્ત્તવ્યપરાયણતા રહેલી છે.

ખરેખર તે જ મનુષ્યોનો જન્મ કૃતાર્થ છે કે દુર્લભ સામગ્રી મેળવીને, દૃઢ સમ્યકૃત્વ-પૂર્વક ચતુર્વિધ ધર્મમાં પ્રયત્ન કરે છે.

પ્રકરણ ૪૩ મું.

ધનપાળ અને કિન્નરીનો સંવાદ
ધર્માધર્મના પ્રત્યક્ષ ફળ.

ધનપાળ—આપનું કહેવું સર્વ યથાર્થ છે, ધર્માધર્મનાં ફળો પ્રત્યક્ષ અનુભવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કિન્નરી—ધર્માધર્મનું ફળ સંબંધી ગુરુશ્રીએ એક વખત મને સુંદર દૃષ્ટાંત સમજાવ્યું હતું.

ધનપાળ—તે મને સંભળાવશો? આજના તમારા સમાગમથી મને ઘણો આનંદ અને ફાયદો થયો છે.

કિન્નરી—હા, તે હું તમને સંભળાવીશ. પોતે કદાચ કર્મોદયથી કે આળસથી ન કરી શકીએ, તથાપિ તેવા સારા કાર્યમાં બીજાને પ્રેરણા કરવાથી કે ઉત્સાહિત કરતાં રહેનારને અવશ્ય લાભ જ થાય છે. જ્ઞાની પુરુષો કહે છે કે—પરિણામની સમતા થાય તો કરનાર, કરાવનાર અને અનુમોદન કરનારને સરખું ફળ છે. હું તે દૃષ્ટાંત સંભળાવું છું. તમે સાવધાન થઈને સાંભળશો.

કિન્નરી—આ ભારતવર્ષમાં આમલકપ્પા નામની પ્રખ્યાત નગરી છે. તેના ઈશાનખૂણામાં સર્વ ઋતુઓનાં પુષ્પ, ફળોની સમૃદ્ધિવાળુ તથા પંખીગણોને હર્ષ આપનાર કોષ્ઠનાગ નામનું ઉદ્યાન આવી રહેલું છે.

જેના વક્ષસ્થળમાં જયલક્ષ્મી આવી વસી છે એવો પ્રબળ પ્રતાપી જયઘોષ રાજા તે નગરીનું શાસન કરતો હતો. તેને જયાવલી નામની પટ્ટરાણી હતી. મારું એમ ધારવું છે કે તેની અદ્‌ભૂતરૂપ લાવણ્યતાથી શરમાણીઓ હોય તેમ અપ્સરાઓ કોઈ વખત જ આ દુનિયાના જીવોની દૃષ્ટિએ પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે નગરીમાં ન્યાય, વિવેક અને પરોપકારમાં પ્રવીણ ઋદ્ધિમાન સુનંદ નામનો શ્રાવક વસતો હતો. નિર્મળ શીળગુણને ધારણ કરનારી તથા ધર્મકર્મમાં પ્રીતિવાળી ધારણી નામની તેને પત્ની હતી. તેણીની કુક્ષીથી અગિયાર પુત્રો થયા. એક દિવસે અનેક શિષ્યોના સમુદાય સાથે પાર્શ્વનાથ ભગવાન તે કોષ્ટક ઉદ્યાનમાં આવીને રહ્યા હતા. મેઘનો ગર્જારવ સાંભળી હર્ષાવેશમાં જેમ મયૂરો નૃત્ય કરે છે તેમ તે મહાપ્રભુનું આગમન સાંભળી જયઘોષ રાજાનું મન આનંદથી નૃત્ય કરવા લાગ્યું. તે મહાપ્રભુના પાદારવિંદને નમન કરવા અને ઉપદેશામૃતનું પાન કરવા, મોટા પરિવાર સહિત રાજા ગયો એ અવસરે સુનંદ પ્રમુખ નગરલોકો પણ ત્યાં આવ્યા.

ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નમન કરી સર્વે ઉચિત સ્થળે બેઠા. યોગ્ય જીવોને ઉપગાર કરવા તે પ્રભુએ ધર્મદેશના આપવી શરૂ કરી.

મહાનુભાવો! મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, નિરોગી શરીર, પાંચ ઇંદ્રિયની પટુતા અને ધર્મોપદેશક ગુર્વાદિ દુર્લભ સામગ્રી તમને યોગ્ય અવસરે મળી આવી છે; માટે આત્મ-ધર્મ પ્રગટ કરવામાં પ્રમાદ ન કરો. માનવજિંદગી ટૂંકી અને ક્ષણભંગુર છે. પરિણામની વિશુદ્ધતા સિવાય કર્મમળ દૂર થતો નથી. કર્મમળ દૂર થયા સિવાય આત્મધર્મ પ્રગટ ન થાય અને તે સિવાય સત્ય સુખ ક્યાંથી મળે? સત્ય સુખ સિવાય, જન્મ મરણનો ભય આપનાર ત્રાસ ઓછો ન થાય માટે જાગૃત થાઓ, ભાવનિદ્રાનો ત્યાગ કરો, આયુષ્ય થોડું છે. વખત ચાલ્યો જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ અવસરે ભુવનગુરુને નમસ્કાર કરીને સુનંદ શ્રેષ્ઠી આ પ્રમાણે બોલવા લાગ્યો–કૃપાળુ દેવ! આપ જે કહો છો તે સત્ય છે. મારો એક સંદેહ આપ દૂર કરશો અને તેથી તેમાંથી અમને જાણવાનું, આદરવાનું કે ત્યાગ કરવાનું ઘણું મળી આવશે.

પ્રભુ! મારે અગિયાર પુત્રો છે. જિનેશ્વરનું નામ વારંવાર યાદ આવે આ હેતુથી પુત્રનાં નામો ઋષભથી શ્રેયાંસ પર્યંત રાખવામાં આવ્યાં છે. આ સર્વે એક જ માતાપિતાથી ઉત્પન્ન થયેલા સગા ભાઈઓ છે. સરખી રીતે આદર પૂર્વક તેઓનું રક્ષણ કરવામાં આવ્યું છે અર્થાત્ સરખી રીતે ઉછેરવામાં આવ્યા છે છતાં આમાંથી છ પુત્રોનાં આચરણો વિલક્ષણ–જુદાં જુદાં જોવામાં આવે છે.

મોટોપુત્ર શરીરે કદરૂપો છે. બીજો પુત્ર કમળની માફક સુગંધી શ્વાસ–નિશ્વાસવાળો છે. ત્રીજો પુત્ર ધનનો નાશ કરનાર યા હરણ કરનાર છે. ચોથો સૌભાગ્યવાન છે. પાંચમો અતિશય ધીઠ છે. છઠ્ઠો પુત્ર થોડી મહેનતે ઘણું દ્રવ્ય કમાય છે. સાતમો પુત્ર પ્રતિક્ષણે ભૂખ્યો થાય છે. આઠમો મૃદુ અને ઘણું થોડું બોલનાર છે. નવમો ઘણા ચપળ સ્વભાવનો, દશમો પરિમિત ચાલવાવાળો અને કોઈ વખત વિપત્તિ પામતો નથી. અગિયારમો પુત્ર સપાપકાયનો અત્યંત ત્યાગ કરનાર છે છતાં ત્યાગ ભોગ અને વિવિધ પ્રકારના ધનાદિનો લાભ સંપાદન કરી શકતો નથી.

પ્રભુ! આ મારા દરેક પુત્રો ભિન્ન સ્વભાવવાળા શા માટે? અર્થાત્ પૂર્વજન્મના કયા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કચા કર્મના ઉદયથી? તે આપ કૃપા કરી જણાવશો.

જગત્બંધવ ભગવાને કહ્યું: આ મગધદેશની કાકંદી નગરીમાં લક્ષ્મીપુંજ નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને શીળવતી નામની ગુણીયલ સ્ત્રી હતી. અનેક ગુણવાન છતાં પુત્રસંતતિના ગુણથી તે રહિત હતી. પુત્રની ઉદાસીનતામાં ઘેરાયેલી શીળવતીને તેના સ્વામીએ દિલાસો આપતાં કહ્યું: વલ્લભા! પૂર્વકૃત કર્મ અલંઘનીય છે. તેવા કોઈ પ્રબળ કારણથી આપણે ઘેર પુત્રાદિ સંતતિ નથી. કર્મની આગળ બળવાન પુરુષોને પણ પ્રસંગે નમવું પડે છે, માટે તું શાંત થા. શ્રેષ્ઠીનું કહેવું નહિ માનતાં તે વિશેષ ખેદ ધરવા લાગી.

પુત્રપ્રાપ્તિ નિમિત્તે અનેક દેવ, દેવીઓ પાસે યાચના અને માનતા તેણે શરૂ કરી. એક વર્ષ પર્યંત એક એક દેવની; એવી રીતે અગિયાર વર્ષ પર્યંત મહાન્ વિભૂતિપૂર્વક અગિયાર દેવ, દેવીઓનું તેણે પૂજન કર્યું. મહાન્ કલેશ સહન કરવા સાથે દ્રવ્યનો પણ વ્યય કર્યો, છતાં એક પણ પુત્રાદિની પ્રાપ્તિ ન જ થઈ.

એક દિવસે ધર્મઘોષ મુનિના બે શિષ્યો તેને ઘેર આહારાદિની ભિક્ષાર્થે આવી ચડચા. શીળવતીએ તેઓનો ઘણો આદર-સત્કાર કર્યો. નમસ્કાર કરી છેવટે તેણે પોતાનો સ્વાર્થ જણાવ્યો કે-ભગવન્! મને પુત્રાદિ સંતતિની પ્રાપ્તિ થશે કે? અથવા કેવી રીતે પુત્રાદિ સંતતિ થાય તેનો ઉપાય બતાવશો? શિષ્યોએ કહ્યું: ભદ્ર! ભિક્ષાર્થે ગૃહસ્થને ઘેર આવેલા મુનિઓએ તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાર્ય સિવાય બીજું કાંઈપણ બોલવું યોગ્ય નથી. ગુરુમહારાજની તેવી પ્રબળ આજ્ઞા માટે તે સંબંધમાં અમે તમને કાંઈપણ ઉત્તર આપી શકશું નહિ. વિશેષમાં અમારા ગુરુશ્રી સ્વ–પરસમયના જાણુ છે, દ્રવ્ય, ક્ષેત્રાદિને જાણુનાર છે અને કાર્યાકાર્યનો વિચાર કરવામાં વિચક્ષણ છે.

મુનિઓના આશયનો ભાસ શીળવતીને એવો થયો કે–તેઓ પોતે કાંઈપણ બોલવાને ખુશી નથી પણ આ વાતનો ખુલાસો તેમના ગુરુશ્રી આપી શકશે.

ભિક્ષાર્થે આવેલા તે મુનિઓને નિર્દોષ, કલ્પનીય આહારાદિ શીળવતીએ આપ્યાં. તે લઈ તેઓ ચાલતા થયા. બીજે દિવસે પરિવાર સહિત શીળવતી ગુરુશ્રી પાસે ગઈ અને નમસ્કાર કરી તે જ પ્રશ્ન ગુરુને પૂછયો. ખરી વાત છે **અર્થી દોષને જોતો નથી.**

ગુરુએ કહ્યું. ભદ્ર ! સાવદ્ય યોગનો ત્યાગ કરનાર મુનિઓ જો કે પર ઉપકારી હોય છે તથાપિ પાપકારી આદેશ કરવો તે તેમને અકલ્પનીય છે અર્થાત્ કરવા યોગ્ય નથી. જેમાં જીવોને કિલામણા થાય. અથવા જીવોનો નાશ થાય તેવાં નક્ષત્ર, સ્વપ્ન, યોગ, નિમિત્ત, મંત્ર અને ઔષધાદિક સંબંધી કાંઈ પણ ગૃહસ્થને કહેવું તે સાધુ ધર્મની મર્યાદા બહારની વાત છે. અર્થાત્ સાધુની મર્યાદાનું ઉલ્લંઘન કરાવનારી વાત છે.

પણ ભદ્રે ! તારા દુઃખનું નિર્દલન થાય તેવો સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રમય હું તને ધર્મ બતાવું છું, જેનાથી મનોવાંછિત સર્વ સુખની પ્રાપ્તિ થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાનાદિ દોષ રહિત હોય તે દેવ કહેવાય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરનાર ઉત્તમ ગુરુઓ મનાય છે, જેમાં જીવ અજીવ આદિ પદાર્થસમૂહની હેય, જ્ઞેય, ઉપાદેયરૂપે સમજ આપવામાં આવે છે, તે આત્મવિશુદ્ધિ કરનાર ધર્મ છે. આ ત્રણેનું સમ્યક્ શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ કહેવાય છે. હવે હું તને ગૃહસ્થ ધર્મ બતાવું છું.

૧. સ્થૂળ (મોટા) પ્રાણી વધનો ત્યાગ કરવો. ૨ અસત્ય ન બોલવું. ૩ ચોરી ન કરવી ૪ પરપુરુષનો ત્યાગ કરવો. ૫ ધન ધાન્યાદિ પરિગ્રહનું ઇચ્છાનુસાર પરિમાણ કરવું. ૬ સંસાર વ્યવહારના પ્રસંગે દશે દિશાઓ તરફ જવા આવવાનો નિયમ રાખવો. ૭ માંસ, મદિરાદિ અભક્ષ્ય અનંતકાયાદિ વસ્તુઓના ભોગ ઉપભોગનો ત્યાગ કરવો, યોગ્ય વસ્તુઓના ભોગ-ઉપભોગનો નિયમ રાખવો. ૮ વિના પ્રયોજને આત્મા કર્મથી દંડાય–બંધાય તેવાં પાપોપદેશાદિ ન કરવા. ૯ ઓછામાં ઓછું દિવસમાં બે ઘડી પર્યંત ધર્મધ્યાનમાં–સમભાવમાં લીન રહેવાનો નિયમ ગ્રહણ કરવો. ૧૦ દિશાના નિયમ આદિનું ઓછું પ્રયોજન હોય ત્યારે વિશેષ પ્રકારે સંકોચ કરવો. ૧૧ આત્મગુણને વિશેષ પોષણ મળે તેવા પર્વદિવસે આહારાદિના ત્યાગ કરવારૂપ પૌષધ કરવા. ૧૨ અતિથિઓને દાન આપવું.

ભવવાસથી વિરક્તતા મેળવી અર્થાત્ સંતોષપૂર્વક આ બાર વ્રતરૂપ નિર્દોષ ગૃહસ્થ ધર્મનું જેઓ પાલન કરે છે તેઓ દેવ, માનવ સંબંધી સુખ ભોગવી અંતે નિર્વાણપદ પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરુ મહારાજ તરફથી ધર્મ ઉપદેશ શ્રવણ કરી, શીળવતી તે ગ્રહણ કરવાને તૈયાર થઈ. શંકાઓનું સમાધાન પૂછતાં તેણે ગુરુને પ્રશ્ન કર્યો કે–મારાથી હવે પછી કુળદેવીની પૂજા થઈ શકે કે કેમ?

ગુરુશ્રીએ કહ્યું : નિર્વાણ સુખના કારણ તુલ્ય જિનેંદ્ર દેવનું પૂજન કરીને હવે પછી બીજા સામાન્ય દેવની પૂજા કોણ કરે? કલ્પવૃક્ષ પામ્યા પછી એરંડાની ઈચ્છા કોણ કરે? સુકૃત દુષ્કૃત પોતાનાં જ કરેલાં છે, તેનાં ફળો પણ પોતાને જ ભોગવવાનાં છે. શુભ ઉદય હોય એ વખતે ઇંદ્ર પણ તેનું બૂરું કરવાને સમર્થ નથી તો પછી કુળદેવીનું શું ગજું છે? અને પાપનો ઉદય હોય તે વખતે એક હલકામાં હલકો મનુષ્ય પ્રાણી પણ નુકશાન પહોંચાડે છે ત્યારે રક્ષણ કરનાર કોઈ પણ નથી, માટે સુખ દુઃખ એ શુભાશુભ કર્મ ઉપર આધાર રાખે છે તો પછી અન્ય દેવ, દેવી વિગેરે આપણને શું ફાયદો કે ગેરફાયદો કરનાર છે? કાંઈ જ નહિ. સુકૃત કે દુષ્કૃતનો અનુભવ કરવો આપણે સ્વાધીન છે, તો પછી પુત્રનો મોહ પણ નિરર્થક છે. આપણાં કર્મથી અધિક કોઈ પણ આપી કે લઈ શકવાના નથી, અનંત સંસારમાં કોઈ પુત્રપણે નથી ઉત્પન્ન થયા? અથવા કયા ભવમાં પુત્રો ઉત્પન્ન નથી થયાં. અનેકવાર પુત્રો ઉત્પન્ન થયા છે. તેઓ તરફથી તમને શું ફાયદો મળ્યો છે? આ ભવમાં જ આપત્તિમાં આવી પડેલા માતા, પિતાઓનો ઉદ્ધાર તેઓ કરી શકતા નથી તો પછી અન્ય જન્મમાં ગયેલા માતા, પિતાઓનો તે ઉપગાર કરશે, આ વાત કોણ માની શકે તેમ છે? ધર્મ જ બન્ને કે અનેક ભવોમાં વાંછિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપવાને સમર્થ છે. માટે ભલી બાઈ! ધર્મ માટે જ તું નિરંતર ઉદ્યમવાન્ રહેજે. ચિંતામણિ કે કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાતા આ ધર્મથી એવું કોઈ નથી કે તે સિદ્ધ ન થાય અર્થાત્ સર્વ કાર્ય સિદ્ધ થશે.

ગુરુના વચનામૃતોથી સંતોષ પામેલી શીળવતી દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થધર્મ અંગીકાર કરી, ગુરુને નમસ્કાર કરી પોતાને ઘેર આવી. લક્ષ્મીપુંજ શ્રેષ્ઠી–(પોતાના પતિ) આગળ પોતે અંગીકાર કરેલ ગૃહસ્થધર્મ કહી સંભળાવ્યો. શ્રેષ્ઠીએ તેને ઉત્સાહિત કરવા માટે કહ્યું: પ્રિયા! તું કૃતપુન્ય છે. ધનભાગ્ય છે કે તને સંસારથી ઉદ્ધાર કરનાર આત્મિક ધર્મ કરવાની તારી ઇચ્છા થઈ. મનુષ્યની કે દેવેન્દ્રની રિદ્ધિ મળવી સુલભ છે પણ જિનેશ્વરનો કહેલો ધર્મ મળવો દુર્લભ છે. પ્રિયા! આ ધર્મ પામીને તું ક્ષણભર તેનો આદર કરવામાં પ્રમાદી ન થઈશ પણ પણ ચિંતામણિની માફક સાવચેતીથી તે ધર્મનું પાલન યા રક્ષણ કરજે.

પોતાના પ્રિય પતિ તરફથી ધર્મની લાગણીને ઉત્તેજિત કરનાર ઉત્સાહિત વચનો સાંભળી શીળવતી ઘણી ખુશ થઈ, શ્રેષ્ઠીનું વચન આદરપૂર્વક અંગીકાર કર્યું.

તે દિવસથી બન્ને દંપતી પ્રતિદિન ત્રિકાળ દેવપૂજન કરવા લાગ્યા. બન્ને સંધ્યાએ આવશ્યક કરવું શરૂ કર્યું. દાન અને સ્વધર્મીવાત્સલ્યતા કરતાં ગૃહસ્થધર્મનું વિશેષ પ્રકારે પોષણ કરતાં જ રહ્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શીળવતીએ કુળદેવીનું પૂજન કરવું બંધ કર્યું, તે દેખી કુળદેવી તેના પર વિશેષ કોપાયમાન થઈ રાત્રિએ પ્રગટ થઈ, તે કુળદેવી શીળવતીને આ પ્રમાણે કહેવા લાગી. એ પાપિષ્ટ! દુષ્ટ, ધીઠ, તું મારી પૂજા કેમ કરતી નથી? હવે તને હું જીવતી મૂકવાની નથી. આ પ્રમાણે બોલતાંજ હાથમાં ભયંકર કરવાળ ધારણ કરતા અને અટ્ટહાસ્ય કરતાં વેતાલો તેના ઉપર મૂક્યા. બીજી તરફથી હાથમાં રૌદ્ર કર્તિકાઓ નચાવતી ડાકણીઓ પ્રગટ કરી. અન્ય તરફથી શ્યામવર્ણવાળા, ચપળ જિહ્વા ધારણ કરતા, ફટાટોપ કરી ફુત્કાર મૂકતા ભીષણ સર્પો પ્રગટ કર્યા. અતિ કુટિલ અને કઠિણ દાઢાવાળા, તીક્ષ્ણ નખ અને લાલ નેત્રવાળા, વિકરાળ મુખ કરતા સિંહો તેની સન્મુખ મૂક્યા.

આ સર્વે ચારે બાજુથી સમકાળે શીળવતીને ભય યાને ત્રાસ આપવા લાગ્યા. તાડના, તર્જના અને પ્રલયકાળના મેઘસમાન ગર્જારવ કરવા લાગ્યા, તોપણ દૃઢધર્મા તે ક્ષોભાયમાન ન થઈ; પણ એકાગ્ર મનથી પંચપરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરતી બેસી રહી. તે દેખી દેવીને વિશેષ કોપ થયો. ફરી પણ તેણે શીળવતીને કહ્યું: તુ મને હજી પણ નમસ્કાર કરે તો હું તને મૂકી દઉં. જો તેમ નહિ કરે તો તું મહાન્ અનર્થ પામીશ.

શીળવતીએ કહ્યું: ભદ્રે! તું ફોગટ ખેદ પામે છે. એક દેવાધિદેવ વીતરાગને મૂકીને અન્ય દેવને હું નમસ્કાર નહિ જ કરું. તેનું સ્મરણ, તેની સ્તવના અને તેનું પૂજન પણ

॥ ૫૫૨ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિ જ કરું. આ મારો નિશ્ચય છે. હવે તને જેમ રુચે તેમ કર. મરણથી અધિક દુઃખ તું શું આપવાની છે ? અંગીકાર કરેલ કાર્યના નિર્વાહ કરતાં મરણ થશે તો તે પણ મારા અભ્યુદયને જ માટે છે. હમણાં પણ તે સર્વજ્ઞનું જ સ્મરણ હું કરી રહી છું.

દેવીએ કહ્યું : ઓ દુઃશિક્ષિત ! હજી પણ તું મને આવો જ ઉત્તર આપે છે ? લે તારા કર્મનું ફળ હું જ તને આપું છું. આ પ્રમાણે બોલતી કુપિત થયેલી દેવીએ, રૂદન કરતા તેના પતિને તેની આગળ લાવી તેના દેખતાં જ મારી નાંખ્યો. ઘરમાં જે સારભૂત લક્ષ્મી હતી તે સર્વ લુંટાવી દીધી–અપહરણ કરી લીધી. છેવટે શીળવતીને ત્યાંથી ઉપાડીને સિંહ, વાઘ, વરૂ ઇત્યાદિ હિંસક પ્રાણીઓના ભયંકર શબ્દોવાળા વનમાં ફેંકી દીધી. હાથમાં ખડગ લઈ ત્યાં પણ તેને બીવરાવવા લાગી, અને કહેવા લાગી કે હજી પણ મને નમસ્કાર કર નહિતર તારા ઇષ્ટદેવને યાદ કર.

શીળવતીએ કહ્યું : દેવી ! તારે જેઈએ તેમ કર. મને પૂછવાની તને કાંઈ જરૂર નથી. જેમ તેમ મરવું તો છે જ, તો પછી પશ્ચાત્તાપ શાનો ?

धीरेण वि मरियव्वं काउरिसेण वि अवस्स मरियव्वं ।
दुन्हंपि हु मरियव्वं, वरं खु धीरत्तणे मरिउं ॥ १ ॥

ધીર મનુષ્યોને પણ મરવું છે અને કાયર પુરુષોને પણ અવશ્ય મરવું છે. બન્ને જણને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ મરવું તો છે જ, તો ધીરપણે મરવું તે જ નિશ્ચે ઉત્તમ છે.

આ પ્રમાણે પોતાનો નિશ્ચય દેવીને જણાવી સાહસિકના નિધાન સરખી શીળવતી પોતાના મનને સંબોધવા લાગી. હે જીવ મિથ્યાત્વને આધીન થઈ ફરી આવા ક્રૂર પરિણામવાળા અને નિર્દય મનના દેવોમાં દેવબુદ્ધિ ન કરીશ. મિથ્યાત્વ કે અજ્ઞાન દશામાં કરેલા કર્મનો જ આ વિપાક છે. સમભાવે સહન કરતાં તે કર્મો આ દેવીની મદદથી નિર્જરી શકાશે.

આ અવસરે કુળદેવી, જ્ઞાનથી તેના દૃઢ નિશ્ચયવાળા માનસિક વિચારોને જાણી શાંત થઈ, તેના પ્રબળ સત્ત્વવાળા પરાક્રમથી તુષ્ટમાન થઈ દેવીએ સર્વ ઉપદ્રવો દૂર કર્યા. અને તે શીળવતીના ગુણની સ્તુતિ યાને પ્રશંસા કરતી આ પ્રમાણે કહેવા લાગી.

સુતનુ ! ધર્મમાં સ્થિરતા જોઈએ તો તે તારા જેવી જ હોવી જોઈએ. તારા અનવધિ સત્ત્વવડે વેચાયેલી હું દાસીની માફક તારા માટે થઈ છું. મારા લાયક કાંઈ પણ કાર્ય જણાવ.

દેવીને શાંત થયેલી જાણી શીળવતીએ કહ્યું : દેવી ! મને આ ધર્મ પ્રાપ્ત થયો છે, તેથી હું હવે મારામાં કાંઈપણ ઓછાશ માનતી નથી અર્થાત્ મને કોઈપણ પ્રકારની ઇચ્છા હવે થતી નથી, છતાં આ લોક અને પરલોકમાં હિતકારી સમ્યક્ત્વમાં તમે સ્થિર થાઓ એ જ મારી દૃઢ ઇચ્છા છે.

દેવીએ કહ્યું — ધર્મશીલા ! તમારું કહેવું મને પ્રમાણ છે. તે દેવાધિદેવની આજ્ઞા હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મસ્તક પર ચડાવું છું, પણ તમે મારી પાસે કાંઈ પણ માંગો.

શીળવતીએ કહ્યું: જો એમ જ છે તો તમે મને ધર્મકાર્યમાં મદદ કરજો.

દેવીએ કહ્યું :—જેને દેવો પણ ચલાયમાન કરી ન શકે આવી ધર્મમાં તમારી પ્રબળ દૃઢતા છે. તેથી ત્રણ લોક પણ તમને મદદગાર છે તો મારા જેવી અલ્પ સત્ત્વવાળી દેવી તમને ધર્મમાં શું સહાય આપી શકે?

ધર્મશીલા! આ અગિયાર ગુટિકાઓ હું તમને આપું છું તે અનુક્રમે ખાવાથી તમને સુખદાયી પુત્ર સંતતિ થશે, માટે તે ગુટિકાઓ ગ્રહણ કર. દેવીએ તેના ભૂતકાળના મનોરથો પ્રમાણે ઉપકાર કરવા ઇચ્છા જણાવી.

શીળવતીએ તે ગુટિકાઓ લેવાની બિલકુલ ઇચ્છા પણ ન કરી.

અહા! કેટલું બધું આશ્ચર્ય? કેટલો બધો સંતોષ? ધર્મનો કેવો અદ્‌ભુત મહિમા? જે બાઇએ પુત્રપ્રાપ્તિ નિમિત્તે અગિયાર વર્ષ પર્યંત તપ કર્યો હતો. અનેક માનતાઓ માની હતી, જેને માટે રાત્રિ દિવસ તડફડતી સુખે નિદ્રા પણ લેતી ન હતી, જે મનોરથ પૂર્ણ કરવાને શરીરને પણ સૂકવી નાખ્યું હતું તે સ્ત્રી, આજે પુત્રઉત્પત્તિ માટેની દેવી તરફથી મળતી ગુટિકાને ઇચ્છતી પણ નથી. બલિહારી ધર્મની છે. ધર્મ પણ તેને જ પરિણમ્યો કહી શકાય. ધર્મ પણ તે જ કહીં શકાય કે જેની પ્રાપ્તિથી અપૂર્વ સંતોષ પ્રાપ્ત થાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણો આગ્રહ કરી તે ગુટિકાઓ તેની ઇચ્છા સિવાય તેના વસ્ત્રના છેડે બાંધી નમસ્કાર કરી દેવી અદશ્ય થઈ ગઈ. શીળવતીનું વિઘ્ન દૂર થયું. તેનો પતિ કાયમ જ હતો. તેની રિદ્ધિ તેમજ હતી. આ તો દૈવિક માયા. તેને ધર્મથી ચલિત કરવા માટે જ ગોત્રદેવીએ દ્વેષ કે ઇર્ષાથી આ પ્રમાણે બતાવ્યું હતું. શીળવતીએ આ સર્વ વૃત્તાંત પોતાના સ્વામિને કહી સંભળાવ્યો. તેણે કહ્યું :–પ્રિયા! આ ગુટિકાઓ અનુક્રમે એક એક ખાવાથી તને અનુક્રમે અગિયાર પુત્રો થશે.

શીળવતીએ કહ્યું :–સ્વામિનાથ! જેટલો પુત્ર સાથેનો સંગ તેટલો જ કર્મનો બંધ છે. દુઃખ પણ તેટલું જ છે. માટે હે નાથ! ગુટિકાથી સર્યું. જે આત્માનો ઉદ્ધાર થાય તેવો ધર્મ મળ્યો છે તો પછી પુત્રની શી જરૂર છે?

શ્રેષ્ઠિએ કહ્યું : પ્રિયા! એમ જ છે, તથાપિ આ લોક સ્થિતિ સાચવવાની જરૂર છે. પુત્ર વિના દાયાદો અને રાજા પ્રમુખ ધનના માલિક થાય છે. ગ્લાન અવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં પુત્રો વિના શરીરની સંભાળ કોણ કરે? ઘરના બંધાવેલ મંદિરમાં પુત્ર વિના સારસંભાળ કે પૂજાશાંતિ વગેરે કોણ કરશે? રિદ્ધિથી સમૃદ્ધિવાન છતાં પુત્ર વિના તેનું નામ કોણ જાણશે? માટે હે સુંદરી! મારા આગ્રહથી આ ગુટિકાઓ તારે અનુક્રમે ખાવી.

મોહ અને વિચારધર્મમાં કેટલી તારતમ્યતા? જે પુરુષ એક દિવસ પુત્રપ્રાપ્તિ માટે શોક કરતી પ્રિયાને દિલાસો આપતો હતો, તે પુરુષને આજે સ્ત્રી ઊલટી સમજાવે છે, ખરેખર

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિરંતર થોડું પણ ચાલનાર મનુષ્ય આગળ વધે છે ત્યારે ઝડપથી ચાલનાર પણ કોઈક વખત તેટલું વધી શકતો નથી. તેમજ આત્મવિચારમાં નિત્ય આગળ વધનાર એક વખત તેની ઉપર જઈ શકે છે. પણ એક વખત ઝડપથી આગળ વધી પાછળથી મંદ પ્રયત્ન કરનાર તેટલું વધી શકતો નથી. તે વાત આ દંપતીના વિચારથી સ્પષ્ટ સમજી શકાય છે.

શ્રેષ્ઠીના આગ્રહથી શીળવતીએ તેનું કહેવું માન્ય કર્યું તો ખરૂં પણ તે વિચારવા લાગી કે–આટલી અગિયાર વખત પ્રસૂતિ થાય, તેનાં અસહ્ય દુઃખ સહન કરવાં પડે, ધર્મક્રિયામાં પણ વિઘ્ન થાય, માટે એકી સાથે આ અગિયારે ગુટિકા ખાઈ જવી જેથી એક ઉત્તમ ગુણવાન પુત્ર થાય. આ ઇરાદાથી તેણે એકી સાથે અગિઆર ગુટિકાઓ લીધી. અગિયારે ગર્ભ તેના ઉદરમાં ઉત્પન્ન થયા. જેમ જેમ તે ગર્ભો વૃદ્ધિ પામવા લાગ્યા તેમ તેમ તેના ઉદરમાં વ્યથા વધવા લાગી. જ્યારે તેની વેદના અસહ્ય થઈ પડી ત્યારે તેણે ગોત્રદેવીને યાદ કરી. યાદ કરતાં ગુણાનુરાગી દેવી હાજર થઈ. દૈવી શક્તિથી તેની વેદના દૂર કરી તે અદૃશ્ય થઈ ગઈ. ગર્ભના અનુભવથી પ્રશસ્ત દોહદો ઉત્પન્ન થયા. છેવટે પ્રસૂતિસમયે ઉત્તમ દિવ્ય રૂપ–ધારક અગિયાર પુત્રોનો જન્મ થયો.

લક્ષ્મીપુંજ શ્રેષ્ઠીએ હર્ષાવેશથી મોટું વધામણું કર્યું. તે પુત્રોનાં નામો ધકાર ઉપર રાખવામાં આવ્યાં. ધાવમાતાની સહાયથી ઉછરીને ક્રમે તે પુત્રો આઠ વર્ષના થયા. પિતાએ ભણાવવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે અધ્યાપકને સોંપ્યા. લેખનાદિ વિવિધ કળાઓમાં તેઓ થોડા જ વખતમાં પ્રવીણ થયા. અનુક્રમે યુવાવસ્થા પામ્યા. પિતાએ લાયક સ્થળે લાયક કન્યાઓ સાથે તેઓને પરણાવ્યા અને યોગ્યતાનુસાર જુદા જુદા વ્યાપારમાં નિયોજિત કર્યા. ધન ઉપાર્જન કરવામાં એકાગ્ર ચિત્તવાળા પુત્રોને જાણી, ભવિષ્યનો વિચાર કરનારી હિતચિંતક પ્રેમાળ માતાએ એક દિવસે સર્વ પુત્રોને પોતાની પાસે બોલાવી જણાવ્યું કે–પુત્રો! જેમ તમે ધન ઉપાર્જન કરવામાં પ્રયત્નવાન થયા છો તેમ, સમગ્ર પુરુષાર્થના મૂલકારભૂત ધર્મ દ્રવ્ય ઉપાર્જન કરવામાં થોડો પણ પ્રયત્ન કેમ કરતા નથી? ધર્મથી જ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. રૂપ, બલ, લાવણ્ય, પ્રવર સૌભાગ્ય અને મનોવાંછિત કાર્ય પણ ધર્મ કરવાથી જ પ્રાપ્ત થાય છે. આ ધર્મની પ્રાપ્તિ પ્રતિદિન જિનેશ્વરનું પૂજન, નમન કરવાથી, તપસ્વીઓની સેવા કરવાથી, સિદ્ધાંતનું (ધર્મશાસ્ત્રનું) શ્રવણ કરવાથી, અપૂર્વ તત્ત્વજ્ઞાનના શાસ્ત્રો ભણવાથી, તથા પ્રશમ સંવેગપૂર્વક મન, ઇંદ્રિયોનો સંયમ કરવાથી થાય છે. પુત્રો! આ કાર્યમાં તમે પ્રયત્ન કરો.

માતાના માયાળુ વચનો સાંભળી ધનદેવાદિ પુત્રોએ નમ્રતાથી કહ્યું. માતાજી! કર્તવ્યાકર્તવ્ય સંબંધી આપ અમને નહિ કહો તો બીજું કોણ કહેશે? પ્રેમાળ માતા પણ પુત્રોના ખરા હિતની ઉપેક્ષા કરે તો જરૂર તે પુત્રો ભવકૂપમાં ડૂબી મરવાના જ. આપ અમારા હિત માટે કહો છો. આપનું વચન અમારે શિરસાવંદ્ય છે. આપ જે આજ્ઞા કરો તે આ આપના બાળકો ઉઠાવવાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તૈયાર છે.

વિનય ભરેલાં પુત્રોનાં વચનો સાંભળી માતા ઘણી ખુશી થઈ. પોતાના પતિની પાસે જઈ. પુત્રોના હિત માટે તે આ પ્રમાણે કહેવા લાગી. સ્વામીનાથ! પૂર્વ સુકૃતના કારણથી ગૃહસ્થવાસના ફળરૂપ આપણે ઘેર પુત્રોની પ્રાપ્તિ થઈ છે. ભોગાદિના સાધનો આ ભવ માટે ઉપગારી છે, પણ પુત્રોના બન્ને ભવ સુખરૂપ નીવડે તે માટે તેઓને ધર્મમાર્ગે પણ યોજવા જોઈએ. આપણે જો એક જિનમંદિર બંધાવ્યું હોય તો તેની પૂજાદિ કરવામાં તત્પર થઈ, આ પુત્રો ધર્મના માર્ગમાં કાયમ બન્યા રહે.

શ્રેષ્ઠીને તે વાત યોગ્ય લાગી. પત્નીનું કહેવું માન્ય કરી, તે શહેરના રાજાની અનુમતિ લઈ ઊંચા શિખરવાળું એક જિનમંદિર થોડા વખતમાં તૈયાર કરાવ્યું. તે મંદિરમાં શાંતિનાથ ભગવાનની સુંદર પ્રતિમાજી સ્થાપન કરવામાં આવ્યાં. પ્રતિષ્ઠાન વખતે સંઘભક્તિ, અમારી પડહ અને યાચકોને દાન આપવા વિગેરે કાર્યો કરવામાં આવ્યાં હતાં.

ગૃહવાસમાં રહેલા ગૃહસ્થોનું આ શુભ કર્ત્તવ્ય છે. આથી ઉત્તરોત્તર આગળ વધતાં આત્મઉજ્જવળતા થાય છે. પોતાના જન્મનું કે જીવિતવ્યનું સદુપયોગીપણું કરવા નિમિત્તે પુત્રાદિ સહિત શ્રેષ્ઠી નિરંતર તે મંદિરમાં જિન-પૂજન અર્ચનાદિ ભક્તિ કરવા લાગ્યો.

૧ નિર્માલ્ય દૂર કરવાં. ૨ પુષ્પો લાવવાં અને ચડાવવાં, ૩ પૂજા કરવી. ૪ ધૂપ કરવો,

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

૫ આરતી ઉતારવી ૬ અને કાવ્યો બોલવા આ છ કાર્યમાં છ પુત્રોને યોજવામાં આવ્યા હતા. બે પુત્રો ચામર ઢાળતા હતા. બે પુત્રો વાજીંત્ર વગાડતા હતા. શેઠ અને વડીલ પુત્ર ન્હવણ-સ્નાત્ર કરતા હતા. ત્યારે શીળવતી અભિષેકાદિ પ્રસંગે જ્યાં જ્યાં સ્તુતિ કરવાની કે બોલવાની હોય ત્યાં ત્યાં તે બોલતી હતી.

આ પ્રમાણે શુભ કાર્યમાં આસક્ત થયેલ કુટુંબસહિત તે શ્રેષ્ઠીના દિવસો સુખમાં પસાર થવા લાગ્યા

એક દિવસે તે કાકંદી નગરીના ઉદ્યાનમાં મુનિચંદ્ર નામના કેવલજ્ઞાની આવીને સમવસર્યા તેમને નમન કરવા નિમત્તે તે શ્રેષ્ઠી સહિત નગર લોકો આવ્યા. વિધિપૂર્વક વંદન કરી ધર્મદેશના સાંભળવા માટે સર્વ લોકો બેઠા એ અવસરે શીળવતીએ કેવળજ્ઞાની ગુરુને પ્રશ્ન કર્યો કે–ભગવાન! પૂર્વ જન્મમાં મેં એવું શું કર્મ ઉપાર્જન કર્યું હતું કે અનેક ઉપાયો કરવા છતાં મને એકે પુત્રપ્રાપ્તિ ન થઈ, અને ત્યાર પછી ઇચ્છા ન કરવાં છતાં પણ અધિક પુત્રપ્રાપ્તિ થઈ? વળી અનાયાસે ધર્મની પ્રાપ્તિ પણ મને થઈ તેનું કારણ શું?

॥ ૫૬૦ ॥

જ્ઞાનીએ કહ્યું. કંચનપુરમાં ધનવતી નામની કર્મકરી ઘણી ગરીબ અવસ્થાવાળી એક સ્ત્રી રહેતી હતી. તે જ નગરમાં એક ધનાઢય ગૃહસ્થની લક્ષ્મીવતી નામની સ્ત્રી રહેતી હતી તેની પાસે અગિયાર રત્ન જડેલો એક સુંદર હાર હતો. તે હાર તેની ગફલતથી ઘર બહાર કોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થળે પડી ગયો. તે હાર ધનવતીના દેખવામાં આવ્યો. પરદ્રવ્યમાં લુબ્ધ આશયવાળી ધનવતીએ તે હાર લઈ પોતાના ઘરના ખૂણામાં ગુપ્તપણે છુપાવી રાખ્યો.

લક્ષ્મીવતી પોતાનો હાર ખોવાયેલો જાણી, તેની ચિંતાના દુઃખથી બેભાન પડી પોકાર કરતી દુઃખણી થઈ તે હાર શોધવા અને રડવા લાગી. હાર કોઈ પણ સ્થળેથી હાથ ન લાગ્યો ત્યારે કંઠ મોકળો મૂકી રડતાં કુસુમ, તંબોળ અને ભોજનનો ત્યાગ કર્યો, આવી રીતે અગિયાર ઘડીપર્યંત સર્વસ્વનો નાશ થયો હોય તેમ દુઃખણી થઈ રહી.

હારના વિયોગથી આવી સ્થિતિમાં આવી પડેલી લક્ષ્મીવતીને જાણી ધનવતીને પશ્ચાત્તાપ થયો. તેણે તેની પાસે આવી કહ્યું–બેન! તારો હાર મને મળી આવ્યો [જડયો] છે. લ્યો, હાર. એમ કહી તે હાર તેને આપ્યો.

હાર મળ્યાથી લક્ષ્મીવતી ઘણી ખુશી થઈ. ધનવતીને આગ્રહ કરી. તેની બક્ષીસ તરીકે અગિઆર દીનાર (રૂપિયા) આપ્યા.

ધન ઉપરના મમત્વભાવથી કેટલા જીવો દુઃખી થાય છે તેનો વિચાર કરતાં, ધનવતીને હવેથી પરદ્રવ્ય ન લેવાનો દઢ નિશ્ચય થયો. લક્ષ્મીવતીએ ઘણા આગ્રહથી આપેલા અગિયાર દીનાર, તે પણ તેણે પોતાના ઉપયોગમાં ન વાપરતાં તે દ્રવ્યથી તેણીએ જિનેશ્વર ભગવાનની મોટી પૂજા કરાવી. શુભભાવે તેણે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. બોધિબીજ ઉત્પન્ન કર્યું. ક્રમે મરણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી તે ધનવતી તે તું અહીં શીલવતીપણે ઉત્પન્ન થઈ છે. પૂર્વભવમાં હાર લેવાથી ઉત્પન્ન થયેલા દુષ્કૃતના સબબથી, અગિયાર વર્ષપર્યંત તને પુત્ર માટે કલેશ સહન કરવો પડયો હતો. જિનપૂજના પુન્ય પ્રભાવથી તમને પુત્રાદિની સંપત્તિ મળી આવી છે. અને નિશ્ચળ સમ્યક્ત્વ ગુણવાળા ગૃહસ્થધર્મની પ્રાપ્તિ પણ જિન–પૂજના શુભભાવથી જ થઈ છે ને લક્ષ્મીવતી મરણ પામીને તારી કુલદેવીપણે ઉત્પન્ન થઈ છે. તે હાર છુપાવવાના કર્મવિપાકથી આ સર્વ ઉપસર્ગો તે દેવીએ તને કર્યા છે.

ઇત્યાદિ પોતાનો પૂર્વજન્મનો વૃત્તાંત સાંભળી શુભભાવે શીળવતીને જાતિસ્મરણ પ્રાપ્ત થયું. ગુરુશ્રીના કહેવા મુજબ તેણે પોતાનો પાછલો જન્મ દીઠો. શીલવતી બોલી ઊઠી : અહા ! થોડા પણ અશુભકર્મનો કેટલો બધો વિપાક ? ગુરુએ કહ્યું : ભદ્ર ! જઘન્ય પરિણામે પણ કરેલ અશુભ કર્મનો વિપાક જીવોને દશગણો ભોગવવો પડે છે કહ્યું છે કે—

वहमारणअब्भक्खाणदाणपरधणविलोवणाईण ।
सव्वजहन्नो उदओ दसगुणिओ इक्कसिकयाणं ॥ १ ॥
तिव्वयरे उवओसे सयनगुणिओ सयसहस्स कोडिगुणो।
कोडाकोडिगुणो वा हुज्ज विवागो बहुतरो वा ॥ २ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવનો વધ કરવો, જીવને મારવા જૂઠું આળ (કલંક) આપવું, અન્યનું ધન છુપાવવું, હરણ કરવું–ઇત્યાદિ એક વાર કરાયેલા સર્વ જઘન્ય (મંદ પરિણામવાળા) કર્મનો વિપાક દશગણો ઉદય આવે છે. પણ જો તે કામો ઘણાં તીવ્ર દ્વેષવાળા આશયથી કરવામાં આવ્યાં હોય તો તે કર્મનો વિપાક સોગુણો, લાખગુણો, કરોડગુણો કે કોડાકોડગુણો થાય છે. અથવા તેનાથી પણ વિશેષ અધિક વિપાક ઉદય આવે છે.

આ પ્રમાણે કર્મનાં વિષમ વિપાક જાણી ભવભયથી યા દુઃખથી ભય પામેલા ભવ્ય જીવોએ પરધન–અપહરણાદિ વિરુદ્ધ કાર્ય કોઈ પણ વખત કરવું ન જોઈએ.

આ પ્રમાણે ગુરુરાજના મુખથી ધર્મોપદેશ અને પૂર્વજન્મનું વૃત્તાંત સાંભળી લક્ષ્મીપુંજ શ્રેષ્ઠીએ કહ્યું : કૃપાળુ દેવ! આ મારા પુત્રોને ગૃહસ્થધર્મ સંભળાવશો.

પ્રકરણ ૪૪ મું.

ગૃહસ્થધર્મનાં બાર વ્રત તથા અગિયાર પ્રતિમા

ગુરુશ્રીએ કહ્યું. ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે. તે પ્રાપ્ત થયાથી પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષા–વ્રતોરૂપ બાર પ્રકારનો ગૃહસ્થધર્મ અંગીકાર કરી શકાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સમ્યક્ત્વ મૂલ ૧, દ્વાર ૨, પ્રતિષ્ઠાન ૩, આધાર ૪, ભાજન ૫, અને વિધાન ૬ સમાન ગણવામાં યા કહેવામાં આવે છે.

જેમ વૃક્ષનું મૂળ દૃઢ હોય તો તે વૃક્ષ ટકી રહે છે અને ફળ, પત્રાદિની સંપત્તિ તેને પ્રાપ્ત થાય છે તેમ ધર્મવૃક્ષનું મૂળ આ સમ્યક્ત્વ દૃઢ હોય તો ઘણા થોડા વખતમાં મોક્ષરૂપ ફળ મેળવી શકાય છે. ૧

શહેરનો દ્વાર–દરવાજો હોય તો તેમાં સુખે પ્રવેશ તથા નિર્ગમ થઈ શકે છે. તેમ ધર્મપુરી યાને નિર્વાણનગરીના દ્વારતુલ્ય સમ્યક્ત્વ છે. તે દરવાજો હોય તો ધર્મપુરીમાં સહેલાઈથી પ્રવેશ થઈ શકે છે. ૨

પાયો મજબૂત હોય તો પ્રાસાદ, મહેલ કે મંદિર ઘણો વખત ટકી રહે છે. તેમ ધર્મરૂપ મહેલનો સમ્યક્ત્વરૂપ પાયો મજબૂત હોય તો ધર્મ મહેલ લાંબો વખત ટકી રહે છે. ૩

પૃથ્વી સર્વ ભૂતોનાં પ્રાણિઓના આધારભૂત છે. તેમ જ્ઞાન, ચારિત્રાદિ આત્મગુણોનો આધાર આ સમ્યક્ત્વ છે. તે હોય તો જ ચારિત્ર ટકી શકે છે. ૪

વિવિધ પ્રકારના રસ ભાજનમાં રહી શકે છે. ભાજનના અભાવે તે રસ ઢોળાઈ જાય છે, તેમ સમ્યક્ત્વરૂપ વજ્રના ભાજનમાં વિરતિધર્મરૂપ રસ બન્યો રહે છે. સમ્યક્ત્વ વિના વિરતિરસ ઢોળાઈ જાય છે. ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિધાન સિવાય રત્નોનો જથ્થો મળતો કે રહેતો નથી. તેમ મૂળ ઉત્તર ગુણોરૂપ રત્નોનું અક્ષય નિધાન સમ્યક્ત્વ છે, એટલે સમ્યક્ત્વ નિધાન સિવાય મૂળ, ઉત્તર ગુણરૂપ રત્નો હોતાં નથી. ૬.

દેવ, ગુરુ અને ધર્મ પરનું તાત્ત્વિક શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે. રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન રહિત પરમાત્મા અરિહંતદેવ તે દેવ છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર આચારવાળા ગુરુઓ, તે ગુરુ છે. અને જીવાજીવાદિ પદાર્થોનાં હેય, જ્ઞેય, ઉપાદેયરૂપ વિશુદ્ધ પરિણામ તે વીતરાગ દેવકથિત ધર્મ તે ધર્મ છે.

આ પ્રમાણે વ્યવહારથી સમ્યક્ત્વ અંગીકાર કર્યા પછી વિશુદ્ધ શ્રદ્ધાનવાળા જીવો, ગૃહસ્થધર્મને યોગ્ય દ્વાદશ (બાર) વ્રતો ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે છે—

સ્થૂળ પ્રાણાતિપાતવિરમણ, પહેલા વ્રતમાં-નિરપરાધી ત્રસ જીવોને મન, વચન, કાયાએ કરી સંકલ્પીને યાવત્ જીવપર્યંત મારવા નહિ અને મરાવવા પણ નહિ આ પ્રમાણે દ્વિવિધ, ત્રિવિધ પણ નિયમ લેવો યા પાળવું તે ગૃહસ્થોનું પહેલું વ્રત છે. ૧.

સ્થૂળ મૃષાવાદવિરમણ-કન્યા, ગૌ, ભૂમિ, ન્યાસાપહાર (થાપણ ઓળવવી) અને જૂઠી સાક્ષી ભરવી-આ પાંચ મોટાં જૂઠાં-અસત્ય ન બોલવાં. કન્યા અને ગાય ગ્રહણથી મનુષ્ય કે કોઈ પણ પશુના જનવરનાં સંબંધમાં અસત્ય ન બોલવાનું સમજવું. લોકોમાં વિશેષ નિંદાલાયક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોવાથી આ પાંચને અસત્ય ગણવામાં આવ્યાં છે, તેથી બીજાં પણ અસત્ય બનતાં સુધી ન બોલવાં. પૂર્વની માફક દ્વિવિધે આ વ્રતનું યાવત્ જીવપર્યંત યા ઇચ્છાનુસાર પાલન કરવું. ૨.

સ્થૂળ અદત્તાદાનવિરમણ–સ્થૂળ એટલે મોટી મોટી વસ્તુઓ અર્થાત્ લોકો જેને વ્યવહારમાં ચોરીરૂપ ગણે છે તે સજીવ કે નિર્જીવ વસ્તુ તે વસ્તુના માલિકે આપ્યા સિવાય લેવી નહીં. આમાં બાતર પાડવું, તાળું તોડવું, ગાંઠ કાપવી, વાટ લૂંટવી વિગેરેનો સમાવેશ થાય છે. ૩.

સ્થૂળ મૈથુનવિરમણ–પુરુષોએ પરસ્ત્રીનો ત્યાગ કરવો અને સ્ત્રીઓએ પરપુરુષનો ત્યાગ કરવો. સ્વદારા કે સ્વપતિમાં સંતોષ રાખવો. તિથિ આદિ પર્વદિવસે સ્વસ્ત્રીનો પણ સંતોષ કરવો તે પૂર્વની માફક દ્વિવિધ ત્રિવિધ ઇચ્છાનુસાર ગૃહસ્થનું ચોથું વ્રત છે. ૪.

સ્થૂળ પરિગ્રહવિરમણ–ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ (ગૃહ, જમીન આદિ) સોનું, રૂપું, ઘરની સામાન્ય પરચુરણ મિલ્કત, પશુ અને દાસ દાસી તેનું ઇચ્છાનુસાર પરિમાણ રાખવું. તે ઇચ્છા પ્રમાણથી પુન્યસંયોગે અધિક પ્રાપ્તિ થાય તો સન્માર્ગે તેનો સદ્વ્યય કરવો તે પાંચમું વ્રત. ૫.

દિગ્વિરમણ.–ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઊર્ધ્વ, અધ–એમ છ દિશાઓમાં કે દશે દિશાઓમાં સંસારવ્યાપારાર્થે જવા આવવાનો ઇચ્છાનુસાર નિયમ રાખવો, વર્ષા ઋતુમાં બને ત્યાં સુધી વ્યાપારાદિ પ્રસંગે બહાર ન જવું વિગેરે આસ્રવના નિરોધ માટે આ દિગ્વિરમણ

P. Ac. Gunratnasuri M:S. Jun Gun Aaradhak Trust

વ્રત અંગીકાર કરવું. ૬.

ભોગોપભોગવિરમણ.–એક વાર ઉપભોગમાં આવે તે ભોગ, ભોજન, પુષ્પાદિ વારંવાર ઉપભોગમાં આવે તે ઉપભોગ. શય્યા, વસ્ત્ર, ભૂષણ, સ્ત્રી આદિ. તે બન્નેનું ઇચ્છાનુસાર પરિમાણ કરવું.

ભોજનમાં બાવીશ અભક્ષ્ય અનંતકાય કે જેની અંદર મધ, માખણ, દારૂ, માંસ, ત્રસજંતુમિશ્રિતરસ, જમીનકંદ અનંતકાય, બોળ અથાણાં અને રાત્રિભોજન આદિનો સમાવેશ થાય છે તેનો ત્યાગ કરવો.

કર્મ આશ્રીને ભોગોપભોગ વ્રતમાં, અંગારા પ્રમુખ કરાવવા વગેરે પન્નર કર્માદાનનો ત્યાગ કરવો તેમજ કોટવાળ, ફોજદાર, કસાઈખાના વિગેરેનું ઉપરીપણું ઇત્યાદિ ક્રૂર પરિણામના કારણભૂત અધિકારોનો ત્યાગ કરવારૂપ સાતમું વ્રત પાળવું. ૭.

અનર્થદંડવિમણ.–અપધ્યાન ૧, પ્રમાદાચરિત ૨, પાપોપદેશ ૩ અને હિંસાનાં ઉપકરણો માંગ્યા આપવાં ૪ અનર્થદંડ ચાર પ્રકારે કહેવાય છે.

આર્ત રૌદ્રધ્યાન પરિહરવા, હું સર્વનો માલિક થાઉં, મારા શત્રુઓનો સંહાર થાઓ વિગેરે તે અપધ્યાન અનર્થદંડ ૧.

સ્ત્રીઓની શુભાશુભ વિષયવાળી કથા. દેશ સંબંધી કથા. ભોજનના ભલા બૂરા સંબંધી વાતો અને રાજ સંબંધી કે રાજ્ય સંબંધી વિના પ્રયોજનની વાતો કરવી, જળમાં ક્રીડા કરવી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘી તેલ આદિ રસવાળા પદાર્થોનાં ભાજનો ખુલ્લાં મૂકવાં–જનાવરોનાં યુદ્ધ દેખવાં કે આપસમાં લડાવવાં વિગેરે પ્રમાદાચરણ અનર્થદંડ કહેવાય છે. ૨.

દાક્ષિણ્યતા ન પહોંચે તેવા બીનજરૂરી સ્થળે ક્ષેત્ર ખેડો, બળદોને દમન કરો, અમુક વૃક્ષાદિ કાપી નાંખો, અમુકને ફાંસી આપો વિગેરે પાપનો ઉપદેશ આપવો તે પાપોપદેશ અનર્થદંડ. ૩.

સગાં, વ્હાલા કુટુંબીઓ કે પાડોશીઓ જ્યાં પોતાને દાક્ષિણ્યતા પહોંચે છે. જેની પાસેથી લેવડદેવડ કરવાં પડે છે તેવા દાક્ષિણ્યતાના સ્થાનને મૂકી, શસ્ત્ર, અગ્નિ, યંત્ર, મૂશળ, વિગેરે જેનાથી જીવોની હિંસા થવાનો સંભવ તેવાં ઉપકરણો માગ્યાં આપવાં તે હિંસ્રપ્રદાન અનર્થદંડ છે. (દાક્ષિણ્યતાવાળા સ્થાને તે વસ્તુ આપ્યા સિવાય ગૃહસ્થોનો વ્યવહાર ચાલવો મુશ્કેલીવાળો થઈ પડે છે, માટે દાક્ષિણ્યતા વિના એમ કહેવામાં આવ્યું છે.) ૪ આ ચારે પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરવો તે આઠમું વ્રત છે. ૮.

સામાયિક–જેમાં સમભાવનો–આત્મવિશુદ્ધિનો લાભ થાય તેને સામાયિક કહે છે. સાવદ્ય–સપાપ મન, વચન, કાયાના વ્યાપારનો–ક્રિયાનો ત્યાગ કરી, તે ત્રણે યોગને નિર્વદ્ય આત્મચિંતન આદિ ધર્મધ્યાનમાં યોજવા તે નિયમિત વખતનું કર્ત્તવ્ય છે. એક દિવસમાં ઓછામાં ઓછો બે ઘડી પર્યંત સામાયિકમાં નિરંતર વખત લેવો જોઈએ. ૯.

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશાવકાશિક–એક દિવસ માટે અથવા એકાદ પહોર માટે પૂર્વે અંગીકાર કરેલ દિશાના નિયમનો સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. આ વ્રતમાં ઉપલક્ષણથી બીજાં ભોગોપભોગાદિ વ્રતોનો સંક્ષેપ કરાય છે. ચૌદ નિયમ ધારવાનો સમાવેશ પણ આ વ્રતમાં થાય છે. ૧૦.

પૌષધ વ્રત–જે ક્રિયા કે આચરણથી આત્માના ગુણનું પોષણ થાય તે પૌષધ કહેવાય છે. આ પૌષધ આહારનો ત્યાગ, શરીરની શુશ્રૂષાનો ત્યાગ, અબ્રહ્મનો (મૈથુનનો) ત્યાગ અને સંસારી વ્યાપારાદિ ક્રિયાનો ત્યાગ એમ ચાર પ્રકારે થાય છે. આહારનો ત્યાગ દેશથી કે સર્વથા એ પ્રકારે બની શકે છે. આ પૌષધનો વખત ચાર પહોર, આઠ પહોર કે તેથી પણ વધારે વખત ઇચ્છાનુસાર રખાય છે. પ્રાયઃ પર્વને દિવસે વિશેષ કરવા યોગ્ય છે.

અતિથિસંવિભાગ–પૌષધને પારણે મુનિઓને દાન આપી પછી પારણું કરવું તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે. ઉપલક્ષણથી અતિથિ, ત્યાગી મુનિઓ તેને દાન આપવું તે અતિથિસંવિભાગ કહેવાય છે. ૧૨.

ગૃહસ્થોને આ બાર વ્રતો, ગૃહસ્થાશ્રમમાં લેવા અને પાળવા યોગ્ય છે. આ બાર કે તેમાંથી એકાદ વ્રત, પોતાની શક્ત્યનુસાર લેનાર અને પાલન કરનારને દેશવિરતિવાન કહેવાય છે.

કર્મના ક્ષયોપશમથી યોગ્યતાને–લાયકાતને પ્રાપ્ત થયેલા જીવો આ વ્રતો સાંભળે છે, સદ્દહે છે, લે છે અને નિરતિચારપણે પાલન કરે છે. તે મનુષ્યો સર્વવિરતિપ્રધાન સંયમમાર્ગ

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

શીઘ્ર પામી શકે છે. ઉત્તમ કુળ, જાતિ, રૂપ, આરોગ્યાદિ મેળવી, ચારિત્રનું આરાધન કરવાથી સાત, આઠ ભવમાં તે જીવો મોક્ષ પણ મેળવે છે.

હે મહાનુભાવો ! જો આ વ્રત સર્વે લેવાને તમે સમર્થ ન હો તો એક એક વ્રતને પણ તમે અંગીકાર કરો જેથી તમારો માનવજન્મ સફળ થશે.

આ પ્રમાણે કેવળજ્ઞાની ભગવાનનો ઉપદેશ સાંભળી ધનદેવાદિ દશ પુત્રોએ પહેલેથી અનુક્રમે એક એક વ્રત ગ્રહણ કર્યું. અને ધનહરી નામના અગિયારમા પુત્રે છેલ્લાં બે વ્રતો લીધાં સમ્યક્ત્વ અને વ્રત લઈને તે સર્વે પુત્રો પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા.

લક્ષ્મીપુંજ અને શીળવતીએ સંસારવાસથી વિરક્ત થઈ, કર્મગિરિને ભેદવાને વજ્ર સમાન તે સદ્‌ગુરુ સમીપે ચારિત્ર લીધું.

ગુરુરાજને નમસ્કાર કરી તે સર્વે પુત્રો પોતાને ઘેર આવ્યા. ગુરુરાજ અન્ય સ્થળે વિહાર કરી ગયા. લક્ષ્મીપુંજ સાધુ અને શીળવતી સાધ્વી કર્મનો ક્ષય કરી નિર્વાણપદ પામ્યાં.

તે લક્ષ્મીપુંજના પુત્રોએ, પરસ્પર પ્રીતિપૂર્વક ત્રણ વર્ગનું સાધન કરતાં કેટલોએક કાળ વ્યતીત કર્યો. તે અરસામાં વૈભવઉપાર્જન કરવામાં અને પુત્રાદિસંતતિ સમાગમમાં, કેટલાએક પુત્રોએ લીધેલ વ્રતો ખંડિત કર્યાં ત્યારે કેટલાકોએ આવી વ્યવહારપ્રપંચની જાળમાં પણ લીધેલ વ્રતોનું બરોબર પાલન કર્યું. વિરતિ પાળનારા અને નહિ પાળનારાએ પોતાના કર્તવ્યના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણમાં દેવ, મનુષ્ય, તિર્યંચોમાં યથાયોગ્ય, દુઃખાદિનો અનુભવ કર્યો.

સુનંદશ્રેષ્ઠિ! તે અગિયાર પુત્રો દૈવયોગે તમારી ધારણી સ્ત્રીની કુક્ષીએ અહીં ઉત્પન્ન થયા છે, પૂર્વજન્મમાં કરેલ સુકૃત અને દુષ્કૃતના કારણથી પરસ્પર થયેલ વિસદૃશપણું છે તે હું તમને સમજાવું છું.

તમારા વડીલ પુત્રે પ્રથમ વ્રત લઈને એક જનાવર માર્યું હતું, તે જીવહિંસાના દોષથી યા વ્રતભંગના દોષથી તમારો પુત્ર કુરૂપ શરીરવાળો થયો છે.

ત્રીજા પુત્રે, લોભથી ધન માટે મિત્રનો દ્રોહ કર્યો હતો. તે વ્રતભંગના દોષથી તેના હાથમાં થોડું પણ દ્રવ્ય સ્થિર વાસ કરીને રહેતું નથી.

પાંચમા પુત્રે, લોભથી પાંચમા વ્રતનું ખંડન કર્યું હતું. તે વ્રતભંગના દોષથી ધન ઉપાર્જન કરવામાં તે નિરંતર આકુળવ્યાકુળ રહે છે.

સાતમા પુત્રે, જિહ્વાઇન્દ્રિયની લંપટતાથી ભોગોપભોગ વ્રતનો ભંગ કર્યો હતો. તે દોષથી તે તિર્યંચમાં ઉત્પન્ન થયો હતો. અહીં પણ તેને વારંવાર ભૂખ લાગે છે, ખાવાની પ્રબળ આસક્તિનું આ પરિણામ છે.

નવમા પુત્રે, સામાયિકવ્રત લઈ, સામાયિકમાં મનાદિ યોગોનો નિરોધ કર્યો નથી. તે વ્રત વિરાધનાનું ફળ તેનામાં ઘણી ચપળતા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગિયારમો પુત્ર, પૌષધમાં તો સાવદ્ય-સપાપ યોગનો પરિહારી હતો, પણ બારમું વ્રત પાળ્યા સિવાય તેણે ભોજન કર્યું હતું. તે કારણથી સૌભાગ્યવાન્ છતાં લાભ મેળવવાને કે સુખદાઈ વસ્તુનો ઉપભોગ કરવાને તે સમર્થ નથી. ખરી વાત છે, આપ્યા સિવાય લાભની પ્રાપ્તિ કયાંથી હોય ?

બાકીના પુત્રોએ પોતાના લીધેલ નિયમો બરોબર પાળ્યા હતા, અને તેથી જ તે તે પ્રકારના સુખ વૈભવના ભોક્તા થયા છે.

સત્ય વ્રત પાળનાર પુત્ર, સુગંધી શ્વાસોશ્વાસવાળો અને સર્વ રીતે સુખી છે. ચોથો પુત્ર ચતુર્થ વ્રત પાલન કરવાથી પ્રવરરૂપ, બળ, લાવણ્ય અને સૌભાગ્યવાન થયો છે. ત્રસ, સ્થાવર જીવોનું હિતચિંતન કરતા, છઠ્ઠા વ્રતનું અખંડ પાલન કરનાર છઠ્ઠો પુત્ર, દેશાંતર જવા સિવાય ઘેર બેઠાં પણ ઘણું ધન પેદા કરે છે, તે છઠ્ઠું વ્રત પાલન કરવાનો જ પ્રભાવ છે. આઠમા વ્રતનું પાલન કરનાર આઠમો પુત્ર, નિરવદ્ય કાર્યમાં સજ્જ થઈ, બોલતાં સર્વ લોકોને સુખકારી થયો છે તે આઠમા વ્રતનું ફળ છે. દશમા પુત્રે દેશાવકાશિક વ્રતનું પાલન કરેલું છે તેથી તે લેશ-માત્ર પણ આપદાનું ભાજન થયો નથી. ॥ ૫૭૨ ॥

હે શ્રેષ્ઠી ! આ પ્રમાણે તમારા પુત્રના વિસદૃશ [ભિન્ન ભિન્ન] પણાના હેતુભૂત-વ્રત સંબંધી પાલન કરવું અને ન કરવું તે વૃત્તાંત તમને સંક્ષેપમાં કહી સંભળાવ્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાર્શ્વનાથ ભગવાનના મુખથી પોતાનો વૃત્તાંત સાંભળી ઋષભદત્ત પ્રમુખ અગિયારે ઊહાપોહ કરતાં જાતિસ્મરણ પામ્યા. ભગવાને જેમ કહ્યું હતું તે જ રીતે તેઓએ પોતાના પાછલા જન્મો અનુભવ્યા. જાણ્યા–દેખ્યા. ફરી તે પુત્રોએ ભગવાનને વિજ્ઞપ્તિ કરી. કૃપાળુ દેવ! આ દુસ્તર ભવજળનિધિથી અમારે કેવી રીતે પાર પામવો?

જિનેશ્વરે કહ્યું, મહાનુભાવો! સંસારસમુદ્ર તરવા માટે દેશવિરતિ અને સર્વવિરતિ એમ બે રસ્તાઓ છે. તેનો તમે યથાશક્તિ સ્વીકાર કરો. તેની મદદથી તમે નિર્વાણપદ મેળવી શકશો.

જિનેશ્વરના વચનામૃતોથી સીંચાયેલ તે પુત્રો સંવેગરંગથી વાસિત થયા. માતા, પિતા પાસે ચારિત્ર ગ્રહણ કરવાનો પોતાનો અભિપ્રાય તેઓએ જણાવ્યો.

પરમ ઉપગારી માતા–પિતા! અમને તત્ત્વનો બોધ થયો છે. અનંત ભવભ્રમણથી તપ્ત થયેલા અમે ભાવનાચંદનરૂપ પાર્શ્વનાથ પ્રભુના ચરણારવિંદની સેવા કરવાને ઇચ્છીએ છીએ. આ ધન, ભુવન, સ્વજન અને વિષય ઉપભોગની ઇચ્છાથી અમે નિવૃત્ત થયા છીએ. જગતજીવોનું ભાવદયાથી પાલન કરનાર આ મહાપ્રભુનું અમે શરણ લઈએ છીએ. અમારું અંતર તે તરફ પ્રેરાય છે, તો ચિરકાળના પ્રણયને (સ્નેહ) મૂકી ચારિત્ર લેવા માટે અમને આજ્ઞા આપો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રાવકની અગિયાર પડિમા.

दंसणवयसामाइयपोसहपडिमा अबंभसचित्ते ।
आरंभपेसउद्दिट्ठवज्जणसमणभूअे य ॥ १ ॥

માતા, પિતાએ કહ્યું: પુત્રો! તમારું કહેવું ખરેખર સત્ય છે, આત્મશ્રેય કરવું તે અવશ્ય જરૂરનું છે, પણ જ્યાં સુધી અમે આ દેહમાં રહ્યા છીએ ત્યાં સુધી તમે ગૃહસ્થધર્મ અંગીકાર કરો. અને આ દેહથી અમે જ્યારે મુક્ત થઈએ ત્યારે તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો. અત્યારે અમારી પૂર્ણ વૃદ્ધાવસ્થા છે. આવી સ્થિતિમાં અમારે ચારિત્ર લેવું અને પાળવું તે અશકય જેવું છે તેમ પુત્રો સિવાય નિરાધારપણે ઘેર રહેવું તે પણ અયોગ્ય છે. માટે પુત્રો! અમારું કહેવું હાલ માન્ય કરી ગૃહસ્થધર્મ અંગીકાર કરો.

ઉપગારી માતા, પિતાનાં આ વચનો સાંભળી, તેમના કહેવાના આશયનું પરિણામ વિચારી પુત્રોએ તેમનું કહેવું માન્ય કર્યું. તે સર્વે પાર્શ્વપ્રભુ પાસે આવી કહેવા લાગ્યા. પ્રભુ! દેશવિરતિથી ઉપર અને સર્વવિરતિથી નીચે, સંસારમાં રહીને કરી શકીએ તેવો કોઈ પણ રસ્તો છે?

કૃપાળુ દેવે કહ્યું: હે મહાનુભાવો! ગૃહસ્થાશ્રમમાં રહી ગૃહસ્થોને કરવા લાયક અગિયાર પડિમાઓ (અભિગ્રહ વિશેષ) છે. ગૃહસ્થ અવસ્થામાં તે ઉત્કૃષ્ટ વ્રતરૂપ ગણાય છે. તે આ પ્રમાણે છે–

દર્શન. ૧, વ્રત. ૨, સામાયિક. ૩, પૌષધ. ૪, કાયોત્સર્ગ. ૫, અબ્રહ્મત્યાગ. ૬, સચિત્ત-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાગ. ૭, આરંભ-ત્યાગ. ૮, પ્રેષ્યત્યાગ. ૯, ઉદ્દિષ્ટત્યાગ. ૧૦, શ્રમણભૂત. ૧૧, આ અગિયાર પડિમાઓ છે.

દર્શન પ્રતિમા—રાજાભિયોગ આદિ છ આગાર (રાજાના આગ્રહથી, સમુદાય ગણના આગ્રહથી, બળવાનના આગ્રહથી એટલે જોરજુલમથી, દેવના આગ્રહથી. ગુરુપૂજ્ય વર્ગના આગ્રહથી અને આજીવિકા ચાલી ન શકે તેવા કારણથી નિષેધ વસ્તુ કે કાર્યનું આચરણ કરવું પડે છે તે આગાર કહેવાય છે.) પણ ખુલ્લા ન રાખતાં, શંકાદિ શલ્યરહિત, નિરતિચારપણે એક માસપર્યંત. નિશ્ચળદૃઢ સમ્યક્ત્વ પાળવું તે દર્શન પ્રતિમા. ૧.

વ્રત પ્રતિમા—પૂર્વોક્ત શુદ્ધ સમ્યગ્દર્શનસહિત, નિરતિચારપણે ગૃહસ્થનાં બાર વ્રતો, બે માસપર્યંત પાળવાં. તે વ્રત પ્રતિમા. ૨.

સામાયિક પ્રતિમા—બીજી પ્રતિમાની સર્વ ક્રિયાસહિત, નિરતિચારપણે વિશેષમાં બે વખત ત્રણ માસપર્યંત સામાયિક કરવી. તે ત્રીજી સામાયિક પ્રતિમા. ૩.

પૌષધ પ્રતિમા—ત્રીજી પ્રતિમાની સર્વ ક્રિયાસહિત, વિશેષમાં પર્વતિથિએ ચારે પ્રકારનો પૌષધ, ચાર મહિના પર્યંત નિરતિચારપણે કરવો તે પૌષધ પ્રતિમા. ૪.

કાયોત્સર્ગ પ્રતિમા—ચોથી પ્રતિમાની સર્વક્રિયા સહિત પર્વતિથિની રાત્રીએ ચતુષ્પથાદિ (ચાર માર્ગવાળા સ્થળે) સ્થાને કાયોત્સર્ગમાં રહી શુભ ધ્યાન કરવું. આ ક્રિયા પાંચ માસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુધી કરવી તે પાંચમી પ્રતિમા. ૫.

અબ્રહ્મત્યાગ પ્રતિમા—પાંચમી પ્રતિમાની સર્વક્રિયા સહિત, છ માસપર્યંત નિરતિચાર પવિત્ર બ્રહ્મચર્ય પાળવું તે અબ્રહ્મત્યાગ રૂપ છઠ્ઠી પ્રતિમા. ૬.

સચિત્તત્યાગ—છઠ્ઠી પ્રતિમાની સર્વક્રિયા સહિત, સાત માસપર્યંત સચિત્ત (સજીવ વનસ્પતિ આદિ) વસ્તુનો ત્યાગ. તેમજ રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરવો તે સચિતત્યાગ સાતમી પ્રતિમા. ૭.

આરંભત્યાગ પ્રતિમા—સાતમી પ્રતિમાની સર્વક્રિયા સહિત આઠ મહિના પર્યંત, પોતે કોઈ પણ જાતનો આરંભ ન કરવો તે આરંભત્યાગ આઠમી પ્રતિમા. ૮.

પ્રેષ્યઆરંભત્યાગ—આઠમી પ્રતિમાની સર્વક્રિયા સહિત, નવ માસપર્યંત બીજા કોઈ પણ નોકર, ચાકરાદિપાસે (પણ) આરંભ કરાવવો નહિ તે પ્રેષ્યઆરંભત્યાગ. નવમી પ્રતિમા. ૯.

ઉદ્દિષ્ટત્યાગ—નવમી પ્રતિમાની સર્વક્રિયા સહિત, દશ માસપર્યંત માથે ક્ષુરમુંડ (સર્વથા મુંડન) કરાવે અથવા શિખા (ચોટલી) ધારણ કરતાં પોતાને નિમિત્તે તૈયાર થયેલાં આહારપાણી આદિ ન ગ્રહણ કરતાં (નિર્દોષ આહારાદિ ગ્રહણ કરતાં) અંગીકાર કરેલ નિયમોનું સમ્યક્ પાલન કરે તે ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા. ૧૦.

શ્રમણભૂત—પૂર્વનિયોજિત ક્રિયા સહિત, અગિયાર માસપર્યંત, સાધુનો વેશ રજોહરણ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Guri Aaradhak Trust

પાત્ર પ્રમુખ ગ્રહણ કરી, માથે લોચ અથવા ક્ષુરમુંડ કરાવી, મમત્વ રહિત થઈ સ્વજનાદિકના ગૃહોમાંથી નિર્દોષ ભિક્ષાવૃત્તિથી આહારાદિ ગ્રહણ કરી પોતાનો નિર્વાહ કરે. ગૃહસ્થને ઘેર ભોજન લેવા જતાં (**प्रतिमाप्रतिपन्नाय श्रावकाय भिक्षा दत्तेति**) "પ્રતિમા અંગીકાર કરેલ શ્રાવકને ભિક્ષા આપો." આ પ્રમાણે કહી ઊભો રહે, તે ભિક્ષા આપે તે યોગ્ય ભિક્ષા લઈ પૌષધશાળામાં આવી ભોજન કરે વિગેરે.

આ પ્રમાણે અગિયાર પ્રતિમાઓ પાળવાની છે.

આ પ્રતિમા પાળવા માટેનું જે કાળજ્ઞાન બતાવ્યું છે તે ઉત્કૃષ્ટ છે. જઘન્યથી એક એક પ્રતિમા અંતર્મુહૂર્ત પ્રમાણે પણ છે. આટલો જઘન્ય વખત મરણની તૈયારી હોય તેઓને અથવા દીક્ષા લીધા અગાઉ જેનો અભિપ્રાય પ્રતિમા વહન કરવાનો છે તેને માટે છે.

આ પ્રમાણે ગૃહવાસમાં પોતાના આત્માની તુલના કરી કેટલાએક ચારિત્ર ગ્રહણ કરે છે. અને કેટલાએક સ્વજનાદિકના મોહથી ફરી પાછા ગૃહસ્થાવાસમાં જઈ વસે છે. અને પોતાની શક્તિ અનુસાર ઉત્તમ આચાર પાળે છે. આ અનુષ્ઠાન શ્રાવકના સર્વ ધર્મ અનુષ્ઠાનમાં, મુગટમાં રત્ન સમાન ઉત્કૃષ્ટ છે.

॥ ૫૭૭ ॥

ગૃહવાસમાં જ આ અનુષ્ઠાન કરીને જેઓ દુર્ધટ ચારિત્ર અંગીકાર કરે છે તેઓ પછી દુઃસહ પરિષહો આવી પડતાં ચારિત્રથી કે શુભ પરિણામથી પતિત કે ચલિત થતા નથી. આવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુર્ધર કાર્યમાં ધીર પુરુષો જ આનંદિત થઈ રહે છે. અને ભાગ્યવાન ધન્ય પુરુષોજ આ પ્રસ્તુત કાર્યનો પાર પામી શકે છે. પરમપદની સંપત્તિ તેવા પ્રબળ પુરુષોના હસ્તકમળમાં જ છે. રૌદ્ર સંસારનો ઉચ્છેદ તેવા પુરુષો જ કરી શકે છે. ત્રૈલોક્ય રણાંગણમાં તેવા વીર પુરુષો વિજયપતાકા મેળવે છે કે જેઓએ આ અનુષ્ઠાન કરવાપૂર્વક શ્રમણધર્મ ગ્રહણ કરેલો છે.

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી, જયઘોષ રાજા, જયાવલી રાણી સહિત પ્રતિબોધ પામ્યો. તેઓએ સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થ ધર્મનાં દ્વાદશ વ્રતો ગ્રહણ કર્યાં. તે સાથે એવો અભિગ્રહ લીધો કે–હું નિરંતર ત્રણ પ્રકારે, ત્રિકાળ, ત્રિજગત્પૂજ્ય જગગુરુની પૂજા કરીશ. આ પ્રમાણે નિયમો અંગીકાર કરી, તે રાજાએ નિર્દોષપણે તે વ્રતોનું પાલન કર્યું. છેવટની સ્થિતિમાં અણસણ કરી પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરી સનત્કુમાર દેવલોકમાં તે રાજા દેવપણે ઉત્પન્ન થયો.

સુનંદ શ્રેષ્ઠીના અગિયારે પુત્રો, ગૃહસ્થ ધર્મ ગ્રહણ કરી ઘેર આવ્યા. જિનેશ્વર પણ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

સુનંદશ્રેષ્ઠી, શ્રાવક ધર્મનું પાલન કરી, આયુષ્ય પૂર્ણ થતાં ધારણી પત્ની સાથે દેવલોકમાં ગયો. ॥ ૫૭૮ ॥

ઋષભાદિ અગિયારે શ્રેષ્ઠીપુત્રોએ, ગૃહવાસમાં રહી શ્રાવકની અગિયાર પડિમાઓ શરૂ કરી નિર્વિઘ્ન પણે તે સર્વે પ્રતિમાઓ પૂર્ણ કરી. માતા–પિતાનું દેવભૂમિમાં ગમન થવાથી પોતે પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરજમાંથી મુક્ત થયેલા સમજી સંવેગરંગમાં નિમગ્ન થઈ, કુટુંબનો ભાર પોતાના પુત્રોને સોંપી ગુરુશ્રી પાસે ચારિત્રમાર્ગ અંગીકાર કર્યો.

ગ્રહણ. આસેવનારૂપ બે પ્રકારની શિક્ષા ગુરુશ્રી તરફથી મેળવી તેઓ સર્વે તીવ્ર તપ-શ્ચરણમાં આસક્ત થયા. ગુરુરાજની આજ્ઞાપૂર્વક ઘણો વખત ચારિત્ર પાળ્યું, મોહને ઉપશમાવ્યો. ઉપશમ સમ્યક્ત્વથી પવિત્ર ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયા. અગિયાર અંગને ધારણ કરનારા તેઓ અગિયારમેં ગુણઠાણે જઈ પહોંચ્યા. આયુષ્ય ત્યાંજ પૂર્ણ થતાં આ દેહ મૂકી દઈ સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં એકાવતારી પણે અગિયારે કલ્પાતીત દેવપણે ઉત્પન્ન થયા.

તેત્રીશ સાગરોપમ પ્રમાણ તે દેવ-આવાસમાં રહી ઘણા જ પાતળા-સ્વલ્પ કષાયવાળા તેઓ મહાવિદેહ આવાસમાં જન્મ પામી, સર્વથા વિદેહ થશે અર્થાત્ નિર્વાણ પામશે.

ધર્મીના ધર્મનું પ્રત્યક્ષ ફળ આ પ્રમાણે અનેક જીવો અનુભવે છે કિન્નરીએ સાંભળેલ ઇતિહાસ ધનપાળને કહી સંભળાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

પ્રકરણ ૪૫ મું.

કિન્નરીની વિદાયગિરી અને આભાર.

કિન્નરીએ કહ્યું : ભાઈ ધનપાળ! તું પણ દૃઢ સમ્યકત્વવાન થઈ ધર્મમાં સાવધાન થા. સ્વાધીન યાને સ્વતંત્ર માનવજન્મ પામી જેણે પ્રબળ પ્રયત્નથી, ધર્મસેવન કર્યું નથી તેણે પોતાનો જન્મ ખરેખર વિડંબનારૂપે જ પસાર કર્યો છે

ભાઈ! તારી માફક મને સ્વતંત્ર મનુષ્યજન્મ મળ્યો હતો પણ નિયાણાના દોષથી સ્વર્ગાપવર્ગ સુખને હારી જઈ આ કિન્નરીના પદને પામી છું. ધી! ધી! મારા જેવા બહુલકર્મી જીવો ચંદ્રકાંત જેવા ઉત્તમ મણિથી ચળકતા કાંકરા ખરીદે છે. જૈનધર્મ જેવા વિશાળ ધર્મને પામી મારા જેવા મૂઢ જીવો નિયાણાં કરે છે. તેઓ એક કાંકણી માટે કરોડોની કિંમત યાને મિલકત હારી જાય છે. જિનેંદ્રધર્મમાં સંપૂર્ણ ભક્તિ એ દુઃખનો નાશ કરનારી છે. દુર્ગતા નામની એક સ્ત્રીએ કેવળ ભક્તિભાવથી દેવપણું સુપ્રાપ્ત યાને સહજ પ્રાપ્ત કર્યું હતું. મારા જેવા ચંચળ ચિત્તવાળા જીવો દુર્લભ માનવ જન્મ પામીને પણ તુચ્છ સુખની આશાને આધીન થઈ તે જન્મ નિરર્થક કરે છે, ત્યારે આસનસિદ્ધિસુખ પામનારા, પરિત્તસંસારવાળા જીવો સર્વ ગુણ સહિત પૂર્ણ ધર્મ આરાધન કરી શકે છે.

સદ્બુદ્ધિ, વિવેક, વિનય, જિતેંદ્રિયતા, ગંભીરતા, ઉપશાંતતા, નિશ્ચય વ્યવહારનિપુણતા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવ, ગુરુ, શ્રુત ઉપર પૂર્ણભક્તિ, હિત, મિત વચન બોલનાર, ધીર અને શંકાદિ દોષ રહિત જીવો ધર્મરત્નની પ્રાપ્તિને લાયક છે.

પ્રિયા! ઇત્યાદિ કિન્નરીનાં વચનો સાંભળી મારો મિત્ર ધર્મપાળ પ્રતિબોધ પામ્યો. નેમનાથ પ્રભુને નમસ્કાર કરી તેણે ઘણા હર્ષપૂર્વક સમ્યક્ત્વ સહિત દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થધર્મ અંગીકાર કર્યો. (ધનપાળ પોતાની પત્નીને કહે છે.)

ધનપાળે ગૃહસ્થ ધર્મ અંગીકાર કરવાથી, તે કિન્નરીને ઘણો આનંદ થયો. તેણે કહ્યું: ધનપાળ! તું તો દઢ સમ્યક્ત્વવાન્ છે. તને કાંઈ ધર્મજાગૃતિ માટે વિશેષ ભલામણ કરવાની જરૂર નથી, તથાપિ આ માનવજિંદગી પામીને જે પ્રમાદમાં પડી તે રસ્તો ભૂલી ગયો તો પછી મારી માફક તને પશ્ચાત્તાપ કરવો પડશે, માટે ભાઈ! તને છેવટની એ જ ભલામણ કરું છું કે તું તારું લક્ષ યાને કર્તવ્ય કદી ન ભૂલીશ. તે પૂછેલું અને નહિ પૂછેલું સર્વ વૃત્તાંત મેં તારી આગળ કહી સંભળાવ્યું છે. હમણાં અહીંથી હું ભરૂયચ્ચ નગરમાં સમળીવિહાર છે ત્યાં જઈશ, કારણ કે ગીત, નૃત્યાદિ પ્રભુભક્તિ કરવાનો મારો નિત્યનો સમય થઈ ચૂકયો છે.

ધનપાળે કહ્યું: હું તમારો મોટો આભાર યાને ઉપકાર માનું છું. તમારા સમાગમથી આજે મને અહીં મોટો લાભ થયો છે. યાત્રાએ આવવાનો મહાન્ હેતુ તમારા સમાગમથી આજે વિશેષ પ્રકારે ફળીભૂત થયો છે. ખરેખર યાત્રાર્થે જવામાં આ પણ, મહાન હેતુ સમાયેલો છે કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં તેવાં નિવૃત્તિના સ્થળે અનેક મહાપુરુષોનો કે સત્સમાગમનો સંગ થાય છે, તેમના સમાગમથી આત્મવિચારણા જાગૃત થાય છે. આત્મવિશુદ્ધિ માટેના પરસ્પર એક બીજા પાસેથી સદ્વિચારોની લે-દે થાય છે. અને મહાપુરુષો તરફથી તત્ સંબંધી વિશેષ જાગૃતિ સાથે મૂળમાર્ગ મળી આવે છે યાને સમ્યક્ શ્રદ્ધાનાદિની પ્રાપ્તિ થાય છે

કેટલાએક મનુષ્યો યાત્રાનો મૂળ ઉદ્દેશ ભૂલી જાય છે. પાંચ દશ મિત્રો મળી આવાં યાત્રાને સ્થાને ફરવા કે સહેલ કરવા નીકળી પડે છે. યાત્રાને બ્હાને મોજશોખ ઉડાવવી, સારા સારા રસ-કસવાળાં ભોજન જમવાં, જનાવરોને ત્રાસ આપતાં ગાડીઘોડા ઉપર ફરવું, ઇચ્છાનુસાર અમનચમન ઉડાવવાં, ગુરુદર્શન તો ભાગ્યે જ કરવાનાં, તીર્થસ્થાનમાં સદ્ગુરુઓ છે કે નહિ? તેની ભાગ્યે જ શોધ કરવી. કદાચ તેવી ખબર હોય તો પણ ભાગ્યે જ તેવા સમાગમનો લાભ લેવાનો-જે આ પ્રમાણે યાત્રા નિમિત્તે જઈને વર્તન કરવામાં આવે તો, આવી તીર્થોની લાંબી સફર વિચારવાન્ તત્ત્વજ્ઞાની ગુરુના સમાગમ સિવાય, કે ઉત્તમ વિચારવાન્ સત્સમાગમ સિવાય સફળ કેવી રીતે થાય? તે વિચારવા જેવું છે. તેઓને તીર્થયાત્રાનો મુખ્ય ઉદ્દેશ ધ્યાનમાં ન હોવાથી તેમજ તેવી યોગ્ય પ્રવૃત્તિ ન હોવાથી તીર્થયાત્રાનો લાભ મળી શકતો નથી.

ધર્મબહેન! મને આજે તમારા સમાગમથી આત્મધર્મમાં વિશેષ જાગૃતિ આવી છે. મારા મિત્રને પણ સમ્યકત્વપૂર્વક ગૃહસ્થ ધર્મનાં વ્રતો અંગીકાર કરવાનું તમારા નિમિત્તથી જ બન્યું

॥ ૫૮૨ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. મહાશય! ફરી પણ હું તમારો મહાન્ આભાર માનું છું અને પાછો અનેક વાર તમારો સમાગમ થાય એમ ઇચ્છું છું.

મારાં વચનો સાંભળી, પોતાના વ્યતીત થયેલા વખતને ઉપયોગી થયેલો સમજી, પોતાની માયાળુ દૃષ્ટિ અમારા તરફ ફેંકી અર્થાત્ તેની પોતાની ખુશી જાહેર કરી, તે કિન્નરી પોતાના ઇચ્છિત સ્થાને જવાને આકાશમાર્ગે ઊંચી ઊડી થોડા વખતમાં અદ્રશ્ય થઈ ગઈ.

પ્રિયા! તેમના જવા બાદ અમે બન્ને મિત્રોએ બહારના ભાગમાં આનંદમાં રાત્રિ પસાર કરી. પ્રાતઃકાળે જાગ્રત થતાં ફરી નેમનાથ પ્રભુના મંદિરમાં જઈ, દર્શન, સ્તુતિ વિગેરે કરી, અમે પહાડ પરથી નીચા ઉતર્યા, અનુક્રમે અહીં આવી પહોંચ્યા.

પ્રિયા! તેં મને જે પ્રશ્ન કર્યો હતો કે, 'ગિરનારના પહાડ ઉપર આજે કિન્નરીઓ મુનિગણની સ્તવના કરી રહી છે' વિગેરે, તે સર્વ વૃત્તાંત આજે તારા પૂછવાથી તારી આગળ મેં વિસ્તારથી કહી સંભળાવ્યો છે.

પોતાના પતિના મુખથી ગિરનાર સંબંધી અનુભવ અને પ્રસંગોપાત સુદર્શનાદિનો ઇતિહાસ સાંભળી ધનશ્રીએ કહ્યું: સ્વામીનાથ! આપનો કહેલો વૃત્તાંત સાંભળી હું ઘણી ખુશી થઈ છું આપ મિત્ર સહિત ગિરનાર પર અનેકવાર યાત્રાર્થે ગયા છો, તો શું મને એકવાર પણ તે તીર્થનાં દર્શન માટે નહિ લઈ જાઓ? સામાન્ય રીતે તીર્થયાત્રાએ જવાના મારા વિચારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા જ, તેમાં પણ આપે નજરે જોયેલી ગિરનાર તીર્થ સંબંધી જે જે હકીકત મને સંભળાવી છે તે સાંભળતાં વિશેષ વિશેષ પ્રકારે તે તીર્થની યાત્રા માટે મારું મન ઉત્કંઠિત થઈ રહ્યું છે. તો જરૂર આપ મને કુટુંબસહિત તે તીર્થની યાત્રા કરાવશો. મને આશા છે કે–આપ અમારી ઇચ્છાને નિરાશ નહિ જ કરો.

ધનપાળે કહ્યું : પ્રિયા ! અવશ્ય હું તમને તીર્થની યાત્રા કરાવીશ મારો એવો વિચાર છે કે–ગિરનારજીનો સંઘ કાઢીને આપણે ત્યાં યાત્રાર્થે સંઘ સાથે જશું. સંઘ લઈ જવાનો મારો વિચાર એટલા માટે છે કે, સ્વતંત્ર અને પૈસાપાત્ર લોકો તો તીર્થયાત્રાનો લાભ સ્વાભાવિક પોતાની મેળે લઈ શકશે જ. પણ જેઓ પરાધીન સ્થિતિમાં છે, પૈસાની સ્થિતિમાં ગરીબ અવસ્થા ભોગવે છે. તેવા મનુષ્યો અન્યની મદદ સિવાય તે તીર્થની યાત્રા નહિ કરી શકે. તેઓને તીર્થયાત્રામાં મદદ આપવાથી મોટો લાભ થાય છે તીર્થાટનમાં ગૃહસ્થાવાસના પ્રપંચિક આરંભ સમારંભથી કે કર્તવ્યોથી મોટે ભાગે વિરામ પામવાનું હોવાથી, તપશ્ચરણ, બ્રહ્મચર્ય, ધર્મશ્રવણ, દેવપૂજન વિગેરે ધર્મક્રિયાઓ ઘણી શાંતિથી અને સહેલાઈથી મનુષ્યો કરી શકે છે. તીર્થમાં નિર્વાણ પામેલાં મહાપુરુષોનાં જીવનચરિત્રોનું સ્મરણ કરે છે. અહીં તે મહાપ્રભુનું દીક્ષા કલ્યાણક, અહીં કેવળજ્ઞાન કલ્યાણક. અહીં નિર્વાણ કલ્યાણક વિગેરે વિગેરે યાદ કરતાં, તે તે ભૂમિનો સ્પર્શ કરતાં તે તે વિશુદ્ધ ભાવોનું સ્મરણ કરતાં કે તેથી આગળ વધી પરિણામની વિશુદ્ધિથી તે તે ભાવોનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વસંવેદન અનુભવ કરતાં મનુષ્યો ઘણા અશુભ કર્મોને નિર્જરી શકે છે. મહાપુરુષો મુનિઓ વિગેરેના સમાગમથી, તેઓની ધર્મદેશના શ્રવણ કરવાથી આત્મભાવને વિશુદ્ધ કરી શકે છે. કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ થતી નથી. આ તીર્થભૂમિકાઓ મહાન્ પુરુષોનાં જીવનચરિત્રો યાદ કરવાનું કે તેમના મહાભારત પ્રયત્નનું અનુકરણ કરવાનું એક મહાન્ નિમિત્ત છે. એ અવસરે પરિણામની વિશુદ્ધિ કોઈ જુદા જ પ્રકારની થાય છે. આ સર્વ ફાયદાઓ તીર્થયાત્રાથી થાય છે. અને તે ફાયદાઓ સર્વ કોઈ પોતાની મેળે લઈ શકતા ન હોવાથી સંઘસમુદાયથી તેવા યોગ્ય જીવોને આ ફાયદાઓ મેળવી શકવા સંભવ છે, માટે ગિરનારજીના સંઘ સાથે આપણે તીર્થ-યાત્રાએ જઈશું તે માટે તમે આનંદમાં રહો. તમારા સર્વ મનોરથો પૂર્ણ થશે. સંઘ માટે હું અત્યારથી જ સર્વ સામગ્રી તૈયાર કરાવું છું. આ પ્રમાણે પોતાની પત્ની ધનશ્રીને દિલાસો આપી યાને ઉત્સાહિત કરી, ધનપાળે ગિરનારજીના સંઘની તૈયારી કરવા માંડી.

પ્રકરણ ૪૬ મું.

ગિરનારજીનો સંઘ અને પૂર્ણાહુતિ

ગરીબથી તવંગરપર્યંતના સર્વ લોકોને સંઘમાં આવવા માટે નિમંત્રણા કરવામાં આવી. ગિરનારની યાત્રા અર્થે સંખ્યાબંધ મનુષ્યો તૈયાર થયા. શુભ મુહૂર્તે શ્રી સંઘ સાથે મિત્રાદિ

Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વર્ગ સહિત ધનપાળે ગિરનાર તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં સ્થાને સ્થાને આવતાં જિનચૈત્યોનું તેઓ પૂજન કરતા હતા. કોઈ સ્થળે મુનિ મહાત્માનાં દર્શન થતાં તો કોઈ સ્થળે સર્વ લોકો તેનાં દર્શન કરતા અને ધર્મદેશના શ્રવણ કરતા હતા. ઠેકાણે ઠેકાણે સ્વામીવચ્છલો થતાં હતાં. કરુણાબુદ્ધિથી દુઃખી મનુષ્યોને મદદ અપાતી હતી. મહાત્માપુરુષોની સુપાત્રબુદ્ધિથી ભક્તિ કરાતી હતી. દુઃખી સ્વધર્મી બંધુઓનું ઉત્સાહથી ગૌરવ કરવામાં આવતું અને બનતા પ્રયત્ને આંતર લાગણીથી તેઓનાં દુઃખ દૂર કરાતાં હતાં. સ્થળે સ્થળે ઉદારતાના ગુણથી યાચકોના મનોરથો પૂર્ણ થતા હતાં. સંઘનો મોટો ભાગ એક વખત આહાર કરનાર, પગે ચાલનાર, જમીન પર સૂનાર, સચિત્તનો ત્યાગ કરનાર તેટલા દિવસોને માટે બ્રહ્મચર્ય પાળનાર હતો. રાત્રી અને દિવસો આનંદમાં પસાર કરતાં અને જૈન શાસનની પ્રભાવના યાને ઉન્નતિ કરતો શ્રી સંઘ ગિરનાર પહાડની તળેટીમાં આવી પહોંચ્યો.

સુગંધી પુષ્પોથી વાસિત થયેલાં શીતળ જળના પ્રવાહવાળાં ઝરણોથી, મદ ઝરતા ગજેંદ્રની માફક ગિરનારનો પહાડ શોભી રહ્યો હતો. તે પહાડના ઉપર અને આજુબાજુ જંબીર, જાંબુ, આમ, અંબાડ, આંબલી, કદંબ, ખજૂર, દ્રાક્ષ, દાડિમ, પુગી, નાલીયેર, પુન્નાગ, નાગ, ચંપક, અશોક. અંકુલ બકુલ, તિલક. તાલ, હિંતાલ, પ્રિયાળ, કરમાલ, માલતિ, કેતકી, વિચકીલ, કરણી, મંદાર, એલા, લવંગ, નાગકેશર, કંકોલાદિ સર્વ ઋતુઓનાં વૃક્ષોવાળા, નંદન વનની માફક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રમણીક બગીચાઓ, આરામો નજરે પડતા હતા. હંસ, સારસ, કોયલાદિ સુંદર પક્ષીઓના કલરવવાળા અનેક સહસ્રામ્રવનો પથિકોને આરામ આપી રહ્યાં હતાં.

આકાશના અગ્ર ભાગ પર આવી લાગેલાં ઊંચા શિખરોવાળો રૈવતાચળ, શ્યામવર્ણવાળા અંજનગિરિ સરખો, અને આકાશને ટકાવી રાખવાને જાણે એક સ્થંભ ઊભો કરેલો હોય તેવો સુંદર દેખાવ આપતો હતો.

તળેટીના નજીકના ભાગમાં સંઘનો પડાવ નાખવામાં આવ્યો. વાહનાદિ સર્વ ત્યાં જ રાખી, ઉપયોગી સામગ્રી સાથે લઈ, સંઘ ગિરનારના પહાડ પર ચડવા લાગ્યો. અનુક્રમે નેમનાથ ભગવાન બાલબ્રહ્મચારી બાવીશમા તીર્થંકરના મુખ્ય મંદિર આગળ સર્વે આવી પહોંચ્યા. મુખ્ય મંદિર સ્વચ્છતામાં અને ઉજ્જવળતામાં ચંદ્રની શ્વેત ચાંદની સાથે સ્પર્ધા કરતું હોય તેવું ઉલ્લસિત જણાતું હતું. એક તો પહાડની ટેકરી ઉપર, ને તેમાં વળી ઊંચા શિખરોવાળું હોવાથી તે મુખ્ય મંદિર કૈલાસ પર્વતના એક ભવ્ય શિખરની માફક શોભતું હતું. પહાડની શ્યામતા સાથે મળેલી વનસ્પતિની હરિતતાને લઈ, મંદિરના શિખરો પર આજુબાજુ નાની નાની અને વચમાં મોટા વિભાગમાં ધ્વજાઓ બાંધેલી હોવાથી સંસારસમુદ્રમાં મુસાફરી કરતા અનેક સઢો ચડાવેલા જહાજ [વહાણ]ની માફક, તે મંદિરનો રળિયામણો દેખાવ મનુષ્યોના નેત્ર તથા મનનું આકર્ષણ કરતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જય જયના માંગલિક શબ્દો બોલતો શ્રીસંઘ મુખ્ય મંદિરમાં આવ્યો. નેમનાથ પ્રભુની મુખમુદ્રા નિહાળતાં જ અતિ ઉત્કંઠિત હૃદયવાળા શ્રીસંઘે, હાથ જોડી પોતાનાં મસ્તકો તેમના તરફ નમાવી દીધાં. થોડા વખત સુધી અનિમેષદૃષ્ટિએ સર્વે પ્રભુના મુખકમળ સામું જોઈ રહ્યા.

તે પ્રભુની મૂર્તિ સિદ્ધાસનને આકારે બેઠેલી હતી. નેત્રની દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ પર સ્થાપન કરેલી હતી. મુખમુદ્રા શાંતરસમાં નિમગ્ન હતી. તેમના હાથ કે અંકમાં (બોળામાં) કે પાસે, સ્ત્રી શસ્ત્રાદિ વિકારી ચીજો કાંઈ પણ ન હતી. પલસઠી (પલોઠી)ના ભાગ ઉપર પદ્મમાસન મુદ્રામાં તેમનાં હાથો ચત્તા રહેલા હતા. સર્વ વિભાવ ઉપધિથી રહિત આત્માનંદમાં નિમગ્ન તે પ્રભુની શાંત મૂર્તિ જાણે લોકોને–દેખવાવાળાને એમ જણાવતી હોય નહિ કે, "જો તમારે પૂર્ણ આત્માનંદ લેવો હોય, નિરંતરને માટે જન્મ મરણને જલાંજલિ આપવી હોય અને અનંત ચતુષ્ટમય આત્માનું કેવળ સામ્રાજ્ય અનુભવવું હોય તો અહીં આવો. આ સ્થિતિ તપાસો અને તેવા થવા માટે તમે પ્રયત્ન કરો તો જરૂર મારા જેવા આત્મસ્વરૂપ થઈ રહેશો,"

તે બાળ બ્રહ્મચારી મહાપ્રભુની શાંત મૂર્તિને, અનિમિષ દૃષ્ટિએ જોતો શ્રીસંઘ થોડો વખત એકાગ્રતામાં પ્રવેશ કરેલા નિશ્ચળ ગાત્રવાળા યોગીની સ્થિતિને અનુભવતો હોય તેમ દેખાતો હતો. થોડા વખતની તેવી આનંદિત સ્થિતિ અનુભવી ભક્તિરસથી સમુલ્લસિત વદનવાળા શ્રીસંઘે તે મહાપ્રભુની ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી. હર્ષાવેશથી વિકસિત રોમાંચ ધારણ કરતા અને હર્ષાશ્રુને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વરસાવતા શ્રીસંઘે તે પ્રભુને પંચાંગ પ્રણામ કર્યો. વારંવાર તે પ્રભુનું મુખારવિંદ જોતાં, નમસ્કાર કરતાં, એકાગ્રચિત્તથી તે પ્રભુના અદ્‌ભુત ગુણોનું ચિંતન કરવા લાગ્યા. કેટલાએક સુંદર સ્તુતિગર્ભિત કાવ્યોથી સ્તવવા લાગ્યા. પૂજન કરવાની પ્રબળ ઇચ્છાવાળો સંઘનો મોટો ભાગ, સ્નાન કરી, પવિત્ર થઈ, શ્વેત વસ્ત્રો પહેરી, ગજેંદ્રકુંડમાંથી સ્વચ્છ પાણીના કળશો ભરી લાવ્યો. કેટલાએક કુંકુમ મિશ્રિત કર્પૂરાદિ સુગંધી પદાર્થો પૂજન, અર્ચન માટે ઘસવા લાગ્યા.

વાજિંત્રોના પ્રબળ નાદ સાથે સ્નાત્ર મહોચ્છવશ્રવણ કરવાનું કામ શરૂ થયું. નેમનાથ પ્રભુના બિંબ ઉપર ન્હવણ કર્યા પછી, ગોશીર્ષ ચંદનાદિ સુગંધી પદાર્થોનું વિલેપન કરવામાં આવ્યું. અંગુષ્ટ પ્રમુખ અંગે પૂજન કરવામાં આવ્યું. અને છેવટે મણિ, મુક્તાફળાદિનાં આભૂષણો અને સુંગધી પુષ્પોની માળાઓ ચડાવવામાં આવી.

પ્રભુ સમગ્ર મંગલિકના ગૃહ સમાન છે એમ સૂચવવા માટે શ્વેતા શાળી(ચોખા)થી અષ્ટ મંગલિક આળેખવામાં આવ્યાં. ચાર વાંકી પાંખડીઓવાળો સાથીઓ કરવામાં આવ્યો. સાથીઓના ઉપરના ભાગ ઉપર ત્રણ ઢગલીઓ કરવામાં આવી અને તેના ઉપરના ભાગ પર સિદ્ધશિલાના જેવો આકાર કરવામાં આવ્યો. આ સાથીઓ કરતી વખતે એવી ભાવનાથી મન વાસિત કરવામાં આવતું હતું કે–હે પ્રભુ! આ સાથીઆની ચાર વાંકી પાંખડીઓ સમાન ચાર ગતિ વક્ર યાને દુઃખદાયી છે તેને તું દૂર કર. અને આ ત્રણ ઢગલીઓ સમાન જ્ઞાન, દર્શન અને ચારિત્ર અમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું આપ તથા છેવટે આ સિદ્ધશિલા ઉપર નિર્વાણસ્થાનમાં અમારો નિવાસ થાય તેમ તું કર. આ અમારી મનોગત ભાવનાને પ્રગટ કરવાને માટે આ બાહ્ય આકારમાં અમે આપની સમક્ષ આ મનોગત ભાવનાનું ચિત્ર આલેખ્યું છે,

આગળ ચાલતાં તે પ્રભુની પાસે પુષ્પો અને ફળો મૂકવામાં આવ્યાં. તે વખતની મનોગત ભાવના એવી હતી કે–આ પુષ્પની સુગંધીની માફક અમારું શિયળાદિ સદાચરણ નિરંતરને માટે સુગંધિત રહો. તેમાં અતિચાર કે દોષરૂપ દુર્ગંધતા બિલકુલ પ્રાપ્ત ન થાઓ, ફળ મૂકવાની સદ્ભાવના એવી હતી કે–હે પ્રભુ ! સર્વ કર્મના નાશરૂપ આત્મસ્વરૂપ એ જ ઉત્તમ ફળ અમને આપો.

પ્રભુના ઉત્તમ ગુણની સુગંધને તથા આત્મજ્ઞાનના પ્રકાશને લોકોની આગળ પ્રગટ કરતા હોય તેમ તે પ્રભુની પાસે ધૂપ અને દીપક પ્રગટાવવામાં આવ્યાં. જગતના છત્ર તુલ્ય, જગતના ઢાંકણ તુલ્ય, મોહનો પરાજય કરી વિજયધ્વજ ફરકાવનાર જગતના સ્વામી, જગત પૂજ્ય ઇત્યાદિ માનસિક સદ્ભાવનાઓને સદ્ભાવરૂપે કરતાં શ્રી સંઘે પ્રભુના મસ્તક પર છત્ર ચડાવ્યું. ચંદ્રવાઓ બાંધ્યાં. શિખર પર ધ્વજ આરોપણ કરી. ચામરોથી વિંઝયા. અને આરતિ પ્રમુખ ઉતારી છેવટે ધનપાળાદિ શ્રી સંઘ તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

હે બાળબ્રહ્મચારી ! દેવાધિદેવ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વીર્યવાન્ તમને અમે નમસ્કાર કરીએ છીએ. મોહનિદ્રામાંથી જગતને જાગૃત કરનાર, આત્મિક માર્ગ બતાવી જગત્ જીવોને નિર્ભય કરનાર અને જન્મ, મરણાદિ અનંત દુઃખોથી મુક્ત કરનાર તું જ છે. હે દેવ! તેં પોતે જ જીર્ણતૃણની માફક રાજવૈભવ અને સુશીલ રાજકુમારી રાજીમતીનો ત્યાગ કરી, સંયમમાર્ગ ગ્રહણ કરી યાદવ વંશને ઉજ્જવળ કર્યો છે. તેવી જ રીતે ઉજ્જવળ કરો. હે દેવ! આ સર્વ ભુવનને જીતનાર દુર્ધર કામરૂપ ગજેંદ્રના કુંભસ્થળનું વિદારણ કરવાને તેં સિંહ સમાન આચરણ કર્યું છે. તેં તપરૂપ દાવાનળથી કર્મવન બાળી નાખ્યું છે. તેં દુરંત પાપવલ્લીઓનો ઉચ્છેદ કરી, આત્મગુણરૂપ કલ્પવૃક્ષના આરામને પોષણ આપવામાં અમૃતની નીક સમાન આચરણ કર્યું છે. પ્રચંડ કષાયાનલથી સંતપ્ત જીવસમૂહને શાંત કરવાને ધર્મદેશનારૂપ જળધરની આ દુનિયા પર તેં અમૂલ્ય વૃષ્ટિ કરી છે. નિર્મમત્વરૂપ વજ્રથી મોહપર્વતનો તેં વિનાશ કર્યો છે. સર્વ ભાષાનુગામી વાણીવડે તેં અનેક જીવોને તત્ત્વજ્ઞાન આપ્યું છે. મનુષ્યો તો શું? પણ તિર્યંચો વિગેરે પણ તારી વાણીથી બોધ પામ્યા છે. નિર્વાણ માર્ગના રસ્તામાં વાયુથી નહિ બુઝાય તેવી દીપિકા (દીવા) સમાન તારી વાણી જ અખંડ પ્રકાશ આપી રસ્તો બતાવનારી છે. પ્રબળ મિથ્યાત્વાંધકારને દૂર કરવાને સૂર્યસમાન તારી વાણી જ સમર્થ છે. પ્રભુ! ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષાદિ ગુણરૂપ રત્નોનો તું જ રત્નાકર છે. દુઃખસમૂહથી ભરેલા નારકી જીવોના નિવાસવાળા નરકાવાસનાં દ્વારો બંધ કરવાને તારી વાણી જ અર્ગલા (ભોગળ)નું કામ કરે છે યા ગરજ સારે છે. સંસાર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમુદ્રમાં બૂડતાં પ્રાણીઓને તારા જીવનચરિત્રનું અનુકરણ જ જહાજતુલ્ય છે. હે કર્મ પરિણામ મહારાજનો પરાભવ કરનાર ! બાવીશમા તીર્થાધિનાથ નેમનાથ પ્રભુ તું ચિરકાળ પર્યંત જીવોનો તારક થા. હે મહાપ્રભુ ! સદ્‌ભાવનાવાળી અમારી તારા પ્રત્યે છેવટની એ જ યાચના છે કે–જ્યાં સુધી અમે નિર્વાણ પદ ન પામીએ ત્યાં સુધી દરેક ભવોમાં યાને દરેક ક્ષણોમાં તમારા આત્મિક ગુણોનું અખંડ સ્મરણ રહો.

આ પ્રમાણે ધનપાળાદિએ સ્તુતિ કરી રહ્યા બાદ ભક્તિના આવેશમાં ધર્મપાળ ફરી પણ તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

હે દેવાધિદેવ ! પ્રણતજનવત્સલ, મનોવાંચ્છિતપ્રદાતા આ રૈવતાચળના પહાડ પર તારા આજે ફરીને મને દર્શન થયાં છે. તારા સુખદ દર્શનથી તપ, સંયમમાં પ્રયત્ન કરનારની માફક અતિ દુઃસહ પણ રસ્તાનો પરિશ્રમ આજે મને સુખાવહ થયો છે. હે નાથ ! તારા દર્શનથી મારું હૃદય હર્ષિત થાય છે, કપોલ વિકસિત થાય છે, ત્યારે નેત્રો હર્ષાવેશથી રડે છે. ગજેંદ્રપદ કુંડના જળની માફક તારું દર્શન આંતરમળને દૂર કરે છે. (તે જળ તો બાહ્ય મળ દૂર કરે છે.) તૃષ્ણારૂપ તૃષાનો નાશ કરે છે અને કર્મસંતાપના તાપને અપહરણ કરે છે, અહીં આપનું દીક્ષા કલ્યાણક થયું છે. આ સ્થળે કેવળજ્ઞાનકલ્યાણક થયું છે. પેલા પ્રદેશમાં નિર્વાણ કલ્યાણક થયુ છે. ઇત્યાદિ વિચાર કરતાં અને તે પવિત્ર પ્રદેશોને નિહાળતાં આ રૈવતાચળના તે તે પ્રદેશો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હૃદયને આલ્હાદ ઉત્પન્ન કરી શાંતિ અર્પે છે. હે સ્વામી! તમારો મહિમા કરનારી અંબાજીના શિખર પર રહેલી અંબિકા દેવીને જોતાં **भगवद्भक्तिकारिका** ભગવાનની ભક્તિ કરવાવાળી આ દેવી છે. એ વિચાર આવતાં તેને ધન્યવાદ આપતાં હૃદય ગુણાનુરાગી થઈ હર્ષ પામે છે. આપની આજ્ઞાપૂર્વક આ પહાડ ઉપર તપ સંયમ કરનાર શાંબ, પ્રદ્યુમ્નાદિ મુનિવરોને તેમના ગુણોનું અનુમોદન કરવાપૂર્વક હું નમસ્કાર કરું છું. હે નાથ! આજે તને નમસ્કાર કરવાથી અમારો માનવ જન્મ, જીવિતવ્ય, યૌવન, જ્ઞાન, વિજ્ઞાન અને લક્ષ્મી એ સર્વનું ફળ મને આજે જ મળી ચૂક્યું છે. હે દેવેંદ્રોથી વંદિત નેમનાથ પ્રભુ! કુકર્મવન કાપવાને તીક્ષ્ણ ધારવાળા ચક્ર તુલ્ય અમૃતના અંજન સદશ ફરી પણ તારું દર્શન મને પ્રાપ્ત થજો. ઇત્યાદિ સ્તુતિ કરી સર્વ સંઘ મંદિરની બહાર આવ્યો. એ અવસરે ભુવનભાનુ નામના ધર્મગુરુ ત્યાં ધર્મપાળના દેખવામાં આવ્યા તેમને નમસ્કાર કરી, ધર્મદેશના સાંભળી, શરીરની અસારતા અને આયુષ્યની ક્ષણભંગુર સ્થિતિ જાણી સંસારવાસથી વિરક્ત થયેલા ધર્મપાળે ત્યાં જ તે ગુરુશ્રી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું અને પ્રતિબંધના ભયથી તરત જ અન્ય સ્થળે તે ગુરુશ્રી સાથે વિહાર કરી ગયા. નિર્દોષ ચારિત્રવાળો ધર્મપાળ સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને ત્યાંથી ચ્યવી માનવદેહ પામી નિર્વાણ પામશે.

પોતાનાં મિત્ર ધર્મપાળના ચારિત્ર ગ્રહણથી ધનપાળનો વૈરાગ્ય પણ વૃદ્ધિ પામ્યો.

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ગિરનારના પહાડ પર અષ્ટાન્હિકા મહોચ્છવ આઠ દિવસ સુધી કરવામાં આવ્યો. વિવિધ પ્રકારની પ્રભુભક્તિ સત્સમાગમ, આત્મવિચારણાદિ ધર્મકર્તવ્યોમાં આનંદ કરતો સંઘ ત્યાં અષ્ટાન્હિકા મહોચ્છવ પૂર્ણ થતાં નેમનાથ પ્રભુને નમસ્કાર કરી, ધનપાળ સંઘસહિત વારંવાર પાછું વળી-વળીને જોતો પહાડથી નીચો ઉતર્યો.

પોતાનું હૃદય ત્યાં જ મૂકી શરીરમાત્રથી ધનશ્રી સાથે સંઘ સહિત ધનપાળ પાછો હિરણ્યપુરમાં આવી પહોંચ્યો. આ પ્રમાણે તીર્થઉન્નતિ યાને શાસનઉન્નતિ કરી, ધનપાળ ધનશ્રી સહિત સ્વર્ગ ભૂમિમાં જઈ વસ્યો. ત્યાં ઘણા કાળપર્યંત દિવ્ય વૈભવનો અનુભવ કરી (શુભકર્મ ખપાવી) માનવજન્મ પામી નિર્વાણપદ પામશે.

અહીં સુદર્શના પ્રમુખ ઉત્તમ જીવોનું ચરિત્ર પૂર્ણ થાય છે. ઉત્તમ ગુણોનું અનુમોદન અને અનુકરણ કરી કહેવાવાળા અને સાંભળવાવાળા યાને વાંચવાવાળાના ભવભયનો ઉચ્છેદ થાઓ.

ચિત્રાવાલ ગચ્છમાં મંડનભૂત ભુવનચંદ્ર ગુરુ થયા હતા. તેમના શિષ્ય દેવભદ્ર મુનિ હતા. તેમના ચરણના સેવક જગચ્ચંદ્રસૂરિ હતા. તેમને દેવેન્દ્રસૂરિ તથા વિજયચંદ્રસૂરિ બે શિષ્યો હતા. આ પ્રબંધ માગધી ભાષામાં શ્રીમાન્ દેવેંદ્રસૂરિએ લખ્યો છે.

॥ ૫૬૪ ॥

परमत्था बहुरयणा दोगच्चहरा सुवन्नलंकारा ।
सुनिहिव्व कहा एसा नंदउ विबुहस्सिया सुइरं ॥१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધણા ધનવાળી—(વિવિધ પ્રકારના અર્થવાળી)–ધણા રત્નોવાળી (જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અથવા પવિત્ર આચરણવાળા પુરુષ કે સ્ત્રીઓના ચારિત્રોરૂપ રત્નોવાળી) દરિદ્રતાને હરણ કરવાવાળી (દુર્ગતિનું હરણ કરનારી અર્થાત્ સદ્ગતિ આપવાવાળી) સોનાના અલંકારવાળી (ઉત્તમ વર્ણરૂપ અલંકાર ઉપમા–વાળી) ઉત્તમ નિધાનની માફક આ સુદર્શનાની કથા વિદ્વાનો–જ્ઞાનીઓના આશ્રયવડે ધણા કાળપર્યંત દુનિયામાં વિખ્યાતિ પામો.

મતિમંદતાથી આ સુદર્શનાના પ્રબંધમાં કોઇ પણ સ્થળે સિદ્ધાંત વિરુદ્ધ લખાયું હોય તે માટે અંતઃકરણથી ક્ષમા માંગવામાં આવે છે. આ સાથે વિદ્વાનોને પ્રાર્થના કરવામાં આવે છે કે–તેઓએ કૃપા કરી, આ ચરિત્રમાં કોઈ ભૂલ હોય તો સુધારવી.

इतिश्री तपागच्छिय श्रीमान् मुक्तिविजयगणि–शिष्य पन्यास कमलविजय गणि शिष्य पं. केशरविजयगणिना गूर्जर–भाषायां सुसंस्कारितं सुदर्शनाचरित्रं उज्झानगरे एकोनविंशतिशताधिकसप्तषष्टि-विक्रमवत्सरेऽश्विन्शुक्लषष्टयां गुरुवासरे समाप्तम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રંથકર્તા યોગનિષ્ઠ આ. દેવશ્રી વિજયકેશરસૂરીશ્વરજી ગુરુદેવની સ્તુતિ

(સાખી)

હે પાલીયાદના વતની જન્મ્યા, પાદલિપ્તપુર તીર્થ માંહી, પિતા માધવજી માતા લક્ષ્મીબેન કુલનો દીપક અવની માંહીં,
શશિજ્યોતિની જેમ વધે, લાલનપાલનમાં કમી નહીં, દૈવ દ્વેષીલો કર્મ હઠીલો, કેશવનું સુખના શકયો સહી....૧.
અનંતના પ્રવાસે ચાલ્યા માતા પિતા એક દિવસના અંતરમહી, સોલ વર્ષનો યુવાન એકલો, ચિંતે નિજ આતમમહી,
કોઈ નહીં મ્હારું હું નહીં કોઈનો, ભીંજાણો વૈરાગમાંહી, જીવન સમર્પ્યું સંત પનોતા કમલસૂરિજીના ચરણોમાંહી....૨.

(રાગ...શ્યામ તેરી બંસી)

કેશર સરખી છે જેની જીવન સુવાસ, કેશરસૂરીશ્વરજીને વંદન હજાર....

રૂપે મઢેલી કાયા જોબનથી છલકે, તો યે એના તાનમાં ન મન એનું ભલકે, તનડાના તાને જો જે સાધ્ય ના ચૂકાય....૧.
વિનય વૈયાવચ્ચ ભક્તિની યુક્તિ મુક્તિ કાજે એ છે એક અદ્‌ભુત શક્તિ, મનડાના મોહે ચેતન ભવ ના ભમાય...૨.
નામના ને કીર્તિની કયારે ના લાલસા મોટાઈ માન મહોત્સવની ના ઘેલછા, સર્વ ક્ષણિક એ સૂત્રના વિસરાય...૩.
યોગ-જ્ઞાન-ધ્યાનને સાધનાની સિદ્ધિ, મૌનપણે સાધી રહ્યા આતમની ઋદ્ધિ, લેખન અધ્યાત્મયોગે રાતદિ મસ્તાન....૪.
શમ-સંવેગ-પ્રેમ કરુણા હૃદયમાં, નરનારી કંઈક તાર્યા જોડયા વળી ધર્મમાં, સ્વ-પર હિત કાજે હૈયું જેનું સજાગ....૫.
વ્યાધિ અનેક દેહે વ્યાપી અતિવેદના, સમતા શાંતિથી સહે પરવા ના દેહમાં, ઐં હ્રીં અર્હં ના જાપે શ્રદ્ધા મહાન....૬.
યોગ બળે જાણી ઘડી અંતિમ જીવનની, અલખધરી પદ્મમાસને ધૂન અરિહંતની શ્રાવણ વદી પંચમીએ દીપ બૂઝી જાય....૭.
જ્ઞાનનું અંજન તત્ત્વનું ગુંજન, કયારે કરશું ગુરુ કેશરનું દર્શન, અંજલિ અર્પે વિનયે હેમ જ્ઞાન પરિવાર....
સૂના હૈયે અંજલિ અર્પે સર્વ પરિવાર....કેશર....૮.

॥ ૫૯૬ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust